# જૂનાગઢ અને ગિરનાર



- શંભુપ્રસાદ દેશાઈ

41
SCERC

# જૂનાગઢ અને ગિરનાર

(સ્થળો અને પ્રસંગ ચિત્રોના સુંદર ફોટોગ્રાફ્સના
આલ્બમ સાથે વર્ધિત અને સંશોધિત નૂતન સંસ્કરણ)

લેખક

શંભુપ્રસાદ હરપ્રસાદ દેશાઈ
બી. એ., એલએલ. બી., કોવિદ,
વિદ્યાલંકાર, ઇતિહાસવિદ,
આઈ. એ. એસ. (નિવૃત્ત)

પ્રવીણ પુસ્તક ભંડાર
લાભ ચેમ્બર્સ, મ્યુ. કોર્પો. સામે, રાજકોટ.

JUNAGADH ANE GIRANAR (History)
By : SHAMBHUPRASAD DESHAI
Published by : PRAVIN PRAKASHAN,
Dhebar Road, RAJKOT.

પ્રકાશક :
પ્રવીણચંદ્ર એમ. પટેલ
પ્રવીણ પ્રકાશન,
લાભ ચેમ્બર્સ,
મ્યુ. કોર્પો. સામે, રાજકોટ.

સર્વ હક્ક લેખકને સ્વાધીન

પહેલી આવૃત્તિ : ૧૯૭૫
બીજી આવૃત્તિ : ૧૯૯૦

કિંમત : રૂા. ૧૨૫/-

મુદ્રક :
ભાવેશ પ્રિન્ટીંગ પ્રેસ,
'વિમકો હાઉસ',
૭/૨, મવડી પ્લોટ,
રાજકોટ.

જેના સ્વમુખેથી કિશોર વયમાં વારંવાર
ભારતના ઈતિહાસની ગૌરવશાળી ગાથાઓ
અને
જૂનાગઢના ભવ્ય ભૂતકાળના વિવિધ પ્રસંગો
શ્રવણ કરી ઈતિહાસ પ્રત્યે અનુરાગ થયો
તે
મારી સ્વર્ગસ્થ પરમ પૂજ્ય
**માતુશ્રીને**
સાદર સપ્રણામ
**સમર્પણ...**

# "પ્રભાસ અને સોમનાથ" વિશે મંતવ્ય

આ પુસ્તક વાંચી જતાં મને ઘણો આનંદ થયો. બ્રિટિશ હકૂમત વેળા આપણા દેશમાં જુદા જુદા હોદ્દા પર નિમાઈને રાજ્યકર્તા તરીકે આવેલા ઘણા અંગ્રેજ અમલદારો, આપણા ઈતિહાસ, પુરાતત્ત્વ, ભાષાઓ, કોમો, લોકસમાજ, ધર્મતત્ત્વજ્ઞાન, સાહિત્ય, ચિત્ર–શિલ્પ–સ્થાપત્ય, વનસ્પતિઓ, પશુપક્ષીઓ ઈત્યાદિમાંથી પોતાના રસનો વિષય પસંદ કરી, તેમના પર પોતાના બધા ફાજલ સમયમાં અભ્યાસ–સંશોધન કરી, હજી તે તે વિષયમાં પ્રમાણભુત ગણાય તેવા ગ્રંથો લખી ગયા છે. એવો વિદ્યાવ્યાસંગ આપણા દેશબાંધવ અમલદારોએ મુકાબલે ઓછો જ બતાવ્યો છે. આવી પરિસ્થિતિમાં, શ્રી શંભુપ્રસાદ હ. દેશાઈ જૂનાગઢ, સૌરાષ્ટ્ર અને ગુજરાત રાજ્યની વહીવટી નોકરી કરતાં, "સૌરાષ્ટ્રનો ઈતિહાસ" અને તે પછી આવું પુસ્તક તૈયાર કરે એ ઘટના ખરેખર આનંદ જનક ગણાવી જોઈએ.

પુસ્તકમાં પ્રભાસ અને તેને ઈતિહાસપ્રસિદ્ધ કરનાર સોમનાથ મંદિરનો પ્રાચીન કાલથી આજ સુધીનો ભાગ્યપલટા જેવા વારાફેરાવાળો ઈતિહાસ યથાશકય સંપૂર્ણતાથી આલેખાયેલો જોઉં છું. સ્વાભાવિક રીતે જ, એમાં મહમૂદ ગઝનવી અને તેની પછીના મુસ્લિમ આક્રમણકારોની ચઢાઈઓ અને સોમનાથ મંદિરના તેમને હાથે થયેલ ધ્વંસ તથા હિન્દુ રાજાઓને હાથે થયેલા તેના જીર્ણોદ્ધાર કે નવનિર્માણનો વૃત્તાંત કેન્દ્રમાં રહે. પુરાણો, શિલાલેખો, મુસલમાન અને અંગ્રેજ ઈતિહાસકારોના ગ્રંથો, દસ્તાવેજો, વગેરેની પુસ્તકમાં ભરપટ્ટે સહાય લેવામાં આવી છે. કુળ સંસ્કાર જેવી ફારસીની જાણકારીએ લેખકને એમાં સારું કામ આપ્યું છે. આ કડીબદ્ધ ઈતિહાસ તેમજ પ્રભાસ અને સોમનાથ વિષે ઉપયુક્ત માહિતી ધરી દઈ, પુસ્તકને પ્રભાસ–સર્વસંગ્રહ બનાવી દેતા પરિશિષ્ટોમાં મૂર્ત થતો વિપુલ સ્નેહ શ્રમ જન્મભૂમિ માટેની મમતાએ એમની ઈતિહાસદષ્ટિને ધૂંધળી બનાવી નથી એ સંતોષની વાત છે. હિન્દુ પુરાણોની વાતો તથા મુસ્લિમ અને અંગ્રેજી તવારીખનવિસોના વૃત્તાન્તો અક્ષરશ: માની લેવાને બદલે એની બુદ્ધિગ્રાહ્ય ચિકિત્સા કરીને તેમાંથી સત્યાસત્ય તારવવાનો પ્રયાસ કરીને એમણે ઈતિહાસકારનું વૈજ્ઞાનિક વલણ સારા પ્રમાણમાં બતાવ્યું જણાય છે.

આ પુસ્તક જોઈ સ્વ. રત્નમણિરાવ જોટેના અમદાવાદ, ખંભાત અને સોમનાથ પરનાં માહિતીસમૃદ્ધ પુસ્તકો યાદ આવે. આ પુસ્તક સ્વ. રત્નમણિરાવના "સોમનાથ" કરતાં ઐતિહાસિક સાધનસામગ્રીમાંથી પ્રાપ્ત ઘણી વિશેષ માહિતી રજૂ કરતું હોઈ તેનો મૂલ્યવાન પૂરક ગ્રંથ બને છે. શ્રી શંભુપ્રસાદ દેશાઈને વિદ્વજ્જનોનો ધન્યવાદ રળાવી આપે એવા તેમના આ અભ્યાસપૂર્ણ ગ્રંથને હું સહર્ષ આવકારું છું. સ્વ. રત્નમણિરાવના તથા એમના દાખલાને અનુસરીને ઉત્સાહી નવ–સંશોધકો દ્વારા ગુજરાતનાં અન્ય ઈતિહાસ–પુરાણ–ખ્યાતનગરો અને તીર્થધામો પર આવા અભ્યાસગ્રંથો લખાય એવી આશા વ્યક્ત કરું છું.

સેવાસદન, અમદાવાદ. (૧૩–૫–૬૫) —બળવંતરાય મહેતા

# પ્રસ્તાવના

મારા પુસ્તક "પ્રભાસ અને સોમનાથ" નું "આવકાર" શીર્ષક આમુખ ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્ય મંત્રીશ્રી માનનીય સ્વ. શ્રી બળવંતરાય મહેતાએ ઈ. સ. ૧૯૬૫માં લખ્યું ત્યારે તેમાં તેમણે ઈતિહાસ–પુરાણ ખ્યાત નગરો અને તીર્થધામો પર આવા અભ્યાસ ગ્રંથો લખાય એવી આશા વ્યક્ત કરી અને તે સાથે મને જૂનાગઢ અને દ્વારકા માટે "પ્રભાસ અને સોમનાથ" પ્રકારનાં બે પુસ્તકો લખવા પ્રેરણા આપી, એટલું જ નહિ પણ તેમ કરવા મારી પાસે વચન માગ્યું. આ વચન પૂર્ણ કરવા મેં યથામતિ અને યથાશક્તિ જે નમ્ર પ્રયાસ કર્યો તે "જૂનાગઢ અને ગિરનાર."

સૌરાષ્ટ્રના આ પુરાતન અને પ્રખ્યાત નગરનો ઈતિહાસ દેશી તેમજ વિદેશી લેખકોએ તેમનાં પુસ્તકોમાં વિભિન્ન પ્રકારે આલેખ્યો છે તથા તેના સ્ફુટ ઉલ્લેખો, સાહિત્ય ગ્રંથોમાં, પ્રવાસીઓએ લખેલાં પ્રવાસ પુસ્તકોમાં અને અન્ય વિષયના ગ્રંથોમાં વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે. પરંતુ શ્રી ગુલાબશંકર વોરાનો જૂનાગઢનો ઈતિહાસ અને શ્રી જી. એ. શેખની મીરાતે મુસ્તફાબાદ સિવાય જૂનાગઢના ઈતિહાસનું કોઈ સ્વતંત્ર પુસ્તક પ્રસિદ્ધ થયું હોવાનું જાણવામાં આવ્યું નથી. શ્રી. ગુલાબશંકર વોરાનો ઈતિહાસ ઘણો સંક્ષિપ્તમાં છે અને શ્રી. જી. એ. શેખની મીરાતે મુસ્તફાબાદ ઉર્દૂ ભાષામાં અને લિપિમાં છે. એટલે જૂનાગઢનો વિસ્તૃત ઈતિહાસ ગુજરાતીમાં લખાય તેવી ઈચ્છા ઘણા વિદ્વાન મિત્રોએ વ્યક્ત કરતાં મને તેથી પ્રોત્સાહન અને પ્રેરણા પ્રાપ્ત થતાં મેં આ પ્રયાસ કર્યો છે.

ઈ. સ. ૧૮૪૦ લગભગ દીવાન રણછોડજીએ ફારસી ભાષામાં સંપૂર્ણ કરેલા તેના ઈતિહાસ ગ્રંથ "વકાયાએ સોરઠ વ હાલાર" કે જે સામાન્ય રીતે 'તારીખે સોરઠ' કે "સોરઠી તવારીખ"ના નામથી જાણીતો છે તેમાં આ વિદ્વાન લેખકે તેમના સમયનો ઈતિહાસ સુરેખ અને સુંદર રીતે આલેખ્યો છે. પરંતુ તે સમય પૂર્વેનો ઈતિહાસ સંપૂર્ણપણે વિશ્વસનીય નથી. તેમની પાસે જે માહિતી હતી, જે સાધનો હતાં અને જે વિગતો હતી તેનો તેમણે પૂર્ણ ઉપયોગ કર્યો છે. આ ફારસી ગ્રંથનું મિ. જે. બરજેસે અંગ્રેજી ભાષાંતર કર્યું છે, પરંતુ તેમાં તેમણે ઘણાં વર્ણનો સંક્ષિપ્ત સ્વરૂપે આપ્યાં છે અને ક્યાંક ક્યાંક કેટલાક પ્રસંગો મૂકી દીધા છે. તેમના પછી કેપ્ટન બેલ, મેજર વોટસન, એ. કી. ફોર્બસ વગેરે અંગ્રેજ લેખકોએ તેમની કૃતિઓમાં, તારીખે સોરઠ, મીરાતે સિકંદરી, મીરાતે

અહેમદી વગેરે ફારસી ગ્રંથોનાં ભાષાંતરો તથા ભાટ ચારણો પાસેથી સાંભળેલી વાતો, તે સમયે ઉપલબ્ધ હતા તે અભિલેખો અને તામ્રપત્રો આદિનો અભ્યાસ કરી જૂનાગઢનો ઈતિહાસ તેમનાં પુસ્તકોમાં યોગ્ય સ્થળે અને આવશ્યક પ્રમાણમાં સંક્ષિપ્ત સ્વરૂપે સમાવિષ્ટ કર્યો છે.

વર્ષો પૂર્વે આ ગ્રંથો લખાયા ત્યારે આજે છે એટલા ઈતિહાસ ગ્રંથો, શિલાલેખો, તામ્રપત્રો, મુદ્રાઓ અને ઈતિહાસ આલેખન માટે આવશ્યક એવાં અન્ય સાધનો ઉપલબ્ધ ન હતાં તેમ છતાં આ વિદ્વાન લેખકોએ ઈતિહાસના અગોચર અને અગમ્ય વનમાં કેડી પાડી દિશા સૂચન કરી ભવિષ્યના સંશોધકો અને લેખકોને તે પગદંડી ઉપર પગલાં પાડી આગળ વધવા માર્ગદર્શન આપ્યું. તેમાંથી એ લેખકોએ પ્રેરણા પામી તે પગદંડીને વિકસાવી ત્યાં વિશાળ માર્ગોનું નિરૂપણ કર્યું અને તેના ઉપર આવતી પેઢીના લેખકોને ચાલી સંશોધન અને સંકલન કરવાની સુવિધા કરી આપી.

એ માટે આ સર્વ લેખકો ધન્યવાદના અધિકારી છે એટલું જ નહિ પણ આજના ઈતિહાસકારો અને લેખકો તેના ઋણી છે, છતાં એમના પ્રત્યે પૂર્ણ સન્માન અને આદરની ભાવના સહ એ સત્ય સ્વીકારવું રહ્યું કે તેમની કૃતિઓ પ્રગટ થઈ તે પછી જે દશકાઓ વ્યતિત થઈ ગયા તેમાં નવાં સાધનો પ્રાપ્ત થયાં, નવીન માહિતી મળી અને ઉપયોગી એવી વિગતો ઉપલબ્ધ થઈ એટલું જ નહિ પણ ઈતિહાસના આલેખનની પદ્ધતિમાં પરિવર્તન આવ્યું અને ઈતિહાસમાં માત્ર રાજાઓનાં અંગત જીવન કે તેમના વિજયો કે પરાજયો જ નહિ પણ તેમાં દેશનાં ધર્મ, સંસ્કૃતિ, સભ્યતા, સમાજ આદિનો ઈતિહાસ પણ સમાવિષ્ટ થવો જોઈએ એવી માન્યતા દઢ થઈ અને એ રીતે દષ્ટિકોણ બદલાતાં, નવીન દષ્ટિએ જૂનાગઢનો ઈતિહાસ લખવાનું આવશ્યક બન્યું અને તેથી જૂનાગઢના રાજકીય ઈતિહાસને કેન્દ્રમાં રાખી, રાજતંત્ર, રાજપુરુષો, રાજનીતિ, સમાજ આદિની વિગતો આ પુસ્તકમાં મેં આવરી લેવા પ્રયત્ન કર્યો છે.

મારા "સૌરાષ્ટ્રના ઈતિહાસ"માં પ્રાચીન કાળથી ઈ. સ. ૧૭૪૮માં બાબી-વંશની સ્થાપના થઈ ત્યાં સુધીનો ઈતિહાસ અને ઈતર માહિતી વિસ્તારથી આપી છે એટલે આ ગ્રંથમાં તેનું પિષ્ટપેષણ ન થાય તે માટે એ સમય પૂરતો રાજ્યદ્વારી ઈતિહાસ સંક્ષિપ્તમાં આપ્યો છે અને ઈતર માહિતી અધ્યાહાર રાખી છે. પરંતુ બાબી-વંશની સ્થાપનાથી ઉચ્છેદ સુધીના સમયનો ઈતિહાસ, વિસ્તૃત પ્રમાણમાં અન્ય માહિતી સાથે આપ્યો છે એનું એક કારણ એ છે કે, આ સમયનો ઈતિહાસ અન્યત્ર આટલા વિસ્તારથી ક્યાંય આલેખાયો નથી અને જૂનાગઢનો ઈતિહાસ તે વિગતો વગર મારી દષ્ટિએ અપૂર્ણ છે. બીજું કારણ એ છે કે આ સમયમાં, મધ્યકાલીન રાજ્યતંત્ર,

સમાજ, લોકજીવન વગેરેમાં પરિવર્તન આવ્યું. મુગલશાસનના અંત અને બ્રિટિશ સાર્વભૌમત્વના પ્રારંભ વચ્ચેનો સમય મધ્યકાલ અને વર્તમાન કાલ વચ્ચેનો સંધિકાલ છે અને સાંપ્રત સમયની રાજ્ય અને સમાજની સ્થિતિ જાણવા માટે તે જરૂરી છે. આ સમયમાં જૂના વિચારો, જૂની માન્યતાઓ અને જૂની પદ્ધતિનો અંત આવ્યો અને નવીન યુગનો પ્રકાશ પડ્યો. તેથી ઈતિહાસ, સમાજશાસ્ત્ર અને રાજનીતિશાસ્ત્રના અભ્યાસીને આ પરિવર્તનની પ્રક્રિયાની માહિતી રસપ્રદ થાય એ હેતુથી અને આ સમયના કેટલાક પ્રસંગો, વિશિષ્ટ વ્યક્તિઓ અને રાજતંત્ર અને સમાજની વિશેષતા કાલે કરી વિસ્મૃત ન થઈ જાય તેથી કયાંક વિષયાંતર કરીને પણ આ પુસ્તકમાં સમાવિષ્ટ કરવામાં આવી છે. અત્રે એ પણ સ્પષ્ટ કરવું આવશ્યક છે કે આ સમયની કેટલીક બાબતો એવી છે કે તે કદી પણ કોઈ સ્વતંત્ર ગ્રંથનો વિષય બની શકે નહિ અને તે સાથે તેની ઉપેક્ષા કરવી પણ યોગ્ય ગણાય નહિ; તેથી તે પ્રકારના પ્રસંગો અને માહિતીને પણ આ પુસ્તકમાં આવરી લેવામાં આવી છે.

સ્વાતંત્ર્યની ઊગતી ઉષામાં જૂનાગઢની પ્રજાએ અભૂતપૂર્વ ઈતિહાસ સર્જ્યો અને પરાધીન દેશી રાજ્યો અને તેની કચડાયેલી પ્રજાને સ્વતંત્ર ભારતમાં સમાવી લેવાના સ્વર્ગીય સરદાર વલ્લભભાઈ પટેલના ભગીરથ પ્રયાસમાં જૂનાગઢે ઝંડાધારી થઈ ભારતના ઈતિહાસમાં અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું. આ વિરલ પ્રસંગની પૂર્વભૂમિકા પણ ભવિષ્યની પ્રજા જાણી શકે તે માટે તેની સંક્ષિપ્ત વિગતો આપી છે. પરંતુ તે પ્રસંગ હજી જીવતી પેઢીની સ્મૃતિનો છે અને જૂનાગઢમાંથી પાકિસ્તાનને હાંકી કાઢવાના ભગીરથ પુરુષાર્થમાં એક વા અન્ય પ્રકારે સહયોગી થનારી વ્યક્તિઓ જીવંત છે તેમજ તે સમયના ઈતિહાસની પુષ્કળ વિગતો જ્ઞાત હોવા છતાં તેનું પ્રકાશન કેટલાંક કારણોસર હિતાવહ નથી એ દૃષ્ટિએ તેના વિવેચન અને વર્ણનમાં સંયમ રાખવાનું મને ઉચિત જણાયું છે.

આ ગ્રંથમાં અનેક ઐતિહાસિક વ્યક્તિઓના અને તેમનાં કાર્યોના ઉલ્લેખો કરવામાં આવ્યા છે. જે તે સમયના રાજપુરુષોની નીતિ અને પદ્ધતિની કયાંક ચર્ચા પણ કરવામાં આવી છે તો કયાંક તેની આલોચના પણ કરી છે. પરંતુ તે માત્ર ઈતિહાસની દૃષ્ટિએ કોઈ પણ પૂર્વગ્રહ રાખ્યા સિવાય તટસ્થ ભાવે આલેખન કર્યું છે. ઈતિહાસ લેખકે પક્ષપાતથી પર રહી નિર્મળ અને નિર્ભેળ વિગતો આપવી જોઈએ એ સિદ્ધાંત અનુસાર મેં પણ તેમ કરવા પ્રયત્ન કર્યો છે, તેમ છતાં આ ચર્ચા કે આલોચનામાં માહિતીના અભાવે કોઈ ક્ષતિ રહી ગઈ હોય કે કોઈ વ્યક્તિનો ઉલ્લેખ કરવાનું રહી ગયું હોય તો હું સંબંધકર્તા સજ્જનોની ક્ષમા ચાહું છું.

ઇ. સ. ૧૯૪૭ના નવેમ્બરની નવમી તારીખે જૂનાગઢમાં નવાબી શાસનનો અંત આવ્યો અને સોરઠ સ્વતંત્ર થયું તે તારીખે આ ઈતિહાસ વાસ્તવિક રીતે

પૂરો થાય છે. સ્વાતંત્ર્ય પછીનો ઇતિહાસ ભવિષ્યના કોઇ સુભાગી લેખક લખશે તેવી અપેક્ષાએ હું માત્ર ઉપસંહારમાં થોડીક વિગતો આપી વિરમું છું.

આ પુસ્તક તૈયાર કરવામાં જે જે વિદ્વાનોની કૃતિઓનો મેં આધાર લીધો છે અને જે જે મિત્રોએ અને ગૃહસ્થોએ સ્ફુટ માહિતી પૂરી પાડી છે તે સર્વનો તથા સોરઠ સંશોધન સભાએ આ પુસ્તક પ્રકાશન માટે સ્વીકાર્યું તે માટે સભાનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

જૂનાગઢના નાગરિકો અને જૂનાગઢ-ગિરનારના ઇતિહાસમાં રસ લેતા વાચકો આ પુસ્તકમાં રહી ગયેલી ક્ષતિઓ પ્રત્યે ઉપેક્ષા કરી, તેમાં રહેલી અપૂર્ણતા લક્ષ્યે ન લેતાં, ઉદાર દૃષ્ટિથી તેનો ઉપયોગ કરશે તો મારો શ્રમ સાર્થક થયો છે તેમ હું માનીશ.

'ઓજસ'
સરદાર ચોક, જૂનાગઢ. **શંભુપ્રસાદ હરપ્રસાદ દેશાઈ**
તા. ૧૦–૩–૧૯૭૫

# અ—નુ—ક્ર—મ


(૧) જૂનાગઢ ૩૩
૧ સીમા—૩૩ ૨ ક્ષેત્રફળ ૩૩
૩ જનસંખ્યા—૩૪ ૪ કિલ્લો ૩૪
૫ જૂનાં નામો ૩૪
૬ ચંદ્રકેતુપુર ૩૫
૭ ગિરિનગર ૩૬
૮ ગિરિનગરનું સ્થાન ૩૭
૯ ઉપરકોટ ૪૦
૧૦ જીર્ણદુર્ગ ૪૨
૧૧ જીર્ણગઢ ૪૫
૧૨ જીર્ણપ્રકાર—૪૬ ૧૩ ઉગ્રસેનગઢ ૪૬
૧૪ ખેંગારગઢ—૪૬ ૧૫ મુસ્તફાબાદ ૪૬
૧૬ ગિરનાર (નગર) ૪૭
૧૭ જૂનાગઢ ૪૮
૧૮ યવનગઢ—૫૦ ૧૯ જૂનોગઢ ૫૦
૨૦ જૂનાગઢનો કિલ્લો ૫૧
(૨) પ્રાચીન ઇતિહાસ ૫૪
૧ પ્રાચીન ૫૪
૨ મૌર્ય સામ્રાજ્ય—૫૬ ૩ અશોક ૫૬
૪ પર્વતીય લેખ ૫૭
૫ મૌર્ય પશ્ચાદ્ ૫૮
૬ શક સમય—નાહપાન ૫૮
૭ ચસ્ટન—૫૯ ૮ રૂદ્રદામા ૫૯
૯ સુદર્શન તળાવ ૫૯
૧૦ ઈંટવા ૬૦
૧૧ બોરદેવી ૬૧
૧૨ રૂદ્રદામા પછી ૬૨
૧૩ ગિરિનગર—પાટનગર ૬૨
૧૪ સુવર્ણગિરિનગર ૬૨
૧૫ શક રાજ્યનો અંત ૬૩
૧૬ ગુપ્ત સમય ૬૩
૧૭ સ્કંદગુપ્તનો લેખ ૬૪
૧૮ સુદર્શન તળાવ ૬૫
૧૯ વલભી સમય ૬૮
(૩) ચુડાસમા વંશ ૭૦
૧ ચંદ્રચૂડ—૭૦ ૨ ગ્રહાર ૭૦
૩ દયાસ ૭૧
૪ નવઘણ ૧લો ૭૨
૫ નવઘણ ૨જો ૭૩
૬ રાણકદેવી ૭૪
૭ સિદ્ધરાજનો અમલ ૭૬
૮ નવઘણ ૩જો—૭૭ ૯ કવાટ ૨જો ૭૭
૧૦ જયસિંહ ૧લો ૭૮
૧૧ રાયસિંહ—મહિપાળ ૨જો ૭૯
૧૨ જયમલ—૭૯ ૧૩ મહિપાલ ૩જો ૭૯
૧૪ વસ્તુપાલ—તેજપાલ ૮૦
૧૫ તેજલપુર—કુંવર સરોવર ૮૦
૧૬ ખેંગાર ૩જો—૮૨ ૧૭ નાગરો ૮૨
૧૮ ગુજરાતની સત્તા ૮૩
૧૯ માંડલિક પહેલો ૮૩
૨૦ ગુજરાતના રાજ્યનો અંત ૮૩
૨૧ નવઘણ ૪થો ૮૪
૨૨ મહિપાલ ૪થો ૮૪
૨૩ ખેંગાર ૪થો ૮૪
૨૪ મહમદ તઘલગ ૮૪
૨૫ જયસિંહ ૨જો ૮૫
૨૬ મહિપાલ ૫મો-૮૬ ૨૭ મોકલસિંહ ૮૬
૨૮ માંડલિક ૨જો ૮૬
૨૯ મેલિંગદેવ ૮૭
૩૦ જયસિંહ ૩જો ૮૮

૩૧ મહિપાલ ત્રીજો ૮૯
૩૨ માંડલિક ત્રીજો ૯૦
૩૩ સ્થાનિક ઈતિહાસમાં માંડલિક ૯૨
૩૪ આઇ નાગબાઇ ૯૩
૩૫ નરસિંહ મહેતા ૯૬

(૪) મુસ્લિમ સમય ૧૦૫

૧ ગુજરાતના સુલતાનો ૧૦૫
૨ ભૂપતસિંહ ૧૦૬
૩ મહમૂદ બેગડો ૧૦૬
૪ જામે—મસ્જિદ ૧૦૭
૫ મહમુદનું મૃત્યુ ૧૦૭
૬ મુઝફ્ફર રજો ૧૦૭
૭ મસ્જિદ ૧૦૮
૮ મુઝફ્ફરનું મૃત્યુ ૧૦૮
૯ સિકંદર અને પછી ૧૦૮
૧૦ બહાદુરશાહ ૧૦૯
૧૧ બહાદુરશાહનું મૃત્યુ ૧૧૦
૧૨ બહાદુરશાહ પછી ૧૧૦
૧૩ મુઝફ્ફર ત્રીજો ૧૧૦
૧૪ અકબરનું આક્રમણ ૧૧૧
૧૫ શાહબુદ્દીન અહમદની ચડાઇ ૧૧૧
૧૬ મુઝફ્ફર ત્રીજો ૧૧૨
૧૭ ભૂચર મોરીનું યુદ્ધ ૧૧૨
૧૮ જૂનાગઢનો ઘેરો ૧૧૩
૧૯ મુઝફ્ફરનું મૃત્યુ ૧૧૩
૨૦ સોરઠ સરકાર ૧૧૩
૨૧ રાયજાદો ખેંગાર ૧૧૩
૨૨ મુગલ સામ્રાજ્ય ૧૧૪
૨૩ જહાંગીર ૧૧૫
૨૪ રાયસિંહજી રાઠોડ ૧૧૫
૨૫ ખુર્રમ—સૂબો ૧૧૫
૨૬ શાહજહાન ૧૧૬
૨૭ આલમગીર ૧૧૬
૨૮ ઔરંગઝેબ પછી ૧૧૭

(૫) બાબી વંશ પૂર્વાર્ધ ૧૨૦

૧ બાબી વંશ ૧૨૦
૨ શેરખાન ૧૨૧
૩ બહાદરખાન ગાદીએ ૧૨૫
૪ વસંતરાય પુરબીઓ ૧૨૬
૫ જૂનાગઢનો ઘેરો ૧૨૭
૬ બહાદરખાનના સિક્કા ૧૨૮
૭ જગન્નાથ ઝાલા ૧૨૯
૮ ઉપરકોટનો કબજો ૧૨૯
૯ ધોરાજી ૧૨૯
૧૦ બહાદરખાન સ્વતંત્ર ૧૩૦
૧૧ બહાદરખાનનું મૃત્યુ ૧૩૦
૧૨ મહાબતખાન ૧લા ૧૩૦
૧૩ જગન્નાથ ઝાલાનું ખૂન ૧૩૦
૧૪ સોમજી જીકાર ૧૩૧
૧૫ બીબી સાહેબા સુલતાના ૧૩૧
૧૬ રાધનપુરની ચડાઇ ૧૩૧
૧૭ નવાબની મુક્તિ ૧૩૨
૧૮ રાજતંત્ર ૧૩૨
૧૯ વેરાવળનો કબજો ૧૩૨
૨૦ અમરજી ૧૩૩
૨૧ વેરાવળનો ઘેરો ૧૩૩
૨૨ દીવાનો ૧૩૪
૨૩ શેર ઝમાનખાનનું બંડ ૧૩૪
૨૪ દીવાનપદે અમરજી ૧૩૪
૨૫ અમરજીના વિજયો ૧૩૪
૨૬ રૂદ્રજી છાયા ૧૩૫
૨૭ અમરજી કેદ ૧૩૬
૨૮ મહાબતખાનજીનું મૃત્યુ ૧૩૭
૨૯ હામેદખાનજી ૧લા ૧૩૭

| | | | |
|---|---|---|---|
| ૩૦ રાજમાતાનો વિદ્રોહ | ૧૩૭ | ૬૩ દીવાનો-૧૬૦ ૬૪ અંગ્રેજ ચડાઈ | ૧૬૦ |
| ૩૧ પેશ્વા ગાયકવાડ | ૧૩૮ | ૬૫ કલ્યાણ શેઠ ફરીથી સત્તા ઉપર | ૧૬૦ |
| ૩૨ પોશીત્રા—૧૩૮ ૩૩ કાલુ મેર | ૧૩૮ | ૬૬ મરાઠા ચડાઈ | ૧૬૦ |
| ૩૪ અમરજીના વિજયો | ૧૩૯ | ૬૭ ગોદડ ખવડ ઉપર ચડાઈ | ૧૬૧ |
| ૩૫ રાજપૂત સંગઠન | ૧૩૯ | ૬૮ નવાબની નિરાશા | ૧૬૧ |
| ૩૬ અમરજીનું ખૂન | ૧૪૦ | ૬૯ રાજ ખટપટ | ૧૬૧ |
| ૩૭ ગાયકવાડની ચડાઈ | ૧૪૨ | ૭૦ બહાદરખાનનો જન્મ | ૧૬૨ |
| ૩૮ દીવાન અમરજી | ૧૪૩ | ૭૧ જામનગરની મદદે | ૧૬૨ |
| ૩૯ જોરતલબી | ૧૪૬ | ૭૨ રઘુનાથજી પુનઃ જૂનાગઢમાં | ૧૬૨ |
| ૪૦ નવાબ કેદ | ૧૪૭ | ૭૩ કલ્યાણ શેઠનો બળવો | ૧૬૩ |
| ૪૧ તોગીફો--મજહલો | ૧૪૮ | ૭૪ કુતિયાણાનો ઘેરો | ૧૬૪ |
| ૪૨ દીવાન કુટુંબની વિદાય | ૧૪૮ | ૭૫ કલ્યાણ શેઠ | ૧૬૪ |
| ૪૩ સૈનિકોનું બંડ | ૧૪૯ | ૭૬ અમરેલીનો ઘેરો | ૧૬૫ |
| ૪૪ પ્રેમજી દામાણી | ૧૫૦ | ૭૭ વંથળીનો ઘેરો | ૧૬૫ |
| ૪૫ ગલુ સોમનાથ | ૧૫૦ | ૭૮ પ્રભાસ પાટણનો ઘેરો | ૧૬૬ |
| ૪૬ રઘુનાથજી પાછા જૂનાગઢમાં | ૧૫૧ | ૭૯ રેવાશંકર દીવાન | ૧૬૬ |
| ૪૭ નવાબ હામેદખાનનાં લગ્ન | ૧૫૧ | ૮૦ અંગ્રેજ હકૂમત | ૧૬૭ |
| ૪૮ રઘુનાથજીના વિજયો | ૧૫૧ | ૮૧ સેટલમેન્ટ | ૧૬૮ |
| ૪૯ રઘુનાથજીનું રાજીનામું | ૧૫૧ | ૮૨ શ્રી સહજાનંદજી મહારાજ | ૧૬૯ |
| ૫૦ કુંભાજી | ૧૫૨ | ૮૩ હામેદખાનનું મૃત્યુ | ૧૭૦ |
| ૫૧ રાયજાદા દાગોજી | ૧૫૨ | ૮૪ બહાદરખાનજી રજા | ૧૭૧ |
| ૫૨ વેરાવળનો ઘેરો (રાણા સરતાનજી) | ૧૫૨ | ૮૫ ગાદીનો ઝગડો | ૧૭૧ |
| ૫૩ ચોરવાડનો ઘેરો | ૧૫૩ | ૮૬ રઘુનાથજી પુનઃ દીવાન પદે | ૧૭૨ |
| ૫૪ વેરાવળ લીધું | ૧૫૩ | ૮૭ કંપની ગાયકવાડની સવારી | ૧૭૩ |
| ૫૫ નવાબ કેદ | ૧૫૪ | ૮૮ કુદરતી આફતો | ૧૭૪ |
| ૫૬ દીવાન ગોવિંદજી | ૧૫૪ | ૮૯ જમાદાર ઉમર મુખાસન | ૧૭૫ |
| ૫૭ પેશકશી | ૧૫૪ | ૯૦ દીવાન ભાઈઓ | ૧૭૫ |
| ૫૮ રઘુનાથજી કેદ | ૧૫૫ | ૯૧ નવાબ બહાદરખાન કેદ | ૧૭૬ |
| ૫૯ રણછોડજીનો બળવો | ૧૫૬ | ૯૨ સુંદરજી શિવજી સોદાગર | ૧૭૮ |
| ૬૦ દીવાન કુટુંબની વિદાય | ૧૫૭ | ૯૩ સાધુઓની કતલ | ૧૭૮ |
| ૬૧ કલ્યાણ શેઠ | ૧૫૭ | ૯૪ પ્રભુદાસ વસાવડા દીવાન | ૧૭૯ |
| ૬૨ પ્રભાસપાટણના બ્રાહ્મણો | ૧૫૮ | ૯૫ કોયલીનું સમાધાન | ૧૭૯ |

૯૬ દીવાન રઘુનાથજીનું મૃત્યુ ૧૭૯
૯૭ સુંદરજી શિવજી પુનઃ દીવાન ૧૮૧
૯૮ ગાયકવાડની જમા ૧૮૧
૯૯ નવાબ બહાદરખાનનાં લગ્ન ૧૮૧
૧૦૦ સુંદરજીનું મૃત્યુ ૧૮૧
૧૦૧ બાવાવાળા ૧૮૨
૧૦૨ બહાદરખાનના દીવાનો ૧૮૩
૧૦૩ અહમદખાન ફકીર ૧૮૩
૧૦૪ ત્રિનેત્રેશ્વરની લૂંટ ૧૮૩
૧૦૫ ગોવિંદજી ઝાલા ૧૮૪
૧૦૬ સદાશિવરાવ ૧૮૪
૧૦૭ ખડિયાનું બંડ ૧૮૪
૧૦૮ આતો મેર ૧૮૫
૧૦૯ અમૃતલાલ અમરચંદ ૧૮૫
૧૧૦ નથુરામ અમરજી ૧૮૫
૧૧૧ જાફરાબાદ–સરહદી ઝગડો ૧૮૫
૧૧૨ દેવગામ ૧૮૬
૧૧૩ બહાદરખાનનું મૃત્યુ ૧૮૬
૧૧૪ દીવાન રણછોડજીનું મૃત્યુ ૧૮૬
૧૧૫ બુદ્ધેશ્વર ૧૮૭
૧૧૬ શ્રી સ્વામીનારાયણ મંદિર ૧૮૯
૧૧૭ નવાબ હામેદખાન ૨ જા ૧૯૦
૧૧૮ રીજન્સી ૧૯૧
૧૧૯ નથુખાન સરવાણી ૧૯૧
૧૨૦ માંગરોળ ઉપર ચડાઈ ૧૯૧
૧૨૧ રાજમાતા દાદીબુ ૧૯૨
૧૨૨ જબ્બર શેઠ ૧૯૨
૧૨૩ અનંતજી અમરચંદ ૧૯૨
૧૨૪ કાવત્રું ૧૯૩
૧૨૫ કુંવરજન્મની અફવા ૧૯૩
૧૨૬ બહારવટિયા ૧૯૩
૧૨૭ નવાબ હામેદખાનના શોખ ૧૯૪
૧૨૮ સતી–૧૯૪ ૧૨૯ રાજતંત્ર ૧૯૫
૧૩૦ કુદરતી આફતો ૧૯૫
૧૩૧ હામેદખાન રજાનું મૃત્યુ ૧૯૫
૧૩૨ પ્રકીર્ણ ૧૯૫


**(૬) બાબી વંશ – ઉત્તરાર્ધ ૧૯૮**


૧ નવાબ મહાબતખાન ૨ જા ૧૯૮
૨ રીજન્સી ૧૯૮
૩ રાજમાતા નાજુબીબી ૧૯૮
૪ સગીર નવાબ ૧૯૯
૫ રીજન્સી બરખાસ્ત ૧૯૯
૬ જનાનાની ખટપટ ૧૯૯
૭ અનંતજી દીવાન ૨૦૦
૮ ડુંગરશી દેવશી ૨૦૨
૯ કેશવજી વીરજી ૨૦૩
૧૦ ડુંગરશીની દીવાનગીરી ૨૦૩
૧૧ ગોકુલજી ઝાલા દીવાનપદે ૨૦૪
૧૨ નવાબની મુક્તિ ૨૦૪
૧૩ કેશવજી વીરજી કેદમાં ૨૦૫
૧૪ દત્તકની સનંદ ૨૦૬
૧૫ સરહદી ઝગડાઓ ૨૦૭
૧૬ મજમું ગામો ૨૦૭
૧૭ બાબરિયાવાડ ૨૦૮
૧૮ અગ્રિમ રાજ્ય જૂનાગઢ ૨૦૮
૧૯ રાજ્યમુદ્રા ૨૦૯
૨૦ શાહ ધ્વજ ૨૦૯
૨૧ દીવાનનો હોદ્દો ૨૧૦
૨૨ સાર્વભોમ સત્તાની તાકીદ ૨૧૦
૨૩ વાઘેરા–૨૧૦ ૨૪ ગીગો મૈયો ૨૧૧
૨૫ જસલો મૈયો ૨૧૨
૨૬ હટુ મકરાણી ૨૧૨
૨૭ હમીર મૈયો ૨૧૨
૨૮ દેવાત ખુમાણ ૨૧૩

૨૯ બાપુ સિપાઈ ૨૧૩
૩૦ મૈયા ૨૧૩
૩૧ બીજા બહારવટિયાઓ ૨૧૩
૩૨ કાવત્રું—૨૧૫ ૩૩ ખટપટ ૨૧૬
૩૪ વિપ્લવવાદી પઠાણ ૨૧૬
૩૫ ખુમાણોનું સમાધાન ૨૧૬
૩૬ માંગરોળ કમિશન ૨૧૬
૩૭ સાર્વભૌમ સત્તાને મદદ ૨૧૭
૩૮ રાજ્યબહારની સંસ્થાઓને મદદ ૨૧૭
૩૯ સૌરાષ્ટ્રની સંસ્થાઓને મદદ ૨૧૮
૪૦ પ્રવાસ—૨૧૮ ૪૧ સુધારા ૨૧૯
૪૨ જકાત—૨૨૧ ૪૩ બંદર ૨૨૧
૪૪ તાર—૨૨૨ ૪૫ રેલવે ૨૨૨
૪૬ જેલ—૨૨૨ ૪૭ જંગલ ૨૨૨
૪૮ રાજસ્થાનિક કોર્ટ ૨૨૩
૪૯ ન્યાય ખાતું ૨૨૩
૫૦ ગેઝેટ—૨૨૩ ૫૧ પ્રેસ ૨૨૩
૫૨ હાઈસ્કૂલ—૨૨૩ ૫૩ હોસ્પિટલ ૨૨૪
૫૪ પોસ્ટ—૨૨૪ ૫૫ ટંકશાળ ૨૨૫
૫૬ નગર આયોજન ૨૨૫
૫૭ મકાનો—મહાલયો ૨૨૫
૫૮ રાજ્યતંત્ર—૨૨૭ ૫૯ દીવાનો ૨૨૮
૬૦ દીવાન ગોકુલજી ઝાલા ૨૨૯
૬૧ શ્રી નરસિંહપ્રસાદ બૂચ ૨૩૦
૬૨ નરસિંહ પુસ્તકાલય ૨૩૧
૬૩ નગર નિશાળ ૨૩૨
૬૪ પ્રિન્સ ઓફ વેલ્સ ૨૩૨
૬૫ કુદરતી આફતો ૨૩૨
૬૬ નવાબ મહાબતખાનને માન ૨૩૩
૬૭ બેગમો—સંતાનો ૨૩૪
૬૮ નવાબ મહાબતખાનનું મૃત્યુ ૨૩૪
૬૯ બહાદરખાન ૩જા ૨૩૪
૭૦ ગાદીવારસનો પ્રશ્ન ૨૩૫
૭૧ મૈયાઓનું રિસામણું ૨૩૫
૭૨ સાલેહ બીન સાલમ હિન્દી ૨૩૭
૭૩ કાદુ મકરાણી ૨૩૮
૭૪ સંધી લૂંટારાઓ ૨૪૪
૭૫ કેદીનો બળવો ૨૪૪
૭૬ માંગરોળ કમિશન ૨૪૫
૭૭ ગિરની સરહદ ૨૪૫
૭૮ રેલવેની હદ—૨૪૫ ૭૯ દીવ ૨૪૫
૮૦ રાજતંત્ર—૨૪૬ ૮૧ રેવન્યુ ૨૪૬
૮૨ પોલીસ—૨૪૭ ૮૩ સર્વે ૨૪૭
૮૪ લાન્સર્સ—૨૪૭ ૮૫ માર્ગો ૨૪૭
૮૬ વીજળી—૨૪૭ ૮૭ રેલવે ૨૪૮
૮૮ રાજ્યનું વર્ષ—૨૪૯ ૮૯ કેળવણી ૨૪૯
૯૦ અન્ય ફંડો ૨૫૦
૯૧ ફરગ્યુસન પુલ ૨૫૧
૯૨ લેપર એસાયલમ ૨૫૧
૯૩ ગિરનાર લોટરી ૨૫૧
૯૪ શાહપુરનો કિલ્લો ૨૫૨
૯૫ પથ્થરના સિંહો ૨૫૨
૯૬ વોટર વર્કસ ૨૫૨
૯૭ ફરતો માર્ગ ૨૫૩
૯૮ પ્રાણી સંગ્રહસ્થાન ૨૫૩
૯૯ સિંહોની સંખ્યા ૨૫૩
૧૦૦ દાતાર ૨૫૩
૧૦૧ ઉપરકોટ—ઓરદેવી ૨૫૪
૧૦૨ ગળીનું કારખાનું ૨૫૪
૧૦૩ તોપ ૨૫૪
૧૦૪ ચોરવાડની આબાદી ૨૫૪
૧૦૫ સાંસ્કૃતિક પ્રવૃત્તિ
શ્રી મણિશંકર કીકાણી ૨૫૫
૧૦૬ શ્રી ભગવાનલાલ ઈંદ્રજી ૨૫૬

૧૦૭ અન્ય પંડિતો ૨૫૭
૧૦૮ આચાર્ય વલ્લભજી હરિદત્ત ૨૫૮
૧૦૯ ભગવાનલાલ સંપત્તરામ છત્રપતિ ૨૫૮
૧૧૦ શ્રી રૂપશંકર ઉદયશંકર ઓઝા ૨૫૮
૧૧૧ પંડિત ગટુલાલ ૨૫૯
૧૧૨ શ્રી અનંતપ્રસાદ વૈષ્ણવ ૨૫૯
૧૧૩ મનોહર સ્વામી ૨૬૦
૧૧૪ આદિત્યરામ વ્યાસ ૨૬૦
૧૧૫ સુધારકો–૨૬૦ ૧૧૬ ડોકટરો ૨૬૧
૧૧૭ કુદરતી આફતો ૨૬૨
૧૧૮ સ્વામી વિવેકાનંદ-એની બીસન્ટ ૨૬૨
૧૧૯ વજીર બહાઉદ્દીનભાઈ ૨૬૩
૧૨૦ નવાબ બહાદરખાન ૨૬૩
૧૨૧ નવાબ બહાદરખાનનું મૃત્યુ ૨૬૩
૧૨૨ ગાદીના વારસો ૨૬૩
૧૨૩ નવાબ રસુલખાન ૨૬૫
૧૨૪ પ્રવાસ ૨૬૫
૧૨૫ સોમનાથ ઉપર હકૂમત ૨૬૬
૧૨૬ પ્રભાસપાટણમાં અશાંતિ ૨૬૬
૧૨૭ શ્રી લક્ષ્મીનારાયણ મંદિર ૨૬૮
૧૨૮ ફકીરમહમદ મકરાણી ૨૬૯
૧૨૯ એલીએનેશન સેટલમેન્ટ ૨૭૦
૧૩૦ જાગીરના પ્રકાર ૨૭૨
૧૩૧ માંગરોળ ઉપર મેનેજમેન્ટ ૨૭૨
૧૩૨ નાણાંકીય વર્ષ ૨૭૨
૧૩૩ ન્યાય ખાતું ૨૭૩
૧૩૪ કેળવણી ખાતું ૨૭૩
૧૩૫ બજેટ–૨૭૩ ૧૩૬ ઉતારા ૨૭૩
૧૩૭ સૌરાષ્ટ્ર પોસ્ટ ૨૭૩
૧૩૮ વોટર વર્કસ ૨૭૪
૧૩૯ બહાઉદ્દીન કોલેજ ૨૭૪
૧૪૦ હોસ્પિટલ ૨૭૬
૧૪૧ લેબોરેટરી ૨૭૭
૧૪૨ હોમિયોપથી ૨૭૭
૧૪૩ બહાદરખાનજી લાયબ્રેરી મ્યુઝિયમ ૨૭૭
૧૪૪ સુધરાઈ–૨૭૮ ૧૪૫ પેડોક ૨૭૮
૧૪૬ કોઠાર–ઘાસવાડો ૨૭૮
૧૪૭ સાર્વજનિક કાર્યો ૨૭૯
૧૪૮ અશોકનો શિલાલેખ ૨૭૯
૧૪૯ ફુવારો ૨૭૯
૧૫૦ દામોદર પુલ ૨૭૯
૧૫૧ ચલણ–૨૭૯ ૧૫૨ કાવત્રું ૨૮૦
૧૫૩ બદનક્ષી–૨૮૦ ૧૫૪ યાદી ૨૮૦
૧૫૫ ગિરની આબાદી ૨૮૧
૧૫૬ ચોરવાડનો વિકાસ ૨૮૨
૧૫૭ દીવાનો
શ્રી હરિદાસ વિહારીદાસ દેસાઈ ૨૮૩
૧૫૮ શ્રી ચુનીભાઈ સારાભાઈ ૨૮૩
૧૫૯ શ્રી શ્યામજી કૃષ્ણવર્મા ૨૮૪
૧૬૦ શ્રી ચુનીલાલ સારાભાઈ ૨૮૫
૧૬૧ શ્રી પુરુષોત્તમરાય ઝાલા ૨૮૬
૧૬૨ શ્રી છોટાલાલ બક્ષી ૨૮૯
૧૬૩ ખટપટ ૨૯૦
૧૬૪ દીવાન સર અબ્બાસઅલી બેગ ૨૯૧
૧૬૫ શેરઝમાનખાન ૨૯૧
૧૬૬ કેપ્ટન કાર્નેગી ૨૯૨
૧૬૭ કુદરતી આફતો ૨૯૩
૧૬૮ પ્રકીર્ણ ૨૯૪
૧૬૯ નવાબ રસુલખાનનું મૃત્યુ ૨૯૫
૧૭૦ પ્રજા જીવન ૨૯૮

**(૭) બાબી વંશનો અંત ૩૦૧**

૧ એડમિનીસ્ટ્રેશન ૩૦૧
૨ સ્વદેશી ચળવળ ૩૦૩
૩ મિ. એચ. ડી. રેન્ડોલ ૩૦૪

૪ વજીર બહાઉદ્દીનભાઈ 304
૫ રાજતંત્ર 305
૬ નવાબ મહાબતખાન ૩જા 306
૭ પ્રારંભિક સુધારા 308
૮ ગુપ્ત પ્રયાગ 310
૯ મહમદભાઈની બરતરફી 316
૧૦ વીઘોટી 318
૧૧ ઋણ રાહત ધારો 319
૧૨ ગીતા મંદિર 319
૧૩ જૂનાગઢ રાજ્ય પ્રજામંડલ 321
૧૪ રાજ્યતંત્ર 325
૧૫ કેળવણી 328
૧૬ આરોગ્ય 328
૧૭ મહેસૂલ 329
૧૮ ઘરભેણી 330
૧૯ ગીરાસ 331
૨૦ પશુ સંવર્ધન 332
૨૧ વન સંરક્ષણ 333
૨૨ ન્યાયખાતું 334
૨૩ સુધરાઈ 334
૨૪ જકાત 335
૨૫ ઉદ્યોગ 335
૨૬ બેંક 336
૨૭ પોલીસ 336
૨૮ સૈન્ય 336
૨૯ પોસ્ટ ઓફિસ 337
૩૦ બસ સર્વિસ 338
૩૧ જાહેર બાંધકામ ખાતું 338
૩૨ એરોડ્રોમ 339
૩૩ બંદરો 339
૩૪ સરકારી વકીલ 340
૩૫ ખેરાત 340
૩૬ ગેઝેટ 341
૩૭ રાજ્યભાષા 341
૩૮ રાજ્યવર્ષ 341
૩૯ રાજગીત 342
૪૦ રાજ્યનું ક્ષેત્રફળ 342
૪૧ વસતી 342
૪૨ મહાલો 342
૪૩ રમતગમત 343
૪૪ ઉત્સવો 344
૪૫ સહિષ્ણુતા 344
૪૬ બહારવટિયા 344
૪૭ વર્તમાન પત્રો—સામયિકો 346
૪૮ પુનર્સર્જન 350
૪૯ નવાબ મહાબતખાનનું અંગત જીવન 352
૫૦ લગ્નો—સંતાનો 353
૫૧ સંતાનોનાં લગ્ન 354
૫૨ રાજમાતા 354
૫૩ સર શાહનવાઝ ભુટ્ટો 358
૫૪ પાકિસ્તાન સાથે જોડાણ 359
૫૫ પૂ. ગાંધીજી 364
૫૬ આરઝી હકૂમત 365
૫૭ શરણાગતિ 367
૫૮ બાબી વંશનો અંત 369
૫૯ સ્વાધીનતા પશ્ચાદ્ 370
૬૦ સરદારનું આગમન 370
૬૧ વહીવટી તંત્ર 370
૬૨ વિલિનિકરણ 375
૬૩ સૌરાષ્ટ્ર 376
૬૪ મુંબઈ રાજ્ય 377
૬૫ ગુજરાત રાજ્ય 377
૬૬ ઉપસંહાર 377

(૮) ગિરનાર ૩૭૯
૧ પર્વતો–૩૭૯ ૨ ક્ષેત્રફળ ૩૮૦
૩ નદીઓ–૩૮૦ ૪ તળાવો ૩૮૦
૫ વનસ્પતિ–૩૮૧ ૬ ભૂસ્તર ૩૮૨
૭ ગિરનાર પર્વત ૩૮૩
૮ રૈવત–ઉજ્જયંત ૩૮૩
૯ ગિરનાર–૩૮૭ ૧૦ ગિરનાર ૩૮૮
૧૧ ગિરનાર મહાત્મ્ય ૩૮૯
૧૨ અંબિકા–૩૯૧ ૧૩ ઉમા-શંભુ ૩૯૨
૧૪ શ્રી કૃષ્ણ ૩૯૩
૧૫ વસ્ત્રાપથ ક્ષેત્ર-૩૯૩ ૧૬ ગિરનાર ૩૯૭
૧૭ શિખરો–૩૯૭ ૧૮ બ્રાહ્મણો ૩૯૮
૧૯ સોપાન માર્ગ–૩૯૯ ૨૦ કોટ ૪૦૩
૨૧ અમીઝરા પાર્શ્વનાથ ૪૦૫
૨૨ સૂર્યકુંડ ૪૦૮
૨૩ રાણકદેવીનો મહેલ ૪૦૮
૨૪ કુમારપાળની ટૂંક ૪૦૮
૨૫ વસ્તુપાલ–તેજપાલનાં મંદિરો ૪૦૯
૨૬ સંપ્રતિ રાજાની ટૂંક ૪૧૦
૨૭ હાથીકુંડ-૪૧૧ ૨૮ રાજુલ ગુફા ૪૧૧
૨૯ ભીમ કુંડ ૪૧૨
૩૦ જટાશંકરની ધર્મશાળા ૪૧૩
૩૧ ગૌમુખી ગંગા ૪૧૩
૩૨ પથ્થર ચટ્ટી ૪૧૪
૩૩ ભૈરવજપ–૪૧૫ ૩૪ શેષાવન ૪૧૫
૩૫ ભરતવન ૪૧૫
૩૬ હનુમાન ધારા ૪૧૬
૩૭ સીતા મઢી ૪૧૬
૩૮ શ્રી ગોરખનાથ ૪૧૭
૩૯ કમંડલુ કુંડ-૪૧૮ ૪૦ પાંડવ ગુફા ૪૧૮
૪૧ દત્તાત્રેય–૪૧૮ ૪૨ બોરદેવી ૪૧૯
૪૩ ઝીણાબાવાની મઢી ૪૨૦
૪૪ દામોદર કુંડ-૪૨૧ ૪૫ રેવતી કુંડ ૪૨૨
૪૬ લક્ષ્મણ ટેકરી ૪૨૨
૪૭ ઈંદ્રેશ્વર–૪૨૨ ૪૮ રામેશ્વર ૪૨૩
૪૯ દાતાર–૪૨૩ ૫૦ પવિત્રતા ૪૨૫
૫૧ પરકમ્મા–૪૨૫ ૫૨ મેળો ૪૨૬
૫૩ પર્વતની કથાઓ ૪૨૬
૫૪ સાહિત્યમાં ગિરનાર ૬૨૮


**પરિશિષ્ટ** ૪૩૦


૧ પર્વતીય લેખો ૪૩૦
૨ સુદર્શન તળાવ ૪૩૧
૩ ઉપરકોટ ૪૩૧
૪ ગુફાઓ ૪૩૩
૫ નવઘણ કૂવો ૪૩૪
૬ અડીચડીવાવ ૪૩૪
૭ બીજાં મકાનો ૪૩૪
૮ તોપો ૪૩૫
૯ બાવા પ્યારાની ગુફા ૪૩૫
૧૦ ખાપરા–કોઢિયાની ગુફાઓ ૪૩૭
૧૧ માઈ ગઢેચી ૪૩૭
૧૨ બીજી ગુફાઓ ૪૩૯
૧૩ નરસિંહ મહેતાનો ચોરો ૪૪૦
૧૪ રણછોડજીનું મંદિર ૪૪૦
૧૫ પુષ્ટિમાર્ગીય હવેલી ૪૪૧
૧૬ શ્રી સ્વામીનારાયણ મંદિર ૪૪૨


**અન્ય જોવા લાયક સ્થાનો**


૧૭ સક્કરબાગ મ્યુઝિયમ ૪૪૩
૧૮ કચેરી દરબાર હોલ મ્યુઝિયમ ૪૪૪
૧૯ પુસ્તકાલય–૪૪૪ ૨૦ રાજમહેલો ૪૪૪
૨૧ મોતીબાગ–૪૪૫ ૨૨ પરિતળાવ ૪૪૫
૨૩ વિલિંગ્ડ ડેમ ૪૪૫
૨૪ મહાબત મકબરા ૪૪૫
૨૫ બીજાં સ્થાનો ૪૪૫



પહેલા નવાબ મોહંમદ બહાદુરખાન
ઉર્ફે
શેરખાન બાબી



મોહંમદ ઝફરખાન
ઉર્ફે
સફદરખાન બાબી



મોહંમદ મહોબતખાન પહેલા



મોહંમદ મહોબતખાન બીજા



મોહંમદ મહોબત ખાન બાબી બહાદુર ત્રીજા



આઠમા નવાબ મોહંમદ રસુલખાન બાબી



વઝીર શેખ મહંમદ બહાઉદ્દીન સાહેબ



દીવાન ગોકળજી સંપતરાવ ઝાલા



અંબાજી ગિરનાર



વઝીર બહાઉદ્દીન ભાઈનો મકબરો

U-3466



ખાપરા કોઢીયાના ભોંયરા



ગોરખનાથ શિખર



ગૌમુખી ગંગા



ગિરનાર



ઉપરકોટ - જૂનાગઢ



ધક્કાબારી-ઉપરકોટ



દામોદરરાયજી મંદિર



અશોક શિલાલેખ



જમીયલશા દાતાર



જૈનમંદિર – ગિરનાર



મૃગીકુંડ



ભવનાથ મંદિર



સ્ટેશન દરવાજા ટાવર જુનાગઢ



ઉપરકોટ દરવાજો



નવઘણ કૂવો

# ૧

## જૂનાગઢ

પ્રાગ: ઐતિહાસિક કાળથી સૌરાષ્ટ્રમાં અગ્રસ્થાન અને પ્રસિદ્ધને પામેલા જૂનાગઢ નગરનો અને ગિરનાર પર્વતનો ઈતિહાસ આલેખવાનો આ નમ્ર પ્રયાસ .

સાંપ્રત કાળમાં જૂનાગઢ, ગુજરાત રાજ્યના જૂનાગઢ જિલ્લાનું મુખ્ય મથક છે અને તેથી ત્યાં જિલ્લા કક્ષાની કચેરીઓ છે. જૂનાગઢમાં નગરપાલિકા છે અને કેળવણીના ક્ષેત્રે આર્ટ્સ, સાયન્સ, કોમર્સ, એગ્રિકલ્ચર, આયુર્વેદ વગેરેની કોલેજો તેમજ વહીવટી અધિકારીઓને તાલીમ આપતી ઓરીયેન્ટેશન ટ્રેનિંગ કોલેજ અને પોલીસ અધિકારીઓની પોલીસ ટ્રેનિંગ કોલેજ પણ છે.

જૂનાગઢ નગર ઉત્તર અક્ષાંશ ૨૧''–૧'' પૂર્વ રેખાંશ ૭૦''–૧૩'' ઉપર આવેલું છે.

## સીમા

જૂનાગઢ નગરની પૂર્વે પુરાણ પ્રસિદ્ધ દામોદરકુંડ તથા ગિરનાર પર્વત છે. પશ્ચિમે મોટું તળાવ, સરદારબાગ વગેરે બાગો છે. ઉત્તરે દોલતપરા વગેરે ગામડાંઓ અને દક્ષિણે પાદરડી, પલાંસવા વગેરે ગામડાંઓ છે.

## ક્ષેત્રફળ

જૂનાગઢ નગરનું ક્ષેત્રફળ ૩૭૭૦ એકર ૩૨ ગુંઠા એટલે ૩૨ કીલોમીટર ૧૪ હેકટર છે. તેની લંબાઈ લગભગ બે માઈલ અને પહોળાઈ પણ તેટલી જ છે.

## જન સંખ્યા

જૂનાગઢની જન સંખ્યા ઈ. સ. ૧૯૭૧ની ગણત્રી પ્રમાણે ૯૫૯૪૫ની છે. છેલ્લાં સીત્તેર વર્ષના આ જન સંખ્યાના આંકડા નીચે પ્રમાણે છે.

ઈ. સ. ૧૯૦૧ – ૩૪૨૫૧

| | |
|---|---|
| ઈ. સ. ૧૯૧૧ – ૩૫૩૫૪ | ઈ. સ. ૧૯૫૧ – ૬૨૭૩૦ |
| ઈ. સ. ૧૯૨૧ – ૩૩૨૨૧ | ઈ. સ. ૧૯૬૧ – ૭૪૨૯૮ |
| ઈ. સ. ૧૯૩૧ – ૩૯૮૯૦ | ઈ. સ. ૧૯૭૧ – ૯૫૯૪૫ |
| ઈ. સ. ૧૯૪૧ – ૫૮૧૧૧ | ઈ. સ. ૧૯૮૧ – ૧૮૦૪૧૬ |

## કિલ્લો

જૂનાગઢ ફરતો કિલ્લો છે જેની અંતર્ગત ઉપરકોટનો દુર્ગ છે. નગરના કોટનો પશ્ચિમ અને ઉત્તર દીવાલનો કેટલોક ભાગ અને કાળવા તથા વંથલી દરવાજાથી જાણીતાં દુર્ગદ્વારો, થોડાં વર્ષો પૂર્વ નગર વિસ્તારની દૃષ્ટિએ પાડી નાખવામાં આવ્યાં છે.

## જૂનાં નામો

સ્કંદપુરાણના પ્રભાસ ખંડમાં અધ્યાય ૭૭થી અધ્યાય ૧૦૨માં પૌરાણિક શૈલીમાં ગિરનાર માહાત્મ્ય આલેખ્યું છે. તેમાં પુરાણકાર કહે છે કે જૂનાગઢનું મૂળ નામ કરણકુબ્જ હતું અને તેના આધારે તેને કરણકોજ અને કરણકુવિર પણ કહેવામાં આવ્યું છે. આ કરણ કે કર્ણ કોણ હતો તે પુરાણકાર કહેતા નથી. મહાભારત કાળમાં કર્ણ મહારથી થયો તેણે આ પ્રદેશમાં કોઈ નગર વસાવ્યું હોય કે તે અહીં વસતો હોય તેવો ઉલ્લેખ ક્યાંય પ્રાપ્ત નથી. અન્યત્ર કહેવામાં આવ્યું છે કે;

> आदौ मणिपुरं नामं चंद्रकेतुपुरं स्मृतं
>
> तृतीयं रेवतं नामं कलौ पुरातनपुरं : ॥

એ વિધાન અનુસાર આ નગરનું મૂળ નામ મણિપુર હતું. તે નામ કોણે આપ્યું, શા માટે આપ્યું, અને કયા યુગમાં કે ક્યાં સુધી પ્રચલિત હતું તે માટે પણ પુરાણકાર મૌન સેવે છે. તેમ છતાં તે કહે છે કે મણિપુર પછી આ નગર ચંદ્રકેતુપુર કહેવાતું. આ નામ રેવંત નામ પડયા પહેલાં હતું અને હરિવંશ પ્રમાણે રેવંત યાદવો પૂર્વે ચાર ચોકડી યુગ પહેલાં થઈ ગયો એટલે

પુરાણકારનું કથન સાચું માનીયે તો રેવંત નામ મહાભારત પૂર્વે હજારો વર્ષ પૂર્વે હતું. અન્ય પુરાણોના વિધાન પ્રમાણે શ્રીકૃષ્ણ દ્વાપરના અંતમાં અને કલિના પ્રારંભમાં થયા ત્યારે ઉપરોક્ત શ્લોકમાં દર્શાવ્યા પ્રમાણે કલિકાલમાં આ નગર પુરાતનપુર નામે ઓળખાયું. આનો સ્પષ્ટ અર્થ એ થાય કે શ્રી-કૃષ્ણના સ્વધામગમન પશ્ચાદ્ આ નગર પુરાતનપુર થઈ ગયું.

## ચંદ્રકેતુપુર

ચંદ્રકેતુપુરનો ઈતિહાસ આપતાં પુરાણકાર કહે છે કે આ પૃથ્વી ઉપર પુરાતની ચંદ્રકેતુ નામે પ્રખ્યાત રાજા હતા તે સૂર્યવંશીય હતા અને વારંવાર વૈકુંઠમાં જતા. એકવાર તેને નારાયણે કહ્યું કે "વૃદ્ધાવસ્થાના કારણે તમારે વૈકુંઠમાં આવવાથી કષ્ટ થાય છે. માટે હવે વૈકુંઠમાં ન આવતાં રેવતાચળ રાજધાની વસાવી ત્યાં રહો." ચંદ્રકેતુ રેવતાચળનું સ્થાન જોઈ પ્રસન્ન થયા અને ત્યાં તેણે મોટા મહાલયો, મંદિરો, દ્વારો અને કોટવાળું મનોહર નગર બાંધ્યું. પુરાણકાર વિશેષમાં એમ પણ કહે છે કે :

"કલિકાલમાં ચંદ્રકેતુનું વસાવેલું આ નગર જીર્ણદુર્ગના નામે પ્રસિદ્ધ થશે." અંતિમ વિધાનથી સ્પષ્ટ થાય છે કે ઈસુની છઠ્ઠી કે સાતમી સદીમાં સ્કંધપુરાણનો પ્રભાસખંડ લખાયો ત્યારે ગિરિનગર જીર્ણદુર્ગ નામે ઓળખાતું અને તેથી જ પુરાણકારે કહ્યું કે કલિયુગમાં તે પુરાતનપુર કહેવાતું અને તે પહેલાં તેનું નામ ચંદ્રકેતુપુર હતું અને તે ચંદ્રકેતુ નામે પ્રખ્યાત રાજાએ વસાવ્યું હતું. ઈ.સ. પૂર્વ ત્રીજી-ચોથી સદીમાં થયેલા ચંદ્રગુપ્ત મૌર્યે ગિરિનગર વિકસાવ્યું અને ત્યાં ગિરિદુર્ગ બાંધ્યો, સુદર્શન તળાવ બાંધ્યું અને તેના પુત્ર સમ્રાટ અશોકે તે સરોવરની પાળે તેની આજ્ઞાઓ પર્વતીમાં કોતરાવી, તે માહિતીને પોતાની લાક્ષણિક શૈલીમાં પુરાણકારે આપી કહ્યું કે આ નગર ચંદ્રગુપ્તે વિકસાવેલું અને તેનું નામ ચંદ્રકેતુપુર આપેલું. પુરાણકાર એમ પણ કહે છે કે ગિરનાર પાસે દિવ્ય સરોવર પણ હતું.

પુરાણકારે ઈતિહાસને નિર્મળ અને નિર્ભેળ સ્વરૂપમાં રજૂ કરવાને બદલે તેમાં તેમની પ્રચલિત પદ્ધતિ પ્રમાણે દેવોની ઉપસ્થિતિ, ચમત્કારો આદિનું વર્ણન કરી સત્ય વસ્તુને અસંગત બનાવી દીધી છે પરંતુ તેનું વર્ણન સમગ્ર રીતે વિચારતાં તે જે નગરનું વર્ણન આપે છે તે નગર તે ગિરિનગર અને તે જ તેના કાલમાં વસતું તે જીર્ણદુર્ગ.

મૌર્યોનું સામ્રાજ્ય છિન્નભિન્ન થયું અને શકોની સત્તા સૌરાષ્ટ્રમાં સ્થિર થઈ ત્યારે સંભવત તેઓએ ચંદ્રકેતુપુર કે ચંદ્રગુપ્તપુર નામ મિટાવી દીધું અને તેને પુનઃ ગિરિનગર નામ આપ્યું.

## ગિરિનગર

ઈ. સ. ૧૫૧-૧૫૨માં શક મહાક્ષત્રપ રૂદ્રદામાનો ગિરિનગર ઉપર અધિકાર હતો તેમ ઈંટવા અને બોરદેવીમાં કરેલા ઉત્ખનનમાંથી મળેલી મુદ્રાઓ આદિથી જ્ઞાત થાય છે. તદુપરાંત અશોકના લેખની બાજુમાં કોતરાવેલા તેના લેખમાં ગિરિનગરનો સ્પષ્ટ ઉલ્લેખ છે. ઇ. સ. ૨૨૩-ઈ. સ. ૨૩૬ની વચમાં શકોએ ઉજ્જૈન ગુમાવી ગિરિનગરમાં તેની રાજધાની ફેરવી અને તેને કદાચ સુવર્ણગિરિનગર કે સાર્વભૌમ નરેન્દ્રપુર એવું નામ આપ્યું.

સુવર્ણગિરિનગર એ જ ગિરિનગર હતું કે કેમ તેના માટે સ્પષ્ટ પ્રમાણો ઉપલબ્ધ નથી પરંતુ ગિરિનગર પાસેથી વહેતી સુવર્ણરેખા સરિતા ઉપરથી કદાચ સુવર્ણગિરિનગર નામની યોજના થઈ હોય ! સાર્વભૌમનરેન્દ્રપુર નામ તો શ્યામિલકની કૃતિ પાદતાડીતકમાં શક રાજા ગુપ્ત પ્રધાન સાથે શકોની રાજધાની સાર્વભૌમનરેન્દ્રપુરમાં વાત કરે છે. તેનું વર્ણન છે તે ઉપરથી માની લેવાનું છે. ગમે તેમ હોય, તેનું નામ સુવર્ણગિરિનગર હોય કે સાર્વભૌમનરેન્દ્રપુર હોય પણ એ નિઃશંક રીતે સ્પષ્ટ છે કે શકોના સમયમાં ગિરિનગર નામે ઓળખાતું આ નગર એક અગત્યનું નગર હતું.

શકોનો ઉચ્છેદ થયો અને ગુપ્ત સામ્રાજ્યની સ્થાપના થઈ ત્યારે પણ ગિરિનગર એક પ્રાંતીય રાજધાની જેવું નગર હતું. સ્કંદગુપ્તના ઈ. સ. ૪૫૫-૪૫૬ના પર્વતીય લેખમાં પ્રશસ્તિકાર લખે છે કે તેના ઉપર શાસન કરવા માટે સુયોગ્ય વ્યક્તિની પસંદગી કરવાની ચિંતા સમ્રાટે દીર્ઘ કાળ કરીને પર્ણદત્તને ત્યાં નિયુક્ત કરેલો. તેનો ઉત્તમ ગુણવાળો અને આત્મશ્રદ્ધાવાળો ચક્રપાલિત પુત્ર હતો અને તેણે લોકોને ચિંતામુક્ત કરેલા અને દુષ્ટોને દંડેલા. ઉક્ત લેખમાં આ નગરને ગિરિનગર ન કહેતાં માત્ર નગર કહ્યું છે અને તેથી એમ પણ જણાય છે કે તેનું લોકપ્રિય કે સંક્ષિપ્ત નામ નગર થઈ ગયું હોય !

ઈ. સ. ૪૮૦માં વલભીપુરમાં ભટ્ટાર્કે ગુપ્તોના નામે સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી અને ઈ. સ. ૪૯૯ લગભગ ગુપ્ત સામ્રાજ્યના પતન પશ્ચાત્ સંપૂર્ણ સ્વતંત્રતા ધારણ કરી અને થોડા જ કાળમાં એક બળવાન સામ્રાજ્યની સ્થાપના કરી. આ સમયના ગુ. વ. સંવત ૩૧૨-ઈ. સ. ૬૨૮ અને ગુ. વ. સંવત ૩૪૬-ઈ. સ. ૬૬૨ના બે તામ્રપત્રોમાં ગિરિનગરનો ઉલ્લેખ છે અને ઈ. સ. ૬૪૦ આસપાસ સૌરાષ્ટ્રના પ્રવાસે આવેલા ચીની પ્રવાસી હ્યુએન સાંગ તે નગરને ગિરિનગર ન કહેતાં નગર કહે છે એટલે ગિરિનગરનું બીજું પ્રજાપ્રિય નામ નગર હશે જૈન કથા વાસુદેવ હિંડિમાં ગિરિનગરના એક સાર્થવાહની વાર્તા છે અને તેમાં આ નગરનું સુંદર વર્ણન છે.

ઈ. સ. ૭૭૦માં વલ્લભી સામ્રાજ્યનો ઉચ્છેદ થયો અને સૌરાષ્ટ્રમાં અરાજકતા વ્યાપી અને તે સાથે એક પ્રબળ ક્રાંતિમાં, સમસ્ત દેશમાં, ભાષા, ધર્મ, લિપિ, રાજ્યવિસ્તાર, રાજવંશ, સભ્યતા, સંસ્કૃતિ વગેરેમાં જબ્બર પરિવર્તન આવ્યું. તે પૂર્વે સંભવત્ સુદર્શનના ફરી ફાટવાથી તે નષ્ટ થયું અને કોઈ અજ્ઞાત કારણે ગિરિનગર પણ ઉજ્જડ પડયું. વારંવાર વિનાશ વહોરતા સુદર્શનને કોઈ એ ફરી સમરાવ્યું નહિ અને ગુ. વ. સંવત ૩૧૨ અને ૩૪૬નાં તામ્રપત્રો ઉપરથી જણાય છે તેમ પ્રજા અન્યત્ર ચાલી ગઈ. આ સમય ઈ. સ ૬૬૨ની આસપાસમાં મૂકી શકાય તેમ છે.

ઈ. સ. પૂર્વે ૬ઠ્ઠી સદીમાં થઈ ગયેલા વ્યાકરણાચાર્ય પાણિનીએ ગિરિનગરનો ઉલ્લેખ કર્યો છે તે આ ગિરિનગર હતું કે કેમ તેનાં કોઈ સ્પષ્ટ પ્રમાણો નથી.*

## ગિરિનગરનું સ્થાન

ગિરિનગર ગિરનારની તળેટીમાં વસતું તેવી વિદ્વાનોના એક સમૂહની માન્યતા છે. જો આ માન્યતા સ્વીકારીએ તો ગિરિનગર ભવનાથની તળેટીની ઉત્તરે વસતું હતું અને તેની તથા ઉપરકોટની વચમાં અત્યારે દામોદર કુંડની પૂર્વ–પશ્ચિમનો જે ભાગ છે તે આવી જતો હતો અને ઉપરકોટ અને ગિરિનગરની વચમાં સુદર્શન તળાવ હતું અને તેને કાંઠે સમ્રાટ અશોકે તેની આજ્ઞાઓ કોતરાવી હતી. એ રીતે આ માન્યતા અન્વય ઉપરકોટની દીવાલોની પૂર્વે, અશોકના પર્વતીય લેખની ઉત્તરે અને ગિરિનગરની પશ્ચિમે સુદર્શન હતું.

આ વિદ્વાનો એટલું અવશ્ય સ્વીકારે છે કે જ્યારે ગિરિનગર વસતું ત્યારે સુદર્શનની પાળે અશોકે તેનો લેખ કોતરાવેલો. ઉપરકોટમાં જે ભોંયરાઓ છે તેમાં સ્ત્રીઓની આકૃતિઓ છે તે ઉપરથી વિદ્વાનો એમ પણ માને છે કે આ ભોંયરાઓ બૌદ્ધ સાધુઓનાં નહિ પણ રાજપુરુષોને રહેવાના નિવાસસ્થાનો હતાં. ચંદ્રગુપ્ત મૌર્યે ઉપરકોટ બંધાવ્યો ત્યારે તેના પ્રતિનિધિઓ અને તેમના કર્મચારીઓ ત્યાં સહકુટુંબ રહેતા હશે સરજેલાં સુદર્શનનાં અને ઉપરકોટની પૂર્વ દીવાલો નીચે સુવર્ણ રેખા વગેરે સરિતાઓને નાથીને જલ તેને અથડાતાં હશે. આ તળાવના સ્વચ્છ જળ ઉપર ઝૂકી રહેલી

---

* લબ્ધપ્રતિષ્ઠિત પુરાવિદ ડૉ. સાંકળિયા તેના તા. ૩૧–૭–૧૯૮૦ના પત્રમાં લખે છે કે અડીવાવમાંથી મળેલા એક પથ્થરનું વૈજ્ઞાનિક પૃથક્કરણ કરતાં જે એક લાખ વર્ષ પૂર્વેનો હોવાનું જણાયું છે ત્યારે અહીં માનવવસાહત હશે.

વૃક્ષ વલ્લરી અને પુષ્પ લતાઓ અને દૂર છતાં સમીપ દેખાતાં ગિરિવર ગિરનારની દિવસમાં વારંવાર રંગ બદલતી અને ક્ષણે ક્ષણે નૂતનનાં ધરતી ટેકરીઓથી એ તળાવનું દર્શન આંખને તૃપ્ત કરતું હશે તેથી તેનું નામ સુદર્શન આપવામાં આવ્યું અને ત્યાં નગરજનો આનંદપ્રમોદ ખાતર મોટી સંખ્યામાં જતા હશે તેથી અશોકે તેના તીરે જ ઘણા લોકો વાંચી શકે તે માટે આજ્ઞાઓ કોતરાવી. તે વર્ણનો અને વિધાનના સંદર્ભમાં જો ગિરિનગર ગિરનારની તળેટીમાં વસતું તે વિધાન વિચારીએ તો ઉપરકોટ અને ગિરિનગરની વચમાં સુદર્શન તળાવ હતું અને તે બંને એક બીજાથી કપાઈ ગયાં હતાં, એવી પણ એક માન્યતા છે કે ગિરિનગર સુદર્શનને બંને કાંઠે વસતું. શિલાલેખ સ્પષ્ટ કહે છે કે તેની બંને બાજુએ માર્ગો બંધાવેલા અને જો માર્ગો હોય તો પછી મકાનો માટે જગ્યા રહે નહિ તે સ્વાભાવિક છે. આ માન્યતા ભૂલભરેલી છે તેમ સ્પષ્ટ અને આધારભૂત પ્રમાણોથી જાણી શકાય છે.

પુરાતત્ત્વવિદો માને છે કે બાવાપ્યારાની ગુફાઓ, ખાપરા કોડિયાની ગુફાઓ, ઉપરકોટ વગેરે મૌર્ય કાલમાં અસ્તિત્વ ધરાવતાં. ઈંટવા–બોરદેવીના ઉત્ખનનમાં નીકળેલા અવશેષો ઉપરથી નિઃશંક રીતે કહી શકાય છે કે બોરદેવી ઈંટવા વગેરે સ્થળે ધર્મસ્થાનો હતાં પણ ત્યાં પ્રજા વસતી ન હતી.

રૂદ્રદામાના ઇ. સ. ૧૫૧–૧૫૨ના પર્વતીય લેખમાં કહેવામાં આવ્યું છે કે "જ્યારે વૃષ્ટિ વરસતાં વાદળાંઓને લીધે પૃથ્વી જાણે કે સમુદ્ર બની ગઈ હતી ત્યારે ઉજ્જયંત પર્વતનાં સુવર્ણસિકતા પલાશિનિ અને બીજા વોકળાઓ, અતિ આવેગ પૂર્વ આવેલા પૂરથી તે બંધ....જો કે યોગ્ય સાવચેતી (રાખી હતી) તો પણ પર્વતનાં શિખરો, વૃક્ષો, કાંઠાઓ, અગાસીઓ, મેડીઓ, દ્વારો, અને ઊંચા વિસામાઓ ફાડી નાખતા યુગના અંત લાયક પરમ ઘોર વેગવાળા તોફાનથી વલોવાતા પાણીએ વિખેરી નાખ્યા, ભાંગીને ભૂકો કર્યા, ફાડી નાખ્યાં...આસપાસ વિખરાયેલા પથ્થર, ઝાડી અને વેલોથી નદીના તળિયા પર્યંત ખુલ્લું થઈ ગયું*–" આ વર્ણનમાં ગિરિનગર, સુદર્શનની કઈ દિશામાં હતું તે કહેવામાં આવ્યું નથી અને કહ્યું હોય તો તે ખંડિત ભાગમાં આવી જાય છે.

સ્કંદગુપ્તના ઈ.સ. ૪૫૬–૪૫૭ના લેખમાં જણાવ્યું છે કે "(પછી સર્વ દિશામાં) શું કરવું તે વિવેચન કરતાં લોક નિરાશ થયા અને આખી રાત્રી

---

* ભાષાંતર-હિસ્ટોરિકલ ઇન્સ્ક્રિપ્શન્સ ઓફ ગુજરાત, પુ. ૧-શ્રી ગિ. વ. આચાર્ય

સ્વર્થ જાગી મહા ચિંતામાં તેઓએ વિચાર કર્યો." "અહિં એક ક્ષણમાં જળ ન સમાવાથી સુદર્શન સરવરે તે મનુષ્ય હોય તેમ સર્વ લોક તરફ દુર્દર્શનત. ધારી છે. જળથી પૂર્ણ સાગરના દેખાવવાળું હોઈ તે સુદર્શન પુનઃ થઈ શકે...!*" આ લેખમાં પણ ગિરિનગર ક્યાં હતું તે સ્પષ્ટ કરવામાં આવ્યું નથી..

ઉક્ત બંને લેખોની ઉપરકથિત્ પંક્તિઓનો અભ્યાસ કરતાં સ્પષ્ટ જણાય છે કે સુદર્શન તળાવમાં નદીઓનાં પૂરનું પાણી પ્રવેશી, તળાવના બંધ તોડી આગળ વધ્યું ત્યારે કાંઠાઓ તો નહિ પણ અગાસીઓ, મેડીઓ દ્વારો વગેરે પણ તોડી-ફોડી નાખ્યાં, નદીઓ ઉત્તટ થઈ અને પાણીએ મર્યાદા ઓળંગી, કાંઠાઓ ઉપર થઈને નગરમાં પ્રવેશી લોકોને ચિંતાગ્રસ્ત કરી દીધાં. સ્કંદગુપ્તનો લેખ કહે છે કે જ્યારે આ પ્રકારનું પૂર આવ્યું ત્યારે નગરજનોએ આખી રાત્રી ચિંતામાં વ્યતિત કરી કારણ કે જો પાણીને યોગ્ય માર્ગ ન મળે તો તેમના નિવાસસ્થાનમાં પ્રવેશી તેને બોળી દે.

આ ઉપરથી સ્પષ્ટ અને નિર્વિવાદ પ્રતીત થાય છે કે સુદર્શનનાં પાણી નગર પ્રતિ વહેનાં હતાં અને તેથી નગર સુદર્શનની પશ્ચિમે હતું. જો ગિરિનગર સુદર્શનની પૂર્વે અને ગિરનારની તળેટીમાં હોય તો પૂરનાં પાણી ગમે તેટલાં પ્રબલ થાય છતાં પુરજનોને તે ચિંતામાં ન મૂકે તે સ્વાભાવિક છે, ગિરનારથી પશ્ચિમે એટલે નદીઓના પ્રવાહથી હેડવાસ પુર વિનાશ કરતું હોય તો તેમાં ગિરિનગરના વાસીઓ આખી રાત્રી શા માટે ચિંતામાં વિતાવે ! પાણી પૂર્વ-ગામી થવાનાં ન હતાં અને જે દિશામાંથી પાણી આવતાં હતાં તે દિશામાં પાછાં જવાનાં ન હતાં.

ઈ. સ. ૬૪૦ આસપાસ ગિરનારની યાત્રાએ આવેલા ચીની પ્રવાસી હ્યુએનસાંગે કહ્યું છે કે "નગરથી થોડે દુર ઉજ્જન નામનો પર્વત છે અને તે પર્વત ફરતું ઘાડું વન છે." તે એમ પણ કહે છે કે આ નગરનો વિસ્તાર ૩૦ લી. એટલે ૧૦ માઇલનો છે. આ વિધાન ઉપરથી ફલિત થાય છે કે ગિરનારનો વિસ્તાર ૧૦ માઈલનો હતો તથા ગિરિનગર અને ગિરિનાર પર્વતની વચ્ચે ઘાડું વન હતું અને તે નગર પર્વતથી દૂર હતું. જો ગિરિનગર, તળેટીમાં હોય તો ત્યાં ૧૦ માઈલનો વિસ્તાર સંભવતો નથી. આજે પણ ત્યાં નગરના કોઈ અવશેષો મળતા નથી કે તેવી કોઈ ઉઘાડી કે વિશાળ જગ્યા નથી અને જો તળેટીમાં જ હોય તો તેની તથા પર્વતની વચમાં ઘાડું વન હોવાનો કોઈ

* ભાષાંતર-હિસ્ટોરિકલ ઈન્સ્ક્રિપ્શન્સ ઓફ ગુજરાત, પુ. ૧-શ્રી ગિ. વ. આચાર્ય

સંભવ નથી. આ લેખક કમભાગ્યે ગિરિનગર, ખરેખર ક્યાં વસતું તે કહેતા નથી પરંતુ તેણે આપેલું વર્ણન સ્પષ્ટ કહી જાય છે કે ગિરિનગર ગિરનારની સમીપે જ તળેટીમાં વસતું ન હતું.

ઈંટવા અને બોરદેવી નામનાં તળેટીમાં આવેલાં સ્થાનમાં ઉત્ખનન કરતાં રૂદ્રદામાના સમયની મુદ્રા આદિ કેટલીક વસ્તુઓ પ્રાપ્ત થઈ છે તથા ત્યાં વિહારો અને સભામંડપ વગેરેના પાયા નીકળ્યા છે. હ્યુએનસાંગ પણ કહે છે કે ત્યાં બૌદ્ધ મઠ હતો. ઉપરકોટમાં અને તેની આસપાસ બૌદ્ધ ગુફાઓ છે તથા સુદર્શન તળાવનું સ્થાન નિશ્ચિત સ્વરૂપે દષ્ટિગોચર છે તે બધાં પ્રમાણો એકસાથે વિચારી પુરાતત્ત્વવિદ શ્રી છો. મ. અત્રિ* એવા નિર્ણય ઉપર ઉપર આવ્યા છે કે ઈંટવાના વિહારો ગિરિનગરની પૂર્વોત્તર સીમાએ હશે, તેની પૂર્વે ગિરનાર અને પશ્ચિમે સુદર્શન તળાવ હશે. આ અનુમાન પણ પુનર્વિચારણા માગી લે છે. જે સુદર્શન તળાવ, અશોકના લેખની ઉત્તરે હોય અને તેનો એક છેડો ત્રિવેણી સુધી હોય તો ગિરિનગર સુવર્ણસિકતાને તીરે વસી શકે નહિ. અશોકના લેખ અને સરિતાની વચમાં એક સાંકડો માર્ગ છે તે સુદર્શનમાં આવી જતો હોય કે તેને તીરે જતો હોય તો નગર અને પર્વત તેનાથી જુદા પડી જતાં હોય અને પૂર્વકથિત પ્રમાણો વિચારતાં ગિરિનગર, સુદર્શનના બંધથી પશ્ચિમે હોય તો અત્યારે જૂનાગઢ વસે છે ત્યાંજ તે વસતું તે નિર્વિવાદ છે.

## ઉપરકોટ

દીવાન રણછોડજી તેના પ્રખ્યાત ગ્રંથ તવારીખે સોરઠ કે જે તારીખે સોરઠના નામથી પ્રસિદ્ધ થયો છે તેમાં લખે છે કે "ખુરાસાનના શાહ કાલયવનની બીકે યાદવો સોરઠમાં આવ્યા ત્યારે તેના રાજા ઉગ્રસેને ઉપરકોટ બાંધ્યો એમ કહેવાય છે."

ઈ. સ. ૧૨૩૨ લગભગ લખાયેલા રેવંતગિરિ રાસુમાં તેના કર્તા શ્રી વિજયસેનસુરી લખે છે કે તેજપાળે ગિરનારની તળેટીમાં તેજપાલપુર કે તેજલપુર વસાવ્યું તેની પૂર્વે ઉગ્રસેનગઢ નામનો દુર્ગ હતો.

દીવાન રણછોડજીએ તેનો ગ્રંથ ઈ.સ. ૧૮૨૦ લગભગ પુરો કર્યો અને ત્યારે ઉપરકોટ, ઉગ્રસેને બંધાવ્યો છે તેવી માન્યતા પ્રચલિત હશે. અને ઉગ્રસેનગઢ કહેવાતો હશે. તેજલપુર ઉગ્રસેનગઢની પશ્ચિમે હતું. કેટલાક વિદ્વાનો

* ક્ષત્રપકાલિન ગિરિનગર-વિદ્યાપીઠ માર્ચ એપ્રિલ ૧૯૬૭-શ્રી છો. મ. અત્રી

ભારપૂર્વક કહે છે કે તેજલપુર ગિરનારની તળેટીમાં ભવનાથ મહાદેવ છે ત્યાં હશે કારણ કે ત્યાં તેજપાલે બંધાવેલું કંવર સરોવર[1] પણ છે. આ વિદ્વાનો ગિરનારની તળેટીમાં અર્થ ગિરનારની સાવ સમીપે આવેલી ભૂમિ એવો કરે છે પણ લોકવાણીમાં વંથળી, બીલખા અને મજેવડી પણ ગિરનારની તળેટીમાં હોવાનું અને સોરઠમાં જૂનાગઢની પંચકોશીના ગામો ગિરનારની છાયામાં હોવાનું આજ પણ કહેવાય છે, એટલે તળેટીનો સંકુચિત અર્થ કરવાનું આવશ્યક નથી. મજેવડીના સીમાડે એટલે જૂનાગઢ–ઉપરકોટ–ઉગ્રસેનગઢની પશ્ચિમે તેજપુર કે તાજપુરનો ઉજ્જડ ટીંબો છે તે મંદિરોનું ગામ હતું તેમ જૂના લોકો માને છે. આ તેજપુર તેજ તેજલપુર. ત્યાં ઉત્ખનન થાય તો મંદિરોના અવશેષો જરૂર મળી આવે. કુંવર તળાવ નામે ઓળખાતું તળાવ જૂનાગઢની દક્ષિણે આવેલું છે. દીવાન રણછોડજી તારીખે સોરઠમાં જૂનાગઢ પાસેના તળાવોની નોંધમાં આ કુંવર સરોવરનો ઉલ્લેખ કરે છે.

ઇ. સ. ૧૯૦૮માં પ્રસિદ્ધ થયેલા કીર્તિ કૌમુદીના ભાષાંતરની પ્રસ્તાવનામાં સદ્‌ગત વેદમૂર્તિ શ્રી વલ્લભજી હરિદત્ત આચાર્ય આ કુંવર સરોવર તે તેજપાલે બંધાવેલું કંવર સરોવર હોવાનું કહે છે. ગિરનારની તળેટીમાં જે સરોવર છે તે જૂનાગઢ રાજ્યે થોડાં વર્ષો પૂર્વે જૂનાગઢને પીવાનું પાણી પૂરું પાડવા માટે બનાવેલું એટલે તેને કંવર સરોવર કહેવું અયોગ્ય છે.

ઉગ્રસેનગઢ અને ગિરનારની વચ્ચે જો તેજલપુર હોય તો રેવંતગિરિ રાસુના વર્ણન અનુસાર તેની પૂર્વે ઉગ્રસેનગઢ સંભવે નહિ તેમ ત્યાં કોઇ ગઢ બંધાયો હોય તેવી જગ્યા પણ હોય નહિ અને છે પણ નહિ. સાંપ્રત જૂનાગઢ તે જ તેજલપુર[2] તેવો તર્ક પણ વાસ્તવિક નથી.

યાદવોના સમયના કોઈ દુર્ગો કે મંદિરો ભારતમાં જોવામાં આવતાં નથી છતાં ઉગ્રસેનગઢ યાદવોના સમયનો છે તેમ માનવામાં આવે છે તે પણ બરાબર નથી. પુરાતત્ત્વની દૃષ્ટિએ પણ આ વિધાન અસ્વીકાર્ય બને છે. સંભવ છે કે રાહગ્રહારના પુત્ર અને અનુગામી રાહ કવાટના મામા તળાજાના ઉગાવાળા વા ઉગ્રસેનના નામ ઉપરથી તે ઉગ્રસેનગઢ કહેવાયો હોય ! પરંતુ તે વિધાન સ્વીકાર્ય બને તેવાં કોઈ પ્રમાણો ઉપલબ્ધ નથી. ઉપરકોટમાં, યુદ્ધો અને

---

1 જૂનાગઢની સીમમાં સ. નં. ૩૦૮માં આવેલું કંવર તળાવ આજ પણ મોજૂદ છે. વિશેષ માટે જુઓ પ્રકરણ ૩જું.

2 જુઓ પ્રકરણ ૩જું

ઘેરાઓ માટે તેને ઉગ્રાવાળા દ્વારા રાહ કવાટે સુસજ્જ કર્યો અને તેથી તેને નામ આપ્યું હોય તે સંભવિત છે પણ તે માટે પણ કોઈ ઐતિહાસિક પ્રમાણ નથી.

આમ ઉગ્રસેનગઢ તે ઉપરકોટ એ અનુમાન કરવા માટે કોઈ આધાર લાયક ભૂમિકા નથી પરંતુ જો તેનું મૂળ નામ ઉગ્રસેનગઢ હોય તો તેમાંથી ઉગ્ર, ઉગરગઢ થયું અને તેમાંથી ઉપરકોટ થયું તેમ માનવામાં બાધ નથી.

"મિરાતે સિકંદરી" તેને જહાંપનાહનો કિલ્લો કહે છે. ફરિશ્તા મહાબલીયાહ* કહે છે. જ્યારે મહમૂદ બેગડાએ જૂનાગઢનું નામ મુસ્તફાબાદ પાડયું ત્યારે તેણે ઉપરકોટને જહાંપનાહ નામ આપ્યું હશે.

## જીર્ણદુર્ગ

ઉજ્જડ પડેલા ગિરિનગર ઉપર ઝાડી થઈ ગઈ તેનો દુર્ગ પણ ખંડિયેર થઈ ગયો અને તેની આસપાસ જંગલ થઈ ગયું. મિરાતે સિકંદરી કહે છે કે "જૂનાગઢ નામ પડવાનું કારણ સોરઠના કેટલાક લોકો એવું કહે છે કે જૂના કાળમાં સોરઠ દેશના રાજાની રાજધાની જૂનાગઢથી પાંચ કોસ દૂર આવેલા મોજે વંથળી હતી. વંથળી અને જૂનાગઢની વચમાં એક એવું જંગલ હતું કે તેમાંથી ઘોડો કે માણસ પણ દાખલ થઈ શકતાં નહિ." આ જંગલમાં આવેલા એક કઠિયારાએ દુર્ગ તથા તેનાં દ્વારો જોયાં. તેણે રાજાને વાત કરતાં તે રાજાએ જંગલ કપાવી નાખ્યું. આ દુર્ગ ક્યારે બંધાયો તેના માટે રાજાએ ઈતિહાસના જ્ઞાતાઓને પૂછ્યું પરંતુ જ્યારે તેઓએ અજ્ઞાનતા બતાવી ત્યારે તે કિલ્લાને જૂનાગઢ એટલે જૂનો કિલ્લો કહ્યો કારણ કે તેની રચનાનો કાળ કે રચયિતાને કોઈ જાણતું નથી. આ રાજા કોણ હતો તે માટે કલ્પના કરવાની રહે છે. ઈતિહાસનો ક્રમ તથા પ્રસંગો જોતાં તેમજ પ્રભાસખંડમાં આ નગર જીર્ણદુર્ગ નામે ઓળખાશે તે વિધાન જોતાં આ રાજા ચંદ્રચૂડ હશે, અથવા તેના અન્ય અનુગામીઓએ આ કોટ સમરાવી યુદ્ધ માટે સુસજ્જ કર્યો હશે, તે પ્રસંગે જ્યારે ગિરિદુર્ગ–ઉપરકોટનું નવનિર્માણ કર્યું ત્યારે તેની સમીપે વસતા ગિરિનગરનું પણ પુનર્નિર્માણ કર્યું હશે. એનો દુર્ગ જીર્ણ હતો તેથી તેને જીર્ણદુર્ગ કહ્યો અને નગર પણ તે જ નામે ઓળખાયું. પાછળથી દુર્ગ ઉપરકોટ તરીકે જાણીતો થયો તે સમયે જીર્ણદુર્ગ નગર હતું અને તેની અંતર્ગત ઉપરકોટ હતો. આજે પણ ઘણાં જૂનાં નગરોની અંદર ભીતર કોટ હોય છે, તેમ તેમાં રાજકુટુંબ રહેતું હશે અથવા યુદ્ધકાલે, આક્રમકો સામે બહારનો કિલ્લો તૂટી પડે પછી પ્રતિકાર કરવા માટે તેનો ઉપયોગ થતો હશે

---

* આ સ્થાન ગિરનારની તળેટીમાં અન્યત્ર હશે, આજે તેનું અસ્તિત્વ નથી.

તેવો આ દુર્ગ પણ ભીતરકોટ હતો. આપણે એ પણ જોઈએ છીએ કે કોઈ મંદિર, મહાલય કે પવિત્ર તીર્થસ્થાનના નામ ઉપરથી તેની સમીપે વસતા ગામનું પણ તે જ નામ પડે છે. ભીમના દેવળ પાસે વસતું ગામ ભીમદેવળ કહેવાય છે, વરાહ સ્વરૂપના મંદિર પાસે વસતું ગામ વારાહરૂપ કહેવાય છે. કદર્મ વરાહના મંદિર પાસે વસતું ગામ કદવાર કહેવાય છે તેમ જીર્ણદુર્ગ પાસે વસતું ગામ પણ જીર્ણદુર્ગ કહેવાયું. પ્રભાસખંડમાં જીર્ણદુર્ગનો સ્પષ્ટ ઉલ્લેખ છે અને પ્રભાસખંડ ઈસુની સાતમી કે આઠમી સદીમાં લખાયો હોવાની માન્યતા સાચી હોય તો જીર્ણદુર્ગનું નામ રાહ ગ્રહાર પહેલાં પ્રચલિત થયું એમ માની શકાય.

જીર્ણદુર્ગના નવનિર્માણ પ્રસંગે રાહ ગ્રહાર કે તેના પુરોગામીઓ વા અનુગામીઓએ અન્યત્રથી ચારે વર્ણની પ્રજાને આમંત્રી જીર્ણદુર્ગમાં વસાવી. ઈ. સ. ૧૦૨૫માં થયેલા નવઘણના મંત્રીઓ નાગરો હતા અને નાગરોનો ઈતિહાસ કહે છે કે તેઓ નવઘણના આમંત્રણથી જીર્ણદુર્ગમાં આવ્યા. તેમના દસ્તાવેજો સાક્ષી પૂરે છે કે રાહે તેમને વસવા માટે જગ્યાઓ આપી, નિર્વાહ માટે ભૂમિ આપી અને રાજતંત્રમાં સ્થાન આપ્યું. તેઓએ જીર્ણદુર્ગમાં પ્રથમ ગણેશ ફળિયું બાંધી ત્યાં નિવાસ માટે પોતાનાં ઘરો બાંધ્યાં. નાગરો નવઘણ પહેલાં આવ્યા હશે અને તેઓ વર્ષો સુધી જુદા જુદા જથ્થાઓમાં આવતા રહ્યા હશે. તે જ પ્રમાણે બ્રાહ્મણો, વણિકો ઈત્યાદિ જ્ઞાતિઓ અને કારીગર વર્ગની જ્ઞાતિઓ અને દાસત્વ કરનારી જાતિઓ આવીને જીર્ણદુર્ગમાં વસી. આ નગર ફરતો દુર્ગ હતો તે સમરાવવામાં આવ્યો વા નવેસરથી બાંધવામાં આવ્યો, પાણીના પુરવઠા માટે વાવો બાંધવામાં આવી અને ત્યાં અનેક દેવસ્થાનોની સ્થાપના થઈ.

જીર્ણદુર્ગના સિંહદ્વાર પૂર્વાભિમુખ હશે અને આજે વિશળવાવ છે તેની સામેના ભાગમાં હશે અથવા વિશળવાવ તેની અંદર આવી જતી હશે અને નગરની પૂર્વે હશે. નરસિંહ મહેતાનો ચોરો છે ત્યાં ઉત્તર દ્વાર હશે અને ત્યાંથી નગરનો કોટ વર્તમાન સુખનાથ મહાદેવ પાસેથી સંઘાડિયા બજાર દીવાનચોક થઈ કાળવા સુધી જઈ ત્યાંથી વિશળવાવ મળી જતો હશે. એ રીતે નગરની પૂર્વમાં ભીડભંજન મહાદેવ તથા વિશળવાવ, મધ્યમાં ઉત્તર છેડે સુખનાથ મહાદેવ તથા તે તરફ આજ અસ્તિત્વમાં નથી તેવાં મંદિરો, દક્ષિણ છેડે ગેંડાની અગડ, સકરિયો ટીંબો હશે. નગરની પશ્ચિમે આજે પંચહાટડી છે ત્યાં સ્મશાન હતું, તેથી પશ્ચિમ દ્વાર હવેલી ગલીનું નાકું છે ત્યાં હશે અને તે પ્રમાણે ઉત્તર અને દક્ષિણ દ્વારો, નરસિંહ મહેતાના ચોરા પાસે અને કાળવા પાસે અનુક્રમે હશે. આજે પણ જે જૂનાં દેવસ્થાનો છે તે આ ભાગમાં જ છે.

મુસ્લિમ સમયમાં કિલ્લાનો વિસ્તાર વર્તમાન ગાંધી રોડ સુધી વધારી દેવામાં આવ્યો અને આજ પણ આ વધારેલા વિસ્તારમાં જ મુસ્લિમ લત્તાઓ છે. ઈ. સ. ૧૮૮૦માં નવાબ મહાબતખાનજી બીજાના સમયમાં ત્યાંથી પણ કોટની દીવાલો ખસેડી આજે છે તે સ્થળે બાંધવામાં આવી અને લીબર્ટી ટોકીઝ છે ત્યાંથી વંથલી દરવાજા થઈ હાથીખાના સુધીનો ભાગ શહેરમાં લેવામાં આવ્યો.

એ રીતે વિચારતાં રાહ નવઘણના સમયમાં ઉપરકોટની ઉત્તર દીવાલ તથા પૂર્વ દીવાલ નગર બહાર હતી પરંતુ દક્ષિણ દીવાલ અર્ધી અને પશ્ચિમ દીવાલ આખી અંતર્ગત હતી અને તેનું સિંહદ્વાર પશ્ચિમાભિમુખ નગરમાં પડતું.

પ્રભાસખંડ લખાયો તે પહેલાં જીર્ણદુર્ગ નામ પ્રચલિત થઈ ગયું હતું એટલે રાહ ગ્રહાર કે તેના પુરોગામીઓના સમય પહેલાં સ્થાનિક રાજા તથા પ્રજાને તેની માહિતી હતી અને તેથી તે નગર જીર્ણદુર્ગ તરીકે જાણીતું થયું.

સૌરાષ્ટ્રના ઈતિહાસનાં પ્રમાણો જોતાં જીર્ણદુર્ગનો ઉલ્લેખ ઈ. સ. ૧૩૩૦માં થયો છે. હાથસણીમાંથી મળી આવેલા ઈ. સ. ૧૩૩૦ ના લેખમાં[1] રાહ ખેંગારના વંશજ રાજા ઠેપકે કુન્તરાજને કહ્યું કે **"मम पितृव्येन जीर्णदुर्ग निवासि(ना) कारिता संगावापीति ठेपा वापी प्रकारय...** "અર્થાત્" મારા પિતૃવ્યે જીર્ણદુર્ગમાં સંગવાપી બંધાવી તેવી જ રીતે તું ઠેપાવાપી બંધાવ"[2] આ રીતે ઈ. સ. ૧૩૩૦ માં જીર્ણદુર્ગ નામનો સ્પષ્ટ ઉલ્લેખ છે અને તેમાં કહેનાર કહે છે કે તેના પૂર્વજે જીર્ણદુર્ગમાં સંગવાપી બંધાવી હતી. તેના પૂર્વજનું નામ પણ ખેંગાર આપે છે અને તે જીર્ણદુર્ગના રાહનો વંશજ હતા તેમ કહે છે. સૌરાષ્ટ્રના ઈતિહાસમાં બે ખેંગાર કુમારો તેમનો રાજગાદી ઉપરનો હક્ક ત્યાગી અન્યત્ર ગયા, તેમાં પ્રથમ ખેંગાર ઈ. સ. ૧૦૬૭માં થયેલા રાહ નવઘણનો કુમાર અને દ્વિતીય ખેંગાર ઈ. સ. ૧૧૪૦માં થયેલા રાહ કવાટનો કુમાર. ઠેપકનો પૂર્વજ દ્વિતીય ખેંગાર ગણીયે તો પણ ઈ. સ. ૧૧૪૦માં આ નગર જીર્ણદુર્ગ નામે પ્રસિદ્ધ હતું તે નિર્વિવાદ છે.

---

1 હિસ્ટોરિકલ ઈન્સ્ક્રિપ્શન્સ ઓફ ગુજરાત, પુ-૩, શ્રી ગિ. વ. આચાર્ય

2 આ સંગવાપી કસાઈવાડના નાકે હતી. થોડાં વર્ષો પહેલાં તે પુરાવી દેવામાં આવી છે.

ઈ.સ. ૧૩૩૩માં લખાયેલા વિવિધ તીર્થકલ્પ અને તેની પૂર્વે લખાયેલા રૈવતગિરિકલ્પમાં આ નગર માટે અપભ્રંશમા જુણ્ણદુગ્ગમાં શબ્દ વાપર્યો છે. જુણ્ણ અને જીણ્ણ બંનેનો અર્થ જીર્ણ થાય છે.

ઈ. સ. ૧૩૩૭માં કક્કસુરી નામના વિદ્વાન જૈન મુનિ મહારાજે લખેલા તેના ગ્રંથ "નાભિનન્દન જીર્ણોદ્ધાર પ્રબંધ"માં એક સંઘ ગિરનાર જાય છે. તેના વર્ણનમાં પણ આ નગરને જીર્ણદુર્ગ કહ્યું છે.[1]

ઈ. સ. ૧૪૭૨માં રાહ માંડલિકનું પતન થયું તે પૂર્વે લખાયેલા સંસ્કૃત કાવ્ય "માંડલિક કાવ્ય"માં તેના રચયિતા કવિ ગંગાધરે જીર્ણદુર્ગ નામનો આ નગર માટે ઉપયોગ કરી તેની બજારો અને દુર્ગનું રસિક વર્ણન કર્યું છે.

ઈ. સ. ૧૪૫૧માં લખાયેલો એક શિલાલેખ ઉપરકોટની દક્ષિણ દીવાલમાંથી પ્રાપ્ત થયો છે[2] તેમાં રાહ માંડલિકે કરેલી આજ્ઞા કંડારી છે. તેમાં પ્રારંભની પંક્તિમાં લખ્યું છે કે, 'સ્વસ્તિ શ્રી સંવત ૧૫૦૭ વર્ષે માઘ (વદી ૫) અમી દિને ગુરુ (વાસરે) સૌ(રાષ્ટ્ર) દેશે શ્રી જીર્ણદુર્ગે શ્રી (?) વંશે રાણાશ્રી મેલગદેવ સુત (રા) ઉલ માંહપાલ (દેવ સુત રાઉલ) શ્રી માંડલિક પ્રભુણાય...' એ ઉપરથી પણ સ્પષ્ટ થાય છે કે ઈ. સ. ૧૪૫૧માં આ નગરનું રાજ્યસ્વીકૃત નામ જીર્ણદુર્ગ હતું.

ઈ. સ. ૧૪૭૨ એટલે વિ. સ. ૧૫૨૮ના પોષ વદી ૧૩ બુધવારે સંપૂર્ણ કરેલી વાક્સંહિતાના અંતિમ અધ્યાયમાં ઉક્ત પુસ્તકની પ્રતિકૃતિ જીર્ણદુર્ગમાં થઈ હોવાનું જણાવ્યું છે.[3]

આવા અનેક પ્રમાણોથી નિઃશંક સિદ્ધ થાય છે કે પંદરમી સદીમાં આ નગરનું નામ જીર્ણદુર્ગ હતું.

## જીર્ણગઢ

જીર્ણદુર્ગમાંથી જીર્ણગઢ તે પછી થઈ ગયું હોવાનું જણાય છે. સામાન્ય લોકભાષામાં તે જૂનાગઢ, જૂનોગઢ કે જૂનેગઢ કહેવાતું પણ પત્રવ્યવહારમાં તેનો ઈ. સ. ૧૯૦૦ સુધી જીરણગઢ તરીકે ઉલ્લેખ થયેલો સરકારી અને ખાનગી દફતરોમાંથી જોવા મળે છે.

1 જૈન યુગ, ૧૯૮૨, વૈશાખ અંક.

2 અનપબ્લિશ્ડ ઈન્સ્ક્રિ., આર્કિ. સોસાયટી-જૂનાગઢ જનરલ, નવેમ્બર, ૧૯૪૭, પ્રો. પુરોહિત

3 લેખમાં નામનો-ત્રિમાસિક, ચૈત્ર ૧૯૬૪, શ્રી વલ્લભજી હરિદત્ત આચાર્ય

## જીર્ણપ્રાકાર

ઈ. સ. ૧૪૧૩ના રાજપાતાકના પાવળિયામાં રાહ મેલગદેવ માટે લખ્યું છે કે એ "અઢાર રાજપુતો સાથે વંથળી છોડી જીર્ણ પ્રાકાર પહોંચી ગયો." આ 'જીર્ણપ્રાકાર' નામ એક જ સ્થળે વપરાયું છે. આ નામ જીર્ણદુર્ગ માટે જ વપરાયું હોવાનું જણાય છે. સંભવ છે કે કદાચ જીર્ણદુર્ગ અંતર્ગત આવેલો ઉપરકોટ એ નામથી ઓળખાતો હોય !

## ઉગ્રસેનગઢ

ઉગ્રસેનગઢ તે જૂનાગઢનું જ નામ હતું તેની માન્યતા જૈન ગ્રંથોના આધારે ઘણા વિદ્વાનોની છે. શ્રીકૃષ્ણના સમયના યાદવ ઉગ્રસેન સાથે જીર્ણદુર્ગને ભેળવી દેવાનું સાહસ પણ કેટલાક લેખકોએ કર્યું છે પણ જ્યાં યાદવો અહીં હતા જ નહિ તેમજ તે સમયમાં 'ગઢ' ન હતો ત્યાં તે સિદ્ધાંત સ્વીકાર્ય બનતો નથી. રાહ કવાટના સૈન્યોનો અધિપતિ ઉગ્રસેન વા ઉગ્રાવાળો હતો અને તેણે ઉપરકોટનું યુદ્ધને માટે નિર્માણ કર્યું હોય અને તેથી ઉપરકોટને ઉગ્રસેનગઢ કહ્યો હોય તો અસંભવ નથી પરંતુ એ સ્પષ્ટ છે કે જૈન સાહિત્યમાં આ નામનો ઉપયોગ થયો છે તે સિવાય કોઈ આધાર નથી વિવિધ તીર્થકલ્પમાં 'તજ્જલપુરસ્સ પૂર્વે દિશાએ ઉગ્ગસેણગઢ નામ દુગ્ગં–' હોવાનો ઉલ્લેખ છે અને તેજલપુર તે ગિરનારની તળેટીમાં હતું તેથી તેજલપુરની પૂર્વે જૂનાગઢ હતું તેમ માની જૂનાગઢનું નામ ઉગ્રસેનગઢ હતું તેમ પ્રતિપાદિત કરવાનું સાહસ કરવામાં આવ્યું છે. તેજલપુર આજના મજેવડી ગામ પાસે હતું અને ત્યાં આજે પણ તાજપુર કે તેજપુરનો ટીંબો કહેવાય છે. તેની પૂર્વે કોઈ નગર ઉગ્રસેનગઢ નામનું ત્યારે હોય. દીવાન રણછોડજી તારીખે સોરઠમાં ઉપરકોટનું નામ ઉગ્રસેનગઢ હતું તેમ કહે છે. ઉગ્રસેનગઢ નામ કદી પણ જૂનાગઢ નગરનું હોવાનું જણાતું નથી.

## ખેંગારગઢ

એ જ રીતે ખેંગારના સમયમાં કદાચ જૂનાગઢ ખેંગારગઢ કહેવાયું હોય અથવા વિવિધ તીર્થકલ્પમાં અને અન્ય ગ્રંથોમાં તેને ખેંગારનું નગર કહ્યું હોય તો બનવાજોગ છે. બાકી આ નગરનું લોકમાન્ય કે રાજ્યસ્વીકૃત નામ ખેંગારગઢ હોવાનું અન્ય પ્રમાણોથી જણાયું નથી.

## મુસ્તફાબાદ

મહમદ બેગડાએ જૂનાગઢ જીતી તેનું નામ મુસ્તફાબાદ કરી નાખ્યું પણ

પ્રો. કોમીસેરિયટ તેના હિસ્ટ્રી ઓફ ગુજરાતમાં કહે છે તેમ 'તે નામ આપનારના મૃત્યુ પછી મુસ્તફાબાદનું અસ્તિત્વ રહ્યું હોવાનું જણાતું નથી. એક જુલ્મી શાસકની તરંગી ઈચ્છાથી ઘણી સદીઓથી પરિચિત થયેલું નામ ભૂંસી શકાયું નહિ અને જૂનાગઢ નામ તેના આતે પ્રખ્યાત વિજેતાના વંશના અને તેના રાજના અંત પછી પણ જીવતું રહ્યું છે."

ઈ. સ ૧૮ ભમાં બ્રિટિશ સાર્વભૌમત્વ સ્થપાયું ત્યારે જૂનાગઢ નામ રાજ્યસ્વીકૃત નામ થઈ ગયું.

## ગિરનાર (નગર)

વિ. સ. ૧૨૩૨ ઈ. સ. ૧૧૭૬ લગભગ શ્રી વિજયસેનસૂરીએ રચેલા રેવંતગિરિ રાસુમાં, વિ. સં. ૧૩૫૩ ઈ. સ. ૧૨૯૭ લગભગ શ્રી વિનયચંદ્રસૂરીએ લખેલી નેમીનાથ ચતુષ્પાદિકામાં, વિ. સં. ૧૩૬૧ ઈ. સ. ૧૩૦૫ માં શ્રી મેરુતંગસૂરીએ રચેલા પ્રબંધચિંતામણિમાં, વિ. સં. ૧૨૫૦ ઈ. સ. ૧૧૯૪ વિ. સં. ૧૩૦૦ ઈ. સ. ૧૨૫૪ વચમાં કવિ સોમેશ્વરરચિત કીર્તિ કૌમુદીમાં અને અન્ય ગ્રંથોમાં ગિરનારનાં વર્ણનો છે પણ તેમાં જીર્ણદુર્ગ, જીર્ણગઢ કે ગિરિનગરનો કોઈ ઉલ્લેખ નથી. આ સમયના લેખકોએ ગિરનાર તરીકે જ નગરનો પણ ઉલ્લેખ કર્યો છે. તેનું શું કારણ હશે તે અનુમાનનો અથવા સંશોધનનો વિષય છે કે એમ માની શકાય કે મૂળરાજ સોલંકીથી માંડીને કરણ વાઘેલા સુધીના ગુજરાતના રાજાઓની જૂનાગઢ ઉપર આંખ હતી. તેમણે વારંવાર આક્રમણો કરેલાં અને રાજાઓની અને પ્રજાની પાયમાલી કરેલી. તેના આશ્રિત કવિઓએ અને લેખકોએ જૂનાગઢ જાણે હસ્તી જ ધરાવતું ન હતું તેમ માની તેનો જરા જેટલો પણ ઉલ્લેખ કરવાનું ઉચિત ધાર્યું નથી. ગિરનાર ઉપર તો પવિત્ર મંદિરો હતાં એટલે તેની યાત્રા કર્યા સિવાય કે તેનાં વર્ણનો કર્યા સિવાય ચાલે નહિ તેથી ગિરનારને મહત્ત્વ આપવામાં આવ્યું. એમ પણ માની શકાય કે ચુડાસમા રાજાઓના જીર્ણદુર્ગને કોઈપણ પ્રકારની પ્રસિદ્ધિ કે અગત્ય ન મળે તે માટે પણ તેમણે તેનો ઉલ્લેખ ન કર્યો હોય ! અને તેથી તેમણે જ્યાં જ્યાં ગિરનાર લખ્યું છે ત્યાં તે શબ્દ નગર માટે વાપર્યો છે તેમ સમજવું જોઈએ.

ગુજરાતના પાટનગરમાં જીર્ણદુર્ગ ગિરનાર તરીકે ઓળખાયું અને ઈ સ. ૧૩૦૦માં ગુજરાતમાં મુસ્લિમસત્તા સ્થપાઈ ત્યારે તેઓએ પણ જૂનાગઢને ગિરનાલ–ગિરનાર કે કિરનાલનો કિલ્લો કહ્યો. ઈ. સ. ૧૪૧૩ના માંગરોળના શિલાલેખમાં અને ઈ. સ. ૧૪૭૨ના જૂનાગઢની બોરવાડની મસ્જિદના શિલા-

લેખમાં ગિરનાલ અને ગિરનાર શબ્દો અનુક્રમે વાપર્યા છે. મિરાતે સિકંદરીના લેખક સિકંદર મંજુ, ગુલશને ઈબ્રાહિમીના લેખક ફરિસ્તા અને તારીખે ફિરોજશાહીના લેખક ઝિયાઉદ્દીન બારની વગેરે મુસ્લિમલેખકો જૂનાગઢ માટે કિલ્લાએ કિરનાલ, ગિરનાલ કે ગિરનાર શબ્દો વાપરે છે. એ ઉપરથી એમ માની શકાય કે હિન્દુ રાજાઓ પાસેથી તંત્ર સંભાળનારા મુસ્લિમ શાસકોએ તેમને પગલે ચાલી જૂનાગઢને ગિરનારનો કિલ્લો કહ્યો. પાછળના સમયમાં લેખકો તેનું જૂનાગઢ નામ આપે છે. ઇ. સ. ૧૫૧૪નો જૂનાગઢના બોરવાડ મસ્જિદનો લેખ તેની સ્પષ્ટતા કરતાં કહે છે કે, 'આ મકાન ગિરનારના કિલ્લામાં કે જેનું નામ મુસ્તફાબાદ રાખ્યું છે તેમાં બાંધ્યું છે.' સારાંશ ગિરનારનો કિલ્લો તે જ જૂનાગઢ.

## જૂનાગઢ

એવી સામાન્ય માન્યતા પ્રવર્તે છે કે મુસ્લિમોએ 'જીર્ણદુર્ગ' કે જીર્ણગઢમાંથી જૂનાગઢ નામ કરી નાખ્યું કેટલાક વિદ્વાનો એમ પણ માને છે કે તેનું સ્થાનિક અને લોકમાન્ય નામ જૂનાગઢ હતું પરંતુ વિદ્વાનોએ તેનું સંસ્કૃતકરણ કરી જીર્ણગઢ નામ પુસ્તકો અને અભિલેખોમાં લખ્યું. ઇતિહાસ અને સાહિત્યમાં કરેલા ઉલ્લેખો તપાસતાં એમ સ્પષ્ટ થાય છે કે જ્યારે આ નગર જીર્ણદુર્ગ તરીકે ઓળખાતું ત્યારે અને તે સમયે તેનું નામ જૂનાગઢ પણ હતું. ઈ. સ. ૧૩૭૪માં "તીર્થમાળા સ્તવન" નામની તેની રચનામાં જૈન વિદ્વાન વિનયપ્રભ લખે છે કે "વીરહુ એ વઉિણથલીયંમિ જૂનઇગઢી સિરિપાસ પહુ–ચહિયઉ એ મિરિ–ગિરનારિ દીઠઉ નયણિહિં નેમિજણુ' વગેરે. તેમાં ગિરવર ગિરનારની સમીપે જૂનાગઢ અર્થાત્ જૂનાગઢ છે તેમ કહે છે[1] એ જ પ્રમાણે, એ જ અરસામાં લખાયેલા "ચૈત્ય પરિપાટી સ્તવન"ના લેખક શ્રી જિનતિલકસૂરી લખે છે કે 'જૂનઇગઢ પાસ ને જલવિહાર નવપલ્લવ મંગલપુરી મઝાર'[2] આ પ્રમાણો સામે શંકા કરવા કોઈ કારણ નથી અને તેનાથી એ સ્પષ્ટપણે પ્રતીત થાય છે કે ચૌદમી સદીમાં આ નગર જૂનાગઢ તરીકે પણ જાણીતું હતું.

આટલાં સ્પષ્ટ પ્રમાણો છતાં કેટલાક વિદ્વાનોએ એવાં નિરાધાર અનુમાનો કર્યાં છે કે જૂનાગઢ નામ સુલતાન મહમદ તઘલગનાં મૂળ નામ 'જૂના'

---

1 શ્રી જૈન સત્યપ્રકાશ, અમદાવાદ, તા. ૧૫-૧૦-૧૯૫૧. આ પુસ્તક તો વહેલું લખાયું હશે પણ ઉપલબ્ધ પ્રત વિ. સં. ૧૪૩૦માં લખાઇ છે જેના ઉપર શ્રી ભંવરલાલજી નાહટાએ ટીપ્પણ કર્યું છે.

2 જૈન તીર્થોનો ઈતિહાસ, શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાળા, ૧૯૪૯, સંપાદક શ્રી ન્યાયવિજયજી મહારાજ.

ઉપરથી આવ્યું છે,[1] અને જીર્ણદુર્ગ તેનું સંસ્કૃતકરણ છે. આ વિધાન પરત્વે વિચાર કરતાં મહમદ તઘલગનું મૂળ નામ જૂનો નહિ પણ "જાફ્રેનો" હતું અને તે ઈ. સ. ૧૩૨૫માં દિલ્હીથી ગાદીએ બેઠો. આ ક્રૂર, તરંગી અને કડક સ્વભાવના સુલતાને તેની ત્રાસદાયક વર્તણૂકથી તેના અમીરોનો વિરોધ વિહોરી લીધો અને રાજ્યમાં ઠેર ઠેર બળવા થયા. ગુજરાતમાં પણ બળવો થયો, જે શમાવવા મહમદ ઈ. સ. ૧૩૪૫માં ગુજરાત સૌરાષ્ટ્રમાં આવ્યો. તેને જૂનાગઢના રાહ ખેંગાર ચોથાએ બળવાખોર સરદાર તાઘીને આશ્રય આપ્યો છે તે ખબર મળતાં તે જૂનાગઢ ઉપર ચડાઈ લઈ આવ્યો.

સુલતાનની સાથે આવેલા તેના ઈતિહાસકાર ઝિયાઉદ્દીન બારનીએ, સુલતાનની ગુજરાતની જુદા જુદા સ્થળે નાખેલી છાવણીઓનું ઝીણવટભર્યું વર્ણન કર્યું છે. તેમાં તે લખે છે કે મહમદ દેવલગિરિથી ભરૂચ આવ્યો ત્યાં તેને માહિતી મળી કે બળવાખોર તાઘી પાટડી અને માંડલ થઈ સૌરાષ્ટ્રમાં ઊતરી ગયો છે. મહમદ તેની પાછળ ચડ્યો. તાઘી 'કિરનાલ (પાસે) ખેંકાર (ખેંગાર)ના કિલ્લામાં' ભરાયો છે તેવી માહિતી મળતાં તેણે 'કિરનાલનો કિલ્લો' ઘેર્યો, તેનું પતન થયા પછી તે 'કોંડલ' (ગોંડલ)[2] ગયો અને ત્યાંથી ઠઠ્ઠા ગયો, જ્યાં ગુજરી ગયો. આ વર્ણનમાં અનેક સ્થાનોનાં અને વ્યક્તિઓનાં નામો આપ્યાં છે, ક્યાં ક્યાં તેણે શું શું કર્યું તે પણ જણાવ્યું છે પણ કોઈ સ્થળે તેણે પોતાના નામ ઉપરથી જૂનાગઢ વસાવ્યું હોય કે તે નગરને જૂનાગઢ નામ આપ્યું હોય તેમ દર્શાવ્યું નથી. તઘલગ વંશના બીજા ઈતિહાસકાર શમ્સ અફીફી તેની તારીખે ફિરોઝશાહીમાં તથા સુલ્તાન ફિરોઝે લખેલા ફુરહુતુલ ફિરોઝશાહમાં પણ આ પ્રસંગનો કોઈ નિર્દેશ નથી. જ્યારે મહમદ તઘલગને સુલતાન થવાનું સ્વપ્ન પણ આવેલું નહીં ત્યારે તેનું નામ જાફ્રેનો હતું અને જે નામ તેણે ગાદીએ આવી, તેના દરજ્જાને યોગ્ય ન હોવાથી તજી દીધેલું તે નામે તે શા માટે નગર વસાવે ? વસાવે તો મહમદાબાદ કે તઘલગાબાદ કહે, તેને જૂનાગઢ જ શા માટે કહે ? માત્ર જૂનો તથા જૂનાગઢને સામ્ય હોવાથી કોઈ વિદ્વાને આ નવીન શોધ છે તેમ કરી વહેતી

---

1 ગુજરાતનો ઈતિહાસ, મૌ. અ. ઝફર નદવી, ભાષાંતર શ્રી છોટુભાઇ નાયક.

2 ફારસી ભાષામાં ક અને ગ વચ્ચે માત્ર એક માત્રાનો ફેર છે. હસ્તપ્રતના વાંચનમાં આ માત્રા રહી ગઈ હોય તો ગિરનાલનું કિરનાલ અને ગોંડલનું કોંડલ વંચાય-સામાન્ય રીતે ગાફનો કાફ લખવાનો રિવાજ છે.

મૂકેલી કલ્પના સિવાય તેને કોઈ આધાર નથી. જો મહમદ તઘલગે જૂનાગઢ વસાવ્યું હોય તો તેના અનુગામીઓ તેનો એક અથવા બીજે સ્થળે જરૂર ઉપયોગ કરત પણ તઘલગો કે તે પછીના સુલતાનોના સમયમાં કોઈ સ્થળે જૂનોગઢ શબ્દ વપરાયો નથી. ઊલટાનું મિરાતે સિકંદરી, આગળ જોયું તેમ જૂનાગઢ નામ પાડવાનું સ્પષ્ટ કારણ આપે છે, તેમાં પણ કહેવામાં આવ્યું નથી કે 'જૂનો' ઉપરથી જૂનોગઢ થયું. આ અનુમાનથી વિશેષ વિપરીત વિધાન તો એ છે કે, જીર્ણદુર્ગ નામ જૂનોગઢ ઉપરથી થયું. જ્યાં, ઐતિહાસિક ગ્રંથો, શિલાલેખો અને અન્ય પ્રમાણભૂત આધારો ઉપલબ્ધ છે ત્યાં આ અનુમાન સર્વથા અસ્વીકૃત બને છે અને તેના ઉપર વિશેષ ચર્ચા અનાવશ્યક છે.

### યવનગઢ

આ તર્કથી વિશેષ હાસ્યાસ્પદ તર્ક પ્રો. લાસને તેના પુસ્તક ઈન્ડેસ આલ્તેહ તામસ કુન્દે (Indesche Alterthumaskunai)માં કર્યો છે. તે કહે છે કે આ નગરનું નામ ગ્રીક–યવન ઉપરથી યવનગઢ થયું અને તેના ઉપરથી જોનગઢ થઈ જૂનોગઢ થયું. એક વિદ્વાન[1] કહે છે કે યોન શબ્દ ઉપરથી યોનાગઢ થયું. યોન ગ્રીકોની એક જાતિ હતી. પ્રો. લાસનના તર્કને જેમ્સ બરજેસ વગેરે વિદ્વાનોએ સ્વીકાર્યો નથી. યોના જાતિ માટે જૂનાગઢના પર્વતીય લેખમાં યોણ શબ્દ વાપર્યો છે અને પંડિત ઉમેશચંદ્ર વિદ્યારત્ન તેના ગ્રંથ માનવેર આદિ જન્મભૂમિમાં સિદ્ધ કરે છે કે તે યોણમાંથી જ્યુ–યહૂદી થયા. જો ગ્રીકો–યવન કહેવાતા કે તુશાસ્ફ યવન હતો તેથી યવનગઢ નામ અપાયું તો પછી આપણે શા માટે ન માનીએ કે કાળ યવન ઉપરથી આ નગર યવનગઢ કહેવાયું ન હોય ? પણ આ તર્ક કેવળ નિરાધાર છે. પ્રો. લાસન, સર ડબલ્યુ ટાર્ન, મિ. વુડકોક વગેરેના આધારે પ્રો. પુષ્કરભાઈ ચંદરવાકર આ પ્રશ્ન પરત્વે વિચારણા કરે છે પરંતુ જેમ જૂનોગઢ માટે કોઈ આધાર નથી તેમ યવનગઢ માટે કોઈ આધાર નથી. જો પર્વતીય લેખમાં યવન તુશાસ્ફનો ઉલ્લેખ કર્યો તો નગરને ગિરિનગર શા માટે કહ્યું ?

### જૂનોગઢ

ત્રીજા એક લેખક મહાશય[2] તો એવો તર્ક કરે છે કે રોમન દેવતા

---

1 વાક્, માર્ચ, ૧૯૬૯, શ્રી પુષ્કરભાઈ ચંદરવાકર.

2 પથિક, જૂન, ૧૯૬૯ 'જાણવા જેવું', શ્રી વિદુર.

જ્યુપીટર[illegible]નું નામ જૂનો હતું તેથી આ નગર જૂનોગઢ કહેવાયું। રોમનોને આ દેશ સાથે કાંઈ સંબંધ ન હતો અને આ તર્ક કેવળ નિરાધાર છે તેથી તે માટે પણ કોઈ ચર્ચા આવશ્યક નથી.

ભારતમાં અનેક નગરો કે નદીઓનાં વિભિન્ન નામો છે તેમ જૂનાગઢનાં પણ ગિરિનગર, નગર, જીર્ણદુર્ગ, જીર્ણપ્રાકાર, જૂનોગઢ, જૂનાગઢ, જૂનાણું પ્રચલિત થયાં અને મૂળ ગિરિનગર વસતું ત્યાં જ વધતાઘટતા વિસ્તારમાં આજ પણ તે વસી રહ્યું છે.

## જૂનાગઢનો કિલ્લો

કેટલાક ઈતિહાસકારો એવી માન્યતા ધરાવે છે કે રાહ માંડલિકના પતન પછી સુલતાન મહમૂદ બેગડાએ ઉપરકોટની પાસે જૂનાગઢ વસાવ્યું અને તેની ફરતો કોટ બાંધ્યો જે આજનું જૂનાગઢ. ગુજરાતનો ફારસી ઈતિહાસ 'મિરાતે સિકંદરી' સ્પષ્ટ કહે છે કે 'આ ફતેહ થયા પછી સુલતાને ગુજરાતના શહેરો અને ગામોમાંથી મોટા મોટા સૈયદો, ઉલ્માઓ અને કાઝીઓને બોલાવી તેમને જૂનાગઢ તથા પાસેના કસબાઓમાં વસાવ્યા. સુલતાન પોતે પણ ત્યાં રહ્યો અને જૂનાગઢની આબાદી માટે પ્રયાસ કરવા લાગ્યો. તેણે 'જહાંપનાહ' કિલ્લાની દીવાલોની મરામત કરવા માંડી અને ત્યાં મોટા મોટા મહેલો બંધાવ્યા અને દરેક અમીરને હુકમ કર્યો કે પોતાનો માટે મોટાં મોટાં આલીશાન મકાનો બાંધે. થોડા સમયમાં અમદાવાદના જેટાનું બીજું એક શહેર ત્યાં વસી ગયું. તેનું નામ મુસ્તફાબાદ પાડવામાં આવ્યું.'

મિરાતે સિકંદરી, રાહ માંડલિકે મહમૂદ સામે કરેલા યુદ્ધના વર્ણનમાં લખે છે કે "સુલતાને મોરચાનો બંદોબસ્ત કરી જુદા જુદા મોરચા ઉપર એક-એક અમીરની નિમણૂક કરી, જૂનાગઢના કિલ્લાને ઘેરો ઘાલ્યો." આગળ ચાલતાં તે કહે છે કે "જૂનાગઢમાં રહેવા કરતાં ગિરનારના મજબૂત કિલ્લામાં જવું વધારે સલાહભરેલું છે." એવી સલાહ રાહના મંત્રી તનહલે આપતાં કિલ્લાના લોકોએ આ સલાહ માન્ય રાખી, વકીલો મોકલી સુલતાનને અરજ કરી કે "સુલતાન અમારા જાનનું રક્ષણ કરશે અને અમારા કુટુંબને જો તે કાંઈ ઈજા નહિ કરશે તો અમે કિલ્લામાંથી અમારા કુટુંબ પરિવાર તથા માલસત્તા લઈ કિલ્લો ખાલી સુલતાનના કદમોમાં સોંપશું. સુલતાને આ વાત કબૂલ રાખી પણ જ્યારે લોકો કિલ્લો ખાલી કરી ગયા ત્યારે લશ્કરને તેની ઉપર તૂટી પડી કતલ કરવા તથા લૂંટી લેવા હુકમ કર્યો–" મિરાતે સિકંદરી આ વર્ણનમાં જૂનાગઢ અને ગિરનારના

બે જુદા કિલ્લાઓનો નિર્દેશ કરે છે તથા ગિરનારનો કિલ્લો ઉપર હતો તેમ સ્પષ્ટ કહે છે. એટલે નીચેનો કિલ્લો તે જૂનાગઢનો કિલ્લો અને ઉપરકોટ પણ તે કિલ્લામાં હતો તે કિલ્લો.

વિશેષમાં રાહ માંડલિકનાં પતન પહેલાં લખાયેલા માંડલિક કાવ્યમાં જીર્ણદુર્ગ નગરનું સુરેખ અને વિસ્તૃત વર્ણન છે તે ઉપરથી ફલિત થાય છે કે ઉપરકોટની નીચે નગર વસતું હતું તથા તેમાં પચરંગી પ્રજા વસતી હતી, ત્યાં બજારો, દુકાનો અને મકાનો પણ હતાં. આ નગરનાં દ્વારોનાં નામો પણ હતાં જે આજ સુધી જેમનાં તેમ છે. મહમૂદે નવો કોટ બાંધ્યો હોત તો તેનાં દ્વારોનાં મુસ્લિમ પદ્ધતિએ નવાં નામો તેણે આપ્યાં જ હોત !

તેણે અમીરોને જૂનાગઢમાં મકાનો બાંધવા આજ્ઞા કરી તેથી નગરનો વિસ્તાર વધારવાનું આવશ્યક બન્યું હશે અને તેથી આજનો ધારાગઢ દરવાજા પાસેનો ભાગ અને કદાચ ઉપરકોટની દક્ષિણ તરફનો ભાગ તેણે નગરના કિલ્લામાં લઈ લીધો હશે. આજે પણ મુસ્લિમ લત્તાઓ આ વધારેલા વિસ્તારમાં છે. મહમૂદ બેગડાએ જૂનાગઢ જીત્યા પછી તેનો વિસ્તાર વધાર્યો પરંતુ તેણે નવો કિલ્લો બાંધ્યો તેમ કહેવું સાચું નથી.

દીવાન રણછોડજી, તેના ગ્રંથ, તારીખે સોરઠમાં કહે છે કે "ઈ. સ. ૧૬૩૩માં બાદશાહના સૂબેદાર ઈસાખાને શહેર ફરતો કિલ્લો બાંધ્યો તેમાં ૧૧૪ બુરજો અને ૯ દરવાજાઓ હતા જેમાંના ૫ દરવાજાઓ બંધ રહેતા અને ૪ ખુલ્લા રહેતા, તે પછી ઈ. સ. ૧૬૬૧માં મિરઝા ઈસાખારખાને આ કિલ્લો નવેસરથી બંધાવ્યો."

ઈ. સ. ૧૬૩૩માં શાહી ફોજદાર ઈસારતખાન હતો પણ ઈ. સ. ૧૬૬૧માં તે પદ ઉપર કુતુબુદ્દીન બેશગી હતો એટલે નામમાં કંઈક ભૂલ થયેલી જણાય છે પરંતુ એ સ્વીકારવું જ રહ્યું કે, મુગલ સામ્રાજ્યમાં કિલ્લાનું સમારકામ થતું રહેતું હશે અને વિસ્તાર પણ વધતો રહ્યો હશે પણ જૂનાગઢનો કિલ્લો પ્રથમ મહમૂદ બેગડાએ જ બાંધ્યો તેવો ઉલ્લેખ આ વિદ્વાન ઈતિહાસકાર કરતા નથી અને તે વિધાનને કોઈ સમર્થન મળતું નથી તેથી આ કિલ્લો મહમૂદે બાંધ્યો તેમ માની શકાય નહિ.

ઈ. સ. ૧૮૮૦માં નવાબ મહાબતખાનજી બીજાના સમયમાં, શહેરની વધતી જતી વસતીને સમાવવા શહેરનો વિસ્તાર વધારવા માટે પશ્ચિમ તથા ઉત્તર તરફની દીવાલો પાડી નાખી, બહારનો ભાગ અંદર લઈ લેવામાં આવ્યો અને વર્તમાન ગાંધીરોડને સ્થળે કિલ્લો હતો તે દીવાલ તળાવ તરફ ખસેડી લેતાં શિતળાકુંડ–ડાયમંડ ટોકીઝથી વંથળી દરવાજા સુધીનો ભાગ પશ્ચિમ

તરફ અને વર્તમાન કડીયાવાડ–જવાહર રોડની દક્ષિણથી દાતાર રોડ સુધીનો ભાગ કિલ્લામાં આવી ગયો.

ઈ. સ. ૧૮૮૪માં પ્રસિદ્ધ થયેલા ગુજરાત રાજસ્થાન નામના પુસ્તકમાં તેના લેખક શ્રી કાળિદાસ દેવશંકર પંડ્યા લખે છે કે શહેરમાં બે કિલ્લાઓ છે. જૂના કિલ્લામાં વિશેષ વસતી છે. નવા કિલ્લાનો ભાગ બહુ વસતીવાળુ નથી તથા જૂના શહેરનો ભાગ ઉજ્જડ છે. ઇ. સ. ૧૮૭૭માં 'કલકત્તા રિવ્યૂમાં' પ્રસિદ્ધ થયેલા સી. એમ. નામના અંગ્રેજ લેખકના લેખ સૌરાષ્ટ્ર એન્ડ ધી હિલ ઓફ સોરઠમાં જણાવ્યું છે કે "જૂનો કિલ્લો પ્રથમ ગિરિનગર કહેવાતો તેમાં બારાશહીદની કબરો છે."

એ બંને વિધાનો ઉપરથી એમ સ્પષ્ટ થાય છે કે, ધારાગઢ દરવાજાવાળા લત્તા પાસે ઈ. સ. ૧૮૮૪ સુધી જૂના કિલ્લાની દીવાલો હતી અને તેની ઉત્તરે જે ભાગ હતો ત્યાં જૂના શહેરનો ભાગ હશે અને તેની અને નવા કિલ્લાની વચ્ચે એક બીજો કિલ્લો હશે. આ દીવાલ પણ ઈ. સ. ૧૮૮૪ પછી પાડી નાખવામાં આવી હશે. તેના અવશેષો અને સ્થાન હજી દષ્ટિગોચર થાય છે.

કાળવા દરવાજો થોડા વર્ષો પૂર્વે નગર વિસ્તારની દષ્ટિએ પાડી નાખવામાં આવ્યો ત્યારે તેની નીચેથી વિશાળ ભૂગર્ભ માર્ગ નીકળેલો તે ઢાંકી દેવામાં આવ્યો છે. આ દરવાજાનાં દ્વારો, રાઙ નવઘણ રજો પાટણથી લઈ આવ્યો હોવાની લોકવાર્તા કહેવાય છે.

## ૨

# પ્રાચીન ઇતિહાસ

## પ્રાચીન

મૌર્ય કાલ પૂર્વેનો જૂનાગઢનો ઈતિહાસ અંધારની ઘેરી જવનિકા પાછળ છુપાયેલો પડ્યો છે. વિષ્ણુપુરાણ અને હરિવંશમાં તેના અસ્પષ્ટ ઉલ્લેખો થયા છે. તેનો સારાંશ એ છે કે શર્યાતિના પુત્ર રેવના પુત્ર રૈવતની રાજધાની કુશસ્થળી હતી. એકવાર તે તેની પુત્રી રેવતીને સાથે લઈને, બ્રહ્મા પાસે, રેવતીનાં લગ્ન કોની સાથે કરવાં તેની સલાહ લેવા બ્રહ્મલોકમાં ગયો. ત્યાં હુહુ અને હાહા નામના ગાંધર્વો અતિતાન નામનું ગાન કરતા હતા તે સાંભળવા રોકાઇ ગયો. ગાન સમાપ્ત થતાં તેણે રેવતીનાં લગ્ન કોની સાથે કરવાં તે સલાહ માગી, ત્યારે બ્રહ્માએ કહ્યું કે 'મૃત્યુલોકમાં તું આવ્યો ત્યારથી અત્યાર સુધીમાં ચાર ચોકડી યુગ વીતી ગયો છે અને ત્યાં મનુષ્યોની અનેક પેઢીઓ થઈ ગઈ છે. કુશસ્થળીનો પુણ્યજનોએ નાશ કર્યો છે અને ત્યાં યાદવો વસ્યા છે. તેમાં શ્રીકૃષ્ણ છે, તેના ભાઈ બલરામ સાથે તારી પુત્રીનાં લગ્ન કર.' રૈવત કુશસ્થળીમાં પાછો આવ્યો. ત્યાં યાદવો રાજ કરતા હતા. તેણે બલરામને પોતાની પુત્રી પરણાવી પણ રેવતી ઊંચી હતી અને બલરામ નીચા હતા તેથી બલરામે તેના ગળામાં હલ નાંખી તેને ખેંચતાં તે નીચી થઈ ગઈ. રૈવત તે પછી રેવતીનાં લગ્ન કરી એક પર્વતમાં રહેવા ચાલ્યો ગયો અને તે પર્વત રેવતાચલ કે રેવત કહેવાયો. આ વાર્તા સ્વરૂપનું વિધાન ઈતિહાસ તરીકે સ્વીકાર્ય થઈ શકે નહીં.*

---

* આ માહાત્મ્યની ચર્ચા ગિરનાર પ્રકરણમાં કરવામાં આવી છે.

સ્કંદપુરાણના પ્રભાસખંડમાં રૈવતાચળ પાસેના વસ્ત્રાપથ ક્ષેત્રનું વર્ણન છે તેમાં પણ દૈવી ચમત્કારોથી ભરપૂર વાર્તાઓ જ આપી છે અને તેથી તેમાંથી પણ કાંઈ ઐતિહાસિક માહિતી મળતી નથી.

શ્રીકૃષ્ણ જ્યારે સુરાષ્ટ્રમાં આવ્યા ત્યારે રાજા મુચુકુંદ શાપિત થઈ ભરઊંઘમાં સૂતેલો. તેના ઉપર પોતાની પામરી શ્રીકૃષ્ણે ઓઢાડી દીધી. શ્રીકૃષ્ણની પાછળ પડેલા કાલયવને તેને શ્રીકૃષ્ણ માની છંછેડયો ત્યારે જાગૃત થતાં તેની દૃષ્ટિ કાલયવન ઉપર પડતાં તે ભસ્મીભૂત થયો એવી પણ પુરાણની એક કથા છે.

એમ છતાં પુરાણોની વાર્તાઓમાંથી એ સારાંશ નીકળે છે કે યાદવો પ્રભાસ સમીપે શ્રીકૃષ્ણે સ્થાપેલા દ્વારકામાં વસવા આવ્યા ત્યારે આ ભૂમિમાં આવેલા અને સંભવત રહેલા પણ. દ્વારકા તો દ્વાર સમું નગર હતું. તેની પૃષ્ઠભૂમિ ગિરનાર સુધી વિસ્તરી હતી અને તે સમગ્ર ભૂમિમાં યાદવો વસતા. દ્વારકા સમીપે રૈવત પર્વત હતો અને તેથી દ્વારકા જૂનાગઢ છે, ત્યાં વસતું એવી ભ્રમમૂલક કલ્પના કેટલાક વિદ્વાનોએ કરી છે પરંતુ એમ વિચારવામાં આવતું નથી કે છપ્પન કોટી યાદવો એક નગરમાં જ રહેતા હોવાનું સંભવી શકે નહિ. રૈવત પર્વતથી શરૂ થતી ગિરિમાળા સમુદ્ર પર્યંત વિસ્તરેલી અને વર્તમાન સોરઠ પ્રદેશમાં યાદવો વસી ગયેલા. તેની પશ્ચિમે શ્રીકૃષ્ણનો પ્રિય અને ખાસ પ્રદેશ "નાગર ભૂમિ" હતો જે આજે નાઘેર કહેવાય છે અને પ્રભાસથી પૂર્વમાં ચોવીસ માઈલ ઉપર શ્રીકૃષ્ણનું સમૃદ્ધ અને વિશાળ નગર હતું જે સમુદ્ર માર્ગે થતા વ્યાપારનું કેન્દ્ર હતું અને ત્યાંના નિવાસીઓ સમુદ્ર વ્યાપારથી અઢળક ધન ઉપાર્જિત કરતા તેથી લક્ષ્મી સમુદ્રમાંથી મળી છે અને તેનાથી તે નગર સુવર્ણનું નગર છે એમ કહેવાતું અને પૃષ્ઠ પ્રદેશનું તે દ્વાર હતું તેથી દ્વારકા કહેવાતું અને તેથી વર્તમાન જૂનાગઢ છે ત્યાં કે તેની સમીપે દ્વારકા વસતું તે વિધાન બરાબર નથી.[1]

દ્વારકાનાં વર્ણનોમાં રૈવતગિરિનો ઉલ્લેખ છે તે ગિરિ આજ રૈવત કે બીજો તે પ્રશ્ન પણ ચર્ચાસ્પદ છે. દ્વારકા સમીપે જે પર્વત હતો તેને રૈવત નામ અપાયું હોય અથવા તે આજ રૈવત હોય અથવા એક જ નામના બે પર્વતો હોય અથવા ગિરનારથી સમુદ્ર પર્યંત જતી ગિરની ગિરિમાલા તે નામથી એક કાળે જાણીતી હોય.[2]

---

1 વિસ્તૃત ચર્ચા માટે જુઓ 'શ્રીકૃષ્ણનું દ્વારકા', શં. હ. દેશાઈ.

2 એજન.

## મૌર્ય સામ્રાજ્ય

ઈ. સ. પૂર્વે ૩૧૯માં ચંદ્રગુપ્ત મૌર્યે મગધના સિંહાસને બેસી ભારતના વિભિન્ન પ્રદેશો ઉપર તેનો વિજયધ્વજ ફરકાવ્યો અને તે સમયે સૌરાષ્ટ્રે પણ મગધના સામ્રાજ્યનું સાર્વભૌમત્વ સ્વીકાર્યું. સૌરાષ્ટ્ર આ કાલે ગણતંત્ર હતું અને તેની આંતરિક સ્વાધીનતા અબાધિત રાખી સમ્રાટે તેના ઉપર અંકુશ રાખવા રાષ્ટ્રીય નામના એક અધિકારીને નિયુક્ત કરેલો. સૌરાષ્ટ્રના આ ગણતંત્રનું પાટનગર ગિરિનગર હતું અને રાષ્ટ્રીય પણ ત્યાં રહેતો. ચંદ્રગુપ્તના આ રાષ્ટ્રીય પદે પુષ્યગુપ્ત વૈશ્ય હતો તેણે ઉપરકોટ બંધાવ્યો અને તેની દીવાલોની નીચે સુવર્ણસિકતા, પલાશિનિ વગેરે સરિતાઓના પ્રવાહો રોકી એક બંધ બાંધી ત્યાં એક સરોવર નિર્માણ કર્યું અને તેનું દશ્ય સુંદર હતું તેથી તેને સુદર્શન કહ્યું.[1]

### અશોક

ચંદ્રગુપ્તના પૌત્ર સમ્રાટ અશોકના સમયમાં પણ ગિરિનગર એક પ્રાંતિક પાટનગર રહ્યું પણ ત્યાંનું ગણતંત્ર નષ્ટ થઈ ગયું હોવાનું જણાય છે. આ ગણતંત્રનો પ્રમુખ કે રાજા તુષાસ્ફ હતો તે અશોક વતી રાજ કરતો એટલે કદાચ સ્વતંત્ર પ્રમુખ નહિ પણ તેનો પ્રતિનિધિ હશે. કદાચ પ્રમુખ, રાજા પણ કહેવાતો હોય ! પરંતુ અશોકના સામ્રાજ્યના અસ્ત પછી ઈ. સ. ૧૫૧-૧૫૨માં કોતરાયેલા રૂદ્રદામાના શિલાલેખમાં લખ્યું છે કે "**वैश्येन पुष्यगुप्तेन कारितं अशोकस्य मौर्यस्य ते यवन राजेन तुष (आ) स्फेनाधिष्ठाय.**" "મૌર્ય અશોક માટે રાજ્ય કરતા યવન રાજા તુષાસ્ફથી....વગેરે" એ ઉપરથી ફલિત થાય છે કે એ અશોકનો પ્રતિનિધિ હશે અને તેથી ગણતંત્ર વિખરાઈ ગયું હશે.

તુષાસ્ફને યવન રાજા કહ્યો છે. ગ્રીકોને સામાન્ય રીતે યવન કહેતા અને મૌર્ય રાજાઓને ગ્રીકો સાથે ઘનિષ્ઠ સંબંધો હતા. ચંદ્રગુપ્તની એક રાણી ગ્રીક હતી. ગ્રીકોએ આ કાલમાં ભારતમાં ઘણાં નાનાં નાનાં રાજ્યો પણ સ્થાપેલાં અને પાછળથી આર્ય ધર્મમાં સમ્મિલિત પણ થઈ ગયેલા તે પૈકીનો તુષાસ્ફ એક હશે. પ્રો. કોમીસેરિયેટ, તે પારસી હતો તેમ કહે છે જે માન્યતાને પણ કોઈ આધાર નથી.

---

1 રૂદ્રદામાનો શિલાલેખ-હિસ્ટોરિકલ ઇન્સ્ક્રિપ્શન્સ ઓફ ગુજરાત, પુસ્તક ૧લું, શ્રી ગિ. વ. આચાર્ય.

તુષાસ્ફે સુદર્શન વિસ્તૃત કર્યું તેમાંથી નહેરો કાઢી અને તળાવની બંને બાજુએ ઉપર માર્ગો બંધાવ્યા.[1] ગિરિનગર, સુદર્શનને કાંઠે કાંઠે બે બાજુએ વસ્તું તેવી અમુક વિદ્વાનોની માન્યતા ઉપરોક્ત કારણોસર ખોટી છે.

## પર્વતીય લેખ

સમ્રાટ અશોકે તેની આજ્ઞાઓ પ્રજાનો મોટો વર્ગ તે વાંચી શકે તે માટે સુદર્શન તળાવને દક્ષિણ કાંઠે એક ખડકમાં કોતરાવી.

આ લેખ અશોકના શિલાલેખના નામથી જાણીતો છે. તે પંચોતેર ફીટના પરિઘમાં છે અને તેના ઉપર લગભગ એકસો ફીટના વિસ્તારમાં બ્રાહ્મી લિપિમાં અને પાલી ભાષામાં ચૌદ શાસનો લખી પ્રજાને હિંસાથી દૂર રહેવા, ઔષધિઓ પ્રાપ્ત થાય તેવી વનસ્પતિઓ રોપાવવા, બ્રાહ્મણ અને શ્રમણને સરખા ગણવા, સંયમ નિયમનું પાલન કરવા, માંગલિક કૃત્યો કરવા, ભિક્ષુકોને દાન આપવા, સર્વે ધર્મોને અનુસરનારાઓને અરસપરસ સંપથી રહેવા આજ્ઞા આપી છે. તે ઉપરાંત અન્ય શાસનોમાં રાજ્ય પદાધિકારીઓને સ્ત્રીઓ, યાત્રિકો આદિનું ધ્યાન રાખવા અને મહામાત્રોને જ્ઞાનનો પ્રચાર કરવા, ઉપદેશ કરતા રહેવાની સૂચના આપી છે.

આ શિલાલેખ પોતે પ્રથમ જોયો એવો દાવો કર્નલ જેઈમ્સ ટોડે તેના પુસ્તક "ટ્રાવેલ્સ ઈન વેસ્ટર્ન ઈન્ડિયા"માં કર્યો છે. તેઓ આ લેખની લિપિ ઉકેલી શકેલા નહિ. ઈ. સ. ૧૮૩૭માં જૂનાગઢના સપૂત પરમ વિદ્વાન ડૉ. ભગવાનલાલ ઈંદ્રજીએ કરેલા ભગીરથ પુરુષાર્થના પરિણામે તેના રબિંગો તૈયાર થયાં અને રેવ. ડૉ. જે વિલ્સને કલકત્તાના ડૉ. જે પ્રિન્સેપ નામના વિદ્વાન ઉપર મોકલતાં તેણે ઈ. સ. ૧૮૩૮માં તેનું ભાષાંતર કર્યું. તેના ઉપર પ્રો. એમ. એમ. વિલ્સન, ઈ. બરનુફ, સી. લાસન, ડૉ. એમ. કેર્ન, જેમ્સ બરજેસ[2] વગેરે વિદ્વાનોએ ટિપ્પણો અને નોંધ લખ્યાં.

આ લેખનાં પાંચમાં અને તેરમાં શાસનો, ગિરનારનો માર્ગ કાઢતી વખતે તોડી પાડવામાં આવેલાં જેનો એક ટુકડો જૂનાગઢ મ્યુઝિયમમાં છે. આ શિલાલેખની સુરક્ષા માટે આર્કીઓલોજિકલ સર્વે ઑફ ઈન્ડિયાવાળા શ્રી જેમ્સ

---

1 હિસ્ટોરિકલ ઈન્સ્ક્રિપ્શન્સ ઑફ ગુજરાત, વૉ. ૧, શ્રી ગિ. વ. આચાર્ય.

2 એક્સટ્રેક્ટસ ફ્રોમ ધી રિપોર્ટ ઓન ધી એન્ટિક્વિટિઝ ઑફ કાઠિયાવાડ એન્ડ કચ્છ, જેઈમ્સ બરજેસ.

બર્જેસ અને બીજા વિદેશી વિદ્વાનોએ ભલામણ કરતાં તથા પોલિટિકલ એજન્ટ સર ચાર્લ્સ ઓલીવન્ટે આગ્રહ કરતાં રાજ્યે તેના ઉપર મકાન બનાવ્યું. આ મકાનનું ખાતમુહૂર્ત ઈ. સ. ૧૯૦૦ના જૂન માસમાં કર્નલ સી. ડબલ્યુ. એચ. સીલીના હાથે થયું.

## મૌર્ય પશ્ચાદ્

ઈ. સ. પૂર્વે ૧૮૫માં મગધના સેનાપતિ પુષ્યમિત્ર શુંગે મૌર્ય સમ્રાટ બૃહદ્રથનો વધ કરી મગધનો મુગટ સ્વશિરે મૂક્યો. શુંગોનો અધિકાર સૌરાષ્ટ્ર ઉપર હતો કે કેમ તે નિશ્ચિતપણે જાણી શકાયું નથી. મૌર્ય સામ્રાજ્યના અંત પછી ગિરિનગર ઉપર કોનો અધિકાર હતો તેની કોઈ માહિતી ઉપલબ્ધ નથી પરંતુ સ્ફુટ ઉલ્લેખો ઉપરથી અનુમાન થઈ શકે છે કે ગ્રીક સરદારોએ આ પ્રદેશ ઉપર તેમની સત્તા સ્થાપેલી. શુંગોની સત્તા ઈ. સ. પૂર્વે ૭૩માં અને ગ્રીકોની સત્તા ઈ. સ. પૂર્વે ૭૦માં ભારતમાંથી નષ્ટ થઈ અને તે સાથે જો તેઓનો ગિરિનગર ઉપર અધિકાર થયો હોય તો પણ આ કાળે તેનો ઉચ્છેદ થઈ ગયો.

ઈતિહાસકારોમાં એક એવી પણ માન્યતા પ્રવર્તે છે કે ગ્રીકો પછી સૌરાષ્ટ્ર ઉપર આંધ્ર રાજાઓનો અધિકાર થયો. પરંતુ ગિરિનગર તેઓનું પાટનગર હતું કે પ્રાંતિક રાજધાની હતી તે માટે કોઈ નિર્દેશ નથી, તેથી ઈતિહાસનાં સબળ સમર્થન સિવાય આંધ્રોનું સ્વામીત્વ હતું તેમ સ્વીકારી શકાય નહિ એટલે એ અનુમાન કરી શકાય કે ઈ. સ. પૂર્વે ૭૩ થી ૧૦૦ સુધી ઉજ્જૈનના ક્ષત્રપો અથવા કોઈ સ્થાનિક રાજાનો આ પ્રદેશ ઉપર અધિકાર હશે અને ગિરિનગર તેનું પ્રાંતિક પાટનગર હશે !

## શક સમય

### નાહપાન

ઈ. સ ૧૦૦ આસપાસ ભૂમક નામના ક્ષહરથ શાખાના એક શક ક્ષત્રપે સૌરાષ્ટ્ર સ્વાધીન કર્યું. તેના અનુગામી નાહપાને તેનું રાજ્ય મહારાષ્ટ્ર સુધી વિસ્તાર્યું, નાહપાનનો જમાઈ ઉષવદાત, અહીં આવેલો. તેણે પ્રભાસ ક્ષેત્રમાં આઠ બ્રાહ્મણોને કન્યાદાન આપ્યાં અને ગિરિનગરની યાત્રા કરી.[1] સાતવાહન રાજા ગૌતમી પુત્ર શ્રી સાતકરણીએ નાહપાનને પરાજિત કરી ક્ષહરથ શકોની સત્તા નષ્ટ કરી. આ રાજાઓના સમયમાં ગિરિનગરનું શું સ્થાન હતું તે જાણવામાં આવતું નથી.

---

1 નાશિક પાસેના પાંડુલેનો શિલાલેખ એપીગ્રાફિકા ઈન્ડિકા પુ.-૮મું.

## ચસ્ટન

ઈ. સ. ૧૩૦માં શક સરદાર યસમોતીકા કે સ્યામોતીકાનો પુત્ર ચસ્ટન ગૌતમી પુત્ર સામે યુદ્ધે ચડ્યો અને તેને હરાવી તેણે જીતેલા શકોના પ્રદેશો પુનઃ હસ્તગત કર્યા. તેણે તેની રાજધાની ઉજ્જૈનમાં કરી અને સ્વતંત્ર શાસક તરીકે પોતાના નામના સિક્કાઓ પડાવ્યા.

ચસ્ટન અને તેનો અનુગામી જયદામન ઈ. સ. ૧૪૮ સુધી આંધ્રોની સામે લડતા રહ્યા. દીર્ઘકાળ પર્યંત લડાયેલા આ વિગ્રહમાં ગૌતમી પુત્રના પુત્ર વિશિષ્ટપુત્રે શકોને સખ્ત શિકસ્ત આપી તેથી જયદામનના પુત્ર રૂદ્રદામાએ પોતાની પુત્રી વિશિષ્ટપુત્રને આપી તેના રાજ્યને સર્વનાશમાંથી ઉગારી લીધું.

## રૂદ્રદામા

રૂદ્રદામા એક વિચિક્ષણ રાજનીતિજ્ઞ અને વ્યવહારકુશલ રાજા હતો. તેણે વિશિષ્ટપુત્રને પરજિત કરી તેણે જીતી લીધેલા ઘણા પ્રદેશો પુનઃ સ્વાધીન કર્યા. ક્રમે ક્રમે અન્ય પ્રદેશો જીતી લઈ તેણે એક મહારાજ્યની સ્થાપના કરી, જેમાં આકરાવન્તિ અનૂપ, આનર્ત, સુરાષ્ટ્ર, શ્વભ્ર, મરૂકચ્છ, સિન્ધુ, સૌવિર, કુકુર, અપરાન્ત, નિષાદ આદિ પ્રદેશો હતા. રૂદ્રદામાની રાજધાની ઉજ્જૈનમાં જ હતી.[1]

સૌરાષ્ટ્રનું પ્રાંતિક પાટનગર રૂદ્રદામાના સમયમાં ગિરિનગર હતું. ત્યાંનો અધિકારી સુવિશાખ હતો. આ સુવિશાખ પહ્લવ વા પાર્થીઅન જાતિનો હતો. ડૉ. ભાઉદાજી અનુમાન કરે છે કે સુવિશાખ ઈરાની સીયાવક્ષ હશે. પ્રો. ડાર્મીસેટિયેટ પણ તે પારસી હોવાનું માને છે પરંતુ જો તેમ હોત તો શિલાલેખમાં તે નામ આપવામાં આવ્યું હોત. આ સમયમાં પહ્લવો, પાર્થીઅનો, શકો, ઈરાનીઓ, ગ્રીકો વગેરે વિદેશીઓ ભારતમાં સ્થાયી થઈ ગયા હતા અને બૌદ્ધ કે બ્રાહ્મણ ધર્મ સ્વીકારી ભારત વિશાળમાં સમાઈ ગયા હતા. સુવિશાખ તે પૈકીનો એક પહ્લવ હશે.

## સુદર્શન તળાવ

શક સંવત ૭૨-ઈ. સ. ૧૫૦માં ગિરિનગરમાં અને ગિરિમાળામાં ભારે વરસાદ પડયો અને વાવાઝોડું થયું. તેના કારણે સુવર્ણસિકતા અને પલાશિની સરિતાઓમાં ત્યારે પૂર આવ્યાં અને તેમાં તણાઈ આવેલાં વૃક્ષો તળાવમાં ભરાયાં. વણથંભ્યા અવિરત વરસતા વરસાદે નદીના પાણીને માર્ગ

---

1 શકોના ઇતિહાસ માટે જુઓ "સૌરાષ્ટ્રનો ઇતિહાસ", શં. હ. દેસાઈ.

આપ્યો નહિ. પરિણામે આ સરિતાઓને નાથીને મૌર્યકાલમાં બાંધેલું સુદર્શન તળાવ ફાટ્યું. "જ્યારે વૃષ્ટિ વરસતાં વાદળાંને લીધે પૃથ્વી જાણે કે એક સમુદ્ર બની ગઈ હતી ત્યારે ઉજ્જયંત પર્વતના સુવર્ણસિકતા, પલાશિની અને અન્ય નાળાઓનાં અતિ ચડેલાં પૂરથી તે બંધ... જો કે યોગ્ય સાવચેતી (રાખી હતી) તો પણ, પર્વતનાં શિખરો, વૃક્ષો, કાંઠાઓ, અગાસીઓ, મેડીઓ, દરવાજાઓ અને ઊંચા વિસામાઓ ફાડી નાખતાં, યુગના અંત લાયક પરમઘોર વેગવાળા તોફાનથી વલોવાતા પાણીએ વિખેરી નાખ્યાં; ભાંગીને ભૂકો કર્યાં, ફાડી નાખ્યાં...આસપાસ વિખરાયેલા પથ્થર, ઝાડ ઝાડી અને વેલોથી નદીના તળિયા પર્યંત ખુલ્લું થઈ ગયું-" "ચારસો વીશ હાથ લાંબા તેટલા જ પહોળા અને પંચોતેર હાથ ઊંડા ગાબડામાંથી બધું પાણી વહી ગયું જેથી રેતાળ રણના જેવું દુર્દર્શન (થયું).[2]

"આવી કુદરતી આફત તેમના ઉપર ઊતરેલી જોઈને, ગિરિનગરની પ્રજા ભયગ્રસ્ત થઈ અને તેના ઉપયોગનું પાણી નિરર્થક વહી જતું જોઈ પોતાના ભાગ્યને રોવા લાગી ત્યારે મહાક્ષત્રપ રૂદ્રદામાએ પ્રજા પાસેથી કોઈપણ પ્રકારનો ખર્ચ ન લેતાં પોતાના અંગત દ્રવ્યકોષમાંની વ્યય કરી આ પાળનું સમારકામ કરાવી લેવા આજ્ઞા આપી. તેણે માત્ર આત્માની ઉન્નતિ માટે આ કાર્ય કરાવ્યું. કુદરતે વેરેલા વિનાશથી વ્યથિત થતા લોકોને સુવિશાખ જોઈ શકયો નહિ. સ્થપતિઓ આ પ્રચંડ ફાટ પૂરી નહિ શકે એમ જણાતાં પોતાની શકિત અને બુદ્ધિથી તેણે આ કાર્ય હાથમાં લઈ પડેલી ફાટ પૂરી દીધી."[3] તેણે તળાવને વિસ્તૃત પણ કર્યું."

આ લેખ અશોકના લેખની પશ્ચિમ બાજુમાં મથાળાના ભાગમાં ૧૧ ફીટ ૧ ઇંચ પહોળાઇ અને ૫ ફીટ ૫ ઈંચ ઊંચાઈવાળી જગ્યામાં છે. તે લેખની વીશ પંક્તિઓ છે જેની ચાર પંક્તિઓ સુરક્ષિત છે. બીજી પંકિતઓ ઘસાઈ ગયેલી છે. આખા લેખનું ક્ષેત્રફળ ૧૯૦૦ ચો. ઈંચ છે જેમાંના ૨૭૫ ઈંચ જેટલો ભાગ નષ્ટ થયો છે. અક્ષરની ઊંચાઈ ૭/૮ ઈંચ છે.

### ઇંટવા

રૂદ્રદામાના સમયમાં ગિરિનગર રાજ્યનું અને ધર્મનું કેન્દ્ર બન્યું હોવાનું જણાય છે. ગિરિનગરની પૂર્વમાં આવેલા ગિરનારની તળેટીમાં ઈંટવા નામના

---

2-3 રૂદ્રદામાનો શિલાલેખ હિસ્ટોરિકલ ઇન્સ્ક્રિપ્શન્સ ઓફ ગુજરાત, પુ. ૧લું., શ્રી ગિ. વ. આચાર્ય, ભાષાંતર તેના જ શબ્દોમાં છે.

ઓળખાતા સ્થળે ઉત્ખનન કરતાં ત્યાંથી ૪૭૫ ફીટ×૧૫૦ ફીટના ક્ષેત્રફળવાળો વિહાર હશે તેના પાયા નીકળ્યા છે. આ વિહારનો પાયો ૧૮ ઇંચ × ૧૨ ઇંચ × ૩ ઈંચના માપની પાકી ઈંટોથી બાંધવામાં આવ્યો છે. તેની પશ્ચિમ દિશામાં ૨ ફીટ ઊંચી અને ૨ ફીટ પહોળી બે દીવાલોના પાયા છે. નૈઋત્ય દિશામાં ૨૦ ફીટ × ૧૦ ફીટના ક્ષેત્રફળની ફરસ છે. આ ફરસ પ્રાર્થનાખંડની હોવાનું અનુમાન કરવામાં આવે છે. પૂર્વ દિશામાં ૧૦ ફીટ × ૧૦ ફીટના છ ખંડો હોવાનું જણાય છે તથા ૨૬ ફીટ × ૧૭ ફીટના એક ખંડના પાયા પણ ત્યાં દેખાય છે. આ સાત ખંડો ફરતી ૫ ફીટ ૧૦ ઇંચ પહોળી ઓસરી છે. પશ્ચિમ દિશામાં લાંબી પરસાળ હોવાનાં ચિહ્નો છે. આ સ્થળથી ૩૬૦ ફીટ પૂર્વમાં અને ૭૨ ફીટ દક્ષિણમાં ખોદકામ કરતાં ૩ ફીટ ૫ ઈંચ પહોળી પાયાની ચણતરની ઈંટોની બનાવેલી ૪૦ ફીટ × ૪૦ ફીટ બીજી પણ ઈમારત હોવાનું દેખાય છે. આ દીવાલની જાડાઈ જોતાં ત્યાં કોઠાર હશે એમ માનવામાં આવે છે.

આ સ્થળેથી તે ઉપરાંત ચટણી વાટવાનો પથ્થર, તોલમાપો, માટીના કોડિયા, પ્યાલાઓ, કુંજાઓ, અન્ય પાત્રો, પાત્રોના ખંડો, રાજમુદ્રા વગેરે પ્રાપ્ત થયાં છે.[1]

## બોરદેવી

ગિરનારની પશ્ચિમે આવેલા બોરદેવી નામક સ્થાનમાં ઈ. સ. ૧૮૮૯માં શ્રી જે. એમ. કેમ્પબેલ નામના પુરાતત્ત્વવિદે ઉત્ખનન કરતાં લાખામેડી પાસેથી એક સ્તૂપ શોધી કાઢયો હતો. ત્યાંથી કેટલીક ખંડિત મૂર્તિઓ તથા પથ્થરની પેટી મળેલાં. ઈ. સ. ૧૯૩૬માં ત્યાં ઉત્ખનન કરતાં ત્યાંથી ૧૨ ઈંચ×૧૮ઈંચ×૯-થી ૧૧ ઇંચ અને ૨૨-૫ ઈંચ×૩૧-૩ ઈંચના માપની ઈંટો નીકળેલી. ઈ. સ. ૧૯૫૦માં ત્યાંથી એક સ્તૂપ મળી આવેલો છે. ત્યાંથી એક ત્રાંબાનો ડાબલો મળ્યો છે. તેમાં ચાંદીનો ડાબલો હતો તેમાં એક નાની સોનાની ડબી હતી. તદુપરાંત "મહારાજા રૂદ્રસેન વિહારે ભિક્ષુ સંઘસ્યુ" શબ્દો લખેલી મુદ્રા પણ મળી છે.

આ ઉપરથી સ્પષ્ટપણે પ્રતીત થાય છે કે ગિરિનગરમાં પ્રજા વસતી, રાજપુરુષો રહેતા, વ્યાપાર રોજગાર થતા પણ બૌદ્ધ સાધુઓ તેનાથી બે માઈલ દૂર ગિરનાર પર્વતની સમીપે બાંધેલા વિહારોમાં વસતા. ઈંટવા કે બોરદેવીના

1 શ્રી જયેન્દ્રરાય નાણાવટીનો "પથિક" જુલાઈ, ૧૯૬૮નો લેખ તથા "સૌરાષ્ટ્રનો ઇતિહાસ", શં. હ. દેસાઈ

ઉત્ખનનમાંથી પ્રજાજનો કે રાજપુરુષો વસતા હોય તેવા કોઈ અવશેષ મળ્યા નથી.

## રુદ્રદામા પછી

રુદ્રદામા ઈ. સ. ૧૫૮માં મૃત્યુ પામ્યો. તેનો અનુગામી યજ્ઞદામા ઈ.સ. ૧૭૮માં ગુજરી ગયા અને તેના પુત્રો જીવદામા અને સત્યદામા યુધ્ધે ચડયા. તેમાં જીવદામા જીત્યો પરંતુ ઈ.સ. ૧૮૧માં યજ્ઞદામાના ભાઈ રુદ્રસિંહ ૧લાએ જીવદામાને પદચ્યુત કરી ગાદી પચાવી પાડી. રુદ્રસિંહ ઈ.સ. ૨૦૧માં ગુજરી ગયો અને તેનો અનુગામી રુદ્રસેન ૧લો ઈ. સ. ૨૨૨માં ગુજરી ગયો. તેના પછી સંઘદામા ગાદીએ આવ્યો પણ તે એક જ વર્ષ રાજ્ય કરી ઈ.સ. ૨૨૩માં મૃત્યુ પામ્યો.

ઈ. સ. ૧૫૮થી ઈ. સ. ૨૨૩ સુધીના પાંસઠ વર્ષના ગાળાનો ગિરિનગરનો કાંઈ ઈતિહાસ પ્રાપ્ત થતો નથી. માત્ર શક સંવત ૧૦૦–ઈ. સ. ૧૭૮ના એક શિલાલેખનો ખંડિત ભાગ મળ્યો છે તેમાં જીવદામાના નામનો ઉલ્લેખ છે.

## ગિરિનગર–પાટનગર

ઈ.સ. ૨૨૩માં શકોના હાથમાંથી ઉજ્જૈન ગયું અને તેમણે ગિરિનગરને પાટનગર બનાવ્યું. ઈ. સ. ૨૨૩ થી ઈ. સ. ૨૩૬ની વચમાં શક મહારાજ્યનું મુખ્ય કેન્દ્ર ગિરિનગર થયું અને તેનું નામ સંભવત સુવર્ણગિરિનગર કે સાર્વભૌમનરેન્દ્રપુર રાખ્યું.

## સુવર્ણગિરિનગર

સુવર્ણગિરિનગર ગિરિનગરનું જ નામ હતું કે કેમ તે પ્રશ્નનો નિશ્ચયાત્મક નિર્ણય થઈ શકે એમ નથી. ગિરિનગર પાસે સુવર્ણરેખા સરિતા વહે છે તેથી તેને સુવર્ણગિરિ કહ્યું હોય. એમ પણ જાણવા મળે છે કે સામ્રાજ્યના દક્ષિણાપથ વિભાગનું પાટનગર સુવર્ણગિરિ હતું અને સૌરાષ્ટ્ર દક્ષિણાપથમાં હતું તેમ તે મૌર્યકાલથી પ્રાંતિક પાટનગર હતું તેથી આ સુવર્ણગિરિનગર તે ગિરિનગર જ હોય ! એ સાથે એવી શંકા કરવામાં આવે છે કે મેગેસ્થનીઝે નોંધ્યું છે કે દક્ષિણાપથનું પાટનગર સુવર્ણગિરિનગર સમુદ્રતીરે હતું. મેગેસ્થનીઝે ઈ. સ. પૂર્વે ૩૧૭–૩૧૨ લગભગ થઈ ગયો અને તેના વિધાનને પ્રમાણ ગણીએ તો દ્વારકાનું નામ સુવર્ણગિરિ હોય ! દ્વારકા સુવર્ણનું હતું તેમ આજે પણ કહેવાય છે પણ ત્યાં ગિરિ ન હતો. કદાચ સુવર્ણ એટલા પ્રમાણમાં હતું કે તેને ગિરિની ઉપમા આપી હોય ! હરિવંશમાં દ્વારકા સમીપે રેવત પર્વત હતો એવું કથન છે તેથી તેને સુવર્ણગિરિ માનીયે

તો મેગેસ્થનીઝના સમયમાં તે સમુદ્રમાં પ્લાવિત થયેલું નહિ હોય અને અસ્તિત્વ ધરાવતું હશે એમ કહી શકાય. આમ ગિરિનગર તે સુવર્ણગિરિનગર હતું કે કેમ તે સ્પષ્ટ થતું નથી.

એ જ પ્રમાણે સાર્વભૌમનરેન્દ્રપુર માટે પણ કોઈ સબળ પ્રમાણો મળતાં નથી. શ્યામિલકની કૃતિ પાદતાડીતકમાં ગુપ્ત પ્રધાન તથા શકરાજાને સાર્વભૌમ નરેન્દ્રપુરમાં વાત કરતા બતાવ્યા છે તે સિવાય સાર્વભૌમનરેન્દ્રપુર નામનો અન્યત્ર કોઈ ઉલ્લેખ નથી. આ ગ્રંથ પણ ઇતિહાસગ્રંથ નથી.

## શક રાજ્યનો અંત

ઈ. સ. ૩૦૫માં ક્ષત્રપ વિશ્વસેનને મારી કોઈ જીવદામાના પુત્ર રૂદ્રસિંહે ગિરિનગરના સિંહાસને બેસવા પ્રયત્ન કર્યો પરંતુ તે ચસ્ટનના વંશનો ન હતો તેથી અન્ય રાજવંશીઓએ તેના અધિકારને પડકાર કર્યો અને પુનઃ રાજગાદી માટે શકો વચ્ચે પક્ષો પડયા અને યુદ્ધો થયાં તેમાં વિજયશ્રી રૂદ્રસિંહને વરી. આ યુદ્ધોમાં વાકાતક રાજા પ્રવરસેને રૂદ્રસિંહને સહાય કરેલી અને તેની સહાયથી જ રૂદ્રસિંહ રાજ્યાસને બેઠેલો તેથી તેણે પ્રવરસેનનું આધિપત્ય સ્વીકારી તેને ખંડણી આપી.[1]

રૂદ્રસિંહ બીજા પછી ૭ રાજાઓ થયા. ઈ. સ. ૩૯૫માં મહાક્ષત્રપ સ્વામી રૂદ્રસિંહ ત્રીજો મગધ સમ્રાટ ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યનાં અજિત સૈન્યો સામે લડતાં માર્યો ગયો. શકોનું રાજ્ય સદાને માટે નષ્ટ થયું અને સૌરાષ્ટ્રનું મગધના સામ્રાજ્યમાં વિલિનીકરણ થઈ ગયું. શકો સ્થાનિક નગરો અને ગામડાંમાં વસી ગયા. આજ તેનાં વંશજો કોણ છે તે પણ કોઈને જ્ઞાત નથી.

ગિરિનગર પુનઃ એક પ્રાંતિક કેન્દ્ર જેવું થઈ ગયું.

## ગુપ્ત સમય

ગુપ્ત સામ્રાજ્યને પૂર્ણકક્ષાએ પહોંચાડનાર ચંદ્રગુપ્ત સમ્રાટ સમુદ્રગુપ્તનો બીજો પુત્ર હતો. સમુદ્રગુપ્તનાં મૃત્યુ પછી તેનો યુવરાજ રામગુપ્ત મગધનો સમ્રાટ થયો પરંતુ ચંદ્રગુપ્ત તેનાથી સવિશેષ શક્તિશાળી હતો તેથી તે બન્ને વચ્ચે અણબનાવ થયો અને ચંદ્રગુપ્તે પોતાની રક્ષા થાય અને રામગુપ્ત તેની હત્યા ન કરે તે માટે પોતે ગાંડો થઈ ગયો છે એમ જાહેર કરી તે ગુપ્ત-વાસમાં રહ્યો.

રામગુપ્ત એકવાર શકો સામેના યુદ્ધમાં એવો ઘેરાઇ ગયો કે પોતાની

1 એ ન્યુ હિસ્ટ્રી ઓફ ઇન્ડિયન પીપલ–ડૉ. આર. સી. મજમુદાર

રાણી ધ્રુવાદેવી શકરાજને સોંપી દેવાની શર્તે તેણે મુક્તિ મેળવી. સમુદ્રગુપ્તનો અનુગામી તેની રાણી શત્રુને સોંપી દે તેવી નામોશીભરેલી સંધિ ચંદ્રગુપ્તને સ્વીકાર્ય ન હતી, તેથી તેણે ધ્રુવાદેવીનો સ્વાંગ સજી શકોની છાવણીમાં જઈ શકરાજનો ઘાત કર્યો અને તે પછી રામગુપ્તને મારી ધ્રુવાદેવી સાથે લગ્ન કર્યાં અને મગધનો મહારાજા થયો.

આ પ્રસંગ કાવ્યમીમાંસા, હર્ષચરિત અને અન્ય સાહિત્યગ્રંથોમાં વર્ણવેલો છે. તેનો મૂળ લેખક વિશાખ દત્ત, ગુપ્ત વંશના ઉચ્છેદ અને હર્ષના ઉદ્ભવ વચ્ચે થયો હોવાનું કેટલાક લેખકો માને છે, જ્યારે કેટલાક વિદ્વાનો તે ચંદ્રગુપ્તનો સમકાલીન હતો તેવી માન્યતા ધરાવે છે. ભારતીય અને યુરોપીય વિદ્વાનોએ આ પ્રશ્નની ચર્ચા કરી તે વાર્તા સ્વરૂપનો પ્રસંગ છે, તેમ પ્રતિપાદિત કર્યું છે.[2] આ વાર્તામાં શકોના સ્થાનને ગિરિમહાલય કહ્યું છે તેથી તે ગિરિનગર હોવું જોઈએ એવું અનુમાન શ્રી કે. કા. શાસ્ત્રીએ કર્યું છે[3] પરંતુ રામગુપ્તે શક ક્ષત્રપ કેદારના પુત્ર પીરો ઉપર આ ચડાઈ પંજાબમાં કરેલી અને ધ્રુવાદેવીવાળો પ્રસંગ પંજાબમાં બન્યો હતો.[4] એટલે ગિરિમહાલય તે ગિરિનગર હોવાનો કોઈ સંભવ નથી.

ચંદ્રગુપ્ત ઈ. સ. ૪૧૪માં ગુજરી ગયો અને તેની પાટે તેનો પુત્ર કુમારગુપ્ત બેઠો. તે ઈ. સ. ૪૫૫માં મૃત્યુ પામ્યો.

આ કુમારગુપ્ત કુંવરપદે હતો ત્યારે પિતાની આજ્ઞાથી સૌરાષ્ટ્ર જીતવા આવેલો ત્યારે તેની સાથે તેની રાણી ભીમાબાઇ, પુત્ર પવનસિંહ અને પુત્રી રૂપાળીબા હતાં. કુમારપાળે વંથલી લીધું અને રૂપાળીબા બહાદુરસિંહના પ્રેમમાં પડી પરંતુ કુમારપાળે તેને બીજા સાથે પરણાવી પણ તે પતિ ગુજરી ગયો તેથી રૂપાળીબા સતી થવા ગઈ ત્યારે બહાદુરસિંહના માણસો તેને ઉપાડી ગયા. આવી વાર્તાનાં પાત્રો તથા પ્રસંગો ઈતિહાસના અજ્ઞાનવાળા નવલકથાકારની કલ્પનામાત્ર છે તેને ઈતિહાસનો કોઇ આધાર નથી.

કુમારગુપ્તની પાટે તેનો પરાક્રમી પુત્ર સ્કંદગુપ્ત આવ્યો.

## સ્કંદગુપ્તનો લેખ

સ્કંદગુપ્તના રાજ્યકાલમાં ઈ. સ. ૪૫૬માં એટલે ગુપ્ત સંવત ૧૩૬ના

---

2 એ ન્યુ હિસ્ટ્રી ઓફ ઈન્ડિયન પીપલ-ડૉ. આર. સી. મજમુદાર

3 "પથિક", એપ્રિલ, ૧૯૬૯-સૌરાષ્ટ્રની પ્રાચીન નગરીઓ

4 ૧ પ્રમાણે.

ભાદ્રપદ માસના કૃષ્ણ પક્ષની છઠ્ઠને દિવસે સુવર્ણસિકતા, પલાશિની અને વિલાસિની સરિતાઓમાં પુનઃ પ્રબળ પૂર આવ્યાં અને તે પૂર્વવત્ ફાટ્યું. આ સમયે સમ્રાટનો ગોપત્રી પર્ણદત્ત હતો અને તેનો પુત્ર ચક્રપાલિત ગિરિનગરનો સ્થાનિક હતો તેણે સુદર્શનમાં પડેલી ફાટ સમરાવી અને ૧૦૦ હાથ લાંબી, ૫૮ હાથ પહોળી અને ૭ માથોડાં ઊંચી પાળ બંધાવી અને શક સમયમાં જે શિલાલેખ ઉપર સુદર્શનના સમારકામનો લેખ કોતરાવેલો ત્યાં જ એક લેખ કોતરાવી સુદર્શનના સમારકામના કાર્યમાં કરેલા પુરુષાર્થનું કાવ્યમય વર્ણન કરી તે પ્રશસ્તિને "સુદર્શન તાટક ગ્રંથ રચના", એવું નામ આપ્યું. એમ પણ માની શકાય કે આ રચના પુસ્તક સ્વરૂપે હશે તેમાંથી થોડો ભાગ કે સારાંશ શિલાલેખ સ્વરૂપે કોતરાવ્યો. આ લેખની પ્રતિકૃતિ ડૉ. ભગવાનલાલ ઈંદ્રજીએ ઈ. સ. ૧૮૬૧માં કપડા ઉપર લીધી હતી. તેના ઉપરથી ડૉ. ભાઉદાજીએ બોમ્બે બ્રાન્ચ ઓફ રોયલ એશિયાટિક સોસાયટીના જર્નલના પુસ્તક ૭માં ઈ. સ. ૧૮૬૨માં તેનું ભાષાંતર પ્રગટ કર્યું તે પહેલાં ઈ. સ. ૧૮૦૮માં શ્રી જેમ્સ પ્રિન્સેપે તે પ્રગટ કરેલો અને તેના ઉપર જનરલ સર લી ગ્રાન્ડ જેકબ તથા શ્રી એન. એલ. વેસ્ટરગાર્ડે એક ભારતીય વિદ્વાનની સહાયથી આ લેખની પ્રતિકૃતિ તૈયાર કરી હતી. ઇ. સ. ૧૮૭૬માં ડૉ. ભાઉદાજીનું ભાષાંતર તથા પ્રો. ઈગ્લિંગનું ભાષાંતર આર્કીઓલોજિકલ સર્વે ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા પુસ્તક રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું.

આ લેખ ૧૦ ફીટ × ૭–૩ ફીટ જગ્યામાં કોતરવામાં આવ્યો છે તેની ૨૨મી પંક્તિ સિવાય આખો લેખ અખંડિત છે. અક્ષરોનું કદ ૯/૧૬ ઈંચ અને ૧$\frac{1}{6}$ ઇંચ વચ્ચેનું છે.

## સુદર્શન તળાવ

આગળ જોયું તેમ ઇ. સ. ૧૫૧–૧૫૨ના રૂદ્રદામાના લેખમાં કહેવામાં આવ્યું છે કે "મૌર્ય રાજા ચંદ્રગુપ્તના રાષ્ટ્રીય પુષ્યગુપ્તે રચેલા અને અશોક માટે રાજ્ય કરતા રાજા તુષાસ્ફથી પ્રણાલિકા વડે શણગારાયેલા અને રાજાને અનુરૂપ વિધાનથી બંધાવેલા—તળાવની પાળ ફાટી" એ ઉપરથી પ્રતીત થાય છે કે સુદર્શન તળાવ ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં એટલે ઈ.સ પૂર્વે ૩૧૯થી ઈ.સ. પૂર્વે ૩૦૦ના વર્ષોની વચમાં ગિરિનગરને સુશોભિત બનાવવા તથા ઉપરકોટ ઉપરથી સુંદર દશ્ય લાગે તે માટે સમ્રાટની આજ્ઞાથી પુષ્યગુપ્તે બંધાવ્યું હતું. ચંદ્રગુપ્તના પૌત્ર સમ્રાટ અશોકે આ સુદર્શનને તીરે તેના શાસનો કોતરાવ્યાં અને તુષાસ્ફે સુદર્શનમાંથી નહેરો વગેરે કાઢી તેના પાણીનો ખેતી

માટે ઉપયોગ કરવાની યોજના કરી અને તેને બંને તીરે વૃક્ષો વાવ્યાં.

પ્રભાસખંડમાં ચંદ્રકેતુરાજાએ મનોહર નગર વસાવ્યું અને દુર્ગ, દ્વારો આદિથી સુંદર બનાવ્યું હોવાનું કહેવામાં આવ્યું છે તે ઉલ્લેખ ચંદ્રગુપ્ત મૌર્યનો જ હોવો જોઈએ. પ્રભાસખંડ ત્યાં દિવ્ય સરોવર હતું તેમ પણ કહે છે. સંભવ છે કે તેનું મૂળ નામ દિવ્ય સરોવર હોય અને પાછળથી તેનો દેખાવ સુંદર લાગતો હોવાથી તેને સુદર્શન કહ્યું હોય !

આ સુદર્શન સરોવર ખરેખર ક્યાં હતું તેના માટે વિદ્વાનો અને પુરાતત્ત્વવિદો વિભિન્ન અભિપ્રાયો ધરાવે છે. ઈ. સ. ૧૮૮૦માં જ્યારે રૂદ્રદામાના શિલાલેખનું પ્રથમ વાંચન થયું ત્યારે સર્વેને જ્ઞાત થયું કે અહીં સુદર્શન નામનું તળાવ હતું.

રૂદ્રદામાનો શિલાલેખ કહી જાય છે કે આ સરોવરમાં સુવર્ણસિકતા, પલાશિની અને અન્ય વોકળાઓનાં પાણીને વાળવામાં આવ્યાં હતાં. સ્કંદગુપ્તનો શિલાલેખ તેમાં વિલાશિની નદીનું નામ ઉમેરે છે અને એમ પણ કહે છે કે "આ નદીઓ રૈવતક પર્વતમાંથી નીકળે છે અને તે સર્વે સમુદ્રની કાન્તાઓ દીર્ઘકાળ બંધનમાં રહી હતી તે શાસ્ત્રાનુસાર પુનઃ તેમના પતિ પાસે ગઈ." આ આલંકારિક વર્ણનનો સારાંશ એ છે કે આ નદીઓનાં પશ્ચિમમાં વહેતાં પાણીને બંધ દ્વારા રોકી તેનું સરોવર બનાવ્યું હતું.

ગિરનાર તો છે જ ત્યાં હતો. તે માટે શંકાને કોઈ સ્થાન નથી. સરિતાઓનું વહેણ પણ ગિરનાર અને તેની ટેકરીઓમાંથી નીકળતી નદીઓ, વોકળાઓ અને નાળાંઓ દામોદરકુંડ પાસે આવે છે ત્યાં સાંકડા માર્ગમાંથી પસાર થાય છે અને બીજી નદી ત્રિવેણી છે ત્યાં આવે છે એટલે રૂદ્રદામાના લેખમાં સુવર્ણરેખા અને પલાશિની નદીઓનો ઉલ્લેખ છે તો દામોદરકુંડ પાસે વહેતી વિલાશિની ત્રિવેણી પાસે પડે છે તેનો ઉલ્લેખ સ્કંદગુપ્તના શિલાલેખમાં છે એટલે એમ માની શકાય કે જ્યારે બંધનો વિસ્તાર વધારવામાં આવ્યો ત્યારે તેની સીમા ત્રિવેણીથી આગળ સુધી વધારી વિલાશિનીને પણ તેમાં આવરી લીધી જ્યારે મૌર્ય કાલમાં તે બંધાયું ત્યારે તે અશોકના શિલાલેખની સામેની પર્વતી પાસેથી શરૂ થતું હશે. તેની ઉત્તરમાં લગભગ ૧૦૦૦ વાર લાંબી અને ઊંચી પાળ ધારાગઢ દરવાજા સુધી જતી હશે અને ધારાગઢ દરવાજાની અંદર ખાપરા કોડિયાના ભોંયરા છે ત્યાં સુધી અને ઉપરકોટની દીવાલોને તેનાં પાણી અડતાં હશે. પશ્ચિમે ઉપરકોટના ખડકને અડીને વાગીશ્વરી દરવાજા સુધી તેની સીમા હશે અને ભેસલા ખડક સુધી તેનાં પાણી પહોંચતાં હશે અને પૂર્વ તરફ અશોકના લેખની સમીપે તેની પાળ હશે. જ્યારે

આ પાળ તૂટી અને તે પુનઃ સમરાવવાનો પ્રશ્ન ઈ. સ. ૪૫૭ પછી ઉપસ્થિત થયો હશે ત્યારે તત્કાલીન સ્થપતિઓએ ઉપરકોટ અને જોગણીના પહાડના છેડાઓ મેળવી લઈ વિલાશિનીનાં પાણી તેમાં પડે તેમ બંધ બાંધ્યો.

શ્રી. છો. મ. અત્રિના સંશોધનમાં તેમને એમ પણ જણાયું છે કે આ બંધ ઉપરથી વહેતાં વધારાનાં પાણીને ખામધ્રોળ પાસે અને તે પછી ખલીલપુર પાસે નાથવામાં આવેલાં. શ્રી અત્રિ માને છે કે "સુદર્શન તળાવ ગિરનારની પશ્ચિમે હતું. તેની પૂર્વોત્તર અને પૂર્વ દક્ષિણથી ક્રમશઃ આવતી તેની બંધ પાળીઓ તેના પૂર્વે કોણ રચતી હતી. તેના ઉપર અશોકના લેખવાળો ખડક હતો."[1]

ચીની પ્રવાસી હ્યુએનસાંગ ઈ. સ. ૬૪૦ આસપાસ ગિરનારની યાત્રાએ આવેલો. તેણે સુદર્શનનો ઉલ્લેખ કર્યો નથી પરંતુ સ્કંદપુરાણના પ્રભાસખંડમાં[2] ૯૮મા અધ્યાયમાં ઉજ્જયંત પર્વત અને વસ્ત્રાપથ ક્ષેત્રનું વર્ણન કરતાં કહેવામાં આવ્યું છે કે "વસ્ત્રાપથ ક્ષેત્રના વાયુ કોણમાં એક દિવ્ય સરોવર છે." વસ્ત્રપથ ક્ષેત્રની સીમા આવતાં ૭૮મા અધ્યાયમાં પુરાણકાર કહે છે કે વશિષ્ટ તીર્થ (ત્રિવેણી)થી માંડીને કાલિકાનું સ્થાન જે ગિરિનગરમાં છે ત્યાં સુધી અંતર્ગૃહીક્ષેત્ર કહેવાય છે તેનો અર્થ એ કરી શકાય કે વસ્ત્રાપથ ક્ષેત્ર વર્તમાન ધારાગઢ દરવાજાથી શરૂ થઇ ગિરિનગર સુધી પથરાયેલું હશે. તેના વાયવ્ય એટલે પૂર્વ ઉત્તરમાં દિવ્ય સરોવર હતું તેથી તે સરોવર સુદર્શન કે તેનું અવશેષ હોય તો સંભવી શકે !

ઈ. સ. ૪૫૧-૪૫૨માં ગુપ્તકાલમાં તેનું સમારકામ થયું પરંતુ એવું પણ અનુમાન થઈ શકે કે ઈ. સ. ૬૪૦ કે તેની પૂર્વે સુદર્શન પુનઃ ફાટ્યું અને તેમાં ગિરનારને ઘણું નુકસાન થયું. વારંવાર ફાટતાં આ તળાવને તે પછી કોઈએ સમરાવ્યું નહિ અને ગિરિનગરનાં પ્રજાજનોએ પણ તે કારણે સ્થળાંતર કર્યું.

આ પ્રશ્ને સંશોધનને હજી પણ પૂર્ણ અવકાશ છે અને પુરાતત્ત્વવિદો તે માટે અપાર શ્રમ કરી રહ્યા છે. તેઓના સંશોધનનું પરિણામ આવે ત્યારે સુદર્શનની ચાર સીમાઓ ક્યાં સુધી હતી તે પ્રશ્નનો નિર્ણય આવી શકે પરંતુ હું એમ માનું છું કે સુદર્શન સરોવર અશોકના લેખની થોડે ઉપરથી શરૂ થઈ ગિરનાર જવાનો માર્ગ છોડી સામેની ટેકરીઓને તળિયે અડતું અને

1 ક્ષત્રપકાલીન ગિરિનગર, શ્રી. છો. મ. અત્રિ

2 ભાષાંતર વે. મૂ. ગોરાભાઇ રામજી

તે જળસમૂહ વર્તમાન વાગીશ્વરી દરવાજાની અંદરની બાવાપ્યારાની ગુફા છે ત્યાં સુધી ફેલાઈ ઉત્તરમાં ઉપરકોટની દીવાલોને સ્પર્શી ધારાગઢ દરવાજા અંદર ખાપરા કોઢિયાની ગુફાઓ છે તેને અડીને ત્રિવેણીથી થોડે આગળ સુધી જતું. તેની બીજી પાંખ વાગીશ્વરી દરવાજાથી સકરિયો ટીંબો છે તેના સુધી જઈ વર્તમાન લેપર એસાયલમ સુધી જતું જેનો ઉત્તર ભાગ જોગણીના પહાડને અડતો હશે. આ સરોવરનો આકાર એ રીતે અંગ્રેજી T ટી જેવો હશે.

## વલભી સમય

ઈ. સ. ૪૬૭માં સ્કંદગુપ્ત મૃત્યુ પામ્યો અને તે સાથે ગુપ્ત સામ્રાજ્યના અંતનો પ્રારંભ થયો. હૂણોનાં આક્રમણો શરૂ થયાં અને ગુપ્ત સમ્રાટોની નિર્બળતાના કારણે સામ્રાજ્ય છિન્નભિન્ન થઈ ગયું. સમ્રાટના પ્રતિનિધિઓએ રાજ્ય સત્તાની ઉપેક્ષા કરી સ્વતંત્રતા ધારણ કરવા લાગ્યા. આવા સૌરાષ્ટ્રના એક સેનાપતિ ભટ્ટાર્કે ઈ. સ. ૪૮૦માં સ્વતંત્ર શાસન કરવાનું શરૂ કર્યું અને ઈ. સ. ૪૯૯માં તેણે સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી. આ રાજ્યવંશ મૈત્રક રાજવંશ કહેવાય છે. તેની રાજધાની વલભીપુરમાં હતી.

વલભીપુર રાજધાની થતાં ગિરિનગરની મહત્તા ન્યૂન થઇ ગઈ પરંતુ બૌદ્ધ ધર્મના સાધુઓ, શ્રમણો અને પ્રચારકોએ ગિરિનગરને તેમનું કેન્દ્ર બનાવેલું તે જેવું ને તેવું રહ્યું.

ઈ. સ. ૬૪૦માં ગિરિનગર આવેલા ચીની પ્રવાસી હુએનસાંગ નોંધે છે કે "આ દેશ આશરે ૪૦૦૦ લી. (૧૩૦૦ માઈલ)ના ઘેરાવામાં છે. તેની રાજધાનીનો વિસ્તાર ૩૦ લી. (૧૦ માઈલ) નો છે. તેમાં વિપુલ પ્રમાણમાં જન સંખ્યા વસે છે. પ્રજા ધનિક છે. આ પ્રાંત વલભી મહારાજ્યને આધીન છે. અહીં જમીન ક્ષારવાળી છે તથા ફલફૂલ થોડાં થાય છે. અહી સત્યધર્માવલંબી (બૌદ્ધ) અને પાખંડી (અન્ય ધર્માવલંબી) ઘણા છે. અહીં લગભગ પચાસ જેટલા મઠો છે અને તેમાં ત્રણસો જેટલા સાધુઓ રહે છે. તેઓ બહુધા મહાયાન–આર્ય સ્થવિર–સંપ્રદાયના છે. આ સિવાય પાખંડ મતના (બ્રાહ્મણ–જૈનો) સો જેટલા મંદિરો છે. આ રાજ્ય પશ્ચિમ સમુદ્રના તટે છે. લોકોનો મુખ્ય વ્યવસાય વ્યાપાર છે. નગરથી થોડે દૂર ઉજ્જન નામનો પર્વત છે તેના ઉપર પણ એક મઠ છે–પર્વતને ફરતું ઘાડું વન છે."–વગેરે

આ વર્ણન ઉપરથી ફલિત થાય છે કે ઈ. સ ૬૪૦માં નગર કે ગિરિનગર એક મહત્ત્વનું કેન્દ્ર હતું અને વલભી સામ્રાજ્યને આધીન હોવા છતાં કોઈ નાના રાજ્યની રાજધાની કે સમ્રાટના પ્રતિનિધિનું મુખ્ય મથક હતું.

ગુ. વ. સંવત ૩૧૨-ઈ. સ. ૬૩૨ના વલભી સમ્રાટ ધ્રુવસેન રજાનું એક તામ્રપત્ર પ્રાપ્ત થયું છે તેમાં ગિરિનગર છોડી ખેટકમાં આવી વસેલા ભારદ્વાજ ગોત્રના વિપ્ર સ્કંદવસુના પુત્ર માત્રાકાલને સારસકેદાર નામનું ક્ષેત્ર આપ્યાનો ઉલ્લેખ છે. અને ગુ. વ. સંવત ૩૪૬-ઈ. સ. ૬૬૬ના સમ્રાટ શીલાદિત્ય ૩જાનું તામ્રપત્ર મળ્યું છે તેમાં ગિરિનગરથી આવેલા અને સિંધપુરમાં રહેતા વત્સગોત્રના વિપ્ર વિદ્દલેશ્વર તથા તેના પુત્ર નાગને હસ્તવપ્રાહારમાં આવેલા કચ્ચાણુક ગામે ક્ષેત્ર આપ્યાનો ઉલ્લેખ છે. આ બંને તામ્રપત્રોનો અભ્યાસ કરતાં જણાય છે કે ઈ. સ. ૬૩૨માં અને ઈ. સ. ૬૬૬માં બ્રાહ્મણો ગિરિનગર છોડીને અન્યત્ર ગયા છે. આ બંને દાનપત્રો હ્યુએનસાંગ આવ્યો તે પહેલાનાં અને પછીનાં છે એટલે એવું અનુમાન થઈ શકે કે ઈ. સ. ૬૩૨ આસપાસથી ગિરિનગરની પ્રજા ગમે તે કારણે નગર છોડીને અન્યત્ર જવા માંડી હતી અને ઈ. સ. ૭૭૦માં વલભીનું પતન થયું ત્યારે ગિરિનગરનું પણ પતન થઇ ગયું હતું.

વલભી સામ્રાજ્યનો ઈ. સ. ૭૭૦ આસપાસ નાશ થયો તે પછી સૌરાષ્ટ્રમાં અરાજકતા વ્યાપી. જૂનાં રાજ્યો અને રાજકુળો નષ્ટ થયાં, નવાં રાજ્યો સ્થપાયાં અને નવાં રાજકુળોએ અધિકાર પ્રાપ્ત કર્યો. બૌદ્ધ ધર્મનો ઉચ્છેદ થયો પણ પૌરાણિક ધર્મ અને જૈન ધર્મ આ ઝંઝાવાતમાં ટકી રહ્યાં. સંસ્કૃત ભાષાનું સ્થાન પ્રાકૃતે લીધું અને રાજ્ય તંત્ર, વ્યાપાર, વ્યવહાર અને વિચારોમાં ક્રાન્તિકારી પરિવર્તન આવ્યું. દેશમાં અનેક નવાં નગરો અને ગામો વસ્યાં અને અનેક નાશ પામ્યાં. આ પરિસ્થિતિ એકસો વર્ષ પર્યંત રહી અને ઈ. સ. ૮૭૫માં વંથળીમાં ચંદ્રચૂડ યાદવે રાજગાદી સ્થાપી તે પછી પ્રજા જીવનમાં કાંઇક સ્થિરતા આવી. આ એકસો પાંચ વર્ષના અંધાર યુગમાં ગિરિનગરનું અસ્તિત્વ ભૂંસાઈ ગયું કે તેની અગત્ય નામશેષ થઈ ગઇ.

# ૩

## ચુડાસમા વંશ

### ચંદ્રચૂડ

ઈ. સ. ૭૭૦માં વલભી સામ્રાજ્યનો ઉચ્છેદ થયો ત્યારે વલભીપુરના ઘેરામાંથી બચેલાં સમ્રાટનાં કુટુંબીઓ અને આપ્તજનો મેવાડમાં ચાલ્યાં ગયાં અને અહીંની પરિસ્થિતિ શાંત થતાં પાછાં આવીને જુદાં જુદાં રાજ્યો સ્થાપ્યાં. તે સમયે વંથળીના જાગીરદારવાળા વેરસીએ વંથળીમાં નાનું પણ સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. વાળા વેરસીનો એકમાત્ર પુત્ર વાળા રામ હતો તેનો પુત્ર દેશવટે ગયો અને તે પાછો ન આવતાં તેણે તેની પુત્રીના પુત્ર યદુવંશીય ચંદ્રચૂડ સમાને પોતાના યુવરાજપદે સ્થાપ્યો.

ચંદ્રચૂડ સિંધમાં આવેલા નગરઠઠ્ઠાના યદુવંશીય રાજાનો પુત્ર હતો. અને ઈ. સ. ૮૭૫માં વાળા રામ ગુજરી ગયો ત્યારે તે તેના માતામહની ગાદીએ બેઠો. ચંદ્રચૂડે તેના રાજ્યનો વિસ્તાર વધાર્યો, ઝાડીઓ કપાવી ત્યાં ખેતી માટે જમીનો આબાદ કરી અને નવાં ગામો વસાવ્યાં.

### ગ્રહાર

ચંદ્રચૂડ ઈ.સ. ૯૦૭માં ગુજરી ગયો અને તેની પાટે પૌત્ર મૂલરાજ બેઠો. તેણે પણ રાજવિસ્તારની પ્રવૃત્તિ ચાલુ રાખી. તે ઈ. સ. ૯૪૦માં ગુજરી ગયો ત્યારે તેનો પરાક્રમી પુત્ર ગ્રહાર, ધાર, કે ધારિયો કે જેને જૈન લેખકોએ ગ્રહરિપુ, ગ્રહારસિંહ કે ગ્રહાર કહ્યો છે તે વંથળીનો સ્વામી થયો. તેનું ઉપનામ સંગ્રામસિંહ પણ હતું.

સામાન્ય રીતે એવી માન્યતા છે કે ગ્રહારના સમયમાં એક કઠિયારાએ આપેલી બાતમી ઉપરથી ઉપરકોટ અને નગર ઉપર ઊગી ગયેલાં વૃક્ષોની ગીચ ઝાડી કપાવી ગિરિદુર્ગ અને જીર્ણદુર્ગ શોધી કાઢવામાં આવ્યાં. પરંતુ પ્રભાસ-ખંડમાં કરેલા ઉલ્લેખ ઉપરથી જણાય છે કે ગિરિદુર્ગ નવસાધ્ય કરવાનું કાર્ય તેના પહેલાં થઈ ગયું હશે. ગમે તેમ હોય પણ રાહ ગ્રહારના સમયમાં ઉપરકોટને યુદ્ધો થાય ત્યારે આક્રમકોનો પ્રતિકાર કરવા માટે સુસજ્જ કરવામાં આવ્યો હશે.

ગિરિનગર નામ લુપ્ત થયું અને ઝાડીઓમાં જૂનો કિલ્લો તથા નગરનાં ખંડિયેરો જોવા મળ્યાં તેથી કિલ્લાને જીર્ણદુર્ગ કહ્યો અને તેની પાસે વસેલા નવા નગરનું નામ પણ જીર્ણદુર્ગ થઈ ગયું.

રાહ ગ્રહાર વીર અને પરાક્રમી રાજા હતો. તેણે સૌરાષ્ટ્રનો ઘણોખરો પ્રદેશ જીતી લઈ ગુજરાત ઉપર મીટ માંડી. જેની આગેકૂચ રોકવા માટે ગુજ-રાત પાટણના રાજા મૂળરાજ સોલંકીએ તેના ઉપર વારંવાર ચડાઈઓ કરી અને અંતે ઈ. સ. ૯૭૯માં તેણે રાહ ગ્રહારને પરાજિત કર્યો. પરાજયના આઘાતથી તે ઈ. સ. ૯૮૨માં ગુજરી ગયો.

રાહ કવાટ ગ્રહારના પુત્ર અને અનુગામી રાહ કવાટને શિયાળબેટના અનંત-સેન ચાવડાએ દગાથી કેદ કરી કાષ્ટ પીંજરામાં પૂરેલો. તેને તેના મામા તથા સેનાપતિ ઉગાવાળા વા ઉગ્રસેને મુક્ત કરાવ્યો. આ ઉગાવાળા કે ઉગ્રસેને ઉપરકોટમાં સમારકામ કરાવ્યું કે તેને સવિશેષ સજ્જિત કર્યો તેથી કદાચ ઉપરકોટ ઉગ્રસેનગઢ કહેવાયો !

**દયાસ**

રાહ કવાટના મૃત્યુ પછી તેનો પુત્ર દયાસ સોરઠની ગાદીએ આવ્યો. તેણે ગુજરાતના રાજા દુર્લભસેન સામે તેના પિતામહે સોરઠને પરાજય આપેલો તેથી તેની રાણીને યાત્રાવેરો આપ્યા સિવાય દામોદરકુંડમાં સ્નાન કરવા દીધું નહિ તેથી પાટણપતિનાં સૈન્યો વંથળી ઉપર ચડયાં રાહ. દયાસે ઉપરકોટમાં રહી પાટણના સૈન્યનો પ્રતિકાર કર્યો. દીર્ઘકાળ ચાલેલા ઘેરાના અંતે ગુજરા-તના સેનાપતિએ બીજલ નામના ચારણને મોકલી રાહનું માથું દાનમાં મેળવ્યું. રાહે સ્વહસ્તે પોતાનું શિશ ચારણને સોંપતાં ઉપરકોટ પડયો અને રાહની રાણી સતી થઈ અને તેની દાસી બાલપુત્ર નવઘણને લઈ બોડીદર ગામે જઈ દેવાયત બોદર નામના આહિરને સોંપી આવ્યો. સોરઠ ઉપર ગુજરાતની હકૂમત થઈ.

દીવાન રણછોડજી તારીખે સોરઠમાં આ વાર્તા બીજા સ્વરૂપે આપે છે. તેના પ્રમાણે રા' દયાસે ગુજરાતના રાજકુટુંબ સાથે આવેલી રાજકન્યાના હાથની માગણી કરેલી. રાહનો પ્રતિકાર કરવાનું ત્યારે શક્ય હતું નહિ. તેથી તે માગણી સ્વીકારી લેવામાં આવી અને કહેવામાં આવ્યું કે રાજકન્યાને સામેથી પરણાવવા લાવવામાં આવશે. થોડા દિવસે રથોમાં સૈનિકોને બેસાડી પડદાઓ બંધ કરી તેમાં જાનડીઓ છે એમ કરી જૂનાગઢના રાજમહેલમાં રથો દાખલ થયા. તેના પૈડાનો અવાજ સાંભળી એક જન્મઅંધ ચોકીદારે કહ્યું કે રથમાં સ્ત્રીઓ નહિ પણ લોખંડી પુરુષો બેઠા છે. આ સાંભળી સૈનિકો કૂદી પડયા અને યુદ્ધ થયું તેમાં રાહ મરાયો.

## નવઘણ ૧લો

નવઘણ બોડીદરમાં દેવાયત આહિરને ત્યાં ઊછરી મોટો થયો અને તે પંદર વર્ષનો થતાં દેવાયતે આહિરોને એકત્ર કરી તેની મદદથી જૂનાગઢ લીધું અને નવઘણને સોરઠનું રાજતિલક કર્યું.

લોકસાહિત્યમાં અતિ પ્રચલિત એવી આ કથામાં દેવાયતે જૂનાગઢ લીધું હોવાનું સ્પષ્ટ રીતે કહેવામાં આવ્યું છે અને તે વિધાન સ્વીકારીએ તો ઈ. સ. ૧૦૧૦માં રાહ દયાસના મૃત્યુસમયે વંથળીનું પતન થયું ત્યારે ગુજરાતના સૂબાએ તેની રાજધાની વંથળીથી ફેરવી જીર્ણદુર્ગમાં રાખી હશે તેમ માની શકાય.

ઈ.સ. ૧૦૨૫માં મહમૂદ ગીઝની સોમનાથ ઉપર ચડી આવ્યો અને સોમનાથમાં લૂંટ કરી તરત જ પાછો ગયો. તેના ઈતિહાસકારો તેના આવ્યા અને ગયાના માર્ગોમાં આવતાં નગરોનું બારીક વર્ણન કરે છે પરંતુ કોઈ સ્થળે તેમણે જીર્ણદુર્ગનો ઉલ્લેખ કર્યો નથી અને તેથી સ્પષ્ટપણે જાણી શકાય છે કે તે આવતી કે જતી વખતે જીર્ણદુર્ગ આવેલો નહિ.[1]

નવઘણના સમયમાં ઢાંકમાં નાગાર્જુન નામનો રાજા હતો. તે રસાયણ-શાસ્ત્રી હતો. તેની સંશોધનશાળામાં રહેતા જૂનાગઢના નાગર પંડિત યશોધરે રસ રત્નાકર નામના ગ્રંથની રચનામાં પ્રધાન કાર્ય કર્યું.[2]

---

1 જુઓ "પ્રભાસ અને સોમનાથ", શં. હ. દેશાઈ

૧ રસ રત્નાકર "નમઃ હાટકેશ્વરાય"થી શરૂ થાય છે અને તે યશોધરે લખ્યો છે. રસ રત્નાકરની એક આવૃતિ ભુવનેશ્વરી પીઠ ગોંડલ તરફથી પ્રકાશિત થઈ છે. મારી પાસે હસ્તલિખિત પ્રત છે.

## નવઘણ ૨ જો

નવઘણ ઈ. સ. ૧૦૪૪માં ગુજરી ગયો અને તેનો અનુગામી ખેંગાર ઈ. સ. ૧૦૬૭માં મૃત્યુ પામ્યો. તેનો પુત્ર નવઘણ ૨ જો મહા પરાક્રમી રાજા થયો. તેણે સૌરાષ્ટ્રના ઘણા પ્રદેશો જીતી લીધા અને ગુજરાત પાટણ ઉપર પણ ચડાઈ કરી ત્યારે પાટણના મંત્રીઓએ ઉમેટાના ઠાકોર હરરાજ મહીડાને તેની પાસે વિષ્ટિ કરવા મોકલ્યો. નવઘણે જ્યારે તેની શર્તો સ્વીકારી નહિ ત્યારે હરરાજે તેને ભરવાડ કહી તેનું અપમાન કર્યું. રાહે પાટણની ચડાઈ-માંથી પરવારી ઉમેટા ઉપર ચડાઈ કરી અને હરરાજે તેની પુત્રી રાહને પરણાવી ઉમેટા બચાવ્યું. આ પ્રસંગે હરરાજના પુત્ર હંસરાજે કહેલું કે એક દિવસ હું નવઘણનું માથું કાપી લઈશ. નવઘણ ત્યાંથી વળ્યો ત્યારે માર્ગમાં આવતાં ભોંયરાના ઠાકોરે કહ્યું કે ભોંયરાનો ગઢ હજી ચણાય છે જો તે પૂરો થઈ ગયો હોત તો હરરાજની કન્યા ભોંયરામાં જ રહેત. નવઘણ ગુજરાત પાટણ તરફ જતાં એકગર એવો ઘેરાઈ ગયો કે તેને શરણાગતિ યાચવી પડી. આ પ્રસંગનું અતિશયોક્તિભર્યા કાવ્યમાં મેસણ નામના ભાટે વર્ણન કર્યું તેથી નવઘણે તેના ગાલ ફાડવાની, હરરાજને મારવાની, ભોંય-રાનો કિલ્લો તોડવાની અને પાટણના દુર્ગ ઉપર ચડાઈ કરવાની પ્રતિજ્ઞા કરી પરંતુ તે પૂરી થાય તે પહેલાં તે ગુજરી ગયો. તેના મૃત્યુના સમયે આ ચારે પ્રતિજ્ઞાઓ પૂર્ણ કરવાની તેના ચાર પુત્રોમાં ખેંગારે બાંહેધરી આપતાં તે તેની ગાદીએ બેઠો.

ખેંગારને આ પ્રતિજ્ઞા પૂરી કરવાની હતી અને તેમ કરવામાં પ્રબળ શત્રુઓનો સામનો કરવાનો હતો તેથી તેણે તેની રાજધાની વંથળીથી જીર્ણ-દુર્ગ ફેરવી અને તેના પિતા રાહ નવઘણે ઉપરકોટમાં બાંધવાની શરૂઆત કરેલી તે નવઘણ કૂવો અને અડીચડીવાવ સંપૂર્ણ કરી પાણીનો પુરવઠો પૂરતો મળે તે માટે પ્રબંધ કર્યો તથા અનાજ માટે એક મોટો કોઠાર બનાવ્યો અને તેમાં મોટો સંગ્રહ કર્યો તે સાથે આયુધો અને અસ્ત્રશસ્ત્રની પણ જમાવટ કરી એક બળવાન સૈન્ય સુસજ્જિત કર્યું.

ખેંગારે ભોંયરાનો કિલ્લો ધરાશાયી કર્યો, ઉમેટાના હંસરાજ મહિડાને માર્યો અને ગુજરાતના પાટનગર પાટણ ઉપર ચડી જઈ ત્યાંના કિલ્લાના થોડા પથ્થરો પાડી નગરના દ્વારે ઊભા રહી સિદ્ધરાજ જયસિંહને આહ્વાન મોકલ્યું કે “જેમ સિદ્ધરાજનો કિલ્લો તોડી જૂનાગઢનો રાહ પથ્થરો લઈ જાય છે તેમાં

તેના રાજમહેલનાં આભૂષણો પણ લઈ જશે તેથી તેની રક્ષા કરવાને જાગૃત રહે.''

આ સમયે સિદ્ધરાજ માળવામાં હતો, તેને આ સમાચાર મળતાં તે પાટણ આવ્યો અને જીર્ણદુર્ગ ઉપર આક્રમણ કરી તેના થયેલા અપમાનનો બદલો લેવા કૃતનિશ્ચયી બન્યો.

સિદ્ધરાજને, પ્રબંધ ચિંતામણિમાં જણાવ્યા પ્રમાણે ખેંગારે અગ્યાર વખત હરાવ્યો હતો તેથી તેણે વઢવાણ વગેરે નગરોમાં દુર્ગો બંધાવી તે પોતે જ એક બળવાન સૈન્ય લઈને જૂનાગઢ ઉપર ચડયો.

સિદ્ધરાજે ઉપરકોટ ઘેર્યો અને રાહ ખેંગારે પણ તેટલા જ ઉત્સાહથી તેનો પ્રતિકાર કર્યો. આ ઘેરો કેટલા વર્ષ ચાલ્યો તે ચોક્કસપણે કહી શકાય એમ નથી પરંતુ લોકવાર્તા અનુસાર બાર વર્ષ પર્યંત સિદ્ધરાજ, રાહ ખેંગારને નમાવવા માટે પુરુષાર્થ અને પરિશ્રમ કરતો રહ્યો અને ખેંગાર દીર્ઘકાળથી ઘેરાયેલો હોવા છતાં નિરુત્સાહ કે નિરાશ ન થયો.

અંતે રાહ ખેંગારના સોલંકી ભાણેજો દેશળ તથા વીશળે ખુટામણ કરી દુર્ગના દ્વારો ઉઘડાવી, સિદ્ધરાજનાં સૈન્યોને અંદર પ્રવેશ કરવાનું સરલ કરી આપ્યું. સિદ્ધરાજનાં સૈન્યો દગાથી દાખલ થયાં. રાહ ખેંગાર મરાયો અને જીર્ણદુર્ગ ઈ. સ. ૧૧૧૪માં સિદ્ધરાજના હાથમાં પડયું.

## રાણકદેવી

સિદ્ધરાજની ચડાઈ શા માટે થઇ હતી તેનું કારણ સમજાવતી એક સુંદર વાર્તા લોક સાહિત્યમાં અને પ્રબંધ ચિંતામણિ વગેરે જૈન ગ્રંથોમાં, જુદા જુદા સ્વરૂપે પ્રસિદ્ધ થઈ છે.

જીર્ણદુર્ગ પાસે મજેવડી નામના ગામમાં હડમત નામનો એક કુંભાર રહેતો. શેરપાવરના પરમાર રાજાની જન્મતાં વેંત તજી દેવાયેલી પુત્રી તેને વગડામાંથી મળી. હડમતે આ કન્યાને ઉછેરીને મોટી કરી અને તેનું નામ રાણક પાડયું. રાણકદેવી રાજપુત્રી હતી અને વયમાં આવતાં તે સ્વરૂપવાન અને નમણી હોવાથી કચ્છના જામ લાખા જાડેજાએ તેના હાથની માગણી કરી. હડમતની ઈચ્છા જામ લાખાને, રાણક આપવાની ન હતી તેથી પોતાના કુટુંબ સાથે તે રાતોરાત નાસી છૂટયો અને જીર્ણદુર્ગ પાસે મજેવડી વસતું હતું ત્યાં વસી ગયો.

એકવાર સિદ્ધરાજના દસોંદી ભાટો, લાલો, લંગડ, ચંચ અને ડમલ, પ્રભાસથી પાછા વળતાં મજેવડી આવ્યા. બાજે પણ સોરઠમાં રિવાજ છે

તેમ અજાણ્યા ગામમાં આવેલા પ્રવાસીઓને કોઈ સગાં સ્નેહી કે નાતીલા ન હોય તો તે કુંભારને ઘરે ઊતરે છે તે પ્રમાણે તેઓ હડમતને ત્યાં રાત રોકાયા. તેઓએ રાણકનું અપ્રતિમ સૌંદર્ય જોઈ વિચાર્યું કે આ કન્યા કુંભારની નથી તેમ કુંભારને ત્યાં રહેવા સરજાઇ નથી. તે કોઈ રાજાની રાણી થવા યોગ્ય છે. તેઓએ પાટણ પહોંચી સિદ્ધરાજને રાણકના રૂપની વાત કરી તેથી આ કામી રાજાએ તરત જ તેઓને પાછા મજેવડી જઈ રાણકના માંગા કરવા કહ્યું. ભાટો શીઘ્ર મજેવડી આવ્યા અને તેઓએ હડમતને સમજાવી સિદ્ધરાજના માંગાનો સ્વીકાર કરાવ્યો.

આ સમાચાર રાહ ખેંગારને મળતાં તેના ભાણેજો દેશળ અને વીશળની સલાહથી અને આગ્રહથી હડમતને દબાવી રાણકના માગાં કર્યાં. હડમતે કહ્યું કે મેં સિદ્ધરાજ જેવા રાજાને વાગ્દાન કરી દીધું છે અને એવા સમર્થ રાજાને છંછેડવાનું સાહસ કરવાનું ઉચિત અને યોગ્ય નથી ત્યારે ખેંગારે કહ્યું કે પાટણનો કિલ્લો મેં તોડયો ત્યારથી સિદ્ધરાજનાં સૈન્યોની હું પ્રતીક્ષા કરી રહ્યો છું. તેને મેં અનેક વાર પરાજિત કર્યો છે અને હજી ભલે જીર્ણદુર્ગ ઉપર ચડી આવવું હોય તો આવે. તે રાણકને પરણ્યો.

સિદ્ધરાજે જ્યારે જાણ્યું કે રાહ ખેંગારે રાણક સાથે લગ્ન કર્યાં ત્યારે તેના ક્રોધનો પાર રહ્યો નહિ. તેણે જીર્ણદુર્ગ આવી ઉપરકોટ ઘેર્યો. ઘેરો ચાલતો હતો ત્યારે દેશળ વીશળે તેની માતાની શિખામણથી સિદ્ધરાજને મળી દગાથી દુર્ગનાં દ્વારો ખોલાવી શત્રુસૈન્યોને પ્રવેશ કરવા દીધો. દુર્ગમાં મચેલા યુધ્ધમાં ખેંગાર મરાયો અને દેશળ વીશળ સિધ્ધરાજને લઈ રાણકદેવીના મહેલમાં ગયા. સિદ્ધરાજે રાણકદેવીને પાટણના રાજમહેલમાં આવવા આમંત્રણ આપ્યું પરંતુ આર્યનારી એકની બે ન થઈ ત્યારે તેણે તેની દૃષ્ટિ સમક્ષ તેના બાલપુત્ર દગાયચાનો ઘાત કર્યો અને તેને બળાત્કારે ઉપાડી પાટણ લઈ ચાલ્યો. માર્ગમાં વઢવાણ પાસે રાણકદેવી સતી થઈ અને સિદ્ધરાજને શાપ આપ્યો કે તું અને તારા અનુગામીઓ કોઢિયા થશો.[1]

પ્રબંધ ચિંતામણિ એવી વાર્તા કહે છે છે, "એક વખત શ્રી સિદ્ધરાજે આભીરોના રાણા નવઘણને તાબે કરવાની તૈયારી કરી પણ પહેલાં અગ્યાર વખત પોતાનું સૈન્ય તેનાથી હારેલું હોવાથી શ્રી વઢવાણ વગેરે શહેરોના કિલ્લાઓ બંધાવી જાતે જ પ્રયાણ કર્યું. નવઘણના ભાણેજોએ ગઢને તોડવાનો માર્ગ બતાવતી વખતે એવો કરાર કરેલો કે ગઢ હાથમાં આવે ત્યારે નવઘણને

---

1 રાણકદેવીની વિસ્તૃત વાર્તા માટે જુઓ 'સૌરાષ્ટ્રનો ઈતિહાસ' – શં. હ. દેશાઈ

અસ્ત્રો વગેરેથી નહિ પણ દ્રવ્યથી મારવો. આ કરાર રાણીઓએ વચ્ચે પડીને કરાવેલો હોવા છતાં નવઘણને (તેના) વિશાળ મકાનમાંથી બહાર ખેંચી કાઢી દ્રવ્ય રાખવાનાં વાસણોથી જ મારીને મારી નાખ્યો અને તેને દ્રવ્યથી જ માર્યો છે એ પ્રમાણે તેની રાણીઓને શબ્દછળથી સમજાવી."[1]

આર્ય રાજાને યોગ્ય નહિ એવા છળકપટથી, આ નિર્દય, કામી ક્રુર રાજાએ એક પરિણીત સ્ત્રીને પોતાના અંતઃપુરમાં લઈ જવા રાહ ખેંગારને મારી જીર્ણદુર્ગ ઉપર પોતાનો અધિકાર સ્થાપ્યો.[2]

## સિધ્ધરાજનો અમલ

રાહ ખેંગારનું મૃત્યુ થતાં સિદ્ધરાજે સોરઠને ગુજરાતના ખાલસા પ્રદેશોમાં જોડી દીધું અને ત્યાંના તંત્રવહન માટે સજ્જન કે સજ્જનને દંડાધિપતિ પદે નિયુક્ત કર્યો.

સાજને સિદ્ધરાજની આજ્ઞા કે અનુમતિ લીધા સિવાય સોરઠ દેશની ત્રણ વર્ષની ઊપજ ગિરનાર પર્વત ઉપર નેમિનાથનું કાષ્ઠ મંદિર હતું તેને સ્થળે પાષાણનું મંદિર ચણાવવામાં વ્યય કરી નાખી. સિદ્ધરાજે જ્યારે તેનો ખુલાસો પૂછયો ત્યારે સાજને ત્રણ વર્ષની ઊપજની રકમ થાય એટલું દ્રવ્ય સિદ્ધરાજ પાસે મૂકીને કહ્યું કે "કાં તો આ દ્રવ્ય સ્વીકારો અને કાં તો જીર્ણોદ્ધારનું પુણ્ય લો." સિદ્ધરાજે પુણ્ય લીધું અને સાજનને સોરઠના દંડાધિપતિપદે રહેવા દીધો.

આ પ્રશ્ને જૈન લેખકોમાં એકવાક્યતા નથી. કુમારપાળ પ્રબંધ પ્રમાણે આ જીર્ણોદ્ધાર સિદ્ધરાજના પિતા કર્ણના સમયમાં સાજને કર્યો હતો અને અને સિદ્ધરાજને દ્રવ્ય કે પુણ્ય લેવાનો પ્રસ્તાવ સાજનના મૃત્યુ પછી તેના પુત્ર પરશુરામે કર્યો હતો.

પ્રભાવક ચરિત્ર કહે છે કે સાજને શ્રી નેમિનાથના દહેરાનો જીર્ણોદ્ધાર કરવામાં સત્તાવીશ લાખ દ્રમ ખર્ચ્યા હતા. આ રેવંતગિરિ રાસુમાં આ જીર્ણોદ્ધાર

---

1 પ્રબંધ ચિંતામણિ – શ્રી. દુ. કે. શાસ્ત્રી, જૈન ગ્રંથોમાં ખેંગાર અને નવઘણનાં નામોની સેળભેળ કરવામાં આવી છે.

2 દાહોદના ઈ. સ. ૧૧૪૦–વિ. સં. ૧૧૯૬ના લેખમાં લખ્યું છે કે;

**श्री जयसिंह देवोस्ति भूपो गुर्जरमंडले येन कारागृहे क्षिप्तौ सुराष्ट्र मालवेश्वरौः**

ગુર્જર રાજા જયસિંહ દેવે સુરાષ્ટ્ર અને માલવાના રાજાઓને કારાગૃહમાં પૂર્યા. આ વિધાન ઇતિહાસના પ્રમાણોથી વિરુદ્ધ છે.

વિ. સ. ૧૧૮૫માં કરવામાં આવ્યો હતો એમ લખ્યું છે.

ગિરનાર માહાત્મ્યમાં એવી પણ વાત છે કે જ્યારે સિદ્ધરાજે સાજનને ખુલાસા માટે બોલાવ્યો ત્યારે તેણે ફાળો કર્યો તેમાં થાણા દેવળીના ભીમા કુંડળિયા નામના ગૃહસ્થે સાજનને સ્વગૃહે આમંત્રી સાડી બાવીસ કરોડ સોનૈયા આપવા કહેલું. સાજને ધાર્મિક કાર્ય કર્યું છે અને તેના ઉપર આપત્તિ આવે છે તે કારણે આ ઉદારાત્માએ આ ધન સિદ્ધરાજને ભરી દેવા આપેલું. સિદ્ધરાજે જ્યારે ધન લીધું નહિ ત્યારે ભીમાએ અઢાર રત્નોનો હાર શ્રી નેમિનાથને પહેરાવી દીધો તથા ભીમકુંડ સમરાવ્યો.[1]

સિદ્ધરાજે સોમેશ્વરની યાત્રા કરી અને ગિરનાર ઉપર સાજને બાંધેલાં મંદિરમાં દર્શન કરવા ગિરનાર ઉપર જવા ગયો ત્યાં બ્રાહ્મણોએ "આ પર્વત શિવલિંગ આકારનો છે માટે તેના ઉપર પગ મુકાય નહિ" તેમ કહી જવા ન દીધો. બ્રાહ્મણો હાથમાં તલવારો લઇ આડા ઊભા તેથી રાજા કાપડીનો વેશ પહેરી રાત્રીના સમયે ગિરનાર ઉપર ચડી ગયો અને યુગાદિ દેવોને ગંગાજળથી સ્નાન કરાવ્યું. તે પછી તેને અવર્ણનીય આનંદ ઊપજતાં, ગિરનાર પાસેના બાર ગામો શ્રી દેવની પૂજા માટે અર્પણ કર્યાં."[2]

## નવઘણ ૩ જો

રાહ ખેંગારના મૃત્યુ સમયે તેનો યુવરાજ નવઘણ તેના મોસાળમાં હતો. તેણે ખેંગારના મંત્રી સોમરાજની સહાયથી સોરઠની પ્રજાને ઉશ્કેરી બળવો કરી સિદ્ધરાજનાં થાણાંઓ ઉઠાડી મૂક્યાં અને ઈ. સ. ૧૧૨૫માં તેના મામા જેઠવા રાણા નાગજી તથા મંત્રી સોમરાજની સહાયથી તે જીર્ણદુર્ગની ગાદીએ બેઠો.

મંત્રી સોમરાજે તરત જ પાટણ જઈ સિદ્ધરાજને ખંડણીભરી તેનું સાર્વભૌમત્વ સ્વીકાર્યું.

## કવાટ ૨ જો

નવઘણના મૃત્યુ પછી ઈ. સ. ૧૧૪૦માં રાહ કવાટ બીજો ગાદિપતિ થયો. ઈ. સ. ૧૧૪૩માં કુમારપાળ ગાદીએ આવ્યો. કવાટે કુમારપાળના અધિકારની અવગણના કરી પરંતુ તેનો વિરોધ બહુવાર ટક્યો નહિ. કુમારપાળ આગળ તેનું સાર્વભૌમત્વ સ્વીકારવું પડ્યું. આ રાહના સમયમાં ભાવબૃહસ્પ-

1 ગિરનાર માહાત્મ્ય—શ્રી દો. પુ. બરોડિયા. વિશેષ માટે જુઓ ગિરનાર પ્રકરણ.

2 પ્રબંધ ચિંતામણિ

તેની સૂચનાથી કુમારપાળે સોમનાથનું દેવાલય બાંધ્યું. તેની પ્રતિષ્ઠામાં કુમારપાળ આવેલો પણ ગમે તે કારણસર કવાટ ત્યાં ગયો નહિ.[1]

આ સમયે સોરઠના સુંવર, સુંદર કે સાઉસર નામના કોઈ સરદાર કે રાજા સામે, કુમારપાળે વયોવૃદ્ધ સેનાની ઉદ્દા વા ઉદયનને મોટું સૈન્ય લઈને મોકલ્યો પરંતુ તેને સજ્જડ પરાજય મળતાં તે મૃત્યુ પામ્યો અને તેનો પુત્ર વાહડ વા વાગ્ભટ્ટ ઈ. સ. ૧૧૫૨માં સોરઠ ઉપર ચડયો. આ પ્રસંગે રાહ કવાટનાં સૈન્યો સાથે તેને ભીષણ યુદ્ધ થયું તેમાં કવાટ મરાઈ ગયો.[2]

## જયસિંહ ૧લો

રાહ કવાટનું મૃત્યુ થતાં સોરઠને પુનઃ ગુજરાતના રાજ્યમાં ભેળવી દેવામાં આવ્યું. કવાટના યુવરાજ ખેંગારે કુમારપાળનું આધિપત્ય સ્વીકારી સોરઠની ગાદીએ બેસવા ઈન્કાર કર્યો ત્યારે સદાને માટે રાજ્ય ન ગુમાવી દેવાય તે કારણે કવાટનો દ્વિતીય કુંવર દયાસ ઉર્ફે અહાર કુમારપાળનું સાર્વભૌમત્વ સ્વીકારી જયસિંહ નામ ધારણ કરીને જીર્ણદુર્ગની ગાદીએ બેઠો.

જયસિંહ સોરઠનું તંત્ર મંત્રીઓને આધીન કરી કનોજ ગયો અને ત્યાંના મહારાજા જયચંદ્ર રાઠોડ પાસે રહ્યો. જયચંદ્ર તેને કનોજ તંત્ર સોંપી, પૃથ્વીરાજ ચૌહાણ સામેનાં યુદ્ધોમાં પ્રવૃત્ત થયો. જયસિંહે આ તક ઝડપી લઈ કનોજનું રાજ્ય સ્વાધીન કર્યું. પણ તે પછી જયચંદ્રના દસોંદીની સમજાવટથી જયસિંહે જયચંદ્ર પાસેથી પુષ્કળ દ્રવ્ય લઈ કનોજ છોડી દીધું અને આ દ્રવ્યની સહાયથી એક સૈન્ય ઊભું કરી ગ્વાલિયરનો કિલ્લો હસ્તગત કરી લીધો. આ પ્રદેશ તેના અધિકારમાં કયાં સુધી રહ્યો તે જાણવામાં આવ્યું નથી.

ઈ. સ. ૧૧૭૪માં કુમારપાળ મૃત્યુ પામ્યો અને જયસિંહે તરત જ સંપૂર્ણ સ્વતંત્રતા જાહેર કરી.

કુમારપાળનો અનુગામી અજયપાળ ઈ. સ. ૧૧૭૭માં ગુજરી ગયો અને તેના પુત્ર બાળમૂળરાજને ગાદીએ બેસાડી ગુજરાતનું તંત્ર તેના કાકા ભીમદેવે હાથમાં લીધું. તેના સમયમાં ગીઝનીનો મુયઝ્ઝુદીન અહમદ બીન શામ ગોરી ગુજરાત ઉપર ચડી આવ્યો. ભીમે તેની સામે પ્રબળ સામનો કર્યો અને તેમાં તેના મિત્રો, સામંતો અને આધીન રાજાઓની સહાયથી તેને સજ્જડ પરાજય

---

1 વિગતો માટે જુઓ "પ્રભાસ અને સોમનાથ", શં. હ. દેશાઈ.

2 વિગતો માટે જુઓ "સૌરાષ્ટ્રનો ઇતિહાસ", શં. હ. દેશાઈ.

આપ્યો. આ યુદ્ધમાં જયસિંહ પણ ભીમની મદદે ગયેલો અને તેથી ભીમ સાથે તેને મૈત્રી થઈ.

બાળમૂળરાજ ઈ. સ. ૧૧૭૯માં બાલ્ય વયમાં જ ગુજરી જતાં ગુજરાતની ગાદીએ ભીમદેવ બેઠો.

## રાયસિંહ-મહિપાળ ૨ જો

ઈ. સ ૧૧૮૦માં જયસિંહ મૃત્યુ પામ્યો અને તેનો પુત્ર રાયસિંહ જીર્ણદુર્ગની ગાદીએ બેઠો. તે પણ ઈ. સ. ૧૧૮૪માં મૃત્યુ પામતાં તેનો યુવરાજ રાહ મહિપાળ નામ ધારણ કરી ગાદીએ બેઠો.

રાહ મહિપાલના સેનાપતિ ચૂડામણિએ શિરસાના વત્સરાજ નામના રાજાને હરાવ્યો. તેણે ચોરવાડ, માંગરોળ, આદિ પ્રદેશો જીતી લીધા અને મહોબા ઉપર ચડાઈ કરી. મહોબાના યુદ્ધમાં ચૂડામણિ મરાઈ ગયો. મહોબાનાં સૈન્યો સોરઠનાં સૈન્યો પાછળ પડયાં અને આબુ પાસે થયેલા ભયંકર યુદ્ધમાં સોરઠી સેના કપાઈ ગઈ અને રાહે તેની પુત્રી મોતીદે, મહોબાના મલને પરણાવી મુક્તિ મેળવી.[1]

આ રાહના સમયમાં ગિરનાર ઉપરનાં કેટલાંક જૈન મંદિરોનો જીર્ણોદ્ધાર થયો અને કેટલાંક નવાં મંદિરો બંધાયાં.

## જયમલ

રાહ મહિપાલ ઈ. સ. ૧૨૦૧માં ગુજરી ગયો અને તેની પાટે તેનો યુવરાજ જયમલ બેઠો. આ વિદ્વાન અને કવિ રાજા વિદ્વાનોને આશ્રય આપતો. તેના ગુણનું કથન કરતું "જયમલ જશ વર્ણન" નામનું કાવ્ય કોઈ કવિએ રચેલું છે.

## મહિપાલ ૩ જો

જયમલ ઈ. સ. ૧૨૩૦માં ગુજરી ગયો અને તેનો પુત્ર મહિપાલ ત્રીજો તેનો અનુગામી થયો. આ રાજા નિર્બળ અને દીર્ઘદૃષ્ટિ વગરનો હતો. જીર્ણદુર્ગથી માત્ર નવ માઈલ દૂર આવેલું વંથળી પણ તેના અધિકારમાં રહ્યું ન હતું.

---

1 ઉત્તર પ્રદેશમાં ઝાંસી જિલ્લામાં ચિરગાંવ અને બીજા ગામોમાં રાય ખેંગાર શાખના રાજપૂતો છે. તેઓ માને છે કે તેઓ ખેંગારના કુંવર ખેતસિંહ ઈ.સ. ૧૧૧૯ -માં જૂનાગઢની ગાદીએ હતો અને તેના ભાઈ જયસિંહને ગાદી આપી ગઢકુંડારનો રાજા થયો તેના વંશજો છે.

પાટણપતિ ભીમદેવ ઈ. સ. ૧૨૪૦માં ગુજરી જતાં, ગુજરાતની રાજશ્રી સોલંકી વંશથી રિસાઈ વાઘેલાઓને વરી. આ સંક્રાંતિ કાળને। રાહ મહિપાલ કાંઈ લાભ લઈ શકયો નહિ.

## વસ્તુપાલ-તેજપાલ

આ સમયમાં પાટણમાં વસ્તુપાલ અને તેજપાલ નામના બે પ્રાગ્વાટ પોરવાડ ભાઈઓ થઈ ગયા. તેઓ વીરધવલ વાઘેલાના મંત્રીપદે નિયુકત થયેલા. નિયુક્તિ વખતે તેઓએ ત્રણ લાખ દ્રમની પૂંજી લઈ એવી શર્ત રાજાની સેવા સ્વીકારી કે ભવિષ્યમાં રાજા કોપે તો પણ આ પૂંજી પાછી લેવી નહિ. વીરધવલ પાસેથી મળેલું ધન લઈ આ બંને ભાઈઓ ભાલ પ્રદેશના હડાળા ગામની સીમમાં દાટવા ગયા. જે સ્થળે ધન દાટયું હતું ત્યાં ખોદતાં ત્યાંથી અપાર ધનરાશિ પ્રાપ્ત થયો તે સાથે દેવીએ અંતરિક્ષમાંથી આજ્ઞા આપી કે તમારું દ્રવ્ય ભૂમિમાં ન દાટતાં પર્વત ઉપર રાખો કે સહુ કોઈ જોઈ શકે અને કોઈ લઇ જઈ ન શકે. આ ઉપરથી તેઓએ પુષ્કળ દ્રવ્ય ખરચીને ઈ સ. ૧૨૩૨માં ગિરનાર અને શત્રુંજય પર્વતા ઉપર અપ્રતિમ કલાકૌશલ્યનાં પ્રતીક જેવાં મંદિરો બંધાવ્યાં.[1]

વસ્તુપાલ અને તેજપાલ યુદ્ધ વિશારદ પણ હતા. તેઓએ ઈ. સ. ૧૨૨૦-૧૨૨૧માં જીર્ણદુર્ગના રાહ મહિપાલ પાસેથી ખંડણી વસૂલ કરી અને વીરધવલના સાળાઓ સાંગણ અને ચામુંડ વંથળીમાં અધિકાર ભોગવતા તેમને મારી વંથળીને। કોષ હસ્તગત કર્યો અને સાંગણના પુત્રને વંથળી આપ્યું. તેણે સૌરાષ્ટ્રના અન્ય રાજાઓને પણ નમાવી અપાર ધન અને યુદ્ધસામગ્રી. એકત્રિત કર્યાં.

આ સમયે મહિપાલ એટલો નિર્બળ થઈ ગયો હતો કે ગિરનાર ઉપર મંદિરો બાંધતી વખતે, આ ભાઈઓએ તેની અનુમતી તો નહિ પણ વિવેક ખાતર તેને માહિતી પણ આપવાનું આવશ્યક નહિ ગણ્યું હોય !

## તેજલપુર-કુંવર સરોવર

તેજપાલે આ મંદિરોના નિર્માણ પ્રસંગે "ગિરનારની તળેટીમાં ઉત્તમ ગઢ, મઢ અને પ્રભાવાળું તથા ઘરો અને આરામો વડે મનોહર એવું તેજલપુર વસાવ્યું. તે પુરમાં આશારાજ વિહાર, પાર્શ્વજિન શોભતા હતા. તેજપાલે નિજ જનનીના નામ ઉપરથી વિશાળ કુંવર સરોવર નિર્મિત કર્યું".[2] તે

---

1 જુઓ આ પુસ્તકમાં 'ગિરનાર' પ્રકરણ ૯મું.

2 રેવંતગિરિ રાસુ-શ્રી વિજયસેન સૂરી-સંશોધક-સંપાદક ડૉ. હરિવલ્લભ ભાયાણી.

નગરની પૂર્વ દિશામાં ઉગ્રસેનગઢ હતો.

જેમ વસ્તુપાલે તેની પત્નીઓ લલિતા અને સોળુકાદેવીના શ્રેયાર્થે ગિરનાર ઉપર મંદિરો બંધાવ્યાં તેમ તેજપાલે તેના પોતાના નામ ઉપર તેજલપુર વસાવ્યું અને તેની માની સ્મૃતિમાં કુંવર સરોવર બંધાવ્યું.

કેટલાક વિદ્વાનો રેવંતગિરિ રાસુના ઉપરોક્ત વિધાનના પ્રથમ ભાગના વાંચનથી એવું અનુમાન કરે છે કે તેજપાલે આ તેજલપુર ગામ 'ગિરનારને તલે' એટલે તલેટીમાં વસાવ્યું હતું પણ તેના બીજા ભાગમાં રાસુ લખે છે કે તે ગામની પૂર્વમાં ઉગ્રસેનગઢ હતો. નગરની અંદર આવેલો ઉપરકોટ ઉગ્રસેનગઢ કહેવાતો અને તે પ્રમાણ જોતાં, તેજલપુર ગિરનારની તળેટીમાં નહિ પણ ઉપરકોટની પશ્ચિમે હોય. આજે પણ ગિરનારથી પાંચ-પાંચ સાત-સાત માઈલ દૂર આવેલાં ગામો ગિરનારની તળેટીમાં કે ગિરનારની છાયામાં હોવાનું કહેવાય છે. "ગિરનારને તલે" એટલે પર્વતની લગોલગ તળેટીમાં જ હોવાનું માની લેવાનું બરાબર નથી. વળી રાસુ સ્પષ્ટ કહે છે કે તેજલપુરની પૂર્વે ઉગ્રસેનગઢ હતો. આ કિલ્લો ઉગ્રસેને બંધાવ્યો હોવાની માન્યતા ઈ.સ. ૧૮૨૦ સુધી તો પ્રચલિત હતી. તારીખે સોરઠના વિદ્વાન લેખક દીવાન રણછોડજી તેના ઈતિહાસ ગ્રંથમાં લખે છે કે આ કિલ્લો ઉગ્રસેન યાદવે બંધાવ્યો હતો. ઈ. સ. ૧૨૩૨માં શ્રી વિજયસેનસૂરીએ રેવંતગિરિ રાસુ લખ્યો ત્યારે ગિરિદુર્ગ-ઉપરકોટ-ઉગ્રસેને બંધાવ્યો હતો તેવી માન્યતા હશે અને તે ઉગ્રસેનગઢ કહેવાતો હશે.

જૂનાગઢ-ઉપરકોટની પશ્ચિમે મજેવડી માખીયાળા પાસે તેજપુરનો ઉજ્જડ ટીંબો આજ પણ તાજપુર નામે ઓળખાય છે. ત્યાં એક કાળે મંદિરો અને મકાનો હશે એમ સ્થળ જોતાં જણાય છે. જૂના માણસો તેને દેરાસરનું ગામ કહેતા અને કિંવદંતી હતી કે ત્યાં ઘણાં મંદિરો હતાં. આ તાજપુર કે તેજપુર તે તેજપાલનું વસાવેલું તેજલપુર હશે તેમાં સંશય નથી.[1]

તે પ્રમાણે કમર સરોવર, વિલિંગ્ડન ડામ અને પરિતળાવ પાસેનું કુંવર તળાવ હોવાનો પૂરતો સંભવ છે. ઈ. સ. ૧૯૦૮માં પ્રસિદ્ધ થયેલા "કીર્તિ કૌમુદી"ના ભાષાંતરમાં સ્વ. શ્રી વલ્લભજી હરિદત્ત આચાર્ય પણ આ કમર સરોવર તે કુંવર સરોવર હોવાનું કહે છે. ગિરનાર માહાત્મ્યના લેખક

1 ઉગ્રસેનગઢની પશ્ચિમે તેજલપુર હતું તેથી તે જૂનાગઢ, એવો એક નિરાધાર તર્ક પણ કરવામાં આવ્યો છે. "પથિક", સૌરાષ્ટ્ર અંક મે, જૂન, શ્રી કે. કા. શાસ્ત્રી.

શ્રી દોલતચંદ પુ. બરાડિયા પણ તેજપાલનું કમર સરોવર આ જ સ્થળે છે તેમ કહે છે.

વસ્તુપાલે તથા તેજપાલે વિ. સં. ૧૨૪૯, ૧૨૫૦, ૧૨૭૭, ૧૨૮૦, ૧૨૯૧ અને ૧૨૯૩માં એમ છ વાર સંઘ કાઢી ગિરનારની યાત્રા કરી તથા અઢાર કરોડ જેટલો ખર્ચ કર્યો. આ બંને ભાઈઓ શસ્ત્રવિદ્યા અને શાસ્ત્રોના જ્ઞાતા હતા. તેઓએ ગિરનાર, આબુ અને શત્રુંજય પર્વતો ઉપર સુંદર મંદિરો બાંધી અમર કીર્તિ પ્રાપ્ત કરી છે.[1]

## ખેંગાર ત્રીજો

મહિપાળ ત્રીજો ઈ. સ. ૧ ૫૩માં કાઠીઓ સામે લડતાં માર્યો ગયો અને તેની પાટે તેનો યુવરાજ ખેંગાર બેઠો.

ખેંગાર તથા ઢાંકનો વાળો ઠાકોર ઉગાવાળો વા અર્જુનસિંહ પરમ મિત્રો હતા. આ મૈત્રી રાજ્યના પતનમાં પરિણમશે એ ભીતિથી રાહના મંત્રી કલ્યાણે તેઓ વચ્ચે મતભેદની દીવાલ ઊભી કરવા નિષ્ફળ પ્રયત્ન કર્યો. રાહને કલ્યાણ ઉપર અવિશ્વાસ થતાં તેણે તેને મંત્રીપદેથી દૂર કર્યો અને તળાજાથી માલજી નામના નાગરને બોલાવી મંત્રીપદે નિયુક્ત કર્યો, આથી કલ્યાણે માલજીનું ખૂન કરાવ્યું અને રાહે તે કૃત્ય બદલ કલ્યાણને દેહાંતદંડની શિક્ષા કરી માલજીના પુત્ર મહિધરને મંત્રીપદે સ્થાપ્યો

વલભીના સમયથી નાગરો તથા મૈત્રક રાજકુળને ઘનિષ્ઠ સંબંધો હતા, તે વલભીના વાળા વંશજોએ નિભાવેલા. ઉગાવાળો મૂળ તળાજાનો સ્વામી હતો અને તળાજામાં વાળાઓનું રાજ્ય થયા પછી નાગરો ત્યાં વસેલા. માલજી પણ તે કારણે તળાજેથી જ આવ્યો હશે. મહિધર મંત્રીએ તળાજા અને માંગરોળથી નાગર કુટુંબોને બોલાવી જૂનાગઢમાં વસાવ્યાં અને રાજતંત્રમાં યોગ્યપદે નાગરોને નીમ્યા.[2]

## નાગરો

સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે નાગરોનો મોટો સમૂહ આ સમયે જીર્ણદુર્ગમાં આવ્યો પરંતુ ઈતિહાસના અન્ય ઉલ્લેખો જોતાં ઈ. સ. ૧૦૨૫માં જીર્ણદુર્ગના રાહ નવઘણના મંત્રીઓ શ્રીધર અને મહિધર નાગરો

---

1 વસ્તુપાલ, તેજપાલ ચરિત્ર, કીર્તિ કૌમુદી વગેરે વિગતો માટે જુઓ 'સૌરાષ્ટ્રનો ઈતિહાસ', શં. હ. દેશાઈ.

2 વિગતો માટે જુઓ 'સૌરાષ્ટ્રનો ઈતિહાસ', શં. હ. દેશાઈ.

હતા. ઈ.સ. ૧૧૨૫માં નવઘણ ત્રીજાનો મંત્રી સોમરાજ નાગર હતો. ઈ.સ. ૧૧૮૪માં મહિપાળ બીજાનો સેનાપતિ ચૂડામણિ નાગર હતો એટલે નાગરો ઈ. સ. ૧૦૨૫ પહેલાંથી જીર્ણદુર્ગના તંત્રમાં સ્થાન પામી ચૂકયા હતા. જૂની વંશાવલીઓમાં જણાવ્યું છે કે નવઘણ તેમને તેડી આવ્યો. આ નવઘણ પહેલો, બીજો કે ત્રીજો તે નકકી થઈ શકતું નથી પણ એ સ્પષ્ટ છે કે ઈ. સ. ૧૧૨૫થી ૧૧૪૦ વચ્ચે નાગરોનો મોટો સમુદાય જીર્ણદુર્ગમાં વસવા આવ્યો. ઈ. સ. ૧૨૫૩ પછીનાં વર્ષોમાં મંત્રી મહિધરના આમંત્રણથી બીજો સમુદાય આવ્યો હશે.[1]

## ગુજરાતની સત્તા

આ સમયમાં રાહની શક્તિ અને સામર્થ્ય ન્યૂન થઈ ગયાં હતાં. ગુજરાતના વાઘેલા રાજાઓએ સોરઠ ઉપર વર્ચસ્વ સ્થાપેલું. સૌરાસ્ટ્ર મંડલનું તંત્ર નાગર મંત્રી નાગડના અધ્યક્ષપદે રચાયેલા પંચકુળને સોંપવામાં આવેલું અને રાહનો અધિકાર માત્ર જીર્ણદુર્ગ અને તેની આસપાસના થોડા પ્રદેશો પૂરતો રહ્યો હતો.[2]

રાહને તથા ઉગાવાળાને ઈ. સ. ૧૨૧૦માં મેરોએ મારી નાખ્યા.

## માંડલિક પહેલો

ખેંગારના મૃત્યુ પછી તેનો પુત્ર માંડલિક પહેલો ગાદીએ બેઠો. તેના સમયમાં અતિથિ થઈને આવેલા જગતસિંહ રાઠોડ નામના એક સરદારે દગો કરી રાજમહેલ ઘેરી લઈ રાહને કેદ કર્યો પણ રાહના સૈનિકોએ તેને આધીન કરી રાહ પાસે રજૂ કર્યો. જગતસિંહ માલજી મંત્રીના પુત્ર લવજીના કહેવાથી આવ્યો હતો તેમ તેણે કહેતાં રાહે લવજીને મૃત્યુદંડ આપ્યો અને જગતસિંહને વંથળીમાં જાગીર આપી.

## ગુજરાતના રાજ્યનો અંત

ઈ.સ. ૧૨૯૭માં સારંગદેવ વાઘેલો ગુજરી ગયો અને તેની પાટે કરણ વાઘેલો બેઠો. ઈ. સ. ૧૨૯૮માં દિલ્હીના સુલતાન અલાઉદ્દીન ખિલજીનાં સૈન્યો અલપખાનની સરદારી નીચે પાટણ ઉપર ચડી આવ્યાં અને તેની સામે લડતાં

---

1 નાગરોના સૌરાષ્ટ્રમાં આગમન વગેરે ઈતિહાસ માટે જુઓ સૌરાષ્ટ્રનો ઈતિહાસ, શં. હ. દેશાઇ.

2 વિ. સં. ૧૩૧૫નો પોરબંદરનો શિલાલેખ-હિસ્ટોરિકલ ઇન્સ્ક્રિપ્શન્સ ઓફ ગુજરાત, પુ. ૩. જું, શ્રી ગિ. વ. આચાર્ય.

કરણ હાર્યો અને પાટણ પડ્યું. અલાઉદ્દીનનાં સૈન્યોએ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં અસીમ ત્રાસ અને જુલ્મની ઝડીઓ વરસાવી, આગ અને તલવારનું સામ્રાજ્ય સ્થાપી દીધું અને સોમનાથનું પવિત્ર દેવાલય પણ ખંડિત કર્યું. અલપખાન જીર્ણદુર્ગ આવ્યો નહિ પરંતુ રાહ તેના સામે લડ્યો હશે એમ રેવતીકુંડના શિલાલેખમાં તેને મુસ્લિમોનો વિજેતા કહ્યો છે તે ઉપરથી જણાય છે.[1]

માંડલિકે ગિરનાર ઉપરનાં શ્રી નેમિનાથના મંદિર ઉપર સોનાનાં પતરાં જડાવ્યાં અને બીજાં મંદિરોનો જીર્ણોદ્ધાર કર્યો.

## નવઘણ ૪ થો

માંડલિક પહેલો ઈ. સ. ૧૩૦૬માં ગુજરી ગયો અને તેનો પુત્ર નવઘણ ગાદીએ આવ્યો. મુસ્લિમોનાં પ્રબળ અને વિરાટ સૈન્યો સોરઠને પાદાક્રાંત કરી રહ્યાં હતાં અને તેનાં ટાંચાં સાધનોથી સ્વધર્મની રક્ષા કરવાનો ધર્મ બજાવવાનું તેના ભાગ્યમાં આવ્યું હતું. આ વીર અને પરાક્રમી રાજા રાણપુરની લડાઈમાં ઇ.સ. ૧૩૦૮માં ઝફરખાન સામે લડતાં માર્યો ગયો.

## મહિપાલ ૪થો

આ વીર અને ધર્મરક્ષક રાજાએ સમય સર્વથા પ્રતિકૂલ હોવા છતાં સોમનાથના ભ્રષ્ટ થયેલા દેવાલયને પુનઃ પવિત્ર કર્યું અને સોમનાથનાં લિંગની પ્રતિષ્ઠા કરી. તેણે તેનાં પરાક્રમથી મુસ્લિમોની પ્રવૃત્તિ સ્થંભાવી દીધી.

રાહ મહિપાલ ચોથો ઈ. સ. ૧૩૨૫માં મૃત્યુ પામ્યો.

## ખેંગાર ૪થો

રાહ મહિપાલનો અનુગામી ખેંગાર દીર્ઘદૃષ્ટા અને પરાક્રમી રાજા હતો. તેણે મુસ્લિમોની વધતી જતી ભરતી ખાળવા માટે અપાર ઉદ્યમ કર્યો અને પોતાની શક્તિ અને સ્થિતિથી ઉપરવટ જઈને એક સંપૂર્ણ સુસજ્જ અને સાધનસંપન્ન સૈન્ય તૈયાર કર્યું અને તે સાથે નાના નાના ઠાકોરો અને સામંતોનું ઐક્ય સાધી તેમના નેતૃત્વની જવાબદારી સ્વીકારી મુસ્લિમોનો પ્રબળ પ્રતિકાર કરવા તૈયાર થયો.

## મહમદ તઘલગ

દિલ્હીનો સુલતાન મહમદ તઘલગ તેની સલ્તનતમાં ફાટી નીકળેલા બળવાઓને દાબી દેવા ગુજરાતમાં આવ્યો. તેનો તાઘી નામનો અમીર નાસીને

---

1 રેવતીકુંડનો લેખ

જૂનાગઢમાં રાહને આશ્રયે રહ્યો છે તેવી બાતમી મળતાં ઈ. સ. ૧૩૪૯માં તે જૂનાગઢ ઉપર ચડી આવ્યો. ખેંગારે ઉપરકોટમાં રહી રક્ષણાત્મક યુદ્ધ આપ્યું. મહમદે તાઘીને સોંપી દેવા મોકલેલા કહેણનો રાહે ક્ષત્રિયોચિત ઉત્તર આપ્યો અને જ્યારે ઘેરો વધુ વખત ચાલશે તો ટકી નહિ શકાય એમ જણાયું ત્યારે તેણે દ્વારો ખોલી કેસરિયાં કર્યાં, તુમુલ યુદ્ધ જામ્યું. તેમાં રાહનો સેનાપતિ વીરસિંહ વાઘેલો મરાયો પરંતુ યુવરાજ જયસિંહે પ્રબળ પ્રતિ આક્રમણ કરી સુલતાનના હાથીઓની હરોળ તોડી શત્રુસૈન્યને છિન્નભિન્ન કરી નાખ્યું.[1]

આ યુદ્ધ ચાલતું હતું ત્યાં તાઘી દુર્ગ છોડી નાસી ગયો તેથી મહમદ તઘલગે યુદ્ધવિરામ કરી રાહ સાથે સુલેહ કરી. રાહે મહમદને નજરાણો મોકલ્યો અને તેના બદલામાં સૌરાષ્ટ્રનાં અન્ય રાજ્યો ઉપર ન ચડવા વચન મેળવ્યું. મહમદ જીર્ણદુર્ગથી ગોંડલ ગયો.

એમ કહેવાય છે કે જ્યારે મહમદે જીર્ણદુર્ગ ઉપર ઘેરો ઘાલ્યો ત્યારે ગિરનારના ઈજારદાર ખાંટ મેર જેસલે તેને ગુપ્ત માર્ગો અને દ્વારો બતાવેલાં તેથી મહમદે તેને ગિરનાર પર્વત અને બીલખા ચોવીસી જાગીરમાં આપેલી. આ વિધાન કેવળ વાર્તા જ હોવાનું જણાય છે.

## જયસિંહ ૨ જો

રાહ ખેંગાર ઈ. સ. ૧૩૫૨માં ગુજરી ગયો અને તેનો યુવરાજ જયસિંહ તેની ગાદીએ આવ્યો.

મહમદ તઘલક ઈ. સ. ૧૩૫૧માં સિંધમાં ગુજરી ગયો અને તેનો અનુગામી ફિરોઝ, સિંધનાં યુદ્ધોમાં રોકાયેલો હતો ત્યારે જયસિંહે મુસ્લિમોનાં થાણાંઓ ઉડાડી મૂકયાં અને ઈસ્લામનો પ્રચાર કરતાં મુલ્લાંઓ, મૌલવીઓ અને કાઝીઓને કાઢી મૂકયા.

ગુજરાતમાં પોતાની સત્તા સ્થિર કરી સુલતાનનો સૂબો ઝફરખાન ઈ. સ. ૧૩૬૯માં જૂનાગઢ ઉપર ચડી આવ્યો. રાહ જયસિંહે તેનું વીરોચિત સ્વાગત કર્યું અને ઝફરખાનને સોરઠી શૌર્યનો પરિચય આપ્યો. મુસ્લિમ સેનાનો કચ્ચરઘાણ વળી ગયો અને ઝફરખાનને પાછા વળી જવા સિવાય અન્ય માર્ગ હતો નહિ ત્યારે તેણે સુલેહનું કહેણ મોકલ્યું અને રાહને મિત્રભાવે પોતાની છાવણીમાં આવવા આમંત્રણ આપ્યું. રાહે જ્યારે ઝફરખાનના તંબુમાં પ્રવેશ

---

१ तस्या भूपतनय श्रीमान जयसिंह इतिश्रुत
येन यावनराजेन घटा विघटिता रेणः ॥ માંડલિક કાવ્ય

કર્યો ત્યારે ઝફરખાને તેને પકડી લેવા તેના સૈનિકોને સંકેત કર્યો. રાહે તલવાર ખેંચી ઝફરખાનના બાર સરદારોને તે પકડે તે પહેલાં કાપી નાખ્યા અને પોતે પણ પડયો.

આ પ્રસંગનું વર્ણન કરતાં તારીખે સોરઠમાં દીવાન રણછોડજી કહે છે કે આ બાર સરદારો ઝફરખાન દગો ન કરે તે માટે જામીન થયેલા અને જ્યારે ઝફરખાને દગો કર્યો ત્યારે તેમના વચનપાલન માટે શહીદ થયા.

જે સ્થળે આ બાર સરદારોને દફન કર્યા છે તે બાર શહીદની કબરો આજે પણ જોવામાં આવે છે.

રાહનું મૃત્યુ થતાં ઝફરખાને જૂનાગઢ ખાલસા કરી ત્યાં એક થાણદારની નિમણૂક કરી. તે પાછો ગયો ત્યાં જયસિંહના યુવરાજ મહિપાલે જૂનાગઢ સ્વાધીન લઈ ઝફરખાનને નજરાણો મોકલી તેનું આધિપત્ય સ્વીકાર્યું.

## મહિપાલ પમો

વંથલીની જાગીર ધરાવતા રાઠોડો બળવાન થઈ ગયા હતા. તેમની પાસેથી મહિપાલે ઈ. સ. ૧૩૭૩માં વંથળી જીતી લીધું અને સંભવત્ તે પ્રયાસમાં તે મરાઈ ગયો.

## મોકલસિંહ

મહિપાલ અપુત્ર હતો તેથી તેનો ભાઈ મોકલસિંહ તેની ગાદીએ બેઠો. આ સમયે ગુજરાતના સૂબાનો એક અધિકારી જૂનાગઢમાં રહેતો અને એક સૈન્ય પણ રહેતું. આ અધિકારી રાહની સત્તામાં હસ્તક્ષેપ કરતો તેથી સ્વેચ્છાએ કે શાહી સત્તાની આજ્ઞાથી રાહે તેની રાજધાની વંથળી ફેરવી નાખી.

## માંડલિક રાજા

ઈ. સ. ૧૩૯૭માં મોકલસિંહ મૃત્યુ પામ્યો અને તેનો યુવરાજ માંડલિક સોરઠની ગાદીએ બેઠો.

માંડલિકે સત્તાનાં સૂત્રો હાથમાં લીધાં ત્યારે સોરઠનો ધનકોષ ખાલી હતો, સૈન્ય વેરવિખેર થઈ ગયું હતું અને ગુજરાતમાં મુઝફ્ફર જેવો બળવાન અને સર્વસત્તાધીશ સૂબો હતો. તેની સામે ઊંચી આંખ પણ કરવાની રાહની શક્તિ હતી નહિ. આવા પ્રતિકૂળ સંજોગોમાં તેણે અનેક આઘાતો અને અપમાનો સહન કરી પોતાનું સ્થાન ટકાવી રાખ્યું.

આ રાહનો મિત્ર પ્રભાસનો રાજા વિંજલ વાજો રક્તપિત્તના ભયંકર રોગથી ગ્રસિત થયો જ્યારે સર્વે ઉપાયો નકામા ગયા ત્યારે તે કાશીએ કરવત

મુકાવા જવા રવાના થયો. માર્ગમાં જીર્ણદુર્ગ આવી દામોદરકુંડમાં સ્નાન કરી બ્રાહ્મણોને એક સુવર્ણનો હાથી દક્ષિણામાં આપ્યો. આ હાથીની વહેંચણીમાં બ્રાહ્મણો લડી પડયા અને ન્યાય લેવા માંડલિક પાસે ગયા. માંડલિકે જાણ્યું કે વિંજલ તેની જાણ વગર કાશીને પંથે પડયો છે ત્યારે તે તરત જ તેની પાછળ પડયો અને વડાલ પાસે એક વોકળામાં તેને પકડી પાડયો. વિંજલે રાહને પોતા પાસે ન આવવા વિનંતી કરી પણ માંડલિક તેને ભેટયો અને ભેટતાં જ વિંજલનો રોગ અદશ્ય થયો. ત્યારથી આ વોકળો ગંગાજળિયો વોકળો કહેવાય છે.[1]

આ વાર્તા લોકસાહિત્યમાં રાહ માંડલિક ત્રીજા માટે કહેવાય છે પણ વિંજલ વાજો માંડલિક બીજાનો સમકાલીન હતો તે નોંધવું આવશ્યક છે.

## મેલિંગદેવ

માંડલિક ઈ. સ. ૧૪૦૦માં અપુત્ર ગુજરી જતાં તેનો ભાઈ મેળગ કે મેલિંગદેવ તેનો અનુગામી થયો.

દિલ્હીના તઘલગ વંશની સત્તા મૃત્યુશય્યા ઉપર અંતિમ શ્વાસ ઘૂંટતી હતી ત્યારે ગુજરાતના સૂબા મુઝફ્ફરને તેના પુત્ર તાતારખાને દિલ્હી જઈ સલ્તનતનો તાજ પોતાના શિરે મૂકવા આગ્રહ કર્યો પણ મુઝફ્ફરે તેનો પ્રસ્તાવ નકારતાં તાતારખાને તેના પિતાને કેદ કરી પોતે સુલતાન તરીકે જાહેર થયો. મુઝફ્ફરના ભાઈ સમ્શખાને દિલ્હીથી આવી મુઝફ્ફરને મુક્ત કર્યો અને તાતારખાનને કેદ કર્યો. મુઝફ્ફરે તાતારખાનને મારી નાખ્યો અને ઈ. સ. ૧૪૦૭માં તેણે ગુજરાતના સુલતાન તરીકે સ્વતંત્ર શાસન કરવાનું શરૂ કર્યું.

આ અંધાધૂંધીનો લાભ લઈ મેલિંગદેવે જૂનાગઢના શાહી થાણદારને કાઢી મૂકયો તથા મુસ્લિમોને વશ કરી લીધા.

મેલિંગદેવે રાજધાની પણ જૂનાગઢ ફેરવી નાખી અને ઈ. સ. ૧૪૧૩ સુધી નિરંકુશપણે રાજ કર્યું.

ઈ સ. ૧૪૧૧માં તાતારખાનના પુત્ર અહમદશાહે તેના વૃદ્ધ પિતામહને આ જગતની યાતનામાંથી મુક્ત કરી તેના પિતાના ઘાતનો બદલો લીધો તે પછી તેના બળવાખોર સરદાર શેર મલિકને રાહે આશ્રય આપ્યો હતો તેથી તેને શિક્ષા કરવા ઈ. સ. ૧૪૧૩માં સૌરાષ્ટ્ર ઉપર ચડાઈ કરી.

---

1 ગંગાજળ ગદેશા પંડ તારું હતું પવિત્ર,
વિંજાને રગત ગયાં મને તો વાળા માંડલિક.

"અહમદશાહને ગિરનારનો પર્વતીય દુર્ગ જોવાની ઘણી જ ઝંખના થઈ હતી. કોઈપણ રાજાએ મુસ્લિમ સલ્તનતનું ધૂંસરું ધારણ કરવાને પોતાની ગરદન નીચી નમાવી ન હતી તેથી શેર મલિકને સોરઠના રાજાએ આશ્રય નીચે રાખ્યો તે માટે તેના દેશ ઉપર ચઢાઈ કરવાનું તેને વ્યાજબી કારણ મળ્યું"[1]

અહમદશાહના સૈન્યે ઝાલાવાડનું પાટનગર કુવા ઘેર્યું અને જ્યારે પોતાનો પરાજય નિશ્ચિત છે તેમ ઝલ્લરાજ કૃષ્ણરાજને લાગ્યું ત્યારે તે મેલિંગદેવના આશ્રયે જઈ રહ્યો.

અહમદશાહને હવે બેવડું કારણ મળ્યું. ઈ. સ. ૧૪૧૩માં તેણે એક સુસજ્જ સૈન્ય સોરઠ ઉપર મોકલ્યું. રાહે વંથળીના કિલ્લામાં રહી આક્રમક સૈન્યોનો મુકાબલો કર્યો અને એવી વીરતાપૂર્વક લડાઈ કરી કે મુસ્લિમ સેના કપાઈ ગઈ અને રાહે તેનાં સાધનસરંજામ હસ્તગત કરી લીધાં.[2]

આ નામોશીભરેલા પરાજયની વિગતો સાંભળી ઈ. સ. ૧૪૧૪માં અહમદશાહ સવિશેષ બળવાન સેના લઈને સોરઠ ઉપર ચઢ્યો. રાહે વીરતાપૂર્વક યુદ્ધ આપ્યું પણ અંતે વિજયશ્રી સુલતાનને વરી. રાહ નાસીને ઉપરકોટમાં ભરાયો. અહમદશાહે ઉપરકોટ ફરતો ઘેરો ઘાલ્યો તેથી રાહ ત્યાંથી નીકળી ગિરનાર ઉપર ચડી ગયો પણ અહમદશાહે ત્યાં પણ તેની પૂંઠ પકડી. આખરે શરણ થવા ફરજ પાડી.

રાહ મેલિંગદેવે અહમદશાહને નજરાણો ધરી તેનું આધિપત્ય સ્વીકાર્યું અને સુલતાને જૂનાગઢમાં એક થાણદારની નિમણૂક કરી ત્યાં પોતાની સેનાની એક ટુકડી કાયમ માટે રાખી

ચારણોના મંતવ્ય પ્રમાણે રાહ મેલિંગદેવ આ યુદ્ધમાં માર્યો ગયો અને નજરાણોભરી સોરઠની ગાદીએ તે નહિ પણ તેનો પુત્ર જયસિંહ આવ્યો.

## જયસિંહ ૩ જો

રાહ જયસિંહ ઈ. સ. ૧૪૧૫માં ગાદીએ આવ્યો પણ તે એક પતન પામેલા રાજ્યનો રાજ્યપતિ હતો. તેણે તેમ છતાં ૨૫ વર્ષ પર્યંત રાજગાદી ભોગવી અને ઈ. સ. ૧૪૪૦માં તે ગુજરી ગયો.

શિલાલેખો અને અન્ય ઇતિહાસગ્રંથોનું વાંચન કરતાં જણાય છે કે રાહ રાજગાદી ઉપર હતો છતાં સર્વ સત્તા મુસ્લિમ અધિકારીના હાથમાં હતી.

1 મિરાતે અહેમદી.

2 માંડલિક કાવ્ય.

ઈસ્લામનો પ્રચાર જોરશોરથી થતો, મંદિરોના ધ્વંસ થતા અને હિન્દુઓનું બળાત્કારે ધર્માંતર થતું તેમ છતાં રાહ કે અન્ય રાજપૂતો કાંઈ બોલી શકતા નહિ. આવા પ્રતિકૂલ સંજોગો હોવા છતાં ઈ. સ. ૧૪૧૭માં દામોદરકુંડ ઉપર નરસિંહદેવના પુત્ર દામોદરે એક મઠ બંધાવ્યો તેનો શિલાલેખ ઉપલબ્ધ છે. આ મઠ હાલમાં શ્રી મહાપ્રભુજીની બેઠકના નામે ઓળખાય છે

## મહિપાલ ૬ઠ્ઠો

ઈ. સ. ૧૪૪૦માં રાહ મહિપાલ ગાદીએ આવ્યો. તે પછી બે વર્ષ વ્યતીત થતાં અહમદશાહ ગુજરી ગયો અને ગુજરાતની સલ્તનત નિર્બળ થઈ ગઈ તેથી રાહને અમદાવાદનો ભય રહ્યો નહિ પરંતુ મુસ્લિમોનાં દિનપ્રતિદિન ઉગ્ર થતાં જતાં આક્રમણો સામે ટકવાની તેનામાં તાકાત પણ હતી નહિ. તેનો ધનકોષ સર્વથા ખાલી થઈ ગયો હતો. નિરંતર થતાં રહેતાં યુદ્ધોના કારણે યુવાનો કપાઈ ગયા હતા કે ધર્માંતર કરી શત્રુસૈન્યમાં જોડાયા હતા. પ્રજા પાયમાલ થઈ ગઈ હતી અને નૈતિક બળ નામશેષ થઈ ગયું હતું. આવી પરિસ્થિતિમાં મહિપાલ કાંઈ પણ કરી શકે તેમ હતું નહિ.

પૂર્વજન્મના સંસ્કારે કે સમય સંયોગાનુસાર વિપરીત થતી જતી પરિસ્થિતિના કારણે મહિપાલ ધાર્મિક પ્રવૃત્તિઓ તરફ વળી ગયો. પ્રજાના જીવનમાંથી વિદાય લઈ ગયેલી શાંતિ પુનઃ સ્થાપિત કરવા અને પ્રજાને વિવિધ પ્રકારે જીવિત રાખવાના માર્ગો તે સદૈવ વિચારતો. તેણે પ્રભાસથી દ્વારકા જવાના માર્ગે અન્નક્ષેત્રો સ્થાપ્યાં, દેવમંદિરોના નિર્વાહ માટે યોગ્ય પ્રબંધ કર્યા અને તેવાં કાર્યો કરીને લોકોમાં શ્રદ્ધા, વિશ્વાસ અને ભક્તિના જલનું સિંચન કર્યું.

તેની વય મોટી થઈ ગઈ છતાં તેને પુત્ર–સંતતિ ન હતી તેથી તેણે દામોદરરાયની માનતા માની અને તે ફળી ત્યારે તેણે પુત્રનું નામ માંડલિક પાડયું. આ માનતા માનતી વખતે તેણે પ્રણ કરેલું કે જો તેને ત્યાં પુત્ર થશે તો તે એ પુત્ર રાજ્ય કાર્યભાર સંભાળી શકે તેવી વયમાં આવશે ત્યારે તેને રાજ્ય સોંપી પોતે તીર્થસ્થાનોમાં ચાલ્યો જશે.

માંડલિક યુવાન થયો ત્યારે તેનાં લગ્ન અર્થિલાના અર્જુનસિંહ ગોહિલની પુત્રી કુંતા વેરે કરવામાં આવ્યાં. માંડલિકે રાજકાજમાં અને યુદ્ધભૂમિમાં

તેનું કૌશલ્ય બતાવ્યું અને પરશે સમુદ્રના સાંગણ વાઘેલાને જીત્યો.

આ પ્રસંગે અમદાવાદના સુલતાને મહિપાલને એવો સંદેશો પાઠવ્યો કે માંડલિકના શ્વસુર અર્જુનસિંહનો ભાઈ દુદે ગોહિલ ભૂમિ દબાવતો જાય છે માટે તેને દૂર કરો. મહિપાલે મંત્રીઓની સલાહ સ્વીકારી સુલતાનને લખ્યું કે તમારો શત્રુ તે મારો શત્રુ છે, હું તેને અંકુશમાં લાવીશ. માંડલિકે દુદા ઉપર આક્રમણ કરી તેને હરાવી મારી નાખ્યો અને અર્થિલા ઉજ્જડ કર્યું[1].

માંડલિકનાં પરાક્રમો જોઈ ઈ. સ. ૧૪૫૧માં રાહ મહિપાલે તેનો રાજ્યાભિષેક કરી પોતે ગાદીત્યાગ કરી તીર્થાટન કરવા ચાલ્યો ગયો.

## માંડલિક ૩ જો

માંડલિક ત્રીજાએ ગાદીએ બેસતાં જ જૂનાગઢના તુર્કોને અમુક દિવસોમાં શિકાર ન કરવા અને હિંસાથી દૂર રહેવા આજ્ઞા કરી, તેનો એક શિલાલેખ પણ યોગ્ય સ્થળે જડાવ્યો. તેમાં લખ્યું છે કે;

પંચમી (અષ્ટમી ?) તથા ચતુર્દશીને દિવસે ખંભાતનિવાસી સા. દેવના પુત્ર હાંસની સમક્ષ રાજ્યાભિષેકનો દિવસે કોઈ જીવની હિંસા ન કરવા શ્રી માંડલિક રાજાએ ફરમાવ્યું છે... અગાઉ પણ એકાદશી અને બીજના દિવસો પાળવામાં આવતા. હવે શ્રી માંડલિક પ્રભુ આજ્ઞા કરે છે કે પંચમી, અષ્ટમી, એકાદશી, ચતુર્દશી તથા બીજના દિવસે કોઈએ જીવહિંસા કરવી નહિ....કોઈ પણ પ્રાણીઓનો જીવ લેવો નહિ ..શિકારીએ શિકાર ન કરવો. ચીડીમારોએ ચકલી કે.. મારવા બાજ લઈ જવાં નહિ; મોર ન મારવા. બાબર ખાંટ અને તુર્કોએ આ દિવસોમાં એક પણ પ્રાણીની હત્યા ન કરવી. જે કરશે તેને બંદીવાસ મળશે. કુંભારે પાંચ દિવસોમાં નીંભાડો ન કરવો . વગેરે.[2]

આ શિલાલેખમાં માંડલિકને આદર્શ રાજા અને સ્મૃતિ, શ્રુતિ, પુરાણો આદિનો જ્ઞાતા કહ્યો છે.

માંડલિકે રાજ્યાસને બેસી તરત જ ગિરનાર ઉપરના અંબાજીના મંદિરનો અને પ્રભાસપાટણના સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો. તેણે મુસ્લિમ થાણાંઓને ઉઠાડી મૂક્યાં અને શંખોદ્ધારના સાંગણ વાઘેલાને તેમજ અન્ય રાજાઓને હરાવી ચુડાસમાઓની ગત પ્રતિષ્ઠા પુનઃ પ્રાપ્ત કરી.

---

1 માંડલિક કાવ્ય.

2 અનપબ્લિશ્ડ ઇન્સ્ક્રિપ્શન્સ ઇન જુનાગઢ સ્ટેટ-ઉપરકોટ ઇન્સ્ક્રિપ્શન ઓફ માંડલિક, પ્રો. એન. બી. પુરોહિત-આર્કીઓલોજિકલ સોસાયટી-જૂનાગઢ, જરનલ-નવેમ્બર, ૧૯૩૭.

તેણે "પુત્રકામના"થી પાટડીના ઝાલા ભીમની પુત્રી ઉમાદે સાથે લગ્ન કર્યા. માંડલિકે પ્રજાનો પ્રેમ પ્રાપ્ત કર્યો અને એક ન્યાયી, વીર અને વિદ્વાન રાજા તરીકે નામના મેળવી.

ઈ. સ. ૧૪૫૭માં ગુજરાતની ગાદીએ મહમૂદ બેગડો બેઠો. "મૂર્તિપૂજકનો દેશ સૌરાષ્ટ્ર જીતી લેવા સ્વપ્નમાં હઝરત મહમ્મદ પેગંબરસાહેબે આપેલી આજ્ઞાનુસાર અપાર શસ્ત્રસામગ્રી એકત્ર કરી સંપૂર્ણ પ્રબંધ કરી" ઈ. સ. ૧૪૬૮માં તેણે જૂનાગઢ ઉપર ચડાઈ કરી.

મહમૂદે માંડલિકને ઈસ્લામ સ્વીકારવા અથવા પોતાની તાબેદારી સ્વીકારવા એલાન મોકલ્યું. ત્યારે રાહે તેનો અસ્વીકાર કરી યુદ્ધ માટે તૈયારી કરી. "સોરઠનો સુંદર દેશ જીતી લેવા તથા કુફ્ફારનો અંત લાવી ત્યાં ઈસ્લામનું રાજ્ય સ્થાપવા" મહેમૂદે પ્રબળ સૈન્ય જૂનાગઢના દ્વારે ઉપસ્થિત કર્યું.

બંને પક્ષો વચ્ચે ભીષણ યુદ્ધ થયું. મહમૂદના સૈન્યના પ્રબળ આક્રમણ સામે માંડલિકના સૈનિકો ટકી શકયા નહિ તેથી માંડલિક ઉપરકોટમાં ભરાઈ ગયો. "મહમૂદ તેના બળવાન હાથ ચારે તરફ પ્રસારી સોરઠના રાજ્યનો પ્રદેશ વેરાન બનાવી દીધો" પરિણામે કિલ્લામાં કોઈપણ જાતનો પુરવઠો પહોંચી શકે તેવું રહ્યું નહિ અને માંડલિકને શરણાગતિ કે સર્વનાશમાંથી એક પસંદ કરવાનો સમય આવી ગયો ત્યારે તેણે મહમૂદને પુષ્કળ દ્રવ્ય હીરા મોતી, સુવર્ણ આદિ આપી સુલેહ કરી અને મહમૂદ આ ધન સ્વીકારી પાછો ચાલ્યો ગયો.

વળતે વરસે મહમૂદે ફરીથી જૂનાગઢ ઉપર ચડાઇ કરી રાહે મહમૂદને પૂછ્યું કે આપને નજરાણો ધર્યો છતાં ફરી આવવાનું શું કારણ છે ? ત્યારે મહમૂદે ઉત્તર આપ્યો કે "છત્રપતિ રાજા હું છું છતાં તમે સુવર્ણછત્ર ધરાવી ગિરનાર જાઓ છો તે મારું અપમાન છે." માંડલિકે તરત જ પોતાનું રાજછત્ર અને રાજચિહ્નો મહમૂદને સ્વાધીન કર્યાં તથા પુનઃ મોટો નજરાણો આપી તેને પાછો વાળ્યો.

પણ મહમૂદને તો જૂનાગઢ અને સોરઠ ઉપર સંપૂર્ણ અધિકાર જમાવવાની પ્રબળ ઈચ્છા હતી. સોરઠનું બળવાન હિન્દુ રાજ્ય જડમૂળમાંથી ઉખેડી નાખવા તે કૃતનિશ્ચયી બન્યો હતો. ઈ. સ. ૧૪૬૯માં તેથી તેણે ફરીથી ચડાઈ કરી. રાહે તેની પાસે જઈને પ્રશ્ન કર્યો કે "મારી હવે કઈ કસૂર ?" ત્યારે મહમૂદે કહ્યું કે "કુફ્ફારથી બીજી કઈ મોટી કસૂર છે?" આ ઉત્તર સાંભળી માંડલિક ઊભો થઈ ચુપચાપ ચાલ્યો ગયો. તેણે કેસરિયાં કરી રાજપૂતોના

પુરાણા અને પવિત્ર ધર્મને અનુસરવા નિર્ણય કર્યો. તેના મંત્રી વિશળે તેને ધર્મપરિવર્તન કરવા સલાહ આપી પણ માંડલિકે તેને કહ્યું કે "મારા પૂર્વજોનો પ્રિય ધર્મ હું પ્રાણાન્તે પણ નહિ છોડું." રાહે સૌરાષ્ટ્રના અન્ય રાજાઓને પોતાની મદદમાં બોલાવ્યા પણ કોઈ આવ્યા નહિ. મહમૂદે કિલ્લા ફરતો સખ્ત ઘેરો ઘાલ્યો અને તે સાથે નિર્દોષ પ્રજા ઉપર ત્રાસ અને જુલ્મનાં સમગ્ર શસ્ત્રો છૂટાં મૂકી દીધાં અને મંત્રી વિશળે સુલતાનની લાંચ સ્વીકારી દુર્ગના કોઠારનો ત્વરિત વ્યય કરી નાખ્યો અને યોગ્ય સંકેત થતાં દુર્ગનાં દ્વારો ખોલી નાખ્યાં. મહમૂદનું સૈન્ય મોટા ધસારા સાથે અંદર પ્રવેશ્યું અને તુમુલ યુદ્ધ થયું.

મુસ્લિમ ઇતિહાસકારો પ્રમાણે માંડલિકે સુલતાન સમક્ષ ઉપસ્થિત થઈ કહ્યું કે તેના પુત્રો તથા કુટુંબીઓને ઈસ્લામ સ્વીકારવા ફરજ ન પાડવી અને પ્રજાજનોને કોટમાંથી સહીસલામત જવા દેવા એ શર્તે હું ઈસ્લામ સ્વીકારીશ. સુલતાને તે શર્તો કબૂલ કરી એટલે માંડલિકે તેની તલવાર મહમદને ચરણે ધરી. મિરાતે સિકંદરી કહે છે કે સુલતાને આ શર્તો સ્વીકારી પણ જેવાં પ્રજાજનો જવા લાગ્યાં કે સુલતાને તેમને કતલ કરવા સૈનિકોને આજ્ઞા આપી.

મુસ્લિમ તવારીખ નવેશ સિકંદર મંજુ અન્વય રાહ માંડલિક મહમૂદ બેગડા સાથે અમદાવાદ ગયો તથા સંત શાહઆલમને હાથે મુસ્લિમ બન્યો. તે જ લેખક અન્યત્ર લખે છે કે માંડલિક શરણ થયો ત્યારે જ તેણે કલમાનો ઉચ્ચાર કરી ઈસ્લામ સ્વીકાર્યો.

મહમૂદે માંડલિકને ખાનજહાનનો ઈલ્કાબ આપ્યો અને ઈસ્લામ ધર્મનો અભ્યાસ કરવામાં શેષ જીવન ગાળીને અમદાવાદમાં ગુજરી ગયો.

મુસ્લિમ ઈતિહાસકારોના આ કથનથી સ્થાનિક ઈતિહાસકારોનાં વૃત્તાંતો જુદાં પડે છે. તેઓ અનુસાર આ વીર અને પરાક્રમી રાજાના જીવન અને કરુણ અંતની વાર્તા જુદી જ છે.

## સ્થાનિક ઇતિહાસમાં માંડલિક

વિ. સં. ૧૫૦૭ના વૈશાખ શુકલતૃતીયા, અક્ષયતૃતીયાને દિવસે રાહ મહિપાલે સ્વહસ્તે માંડલિકને રાજતિલક કર્યું અને પોતે દામોદરરાયજી સમક્ષ પ્રણ લીધું હતું તે પાળવા તીર્થવાસી થવા ચાલ્યો ગયો.

માંડલિક ન્યાયી, પ્રજાપ્રિય અને નીતિમાન રાજા હતો. તે એક સુસજ્જ સૈન્ય, વિશાળ શસ્ત્રાગાર અને સમૃદ્ધ ધનકોષનો સ્વામી હતો. તે સર્વ ધર્મોને સરખા ગણતો અને પ્રજાનું રક્ષણ કરતો. વિ. સં. ૧૫૦૭ના શિલાલેખમાં તેનું

વર્ણન કરતાં કહેવામાં આવ્યું છે કે "તે ઉદારતામાં, ગંભીરતામાં, ચાતુર્યમાં અને શૌર્યમાં રત્નાકર સાગર જેવો હતો." તેના રાજ્યમાં પ્રજા સમૃદ્ધ અને સુખી હતી. જીર્ણદુર્ગની બજારોમાં હીરા, મોતી, જવાહીર, કાપડ, દરેક પ્રકારનાં અનાજ, કઠોળ વગેરે તથા વિવિધ પ્રકારની બહુમૂલ્ય અને અન્યત્ર અપ્રાપ્ય એવી વસ્તુઓ મળતી. જીર્ણદુર્ગનો કિલ્લો વીર સૈનિકોથી સુરક્ષિત હતો અને તેના મકરી યંત્રની પૂપકારુઢિઓની ગર્જના શત્રુની સેનાને મુંઝવતી હતી.[1]

રાહ માંડલિકે ગુજરાતના સૂબાઓ અને સુલતાનોના નિરંતર ચાલતી રહેતી ચડાઈઓથી નિર્બળ થઈ ગયેલા રાજ્યને સમૃદ્ધ કર્યું હતું. શસ્ત્રોથી અને સમજાવટથી સૌરાષ્ટ્રના અન્ય રાજાઓનું ઐક્ય સાધી તેમનો તે અગ્રણી થયો હતો. અમદાવાદના ઊગતા સૂર્યના તેજમાં ન અંજાતાં તેણે ધર્મનું અને પ્રજાનું રક્ષણ અડગ ઊભા રહીને કર્યું હતું. જે કાળમાં મંદિરોના ધ્વંસ થતા અને મૂર્તિઓનું ખંડન થતું તે કાળમાં તેણે મંદિરો બાંધ્યાં કે સમરાવ્યાં અને ન્યાયનીતિથી રાજ્ય કર્યું તેમ છતાં તે પરાજિત થયો તેથી આપણા વાર્તાકારોએ અને ઇતિહાસકારોએ તેને કામી, ક્રોધી, મૂર્ખ, અવિચારી અને કાયર રાજા તરીકે વર્ણવી આ મહાન રાજાને અન્યાય કર્યો છે.

રાહ માંડલિક માટે જે જુદી જુદી વાર્તાઓ પ્રચલિત થઈ છે તેમાં એક વાર્તા એવી છે કે, તેણે તેના મંત્રી વિમલશાની પત્ની મનમોહના ઉપર કુદૃષ્ટિ કરેલી અને તેથી વિમલે અમદાવાદ જઈ મહમૂદ બેગડાની સોરઠ ઉપર ચડાઈ લઈ આવી તેનો નાશ કર્યો. વિમલનો ભાઈ વિશલ રાહ પાસે રહેતો. તેણે પોતાનું વેર લેવા દુર્ગના કોઠાર ત્વરિત ખાલી કરી નાખ્યા અને પરિણામે રાહને શરણ થવાનું અનિવાર્ય બન્યું. તારીખે સોરઠમાં મહમૂદને લઈ આવનાર વિશળ હતો એમ લખ્યું છે. તારીખે બહાદુરશાહીમાં અને મિરાંતે સિકંદરીમાં આ મંત્રીનું નામ તનહલ આપ્યું છે.

## આઈ નાગબાઈ

ચારણો એક બીજી વાર્તા કહે છે તે પ્રમાણે માંડલિકે મોણિયાની ચારણ આઈ નાગબાઈની પુત્રવધૂ મીણબાઈ પ્રત્યે કુદૃષ્ટિ કરેલી તેથી તેણે શાપ આપેલો કે તારું રાજ્ય નષ્ટ થશે અને મુસલમાનોનું રાજ્ય થશે. આ વાર્તા ઘણા પાઠફેરથી કહેવાય છે.[2] તે પૈકીની અતિ પ્રચલિત અને મુખ્ય વાર્તા

1 માંડલિક કાવ્ય.

2 જુઓ "સૌરાષ્ટ્રનો ઇતિહાસ", શં. હ. દેસાઈ.

એવી છે કે રાહ આઇ નાગબાઇને જનેતા તુલ્ય માનતા અને તેનો પુત્ર નાગાજણ તેનો દરબારી અને મિત્ર હતો. એકવાર રાહને કોઈએ કહ્યું કે નાગાજણની પત્ની મીણબાઈ અતિ સ્વરૂપવાન છે. તેથી તે મોહિયા ગયો અને જ્યારે મીણબાઈ તેને વધાવવા આવી ત્યારે મોઢું ફેરવતો ગયો. મીણબાઈએ કહ્યું કે "આઈ રાહ ફરે છે" ત્યારે આઈ નાગબાઈએ કહ્યું કે રાહ નહિ પણ રાહનો દિવસ ફરે છે. તે પછી માંડલિકના અપવિત્ર વિચાર આઈએ જાણી લેતાં તેને શાપ આપ્યો. વાર્તાકારો વિશ્વાસપૂર્વક કહે છે કે રાહને આઈએ શાપ આપતાં કહ્યું કે;

કાને અકોટા હસબશે અંગે કાપડું સ્હોય,
પાવૈના પેડામાંહ્ય તને નર નચવશે માંડલિક.

આ ઉપરથી ચારણ વિદ્વાનો માને છે કે માંડલિકે જેવો ગુનો કર્યો તેવી સજા નાગબાઈએ કરી. માંડલિક પાવૈના વેશમાં સોરઠમાં તેના પતન પછી ફરતો રહ્યો અને ગત રાજ્યને પુનઃ પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિ કરતો રહ્યો.

કેટલાક વાર્તાકારો આ વાર્તામાં વિવિધ પ્રકારનું મિશ્રણ કરી કચેરીમાં રસ જમાવવા જુદા જુદા પાઠફેર કરી માંડલિકના પતન માટે આઈ નાગબાઈ સામે તેણે કરેલા અયોગ્ય વર્તન, તેનું કરેલું અપમાન જમીયલશાહ દાતારની શિખામણ વગેરે વાર્તા કરે છે પરંતુ આ બધા પાઠ માત્ર વાર્તા સ્વરૂપના જ છે.[1]

રાહે અંતિમ યુદ્ધ પૂર્ણ વીરતાથી ખેલ્યું. જ્યારે વિશળે તેને ધર્માંતર કરી રાજ્ય ન ગુમાવવા સલાહ આપી ત્યારે તેણે કહ્યું કે મારું જીવન હું સુધારી ન શક્યો પણ મરણ તો જરૂર સુધારીશ માંડલિક જ્યારે મહમૂદને મળવા ગયો અને જ્યારે મહમૂદે કહ્યું કે કુફ્રારથી બીજો કોઈ ગુનો મોટો નથી ત્યારે રાહે ઉત્તર આપ્યો કે 'તમે ધર્મભ્રષ્ટ રાજપૂતો આમ પેટ ખાતર તમારી બહેન દીકરીઓને મુસ્લિમોને પરણાવી આ સ્થાને પહોંચ્યા છો, હું શુદ્ધ યદુવંશીય ક્ષત્રિય છું', પ્રાણાન્તે તો શું પણ સર્વસ્વનો નાશ થાય તો પણ હું ઈસ્લામ સ્વીકારીશ નહિ. મહમૂદે આ ગર્વિષ્ઠ વચનો સાંભળી તેના અંગરક્ષકોને માંડલિકને પકડી લેવા આજ્ઞા આપી અને કહ્યું કે આ અભિમાની રાજાના મુખમાં હું થૂંકી તેને મુસ્લિમ બનાવીશ. માંડલિકે તલવાર ખેંચી ત્યારે તેનું રૂદ્ર રૂપ જોઈ મહમૂદે તેને જવા દીધો. સમરભૂમિમાં માંડલિકે અતુલ

---

1 આ બધી વાર્તાઓ માટે જુઓ "સૌરાષ્ટ્રનો ઈતિહાસ". શં. હ. દેશાઇ.

પરાક્રમ બતાવ્યું. તેણે મહમૂદને દ્વંદ્વ માટે આહ્વાન આપ્યું. મહમૂદના સેનાપતિ આલમખાન ફારૂકીને તેણે ઠાર માર્યો અને મહમૂદ ઉપર ધસે તે પહેલાં મહમૂદની આજ્ઞાથી તેના અંગરક્ષકોએ તેને ઘેરા લઈ પીડમાં ઘા મારી પાડી દીધો. મહમૂદની પ્રતિજ્ઞા પાળવા સૈનિકો કોઈ પકડાયેલા યોદ્ધાને તેની પાસે લઈ ગયા અને મહમૂદે તેની પ્રતિજ્ઞા પૂરી કરી.

મુસ્લિમોએ માન્યું કે માંડલિક મૃત્યુ પામ્યો છે પણ તેને અસાધ્ય સ્થિતિમાં પડેલો જોઈ રાજપૂત સૈનિકો તેને ગિરનારના પર્વતમાં રહેતા કોઈ કાપડી સાધુ પાસે લઈ ગયા અને ત્યાંથી તેના ઘાવ રૂઝાયા પછી તે કાપડી વેશે સોરઠમાં ફરતો રહી ગુમાવેલું રાજ્ય પુનઃ પ્રાપ્ત કરવા ઉદ્યમ કરતો રહ્યો.

મુસ્લિમ તવારીખનવીસોનાં વિધાનો પરસ્પર વિરોધાભાસી છે. મિરાતે સિકંદરી એક વાર કહે છે કે શરણુ થઈને તરત જ ગઢે ઈશલામ અંગીકાર કર્યો. બીજી વાર કહે છે કે શાહઆલમને હાથે મુસલમાન થયો. યુદ્ધનાં વર્ષનો પણ તારીખે ફરિસ્તા તથા તારીખે સિકંદરી જુદાં જુદાં આપે છે. આ ઈતિહાસકારોએ આપેલાં વૃત્તાંતો અને કરેલાં વિધાનો વિચારતાં એ પ્રશ્ન થાય છે કે જો મહમૂદે માંડલિકને ખાન જહાન જેવો ઊંચો ખિતાબ આપ્યો તો શા માટે તેની પાસે સોરઠનું રાજ્ય રહેવા દીધું નહિ ? મહમૂદે માંડલિક એકલાને મુસ્લિમ બનાવી શા માટે સંતોષ લીધો ? તેના પુત્રોને શા માટે ઈસ્લામની દીક્ષા ન આપી અને તેને સોરઠનો મુલ્કી વહીવટ સોંપ્યો ? આ પ્રશ્નોનો ઉત્તર એ જ છે કે માંડલિકે ઈસ્લામ અંગીકાર કર્યો ન હતો અને યુદ્ધભૂમિમાંથી ઘાયલ સ્થિતિમાં સુરક્ષિત સ્થાને તેને લઈ જવામાં આવ્યો. ત્યાંથી બે વર્ષ પર્યંત ગુમાવેલું રાજ્ય પુનઃ પ્રાપ્ત કરવા તે પ્રવૃત્તિ કરતો રહ્યો હશે અને તે પ્રવૃત્તિ અંતર્ગત, કાપડી વેશે, પાવૈ વેશે કે અન્ય વેશે તે ફરતો રહ્યો હશે.

બીજી એક એવી પણ વાર્તા ચારણ વાર્તાકારો કહે છે કે, માંડલિકને શાપ આપી મહમૂદનાં ધર્મસ્થાનો અને પ્રજા ઉપરના જુલમો જોઈ તે સહન ન થવાથી આઈ નાગબાઈ હિમાલયમાં ગળવા ગયાં. રાહ તેની પાછળ ગયો અને બગસરા પાસે સાંતરલી નદીમાં તેના ગાડાને પકડી લીધું. તેણે આઈની માફી માગી આશિષ માગ્યા ત્યારે આઈએ ગાડાના માફામાંથી કહ્યું કે હું તારું મોઢું જોવા માગતી નથી. રાહે તેથી તેનું મસ્તક ગાડાના પૈડામાં પછાડી તેના લોહીથી પૈડું સીંજવ્યું. તેના પ્રાણ ત્યાં જ ઊડી ગયા. આજ પણ સાંતરલીમાં તેની ખાંભી છે.

આઇ ત્યાંથી ઉત્તરમાં ગયાં. અમદાવાદ પાસે તેજપુર ગામમાં તે જ્યાં

ઊતર્યાં હતાં ત્યાં આ જ પણ તેની ડેરી છે. ત્યાંથી તેઓ નાગલ ડેમ છે ત્યાં ગયાં અને પોતાનો દેહ છોડયો નાંગલ નામ પણ નાગલ ઉપરથી જ પડયું છે.

કહેવાય છે કે વિદાય વખતે કોઈએ પૂછ્યું કે સોરઠમાંથી મુસ્લિમ શાસનનો ક્યારે અંત આવશે ત્યારે તેણે કહેલું કે,

વીસ શત વિક્રમ વિતશે આળગશે અસરાણ,
ચડશે ધજાઉ ધરમની નહિ રે' નેજાને નિશાણ.[1]

આ ચારણી વાર્તાઓનું વિશ્લેષણ કરતાં તેમાં પણ અનેક વિરોધાભાસ છે. નાગબાઈને ત્યાં માંડલિક વારંવાર જતો અને બંને વચ્ચે માતા પુત્રનો સંબંધ હતો, નાગાજણ તો રાહના દરબારમાં રહેતો તો શું મીણબાઈને રાહે કદિ જોયેલ જ નહિ કે તેના જાણવામાં આવ્યું કે તે રૂપવતી છે ત્યારે તરત જ તે મોણિયા દોડયો ગયો. ચારણ સ્ત્રીઓ લાજ કાઢતી નથી અને રાજાની લાજ કાઢે નહિ તથા માંડલિક મીણબાઈને કદી ન જોઈ હોય તે સંભવે જ નહિ. વળી રાહ માંડલિક પોતે નીતિવાન અને ધર્મપાલક રાજા હતો. તેના પવિત્ર પિતાના ઊંચા સંસ્કારો તેનામાં હતા. તે ચારણ સ્ત્રી પ્રત્યે કુદૃષ્ટિ કરે તે પણ માની શકાય નહિ. આઈ નાગબાઈનો પુત્ર ખુંટકરણ હતો કે નાગાજણ તે માટે વાર્તાકારોનો એકમત નથી અને માંડલિકનું પતન થયું તેમાં કોઈ ચમત્કારિક કારણ હવે, તે બતાવવા વર્ષો પૂર્વે ઉત્પન્ન થયેલી કિંવદન્તીમાં સેળભેળ અને ઉમેરો થતાં થતાં આ વાર્તા આકાર પામી. જેનું પતન થાય તે પતિત અને અધમજ હોય એ માન્યતાએ પ્રજાએ આ વાર્તા સ્વીકારી લીધી.

## નરસિંહ મહેતા

રાહ માંડલિકના પતનનું એક કારણ એ પણ આપવામાં આવે છે કે તેણે ભકતકવિ નરસિંહ મહેતાને ત્રાસ આપેલો અને તે કારણે ભગવાનની તેની ઉપર અવકૃપા ઊતરી.

નરસિંહ મહેતા વડનગરા નાગર ગૃહસ્થ હતા. તેમનો જન્મ ક્યા

---

1 બીજો દુહો પણ પ્રચલિત છે.
સવંત ઓગણી નવ્વાણુએ થીર જૂનેગઢ થાપું
હું નાગઈ હર જોગણી આજ અભેપદ આપું
નાગઈ પુરાણ. શ્રી કાનજીભાઇ લાંગડિયા.

વર્ષમાં થયો હતો તે પ્રશ્ને વિદ્વાનોમાં જુદા જુદા મતો પ્રવર્તે છે. સદ્‌ગત સાક્ષર શ્રી જયસુખલાલ જોશીપુરાના[1] મતે તેમનો જન્મ વિ. સં. ૧૪૬૯માં થયો હતો જ્યારે શ્રી નયનસુખલાલ વિનોદરાય મજમુદાર વિ. સં. ૧૪૬૫-૭૦-માં થયો હોવાનું કહે છે.[2] શ્રી નરસિંહ મહેતા ચોરા કમિટીના સં. ૧૯૭૧ના રિપોર્ટમાં તે વર્ષ વિ. સં. ૧૪૭૦નું આપવામાં આવ્યું છે. શ્રી જગજીવનરામ નરભેરામ બધેકાના સંશોધન પ્રમાણે નરસિંહ મહેતા વિ. સં. ૧૪૬૫માં જનમ્યા હતા.[3–4]

નરસિંહ મહેતાની જન્મભૂમિ માટે પણ ભિન્ન ભિન્ન મંતવ્યો પ્રવર્તે છે. એક મત પ્રમાણે તેના પિતા કૃષ્ણ દામોદર અને તેના ભાઇ પર્વત વા પરબત મહેતા તળાજાના નિવાસી હતા અને ત્યાંથી કોઈ કારણસર માંગરોળમાં આવી વસેલા. બીજા મત પ્રમાણે કૃષ્ણ દામોદર વંથળીની લડાઈમાં રાહ મેલિંગદેવ નીચે લડતાં મરાઈ ગયા અને પરબત મહેતા માંગરોળ ગયા જ્યાં શેખ મલેકના કામદાર થયા.[5]

પરબત મહેતા શ્રીકૃષ્ણના પરમ ભક્ત હતા અને પ્રતિવર્ષ હાથમાં તુલસી વાવી દ્વારકા જતા. વૃદ્ધાવસ્થા થઈ અને પ્રવાસ કરવાનું મુશ્કેલ બન્યું ત્યારે એકવાર ભગવાને તેને સ્વપ્નમાં આવી માર્ગમાંથી પાછા વળી જવા આજ્ઞા કરી અને પોતે માંગરોળમાં તેના ઘર પાસે સોઢલી વાવમાં પ્રકટ થશે એવું વચન આપ્યું અને વિ. સં. ૧૫૦૧ના માર્ગશીર્ષ શુકલા ૬ ના રોજ શ્રીનું સ્વરૂપ પાણીમાં પ્રગટયું, જે મૂર્તિ હાલ જૂનાગઢના રણછોડજી મંદિરમાં છે.

નરસિંહ મહેતાનું જીવન અને કવન જૂનાગઢ કે સોરઠમાં જ નહિ પણ સમગ્ર ભારતમાં પ્રખ્યાત છે. આ પરમ વિદ્વાન, વીતરાગી અને ભક્ત કવિનું જીવનચરિત્ર તેનાં જ કાવ્યોમાંથી મેળવવા વિદ્વાનોએ પ્રયાસ કર્યો

1 લાઇફ એન્ડ ટીચિંગ્સ ઓફ નરસિંહ મહેતા, શ્રી જ. પુ. જોશીપુરા

2 નરસિંહ મહેતાના સમયનો નિર્ણય, શ્રી ન. વિ. મજમુદાર

3 નરસિંહ મહેતા અને મીઠો કવિ, શ્રી. જ. ન. બધેકા, વિ. સં. ૧૯૮૧નો દીપોત્સવી અંક, 'ગુજરાતી'

4 વડનગરનું સાચું સ્થળ ક્યું ? શ્રી. હ. પ્ર. શાસ્ત્રી, 'ગુજરાતી', તા. ૧૪-૧-૧૯૩૪.

5 ત્યારે શેખ હતા જ નહિ, લેખક.

છે. તે પોતે જ કહે છે કે હારમાળાનો પ્રસંગ વિ. સં. ૧૫૧૨ના માર્ગશીર્ષ શુકલ સપ્તમીના દિવસે બન્યો. ઇતિહાસ કહે છે કે રા'માંડલિક અને નરસિંહ મહેતા સમકાલીન હતા તે નિઃસંશય છે.

શ્રી જગજીવનરામ નરભેરામ બધેકા નામના એક વિદ્વાને તળાજા પાસેના ઉંચડી ગામના સીઠા નામના ચારણ કવિનાં કંઠસ્થ કાવ્યોનું પોતે સંશોધન કર્યું છે એમ કહી "ગુજરાતી" પત્રમાં ઈ. સ. ૧૯૩૪માં એક લેખમાળા લખેલી. આ લેખમાળામાં અદ્યપિ અજ્ઞાત અને આવશ્યક એવી માહિતી પ્રાપ્ત થતી હોવાથી કેટલાક વિદ્વાનોએ તે લેખમાળાનાં વિધાનો સર્વાંશે સ્વીકારી લીધાં જ્યારે કેટલાક વિદ્વાનોએ ભીઠા કવિની ભાષા, ઇતિહાસ વિરુદ્ધની હકીકતો અને સહેજે સ્વીકાર્ય ન બની શકે તેવાં કેટલાંક વિધાનોને કારણે તેની મૌલિકતા માટે શંકા કરી.

આ સમયે શ્રી ક. મા. મુનશીએ,[1] નરસિંહ મહેતાના જન્મનું વર્ષ, હારમાળાનો પ્રસંગ, તેનાં કાવ્યો, તેની ભક્તિ, પ્રેરણા વગેરે પરત્વે શંકાઓ ઉઠાવી અત્યાર સુધી જે પ્રચલિત માન્યતાઓ હતી અને જે પ્રમાણો ઉપર આ આ માન્યતા નિર્ધારિત હતી તે શંકાસ્પદ છે અને સ્વીકારી શકાય એમ નથી એમ કહી ઈ. સ. ૧૯૦૫માં સાહિત્ય પરિષદના પ્રમુખ સદગત સાક્ષરવર્ય શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠીના વિવેચન ઉપર સદ્ગત સાક્ષર શ્રી આનંદશંકર ધ્રુવે કરેલી ટીકાના આધારે એક વિવાદ ઊભો કર્યો તેની સામે જુદે જુદે સમયે અને જુદી જુદી રીતે શ્રી કે. કા. શાસ્ત્રી, શ્રી અંબાલાલ જાની, શ્રી ભોગીલાલ સાંડેસરા, શ્રી હરિશંકર પ્ર શાસ્ત્રી, શ્રી નટવરલાલ ઈચ્છારામ દેસાઈ વગેરે વિદ્વાનોએ તેમનાં મંતવ્યો રજૂ કર્યાં તે ઉપરથી શ્રી વિનોદરાય જયસુખરાય મજમુદાર તથા શ્રી નયનસુખરાય વિનોદરાય મજમુદારે આ બધાં મંતવ્યો સમાવિષ્ટ કરી એક અભ્યાસપૂર્ણ લેખ લખી આ વિરોધાભાસી મંતવ્યો નિરર્થક છે એમ સફળતાપૂર્વક પ્રતિપાદિત કર્યું છે.

શ્રી શાંતિપ્રસાદ પરમાણંદદાસ વૈષ્ણવ તથા શ્રી વશરામ માવજી પટેલ સંપાદિત અને પ્રકાશિત કરેલું, લેખકના નામ વગરનું "પરમ ભાગવત મહેતા નરસિંહનું સાચું દર્શન" નામક પુસ્તકમાં નરસિંહ મહેતાના જીવનમાં બનેલા ચમત્કારો કલ્પિત અને અસંભવ છે તથા નરસિંહ મહેતા જેવા એક દૈવી પુરુષને ઉતારી પાડવા તથા તેની લઘુતા દેખાય એવી વાતો ભક્તોએ જોડી

---

1 નરસિંહ મહેતા, શ્રી ક. મા. મુનશી.

હાદી છે તેમ સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો છે. તે કહે છે કે, "નરસિંહ મહેતાએ અખિલ બ્રહ્માંડમાં સર્વભૂતોની આત્મારૂપે એકતા સિદ્ધ કરી હતી, તેણે સર્વ માયાથી પર જઈ આદિ શંકરાચાર્યના નિર્વાણ દશક પ્રમાણે શિવરૂપ થઈ શ્યામ પ્રેમને ભજ્યા અને શિવશ્યામની એકતારૂપ વૈષ્ણવતા બતાવી."

આ વિદ્વાન લેખક નરસિંહ મહેતાનાં લખેલાં હોવાનાં કેટલાંક પદો અને કાવ્યો બીજા કોઈએ લખી નરસિંહ મહેતાના નામે ચડાવી દીધાં હોવાનું સતર્ક અને સપ્રમાણ વિધાન કહે છે. આ વસ્તુ પણ નિષ્પક્ષપાત અને તટસ્થ વિચારકની અવશ્ય વિચારણા માગી લે છે.

ગમે તેમ હોય પણ આજ પાંચ પાંચ સદીઓથી નરસિંહ મહેતાના જીવનના અદ્‌ભુત પ્રસંગો વાર્તાઓમાં, કાવ્યોમાં, આખ્યાનોમાં, નાટકોમાં, કથાઓમાં અને ભજનોમાં વર્ણવાય છે અને તેમાંથી પ્રજાનો મોટો સમુદાય ભક્તિ, નીતિ, સત્ય અને શ્રદ્ધાની પ્રેરણા મેળવે છે અને પોતાના જીવનને ઉજ્જવલ કરે છે

નરસિંહ મહેતા જે કાળમાં જનમ્યા અને જે કાળે તેમનો વિદ્યાભ્યાસ થયો તે કાળ હિંદુઓ માટે ઘણો જ વિષમ હતો. ગુજરાતના બળવાન સુલતાન અહમદશાહે સૌરાષ્ટ્રમાં ઈસ્લામનો પ્રબળ પ્રચાર શરૂ કરેલો અને હિંદુ ધર્મ, સંસ્કૃતિ અને પ્રણાલીનો ઉચ્છેદ કરવાની પ્રવૃત્તિ પૂરજોશમાં હતી. આ સમયમાં જૂનાગઢની ગાદીએ ગુજરાતના સુલતાનનું સાર્વભૌમત્વ સ્વીકારી તેના ખંડિયા તરીકે રાહ મેળગ હતો. તે અને તેનો અનુગામી જયસિંહ પણ મુસ્લિમ શાસકો સામે માથું ઊંચું કરી શકે એમ હતો નહિ. પ્રજામાં હતાશા અને પરાજિત મનોવૃત્તિ સિવાય કાંઈ હતું નહીં.[1]

પ્રશ્ન એ થાય છે કે આવા વિષમ અને વિપરીત સમયમાં જ્યાં સ્વમાન સાથે જીવવાનું શક્ય ન હતું અને જ્યાં સમાજમાં કે રાજ્યતંત્રમાં સ્થિરતા કે સલામતી ન હતાં ત્યાં નરસિંહ મહેતાએ ધર્મગ્રંથો, વેદો, ઉપનિષદો, પુરાણો મહાભારત, રામાયણ, સાહિત્ય અને કાવ્યના ગ્રંથો વગેરેનો અભ્યાસ ક્યારે કર્યો અને કેમ કર્યો હશે ? તેમને અભ્યાસ કોણે કરાવ્યો હશે ? તેનાં કાવ્યોનું વાંચન કરતાં એમ સ્પષ્ટપણે પ્રતીત થાય છે કે તેમણે વેદ-વેદાંગ, ઉપનિષદો, દર્શન-ગ્રંથો, પુરાણો, ઈતિહાસ, કાવ્યશાસ્ત્ર, સંગીતશાસ્ત્ર આદિનો વિશિષ્ટ અભ્યાસ કર્યો હતો. તે ઉપરથી એમ પણ જણાય છે કે તેના પિતા અને પિતામહ શ્રીમંત

1 વિગતો માટે જુઓ 'સૌરાષ્ટ્રનો ઈતિહાસ', શં. હ. દેશાઈ.

તો નહિ ઘરના સુખી અને સમાજમાં પ્રતિષ્ઠા ધરાવતા ગૃહસ્થો હતા. શ્રી બધેકા લખે છે કે પરબત મહેતા માંગરોળના શેખના કામદાર હતા તે વાતો કાલ્પનિક અને હાસ્યાસ્પદ છે. માંગરોળમાં ત્યારે કોઈ શેખ હતા નહિ પણ નરસિંહ મહેતાનું કુટુંબ ત્યારે માંગરોળમાં વસતું અને ત્યાંથી કોઇ કારણસર જૂનાગઢ આવ્યું.

નરસિંહ મહેતાએ ગૃહસ્થાશ્રમ કર્યો. તેનાં પત્ની માણેકબાઈથી તેમને એક પુત્ર શામળદાસ અને પુત્રી કુંવરબાઈ થયાં. નરસિંહ મહેતા ગૃહસ્થાશ્રમને નિભાવવા કોઈ વ્યવસાય પણ કરતા હતા પણ પ્રચલિત વાર્તા છે તે પ્રમાણે ભાભીના મહેણાથી, પૂર્વજન્મના કોઈ સંસ્કારો જાગૃત થતાં તેમણે ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં હૃદયને ભક્તિ અને વૈરાગ્યના રંગમાં રંગી નાખ્યું.

નરસિંહ મહેતાએ જ્ઞાન મેળવવા ગોપનાથની આરાધના કરી તેને પ્રસન્ન કર્યા. મહાદેવ તેને વૈકુંઠમાં લઈ ગયા જ્યાં શ્રીકૃષ્ણ રાસ રમતા હતા તે જોવા હાથમાં દિવેટ લઈ નરસિંહ મહેતા ઊભા. રાસ દર્શનમાં એટલા તલ્લીન થઈ ગયા કે મશાલ બળતાં બળતાં હાથ બળવા માંડયો તો પણ તેને શુદ્ધ રહી નહિ. શ્રીકૃષ્ણની પ્રસન્નતા અને વર મેળવી તે પાછા જૂનાગઢ આવ્યા.

તે પછી શ્રીકૃષ્ણે, તેના પુત્ર શામળદાસના વિવાહનો પ્રસંગ ઉકેલી આપ્યો, પુત્રી કુંવરબાઈનું મામેરું પૂર્યું, તેના પિતાનું શ્રાદ્ધ કરાવી આપ્યું, યાત્રાવાસીઓને લખી આપેલી હૂંડી સ્વીકારી લીધી અને એવા અનેક ચમત્કારો બતાવ્યા પણ નરસિંહ મહેતા તો "અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ" કહી એકની જ ઉપાસનામાં મસ્ત રહ્યા. ન તો તેને શ્રીકૃષ્ણની મળતી સહાયથી થયો ગર્વ ન તો વારંવાર આવતી આફતો માટે શોક થયો.

મધ્યકાલીન સમાજમાં ભક્તો અને ભગવાનના સંબંધોની, ચમત્કારો આદિની વાર્તાઓ પ્રચલિત હતી. નાના મોટા આવા પ્રસંગોને મોટું સ્વરૂપ આપવામાં આવતું અને મહાન પુરુષોની મહત્તાનાં વર્ણનો કે તેમની સ્તુતિ તે પ્રકારે થતી. આ ચમત્કારોને સાચા માનવામાં આવે, અતિશયોક્તિ ભરપૂર માનવામાં આવે કે ખોટા માનવામાં આવે પણ સારાંશ એ રહે છે કે આવા વેદાંતી, ભક્ત અને વીતરાગી દૈવી પુરુષને સમાજે કષ્ટ આપ્યું હશે અને પ્રત્યેક પ્રસંગે પરમાત્માએ તેની પ્રતિષ્ઠા રાખી હશે.

જૂનાગઢમાં તે એક અતિ આદરણીય પુરુષ હતા. તેનાં ભજનો, કીર્તનો

અને કથાઓ પાછળ સમાજનાં સ્ત્રીપુરુષો ઘેલાં બન્યાં હતાં અ[illegible]ના અનુયાયીઓ થયા હતા. પ્રજાના જીવનમાંથી વિદાય લઈ ગયેલી શ્રદ્ધા, શાંતિ, આસ્થા અને ધર્મભાવનાને આ મહાન તપસ્વી તેનાં આખ્યાનો દ્વારા પાછાં વાળી રહ્યા હતા ત્યારે શુષ્ક વેદાંતના ઉપાસી સંન્યાસી રામાનંદતીર્થ જૂનાગઢની શેરી શેરીમાં ગાજતા થયેલા નરસિંહ મહેતાનાં પદો અને ભજનોથી ક્રોધિત થઇ ગયા. તેણે રાહ માંડલિકને કહ્યું કે નરસિંહ ધૂર્ત છે, મેલી વિદ્યાનો જાણકાર છે અને તે વિદ્યાના બળે લોકોને પાખંડ મત પ્રતિ દોરી જાય છે. રાહ માંડલિક સ્વયં વિદ્વાન અને શાસ્ત્રજ્ઞ હતો. તેણે નરસિંહ મહેતાને બોલાવી તેની અને રામાનંદતીર્થ વચ્ચે શાસ્ત્રાર્થ કરવાનું કહી એક સભા કરી. બંને પક્ષોના માણસો મોટી સંખ્યામાં ઉપસ્થિત થયા અને જ્યારે નરસિંહ મહેતાના સિદ્ધાંતોની વિરુદ્ધ રામાનંદતીર્થ કાંઈ સબળ તર્ક કરી ન શકયા ત્યારે લોકોમાં પક્ષો પડી ગયા અને મારામારી ઉપર આવી ગયા. રાહે વિવાદ બંધ કરાવી દીધો અને રામાનંદતીર્થના કહેવાથી કહ્યું કે "જો દામોદરરાયજી તમને હાથોહાથ તેના ગળામાં આરોપેલો હાર પહેરાવે તો હું માનીશ કે તમે સાચા છો, જો તેમ નહિ બને તો તમે ધૂર્ત છો એમ માની દેહાન્તદંડ આપીશ."

આમ કહી રાહે તેને હડબેડીમાં નાખી એકાંત કેદમાં પૂર્યા અને દામોદરરાયની ગ્રીવામાં પુષ્પહાર પહેરાવી મંદિરને તાળાં મારી દીધાં. જેને લાભ, અલાભ, જય, અજય, જીવન અને મૃત્યુ સરખાં હતાં તેવા આ પરમ વેદાંતીને કેદનું કે કષ્ટનું કંઈ પડયું ન હતું પણ તેમાં શ્રીકૃષ્ણની અપકીર્તિ થશે અને જનતામાં તેના પ્રત્યે પ્રગટેલી ભાવના નષ્ટ થશે તે દુઃખ હતું. કહેવાય છે કે આખી રાત નરસિંહ મહેતાએ ભજનો ગાવાનું ચાલુ રાખ્યું પણ ન હાર આવ્યો ન મુક્તિ થઈ. અંતે તેને સ્મરણ થયું કે 'કેદારો' રાગ ગાયા સિવાય શ્રીકૃષ્ણ જાગશે નહિ અને કેદારો તો વ્યાપારીને ત્યાં દુકાને ગીરો પડયો છે. શ્રીકૃષ્ણે કેદારો છોડાવી તેનું ખત નરસિંહના ખોળામાં નાખ્યું અને મહેતાજીએ કેદારો છેડયો. સઘળી સભા જોતી રહી એમ મંદિરનાં દ્વારો ખૂલી ગયાં અને હાર આપમેળે આવી નરસિંહના કંઠમાં આરોપાયો.

રાહ માંડલિકે તેનાં ચરણ ઝાલી પોતાનાં આંસુથી પલાળ્યાં અને ક્ષમા માગી. મહાત્મા નરસિંહ મહેતાએ માત્ર કલ્યાણ ઈચ્છયું અને જ્યારે રામાનંદતીર્થે માંડલિકને ક્રોધપૂર્ણ વચનો કહેવા માંડયા ત્યારે મહેતાજીએ તેને કહ્યું કે :–

મહેતાજી કહે એમ ન કીજે ક્રોધ રામાનંદ મુન્યજી,
રાય દામોદરે હાર આપ્યો તે રાહ માંડલિકનું પુન્યજી.

આ પ્રસંગ વિ. સં. ૧૫૧૨ના માર્ગશીર્ષ શુકલા છના રોજ બન્યો અને રાહ માંડલિકનું પતન ૧૫૨૮માં થયું. ત્યાં સુધી નરસિંહ મહેતા જૂનાગઢમાં રહેતા. સ્વ. શાસ્ત્રી રેવાશંકર મેઘજીએ એવું અનુમાન કર્યું છે કે આ પ્રસંગ પછી તે જૂનાગઢ તજી દઈ માંગરોળ રહેવા ગયા અને ત્યાંથી ઉના ગયા, જ્યાં તે મુક્તિ પામ્યા. આ વિધાનને કોઈ સબળ પ્રમાણોનો ટેકો નથી.

નરસિંહ મહેતાનો એક માત્ર પુત્ર શામળદાસ તેની હયાતીમાં જ ગુજરી ગયેલો પરંતુ તેની વિધવા કમળાલક્ષ્મી ઉર્ફે જુઠીબાઈએ તેની અંત પર્યંત સેવા કરી. કમળાલક્ષ્મી ઉત્તર ગુજરાતમાં આવેલા વડનગરના મદન મહેતાની પુત્રી હતી અને કવયિત્રી હતી. આજે નરસિંહના નામે ચડેલાં ઘણાં પદો તેણે લખ્યાં હોવાનું કહેવાય છે. નરસિંહ મહેતાની પુત્રી કુંવરબાઈનાં લગ્ન ઉનાના શ્રીરંગ મહેતાના પુત્ર વત્સરાજ સાથે કરેલાં. તેને એક પુત્ર નામે ભવાનીપ્રસાદ હતો. નરસિંહ મહેતાને પુરુષ વંશ હતો નહિ પણ તેના કાકા પરબત મહેતાના વંશમાં આજ વૈશ્નવ, બક્ષી અને મજમુદાર અવટંકથી ઓળખાતાં નાગરકુટુંબો છે.

નરસિંહ મહેતા ગુજરાતના આદિ-કવિ મનાય છે. તેની કવિતા મૌલિક, ભાવવાહી અને મધુર છે. તેણે આ કાવ્યો કોઈની સ્તુતિ, પ્રશંસા કે ધન્યવાદ મેળવવા માટે કે કોઈની નિંદા કરવા માટે લખ્યાં નથી, તેમ તેનાં કાવ્યો કે કવિત્વશકિત માટે કોઈ શું કહેશે તેની પરવા કર્યા વગર હૃદયનાં ઊંડાણોમાંથી પ્રભુપ્રેરણા પામી લખેલાં છે. તેમાંથી ભકિત, ઉપાસના, ઉપદેશ, માર્મિક કટાક્ષ, બોધ અને શ્રદ્ધાનાં અમૃત નીતરે છે. આ કાવ્યો વર્ણનાત્મક, વ્યવહારુ અને વિશિષ્ટ છે અને તેથી જ પાંચ પાંચ સદીઓ વીત્યા છતાં તે જેવાં ને તેવાં જ લોકપ્રિય અને લોકભોગ્ય રહ્યાં છે.

સુરત સંગ્રામનું કાવ્ય તેનું લખેલું નથી તેમ ઘણા વિદ્વાનો માને છે. શ્રીહરિના પરમ ઉપાસક અને પૂર્ણ વેદાંતી સંત સુરત સંગ્રામ ન જ લખે તે સ્વાભાવિક છે. અમુક વિદ્વાનો માને છે કે સુરત સંગ્રામ તેનો જ લખેલો છે તે પણ તેનું આધ્યાત્મિક અર્થઘટન કરવું જોઈએ. એ જ રીતે "ગિરિ તળેટી ને કુંડ દામોદર" જેવાં અનેક પદો, ભજનો અને પ્રભાતિયાં પણ અન્ય કવિઓએ લખ્યાં છતાં નરસિંહ મહેતાને નામે ચડી ગયાં છે.

નરસિંહ મહેતાની રચનાઓમાં શબ્દોની સુયોગ્ય પસંદગી, ઉપમા, અલંકાર, પ્રાસાનુપ્રાસ આદિ પિંગળના પ્રત્યેક અંગઉપાંગ પણ સંપૂર્ણ અને શુદ્ધ હોવાનું જણાય છે.

આ મહાન વિભૂતિનો જૂનાગઢમાં કયાં નિવાસ હતો તે જાણી શકાયું નથી પણ મજેવડી દરવાજા પાસે આવેલા નરસિંહ મહેતાના ચોરા નામે જાણીતા સ્થાનમાં તે રહેતા હશે અથવા નગરનું નિવાસસ્થાન તજી પાછળથી ત્યાં ગયા હશે એમ માનવામાં આવે છે.

નરસિંહ મહેતાની કીર્તિ તેમના જીવનકાલમાં સૌરાષ્ટ્ર, ગુજરાત, મારવાડ અને ઉત્તર ભારતમાં પ્રસરી ગઈ. મીરાંબાઈ, સુરદાસ, ઈસરદાન વગેરે મહાન ભક્તાત્માઓએ તેની મહત્તા ગાઈ છે. કબીર અને ગુરુ નાનક જૂનાગઢમાં તેના દર્શને આવેલા. તેના મૃત્યુ પછી તેની કીર્તિ સમસ્ત ભારતમાં પ્રસરી ગઈ. ઈ. સ. ૧૪૯૧માં સૌરાષ્ટ્રની યાત્રાએ આવેલા ગોવિંદ સ્વામીએ 'ભક્તિ દર્પણ' નામનો ગ્રંથ લખી ઈ. સ. ૧૪૯૩માં પૂર્ણ કર્યો તેમાં લખ્યું છે કે,

सौराष्ट्रे जीर्णदुर्गे च भक्तं नृसिंह नागरम्
द्रष्टवा दुःखमयं हारोऽद्द दामोदर स्वयम् ॥[1]

આજ પણ ભારતભરમાં ભાવિક લોકો નરસિંહના નામ ઉચ્ચાર સાથે જ તેને નમન કરે છે અને જૂનાગઢવાસીઓ નરસિંહની જન્મભૂમિમાં જનમ્યા છે તે માટે તેમને પ્રણામ કરે છે.

ગુરુનાનક અને સંત કબીર જૂનાગઢ આવેલા અને નરસિંહ મહેતાને મળેલા તેમ આ મહાપુરુષોના જીવનચરિત્ર લેખકો માને છે.[2]

મહમૂદ બેગડાનું રાજ્ય સ્થપાયા પછી નરસિંહ મહેતા જૂનાગઢમાં રહ્યા કે નહિ તે નિર્ણીત થઈ શકતું નથી તેમ માંગરોળ કે ઉના ગયા હોવાનો કોઈ આધાર નથી. સંસારથી અલિપ્ત એવા મહાન પુરુષને તે રાજ્ય પરિવર્તનની કાંઈ અસર થાય નહિ તે સ્વાભાવિક છે. તેણે શેષ જીવન જૂનાગઢમાં જ વિતાવીને ઈ. સ. ૧૫૮૦ લગભગ તેના પાર્થિવ શરીરનો ત્યાગ કરી મોક્ષ

---

1 શ્રી જગજીવનરામ નરભેરામ બધેકા, 'ગુજરાતી', તા. ૪-૬-૧૯૩૩.

2 ડો. કિરપાલસિંહ, પંજાબ યુનિવર્સિટી તથા પ્રો. કે. સી. ભટ્ટ, રાજપીપળા.

પામ્યા. પ્રચલિત કિંવદંતી પ્રમાણે અંત્યેષ્ટિ સમયે તેના નિશ્ચેતન દેહ ઉપરથી વસ્ત્ર ખસેડતાં ત્યાં પુષ્પોનો પુંજ હતો, માનવદેહ ન હતો.

આ મહાન વિદ્વાન, વિરલ કવિ, પરમ વેદાંતી, નીડર નાગરિક અને વીતરાગ ભક્ત જૂનાગઢના હતા તેથી જૂનાગઢ સગર્વ ગૌરવ લેવાનું અધિકારી છે.[1]

---

1 નરસિંહ મહેતાના જીવનના પ્રસંગો અને કવન અને તેને સંબંધકર્તા પરસ્પર વિરોધી વિધાનોની વિસ્તૃત ચર્ચા વિસ્તારભયે કરવામાં આવી નથી.

# ૪

# મુસ્લિમ સમય

## ગુજરાતના સુલતાનો

રાહ માંડલિકનું ઈ. સ. ૧૪૬૯માં પતન થતાં જૂનાગઢ ગુજરાતના ખાલસા પ્રદેશોમાં ભળી ગયું. મહમૂદ બેગડાને જૂનાગઢ શહેર અને ગિરનાર એટલાં બધાં પસંદ પડયાં કે તેણે અમદાવાદથી તેની રાજધાની જૂનાગઢમાં ફેરવી નાખવાનું વિચાર્યું.

પોતાના વિચારોને મૂર્તસ્વરૂપ આપવા જીર્ણદુર્ગનું સંસ્કૃત નામ ફેરવી પોતે તેની ફતેહ કરી હતી તે માટે મુસ્તફાબાદ પાડયું.[1] અને રાહ માંડલિકની ટંકશાળમાં મહમૂદી નામનો સિક્કો પાડી તેના ઉપર "શહેરે આઝમ" શબ્દો ઉપસાવ્યા. તેણે ઉપરકોટમાં રાહના રાજમહાલયમાં પોતા માટે નિવાસસ્થાન કર્યું[2] અને કેટલાંક મકાનો તોડાવી તેના પથ્થરોમાંથી એક મસ્જિદ બનાવી.[3]

તેણે ગુજરાતનાં શહેરો અને ગામોમાંથી સૈયદો, કાઝીઓ, મૌલવીઓ અને

---

1 મુસ્તફાબાદ નામ અલ્પજીવી હતું. જુઓ પ્રકરણ ૧૯ું.

2 મિરાતે સિકંદરી.

3 ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઈન્ડિયા, કર્નલ ટોડ.

મુલ્લાઓને બોલાવી ધર્મપ્રચાર, ધર્મશિક્ષણ અને ન્યાયના કાર્ય માટે નિયુક્ત કર્યા. અમીરોને જૂનાગઢમાં મોટાં મોટાં આલીશાન મકાનો બાંધવા આજ્ઞા કરી અને જૂનાગઢનો વૈભવ અને મહત્તા વધે તેવો પ્રબંધ કર્યો.[1]

મહમૂદે ગુજરાતના સુલતાનોની ધાર્મિક રાજનીતિ અનુસાર ઈસ્લામનો પ્રચાર કર્યો. જેઓએ ઈસ્લામ અંગીકાર કર્યો તેમને દીની તાલીમ આપવા મૌલવીઓને સૂચના આપવામાં આવી.

## ભૂપતસિંહ

જૂનાગઢ પ્રાંતનો વહીવટ કરવા તેણે પોતાના યુવરાજ ખલીલખાનને નીમ્યો. તેના નાયબ તરીકે તાતારખાનને રાખી મુલ્કી વહીવટ રાહ માંડલિકના યુવરાજ ભૂપતસિંહને સોંપ્યો. મહમૂદ ભૂપતસિંહનાં વ્યક્તિત્વ, શક્તિ અને રીતભાતથી પ્રભાવિત થયો અને તેનું રાજાનું પદ રહેવા દીધું અને બગસરા ચોરાશી ગિરાસમાં આપી.[2]

પૂર્વેના રાહના અન્ય વંશજો રાયજાદા કહેવાતા તે સંજ્ઞા ભૂપતસિંહે સ્વીકારી અને ત્યારથી તેના વંશજો રાયજાદા કહેવાયા. રાયજાદા શબ્દ રાહઝાદાનો અપભ્રંશ છે તેવી એક પ્રચલિત માન્યતા છે પરંતુ તે બરાબર નથી. યાદવ વંશમાં થયેલો ચૂડચંદ્ર યાદવોની સમા નામની પેટાજાતિનો હતો અને તે ચૂડચંદ્ર સમા કહેવાતો તેના વંશજો ચૂડાસમા કહેવાયા. આ યાદવ વંશીય રાજપૂતો તેના નામ પાછળ યાદવ શબ્દ લખતા જેમાંથી જાદવ અને જાદા કે જાદે શબ્દ રૂઢ થયો. રાહ નવગણ બીજો ઈ. સ. ૧૦૬૭–૧૦૯૮માં થયો. તેનો પુત્ર રાયઘણ હતો. તેના વંશજો પણ રાયજાદા કહેવાતા એટલે રાયજાદા શબ્દ રાયયાદવ અર્થાત્ યાદવ વંશનો રાજા થાય છે. તે રાહજાદાનું અપભ્રંશ રૂપ નથી.[3]

ખલીલખાને જૂનાગઢ પાસેના કોઈ ગામે ખલીલપુર નામે પરું વસાવી ત્યાં તેના રહેવા માટે મહેલો બાંધ્યા. આજે આ રાજમહાલયોનું ખલીલપુરમાં નામનિશાન નથી.

## મહમૂદ બેગડો

મહમૂદે જૂનાગઢ તથા પાવાગઢ એમ બે ગઢો જીત્યા માટે તે બેગઢો કે

1 વિગતો માટે જુઓ પ્રકરણ ૧લું.

2 જુઓ સૌરાષ્ટ્રના ઈતિહાસની વાર્તાઓ, ભા. ૩.

3 જુઓ સૌરાષ્ટ્રનો ઈતિહાસ, શં. હ. દેસાઈ.

બેગડો કહેવાતો તેવી વાર્તા પ્રચલિત થઈ છે પરંતુ જૂનાગઢની ફતેહ પૂર્વે પણ તે બેગડો કહેવાતો હોવાનું જણાય છે મહમૂદ તેની મૂછોને વળ ચડાવી ઊંચી રાખતો અને તે શિંગડાઓ જેવી દેખાતી તેથી તે બેગડો કહેવાતો તેમ પણ કેટલાક લેખકો માને છે. એમ પણ કહેવાય છે કે, વગડામાં વસતાં અને રખડતાં પ્રાણીઓ વેગડ કહેવાય છે. આ નિર્દય રાજવીને તેના સ્વભાવ અને વર્તનને કારણે લોકોએ વેગડ કે વેગડો કહ્યો અને મુસ્લિમો 'વ'નો ઉચ્ચાર 'બ' કરે છે તેથી તે વેગડામાંથી બેગડો કહેવાયો.

## જામે-મસ્જિદ

મહમૂદ બેગડાના રાજ્યકાલનો પણ જેની સાલ સ્પષ્ટ થતી નથી તેવો એક ફારસી શિલાલેખ જૂનાગઢની બોરવાડ મસ્જિદમાં છે.[1] તેમાં જણાવ્યા પ્રમાણે ઘણાં વરસોની મહેનત પછી ગિરનારની ફતેહ થઇ ત્યારે "ખાંટનાં માથાને જમીનમાં દાટવામાં આવ્યું ત્યારે અબુલફતાહે જામે મસ્જિદ બાંધી–અહીં ઈસ્લામનો પ્રચાર થશે અને અલ્પ કાલમાં જ કુફ્ર લુપ્ત થશે."

આ ખાંટ કોણ હતા તેનું શિલાલેખમાં નામ નથી પણ મિરાતે સિકંદરી કહે છે કે "ગિરનારની પર્વતમાળા બારેમાસમાં પથરાયેલી છે અને તેના ગાળાઓનું વન એટલું ઘાડું છે કે તેમાં ઘોડાઓ પણ પ્રવેશી શકતા નથી. ત્યાં કોઈ મનુષ્ય દેખાતું નથી, માત્ર હિંસક પશુઓ અને પક્ષીઓ રહે છે... ત્યાં ખાંટ નામની હિન્દુઓની એક જાતિના માણસો કે જે રાની પશુઓ જેવા છે તે વસે છે." આ ખાંટો ગિરનાર પહાડના ઈજારદારો હતા અને ગિરનારનું તેઓ રક્ષણ કરતા." સંભવ છે કે તેમણે ગિરનારના ઘેરામાં અને તે પછી મહમૂદને ત્રાહે તોબા પોકરાવી હશે તેથી તેને પરાજિત કરી તેના મુખીનું માથું કાપી તેને જાહેર રીતે મસ્જિદના સ્થળે દાટવામાં આવ્યું હશે.

## મહમૂદનું મૃત્યુ

જૂનાગઢ જીત્યા પછી સોરઠ દેશ ઉપર ૧૯ વર્ષ શાસન કરી મહમૂદ બેગડો ઈ. સ. ૧૫૧૧ માં અમદાવાદમાં ગુજરી ગયો.

## મુઝફ્ફર રજો

મહમૂદનું મૃત્યુ થયું ત્યારે તેનો યુવરાજ ખલીલખાન વડોદરા હતો. ત્યાંથી દમોદમ કૂચ કરી અમદાવાદ આવી પહોંચ્યો અને મુઝફ્ફર નામ ધારણ

---

1 અરેબીક એન્ડ પર્શિઅન ઇન્સ્ક્રિપ્શન્સ ઓફ સૌરાષ્ટ્ર, શં. હ. દેશાઈ.

કરી ગુજરાતનો સુલતાન થયો.

તેના સમયમાં જૂનાગઢ સંબંધી કોઈ નોંધપાત્ર બનાવ બન્યો હોવાની ઈતિહાસમાં નોંધ નથી પરંતુ સુલતાનોની જે રાજનીતિ હતી તે ચાલુ રહી.

આ સમયે સોરઠના સૂબાપદે મલેક અયાઝ હતો પરંતુ તે સમુદ્રતીરે રહેવાનો શોખીન હતો તેથી દીવ, દેલવાડામાં રહેતો અને તેનો નાયબ તાતરખાન જૂનાગઢમાં રહેતો. મલેક અયાઝ શ્રીમંત તેમજ બળવાન પરદેશી અમીર હતો તેથી તેના તંત્રમાં સુલતાન કંઈ દખલગીરી કરી શકતો નહિ. તે સાથે રાજાઓ, જમીનદારો, જાગીરદારો અને અન્ય બળવાન અમીરોની શકિત સુલતાનના સૈન્યોએ હરી લીધી હતી તેથી તેને કોઈના વિરોધનો લેશમાત્ર ભય ન હતો. પ્રજા પણ રાજયના શત્રુઓથી નિર્ભય હતી. માત્ર હિન્દુ પ્રજાને રાજયના અમીરો અને અધિકારીઓ તરફથી ઉપદ્રવ અને અત્યાચાર મૂક રહીને સહન કરવો પડતો.

## મસ્જિદ

ઈ. સ. ૧૫૧૪ના વર્ષનો એક ફારસી શિલાલેખ જૂનાગઢની બારવાડ મસ્જિદમાંથી મળ્યો છે તેમાં જણાવ્યું છે કે "આ જામે મસ્જિદ મુઝફ્ફરના સમયમાં ખાન આઝમ બાહા કે જે મરજાનનો પુત્ર હતો તેણે બંધાવી છે.. આ મકાન ગિરનારના કિલ્લામાં કે જેનું નામ મુસ્તફાબાદ રાખ્યું છે, તેમાં બાંધ્યું છે."[1]

એ જ સાલના એક ખંડિત શિલાલેખમાં દર્શાવ્યું છે કે આ મસ્જિદ સલાટ રાધાએ બાંધી હતી અને મસ્જિદની મહેરાબ સલાટ નરબદ કાલાએ બનાવી હતી.

## મુઝફ્ફરનું મૃત્યુ

મુઝફ્ફર બીજો ઈ. સ. ૧૫૨૬માં ગુજરી ગયો. તેની ગાદીએ તેનો યુવરાજ સિકંદર બેઠો.

## સિકંદર અને પછી

ગુજરાતના બળવાન અમીર ઈમાદ્-ઉલ-મુલ્કે સિકંદરનું ખૂન કરી તેનાથી નાના ભાઈ મહમૂદને ગાદીએ બેસાડી સર્વ સત્તા હસ્તગત કરી પરંતુ મુઝફ્ફરના વજીર ખુદાવંદખાને અને સિકંદરના બનેવી સિંધના શાહજાદા

---

1 અરેબીક એન્ડ પર્શિઅન ઈન્સ્ક્રીપ્શન્સ ઓફ સૌરાષ્ટ્ર, શં. હ. દેશાઈ.

ફતેહખાને મુઝફ્ફરનો દ્વિતીય પુત્ર બહાદુરશાહ દિલ્હી હતો ત્યાંથી તેને ઈ. સ. ૧૫૨૬માં ગુજરાતની ગાદીએ બેસાડયો.

## બહાદુરશાહ

બહાદુરશાહે રાજકુટુંબના સર્વ શાહઝાદાઓને ફાંસી કે ઝેરના પ્યાલાની બક્ષિસ આપી પોતાનો માર્ગ નિષ્કંટક બનાવ્યો.

ઈ. સ. ૧૫૨૫માં સોરઠનો સૂબો મલેક અયાઝ ગુજરી જતાં તેની જગ્યા તેના પુત્ર ઈસહાકને આપવામાં આવેલી. તેણે હિન્દુ જમીનદારો–રાજાઓ સાથે મળી જઈ નવ નગરના જામની સહાય મેળવી દીવ અને અન્ય પ્રદેશો હસ્તગત કરવા પ્રયાસ કર્યો. બહાદુરશાહને ઇસહાકના ભાઈ ઈલિયાસે ખંભાત મુકામે સુલતાનને આ બાતમી આપતાં તેણે ઇસહાક ઉપર ચડાઈ કરી.

બહાદુરશાહ ખંભાતથી નીકળી, ગુંદી, ધંધુકા, રાણપુર થઈ જસદણ થઈ વસાવડ આવ્યો અને ત્યાંથી દેવળી આવી ત્યાં છાવણી નાખી. આ સમાચાર મળતાં જ ઈસહાક નાસી ગયો અને બહાદુરશાહે તેને પકડવા ખાનખાનાનને મોકલ્યો.

બહાદુરશાહ દેવળીથી જૂનાગઢ આવ્યો અને ત્યાં થોડા દિવસ રોકાઈ, સૈન્યને દેલવાડા મોકલી પોતે, ચોરવાડ, પ્રભાસ પાટણ અને કોડીનાર થઈ દીવ ગયો.

આ પ્રસંગે તેણે કીવામ–ઉલ–મૂલ્કને દીવના અને મુજાહિદખાન બહેલીમને જૂનાગઢના થાણદારો તરીકે નિયુક્ત કર્યા.

આ સમયે પોર્ટુગીઝોએ દીવનો કબજો કરી લીધો હતો અને સુલતાનોના નૌકા અને ભૂમિ સૈન્યો તેની સામે યુદ્ધો કરતાં રહેતાં. આ નિરંતર ચાલતાં યુદ્ધોથી કંટાળી બહાદુરશાહે ઈ. સ. ૧૫૩૪માં પોર્ટુગીઝો સાથે સંધી કરી. તે અરસામાં દિલ્હીનો સુલતાન હુમાયુ ગુજરાત ઉપર ચડી આવ્યો. બહાદુરશાહ નાસીને ખંભાત આવ્યો, ત્યાં પોતાનો કાફલો સળગાવી દઈ એક વહાણમાં તે દીવ આવ્યો, ત્યાંથી જૂનાગઢ, ચાંપાનેર અને અન્ય રાજ્યોના ખજાના લૂંટીને તેના પૂર્વજોએ એકત્ર કરેલાં જર, જવાહિર, સુવર્ણ, રત્નો આદિથી ભરેલી ત્રણસો લોખંડની પેટીઓ તેના પોતાના સાથે સમુદ્રમાર્ગે મદિના તરફ મોકલ્યું. માર્ગમાં આ કાફલાને તુર્કીના એડમિરલ સુલેમાને આંતરી આ ધન લૂંટી લીધું અને બહાદુરશાહની બેગમો અને જનાનાની સ્ત્રીઓને ખલીફાના જનાનખાનામાં મોકલી દીધી. જૂનાગઢનો ખજાનો ઈસ્તંબુલ ગયો અને બહાદુરશાહની બેગમોનું શું થયું તે જાણવામાં આવ્યું નથી.

## બહાદુરશાહનું મૃત્યુ

ઈ. સ. ૧૫૩૭માં દીવના બારામાં પોર્ટુગીઝોએ બહાદુરશાહને મારી નાખ્યો.[1]

## બહાદુરશાહ પછી

બહાદુરશાહના મૃત્યુ પછી તેના ભાઈ લતીફખાનનો પુત્ર મહમૂદ ત્રીજો ગુજરાતની ગાદીએ આવ્યો. તેના સમયની જૂનાગઢને સંબંધકર્તા કોઈ ખાસ હકીકત ઉપલબ્ધ નથી. ઈ. સ. ૧૫૩૮માં તુર્કીથી સુલેમાન પાશા એક નૌકા સૈન્ય લઈ; પોર્ટુગીઝો સામે શરૂ થયેલાં સમુદ્રયુધ્ધોમાં સુલતાનને સહાય કરવા આવ્યો પણ સુલતાનના સેનાપતિ ખ્વાજા સફરે તેને ખોટો બીક બતાવી પાછો વાળી દીધો. સુલેમાન પાછો ગયો ત્યારે ઘણો સરંજામ પાછળ મૂકતો ગયો જેમાંની તોપો પૈકીના બે તોપો મુજાહિદખાન બહેલીમ જૂનાગઢ લઈ આવ્યો તે આજ ઉપરકોટના કિલ્લામાં છે.

મહમૂદ ત્રીજો ઈ. સ. ૧૫૫૪માં મૃત્યુ પામ્યો. ગુજરાતની બળવાન સલ્તનત નિર્બળ થઈ ગઈ. મહમૂદ અપુત્ર હતો તેથી અમીરોએ અહમદખાન નામના એક છોકરાને ગાદીએ બેસાડયો પણ તેનું ઈ. સ. ૧૫૬૧માં ખૂન કરવામાં આવ્યું અને તેની ગાદી ઉપર મહમૂદ ત્રીજાનો અનૌરસ પુત્ર નથુ મુઝફ્ફર નામ ધારણ કરી બેઠો.

તેના સમયમાં જૂનાગઢના થાણદારપદે શિહાબ-ઉલ-મુલ્ક ગોરી હતો. તેને પોર્ટુગીઝોએ ઉપરકોટમાં પડેલી અને અન્યત્ર રાખેલી સુલેમાની તોપોનો નાશ કરવા માટે મણના મણ સોનું આપવા લાલચ આપેલી પણ તે તેને વશ થયો નહિ.

## મુઝફ્ફર ૩ જો

મુઝફ્ફરના સમયમાં અમીરોએ ગુજરાત વહેંચી લીધું અને ઈ. સ. ૧૫૬૭માં ચંગીઝખાને ભરૂચ, સુરત, વડોદરા અને ચાંપાનેર, ઈત્તમાદખાને, ખંભાત મહિવાસ અને સાબર કાંઠો શેરખાન તથા મુસાખાને પાટણવાડો એમ જુદા જુદા પ્રદેશો જુદા જુદા અમીરોએ કબ્જે કરી લેતાં દેશમાં અંધાધૂંધી વ્યાપી તેથી ઈત્તમાદખાને પાદશાહ અકબરને આમંત્રણ પાઠવી ગુજરાત સ્વાધીન લેવા વિનંતી કરી.

---

1 દીવનાં યુધ્ધો અને બહાદુરશાહના મૃત્યુની વિગતો માટે જુઓ 'સૌરાષ્ટ્રનો ઇતિહાસ' શં. હ. દેશાઈ.

## અકબરનું આક્રમણ

ઈ. સ. ૧૫૭૩માં અકબરે ગુજરાત ઉપરચ ચઢાઈ કરી તે બહુ સરળતાથી જીતી લીધું. તેણે સુલતાન મુઝફ્ફરને કેદ કરી દિલ્હી મોકલ્યો અને પોતાની હકૂમત ગુજરાતમાં સ્થાપી. થોડા સમયમાં જ ગુજરાતના અમુક અમીરોએ બંડ કરતાં અકબર દમોદમ કૂચ કરતો અમદાવાદ આવ્યો અને બંડ સમાવી પાછો ગયો ત્યાં મુઝફ્ફર દિલ્હીની કેદમાંથી નાસી ગુજરાતમાં પહોંચી ગયો.

## શાહબુદ્દીન અહમદની ચડાઈ

દરમિયાન જૂનાગઢમાં સ્વતંત્ર થઈ ગયેલા થાણદાર તાતારખાનના પુત્ર અમીનખાન અને તેના સેનાધ્યક્ષ ફતેહખાન સરવાણી વચ્ચે મતભેદ થતાં, ફતેહખાન અમદાવાદ ગયો અને ત્યાંના અમીર શાહબુદ્દીન અહમદખાનને જૂનાગઢ ઉપર ચડી અમીનખાન પાસેથી જૂનાગઢ લઈ લેવા સમજાવ્યો. અહમદખાને તેના ભત્રીજા મિરઝાંખાનને એક બળવાન સૈન્ય આપી ફત્તેહખાન સાથે મોકલ્યો. તેણે જૂનાગઢને ઘેરો ઘાલ્યો.

અમીનખાનની શક્તિ, આવા સૈન્ય સામે લડવાની હતી નહિ તેથી તેણે જામ સતાજીની સહાય માગી. જામ સતાજીએ, જસાવજીર, ભાણજી દલ તથા ભારમલજી નીચે ત્રીસ હજાર અશ્વારોહી રાજપૂતોને મોકલ્યા. અમીનખાન આ સૈન્ય જોઈને ડરી ગયો. દરમ્યાન ફત્તેહખાન ગુજરી ગયો. અમીનખાને જામનગરના સૈન્યને કહેવરાવ્યું કે અમારી વચ્ચે સુલેહ થઈ ગઈ છે અને અહીં કિલ્લામાં સંકડાશ છે માટે આપ જામનગર પાછા પધારો. જામનગરના સેનાપતિઓને આ સંદેશો રૂચિકર લાગ્યો નહિ. તેમણે પાછા ન જતાં જૂનાગઢથી બે ગાઉ દૂર ઉપર મુકામ રાખ્યો. તે ઉપરથી તેના ઉપર મિરઝાંખાને રાત્રે છાપો મારવા વિચાર્યું. આ બાતમી મળતાં જસાવજીરે રાહ જોયા વગર મિરઝાંખાનની છાવણી ઉપર પ્રબળ હલ્લો કર્યો. સૈન્યમાં ભંગાણ પડયું. મિરઝાંખાન નાસી ગયો અને મુગલ છાવણીમાંથી ૫૨ હાથીઓ, ૩૫૩૦ ઘોડા, ૭૦ પાલખીઓ, તોપો, બંદૂકો, તંબુઓ વગેરે સરંજામ જામનગરના સૈન્યે કબજે કર્યો. મિરઝાંખાન દક્ષિણ તરફ નાસી જાય છે તે સમાચાર મળતાં જામનું સૈન્ય તેની પાછળ પડયું અને માંગરોળ ઘેર્યું. ત્યાં મિરઝાંખાન ત્યાંથી કોડીનાર નાસી ગયો તેથી કોડીનાર ઘેર્યું. ત્યાં મિરઝાંખાને જામના સૈન્યનો મુકાબલો કર્યો પણ તે યુદ્ધમાં તેનો સ્પષ્ટ પરાજય થતાં મોટી ખુવારી વેઠી તે અમદાવાદ નાસી ગયો.

પોતાને બોલાવી પાછળથી દગો કર્યો તે માટે જામનાં સૈન્યોએ કોડીના-

રથી પાછા વળતાં અમીનખાન ઉપર હુમલો કર્યો. અમીનખાનના પુત્ર દોલતખાને સૈયદો તથા ચારણોને જામની છાવણીમાં મોકલી માફી માગી અને જામનગરને ચુડ, જોધપુર અને ભોદનાં પરગણાં દંડ બદલ આપી સમાધાન કર્યું.

## મુઝફ્ફર ઉર્ફે

ગુજરાતનો ભાગેડુ સુલતાન મુઝફ્ફર દિલ્હીની કેદમાંથી નાસી છૂટયા પછી ગુજરાતમાં રાજપીપળાનાં જંગલોમાં આશ્રય શોધવા ગયો પણ શાહી સૈન્યે તેની પૂંઠ પકડી તેને કયાંય ટકવા દીધે નહિ. અંતે તેણે જૂનાગઢ આવી અમીનખાનનું શરણ શોધ્યું. મિરઝાંખાને તેને મળેલા પરાજય અને નામોશીનું કલંક લાગી ગયું. આ મોકો મળ્યો છે એમ ધારી જૂનાગઢ ઉપર ચડાઈ કરી પણ અમીનખાન મુઝફ્ફર માટે સર્વનાશ નોતરવા તૈયાર ન હતો તેથી તેણે કહેવરાવ્યું કે મુઝફ્ફર ઉપલેટા ચાલ્યો ગયો છે. મિરઝાંખાન ઉપલેટા થઈ બરડાના પર્વતોમાં ગયો પણ મુઝફ્ફર મળ્યો નહિ. મુઝફ્ફર જામનગર ગયો ત્યાં તેને જામ સતાજીએ આશ્રય આપ્યો.

## ભૂચર મોરીનું યુદ્ધ

મુઝફ્ફરને જામનગરમાં આશ્રય મળ્યો છે એ સમાચાર શાહી સૂબા મિરઝાં અઝિઝ કોકલતાશને મળતાં તેણે એક પ્રબળ સૈન્ય સજી જામનગર ઉપર ચડાઈ કરી. જૂનાગઢના અમીનખાન ગોરીના પુત્ર દોલતખાને મુઝફ્ફરના પક્ષમાં રહેવાનું નકકી કર્યું. રાહ માંડલિકના વંશજ ખેંગારે પણ તેની રહીસહી શકિત એકત્રિત કરી મુઝફ્ફરને સહાય આપવા વચન આપ્યું. ખેરડીનો કાઠી દરબાર લોમો ખુમાણ પણ તેના કાઠીઓને લઈ મુઝફ્ફરની મદદે આવ્યો. સોરઠના જમીનદારો, તાલુકદારો પણ દોલતખાનની સાથે થયા. પ્રભાસપાટણના દેશાઈ રાઘવજી તથા ગાંગજી પણ તેઓની સાથે ગયા.

જામ સતાજીએ મુઝફ્ફરને સોંપી દેવાનું, મિરઝાં અઝિઝ કોકાનું અલ્ટિમેટમ પાછું વાળ્યું અને ધ્રોળ પાસે ભૂચર મોરીના મેદાનમાં પાદશાહી સૈન્યનો મુકાબલો કરવા તેના બળવાન સૈન્યને ઉપસ્થિત કર્યું. બંને પક્ષોનાં સૈન્યો સામસામાં મળ્યાં ત્યારે દોલતખાન ગોરી તેના સહાયકો સાથે તથા લોમો ખુમાણ તેના માણસો સાથે શાહી સૈન્ય સાથે મળી ગયા.

ભૂચર મોરીના મેદાનમાં ઈ. સ. ૧૫૯૨ના ઓગસ્ટ માસમાં બંને વિરાટ સૈન્યો ટકરાયાં તેમાં મુઝફ્ફરના પક્ષપાતી જામ સતાજીનો પરાજય થયો અને તે જામનગર ત્યાગી નાસી છૂટયા. જામનગર મિરઝાં અઝિઝ

કોકલતાશના હાથમાં પડયું.[1]

## જૂનાગઢનો ઘેરો

મિરઝાને બાતમી મળી કે મુઝફ્ફર તથા સતાજી જૂનાગઢમાં છે તેથી તેણે જૂનાગઢને ઘેરો ઘાલ્યો. મુગલ સેનાને જોઈ દોલતખાન ભયનો માર્યો ગુજરી ગયો. મુઝફ્ફર નાસીને ઓખામાં આરંભડા ગયો અને સતાજી બરડામાં ઊતરી ગયા. જૂનાગઢ મિરઝાંના હાથમાં પડયું.

## મુઝફ્ફરનું મૃત્યુ

મુઝફ્ફરને આરંભડામાં આશ્રય મળ્યો છે તે જાણવામાં આવતાં મુગલ સૈન્ય આરંભડા ઉપર ચડયું અને તેનો રાજા શિવરાણો તેનો પ્રતિકાર કરવા જતાં રણભૂમિમાં સદાને માટે સૂતો. મુઝફ્ફર ત્યાંથી કચ્છ ગયો. કચ્છના રાહ ભારમલે તેને શાહી સેનાપતિ અબ્દલાખાનને સોંપી દીધો. તેને કેદ કરી લઈ જતા હતા ત્યાં ધ્રોળ પાસે કુદરતી હાજતે જવાના મિષે એકાંતમાં જઈ ગળે અસ્રો ફેરવી ઈ. સ. ૧૫૯૩માં આત્મહત્યા કરી અને તે સાથે ગુજરાતની સલ્તનતનો અંત આવ્યો.

## સોરઠ સરકાર

સોરઠ સંપૂર્ણપણે શાહી સલ્તનતના પ્રદેશોમાં ભળી ગયું અને તેને 'સોરઠ સરકાર' એટલે સોરઠનો પ્રાંત એવું નામ આપવામાં આવ્યું.

## રાયજાદો ખેંગાર

રાહ માંડલિકના યુવરાજ ભૂપતસિંહને મહમૂદ બેગડાના તંત્રમાં મુલ્કી વહીવટ સોંપવામાં આવેલો તેવી સામાન્ય માન્યતા છે પરંતુ દીવાન રણછોડજી તેના ઈતિહાસગ્રંથ તારીખે સોરઠમાં કહે છે કે ભૂપતસિંહ અને તેના વંશજો રાજા કહેવાતા અને બિનહકૂમતી રાજકર્તાઓ હતા. તેઓ વિશેષમાં કહે છે કે, ભૂપતસિંહ ઈ. સ. ૧૫૫૨માં મૃત્યુ પામ્યો. તેનો પુત્ર તેની પાછળ રાજા થયો. તે સમયે હકૂમત મુજાહિદખાન બહેલીમ પાસે હતી. નવઘણ ઈ. સ. ૧૫૫૨માં ગુજરી ગયો ત્યારે તેનો પુત્ર રાજા શ્રીસિંહ તેનો અનુગામી થયો.

ઈ. સ. ૧૫૮૭માં શ્રીસિંહનો કુમાર ખેંગાર રાજા થયો. તેના સમયમાં સુલતાન બહાદુરશાહ ગુજરાતી વારંવાર જૂનાગઢ આવતો તેથી ખેંગારે

1. આ યુદ્ધની વિગતો માટે જુઓ 'સૌરાષ્ટ્રનો ઈતિહાસ', શં. હ. દેસાઈ.

સુલતાન મુઝફ્ફરની મદદમાં આવી ઈ. સ. ૧૫૮૧માં જૂનાગઢમાં બળવો કર્યો. જામ સતાજીએ તેને મદદ કરી.

ઈ. સ. ૧૫૮૭માં ભૂચર મોરીનું યુદ્ધ થયું ત્યારે પોતાના પૂર્વજનું રાજ્ય પુનઃ પ્રાપ્ત કરવા રાયજાદા ખેંગારે એક નિષ્ફળ પ્રયાસ કર્યો. તેની પાસે હકૂમત હતી કે નહિ, ધન હતું કે નહિ તેમ છતાં તેણે એક સારા સૈન્યનો જમાવ કરેલો. કમભાગ્યે તેણે જે પક્ષને સહાય આપી તે પક્ષને પરાજય મળ્યો. તેથી તે નાસીને પ્રભાસપાટણમાં આશ્રય લઈ રહ્યો. ત્યાંના દેશાઈ સારંગધરના પ્રયાસથી તેને મિરઝાં અઝિઝ કોકલતાશે માફી આપી પણ જૂનાગઢમાં ન રહેતાં તેનાં ગામડાંઓમાં જવા આજ્ઞા આપી.[1]

ચુડાસમા વંશનો અંતિમ રાહ ખેંગાર અને તેના વંશજો તે પછી બગસરા ચોરાશીમાં વસ્યા. દીવાન રૂવનાથજીએ તેમની પાસેથી કેશોદ, ચોરવાડ વગેરે જીતી નવાબના રાજ્યમાં ભેળવી દીધાં[2] આજે તેના વંશજો, સોંદરડા, ચોરવાડ બળેજ વગેરે ગામોમાં વસે છે.[3]

ગુજરાતના જુલ્મી, ધર્માંધ અને ક્રુર સુલતાનોનો અંત આવ્યો અને તે સાથે અરાજકતા, અનિશ્ચિતતા અને અશાંત પરિસ્થિતિનો પણ અંત આવ્યો.

### મુગલ સામ્રાજ્ય

મુગલાઈમાં જૂનાગઢ 'સોરઠ સરકાર'નું મુખ્ય શહેર થયું. ગોરીઓનો અમલ મોકૂફ થયો અને ભૂચર મોરીના યુદ્ધમાં શાહી સૈન્યના એક વિભાગનો જે સેનાપતિ હતો તે નવરંગખાનને જૂનાગઢના ફોજદારપદે નીમવામાં આવ્યો.

મિરઝાં અઝિઝ કોકલતાશ ઈ. સ. ૧૫૯૪માં જૂનાગઢ આવ્યો. અમીરો, ઠાકોરો, જાગીરદારો, રાજાઓ અને પ્રજાજનોએ તેનું સ્વાગત કર્યું. જૂનાગઢ પ્રદેશમાં રાજા ટોડરમલે સ્થાપેલી જમાબંદી મહેસૂલ પદ્ધતિ દાખલ કરવામાં

---

૧ રાહ માંડલિકના વંશજો માટેના કવિ કહાનના કવિતના અંતની કડીઓ છે કે

સોમનાથજી કે શરણ મેં થાન ઠર્યો
નાગર નર સારંગધર સહાય મેં સુહાયો હૈ
કહાન કવિ ચંદ્રનાથ દેવકા કૃપા પ્રતાપ
ચંદ્રચૂડ રાહ વંશ નાશસે બચાયો હૈ

૨ જુઓ પ્રકરણ ૫મું.

૩ વિગતો માટે જુઓ, 'સૌરાષ્ટ્રનો ઈતિહાસ'-તથા 'પિતૃતર્પણ' શં. હ. દેશાઈ.

"દેશાઈ"ની જગ્યા કરી તેના ઉપર વગદાર વ્યક્તિઓની નિમણૂક કરવામાં આવી.

નવરંગખાન ઈ. સ. ૧૫૯૪થી ઈ. સ. ૧૬૦૫ સુધી જૂનાગઢમાં ફોજદાર રહ્યો તેના સમયમાં કોઈ અનિચ્છનીય બનાવ બન્યો નહીં અને પાદશાહ અકબરની સહિષ્ણુતાની નીતિ અને કાયદાકાનૂનો અન્વયે ચાલતા રાજતંત્રમાં પ્રજાએ અને ખાસ કરીને હિન્દુઓએ શાંતિ અનુભવી.

## જહાંગીર

પાદશાહ અકબર ઈ. સ ૧૬૦૫માં ગુજરી ગયો અને તેનો યુવરાજ સલીમ જહાંગીર નામ ધારણ કરી દિલ્હીનો શહેનશાહ થયો.

## રાયસિંહજી રાઠોડ

તારીખે સોરઠમાં દીવાન રણછોડજી, રાયસિંહજી રાઠોડ જૂનાગઢમાં ફોજદાર તરીકે આવેલા તેમ કહે છે તે સાથે નવરંગખાન તો હતો જ એટલે વાસ્તવિક સ્થિતિ શું હતી તે વિચારવાનું રહે છે. દીવાનજીએ ફોજદારોનો ક્રમ આપ્યો છે તેમાં નવરંગખાન પછી સૈયદ કાસમ, ભાયા મંદાર કે માંડણ અને રાયસિંહજી તે પછી આવ્યા હોવાનું કહે છે. રાયસિંહજીનો નાયબ અબ્દલ્લાખાન હતો.

બિકાનેર રાજ્યનાં દફતરમાંથી મળેલા દસ્તાવેજો અનુસાર ઈ.સ. ૧૫૯૭માં સોરઠની જાગીર કે સોરઠ સરકારની આમદાની બિકાનેર મહારાજા રાયસિંહજી રાઠોડને જાગીરમાં મળેલી, એટલે તેણે નાયબને ત્યાં મોકલી પોતે તે સમયની પ્રચલિત પદ્ધતિ પ્રમાણે બિકાનેર જ રહ્યા હોય.[1]

બાદશાહ જહાંગીર ઈ. સ. ૧૬૧૬માં અમદાવાદ આવ્યો ત્યારે સોરઠનો ફોજદાર કાસમખાન હતો એટલે સંભવ છે કે દીવાનજીએ આપેલો ક્રમ બરાબર હોય ! ભાયા માંડણ કોણ હતો તેના માટે કાંઈ જાણવામાં આવ્યું નથી.

## ખુર્રમ-સૂબો

અમદાવાદના સૂબાપદે જહાંગીરનો શાહજાદો ખુર્રમ હતો. તેણે ઈ.સ. ૧૬૨૨માં બંડ કર્યું ત્યારે કાસમખાન સોરઠમાં પૂરતો અંકુશ રાખી શક્યો નહિ. જામનગરના જામ તથા અન્ય રાજાઓએ મુગલ હકૂમતની અવગણના

---

1 લાઇફ એન્ડ એક્સપ્લોઇટ્સ ઓફ રાજા રાયસિંહજી, શ્રી અલકધારી.

કરવા માંડી અને કાસમખાન તેનાથી ડરીને જૂનાગઢ સાચવીને બેસી રહ્યો. ઈ. સ. ૧૬૩૩માં તે પાછો ગયો અને તેની અવજી ઈસાતારખાન આવ્યો.[1] તે ઈ. સ. ૧૬૪૨માં બદલાઈ ગયો અને તે સ્થાને ઈનાયતુલ્લા આવ્યો.

## શાહજહાન

જહાંગીર ઈ. સ ૧૬૨૭માં ગુજરી ગયો અને શાહજહાન દિલ્હીપતિ થયો. તેના રાજ્ય અમલમાં તેનો શાહજાદો ઔરંગઝેબ ઈ. સ. ૧૬૪૬માં અમદાવાદનો સૂબો થઈને આવ્યો. તેનું ધ્યાન દિલ્હીના સિંહાસન પ્રત્યે જ હતું તેથી તેને જૂનાગઢ આવવાનું બન્યું નહિ. જૂનાગઢના ફોજદારને પદે ઈ. સ. ૧૬૫૦ સુધી ઈનાયતુલ્લા રહ્યો અને તે પછી મહમદ સાલેહ આવ્યો જે ઈ. સ. ૧૬૫૩ સુધી રહ્યો.

ઈનાયતુલ્લાએ ઔરંગઝેબની ધાર્મિક અસહિષ્ણુતાની નીતિ અનુસાર તેની આજ્ઞાથી મૂર્તિખંડન, મંદિર ધ્વંસ અને ધર્માંતરની પ્રવૃત્તિને વેગ આપ્યો, સોમનાથના મંદિરનું પણ ખંડન કર્યું અને મૂર્તિપૂજા કરવાની મનાઈ ફરમાવી.[2]

ઈ. સ. ૧૬૫૪માં ઔરંગઝેબને પાછો બોલાવી લેવામાં આવ્યો અને તેને સ્થાને શાહજાદો મુરાદ આવ્યો. તેના સમયમાં ઈ. સ. ૧૬૫૪માં જૂનાગઢના ફોજદારપદે કુતુબુદ્દીન ખેશગી આવ્યો. તે ઈ. સ. ૧૬૬૪ સુધી જૂનાગઢમાં રહ્યો.

## આલમગીર

આ કુતુબુદ્દીન ફોજદારપદે હતો ત્યારે શાહજાદા ઔરંગઝેબે બળવો કરી ઈ. સ. ૧૬૫૮માં પોતાના પિતા શાહજહાનને કેદ કરી તેના ભાઈઓને મારી તે આલમગીર નામ ધારણ કરી દિલ્હીનો શહેનશાહ થયો અને તે સાથે પાદશાહ અકબરે સ્થાપેલી રાજનીતિ પલટાતાં હિન્દુઓ અને જૈનો ઉપર ત્રાસ અને જુલ્મ શરૂ થયો. ઈ. સ. ૧૬૬૪માં સરદારખાન ફોજદાર થઇને જૂનાગઢ આવ્યો. તેણે ઈ. સ. ૧૬૬૫માં આલમગીરે સોમનાથનો ધ્વંસ કરવાની કરેલી આજ્ઞાનો વિવેકબુદ્ધિપૂર્વક અમલ કર્યો અને હિન્દુ રાજાઓ અને પ્રજાને ત્રાસ

---

1. દીવાન રણછોડજીના કથન પ્રમાણે ઈસારતખાને જૂનાગઢનો કિલ્લો નવેસરથી બાંધ્યો. જુઓ પ્રકરણ ૧૯.
2. જુઓ 'પ્રભાસ અને સોમનાથ', શં. હ. દેશાઈ.

આવ્યો નહિ.[1]

ઈ. સ. ૧૬૮૬માં "સોરઠ સરકાર" શાહજાદી ઝેબુન્નિસાને ખીસા ખરચીમાં મળ્યું અને તેનો નાયબ શાહવર્દીખાન જૂનાગઢ આવ્યો. તેણે સૈયદ મહમદખાન નામના તાજેતરમાં આવેલા ફોજદારને છૂટો કરી વહીવટ સંભાળ્યો પરંતુ તે પોતે પણ એક વર્ષ રહી પાછો ગયો.

શાહવર્દીખાને પ્રભાસપાટણ અને માંગરોળમાંથી મળી આવેલા શિલાલેખો પ્રમાણે અમલદારો અને અમીરો તેની જાગીરની ઊપજ વગર તોલે અને ભાવ મુકરર કર્યા વગર વેપારીઓને આપતા તે પદ્ધતિ બંધ કરી.[2] તે પછી જૂનાગઢ સહિત સોરઠ, શાહજાદા આઝમને ખીસા ખરચીમાં મળ્યું તેના નાયબ તરીકે કરતલબખાન નિમાઈ આવ્યો પરંતુ તેને સુજાઅતખાનના ઈલ્કાબ સાથે ગુજરાતના સૂબાનું પદ મળતાં તે થોડા જ માસ જૂનાગઢમાં રહી અમદાવાદ ચાલ્યો ગયો.

કરતલબખાન પછી ઈ. સ. ૧૬૮૭ સુધી શેર અફઘાન, ઈ. સ. ૧૬૮૮ સુધી બહલોલ શિરાની, ઈ. સ. ૧૬૯૮ સુધી પાછો શેર અફઘાન અને ઈ. સ. ૧૭૦૪ સુધી મહમદ બેગખાન ફોજદારપદે રહ્યા.

આલમગીર ઈ. સ. ૧૭૦૭માં ગુજરી ગયો.

## ઔરંગઝેબ પછી

ઈ. સ. ૧૭૦૪માં આવેલો ફોજદાર સરદારખાન નિર્બળ હતો અને ઈ. સ. ૧૭૧૧માં આવેલો મહમદ ગિલાની, તેનો સમય સવિશેષ ધાર્મિક ગ્રંથોના વાંચનમાં પસાર કરતો. પરિણામે જૂનાગઢની હકૂમત નરમ પડી અને સૌરાષ્ટ્ર ઉપર જૂનાગઢની પક્કડ ઢીલી પડી ગઈ.

ઔરંગઝેબના મૃત્યુ પછી દિલ્હી દરબારમાં અમીરોનું વર્ચસ્વ વધી ગયું અને લાગવગથી અમીરો અને અધિકારીઓ તેમની મહેરબાનીના માણસોની નિમણૂક કરતા ગયા. મુગલ સમયના ઇતિહાસ અનુસાર ઇ. સ. ૧૭૧૫માં જોધપુર મહારાજા અભયસિંહ, ઈ. સ. ૧૭૧૭માં અબ્દુલ હામીદખાન, ઇ. સ. ૧૭૧૮માં હૈદરકુલીખાન, ઈ. સ. ૧૭૨૧માં અબ્દુલ શામીદખાન, ઈ. સ. ૧૭૨૩માં અસદકુલીખાન, ઇ. સ. ૧૭૨૯માં અસદઅલીખાન, ઈ. સ. ૧૭૩૦માં સલાબતખાન, તે જ વર્ષમાં શેરખાન, ઈ. સ. ૧૭૩૨માં ગુલામ મોહુદીન, ઈ. સ.

1. જુઓ 'પ્રભાસ અને સોમનાથ', શં. હ. દેશાઇ.
2. 'અરેબીક એન્ડ પર્શિયન ઇન્સ્ક્રિપ્શન્સ ઓફ સૌરાષ્ટ્ર', શં. હ. દેશાઇ.

૧૭૩૫માં સોરાબખાન, ઈ. સ. ૧૭૩૭માં મોસનખાન. તે પછી સાલ મળતી નથી તેમાં હઝરઅલીખાન અને ઈ. સ ૧૭૪૮માં શેરખાન અને હિમ્મત-અલીખાન ફોજદારો થઈને આવ્યા.

દીવાન રણછોડજી તારીખે સોરઠમાં જૂનાગઢના ફોજદારોની નામાવલી આપે છે તેમાં અમદાવાદના સૂબાઓનાં નામો સેળભેળ થઈ ગયાં છે પરંતુ તેમાંથી બીજી ઘણી ઉપયોગી માહિતી પ્રાપ્ત થાય છે. તેના પ્રમાણે ઈ. સ. ૧૭૦૧થી નીચે પ્રમાણે ફોજદારો આવ્યા. શેરબુલંદખાન ૧ વર્ષ, શેર અફઘાન ૨ વર્ષ, પીર-સાહેબ અને દીવાન ઉદયરામ ૧ વર્ષ, મહારાજા અજીતસિંહનો નાયબ સંગ્રા-મસિંહ અને દીવાન પ્રતાપસિંહ ૧ વર્ષ, નવાબ યાસીનખાન અને દીવાન ઉદયરામ ૧ વર્ષ, દિલાવરખાન અને તેનો કારભારી જગતસિંહ નવ માસ (અથવા ત્રણ વર્ષ) પીરસાહેબ બીજી વાર અને શાહજાદાના દીવાન તથા કહાનદાસ વાણિયા બીજી વાર ૨ વર્ષ અને ૭ મહિના. શાહજાદા અને દીવાન માસૂમબેગખાન ૩ વર્ષ અને ૨ મહિના, જંગલીખાન ૧ વર્ષ અને કાઝી અબ્દુલહમીદ ૨ વર્ષ.

દીવાનજી નોંધે છે કે 'કાઝી અબ્દુલહમીદ વ્યભિચારી હતો અને તેણે જબરજસ્તીથી મેંદરડા જીતી લીધું હતું. આ અધિકારીઓ વગડામાં વસતા ઉલ્લુઓ જેવા હતા અને તેમણે કોઈ નોંધપાત્ર કામગીરી કરી નથી.'

તે ઉમેરે છે કે ઈ. સ. ૧૭૨૨માં અસદકુલીખાન જૂનાગઢનો મુત્સદ્દી થઈને આવ્યો. તેણે આખો દેશ લૂંટી લીધો, અસદકુલીખાને શેરખાન તથા સલાબતખાનને નાયબો તરીકે નીમ્યા અને શરફુદ્દીનને ખજાનચી બનાવ્યો. તેના સમયમાં અમદાવાદથી શુજાઅતખાન સૂબાએ આવી પેશકશી લીધી. અસદકુલીખાને ૭ વર્ષ કારભાર કર્યો, તે પછી ગુલામમોહુદ્દીખાન ઈ. સ. ૧૭૨૮માં આવ્યો. તેણે સલાબતમહમદખાન બાબીને નાયબ તરીકે નીમ્યો. સલાબતમહમદખાને થોડો વખત કામ કરી તેના પુત્ર શેરખાનને તેની જગ્યાએ રાખી તે અમદાવાદ ગયો. શેરખાને ગુલામમોહુદ્દીન પાસેથી જૂનાગઢનો ઈજારો એંસી હજાર રૂપિયામાં રાખ્યો. ઈ. સ. ૧૭૩૧માં સલાબતમહમદખાન ગુજરી ગયો તેથી શેરખાનને તેને પદેથી દૂર કરી મીર ઈસ્માઈલને ગુલામમોહુદ્દીનના નાયબપદે નીમ્યો. ઈ. સ. ૧૭૩૩માં મીર ફખરુદ્દીન ફોજદાર થઈને આવ્યો, મીર ઈસ્માઈલ અને તેના દીવાન ભવાનીદાસ વૈશ્નવે[૧] અમરેલી પાસે તેને

---

૧. જૂનાગઢ વૈશ્નવ મજમુદારોના મૂળપુરુષ. તેમના જીવન તથા વંશજો માટે જુઓ કહાનદાસ બક્ષીનું આત્મચરિત્ર, સંપાદન : શં. હ. દેશાઈ.

રોકીને યુદ્ધ આપ્યું. તેમાં ફખરૂદ્દીન તથા સૈયદ આકીલખાન માર્યા ગયા. આ વર્ષમાં જ ગુલામમોહ્યુદ્દીન મરી ગયો અને તેથી તેના ભાઈ અસદકુલીખાને જૂનાગઢની સનંદ મેળવી મીર ઈસ્માઈલને નાયબ તરીકે રાખ્યો.

તે પછી સોરાબખાને મહારાજા અજીતસિંહના કહેવાથી મીર ઈસ્માઈલને જૂનાગઢમાંથી કાઢી મૂકયો. મીર ઈસ્માઈલ સમુદ્રમાર્ગે સિંધમાં ચાલ્યો ગયો અને ઈ. સ. ૧૭૩૪માં સોરાબખાન જૂનાગઢનો ફોજદાર થયો. તે સાદકઅલીખાનને નાયબ તરીકે રાખી, વીરમગામની ફોજદારી મેળવી ત્યાં ગયો. તેને રતનસિંહ ભંડારીએ વીરમગામમાં પ્રવેશ કરવા દીધો નહિ અને સાદકઅલીખાનની નિર્બળતાના પરિણામે પરગણામાં અરાજકતા વ્યાપી ગઈ તેથી ઈ. સ. ૧૭૩૭માં જૂનાગઢના ફોજદારપદે હઝબરખાન નિમાઈ આવ્યો. તેણે મીર દોસ્ત અલીને તેના નાયબ તરીકે મુકરર કર્યો. આ નાયબ સૈન્યોના પગારો ચૂકવી શકયો નહિ તેથી તેણે શેરખાનને ધોધાથી બોલાવી, ઈ. સ. ૧૭૩૮માં જૂનાગઢનો પ્રાંત સોંપી આપ્યો. હઝબરખાન આ જ વર્ષમાં ગુજરી ગયો.

ઈ. સ. ૧૭૦૭માં આલમગીરના મૃત્યુ પછી એક પછી એક આવેલા પાદશાહોની નિર્બળતા, નાદીરશાહની ચડાઈ અને મરાઠાઓનાં આક્રમણોથી મુગલાઈના પાયા હચમચી ગયા. શહેનશાહો નામના જ રહ્યા અને સૂબાઓ સ્વતંત્ર થઈ ગયા. તે સમયમાં એટલે ઈ. સ. ૧૭૪૮માં શેરખાન બાબીએ બહાદરખાન નામ ધારણ કરી સ્વતંત્ર રાજ્ય કરવાનું શરૂ કર્યું.

૫

# બાબી વંશ-પૂર્વાર્ધ

## બાબી વંશ

જૂનાગઢની નવાબીનો સ્થાપક શેરખાન બાબીવંશનો હતો. બાબીઓ મૂળ અફઘાનિસ્તાનના વતનીઓ હતા અને તેમના પૂર્વજો ઘોશ પ્રાંતના પુશ્ત નામના ગામડામાં વસતા. તેમાં કયસ નામનો એક પુરુષ મદીના ગયેલો અને ત્યાં તેણે હઝરત મહમદ પયગંબર સાહેબના હસ્તે ઈસ્લામની દીક્ષા લીધી. ઈસ્લામ અંગીકાર કર્યા પછી તેણે તેનું નામ અબ્દુર્રશીદ રાખ્યું. તેને ત્રણ પુત્રો થયા જેમાંનો એક ઈસ્માઈલ ઉર્ફે ગોરગસ્ત હતો અને તેનો એક પુત્ર બાબી હતો. તેના જે વંશજો થયા તે બાબી ઉપનામથી જાણીતા થયા.

બાબીના ચાર પુત્રો પૈકી એકનું નામ મીર હતું. તેનો પુત્ર મામા, તેનો તેનો ઉસ્માન, અબ્દર્રહીમ, તેનો મીરખાન, તેનો કરીમખાન અને તેનો પુત્ર આદિલખાન થયો.

ઈ સ. ૧૫૫૬માં આદિલખાન ઈરાનમાં આશ્રય લઈ રહેલા દિલ્હીના પદભ્રષ્ટ શાહ હુમાયુને મળ્યો અને જ્યારે હુમાયુ હિન્દુસ્તાનમાં પાછો આવ્યો ત્યારે તેની સાથે આવ્યો. તેના પુત્ર ઉસ્માનખાનના પુત્ર બહાદરખાનને અકબરના સમયમાં શીરોહીની જાગીર મળી. રાજા ટોડરમલે ઈ. સ. ૧૫૭૮માં જ્યારે ગુજરાતની જમાબંદી કરી ત્યારે બહાદુરખાન તેની સાથે હતો. આ બહાદરખાને શાહજહાનના સમયમાં શાહી દરબારમાં ઊંચું સ્થાન મેળવ્યું.

બહાદરખાનને ચાર પુત્રો હતા. તેમાં મુબારિઝખાન કડીના અને મુઝફ્ફર-

ખાન પાટણના નાયબ ફોજદારપદે નિમાયા. મુઝફ્ફરખાન કોળીઓ સામે લડતાં માર્યો ગયો અને મુબારિઝખાન પણ ગુજરી ગયો. ત્રીજો પુત્ર જાફરખાન મુઝફ્ફરખાનના મૃત્યુ પછી તેના પદે નિમાયો. ઈ. સ. ૧૬૯૪ આસપાસ તેને પાદશાહે સફરખાનનો ઇલ્કાબ આપ્યો અને પાટણના ફોજદારપદે નિયુક્ત કર્યો પણ ઈ. સ. ૧૬૯૮માં ગુજરાતના સૂબા શુજાઅતખાન સાથે તેને મતભેદ થતાં તે માળવા ચાલ્યો ગયો. બહાદરખાનનો ચોથો પુત્ર શાહબાઝખાન હતો.

ઈ. સ. ૧૭૦૩માં વીર દુર્ગાદાસ રાઠોડે દિલ્હીની શાહી હકૂમતને ત્રાહે તોબાહ પોકરાવી ત્યારે બાદશાહ આલમગીરના હુકમથી સફદરખાન તેની સામે ચડયો. આ કામગીરી બદલ તેને રાધનપુર, સમીમુંજપુર અને તેરવાડાની જાગીરો મળી.[1]

બીજા મંતવ્ય પ્રમાણે બાબી વંશનો સ્થાપક સૈયદ મહમદ ઉર્ફે સૈયદ બાબા હતો. તેનો પુત્ર બાબી થયો તેનો માતામહ ગોરગ્રસ્ત હતો અને તેનો પિતા કયસ ઉર્ફે અબ્દુલ હમીદ હતો. બાબી હઝરત અલીની ઓલાદમાં બાવીસમી પેઢીએ ઊતરેલો. આદમથી હઝરતઅલી ઓગણપચાસમી પેઢીએ અને સૈયદ બાબી એકોતેરમી પેઢીએ હતો. સૈયદ બાબીને ચાર પુત્રો હતા તેમાં પ્રથમ મિરઝા હતો. તેનો પુત્ર હયાતખાન થયો. તેનો ઉસ્માનખાન, તેનો ઈસ્માઇલખાન, તેનો અબ્દરીમખાન અને તેનો આદિલખાન તથા તેનો પુત્ર ઉસ્માનખાન હતો. આદિલખાન ઈરાનના શાહ તહમાસ્પ પાસે હતો. હુમાયુ જ્યારે ઈરાનથી હિંદુસ્તાન જીતવા આવ્યો ત્યારે શાહે તેને સાથે મોકલ્યો અને હુમાયુની ફત્તેહ પછી તેની સાથે દિલ્હી દરબારમાં રહી ગયો. ઉસ્માનખાનનો પુત્ર બહાદુરખાન શાહજહાનની પાસે રહેતો. તેણે શાહઝાદા પરવીઝ સામેની લડાઈમાં પરાક્રમ બતાવી શાહની બેગમને શત્રુના હાથમાં જતી બચાવી તેથી શાહજહાંને તેને 'શેર'નો ઈલ્કાબ આપી, કડી અને થરાદની જાગીર આપી.[2]

## શેરખાન

ઈ. સ. ૧૭૦૫માં મરાઠાઓએ ગુજરાત ઉપર ચડાઈ કરી ત્યારે રાજપીપળા પાસે રતનપરના મેદાનમાં સફદરખાને નઝરઅલીખાનની મદદમાં રહી તેને યુધ્ધ

1 મિરાતે મુસ્તફાબાદ, શ્રી જી. એ. શેખ

2 'જૂનાગઢનો ઈતિહાસ', શ્રી ગુલાબશંકર વોરા.

આપ્યું તેમાં મુસ્લિમ સેના છિન્નભિન્ન થઈ ગઈ. સફદરખાન મરાઠાઓના હાથમાં કેદ પકડાયો અને તેના પુત્રો સલાબતમહમદખાન તથા શેરખાન નાસી છૂટયા. પાછળથી સલાબતખાને મરાઠા સરદાર ધાનાજીને મોટી રકમનો દંડ આપી તેના પિતાને તથા અબ્દુલહમીદને મુક્ત કરાવ્યા.[1] એવી પણ નોંધ છે કે જ્યારે શાહજાદો મુરાદ ગુજરાતમાં સૂબાપદે આવ્યો ત્યારે શેરખાન તેની હજૂરમાં રહેતો.[2]

સફદરખાનને ફરીથી પાટણના ફોજદારની જગ્યા મળી પણ તે ઈ. સ. ૧૭૨૫માં ગુજરી ગયો. તેથી સલાબતમહમદખાનને વીરમગામની ફોજદારી અને ઘોઘાની જાગીર મળ્યાં.

સલાબતમહમદખાન એ રીતે સૌરાષ્ટ્રમાં આવતાં તેણે સૌરાષ્ટ્રના રાજકારણમાં પ્રવેશ કર્યો અને જામનગર તથા હળવદના પ્રશ્નોમાં રસ લઈ આ રાજ્યો સાથેનો સંબંધ વધાર્યો.

ઈ. સ. ૧૭૨૮માં જૂનાગઢનો ફોજદાર અસદઅલીખાન ગુજરી જતાં સલાબતમહમદખાનના પુત્ર બેરખાનને તેની જગ્યા મળી, પરંતુ દિલ્હી દરબારમાંથી તે જગ્યા ઉપર મોહુદ્દીન નામનો ફોજદાર બારોબાર નિમાઈને આવી જતાં શેરખાનને નાયબ ફોજદારના પદે પાછું જવું પડયું મોહુદ્દીને મીર ઈસ્માઈલને પોતા વતી નાયબ ફોજદાર તરીકે નિયુક્ત કર્યો અને તેણે શેરખાનની કામગીરીમાં બેહદ દખલ કરતાં શેરખાન કંટાળીને જૂનાગઢથી ત્યાગપત્ર આપી પોતાની જાગીરમાં ઘોઘા રહેવા ચાલ્યો ગયો.

મુગલ સામ્રાજ્યની સોરઠ ઉપર હકૂમત હતી તે છતાં પીલાજીરાવ ગાયકવાડ સૌરાષ્ટ્રમાં પ્રવેશી સોરઠ પ્રાંત ઉપર પોતાની જમા બેસાડી તે વસૂલ લેવા બે વર્ષ પર્યંત મુકામ રાખ્યું, પાદશાહી ફોજદાર તેનો વિરોધ કરી શકયો નહિ.

શેરખાનની અસીમ મહત્ત્વાકાંક્ષા તેને સ્થિર બેસવા દે તેમ હતું નહિ. તેણે ગુજરાતના સૂબા અને જોધપુરના મહારાજા અભયસિંહ[3] ની કૃપા પ્રાપ્ત

---

1 જૂનાગઢના ઇતિહાસની કાચી નોંધ, લેખકનું નામ નથી.

2 એજન

3 જોધપુર મહારાજા અજીતસિંહ ઈ. સ. ૧૭૧૧માં અને તેના અનુગામી મહારાજા અભયસિંહ ઇ. સ. ૧૭૩૦માં ગુજરાતના સૂબા હતા.

કરી ફોજદારનો હોદ્દો મેળવવા પ્રયત્ન શરૂ કર્યા. મહારાજાના ભાઈ વખતસિંહ સાથે તેણે મૈત્રી કરી અને તેના દ્વારા મહારાજની મુલાકાત મેળવી શેરખાને અભયસિંહને હાથી, ઘોડાઓ અને કીમતી આભૂષણો નજર કર્યાં અને પોતાની સેવાની વિગતો રજૂ કરી.

અભયસિંહ શેરખાનના વ્યકિતત્વથી અને તેની શકિતથી ખુશી થયા અને તેને "બહાદર"નો ઈલ્કાબ આપ્યો[1], એટલું જ નહિ પણ વડોદરામાં સરબુલંદખાન નામનો ફોજદાર હતો તે છતાં તેના ઉપરાંત શેરખાનની ત્યાં નિમણૂક કરી. સરબુલંદખાને આ નિમણૂકનો વિરોધ કર્યો ત્યારે મહારાજાએ કહ્યું કે મરાઠાની વધતી જતી ભરતીને ખાળવા શેરખાન જેવા ખડકની જરૂર છે અને તે ખાસ કામગીરી માટે તેની નિમણૂક કરવામાં આવી છે.

શેરખાને સરબુલંદખાન સાથે સહકારથી કામ કર્યું તેથી તેને ખાનનો ઈલ્કાબ આપવામાં આવ્યો તે પૂર્વે શેરખાન શેરખાન બહાદર કહેવાતા તેના બદલે હવે તે બહાદરખાન થઈ ગયા.

દિલ્હીની અવ્યવસ્થિત અને અનિયમિત રાજનીતિમાં 'મારે તેની તલવાર' એ સૂત્ર સ્વીકૃત થઈ ગયું હતું તેથી બુરહાન–ઉલમુલ્ક નામના અમીરની લાગ-વગથી સોરાબખાનને સોરઠની ફોજદારી મળી તથા શેરખાનની ધોળકામાં જે જાગીરો હતી તે પણ તેને મળી. સોરાબખાને ધોધામાં આવી શેરખાનના માણસો તથા કુટુંબીઓને કાઢી મૂક્યા. શેરખાન તે માટે કાંઇ પણ કરે તે પહેલાં સોરાબખાન તથા મહારાજા અભયસિંહના નાયબ રતનસિંહ ભંડારી વચ્ચે વાંધો પડતાં બન્ને પક્ષો વચ્ચે ધંધુકા પાસે યુદ્ધ થયું તેમાં સોરાબખાન માર્યો ગયો.

શેરખાન તે પછી ખેડા ગયો અને દુશ્મનના દુશ્મન સહેજે મિત્ર એ ન્યાયે રતનસિંહે તેને પોરબંદરની ફોજદારી આપી પણ શેરખાને તેનો અસ્વીકાર કરી પોતે વાડાસિનોર જઈ ત્યાં રહ્યો.

ઈ. સ. ૧૭૩૭માં મહારાજા અભયસિંહ સૂબાપદેથી પાછા ગયા અને તેની જગ્યાએ શેરખાનનો મોટો શત્રુ મોમીનખાન ગુજરાતનો સૂબો થઈને આવ્યો મોમીનખાનના મરાઠાઓ સાથેના સંબંધો સારા છે અને દિલ્હીની સત્તાનો સૂર્ય ઝડપથી અસ્તાચળે ઊતરી રહ્યો છે તે જોઈ જવાંમર્દખાન બાબી તથા જોરાવરખાન બાબી મોમીનખાન સાથે મળી ગયા અને આવડું પ્રબળ

1 તારીખે સોરઠ, દીવાન રણછોડજી.

જૂથ પોતાને પહોંચવા નહિ દે એમ માની શેરખાને પણ મોમીનખાન સાથે સમાધાન કરી તેની આજ્ઞાનુસાર જૂનાગઢના નાયબ ફોજદારની જગ્યા સ્વીકારી લીધી, પરંતુ ત્યાં હઝબરખાન ફોજદાર હતો અને શેરખાનને તેની સાથે અણુબનાવ હતો તેથી તે જૂનાગઢ ન જતાં મોમીનખાન પાસે જ રહ્યો. પાછળથી મોમીનખાને તે બન્નેનું સમાધાન કરાવી આપ્યું અને તેને ગુજરાતમાં આગળ વધતાં મરાઠી સૈન્યો સામે લડવા જવા આજ્ઞા આપી, મુગલ સામ્રાજ્ય છેલ્લા શ્વાસ ઘૂંટતું હતું અને શાહી સત્તા નહિવત્ થઈ ગઈ હતી ત્યારે વિજયી સૈન્યો સામે લડીને સાફ થઈ જવાનું શેરખાનને યોગ્ય લાગ્યું નહિ. તેણે ગુજરાતની ક્ષિતિજ ઉપર મહારાષ્ટ્રના ઊગતા સૂર્યને જોઈ મરાઠા સરદાર રંગોજી સાથે મૈત્રી કરી અને તેની સલાહથી જૂનાગઢ જઈ નાયબ ફોજદારની જગ્યા સંભાળી લીધી.

ઇ. સ. ૧૭૪૩માં મોમીનખાન મૃત્યુ પામ્યો તેથી શેરખાને રંગોજીનું પડખું પકડી ખંભાત પરગણાંનાં જે ગામો મોમીનખાનની જાગીરનાં હતાં તે લૂંટી લીધાં.

મરાઠાઓનું ગુજરાતમાં પ્રાબલ્ય વધી ગયું છે અને સ્થાનિક અમલદારો તેની સામે થતા નથી કે થઈ શકતા નથી તેમ જણાયાથી દિલ્હીથી ખુદા–ઉદ્દીન અને મુફ્ત–ઉદ્–દીન નામના સરદારો એક પ્રચંડ સેના લઈને ગુજરાતમાં આવ્યા. તેમણે રંગોજી સામે મોરચા માંડયા. રંગોજીને મહારાષ્ટ્રમાંથી મદદ મળી નહિ ત્યારે શેરખાને વચ્ચે પડી સમાધાન કરાવ્યું તેમાં એવું ઠરાવ્યું કે મરાઠાઓ વીરમગામ અને બોરસદનો કબજો છોડી આપે અને મુગલ સેના અમદાવાદમાં રહે તેને રંગોજી હરકત કરે નહિ. રંગોજીને મારી નાખવા મુગલ સેનાપતિઓએ કાવત્રુ કર્યું પણ શેરખાને તેને મદદ કરી તેને વાડાસિનોર નાસી જવામાં સહાય કરી અને પોતે પણ વાડાસિનોર પહોંચી ગયો.

દરમ્યાન જવાંમર્દખાન બાબીએ એક બનાવટી ફરમાન ઊભું કરી ગુજરાતની સૂબાગીરી પચાવી પાડી એટલે શેરખાને ગાયકવાડને બોરસદ લઈ લેવા સલાહ આપી. મરાઠાઓએ બોરસદ પાછું લઈ લેતાં જવાંમર્દખાને શેરખાનની નિંદા કરી ઠપકો આપ્યો તેથી શેરખાન વાડાસિનોરથી જૂનાગઢ ન જતાં પાછો વાડાસિનોર ચાલ્યો ગયો.

આ સમયે જૂનાગઢમાં દિલ્હી દરબારમાંથી આવેલા મીરદોસ્તઅલી અને હિમ્મતઅલી નામના ફોજદારો હતા તેમની નિર્બળતાને કારણે તથા તેમના અયાશી જીવનને કારણે વહીવટી તંત્ર કથળી ગયું હતું. પ્રજાનું રક્ષણ કરવામાં તેઓ અસમર્થ નીવડેલા અને લૂંટારાઓ અને માથાભારે માણસો સરે જાહેર

લૂંટફાટ કરી પ્રજાની પાયમાલી સરજી રહ્યા હતા તેથી રૈયતે અને "દેશાઈઓએ" દલપતરામ નામના એક મુત્સદ્દી નાગરને વાડાસિનોર જઈ શેરખાન બાબીને બોલાવી જૂનાગઢનું સૂત્ર સંભાળવા આમંત્રણ આપ્યું.

શેરખાને આ તક ઝડપી લીધી તથા પોતાની સાથે મહમ્મદ અલીખાન, અબ્દુલ્લાખાન પટણી, ફરીદખાન કારાણી, બુલીખાન યુસુફઝાઈ, કામેશ્વર પંત, કરશનચંદ બક્ષી, પીતાંબર મોદી અને ગુલાબરાય નાગરને લઈ તે ઈ. સ. ૧૭૪૭-માં જૂનાગઢ આવ્યો અને સર્વ સત્તા હસ્તગત કરી લીધી.

થોડા જ સમયમાં ખંડેરાવ ગાયકવાડની વિધવા ઉમાબાઈનું સૈન્ય ખંડણી લેવા સોરઠમાં પ્રવેશ્યું પણ શેરખાને તેને યુદ્ધ ન આપતાં, સોના-રૂપાના દાગીના તથા અન્ય કીમતી નજરાણું કરી તેના વકીલ સોમજી જીકાર નામના નાગર દ્વારા સમાધાન રચી તે સૈન્યને પાછું વાળ્યું.

પરંતુ શેરખાનને આરામ મળે તેમ હતું નહિ. ઈ. સ. ૧૭૪૭માં કાનાજી તાકપોરે નામના મરાઠા સરદારે અમદાવાદના અમીર ફખરૂદૌલાની સહાય મેળવી સોરઠ ઉપર ચડાઈ કરી. તેણે જૂનાગઢ આવી ખંડણી માગી પણ શેરખાને ઈન્કાર કરતાં તેણે વંથળી લેવું. શેરખાને તેની સામે લડાઈ લીધી અને કાના-જીને પરાજિત કરી પાછો જવા ફરજ પાડી.

આ પ્રસંગે ફખરૂદૌલાની સ્થિતિ વિષમ થતાં તેણે સોનાની ચાવીઓ બનાવી એકવીસ અશરફીઓ સાથે બાદશાહને દિલ્હી મોકલી અને કેમ જાણે વંથળીની ફતેહ પોતે કરી હોય તેમ વધામણી મોકલી પોતાની વીરતા જાહેર કરી. આ વાર્તા તારીખે સોરઠમાં આપવામાં આવી છે પરંતુ અન્ય પ્રમાણોથી જણાય છે કે ફખરૂદૌલા કાનાજી તાકપોરને વંથળીમાંથી કાઢવા માટે જવાબદાર હતો. તેણે આ યુદ્ધમાં વીરતા દર્શાવવા માટે રાઠોડ રાજપૂત હતો પણ ધર્માંતર કરી મુસ્લિમ થયેલો તે સેતા અલી શેરબીન ઈબ્રાહીમખાનને કુતિયાણા પાસે અમરાપુરમાં જાગીર આપેલી [1]

## બહાદરખાન ગાદીએ

શેરખાનને તેના બળનો ક્યાસ મળી ગયો. જૂનાગઢની પ્રજા પણ તેનાં સ્વભાવ અને શક્તિથી પરિચિત હતી તેથી તેના માટે મેદાન મોકળું છે એમ માની શેરખાને ગુજરાતની ખટપટમાંથી નિવૃત્ત થઈ જૂનાગઢમાં સ્વતંત્ર શાસન કરવા વિચારી બહાદરખાન નામ તથા દિલ્હીના પાદશાહે આપેલો દીવાનનો

1 અમરાપુર તાલુકો, ભારત રાજ્ય મંડલ, શ્રી અમૃતલાલ જી. શાહ

હોદ્દો ધારણ કરી ઈ. સ. ૧૭૪૮માં પાદશાહના નામે સ્વતંત્ર રાજ્ય કરવાનું શરૂ કર્યું" અને જૂનાગઢમાં બાબી વંશની સ્થાપના કરી.

તેણે તેના તંત્રની સમગ્ર જવાબદારી તેના કારભારી દલપતરામ નાગરને સોંપી આપી.

## વસંતરાય પુરબીઓ

આ સમયે વસંતરાય પુરબીઓ નામનો એક બળવાન સરદાર જૂનાગઢમાં રહેતો તેણે એક મોટી સેના ઊભી કરી માણશીયા નામના ખાંટ સરદાર[1] સાથે ઐક્ય કરી, ઉપરકોટમાં ચડી જઈ શેરખાનના અધિકારને પડકાર કર્યો અને જૂનાગઢમાં પોતાની હકૂમત સ્થાપવાનાં ચક્રો ગતિમાન કર્યાં.

દીવાન દલપતરામ અમદાવાદ ગયેલા અને તેની ગેરહાજરીમાં જગન્નાથ ઝાલા કારભાર કરતા તે કાંઈ કરે તે પહેલાં વસંતરાયે બહાદરખાનને કેદ કરી લીધા અને જૂનાગઢનું તંત્ર સ્વાધીન કર્યું.

બહાદરખાનની સ્થિતિ વિષમ થઈ ગઈ. તેને પ્રથમ ગ્રાસે મક્ષિકા આવી અને પેશ્વા, ગાયકવાડ કે શાહેનશાહ જેવી સત્તાઓ તરફથી નહિ પણ વસંતરાય પુરબીયા જેવા એક સરદાર તરફથી ઉપસ્થિત કરવામાં આવેલો વિરોધ તેના માર્ગમાં અવરોધક થઈને ઊભો રહ્યો. વસંતરાયના કારાગૃહમાંથી મુક્તિ મળે તેવી કોઈ આશા ન હતી અને પરિણામ અનિશ્ચિત હતું ત્યાં તેના વફાદાર અને નિમકહલાલ સેનાની જગન્નાથ ઝાલા નામના નાગરે બુદ્ધિપૂર્વક ષડ્યંત્ર રચી તેને નાસી જવાનો માર્ગ કરી આપ્યો અને બહાદરખાન રાતનો અંધારપછેડો ઓઢી જૂનાગઢ છોડી નાસી ગયા.

તેણે અમદાવાદ જઈ દીવાન દલપતરામને પોતાનો એક બહુમૂલ્ય બાજુબંધ આપી, તેને વેચી તેમાંથી સૈન્ય ઊભું કરી જૂનાગઢ ઉપર ચડવા આજ્ઞા કરી.

દલપતરામ આવી પહોંચે તે પહેલાં વસંતરાયે જૂનાગઢને સીમાડે ધોરાજી, સુપેડી, નાની મારડ અને પીપળિયા ગામોમાં પોતાનો ગીરાસ હતો ત્યાં હકૂમત

---

1 તારીખે સોરઠમાં માણશીયો ખાંટ હતો એમ કહેવામાં આવ્યું છે. ફારસીમાં ખાંટ અને કાઠી લખાવવામાં માત્ર એક અક્ષર વધે છે અને એક ખૂટે છે એટલે તે કાઠી હતો તેવી પણ એક માન્યતા છે અને તેના આધારે લોકસાહિત્યમાં ચાંચઈ પાણીયાના કાઠી દરબાર માણશીયાવાળાએ જૂનાગઢ સ્વાધીન કર્યું હતું તેવી વાત છે. તારીખે સોરઠની મૂળ ફારસી પ્રત તપાસતાં તેમાં ખાંટ શબ્દ છે. આ બાબતમાં વિશેષ ખાત્રી કરવા કોઇ અન્ય સાધન નથી.

સ્થાપી ગોંડલનાં ગામો દબાવવાં શરૂ કર્યાં અને પરિણામે ગોંડલ ઠાકોર હાલોજી પોતાનું રક્ષણ કરવા માટે ચિંતિત થયા.

એવામાં મરાઠા સરદાર ત્ર્યંબકરાવ ઉદ્ધવ તેના પેશકાર જૂનાગઢના નાગર સામોભાઈ ફીકાણી સાથે જમા લેવા સૌરાષ્ટ્રમાં આવ્યો અને ગોંડલ ઉપર મોટી રકમ વસૂલ આપવા જાસો મોકલ્યો. ગોંડલ ઠાકોર હાલોજીએ ખોખરી ગામ આગળ છાવણી નાખી ત્યાં દીવાન દલપતરામ જૂનાગઢ તરફ જતાં તેનાં ભાડૂતી સૈન્ય સાથે જેતપુર પહોંચ્યા છે તેવી માહિતી મળતાં તેના કારભારી ઈશ્વરજી બૂચને જેતપુર મોકલી એવી સંધિ કરી કે વસંતરાયને જૂનાગઢમાંથી કાઢવાના પ્રયાસમાં ગોંડલની સહાય લેવી પડે તો જૂનાગઢ, ધોરાજી પરગણું આપે અને ત્ર્યંબકરાવને ગોંડલમાંથી કાઢવાના કામમાં દલપતરામ મદદ આપે તો ફોજ અને દારૂગોળાનો ખર્ચ ગોંડલ પાસેથી લે નહિ.

બીજે જ દિવસે દલપતરામ તથા ઈશ્વરજી બૂચે તેનાં સૈન્યો એકત્ર કરી ત્ર્યંબકરાવના સૈન્ય ઉપર હુમલો કર્યો. આ લડાઈમાં ત્ર્યંબકરાવનો પેશકાર સામોભાઈ ફીકાણી, પંડિત રામચંદ્ર શામરાવ વગેરે મરાઈ ગયા અને ત્ર્યંબકરાવ પરાજય સ્વીકારી પાછો ચાલ્યો ગયો.

## જૂનાગઢનો ઘેરો

દલપતરામે આરબ જમાદાર શેખ જુબૈદીને તેના ચારસો વિલાયતી આરબો સાથે નોકરીમાં રાખી લીધો અને જૂનાગઢ ઉપર આવ્યા. તેણે વસંતરાયને દેખત હુકમે જૂનાગઢ છોડી જવાનું કહેણ મોકલ્યું પણ વસંતરાયે તેના ઉત્તરમાં કહેવરાવ્યું કે દલપતરામે જૂનાગઢમાં ઘડીવાર પણ રહેવું નહિ અને રહેશે તો પરિણામ સારું નહિ આવે. દલપતરામ પાસે હવે યુદ્ધ સિવાય કોઈ વિકલ્પ ન હતો તેથી તેણે થયેલી શર્ત મુજબ પોતાની મદદે આવી જવા ગોંડલ ઠાકોર હાલોજીને સંદેશો મોકલ્યો.

હાલોજી તેનું સૈન્ય લઈ જૂનાગઢ ઉપર આવે છે તે સમાચાર જાણી વસંતરાયે સાંબલપુર પાસે છાવણી નાખી. બન્ને પક્ષો વચ્ચે તુમુલ યુદ્ધ થયું તેમાં વસંતરાયની સેના વેરવિખેર થઈ ગઈ અને વસંતરાય તેર માસ સુધી જૂનાગઢમાં રહી અંતે નાસી ગયો.

હાલોજી તથા તેના યુવરાજ કુંભાજી જૂનાગઢમાં પ્રવેશ્યા અને તે દિવસે ચૈત્ર માસની અમાવાસ્યા હતી તેથી રાત્રિના અંધકારમાં તેણે વસંતરાય રહેતા

1 જુઓ સૌરાષ્ટ્રના ઇતિહાસની વાર્તાઓ, ભા.-૩

હતા તે હવેલી ઘેરી ગોળીબાર કરવા માંડયો. વસંતરાયને નાસી ગયા સિવાય છૂટકો નહોતો તેથી તેના સાથી હઠીસિંગ સાથે તેના કુટુંબીઓને હવેલીના પાછલા બારણેથી બહાર મોકલી પોતે બીલખા તરફ નાસી ગયો.

હાલોજી તથા દલપતરામ ઉપરકોટ પાસે મુગટરાય દેશાઈની હવેલીમાં ઊતરેલા. તેમણે જૂનાગઢમાં બહાદરખાનની આણ ફેરવી, પણ થોડા જ દિવસોમાં વસંતરાયે માણશીયા ખાંટના આઠથી દશ હજાર માણસો સાથે વાગીશ્વરી દરવાજા પાસેથી શહેરમાં દાખલ થઈ મુગટરામની હવેલી લૂંટી, ઉપરકોટમાં દાખલ થઈ દરવાજા બંધ કરી દીધા.

દલપતરામ તથા હાલાજીએ ઉપરકોટને ઘેરો ઘાલ્યો. આ ઘેરો આઠ માસ પર્યંત ચાલતો રહ્યો. બન્ને પક્ષો મક્કમ હતા. અંતે વસંતરાયે હાલોજીને મુસ્લિમ પક્ષને મદદ ન કરતાં તેને સહાય કરવા વિનંતી કરી અને કહેવરાવ્યું કે જો હાલોજી બહાદરખાનને જૂનાગઢમાં ફરી ન આવવા દે તો તેનું અર્ધું રાજ હાલોજી રાખે પણ હાલોજી એકના બે ન થયા. તેણે ઉપરકોટમાં પુરવઠો જતો બંધ કર્યો અને દુર્ગમાં જતા માર્ગો રુંધી રાખ્યા. વસંતરાયને વિશેષ સમય ટકવું શક્ય ન લાગ્યું તેથી તે નાસી ગયો.

હાલોજી તથા દલપતરામે જૂનાગઢમાં બહાદરખાનની આણ ફેરવી અને તેને જૂનાગઢ આવવા આમંત્રણ મોકલ્યું પરંતુ બહાદરખાનને તેમનો વિશ્વાસ ન હતો તેથી તે મોરબી આવ્યા અને જૂનાગઢના બે વિજેતાઓ મોરબી જઈ બહાદરખાનને તેડી લાવ્યા.

બહાદરખાને આ ઉપકારના બદલામાં હાલોજીને ઘેરાજી વગેરે ગામો આપ્યાં. ઉપરકોટના ઘેરામાં હાલોજીના ભાયાત સુમરોજી કામ આવી ગયેલા તેના પુત્રોને બે ગામો ભાંખ અને અરણી આપ્યાં અને તેની હકૂમત ગોંડલને આપી, ઈશ્વરજી બૂચને વાર્ષિક સો કોરીનું વર્ષાસન બાંધી આપ્યુ.[1]

## બહાદરખાનના સિક્કા

બહાદરખાને જૂનાગઢની ગાદીએ બેસી "મહમૂદી"નું ચલણ બંધ કરી પોતાની હકૂમત સ્વતંત્ર છે તે દર્શાવવા તેના નામના રૂપાના સિક્કા પાડયા જે દીવાનશાહી કોરીને નામે પ્રસિદ્ધ થયા. તેના ઉપર "બાદશાહ ગાઝી મહમદ

1 જાડેજાનો ઈતિહાસ, શ્રી રાજવૈદ જીવરાજ કાલિદાસ શાસ્ત્રી. જૂનાગઢના ઇતિહાસમાં આ ગામો ઈ. સ. ૧૭૫૮માં આરબોએ બંડ કરી ઉપરકોટ કબજે કરેલો ત્યારે આપવામાં આવેલાં તેમ જણાવ્યું છે તે ચર્ચા આગળ કરવામાં આવી છે.

અકબર સિક્કે ઝરબે જૂનાગઢ બાસુન" શબ્દો ફારસીમાં અને "શ્રી દીવાન" તથા સંવત દેવનાગરીમાં લખ્યા. તે સાથે ત્રાંબાના દોકડા અને અધેલા–અર્ધા દોકડા પણ ટંકશાળમાંથી બહાર પાડયા.[1]

### જગન્નાથ ઝાલા

બહાદરખાનને જૂનાગઢનું રાજ્ય પ્રાપ્ત કરાવી આપનાર દલપતરામ ઈ. સ. ૧૭૫૦માં ગુજરી ગયા અને તેનો પુત્ર સગીર હોવાથી તેને દીવાનપદ ન આપતાં જગન્નાથ ઝાલાની તેણે પોતાના દીવાન તરીકે નિમણૂક કરી.

### ઉપરકોટનો કબજો

આ સમયે આરબોના પગાર ચડી જતાં, જમાદાર શેખ અબ્દલાએ ઉપરકોટનો કબ્જો કરી લઈ તેના બેડાનો ચડત પગાર ચૂકવી દેવા તકાદો કર્યો. બહાદરખાન પાસે ન તો ધન હતું, ન તો અબ્દલાને પરાસ્ત કરવાની તાકાત હતી તેથી તેણે જગન્નાથ ઝાલાને, આરબોને હાંકી કાઢવા માટે યોગ્ય પ્રવૃત્તિ કરવા વિનંતી કરી. જગન્નાથ ઝાલાએ બહાદરખાનને જમાબંધી કરવાને મિષે જૂનાગઢ બહાર જવા સલાહ આપી અને તેના ભાઈ રૂદ્રજીને ઉપરકોટમાં મોકલી ત્યાં સંગ્રહ કરેલો દારૂગોળો કબજે કરી લીધો. બળવાખોર આરબો પાસે દારૂગોળો નથી તેમ ખાત્રી થતાં બહાદરખાનને જગન્નાથે મોકલેલા સંદેશા ઉપરથી, જૂનાગઢ આવી જગન્નાથ ઝાલાની મદદથી ઉપરકોટ ઘેર્યો. આરબોને તો પગારની જરૂર હતી તેથી ગોંડલ ઠાકોર હાલાજીના પુત્ર કુંભાજીએ વચ્ચે પડી ચડત પગારની રકમ ચૂકવી આપી અને બહાદરખાને તેને ત્યાં ધોરાજી ગીરો માંડી આપ્યું. આરબો જૂનાગઢ છોડી ચાલ્યા ગયા.

### ધોરાજી

ગોંડલના ઈતિહાસમાં, હાલોજીએ વસંતરાય પુરબીયાને કાઢવામાં મદદ કરવા માટે, બહાદરખાને ધોરાજી આપ્યું તેમ જણાવ્યું છે. તારીખે સોરઠમાં ધોરાજી આ પ્રસંગે ગીરો મૂક્યું હતું તેમ નોંધ્યું છે. જૂનાગઢ રાજ્યે પ્રસિદ્ધ કરેલા ઈતિહાસમાં આ પ્રસંગે બહાદરખાનના હજૂરી શેખ મહમદ ઝુબૈદીએ આરબોને પગાર ચૂકવવા ધોરાજી માંડી આપ્યું હતું તેમ કહેવામાં આવ્યું છે. આ ત્રણ વિધાનો વિચારતાં એમ જણાય છે કે વસંતરાયને હાંકી કાઢવાના

---

૧ આ કોરી દીવાનશાહી કહેવાતી માટે દીવાન અમરજીએ પડાવેલી તેવી પ્રચલિત માન્યતા છે તે બરાબર નથી. બાબીનો ખિતાબ દીવાન હતો તેથી દીવાનશાહી કહેવાઈ.

કાર્યમાં સહાય કરવા માટે ધોરાજી આપ્યું નહિ હોય પણ ધોરાજી વસંતરાયની જાગીરમાં હતું તે જાગીર તરીકે હાલોજીને આપ્યું હશે અને પોતાની હકૂમત તે પછી ગીરવી મૂકી હશે.

### બહાદરખાન સ્વતંત્ર

ઈ. સ. ૧૭૫૭માં અમદાવાદમાંથી પાદશાહી ધજા સદાને માટે સંકેલાઈ ગઈ અને બહાદરખાને સંપૂર્ણ સ્વતંત્ર કારભાર શરૂ કર્યો.

### બહાદરખાનનું મૃત્યુ

ઈ. સ. ૧૭૫૮માં બહાદરખાન ગુજરી ગયો. તેને પાંચ પુત્રો હતા તેમાં સૌથી મોટા મહાબતખાનને ગાદીએ બેસાડવામાં આવ્યા. આ સમાચાર સાંભળી તેનાથી નાના ભાઈ સરદાર મહમદખાન વાડાસિનોર હતા તેણે ત્યાં પોતાના નામની આણ ફેરવી દીધી અને મહાબતખાને તેની ચિંતા કરી નહિ.

બહાદરખાન એક દીર્ઘદ્રષ્ટા અને કુનેહબાજ સરદાર હતો, તેણે આથમતી મુગલાઈમાં અનેક શત્રુઓના વિરોધ છતાં મુત્સદ્દીગીરીથી અને ધીરજથી જૂનાગઢ અને વાડાસિનોરમાં પોતાની હકૂમત સ્થિર કરી. તેના પૂર્વજીવનમાં તેણે એક શૂરવીર યોદ્ધા તરીકે અને રાજનીતિજ્ઞ તરીકે નામના મેળવેલી. મુગલોના પ્રખર શત્રુ મરાઠાઓની પણ તેણે પ્રશંસા અને વિશ્વાસ મેળવેલાં પરંતુ જ્યારે વસંતરાયે ઉપરકોટનો કબજો કર્યો ત્યારે તેનો હિમ્મતથી સામનો કરવાને બદલે તેણે નાસી જવાનું ઈષ્ટ ધાર્યું તે તેની ઉજ્જ્વલ કારકિર્દી ઉપર ઝાંખપ પાથરે છે તેમ છતાં તે શાંત, ઠરેલ અને વિચારશીલ પુરુષ હતા તેમાં શંકાને કોઈ સ્થાન નથી.[1]

### મહાબતખાન ૧લા

મહાબતખાને ગાદીએ બેસતાં જ તેના ક્રુર અને ક્રોધી સ્વભાવનું પ્રદર્શન કરવા માંડયું. શેરખાન જેવા દીર્ઘદ્રષ્ટા, શાંત અને ગંભીર પિતાના પુત્રને યોગ્ય નહિ એવું વર્તન કરી તેણે પ્રજાની અને રાજ્યના અધિકારીઓની ચાહના ગુમાવી દીધી.

### જગન્નાથ ઝાલાનું ખૂન

જેણે શેરખાનને એક સરદારમાંથી નવાબ બનાવ્યો અને જૂનાગઢનું રાજ્ય પ્રાપ્ત કરવાના તેના સાહસમાં સંનિષ્ઠ અને સક્રિય સાથ આપેલો તે જગન્નાથ

---

1 બહાદરખાને હિન્દુ મુસ્લિમ ધર્મસ્થાનોને દાન આપ્યાં છે. તેનો એક રૂક્કો છે તેમાં નરસિંહ મહેતાના ચોરા તથા ભવનાથ મંદિરને રોજની એક રોટી આપવા ચબૂતરા ઉપર હુકમ છે.

ઝાલાનો કોઈ પણ કારણ વગર ઘાત કરવા તેના સીદી ગુલામ બીલાલને આજ્ઞા કરી. ગાયકવાડનું સૈન્ય જૂનાગઢ ઉપર ધસી આવ્યું છે તેની સામે જૂનાગઢનું રક્ષણ કરવા મજેવડી દરવાજા પાસે જગન્નાથ છાવણી નાખી પડેલા અને પરિસ્થિતિ ઉપર ધ્યાન રાખી રહ્યા હતા ત્યારે બીલાલે તેનું ખૂન કર્યું.

આવા સ્વામીભક્ત અને વીર મુત્સદ્દીનું કરપીણ ખૂન થતાં જૂનાગઢમાં હાહાકાર થઈ ગયો. નવાબે એટલેથી ન અટકતાં જગન્નાથના ભાઈ રૂદ્રજી તથા બીજા કુટુંબીઓને કેદ કરી તેનાં મકાનો લૂંટાવી દીધાં. મહાબતખાન તેનાં અવિચારી પગલાંથી બેસતી હકૂમત ગુમાવી દેશે એ બીકે તેના પીરઝાદા સૈયદ ખલફશાહમીયાં, જમાદાર રહીમખાન રેન ધોળકિયા અને અન્ય અમીરોએ ગોંડલ ઠાકોર કુંભાજીને જૂનાગઢ બોલાવ્યા અને તેની દરમ્યાનગીરીથી મહાબતખાને આ મધ્યસ્થીઓને તેના જામીન લઈ, રૂદ્રજી ઝાલાને મુક્ત કરતાં તે તેના કુટુંબીઓ સાથે પોરબંદર ચાલ્યા ગયા.

## સોમજી જીકાર

મહાબતખાને સોમજી જીકાર નામના નાગર ગૃહસ્થને દીવાનગીરી આપી અને તેને કાંઈ પણ કરવાની તક આપ્યા વગર જ છૂટા કરી દયાળ શેઠને દીવાનપદ આપ્યું.

## બીબી સાહેબા સુલતાના

નવાબના કુટુંબમાં પણ મહાબતખાનના વર્તનથી અસંતોષ અને ઉગ્રતા વ્યાપ્યાં. શેરખાનની બહેન બીબી સાહેબા સુલતાના તેના ભાઇ જેવાં જ મહત્ત્વાકાંક્ષી અને મુત્સદ્દી હતાં. તેણે મહાબતખાનની નિર્બળતાનો લાભ લઈ તેના મર્હૂમ પતિ સામતખાનને મળેલી જાગીરથી સંતોષ ન પામતાં જૂનાગઢ સર કરવા વિચાર્યું. સુલતાનાનો પુત્ર જાફરખાન, તેની હયાતીમાં મુઝફ્ફરખાન અને ફતેહયાબખાન નામના બે પુત્રોને મૂકી ગુજરી ગયેલો. સુલતાનાએ જૂનાગઢમાં સૈન્યને ફોડી, આરબ જમાદાર સુલેમાનની મદદથી નવાબ મહાબતખાનને કેદ કરી ઉપરકોટમાં મોકલી આપ્યા અને પોતાના પૌત્ર મુઝફ્ફરખાનની જૂનાગઢના નવાબ તરીકે આણ ફેરવી.

## રાધનપુરની ચડાઈ

આ પરિસ્થિતિનો લાભ લેવા રાધનપુરના નવાબ કમાલુદ્દીન કે જે જવાંમર્દખાનના નામથી જાણીતા હતા તેણે મહાબતખાનને[1] છોડાવવાના વિષે

1 શેરખાનના ભત્રીજા મહમદ ઝફરે જૂનાગઢ સામે બંડ કરેલું પણ જવાંમર્દખાને તેને સમજાવી તેનું સમાધાન કરાવ્યું, તે પછી કોઇ કારણસર જવાંમર્દખાને આ ચડાઈ કરેલી. મહમદઝફરના બંડની નોંધ માત્ર મિરાતે અહેમદી લે છે.

જૂનાગઢના પાદરે એક બળવાન સૈન્ય સાથે મુકામ કર્યો. તેનો આંતરિક ઈરાદો તો જો લાગ મળે તો મુઝફ્ફરખાન તથા મહાબતખાન બંનેને કાઢી પોતાના પુત્ર ગાઝી-ઉલ-દીનને જૂનાગઢની ગાદીએ બેસાડવાનો હતો.

જવાંમર્દખાને રાત્રીના જૂનાગઢના કિલ્લા ઉપર હલ્લો કર્યો પણ દુર્ગ-રક્ષક સૈન્યે તેનો સખ્ત પ્રતિકાર કર્યો અને પ્રાતઃકાળે પરાજય સ્વીકારી તેણે પીછેહઠ કરી રાધનપુરનો માર્ગ લઈ લીધો.

## નવાબની મુક્તિ

ગોંડલના ઠાકોર કુંભાજીએ તે પછી વચમાં પડી તેની મુક્તિ મેળવી આપવા નવાબે સંદેશો મોકલી વિનંતી કરતાં તેણે શિવદાસ પંડયા નામના રાજપુરુષ દ્વારા જમાદાર સુલેમાનને ફોડી નવાબની મુક્તિ મેળવી. મહાબતખાને મુઝફ્ફરખાન તથા ફતેહયાબખાનને, જૂનાગઢ ઉપર દાવો ન કરવાની રીતે રાણપુર ચોવીસી અને ધંધુસર વગેરે ગામો આપ્યાં. કુંભાજીને તેણે કરેલી મદદના બદલામાં વાર્ષિક કોરી પાંચ હજાર પેશકશ ભરવાની શર્તે ઉપલેટા પરગણું આપ્યું.[1]

## રાજતંત્ર

નવાબને મુક્તિ મળતાં જ દયાળશેઠને દીવાનગીરીમાંથી મુક્ત કર્યો તે પછી આ ક્રોધી અને તરંગી પ્રકૃતિના રાજકર્તાએ તેના સૈન્યોના પગાર ચૂકવવા માટે, રાજાને ન શોભે તેવી રીતે ગામડાંઓ લૂંટવા માંડયા અને તેમ છતાં પણ પગારો ચૂકવી શકાય નહિ ત્યારે તેણે મેવાલાલ જગજીવન મુનશી નામના એક મુત્સદ્દીને દીવાનની જગ્યા આપી. આ દીવાને રાજતંત્રને સદ્ધર કરવા પ્રયત્નો કર્યા પણ તેના પ્રયાસોનું કાંઈ પણ પરિણામ આવે તે પહેલાં નવાબે તેને પણ રજા આપી દીધી અને ઘોઘાથી સોરાબખાનની બીકથી નાસી આવેલા પોતાના કાકા શેરઝમાનખાનને બાટવાની જાગીર આપેલી ત્યાંથી બોલાવી, દીવાનગીરી આપી.

## વેરાવળનો કબજો

સુલતાનાએ, થયેલા સમાધાનનો ભંગ કરી, વેરાવળનો કબજો કરી લીધો. નવાબની અણઆવડત અને અશક્તિથી પૂરા પરિચિત થયેલા શેરઝમાનખાને પણ જૂનાગઢ હડપ કરી જવાની ઊંડી ઈચ્છાએ તંત્રને કથળવા દીધું અને સુલતાન સામે કાંઈ પગલાં લીધાં નહિ. આ સમયે માંગરોળના કાઝી શેખમીયાંએ નવાબની મુશ્કેલીનો લાભ લેવાનું વિચારી, પ્રભાસપાટણના દેશાઈ

1 જુઓ સૌરાષ્ટ્રના ઈતિહાસની વાર્તાઓ, ભા. ૩.

સુંદરજી નારણજીની સહાયથી સુલતાના પાસેથી વેરાવળ પડાવી લીધું.[1]

નવાબે વેરાવળ ઉપર ચડવા વિચાર કર્યો પણ આરબોના પગાર ચૂકવેલા નહિ તેમ ચૂકવવા માટે ખજાનામાંથી એક રાતી પાઈ પણ ન હતી તેમ તેની પાસે કોઈ કુશળ સેનાપતિ કે બુદ્ધિશાળી મંત્રી ન હતા કે તેને સહાય કરે કે સલાહ આપે. વિશેષમાં પોતાના ક્રુર અને વિચિત્ર સ્વભાવ તથા આળસુ અને વિલાસી જીવનથી તે દરબારીઓમાં અપ્રિય થઈ પડેલા એટલે તેને સહાય કરવા કોઈ ખુશી ન હતું. આમ, એકલવાયો, નિઃસહાય અને નિર્ધન નવાબ વેરાવળ ઉપર ચડી શક્યો નહિ. આરબોમાં તેમના નિયમ મુજબ તેને કેદ પકડી ઉપરકોટનો કબજો કરી લીધો.

## અમરજી

નવાબ પાસે કંઈ ન હતું પણ તેનાં ભાગ્ય પ્રબળ હતાં. ગાયકવાડ, ગોંડલ, જવામર્દખાન, શેરઝમાનખાન, સુલતાના, શેખમિયાં જેવા શત્રુઓ સામે આંતરિક સહાય કે બળ વગરનો નવાબ માત્ર ભાગ્યના બળે જ ટકી રહ્યો હતો.

જ્યારે તેને કોઈ મદદ કરવા ન આવ્યું ત્યારે પોરબંદરના આરબ જમાદાર સાલમીનના વકીલ અમરજી કુંવરજી નાણાવટીએ નવાબ પાસે જઈ આરબોને મહાત કરવાનું બીડું ઝડપ્યું. નવાબે તેને વચન આપ્યું કે જો તે આરબોને ઉપરકોટમાંથી કાઢશે તો તેને નોકરીમાં રાખશે.

અમરજી આ સમયે માત્ર અઢાર વર્ષના હતા પરંતુ જન્મથી નેતૃત્વના ગુણ લઈ ગર્ભશ્રીમંત કુટુંબમાં જન્મેલા આ દીર્ઘદૃષ્ટા અને વીર યુવાને પોરબંદર જઈ જમાદાર સાલમીન તથા તેના માણસોને લઈ આવી વાગીશ્વરી દરવાજો સર કરી ઉપરકોટ ઉપર આક્રમણ કર્યું. અમરજીના પ્રબળ પ્રયાસથી અંદર આશ્રય લઈ રહેલા આરબોને નમવું પડ્યું. તેઓ શરણે આવ્યા અને નવાબે અમરજીને તેનું પરાક્રમ જોઈ સેનાધ્યક્ષનું પદ આપ્યું. આ સમયે સેનાપતિ તો રાજકર્તા જ હતા અને તેના સૈન્યોના વાસ્તવિક ઉપરીનો હોદ્દો સૈન્યોના વહીવટી ફોજદાર જેવો હતો છતાં અમરજીને સૈન્યો વિષયમાં સર્વ સત્તા આપવામાં આવી.

## વેરાવળનો ઘેરો

અમરજીએ તે પછી આરબોના પગાર ચૂકવી લશ્કરી તંત્ર વ્યવસ્થિત કરી

1 વિગતો માટે જુઓ પિતૃતર્પણ, શં. હ. દેશાઇ.

બે વર્ષ પર્યંત સૈન્યને અને ધનકોષને સમૃદ્ધ કરી વેરાવળ ઉપર ચડાઈ કરી નવાબના સૈન્યાધિકારીઓ જમાદાર અબ્દલાખાને કિલ્લા ઉપર ધસારો કર્યો અને તે સાથે જ જમાદાર વાહીદુદ્દીને સમુદ્રમાંથી વહાણો ઉપર તોપ ચડાવી તોપમારો શરૂ કર્યો. વેરાવળ પડયું. કાઝીશેખમિયાં નાસી ગયો અને સુંદરજી દેશાઈ પકડાઈ ગયા. આ પ્રસંગે નવાબની વૃત્તિ દેશાઈની સ્ત્રીઓની ઈજ્જત જોખમાવવાની હતી પણ અમરજીએ તેમ ન થવા દીધું. નવાબને અમરજીની ઈચ્છા આગળ શિર ઝુકાવવું પડયું.

## દીવાનો

નવાબે શેરઝમાનખાનને તેના પદેથી દૂર કરી પોપટ પારેખને દીવાનપદે નીમ્યો પણ તેને ત્રીજે જ દિવસે છૂટો કરી ઝવેરચંદને દીવાનપદું આપ્યું. તેને પણ વીશ દિવસમાં જ બરતરફ કરી મૂળચંદ પારેખને દીવાનપદ આપ્યું પણ તેને પણ એક માસ રાખી મુકત કર્યો.

## શેર ઝમાનખાનનું બંડ

દીવાનોની ત્વરિત ફેરબદલીઓ અને નવાબની વિચિત્ર માનસિક સ્થિતિનો લાભ લેવા શેર ઝમાનખાને જૂનાગઢની ગાદી સ્વાધીન કરવાનો પ્રબળ પણ નિષ્ફળ પ્રયાસ કર્યો. ઈ. સ. ૧૭૬૯માં તેણે મજેવડી દરવાજા પાસેના બસારત બાગમાં સૈનિકોની જમાવટ કરી એક સવારે તેણે ઓચિંતો કિલ્લા ઉપર હલ્લો કર્યો પણ શીબંધી વેળાસર ચેતી જતાં આ હલ્લો પાછો વાળ્યો અને શેરઝમાનખાન તેના સૈન્યો નાસે તે પહેલાં જ નાસી ગયો.

## દીવાનપદે અમરજી

મહાબતખાન જેવા અસ્થિર મનના રાજકર્તાને અંકુશમાં રાખી શકે એવી વ્યકિત જ દીવાનગીરી કરી શકે અને દીવાનગીરીની સ્થિરતા થાય તો જ રાજ્યનું અસ્તિત્વ રહે તે સ્વાભાવિક હતું. ભાગ્યશાળી નવાબને આ સત્ય સૂઝયું અને તેણે અમરજીની દીવાનપદે નિમણુક કરી.

## અમરજીના વિજયો

અમરજીએ દીવાનગીરી સંભાળીને તરત જ તેની વિજયયાત્રાનો પ્રારંભ કર્યો. તેણે દલખાણિયા, કુતિયાણા, સૂત્રાપાડા, દેવડા, શીલ દીવાસા, મહિયારી અને બગસરાના કિલ્લાઓ લીધા.[1] અને છેક ઉના સુધીના પ્રદેશો ઉપર તેનો વિજયધ્વજ ફરકાવ્યો. તેણે સૌરાષ્ટ્રનાં સર્વે રાજ્યો પાસેથી જોરતલબી નામનો વેરો પણ વસૂલ કર્યો અને ભાવનગર ઠાકોર વખતસિંહજીની

1. વિગતો માટે જુઓ 'સૌરાષ્ટ્રનો ઈતિહાસ',–શં. હ. દેશાઈ.

વિનંતીથી તળાજાનો કિલ્લો પણ સર કર્યો [1]

અમરજીની પ્રતિષ્ઠા સમસ્ત સૌરાષ્ટ્રમાં પરાકાષ્ઠાએ પહોંચી. ભલભલા મહારથીઓ તેની રણહાકથી ધ્રુજવા માંડયા અને મોટા મોટા મુત્સદ્દીઓ તેની કુનેહ અને કળ આગળ નાના દેખાવા લાગ્યા. જૂનાગઢને સીમાડે આવેલા ગોંડલના ઠાકોર કુંભાજીને તેની ભીતિ લાગવા માંડી અને પ્રગટ રીતે તેના પ્રશંસક રહેવા છતાં અંદરથી તેનો ઘાત કરવા વિચારતા રહ્યા.

કુંભાજીએ છત્રાસાના રામજાદા બામણીઓજીને ઉશ્કેરી ગોંડલનું સૈન્ય આપી તેને જૂનાગઢ ઉપર ચડાઇ કરવા મોકલ્યો. અને તે સાથે ગાયકવાડની સેનાને પોતાની કુમકે બોલાવી. કુંભાજીએ નવાબની સમ્મતિથી, અમરજીની ગેરહાજરીમાં માલાસીમડી પાસે પડેલા જૂનાગઢના સૈન્યો ઉપર ધસારો કર્યો. જૂનાગઢના સૈનિકોમાં ભંગાણ પડયું અને જમાદાર સાલમીન ઘોડા ઉપર રાંગ વાળી શક્યો નહિ તેથી ભાગી ન શકતાં પકડાઈ ગયો. નવાબે અમરજીની વધતી જતી પ્રતિષ્ઠાથી દ્વેષભાવે તેનું આ રીતે કાસળ કાઢવા પ્રયત્ન કર્યો પણ દીવાન અમરજીએ તરત જ માલાસીમડીમાં પડેલા ગોંડલ અને ગાયકવાડના સંયુક્ત સૈન્યોની છાવણી સામે તેનો ઝંડો રોપી યુદ્ધનું આહ્વાન કર્યું કુંભાજીએ બામણીઓજીને જુદો પાડી નાખ્યો અને લૂંટનો માલ તથા દંડ અમરજીને આપી સમાધાન કર્યું.[2] અમરજીએ ત્યાંથી પાછા વળી બામણીઓજીને આધીન કરી છત્રાસાનો ગઢ તોડી પાડયો.

## રૂદ્રજી છાયા

પોરબંદરના સીપેસાલાર રૂદ્રજી છાયા દીવાનજીને હાથે કેદ થયેલા પરંતુ તેની વીરતા, કુનેહ અને એકનિષ્ઠા જોઈ દીવાન અમરજીએ તેને જૂનાગઢની સેવામાં રાખ્યા. તેઓ પોરબંદરનાં મકાનો, જાગીરો વગેરે છોડી જૂનાગઢમાં વસ્યા. અંત સુધી તે દીવાનજી અને તેના પછી દીવાન રઘુનાથજીની સાથે રહ્યા.[3]

---

1 સાહ મોંડલિકના રણ તાણી તરસી હુતી તેગ
નઠલંક નાગર નેક તેં એને ધરવી અમરા ધરધણી

2 ધોરાજી રૈયત રૂએ માગે તોબાને ત્રાય
ન કરીયે નાગર રાય કોપ આવો કુંવરા ઉત..
વિગતો માટે જુઓ 'સૌરાષ્ટ્રનો ઈતિહાસ', શં. હ. દેશાઈ.

3 શ્રી હરસુખલાલ જયશંકર છાયા તથા શ્રી કુંદનલાલ મોતીલાલ છાયાના પિતામહના પિતામહ.

## અમરજી કેદ

આવા વીર અને અપ્રતિમ યુદ્ધ કૌશલ્ય ધરાવતા, નિમકહલાલ અને નીડર દીવાને જેના માટે આવડાં મહાન સાહસો કર્યાં અને જેણે જૂનાગઢની જાગીરમાંથી સોરઠનું રાજ્ય સર્જ્યું તે દીવાનને, નવાબ મહાબતખાને, ભીમ ખોજો, જગજીવન કીકાણી, ગુલાબરાય મહેતા, ખુશાલરાય મુગટરામ તથા રાજમાતા સુજાનબીબીના સહકારથી કેદ કરી લેવા કે તેનો ઘાત કરવા વિચાર્યું. તેણે આ કાવત્રાના પ્રારંભ તરીકે ઈ. સ. ૧૭૬૮માં અમરજીના પક્ષપાતી અને વફાદાર જમાદાર સાલમીનને, માંગરોળ ઉપર ચડાઈ લઈ જવી છે તે મિષે બોલાવી ખૂન કરાવ્યું અને તે પછી તરત જ અમરજી તથા તેના ભાઈઓ દુર્લભજી, ગોવિંદજી તથા અન્ય કુટુંબીઓને કેદ કરી લીધા. પાંચ માસ પર્યંત તેને કારાવાસમાં રાખી ચાલીસ હજાર કોરીનો દંડ વસૂલ લઈ તેને મુક્તિ આપતાં અમરજી જૂનાગઢ છોડી ઈ. સ. ૧૭૭૩માં જેતપુર ચાલ્યા ગયા અને દંડની રકમ હાજર હતી નહિ તેથી તે ભરાય ત્યાં સુધી તેના પુત્ર રઘુનાથજીને નવાબે બાન તરીકે રાખ્યા. તે પછી નવાબ ગુલાબરાય છેક ગયુ સોમનાથ જોશીપુરાને મદદમાં આપી ભીમ ખોજાને દીવાનગીરી આપી.

દીવાનજીની વિદાયથી જૂનાગઢના શત્રુઓએ જોર કર્યું. માંગરોળના શેખમિયાંએ માથું ઉંચક્યું અને જૂનાગઢનાં ગામડાંઓ લૂંટવા માંડયાં. નવાબે ભીમ ખોજાને માંગરોળ સર કરવા મોકલ્યો પણ શેખમિયાંએ લોકવાર્તા છે તે અનુસાર કહેલું અને ભુંજીયો મોકલી કહેવરાવ્યું કે "તું દાળીયા ભુંજ, યુદ્ધમાં તને ખબર ન પડે. અમરજીના જોડામાં તારો પગ બહુ નાનો પડે." આરબો અમરજીને વફાદાર હતા. તેમણે તો સાલમીનના ખૂનનો બદલો ન અપાય અને અમરજી તેનું નેતૃત્વ ન લે ત્યાં સુધી લડવા જ ના પાડી.

નવાબને તેની ભૂલ સમજાઈ ગઈ. તેણે ભીમ ખોજા વગેરેને બોલાવીને કહ્યું કે અપૂર્વ બુદ્ધિ શક્તિ અને વીરતા ધરાવતા અમરજીને તમારા સહુના કહેવાથી મેં તેની કોઈ પણ કસૂર વગર કાઢયા તે જેતપુર રહે છે. તેને સૌરાષ્ટ્રના રાજાઓ, સૂરતના નવાબ, દીવના પોર્ટુગીઝો વગેરે[1] બોલાવે છે પણ તે જતા નથી. હવે જાઓ તેની માફી માંગીને તેડી લાવો. આ ઉપરથી

---

1 આ આમંત્રણોની નોંધ તારીખે સોરઠમાં છે. તેમાં ત્રીસ જેટલા રાજાઓ તથા સરદારોનાં નામો છે.

ભીમ ખોજા[1] વગેરે દરબારીઓ જેતપુર ગયા અને દીવાન અમરજીની માફી માગી તેને પાછા આવવા વિનંતી કરી. જ્યારે આ પ્રતિનિધિ મંડળ જેતપુર ગયું ત્યારે ત્યાં કચ્છના રાઓ ગોડજીના અધિકારીઓ અને અમીરો, અમરજીને કચ્છ આવી દીવાનગીરી સંભાળી લેવાનું આમંત્રણ આપવા આવેલા પણ દીવાનજી જૂનાગઢની વિનંતી સ્વીકારીને જૂનાગઢ આવ્યા. નવાબે તેનું સન્માન કરી દીવાન-પદે આરૂઢ કરી રઘુનાથજીને મુક્ત કર્યા.

## મહાબતખાનજીનું મૃત્યુ

દીવાનજીએ તે પછી સૂત્રાપાડા જીત્યું અને વાગડમાં પોશીત્રાના કિલ્લામાં આશ્રય લઈ લૂંટારાઓ આસપાસનો પ્રદેશ લૂંટતા હતા તેને જેર કરવા કચ્છના તથા જામનગરના આમંત્રણથી ત્યાં ગયા. તેઓ વાગડમાં હતા ત્યાં ઈ. સ. ૧૭૭૪ના ડિસેમ્બર માસની ૨ જી તારીખે નવાબ મહાબતખાન ગુજરી ગયા. તે સમાચાર સાંભળી તેઓ દમોદમ જૂનાગઢ આવ્યા.

નવાબ બહાદરખાન જેવા દીર્ઘદૃષ્ટા અને મુત્સદ્દી વીરપુરુષના પુત્ર હોવા છતાં મહાબતખાન પહેલામાં દુરંદેશીપણાનો અને બુદ્ધિનો અભાવ હતો. તેનો સ્વભાવ ક્રૂર, તરંગી અને ક્રોધી હતો. તે દીવાન અમરજી જેવા એક બાહોશ અને અભૂતપૂર્વ પ્રતિભાવાળા સ્વામીભક્તને પણ પ્રેમથી સાચવી શક્યા નહિ. તેમની ફઈને પણ રાજી રાખી શક્યા નહિ. તેમણે તેમના વફાદાર સૈનિકોને પણ ખુશી રાખ્યા નહિ. તેઓ માત્ર ભાગ્યશાળી હતા એટલે જ જૂનાગઢના રાજ્યાસને રહી શક્યા અને દીવાન અમરજી જેવા મહાન સેનાપતિની સહાયથી રાજ્યનું અસ્તિત્વ ટકાવી તેનો વિસ્તાર વધારી શક્યા.

## હામેદખાનજી ૧લા

ઈ. સ. ૧૭૭૪માં નવાબ હામેદખાન ૧લાને માત્ર આઠ વર્ષની વયે અમરજીએ ગાદીનશીન કર્યા અને રાજ્યની તેમજ રાજકુટુંબની સમગ્ર જવાબદારી પોતે સ્વીકારી લીધી.

## રાજમાતાનો વિદ્રોહ

દીવાન અમરજી સર્વસત્તાધીશ થયા તે કારણે કે અન્ય કોઈ કારણસર

1 ભીમ ખોજો બુતાતખાના એટલે પુરવઠા ખાતાનો અધિકારી હતો.–કહાનદાસ બક્ષીનું આત્મચરિત્ર.

દીવાનજી ઝાલાવાડમાં જોરતલબી ઉઘરાવતા હતા તે તકનો લાભ લઈ નવાબનાં મા સુજાનકુંવરે[1] વંથળીના નાગોરીઓને ફેરી, બાંટવાના બાબી મુખ્તારખાન તથા એદલખાનની મદદથી વંથળીનો કિલ્લો કબ્જે કરી, અમદાવાદના સૂબા આપુરાવ મહીપતરાવને મદદમાં બોલાવ્યો દીવાન અમરજીને પણ સમાચાર આપવામાં આવતાં આપુરાવ આવે તે પહેલાં તે પહોંચી ગયા. તેણે અલ્પકાળમાં જ વંથળી જીતી લીધું અને મુખ્તારખાન બાબીએ માફી માગતાં તેને જવા દીધા તથા બીજાઓને યોગ્ય શિક્ષા કરી.

## પેશ્વા ગાયકવાડ

ઈ. સ. ૧૭૭૬માં પેશ્વાના સૂબેદાર અમૃતરાવ તથા ગાયકવાડના સૂબેદાર થોભણે પેશકશી વસૂલ લેવા સૌરાષ્ટ્રમાં સવારી કરી. જૂનાગઢ ઉપર તેમણે જેતપુર મુકામેથી તકાદો કર્યો તેથી દીવાન અમરજીએ જેતપુરના પાદરમાં પડાવ નાખી પડેલાં આ સંયુક્ત સૈન્યો સામે યુદ્ધ કર્યું. પેશ્વા ગાયકવાડના સેનાપતિઓએ દીવાનજીનું યુદ્ધકૌશલ્ય અને વીરત્વ જોઈ ગોંડલ ઠાકોર કુંભાજી તથા જેતપુર દરબાર કાથડવાળાને મોકલી સુલેહ કરી, દીવાનજીને પોશાક આપી બહુમાન કર્યું.

## પોશીત્રા

તે પછી જામનગરના દીવાન મેરૂ ખવાસની વિનંતી ઉપરથી, તેનાં ગામડાંઓ, પોશીત્રાના ગઢમાં રહી ધમરોળતા વાઘેરો ઉપર દીવાન અમરજીએ ચડાઈ કરી અને પોશીત્રા લીધું. તે લડાઈમાં બરડાનો લૂંટારો કાલુ મેર મરાઈ ગયો.[2]

## કાલુ મેર

જૂનાગઢ, પોરબંદર, જામનગર અને ગોંડલનાં ગામડાંઓમાં લૂંટફાટ કરતો કાલુ મેર નામનો એક માથાભારે માણસ હતો. પોરબંદરના રાણા સરતાનજી તેના કારભારી ભના મહેતા સાથે એકવાર ઈ. સ. ૧૭૭૬માં જૂનાગઢ આવેલા અને ભના મહેતાના સસરા પૂંજાભાઈ વસાવડા દ્વારા દીવાનજીને આ મેરને પારપત્ત કરવા વિનંતી કરેલી[3] તેથી દીવાનજીએ તેની પાછળ સૈન્યને મોકલેલું. કાલુ મેર નાસી ગયો અને તેનો ઉપદ્રવ શાંત થઈ

---

1 આ રાજમાતાનું નામ એક સ્થળે સુજાનકુંવર પણ આપ્યું છે.

2 તારીખે સોરઠ–દીવાન રણછોડજી, ભાષાંતર : શં. હ. દેસાઈ

3. ક્હાનદાસ તાપીદાસ બક્ષીનું આત્મ ચરિત્ર.

ગયો પરંતુ દીવાનજી ઉપર પોતાનું વેર લેવા તેણે જૂનાગઢ આવી દીવાનજીની હવેલીમાં ચૂપચાપ પ્રવેશ કરી તેના પુત્રો તથા અન્ય વિદ્યાર્થીઓ ફારસી અભ્યાસ કરતા હતા ત્યાં ખુલ્લી તલવારે હુમલો કર્યો તેમાં કુંવરજી ગુલાબરામ સોમનાથ અને બીજો કિશોર મરાઈ ગયા.[1] કાલુ, આરબ જમાદાર અમરાન તથા આલમખાન બલુચની મદદથી ભાગી છૂટયો અને પોશીત્રામાં ભરાઈ રહેલો જ્યાં મરાઈ ગયો.

જૂનાગઢના કાળવા દરવાજાનું નામ કાલુ ઉપરથી પડયું છે,[2] એવી એક લોકવાર્તા પ્રચલિત થઈ ગઈ છે પણ કાળવા નામ કાલિન્દીનું અપભ્રંશ છે અને પ્રભાસ ખંડ પ્રમાણે કાળયવનના પર્વતમાંથી તે નીકળે છે માટે કાળવાહ કહેવાય છે. કાલુ મેર સાથે તેને કાંઈ સંબંધ નથી.

## અમરજીના વિજયો

અમરજીએ પોરબંદરના રાણા સરતાનજીને હરાવ્યા અને ગોંડલના પ્રદેશને લૂંટી ખાતા દેવડાના મલુક મામદ નામના સંધીને હરાવી દેવડાનો કિલ્લો લીધો.[3] તેણે કંડોરણા તથા મેવાસાના કિલ્લાઓ પણ જીતી લીધા. આમ તેણે સૌરાષ્ટ્રમાં જૂનાગઢની સત્તા સર્વોપરી બનાવી.

## રાજપૂત સંગઠન

મુસ્લિમ રાજ્યને બળવાન બનાવી રાજપૂત રાજાઓનું જોર તોડવા

---

1 ભગવાનલાલ જોશીપુરાનું જીવનચરિત્ર.

2 મહેર–જવાંમર્દો–શ્રી માલદેવજી રાણા તથા સૌરાષ્ટ્રના ઈતિહાસની વાર્તાઓ, ભા.–૩

3 આ પ્રસંગની એક સુંદર લોકવાર્તા છે. મલુક એટલો બળવાન થઇ ગયેલો કે કુંભાજી તેને પહોંચી શકતા નહિ. તે અમરજી પાસે ગયા અને "ડળકે પળકે કુંભો રોયો" અને અને કહ્યું કે મલુક કહે છે કે "આઉં તો ડરાં અલ્લાસે કાં અમરેશસે" માટે આપ ચડો અને તેને પારપત કરો. દીવાન અમરજી તેથી દેવડા ઉપર ચડયા અને મલુકને મારી દેવડા લીધું. આ સામે જાડેજાના ઈતિહાસમાં (શ્રી જીવરામ કાલિદાસ શાસ્ત્રી) આ પ્રસંગ વિ. સ. ૧૮૩૬ (ઈ. સ. ૧૭૮૦)માં બન્યો હોવાનું તથા તેને કુંભાજીએ જીત્યો હતો તેમ જણાવ્યું છે. દેવડા ફતેહ કરી કુંભાજીએ નવાબને તે સોંપી દીધું પણ સુપેડી, ગણોદ વગેરેમાં નવાબના હકકો તેણે લખાવી લીધા. દેવડાના ઘેરા નામનું ચારણી કાવ્ય અમરજીએ દેવડા જીત્યું હતું તેમ સ્પષ્ટ કહે છે. "દેવડાનો ઘેરો" ઇતિહાસ દર્શન, ભા. ૪, શં. હ. દેશાઇ.

મથતા અમરજીને મહાત કરવાના સર્વ પ્રયત્નો જ્યારે નિષ્ફળ ગયા ત્યારે કુંભાજીએ રાજપૂત રાજાઓને એકત્ર કરી અમરજીનું બળ તોડવાનો એક મહાન પ્રયાસ કર્યો. ઈ. સ. ૧૭૮૨માં જામનગર, હળવદ, ગોંડલ, પોરબંદર, કોટડા, જેતપુર વગેરે હિન્દુ રાજ્યોનાં સૈન્યોએ કુતિયાણા ઉપર હલ્લો કરી વિગ્રહનો આરંભ કર્યો અને જૂનાગઢ ઉપર આક્રમણ કરવા જેતપુર પાસે પડાવ નાખ્યો.

અમરજીએ તેની સામે પોતાની છાવણી નાખી દીધી. જૂનાગઢના સદાના વિરોધીઓ બાંટવાના મુઝફ્ફરખાન, ફતેહયાબખાન અને બીજા બાબી સરદારો, માંગરોળના શેખમિયાં વગેરે અમરજીની મદદે આવી પહોંચ્યા. જામનગરના મેરુ ખવાસે અમરજીનું સૈન્ય જોઈ જગુ રાવળ નામના દૂત દ્વારા અમરજીના સેનાપતિઓ રૂદ્રજી છાયા તથા પૂંજારામ વસાવડાને[1] વિષ્ટિ માટે બોલાવ્યા. તેઓ રાતે સૂતા હતા ત્યાં મેરુ ભાદર ઊતરી આગળ વધ્યો. અમરજીને આ સમાચાર મળતાં તેણે તેનો પીછો પકડી પાંચપીપળા આગળ આંતરી લીધો.

પાંચપીપળા પાસે બંને સૈન્યો વચ્ચે તુમુલ યુદ્ધ થયું તેમાં મેરુ અને તેના મિત્રોનો પ્રગટ પરાજય થયો અને તેની છાવણી અમરજીના હાથમાં પડી. મેરુએ ગાયકવાડની સહાય માગેલી તે આ સમયે આવી પહોંચી પણ યુદ્ધનું પરિણામ જોઈ પાછી ફરી ગઈ. અમરજીએ ત્યાંથી જઈ દેવડાનો કિલ્લો પાડી નાખ્યો. સમય વરતી કુંભાજી પણ માફામાફી કરી ગોંડલ ચાલ્યા ગયા. જામનગરના મેરુ પાસેથી અમરજીએ ખીરસરાનો કિલ્લો લઈ તેને પણ જવા દીધો. આમ અમરજીએ હિન્દુ રાજાઓનાં સંગઠનને સંપૂર્ણપણે તોડી નાખી નવાબના અસ્તિત્વને નિર્ભય કરી ધંધુકા અને ખંભાત ઉપર જોરતલબી વસૂલ લેવા ચડાઈ કરી.

## અમરજીનું ખૂન

અમરજીની વીરતા, કૌશલ્ય અને કીર્તિથી જેમની પ્રગતિ રૂંધાતી હતી તેવા શત્રુઓએ તેને ઘાત કરવા માટે યુવાન નવાબના કાનમાં ઝેર રેડવા માંડયું. ગોંડલના કુંભાજીએ નવાબને અમરજી રૂપી કંટક તેના માર્ગમાંથી દૂર કરવા મોટી રકમ આપવાની પણ લાલચ આપી. લોકવાર્તા પ્રમાણે તેણે નવાબને મહેમાન બનાવી તેના મનોરંજન માટે ત્રાગાળાનું નાટક ગોઠવી તેમાં અમરજીની વિરુદ્ધ જાય એવા પ્રસંગો યોજ્યા. નવાબે તેથી અમરજીનો ઘાત કરવા નિર્ણય કરી હોળીની રાત્રે રાજમાતાના નામે રાજમહેલમાંથી સંદેશો

1 શ્રી કનકરાય મહાસુખરાય, શ્રી જનકરાય ધીરજરાય વસાવડા વગેરેમાં પૂર્વજ.

મોકલ્યો કે નવાબનાં લગ્ન રાધનપુર નવાબની કુંવરી સાથે થવાનાં છે તેના દાગીના, કપડાં જોવા પધારો. અમરજી ગયા ત્યાં બારણાં પાછળ છુપાઈ રહેલા મારાઓએ ઈ. સ. ૧૭૮૪ના માર્ચ માસની છઠ્ઠી તારીખે તેનું ખૂન કર્યું અને નવાબે તેના આખા કુટુંબને કેદ કર્યું.[1]

આ ખૂનના કાવત્રામાં નવાબે મનોહરદાસ ત્રિકમદાસ વૈશ્નવ, મહેતાબખાન જુબ્બાખાન ગુજરાતી, જીવણખાન અફઘાન વગેરેને મોટાં પદોની લાલચ આપી તેમની સહાય મેળવેલી તેમ તારીખે સોરઠમાં જણાવ્યું છે. પરંતુ તેમાં મનોહરદાસ ન હતા અને તે ગાયકવાડના મજમુદાર છે માટે પોતાને કાંઈ હરકત નહિ આવે તેમ માની નવાબે તેમને ખૂન પછી બોલાવી કૂલ કારખાનું સોંપેલું તેમ શ્રી નયનસુખરાય મજમુદાર તેનાં પુસ્તક 'કાઠિયાવાડમાં સાર્વભૌમ સત્તા અને મજમુદારો'માં લખે છે.

જેની સરદારી નીચે પોતે અનેક યુદ્ધો ખેલ્યાં હતાં તેનું તેના માલિકને હાથે જ ખૂન થયું તે વિષમ ઘટનાથી આરબો વ્યાકુળ થયા અને જમાદાર શેખ મહમદ ઝુબૈદી, મસુદ સાલેહ, અબ્દલ્લા હાદી તથા સંધી જમાદારો સરફુદીન અને મલાહે, નવાબ પાસે દીવાન કુટુંબને મુક્ત કરવા માગણી કરી અને જ્યારે તે વ્યર્થ ગઈ ત્યારે તેઓએ નવાબનું કાર્ય કરવા ઈન્કાર કર્યો.

અમરજીના ખૂનથી સૌરાષ્ટ્રમાં હાહાકાર થઈ ગયો. નવાબને તેનાં હીચકારા કૃત્યને કારણે ફીટકાર મળવા માંડ્યો.[2] વેરી પણ જેના ઘાવ વખાણે એવા દાના દુશ્મન અને મહાન નીતિધર સેનાની[3] ના મૃત્યુથી સમગ્ર સૌરાષ્ટ્ર શોકમગ્ન થયું.

---

1 જુઓ સૌરાષ્ટ્રના ઈતિહાસની વાર્તાઓ, ભા. ૩.

2 ઉતારથી દળ ઉતરે તેદિ દઈ આડા દિવાન
મત હિણા તેં મારીયો ફટ બાબી હામદખાન
બડી ભાગ જૂનાના ધણી અમરા જેવા આગેવાન
કરમ કુટિયા તેં કુટિયો (કાપીઓ) ધિક બાબી હામદખાન (લોકસાહિત્ય)

3 ધ્રુંધુ નગારાં ધ્રુધવે બરપે બાધો દેશ
નાગર ધરતી નમાવવા એ આવ્યો અમરેશ
દશ આંખો દીવાન અંગ તિહારે અમરજી
રંગની નાગર રાણ નવખંડ નજર તારી પડે (લોકસાહિત્ય)

## ગાયકવાડની ચડાઇ

દીવાનજીના બનેવી, પ્રભાસ-પાટણના દેશાઈ જીભાઈ છબીલદાસે[1] જૂનાગઢ આવી જે કુટુંબીઓ કેદમાં પડેલાં નહિ તેમને મોરબી મોકલી પોતે સિહોર ગયા અને ત્યાં છાવણી નાખી પડેલા મોરારીરાવ ગાયકવાડ તથા રૂપાજી શિંદેને[2] અમરજીના ખૂનનો બદલો લેવા તથા તેમના કુટુંબીઓને મુક્ત કરાવવા વિનંતી કરી.

મોરારીરાવ અને રૂપાજીએ તરત જ સિહોરથી રવાના થઇ જૂનાગઢ તરફ કૂચ કરી અને ધંધુસર પાસે છાવણી નાખી, નવાબને અમરજીના કુટુંબીઓને શીઘ્ર મુક્ત કરવા અને તેણે કરેલા અધમ કૃત્યનો ખુલાસો કરવા આજ્ઞા આપી.

નવાબને આરબોએ સહકાર ન આપ્યો. તેણે તેના રાજમહેલ ફરતી ચોકી મૂકી દીધી અને મરાઠી સેનાએ જૂનાગઢ ઉપર તોપો ગોઠવી. નવાબની પરિસ્થિતિ વિષમ થઈ ગઈ. તેણે એક માસ પર્યંત વાટાઘાટો ચલાવી અને જ્યારે તેને જણાયું કે નમ્યા સિવાય છૂટકો નથી ત્યારે તેણે અમરજીના કુટુંબીઓને મુક્ત કર્યાં અને અમરજીના જ્યેષ્ઠ પુત્ર રઘુનાથજીને બોલાવી દીવાનગીરી આપી દીવાનજીનું સાઠ લાખ કોરીનું લહેણું હતું તેના પેટે ઊના, દેલવાડા, માંગરોળ, શીલ અને દીવાસાનાં પરગણાં રઘુનાથજીને માંડી આપ્યાં તથા અમરજીના માથા બદલ વેરાવળ અને કુતિયાણાના કિલ્લાઓ, અમરજીએ જીતેલા ત્યારે આપવામાં આવેલાં ગામો હળિયાદ, ભેસાણ, આંત્રોલી અને અખોદડ નવાબે ખાલસા કરેલાં તે પાછાં આપ્યાં. ઉપરાંત, અમરજીના કુટુંબીઓને માંગરોળ અને સૂત્રાપાડા પરગણાના કેટલાંક ગામો પણ આપ્યાં.

નવાબે વિશેષમાં, સૈયદ ગુલામ મોહુદીન, સૈયદ અહમદ કાદરી, જમાદાર હયાતખાન બલોચ અને હરિસિંહ પુરબીયાને બહાંધર આપતાં રઘુનાથજીએ દીવાનગીરી સ્વીકારી.

રઘુનાથજીએ આ સમાચાર ગાયકવાડની છાવણીમાં મોકલ્યા પણ તેને એટલાથી સમાધાન થયું નહિ તેથી અમરજીના બીજા પુત્ર રણછોડજીને ગાયકવાડ પાસે મોકલ્યા. દીવાન રણછોડજી તારીખે સોરઠમાં નોંધે છે કે 'જ્યારે

1 આ પ્રસંગની વિગતો માટે જુઓ 'પિતૃતર્પણ', શં. હ. દેશાઈ.

2 રૂપાજી મહાદજી શિંદેના પિત્રાઈ ભાઇ હતા: તેનું નામ કેટલાક લેખકો રણજી કે રણોજી આપે છે. દેશાઇ જીભાઇના તેના પુત્ર ઉપર લખેલા પત્રમાં તેને રૂપાજી કહ્યા છે.

લેખક છાવણીમાં પહોંચ્યો ત્યારે ગાયકવાડ પોતે, રાજા નારાયણરાવ પેંઢરે, જીવાજી શામરાવ, રૂપાજી શિંદે, સરદાર નિંબાવકર તથા વડોદરાના અન્ય સરદારો, દેશમુખો, જમાદાર હામીદ, એમના અમીરો, ઉબેદી કાસમ, હર્રા વગેરે એક પછી એક ખરખરો કરવા આવ્યા. દરેક સરદારે તેને બે સાલ અને જરી ભરેલો દુપટ્ટો અને પાઘડી આપ્યાં જે બધાં મળી લગભગ સો જેટલાં થયાં. રાવસાહેબે ખુદ તેના ખાસ તંબુથી સો કદમ આગળ આવી તેને (રણછોડજીને) પાલખી આપી તથા પોતાના પવિત્ર મસ્તકેથી પાઘડી ઉતારીને તેની સાથે મૂકી અને આજ્ઞા કરી કે પેંઢરેની કક્ષામાં તેને ૧૫૦૦ સવારોની પાયગાના દીવાન અને અધ્યક્ષ નીમવામાં આવે છે. આ પાયગાનો ખર્ચ રૂપિયા ૬,૪૦,૦૦૦ થાય, જે ખર્ચને પહોંચી વળવા તેને (રણછોડજીને) મહુવા, અમરેલી, દામનગર અને કોડીનાર પરગણાની ઊપજ આપવી; પણ હું આ દેશમાં મોટો થયેલો અને મારા સગાઓ અહીં હતા તેથી હું આ નવાજેશ સ્વીકારી શકયો નહિ.'[1]

## દીવાન અમરજી

અમરજીનો જન્મ ઈ. સ. ૧૭૪૧માં થયો હતો અને તેનું ખૂન ઈ. સ. ૧૭૮૪માં થયું. તે ૨૪ વર્ષના ગાળામાં સૌરાષ્ટ્રના ઈતિહાસનું તે કેન્દ્ર છે. માત્ર તેતાલીશ વર્ષનું આયુષ્ય ભોગવી તેણે અમર નામના અને કીર્તિ પ્રાપ્ત કર્યાં છે. તેણે તેનાં બુદ્ધિબલ, યુદ્ધકૌશલ્ય, મુત્સદ્દીગીરી, દિલ અને દિમાગના ઉચ્ચતમ ગુણો, અપૂર્વ નેતાગીરી અને અજોડ રાજનીતિનો જગતને પરિચય આપ્યો છે. તેની ધર્મભાવના, નીતિમત્તા, નિર્દંભપણું અને સ્વામીભક્તિ તેને તેના સમયના રાજપુરુષો અને યુદ્ધવીરોથી ઘણા ઊંચે પદે મૂકે છે. તેને એક તરંગી, મનસ્વી, ક્રૂર અને અવિચારી સ્વામીની સેવા કરવાની હતી. પોતે ચુસ્ત હિન્દુ હોવા છતાં તેણે તેની સર્વધર્મ સમાનની ભાવનાથી મુસ્લિમ સૈનિકોનાં હૃદયો જીતી લીધાં હતાં. વિધર્મી અને વિદેશી આરબો. નવાબના સહધર્મી હોવા છતાં, અમરજીની નેતાગીરી સ્વીકારતા તે તેની શક્તિનો પરિચય આપવા પૂરતું છે.

દીવાન અમરજી એક ગરીબ કુટુંબમાં જન્મેલા, તે યજમાનવૃત્તિ

---

1 ગાયકવાડ દામોદરકુંડ સ્નાન કરવા આવેલા ત્યારે રણછોડજીએ બ્રાહ્મણના વેશે તેને તેને સંકલ્પ કરાવી દાનમાં જૂનાગઢનો ગ્રેશ ઉઠાવી લેવા માંગણી કરી તેવી એક વાહિયાત વાર્તા પ્રચલિત થઈ ગઈ છે. તે પ્રગટ રીતે કલ્પિત અને બનાવટી છે.

કરતા. નિર્ધન હતા એવી અનેક વાર્તાઓ, કેટલાક લેખકોએ તેમના જીવન-ચરિત્રનો અભ્યાસ કર્યા વગર લખી નાખ્યાં છે. એક લેખક તો તે બ્રાહ્મણ હતા અને ભિક્ષાવૃત્તિ ઉપર નિર્વાહ કરતા એમ પણ કહે છે. આ બધાં અનુમાનો કલ્પનાથી જ કરવામાં આવ્યાં છે અને સંપૂર્ણપણે નિરાધાર અને અવાસ્તવિક છે.

તેના પૂર્વજ લાલા માંડણ એક પ્રતાપી પુરુષ હતા. દીવાન રણછોડજી તેના પૂર્વજોનું વર્ણન કરતાં લખે છે કે :

નાગર વડનગરાનમેં નાનોટી અવટંક
બાસ જીરણગઢ બસત હૈ. સહે ન અરિ હો સંક
તે નાગર વડનગરતેં નિકસે તજી નિજ ધામ
લાલા માંડન સ્વજન મિલિ ગયે તુલાજા ગામ
ગામ ભૂમિ અરૂ ગરથ દઈ રાખે યોં રાજાન
શ્રી પતિ તાકે સુત ભયે સાહિ કર્યો સન્માન
તાકે સુત શિવજી તપી કિને બહુ શુભ કામ
વાપી કૂપ તડાગ કિય ધ્વજ જુત શિવકે ધામ
તાકે સુત બૈકુંઠજી ગોદ્વિજ કે આધીન
તાકે સુત ગોપલજી કરમ તિન્હે શુભ કીન
પ્રયાગજી સુત કુંવરજી તાકે સુત અમરેશ
જીતી લઈ સોરઠ જીમી કાબે દેશ વિદેશ
રાજનીતિ રાજેન્દ્રસો ભયો ઉદય નરભૂપ
સકલ સૂરન કો સેઈ કે અવની લઈ અનૂપ
યા મુખતે અમરેશકી કીરતી કહી હૈ કોઇ
નાગર સાગર સગુન કો હુઓ ન એસો હોઇ[1]

અમરજીના પિતામહના પિતામહે વાવો, કૂવઓ અને તળાવો બંધાવેલાં, તેમના પિતા શ્રીપતને રાજાએ ગામ ગિરાસ આપેલાં એ ઉપરથી સ્પષ્ટપણે જણાય છે કે તેના પિતા કે પૂર્વજો નિર્ધન, ભિક્ષુક કે યજમાવૃત્તિ કરનારા બ્રાહ્મણો ન હતા પણ નાગર હતા અને તેની નાણોટી અવટંક હતી. જેના વંશજો આજ પણ નાગર બ્રાહ્મણ નહિ પણ નાગર ગૃહસ્થ છે.

1 નહારિવ રત્નાકર, દીવાન રણછોડજી.

માતૃપક્ષે અમરજીના માતુલ અને માતામહ પણ સમર્થ પુરુષો હતા. અમરજીનાં માતુશ્રી વેણીકુંવર મૂળ માંગરોળનાં પણ મુગલ સામ્રાજ્યમાં માળવાના સુબેદાર હતા તે દયારામ કે દયા બહાદુરનાં પુત્રી હતાં. દયા બહાદુર રાજા ગિરિધર બહાદુરના ભત્રીજા થતા. માળવાની ચડાઈ વખતે પેશવા સરકારે જો તે મુગલોની સેવા તજી માળવા તેને આધીન કરે તો ત્યાંનું રાજ્ય આપવાનું પ્રલોભન આપેલું તે છતાં આ સ્વામીભક્ત સરદારે તે સમયમાં સામાન્ય હતું તેમ પક્ષપલ્ટો ન કરતાં ધાર અને આમજીરા ગામો વચ્ચે તેર્લા પાસે પેશ્વાઈ સેનાનો મુકાબલો કરી પ્રાણ આપ્યા.

પિતૃપક્ષે અને માતૃપક્ષે અમરજીના પૂર્વજો મહાન પુરુષો હતા અને અમરજી એ છીપની મોતી જેવા નિર્મળ અને નીડર કુલદીપક હતા. તેમના યુદ્ધકૌશલ્ય, વીરતા, ઉદારતા, સ્વામીભક્તિ, ધર્માવલંબન, નીતિ-નિયમોનું પાલન વગેરે ઉમદા ગુણો તેના પ્રતાપી અને પવિત્ર પૂર્વજોનાં લોહી અને સંસ્કારને આભારી હતા.

તેણે જૂનાગઢમાં પુષ્ટિમાર્ગ હવેલીની સ્થાપના કરી[1] અને હાટકેશ્વરનું નવું શિવાલય પણ તેણે ચણાવી આપ્યું.

કર્નલ વોકર તેના રિપોર્ટમાં નોંધે છે કે "અમરજીનો ઘાત કરનાર બ હામેદખાન શરીરમાં અતિશય જાડો હતો. તેનામાં કાપટય, હિચકારાપણું, ઈર્ષ્યા અને લોભ દેખાઈ આવે છે. તેનામાં એક પણ સદ્ગુણ ન હતો. તેની ઉપાધિઓ અને શરમભરેલી દશા, તેની દુષ્ટ આદતો અને ચારિત્ર્યહીનતા કારણભુત હતાં." કર્નલ વોકર અમરજી માટે લખે છે કે, "અમરજી મનસ્વી રીતે રાજતંત્ર ચલાવતા તે નવાબને રૂચતું નહિ અને જેમ જેમ નવાબની વય વધતી ગઈ તેમ તેમ અમરજીને પદભ્રષ્ટ કરવા તે વિશેષ ઉત્સુક થતો ગયો. અમરજીએ રાજ્યવહીવટમાં નવાબનું વ્યક્તિત્વ કે તેની શક્તિને કદી પણ ગણતરીમાં લીધાં જ નહિ, તેમ છતાં અમરજીના કોઇ અપરાધની કોઈ સાબિતી મળી નથી. અમરજીની વર્તણૂક ગમે તેવી હોય છતાં તેણે નવાબની અને તેના ખાનદાનની મહાન સેવા કરી છે એમાં કોઈ શક નથી, એ છતાં નવાબે તેના ધૂનીપણામાં અને બુદ્ધિના અભાવથી તેનો વધ કર્યો. નવાબમાં અક્કલની ઊણપ છે અને ધૂન છે તે અમરજીના ખૂન પછી પણ

1 વિગતો પરિશિષ્ટમાં આપી છે.

તેના જીવનમાંથી દેખાય છે. ગુપ્ત અને અઘટિત રીતે અમરજીનું ખૂન કર્યું તે માટે તે પોતે જ જવાબદાર છે. આ પ્રસંગ પછીથી નવાબની કારકિર્દીમાં ગુના અને હલકાઈ સિવાય બીજું કાંઈ દેખાતું નથી. માત્ર થોડી પળોના આવેશમાં આવી જઈ તેણે જે ક્રુર અને ઘાતકી કૃત્યો કર્યાં છે તેનું વર્ણન પણ નકામું અને કંટાળાજનક છે.[1]

નવાબ મહાબતખાન પહેલાના મૃત્યુ સમયે હામેદખાન સગીર હતા અને તેને રાજતંત્રની તાલીમ આપવાની અને શત્રુઓથી રક્ષણ કરવાની દીવાન અમરજીએ જવાબદારી સ્વીકારી લીધેલી. પોતાના પુત્રનું હિત પિતા સાચવે અને તેને તાલીમ આપે તેમ તેણે નવાબને જીવનના પ્રત્યેક પ્રસંગ માટે શિક્ષણ આપેલું. સગીર અવસ્થા પૂરી કર્યા પછી તે નવાબ બને અને પછી કુમાર જીવનનો લ્હાવ લઈ શકે નહિ તે દૃષ્ટિએ તેણે જુદા જુદા ઉત્સવો યોજી તેમાં ભાગ લેવા માટે આયોજન કરેલું. દીવાન અમરજીએ પોતે નવાબને હોળીના ઉત્સવમાં હોળી રમાડી હતી.[2] સંગીત નૃત્ય આદિ વિષયોમાં યુદ્ધમાં વપરાતાં શસ્ત્રોના ઉપયોગમાં, લડાઈઓ લડવાના અને ન્યાય આપવાના કાર્યોમાં તેમણે જાતે તેને શિક્ષણ આપેલું.

સૈન્ય અમરજીને આધીન હતું. પ્રજા અને સૌરાષ્ટ્રના અન્ય રાજપતિઓ તેની વીરતા અને યુદ્ધકૌશલ્યથી પરિચિત હતા. વેરી પણ જેના ઘાવ વખાણે એવી લોકપ્રિયતા મેળવી ચૂકેલા, તે સમયની પતિત રાજનીતિને બદલે પવિત્રતા, એકવચન અને સિદ્ધાંત ઉપર જીવતા વીરપુરુષે જો ધાર્યું હોત તો હામેદખાનનો ઘાત કરીને કે તેને ગાદીએથી ઉઠાડી મૂકી સોરઠનું સિંહાસન સ્વાધીન કર્યું હોત પણ તેની નસોમાં, નિમકહલાલી, વફાદારી અને સ્વામીભક્તિની વેદીમાં બલિદાન આપી ચૂકેલા વીર પૂર્વજોનું લોહી વહેતું હતું. અમરજીએ પણ આ પરંપરામાં પોતાના પ્રાણની આહુતિ આપી.

## જોરતલબી

દીવાન અમરજીએ તેનાં પરાક્રમ અને પુરુષાર્થથી, સૌરાષ્ટ્રનાં રાજ્યો પાસેથી જોરતલબી નામની ખંડણી લેવાનો જૂનાગઢ રાજ્યનો અધિકાર સ્થાપિત કર્યો. સૌરાષ્ટ્રનાં ૧૯૩ રાજ્યો અને તાલુકાઓ પૈકીનાં ૧૩૪ રાજ્યો પાસેથી જોરતલબી વસૂલ લેવામાં આવતી. આ રાજ્યોમાં નવાનગર, ભાવ-

1 કર્નલ વોકરનો રિપોર્ટ : ભાષાંતર શ્રી ભ. સ. છત્રપતિ

2 તારીખે સોરઠ (ફારસી) : દીવાન રણછોડ, ભાષાંતર-શં. હ. દેશાઈ

નગર, પોરબંદર, ધ્રાંગધ્રા, ગોંડલ અને મોરબી જેવાં મોટાં રાજ્યોનો પણ સમાવેશ થતો. બીજા તાલુકાઓને તે નાના હોવાથી કે મહેરબાનીથી આ ખંડણીમાંથી મુક્તિ આપવામાં આવેલી.

જોરતલબીનો અર્થ બળપૂર્વક વસૂલ કરવામાં આવતી રકમ એવો થાય છે. આ હક્ક મુગલ સમ્રાટોનો હતો અને શેરખાન બાબી અને તેના વારસો શહેનશાહના પ્રતિનિધિઓ છે એ સિદ્ધાંતે દીવાન અમરજીએ આ "ધારો" બેસાડયો.

મુંબઈ સરકારે તા. ૧૯-૭-૧૮૭૨ના એક ઠરાવમાં જોરતલબીની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે બ્રિટિશ હકૂમત કાઠિયાવાડમાં સ્થિર થઈ તે પૂર્વે જૂનાગઢ રાજ્યે, અન્ય રાજ્યો અને જમીનદારો પાસેથી બળપૂર્વક જે રકમ લેવાનો હક્ક સ્થાપિત કર્યો હતો અને જેનો ઈ. સ. ૧૮૧૬માં બ્રિટિશ સત્તાએ સ્વીકાર કર્યો હતો તે રકમ તે જોરતલબી.

આ રકમ ઈ. સ. ૧૮૨૧થી ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ વસૂલ કરી આપવાની જવાબદારી સ્વીકારી હતી અને ઈ. સ. ૧૯૪૭માં નવાબનું રાજ્ય સદાને માટે નષ્ટ થયું ત્યાં સુધી તે રકમ સાર્વભૌમ સત્તા વસૂલ કરી જૂનાગઢને આપતી.[1]

## નવાબ કેદ

ગાયકવાડનું સૈન્ય દીવાન રણછોડજીની વિનંતીથી જેવું પાછું ગયું કે તરત જ નવાબના આરબ જમાદાર સૈયદ સાલમ, અબ્દુલ્લાહ બીન હામેદ, અહમદ ઉમર શેખ મહમદ ઝુબૈદી અને અન્ય આરબ જમાદારોએ વંથળી દરવાજે છાવણી નાખી પડેલા નવાબ હામેદખાનના ખાસ તંબુ ફરતી ચોકી મૂકી, તેમના ચડત પગાર ચુકાવી દેવા તાકીદ કરી. નવાબે ચાર માસ સુધી મુક્ત થવા મથામણ કરી પણ જ્યારે સર્વે પ્રયાસો નિષ્ફળ ગયા ત્યારે તેણે આરબોને કહેવરાવ્યું કે રાજમાતા સરદારબખ્ત તેને ઘણા વખતથી મળ્યાં નથી તે મળવા આવે છે તેની ઈજ્જત રાખી તેને મહેરબાની કરી અંદર આવવા દેજો. આરબોએ રાજમાતાની અદબ જાળવીને તેના પડદાબંધ મેનાને અંદર જવા દીધો. નવાબે તેના હજુરી રહેમતખાનને પોતાના પલંગે સુવાડી પોતે

1 એજન્સીએ પ્રત્યેક રાજ્ય પાસેથી લેવાતી જોરતલબીની રકમ મુકરર કરી ત્યારે અમરેલી વિભાગ સહિત સૌરાષ્ટ્રનાં ૧૩૪ નાનાં મોટાં રાજ્યો પાસેથી વાર્ષિક રૂા. ૯૨,૪૨૧ જેટલી થતી.

પડદાવાળી મેનામાં નાસી છૂટયા. તેણે રંગ મહેલમાં પહોંચી આરબો ઉપર આડેધડ તાસીરો શરૂ કરાવ્યો, તેમાં કંઈક આરબો માર્યા ગયા અને જે બચ્યા તે ઉપરકોટમાં ભરાઈ ગયા. નવાબે ઉપરકોટ ઉપર ઘેરો ઘાલ્યો અને આરબો અર્ધો પગાર સ્વીકારી શરણ થયા.

## તોગીફો-મજહલો

પોતાના સ્વામી કે સરદારને મૂંઝવીને પોતાની શર્તો કબૂલ કરાવવાની આરબોની આ પદ્ધતિને તોગીફો કહેતા[1]. તેનો અર્થ ઘેરો ઘાલવા જેવો થાય છે તથા પરાણે શર્તો કબૂલ કરાવવી તેને મજહલો કહેતા તેનો અર્થ મુશ્કેલી ઊભી કરી મૂર્ખતાભરેલી કે વાંધાજનક વર્તણૂક બતાવી પોતાનું ધાર્યું કરાવવું એવો થાય છે. આ પદ્ધતિ માત્ર આરબ સૈનિકોએ જ અખત્યાર કરી હતી.

## દીવાન કુટુંબની વિદાય

ઈ. સ. ૧૭૮૦થી વેરાવળ દીવાન રઘુનાથજીનું હતું પણ નવાબ હામેદખાને રઘુનાથજીના વિશ્વાસુ જમાદારો રાબયા રખીયા, નેમોર તથા તાજમહમદને ફોડીને રઘુનાથજીને વેરાવળ છોડી જવા ફરજ પાડી તેથી રઘુનાથજી ગોરખમઢી ગયા અને ત્યાંથી જેતપુર ચાલ્યા ગયા.

દીવાન રઘુનાથજીના ગયા પછી નવાબે તાપીદાસ વૈશ્નવ[2] અને મનોરદાસ જીકારને દીવાનપદે નીમ્યા અને એક સપ્તાહમાં જ તેમને બંનેને બરતરફ કર્યા.

સૂત્રાપાડા દીવાનજીનું હતું અને તેના થાણદાર તેના મામા શામળજી ડોસાભાઈ માંકડ હતા. તેને ઇભરામ ખાંજીએ પટણી આતાજી તથા ખાંજીની મદદથી કાઢી મૂકી સૂત્રાપાડા લઈ લીધું. આ સમાચાર ઉના પહોંચતાં ત્યાંના ફોજદાર પ્રભાશંકર વસાવડાએ સૂત્રાપાડા પહોંચી જઈ તોપ માંડી. ઈભરામ તેની સામે ટકી શકે એમ હતું નહિ તેથી તે શરણ થયો અને પ્રભાશંકરે સૂત્રાપાડાનો કબ્જો લઈ રણછોડજીને સોંપી દીધો.

આ સમાચાર નવાબને મળતાં તેણે પ્રભાશંકરને તથા અમરજીના ભાઈ

---

૧ તોગીફાનો સાચો શબ્દ તોરીકો અને મજહલોનો સાચો શબ્દ મજહલા હોવાનું જણાય છે.

૨ જૂનાગઢના બક્ષીઓના પૂર્વજ. વિગતો માટે જુઓ કહાનદાસ બક્ષીનું આત્મચરિત્ર, સંપાદન શં. હ. દેશાઈ.

દુર્લભજીની હત્યા કરવા હુકમ કર્યો પરંતુ આ બંને છટકી ગયા.

ક્રોધે ભરાયેલા અને નિરાશ થયેલા નવાબ હામેદખાને દીવાન ગોવિંદજીને પરહેજ કરવા પ્રયત્ન કર્યો. તેણે તેના આરબ જમાદારોને ફોડી નાખ્યા પણ ગોવિંદજીએ હિમ્મત ન હારતાં, ઉપરકોટમાં આશ્રય લઈ રહેલા નવાબ વિરોધી જમાદારો, શેખ મહમદ ઝુબૈદી સાલેહ અબ્દલ્લાહ વગેરેની કુમક મેળવી નવાબના સૈન્ય સામે મોરચો માંડયો. કેટલોક સમય લડાઈ ચાલ્યા કરી પણ અંતે કંટાળીને ગોવિંદજી જેતપુર ચાલ્યા ગયા.

દરમ્યાન રણછોડજીથી સૂત્રાપાડામાં રહી શકાયું નહિ અને દુર્લભજી ઉનામાં વધુ વાર રહી શકે એમ પણ હતું નહિ તેથી રણછોડજી તેની મદદે ઉના ગયા. નવાબે આ સમાચાર સાંભળી શેખ મહમૂદ માંગરોળીને ઉના ઉપર ચઢાઈ કરવા મોકલ્યો. શેખ મહમૂદે ગમે તેમ કરી ઉના અને બાબરિયાવાડ ઉપર જૂનાગઢનો ઝંડો ફરકાવનાર દીવાનકુટુંબના વિશ્વાસુ અને મિત્ર પ્રભાશંકરને[1] ફોડી નાખ્યો અને તેણે દીવાન દુર્લભજીના જમાદારો રાયબ, પુના, જેસા તથા રહીમને ઉશ્કેરી દુર્લભજીને ઉના બહાર જવા ફરજ પાડી. દુર્લભજી દેલવાડા ગયા, ત્યાં તેના પુત્ર મોરારજીને મૂકી તે જેતપુર ચાલ્યા ગયા.

આમ આખું દીવાનકુટુંબ જૂનાગઢ છોડી જેતપુરમાં જઈ વસ્યું.

## સૈનિકોનું બંડ

દીવાન ભાઈઓ જેતપુર ચાલ્યા ગયા અને પ્રભાશંકર વગેરે છૂટા થઈ ગયા એટલે કોઈ અંકુશ રાખી શકે એમ નથી એમ માની ઈ. સ. ૧૭૮૬માં આરબ અને સીંધી જમાદારોએ ચડત પગાર ચૂકવી દેવા નવાબને તાકીદ કરી બંડ પોકાર્યું. તેઓએ વંથળીનો કબ્જો કરી લીધો તથા જમાદાર કરમશાહ અને ઓસ્માણે રંગમહેલનો કબ્જો કરી નવાબને કેદ કરી લીધો. નવાબે મોટી લાલચો આપી આરબોને ફોડયા અને તેની સૂચનાથી ઈદના તહેવારની સવારીમાં આરબોએ સીંધી જમાદાર ગુલખાંનું ખૂન કર્યું તેથી કરમશાહ અને ઓસ્માણ નાસીને વંથળીમાં ભરાઈ ગયા.

---

૧ પ્રભાશંકર વસાવડા એ સમયમાં એક શક્તિશાળી સિપેહસાલાર હતા. દીવાન અમરજીની અને તે પછી રઘુનાથજીની સાથે રહી લડેલા. દીવાન રણછોડ તારીખે સોરઠમાં લખે છે કે તેનાથી દીવના પોર્ટુગીઝો અને જાફરાબાદના સીદીઓ પણ ડરતા. પઢગીઓ, શેખો, બાબરિયા વગેરે તેની સામે થવાની હિમ્મત પણ કરી શકતા નહિ.

## પ્રેમજી દામાણી

સીંધીઓ પાસેથી વંથળીનો કિલ્લો લઈ લેવાનું ધાર્યા જેટલું સહેલું ન હતું તેમ નવાબને જણાતાં તેમજ ખોજા ભીમ ફકીરાણીમાં કારભાર કરવાની આવડત ન હતી તેથી તેણે ગલુ સોમનાથ, જોશીપુરા, લાલાભાઈ, સેવાલાલ, શિવદાસ પંડ્યા વગેરેની સલાહ ઉપરથી ગલુને પોરબંદર મોકલી ત્યાંના દીવાન પ્રેમજી દામાણીને જૂનાગઢ આવી દીવાનગીરી સંભાળવા આમંત્રણ આપ્યું. પ્રેમજીએ નવાબ દગો ન કરે તે માટે ગોંડલના ઠાકોર ભા કુંભાજીની જામીનગીરી માગી. ભા કુંભાજી સહમત થતાં તે વંથળી આવ્યા અને પ્રેમજી પણ ત્યાં આવ્યો અને નવાબની ખાત્રી પણ આવી ગઈ પરંતુ ભીમ ખોજો તે દરમ્યાન ગુજરી ગયો. પ્રેમજી દીવાનપદે આવે તેમાં કેટલાક દરબારીઓ નારાજ હતા. વાર્તા કહેવાય છે કે એક વખત કચેરીમાં ભા કુંભાજી વગેરે બેઠા હતા ત્યાં શિવદાસ પંડ્યા આવીને નવાબની પડખે બેસી ગયા. પ્રેમજીને આ અવિવેક રુચ્યો નહિ અને નવાબની હાજરીમાં શિવદાસને કઠોર અને અઘટિત વચન કહ્યાં પ્રેમજીનો આ વર્તણૂક અમલ નવાબને લાગી અને તેણે કુંભાજીની સલાહ માગી. તેણે કહ્યું કે પ્રેમજી પોરબંદરનો માણસ છે. તેને દીવાનગીરી સોંપશો તો જૂનાગઢનું કુતિયાણા પરગણું ગુમાવી દેશો. મારી સલાહ તો એ છે કે દીવાનગીરી દુર્લભજીને આપો. નવાબને આ સલાહ રૂચી અને તેણે તરત જ પ્રેમજીને જૂનાગઢ છોડી જવા આજ્ઞા મોકલી.[1]

પ્રેમજી દામાણી જૂનાગઢમાં એક માસ રહ્યો[2] પરંતુ જૂનાગઢના નવાબ અને દરબારીઓ સાથે તેને બંધ બેઠું નહિ પરંતુ જો રહ્યો હોત તો તે અવશ્ય દીવાન અમરજીની જેમ નવાબના સૈન્યોને સફળ દોરવણી આપી શકત.

## ગલુ સોમનાથ

આ સમયે નવાબ હામેદખાનના સલાહકારોમાં ગલુ ઉર્ફે ગુલાબશંકર સોમનાથ જોશીપુરા મુખ્ય હતા. તેઓ ગાયકવાડના સરદાર નાના શામરાવના જૂનાગઢ આવ્યા પૂર્વે પેશકાર હતા અને ત્યાંની નોકરીમાં બુદ્ધિ અને પ્રતિ-

---

1 જાડેજાઓનો ઇતિહાસ–શ્રીજીવરામ કાલિદાસ શાસ્ત્રી

2 શ્રી કહાનદાસ તાપીદાસ તેના આત્મચરિત્રમાં લખે છે કે "ઠક્કર પ્રેમજીને કારભાર કરવા તેડાવ્યો. તે માસ ૧ એક રહયો ને જાતાંવેંત ચોરવાડ તથા વેરાવળ લીધું."

ભાથી માન અને આદર પામેલાં. તે પછી જૂનાગઢની સેવામાં જોડાયા. ગુલાબશંકર દીવાન અમરજીના મિત્ર હતા અને તેની સાથે જ માંગરોળથી આવેલા એમ પણ માનવામાં આવે છે. તેના પુત્ર કુંવરજી દીવાન રણછોડજીના સહધ્યાયીના હતા. એકવાર તેઓ બંને અભ્યાસ કરતા હતા ત્યાં કાલુમેર નામનો બહારવટીઓ ચડી આવતાં તેના સાથેની ઝપાઝપીમાં કુંવરજી મૃત્યુ પામેલા.

## રઘુનાથજી પાછા જૂનાગઢમાં

નવાબના વંથળી લેવાના સર્વે પ્રયત્નો નિષ્ફળ ગયા ત્યારે તેણે જેતપુર જઈ "અનેક વિનવણી કરી" રઘુનાથજીને મનાવી જૂનાગઢ લઈ આવી તેને દીવાનપદે નિયુક્ત કર્યા

## નવાબ હામેદખાનનાં લગ્ન

દીવાન અમરજીના ખૂનને કારણે મુલતવી રહેલાં નવાબનાં લગ્ન રાધનપુરના નવાબ ગાઝીઉદ્દીનની કુંવરી કમાલ બખ્તે સાથે નિર્ણિત થયાં[1] પણ નવાબને રાધનપુરના જવાનું સલામતીભરેલું લાગ્યું નહિ તેથી મોરબી મુકામે કમાલબખ્તે આવે અને ત્યાં નિકાહ પઢવામાં આવે તેમ નક્કી થતાં નવાબ દીવાન દુર્લભજીને સાથે લઈ ઈ. સ. ૧૭૮૪માં મોરબી ગયા. લગ્ન પ્રસંગે દીવાન રઘુનાથજીએ હાજરી આપી.

આ પ્રસંગે મોરબી રાજ્યની સેવામાં જૂનાગઢના કહાનદાસ તાપીદાસ વૈશ્નવ હતા તેની શક્તિ જોઈ નવાબે તેને પોતાના અંગત મંત્રી તરીકે જૂનાગઢની નોકરીમાં આમંત્રણ આપ્યું.[2]

## રઘુનાથજીના વિજયો

રઘુનાથજી મોરબીથી આવી તરત જ વંથળી લીધું અને ત્યાંથી સૂત્રાપાડા જઈ પટણીઓને કાઢી રણછોડજીને ત્યાંના મુત્સદ્દી નીમ્યા.

## રઘુનાથજીનું રાજીનામું

રઘુનાથજીના પાછા આવ્યા પછી તેણે કરેલા ઉત્તરોત્તર વિજયોથી અને

---

1 શ્રી કહાનદાસ તાપીદાસના આત્મચરિત્ર ઉપરથી જણાય છે કે આ લગ્ન દીવાન રઘુનાથજી જેતપુર ગયા પહેલાં ઇ. સ. ૧૭૮૪માં થયેલાં. દીવાનજી તે પછી ગયા.

2 કહાનદાસ તે પછી થોડા વખતે મોરબીથી છૂટા થઇ આવ્યા અને બક્ષીપદે નિમાયા.

સૈનિકોએ તેના પ્રત્યે દર્શાવેલી વફાદારીથી હામદખાને તેને પાછા કાઢવા કાવાદાવા અને ખટપટના દાવ અજમાવવા શરૂ કર્યા પણ તે કાંઈ કરે તે પહેલાં રઘુનાથજીએ રાજીનામું આપી દઈ નિવૃત્તિ લઈ લીધી. પણ થોડા જ દિવસોમાં નવાબને તેની ગેરહાજરી જણાઈ આવી તેથી તેને ઘેર જઈ માફી માગી તેને દીવાનગીરી લેવા સમજાવ્યા.

## કુંભાજી

દીવાન રઘુનાથજીની ગેરહાજરીમાં ગોંડલ ઠાકોર કુંભાજીએ નવાબ પાસે તેણે ધીરેલી ત્રણ લાખ કોરીની ઉઘરાણી કરી અને નવાબ તે આપી શકે તેમ હતું નહિ તેથી તેના બદલામાં ગોંડલ, જેતલસર, મેલી, મજેઠી, લાઠ અને ભીમોરાની જમા માફ કરાવી તથા સરસાઈ, ચાંપરડાનાં ગામડાંઓ લખાવી લીધાં.

## રાયજાદા દાગોજી

જૂનાગઢનું રાજ્ય ગુમાવી કેશોદ ચોરવાડ વગેરે ગામોમાં વસતા અને ત્યાં હકૂમત ભોગવતા રાહના વંશજો જૂનાગઢની આંખમાં હતા એવામાં કેશોદના દાગોજી રાયજાદાએ સૈન્યની જમાવટ કરી બાંટવાનાં ગામડાંઓ લૂંટયાં, તેથી બાંટવા દરબારો એદલખાન અને મુખ્તારખાને દીવાન રઘુનાથજીની મદદ માગતાં તેણે દીવાન રણછોડજીને કેશોદ ઉપર ચડાઈ કરવા આજ્ઞા કરી. રણછોડજીએ અગતરાયના યુદ્ધમાં રાયજાદાના જમાદાર ઉમર સાલમીનને માર્યો તથા રાયજાદાનું સૈન્ય મવાણે પાછું હઠયું ત્યાં જૂનાગઢના જમાદાર જાનમહમદ અને ઉમરે તેના માણસો સાથે તેના ઉપર તૂટી પડી દાગોજીના સૈન્યની મોટી ખુવારી કરી. દાગોજીએ લૂંટનો માલ પાછો સોંપી દંડ ભરવા કબૂલાત આપી. ઇ. સ. ૧૭૮૮માં તેણે રાખેલાં સૈન્યનો પગાર ચૂકવવા દીવાન દુર્લભજીએ એક લાખ કોરીમાં કેશોદ વેચી નાખ્યું.

## વેરાવળનો ઘેરો (રાણા સરતાનજી)

માળિયાના યુદ્ધમાં મરાઈ ગયેલા રાયજાદા સંઘજીનું કરજ ભરવા તેના વારસો મોકાજી વગેરેએ પોરબંદરના રાણા સરતાનજીને ચોરવાડ વેચી નાખી તેનો કબ્જો પણ સોંપી દીધો. રાણા સરતાનજીને વેરાવળના પટણી ઇભરામ ખાંજી વગેરે આવી મળ્યા અને રાણાએ તેમને નોકરીમાં રાખી ઈ. સ. ૧૭૮૮માં વેરાવળ ઉપર ચડાઈ કરી. નવાબના થાણાના જમાદાર દીલેરખાન તથા થાણદાર ગુલામી, શરણ થઈ ગયા અને કિલ્લો રાણાને સોંપી દીધો.

## ચોરવાડનો ઘેરો

આ સમાચાર સાંભળી રઘુનાથજી ચોરવાડ ઉપર ચડયા. ગોંડલના રાજપૂત ઠાકોર કુંભાજી પણ રાયજાદાનો વિનાશ સર્જવા જતાં સૈન્યમાં સામેલ થયા. દીવાન રણછોડજી તારીખે સોરઠમાં નોંધે છે તેમ આ સૈન્યે 'ચોરવાડના બગીચાઓને એવા ઉજ્જડ કર્યા કે તેમાં ગાયો અને ગધેડાંઓ પ્રખ્યાત 'પાન'નાં પાંદડાંઓ ચરવા લાગ્યાં અને લોકો નાસીને (જીવ બચાવવા) કેળ નીચે ઘસડાઈને આશ્રય લઈ રહ્યાં.' ઇ. સ. ૧૭૮૯માં વિક્રમના બેસતા વર્ષે ચોરવાડના કિલ્લા ઉપર હલ્લો કર્યો તેમાં શામળજી માંકડ અને ઉમર ખોખરે બહુ પરાક્રમ બતાવ્યું.' દીવાનજીના પ્રબળ આક્રમણ સામે મોકાજી ટકી શકયો નહિ. કિલ્લો પડયો અને રણછોડજી સગર્વ નોંધ લે છે તેમ આ દિવસથી ચોરવાડમાં રાયજાદાઓના રાજ્યનું અસ્તિત્વ ભુંસાઈ ગયું.[1]

## વેરાવળ લીધું

રઘુનાથજીએ ત્યાંથી વેરાવળ ઉપર ચડાઈ કરી. વેરાવળના કિલ્લામાં ભરાઈ રહેલા જમાદાર રખીયા કરમશાહ, મલેક સુલતાન, યાહ્યા બીન મનસુર, આતાજી પટણી તથા જેઠવા દાઉજીએ આક્રમકોનો સામનો કર્યો. વેરાવળનો ઘેરો ચાલતો હતો ત્યાં દુર્લભજી દીવાન જલંધરની બીમારીમાં ગુજરી ગયા તે છતાં દીવાન ભાઈઓએ રાણા સરતાનજીનો પરાજય કરવા માટે અવિરત શ્રમ કર્યો. દુર્ગરક્ષક સૈન્યમાં અનુભવી યોદ્ધાઓ હતા અને દીર્ઘકાળ ચાલે એટલો પુરવઠો હતો તેથી દીવાન રઘુનાથજીએ પટણી આતાજી તથા હાંસુજીને ફુટવ્યા અને તેમણે સંકેત પ્રમાણે રાત્રીના દુર્ગનાં દ્વારો ખોલી નાખ્યાં. રઘુનાથજી, ગોવિંદજી, પ્રભાશંકર, વસાવડા, શામલજી માંકડ વગેરે નીચે બસો આરબો, સો સંધીઓ, જમાદાર જીયા જખરા અને સૌદ સાલમ સાથે દુર્ગમાં દાખલ થયા. દગાથી પ્રવેશેલા નવાબના સૈન્યનો, પોરબંદરના સેનાપતિઓ ઓચિંતા ઝડપાયા હતા છતાં ઉગ્ર પ્રતિકાર કર્યો. તેમાં દાઉજી જેઠવા કામ આવ્યા અને રાણાના સૈનિકો માર્યા ગયા કે નાસી છૂટયા.

---

1 આ સમયથી એક કહેવત પ્રચલિત થઇ કે,

અકોક દાંડીઓ, મટકોક મોઇ, વેરાવળ લેતાં ચોરવાડ ખોઇ.

રઘુનાથજીએ વેરાવળ સર કર્યું પણ તેનાથી સંતોષ ન પામતાં તેણે પોરબંદરના પ્રદેશો ઉપર આક્રમણ કરી ગામડાંઓ લૂંટયાં તથા ઉજ્જડ કર્યાં. દીવાન ગોવિંદજીએ કંડોરણાને ઘેરો ઘાલ્યો અને નવાબનું સૈન્ય પોરબંદર ઉપર આવશે તો શું થશે તે વિચારે ઇ. સ. ૧૭૯૦માં રાણા સરતાનજીએ મોટો નજરાણો આપી નવાબના સૈન્યને પાછું વાળ્યું.

## નવાબ કેદ

સોરઠમાં આગ અને તલવારનું સામ્રાજ્ય ફેલાવી પાછા ફરેલા સૈન્યે નવાબ પાસે પગારનો તકાદો કર્યો અને જ્યારે નવાબ પગાર ન આપી શક્યા ત્યારે સૈનિકોને નિયમિત પગાર મળશે તે માટે જામીન થયેલા જમાદાર જુબૈદી, સાલેહ બીન અબ્દલ્લાહ, મહમદ અબુ બકર, હામેદ બીન મેસન, હામીદ નાસર તથા નાજીએ નવાબ હામેદખાનને રંગમહેલમાં કેદ કરી તેને પાણી તથા ખોરાક આપવાનું બંધ કર્યું.

નવાબને અસહ્ય ત્રાસ થયો પણ તે કેટલાક વફાદાર મુત્સદ્દીઓની મદદથી નાસી છૂટયા અને ખાંટ તથા સંધી લોકોનું સૈન્ય ઊભું કરી આરબો ઉપર હુમલો કર્યો. જૂનાગઢની બજારમાં ઉભય પક્ષો વચ્ચે ધિંગાણું થયું તેમાં દીવાન રણછોડજીના પેશકાર ઉત્તમરામ ઘોડાદ્રા માર્યા ગયા. આરબો હાર્યા અને જૂનાગઢમાંથી નીકળી ગયા. તેઓએ ચોરવાડ જીતી આપ્યું હતું તેથી ચોરવાડનો કબ્જો કરી પરગણામાં લૂંટફાટ શરૂ કરી. દીવાન રઘુનાથજીએ આરબોને પાંસરા કરવા રણછોડજીને તથા શામળજી માંકડને ચોરવાડ રવાના કર્યા[1]

આરબોએ ચોરવાડ કેન્દ્ર રાખી, વેરાવળ અને પ્રભાસપાટણ પરગણાંનાં ગામડાંઓ લૂંટવા માંડયાં પણ રણછોડજીએ તેમની પાછળ પડી શરણ થવાની તેમને ફરજ પાડી.

## દીવાન ગોવિંદજી

ઇ. સ. ૧૭૯૦માં દીવાન ગોવિંદજી ગુજરી ગયા.

## પેશકશી

ઇ. સ. ૧૭૯૧માં ભયંકર દુષ્કાળ પડયો અને પ્રજા ભૂખમરો વેઠી જીવન ટકાવી રાખવા મથતી હતી ત્યારે રઘુનાથજી તથા મોરારજી પેશકશી ઉઘરાવવા

1 જુઓ સૌરાષ્ટ્રના ઇતિહાસની વાર્તાઓ, ભા. ૧.

નીકળ્યા. એ સાથે ગાયકવાડના જમાદાર હામીદે વડોદરાની જમા લેવા જૂનાગઢનો પ્રદેશ લૂંટવાનું શરૂ કરી દીધું. જમાદારે જૂનાગઢ ઉપર હલ્લો કર્યો પણ શીબંદીએ તેને મારી નાખ્યો.[1]

## રઘુનાથજી કેદ

પોતાના સ્વામી નવાબ હામેદખાનનાં હિત અને સેવામાં રાણા સરતાનજી, રાયજાદા મોકાજી, દાગોજી, આરબો વગેરેને પરાજિત કરનાર દીવાન રઘુનાથજીને ઈ. સ. ૧૭૯૩માં નવાબે કેદ કર્યા. તેની સાથે મોરારજી, પ્રભાશંકર, દયાળજી તથા અન્ય નાગરોને પણ કારાવાસમાં પૂરી દીધા. તેમનાં ઘરો લૂંટી લીધાં અને તેમના ખજાના ખાલસા કર્યા. આ કૃત્ય કરવા માટે નવાબને કલ્યાણ શેઠ તથા મધુરાય ખુશાલરાયે સલાહ આપેલી તેમ દીવાન રણછોડજી નોંધે છે. પરંતુ કર્નલ વોકર તેના રિપોર્ટમાં કહે છે કે "દીવાન રઘુનાથજીએ નવાબને એવી દરખાસ્ત કરી કે પ્રભાશંકર, દયાળજી તથા મોરારજીને મારી નાખવામાં આવે તો જ તે નવાબને ફાયદો કરાવી આપી શકે તેમ નિરંકુશ વહીવટ કરી શકે તેથી નવાબે પ્રભાશંકર તથા દયાળજીને વિશ્વાસમાં લીધા. પ્રભાશંકરે નવાબને મોરારજીને દીવાનગીરી આપવા દરખાસ્ત કરી તે પછી વિ. સં. ૧૮૦૯ના માગશર વદી ૮ના રોજ નાગરવાડા પાસે આવેલી એક મસ્જિદમાં નવાબે ૪૦૦ માણસો એકત્ર કરી ધાર્મિક વિધિ કરવાની છે એ મિષે પોતે પણ આવ્યા. પ્રભાશંકર બીમાર હતા તેથી ઘેર રહ્યા અને દયાળજી રાજમહેલમાં રહ્યા. નવાબે કમાલ ચેલાને રઘુનાથજીને બોલાવવા મોકલ્યો. રઘુનાથજી મસ્જિદમાં આવતાં તેને પકડી લેવામાં આવ્યા. પ્રભાશંકરથી પરિચિત એવા એક છોકરાને પ્રભાશંકરને ઘેર મોકલ્યો. પણ તે ઊઠી શકે તેમ ન હોવાથી તે છોકરાએ તેને છૂરો ભોંકયો પ્રભાશંકરનાં પત્ની વચ્ચે પડતાં તેને પણ ઘાયલ કરી તે ભાગી છૂટ્યો. દયાળજીને રાજમહેલમાં કેદ કરી લીધો. પ્રભાશંકરને થોડા દિવસો પછી ઘા રૂઝતાં માધવરાયના આગ્રહથી તે કલ્યાણ શેઠને ઘેર રહેવા ગયો અને તેણે તેની સલામતી માટે સોગન ખાધા.' આ નીતિહીન માણસોએ આ પવિત્ર બંધન તોડતાં આંચકો આવ્યો નહિ અને પોતાનું વિશ્વાસઘાતી કૃત્ય છુપાવવા પ્રભાશંકરના નામનો એક બનાવટી પત્ર ઊભો કર્યો. આ પત્રમાં આજુબાજુના તાલુકદારોને જૂનાગઢ ઉપર ચડાઈ કરવા

1 જમાદાર હામીદ શિકાર કરવા ગયો ત્યાં મૃત્યુ પામ્યો તેવી વાત પણ પ્રચલિત છે પણ તેના મૃત્યુનો બદલો તેનો પુત્ર અમીન લેવા આવેલો તેથી તેનું મૃત્યુ યુદ્ધમાં જ થયું હશે.

બોલાવ્યા હતા. આ કાગળ તેઓએ નવાબ પાસે રજૂ કરતાં તેણે પ્રભાશંકરનો ઘાત કરવા આજ્ઞા આપી.'

નવાબે નાગરવાડો લૂંટી લીધો, નાગરોને પકડી ઉપરકોટમાં કેદ કર્યા. પ્રભાશંકરને ઉપરકોટમાં લઈ જઈ વિ. સં. ૧૮૪૯માં પોષ સુદ એકમ કે વદ એકમની રાત્રે તેનું માથું કાપી નાખ્યું અને તેની સંપત્તિ લૂંટી લીધી. થોડા દિવસોમાં દયાળજીનો પણ ઘાત કર્યો.

દીવાન કુટુંબનાં સંપ અને શિસ્ત જોતાં દીવાન રઘુનાથજીએ મોરારજીને મારી નાખવાની સલાહ નવાબને આપી હોવાનું માની શકાય એવું નથી.

## રણછોડજીનો બળવો

આ વખતે રણછોડજી ચોરવાડ હતા અને અનંતજી ઉના હતા. તેઓ બંનેએ સાથે મળી જઈ ઘોઘા,[1] સરસિયા, માળિયા, કાગવદર અને આદરીના કિલ્લાઓ લૂંટી લીધા.

દીવાન રણછોડજી તારીખે સોરઠમાં નોંધે છે કે 'મેં મહિનાઓનું શેરગઢ લૂંટયું અને પુષ્કળ દ્રવ્ય મેળવ્યું. કોડીનારની લડાઈમા ભાઈ અનંતજીએ નવાબસાહેબના કેટલાક જમાદારોને પકડયા અને ત્યાંથી જ તેમને કાઢી મૂકયા (કે મારી નાખ્યા ?) પણ એક સરદાર અને વાણીઓ માધવજી કે જે સૈન્યનો અધ્યક્ષ હતો તેણે પાણી વગરના કૂવામાં પડી તેના જીવનના પાણીનું રક્ષણ કર્યું.'

પ્રભાસપાટણનો કિલ્લો માંગરોળનો કાઝી બદરૂદીન દબાવી બેઠો હતો. દીવાન અમરજીના બનેવી દેશાઇએ રણછોડજીને પ્રાચી મુકામે જઇને સમજાવ્યા કે નવાબ સામે વેર લેવા હિન્દુ જમીનદારોને અને નિર્દોષ પ્રજાને લૂંટવાનું કાર્ય તેમના શોભાસ્પદ નથી. તેમણે તેમની શકિત સ્વતંત્ર રાજ્ય પ્રાપ્ત કરવા માટે કેન્દ્રિત કરવી જોઈએ અને હિન્દુ જમીનદારોનો ટેકો મેળવવો જોઈએ. જીભાઈ દેશાઈએ તેમને એમ પણ કહ્યું કે જો તેઓ આવે તો પ્રભાસ-પાટણનો કિલ્લો તેમને દેશાઈઓ સોંપાવી આપે. રણછોડજી આ સલાહ સ્વીકારી પ્રભાસપાટણ ઉપર ચડયા અને દેશાઈઓની સહાયથી પ્રભાસપાટણ સ્વાધીન કર્યું. પ્રભાસનો કિલ્લો કબ્જે થયા પછી કાઝીઓને વગર હરકતે જવા દેવા એવી શર્ત કરવામાં આવેલી પરંતુ તેઓનો વિચાર પાછળથી ફરી જતાં કાઝી મહમૂદમિયાંએ જવાની આનાકાની કરી તેથી જીભાઈના પુત્ર

---

1 તારીખે સોરઠમાં ઘોઘાનો ઉલ્લેખ છે તે ઘોઘલા હશે.

દેશાઈ ઉમિયાશંકર તથા પિત્રાઈ દેશાઈ વાઘજી નારણજી તેને સમજાવવા ગયા. તેઓની વાતચીત દરમ્યાન મહમૂદમિયાં ઉશ્કેરાઈ ગયો અને ઉમિયાશંકર ઉપર ખુલ્લી તલવાર લઈ હુમલો કર્યો. દેશાઈ જીભાઈએ તેના પુત્ર ઉપર ધસતાં મહમૂદમિયાંનો સામનો કર્યો, તેમાં મહમૂદમિયાંએ તેના ઉપર વાર કરી લેતાં તે કામ આવી ગયા. ઉમિયાશંકરે મહમૂદમિયાંને ત્યાં જ મારી નાખ્યો.

દીવાન રણછોડજી તારીખે સોરઠમાં આ પ્રસંગનો ઉલ્લેખ કરતાં માત્ર એક જ પંક્તિમાં કહે છે કે 'દૈવયોગે પાટણનો કબ્જો મારા હાથમાં પડયો.' તારીખ લખાઈ ત્યારે દેશાઈઓ અને રણછોડજીના સંબંધોમાં વિક્ષેપ પડેલો તેથી તેમણે દેશાઈઓ સંબંધી ઘણી અગત્યની માહિતી આપી નથી પરંતુ આ પ્રસંગે દેશાઈ ઉમિયાશંકર ઉપર આવેલા તેના પિતાના મૃત્યુના ખરખરાનો અસલ પત્ર આ માહિતી પૂરી પાડે છે.[1]

## દીવાન કુટુંબની વિદાય

રઘુનાથજી તથા મોરારજીને નવાબે મુક્ત કરતાં તેઓ જામનગર ચાલ્યા ગયા. રણછોડજી પણ પાટણથી જામનગર ગયા. ત્યાં તેમને મેરૂ ખવાસે નોકરીમાં રાખી લીધા. મોરારજી ભાવનગર ગયા જ્યાં તેમને જાગીર મળી અને ગોવિંદજીના પુત્ર મંગલજીની સમગ્ર સંપત્તિ નવાબે લૂંટી લેતાં તે પણ પોરબંદર ચાલ્યા ગયા.[2]

દીવાન ભાઈઓની વિદાય પછી નવાબે કલ્યાણ શેઠને દીવાનગીરી આપી.

## કલ્યાણ શેઠ

ભાવનગર ઠાકોર વખતસિંહે જૂનાગઢમાંથી દીવાન ભાઈઓ ચાલ્યા ગયા છે અને નવાબ કાંઈ કરી શકે એમ નથી એ વિચારે જૂનાગઢની હકૂમતમાંથી કુંડલા અને રાજુલા પડાવી લીધાં. નવાબ હામેદખાને તેથી ભાવનગર

1 આ પ્રસંગની વિગતો માટે જુઓ 'પિતૃતર્પણ', શં. હ. દેશાઈ.

2 અમર દુર્લભ રણછોડજી પરભા હણ્યો અજાણ નાગર થે સો નગર ગયે અબ કામા કરત કલાણ કામા કરત કલાણ દેશ સોરઠકો દાગ્યોં ચિતલ કીની ચૂર જોર કાઠીકો જાગ્યો જાય જૂનાગઢ રાજ દેખ મહાગત સુત ગુમરા જમીનદાર સબ જોર ભયો જમ માર્યો અમરા

(અનામી)

ઉપર ચડાઈ કરી. તેણે ઘોઘા સુધીનાં ગામડાંઓ લૂંટયાં અને પ્રદેશ વેરાન કર્યો પરંતુ ઢસા આગળ ઠાકોર વખતસિંહે નવાબનો માર્ગ અવરોધી સજ્જડ સામનો કર્યો. શત્રુસૈન્યના પ્રબળ ધસારા સામે જૂનાગઢનું સૈન્ય ટકી શક્યું નહિ. નવાબનાં ગાત્રો ગળી ગયાં. તેણે એક લાખ પંદર હજાર રૂપિયા લઈ કુંડલા તથા રાજુલા ઉપરનો પોતાનો હકક ભાવનગરને આપી દીધો અને ભાવનગરે નવાબની જોરતલબી કબૂલ કરી.

તે પછી ચિતળના કાઠીઓ ઉપર ભાવનગરે ભીંસ કરતાં જૂનાગઢથી નવાબે છોટમલાલ નાગર તથા જમાદાર અબ્દલ્લાહ નીચે એક સૈન્ય કાઠીઓની મદદે મોકલ્યું પણ વખતસિંહે તેને હરાવી નાસી જવા ફરજ પાડી.

## પ્રભાસપાટણના બ્રાહ્મણો

કલ્યાણ શેઠે પ્રભાસપાટણના સોમપુરા બ્રાહ્મણો ઉપર શેખમિયાંએ નાખેલો વેરો વસૂલ લેવા સખ્તાઈ કરી તેથી બ્રાહ્મણોએ ત્રાગું કર્યું અને કુમારિકાને મારી તેનું લોહી છાંટયું. બ્રાહ્મણો ઉપવાસ ઉપર ઊતરતાં દેશાઈ ઉમિયાશંકર જીભાઈ તથા દેશાઈ વાઘજી કહાનજી જૂનાગઢ ગયા અને નવાબને મળી આ વેરો માફ કરાવ્યો.[1]

આ કૃત્યથી કલ્યાણ શેઠ દેશાઈઓ ઉપર ક્રોધે ભરાયો. તેણે દેશાઈઓના હક્કોની અવગણના કરી દેશાઈ ઉમિયાશંકર જીભાઈ દીવાન અમરજીના સગા ભાણેજ હતા[2] તેથી પણ કલ્યાણ શેઠ તેમની જડ ખોદી નાખવા માગતો હતો પણ દેશાઈઓએ નવાબને મળી તેમને હરકત નહિ થાય તેવો રૂકો મેળવ્યો.[3]

---

1 વિગતો માટે જુઓ 'પ્રભાસ અને સોમનાથ', શં. હ. દેશાઈ.

3 દેશાઈઓના ઇતિહાસની વિગતો માટે જુઓ પિતૃતર્પણ,–શં. હ. દેશાઈ. શ્રી કહાનદાસ તાપીદાસના આત્મચરિત્રમાં જણાવ્યું છે તે ઉપરથી સમન્વય છે કે ઉમિયાશંકર, જૂનાગઢના રાજ્યતંત્રમાં મોટી લાગવગ ધરાવતા તથા તે સમયના રાજપુરુષો અને યુદ્ધવીરોમાં તેની ગણના થતી. તેમણે નવાં ગામો વસાવ્યાના, નવા વેરાઓ વસૂલ લીધાના, માથા ભારે શખ્સો અને લુંટારાઓને જેર કર્યાના તેમાં કેટલાક પ્રસંગો નોંધવામાં આવ્યા છે.

2 આ ફૂટનોટ માટે જુઓ પૃષ્ઠાંક ૧૫૮.


2 ગોપાલજી
આગજી
આણંદજી
કુંવરજી
બેન
(લાલભાઈ વેરે)
ભવાનીશંકર
અમરજી
દુર્લભજી
ગોવિંદજી
નાનાબેન
(જયકુંવર)
ગંગારામ
વસનજી
સંગળજી
મોરારજી
પ્રભારામ
અનંતજી
(જીભાઈ વેરે)
સંતોકરામ
નરભેકુંવર
રઘુનાથજી
રણછોડજી
દલપતરામ
ઉમિયાશંકર
ઈચ્છાબા
(વિજયશંકર વેરે)
વિજયશંકર
(ઉદયશંકર દેશાઈ વેરે)
ઉદયશંકર
ઉદયશંકર
હરપ્રસાદ
હરપ્રસાદ
(લેખકના પિત.શ્રી)
હરપ્રસાદ

## દીવાનો

રાજ્ય કાર્યભારમાં કલ્યાણ શેઠ જેટલી જ સત્તા માધવરાય પણ ભોગવતો. એક મ્યાનમાં બે તલવારો રહેતી નથી તેમ ઈ. સ. ૧૭૯૫માં બંને વચ્ચે લેણદેણનો વાંધો પડયો તેથી કલ્યાણશેઠ કામ મૂકી દઈ મિયાં ગુલામ હુસેનની ડેલીએ ત્રણ માસ સુધી આશ્રય લઈ છુપાઈ રહ્યો અને માધવરાયની સલાહથી નવાબે મૂળચંદ મહેતાને દીવાનગીરી આપી.[1]

## અંગ્રેજ ચડાઈ

આ વાંધો ચાલતો હતો ત્યાં જૂનાગઢના ચાંચિયાઓએ સુરત જતાં અંગ્રેજોનાં વહાણો લૂંટયાં તેથી અંગ્રેજી નૌકાસૈન્યે દેલવાડા પાસેના નવાબંદરના કાંઠે તોપમારો કર્યો અને 'અરમાન નાગરી ધરતી ઉપર અંગ્રેજ સૈનિકો ઊતર્યા.' ઉના થાણદાર જમીયતખાં ગીરમાર્ગે ભાગીને જૂનાગઢ આવ્યો તેથી નારાજ થઈ નવાબે તેને બરતરફ કર્યો અને પોતાના ખાનગી કારભારી કહાનદાસ તાપીદાસ વૈશ્નવને સો ઘોડેસવારો તથા બસો પેદલ આપી ઉના મોકલ્યા. તેણે ઉને જઈને સરકાર મરજી પ્રમાણે ઉકેલ અંગ્રેજનો કીધો.[2]

## કલ્યાણ શેઠ ફરીથી સત્તા ઉપર

તે પછી કલ્યાણ શેઠ પાછો સત્તામાં આવ્યો અને માધવરાય નાસીને વંથળીનો કબ્જો કરી બેઠો અને છ માસ પછી ઈ. સ. ૧૭૯૬માં ત્રણ લાખ કોરી પરસોતમ વાસણજી દ્વારા કલ્યાણ પાસેથી લઈ વંથળીનો કબ્જો સોંપ્યો.[3]

## મરાઠા ચડાઈ

ઈ સ. ૧૭૯૬માં આબા સેલુરકર જૂનાગઢ ઉપર ચડી આવ્યો. તેના સેનાનીઓ બેમલખાં તથા બાપુમલખાંએ પ્રજા ઉપર અકથ્ય જુલ્મો ગુજારી મોટી મોટી રકમો વસૂલ કરી. નવાબે તેને મોટી ખંડણી આપી પાછો કાઢયો.

તે પછી ઈ. સ. ૧૭૯૯માં ગાયકવાડના જમાદાર હામીદના પુત્ર જમાદાર અમીને તેના પિતાના ઘાતનો બદલો લેવા મજેવડી ઘેરી તેનો કિલ્લો જમીનદોસ્ત કર્યો અને ત્યાંથી જૂનાગઢ ઉપર કૂચ કરી પણ નવાબે ત્રણ ગણી ખંડણી મોકલી, નજરાણાં આપી તેને પાછો કાઢયો.

---

૧-૨-૩ શ્રી કહાનદાસ તાપીદાસનું આત્મચરિત્ર, સંપાદન : શં. હ. દેશાઇ તથા ગાયકવાડ ઓફ બરોડા, પૃ. ૭મું.

## ગોદડ ખવડ ઉપર ચડાઇ

નવાબના લખલૂટ અંગત ખર્ચને પહોંચી વળવા કલ્યાણ શેઠ આવશ્યક દ્રવ્ય ઉપાર્જિત કરી શકયો નહિ તેથી કાંટોલિયાના વનમાં ગુપ્તવાસમાં રહી નવાબને કહેરાવ્યું કે સિપાઈઓના પગાર ચૂકવી શકાય તેમ નથી, ખજાનો ખાલી છે માટે ધાંધલપુરના ગોદડ ખવડ ઉપર ચડાઈ કરી તેનો સમૃદ્ધ ધનકોષ લૂંટી આવી પગાર ચૂકવો. નવાબ હામેદખાને આ સલાહ સ્વીકારી ધાંધલપુર ઉપર ચડાઈ કરી. ધાંધલપુરનો કાઠી દરબાર ગોદડ ખવડ એક નાનો દરબાર હતો પણ તેણે તથા તેના કાઠીઓએ જૂનાગઢના બળવાન સૈન્યને ત્રણ માસ સુધી હંફાવ્યું. નવાબ અંતે પરાજય સ્વીકારી અનેક સૈનિકોના મૃતદેહો અને પોતાની પ્રતિષ્ઠા ધાંધલપુરમાં મૂકી નત મસ્તકે જૂનાગઢ પાછો ફર્યો.[1]

## નવાબની નિરાશા

પરાજય ઉપર પરાજય મેળવી પોતાની પ્રતિષ્ઠા ગુમાવી નવાબે મૂલ્યવાન પ્રદેશો પણ ખોયા. રાજયતંત્રમાં અવ્યવસ્થા સિવાય કાંઈ હતું જ નહિ તેથી તેણે કાલાવાડ મુકામે મેરૂ ખવાસ સાથે રહેતા દીવાન રઘુનાથજીને જાતે જઈને પાછા આવવા સમજાવ્યા પણ રઘુનાથજી આવ્યા નહિ.

## રાજ ખટપટ

કલ્યાણ શેઠ તથા માધુરાય ખુશાલરાયના સંયુક્ત કારભારનું પરિણામ માત્ર અંધાધૂંધીમાં આવ્યું. બન્ને વચ્ચે મતભેદ થયા અને સત્તાપ્રાપ્તિની લાલસા માટે પક્ષો બંધાઈ વૈમનસ્ય વધી ગયું. શનૈ શનૈ આ વિરોધ એ કક્ષાએ પહોંચ્યો કે બન્ને દીવાનોએ એક બીજા સામે સૈન્યો સજર્યાં. કલ્યાણ શેઠ સ્વગૃહ તજીને, સૈયદ ગુલામ મોહુદ્દીનના મકાનમાં આશ્રય લઇ રહ્યો અને પરિણામે પોતાને સફળતા નહિ મળે તેમ માધુરાયને લાગતાં, તેના મદદગારો જમાદાર અહમદ કોર, શેખ સૈદ, નાસર યમની અને મુસા મુહરિઝ દ્વારા વંથળી દરવાજા પાસેની દીવાલ નીચે ભોંયરું ખોદાવી તેમાંથી રાતોરાત નાસી ગયો અને વંથળીનો કિલ્લો બંધ કરી તેમાં બેસી ગયો.

---

1 નહોતીને તેં નવી કરી ગઢ જૂનાને ગાળ
બાબી અકકલ બાળ ખીજવીયો ગોદડ ખવડ
નરગોદડને નવાબ લડીયા ત્રણ મહિના લગી
પર્વત મોટા પહાડ ઢુંકલીયા નાજ્યુંને ધણે (લોકસાહિત્ય)

નવાબની સ્થિતિ વિષમ થઈ ગઈ. તેનું સૈન્ય બે વિભાગોમાં વહેંચાઈ ગયું હતું અને તેને કોઈ મદદ કરે તેમ હતું નહિ તેથી લાચાર થઈ તેણે ખાસ દૂતોને જામનગર મોકલી દીવાન રઘુનાથજીને મદદ લઈને આવવા આજીજી કરી. રઘુનાથજી પોતે ન આવતાં તેણે રણછોડજીને મોકલ્યા અને તેણે વંથળીને ઘેરો ઘાલ્યો. માધુરાયે સમય અને સેનાનીને ઓળખી જઈ યુદ્ધ ન આપતાં દંડ આપ્યો અને મુક્તિ મેળવી ત્યાંથી ગોંડલ ચાલ્યો ગયો.

માધુરાય ગોંડલથી વડોદરાના સેનાપતિ બાબાજીની સાથે વડોદરા ગયો અને ત્યાંથી ગ્વાલિયરના મહાદજી શિંદેની સેવામાં જઈ તેનો કૃપાપાત્ર થઈ ગયો. મહાદજીએ તેને દિલ્હી દરબારમાં તેના વકીલ તરીકે ઈ. સ. ૧૭૯૫માં મોકલ્યો, જ્યાં તેણે સમસ્ત ભારતમાં ગૌવધનો પ્રતિબંધ કરતું શાહી ફરમાન મેળવ્યું.

માધુરાય દિલ્હી દરબારમાં એક અગત્યનો હોદ્દો ભોગવે છે એમ જ્યારે નવાબને જણાવ્યું ત્યારે તે કદી ચડી આવે તો તે બીકે તેને જાગીર આપી માધુરાયને પુત્ર ન હોવાથી તેના મૃત્યુ પછી તે જાગીર તેના દોહિત્ર કેશવલાલને મળી.

## બહાદરખાનનો જન્મ

ઈ. સ. ૧૭૯૫માં શાહજાદા બહાદરખાનનો જન્મ થયો.

## જામનગરની મદદે

માધુરાયનું પાત્ર જૂનાગઢના રાજદ્વારી તખ્તા ઉપરથી અદૃશ્ય થતાં કલ્યાણ શેઠ સર્વસત્તાધીશ થઈ પડયો. ઈ સ. ૧૭૯૬માં જમાદાર ફત્તેહમામદ નોતીયાર કચ્છમાંથી જામનગર ઉપર મોટું સૈન્ય લઈ ચડી આવ્યો તેથી મેરામણ ખવાસે નવાબની મદદ માગી. નવાબ પોતે, બાંટવાના બાબી મુખ્તારખાન, આજમબેગ ચેલા, જમીયતખાન સરવાણી, જમાલખાન બલોચ, હરિસિંહ સોલંકી જેવા સરદારો તથા માંગરોળના શેખના સૈનિકો, કુતિયાણાના કસ્બાતીઓ, કાઠીઓ વગેરેનું સૈન્ય રચી હડીસરા ગામે જામનગરના સૈન્યને જઈ મળ્યા. બન્ને પક્ષોનાં સૈન્યો યુદ્ધ માટે આતુર થયાં. ત્યાં હળવદના રાજસાહેબ ગજસિંહજીના પ્રયાસથી સમાધાન થયું અને સૈન્યો પાછાં ફરી ગયાં.

## રઘુનાથજી પુનઃ જૂનાગઢમાં

ઈ સ. ૧૮૦૦માં મેરામણ ખવાસનું મૃત્યુ થયું ત્યારે રઘુનાથજી ધ્રોળ રહેલા હતા. ત્યાંથી જામસાહેબે તેને બોલાવી દીવાનગીરી આપી જૂનાગઢમાં કલ્યાણ

શેઠ વધુ સમય રહી શકે એમ હતું નહિ તેથી 'મહેતા કેવળ બૂચ તથા ઉમિયાશંકર દેશાઈ તથા મોતીરામ કાળિદાસ' વગેરેએ નવાબને રઘુનાથજીને તેડી લાવવા સલાહ આપી.[1] તેમને તેડવા માટે જમીયતખાન સરવાણી, હયાતખાન બલોચ, મૂળચંદ અમરજી ઝાલા, ઉમિયાશંકર દેશાઈ વગેરે ગયા.[2] તેઓ એવી શર્ત પણ લઈ ગયા કે જો રઘુનાથજી આવે તો 'મહેતા ત્રિકમદાસના વંશનું છોકરું' એક ગામમાં રહેવા ન પામે તથા મહેતા સેવકરામ વૈદ, સેવકરામ જશ્થળ તથા રાજારામ ઝાલા તથા દુલેરાય તથા ગજરાજગર તથા કહાનદાસ ગયાની શર્તે[3] દીવાન રઘુનાથજીને નવાબના પ્રતિનિધિઓ મળ્યા. તે વાણિયા કહાનદાસ, નાગર કહાનદાસ,[4] આજમબેગ ચેલા વગેરેની ઈચ્છાથી વાકેફ હતા છતાં સંનિષ્ઠ રીતે ક્ષમા માગવામાં આવી છે અને પોતાને ગમે કે ન ગમે છતાં તેના જૂના માલિકની ઈચ્છાને માન આપવું જોઈએ તેમ માની તે (રઘુનાથજી) જૂનાગઢ ગયા.'[5]

## કલ્યાણ શેઠનો બળવો

બાંટવા ભાગદાર મુખ્તારખાન બાબીના પુત્રની વિધવા તથા રૂસ્તમખાનની પુત્રી લાડડી બીબી સાથે નવાબે નિકાહ પઢવાનો નિર્ણય કર્યો અને તેના માટે પ્રવૃત્તિ શરૂ કરી પરંતુ તે મુખ્તારખાનને પસંદ પડી નહિ તેથી તેણે જૂનાગઢ સામે યુદ્ધ કરવા કમર કસી.[6] આ કાર્યમાં કલ્યાણ શેઠે તેને સહાય કરવા વચન આપ્યું, અને પોતે પણ તૈયારી કરી, દરમ્યાન દીવાન રઘુનાથજી પાછા દીવાનપદે આવે છે તે સમાચાર મળતાં કલ્યાણ શેઠે બળવો કર્યો. તેણે કુતિયાણા કબ્જે કરી લીધું અને પરગણાનાં ગામડાંઓ લૂંટી લીધાં. તેના આ આ કાર્યમાં મુખ્તારખાન બાબીએ સહકાર આપ્યો અને બંનેએ સાથે મળી જૂનાગઢ ઉપર ચડાઈ કરવા તૈયારી કરી.

રઘુનાથજીએ વંથળી મુકામ રાખી બાંટવા તથા કુતિયાણા ઉપર ચડવા પ્રવૃત્તિ કરી ત્યાં રણછોડજી પોરબંદર રાણાની નોકરીમાં હતા તેને આજ્ઞા

---

1 શ્રી કહાનદાસ તાપીદાસનું આત્મચરિત્ર, સંપાદન-શં. હ. દેશાઈ

2 તારીખે સોરઠ, ભાષાંતર-શં. હ. દેશાઈ

3 શ્રી કહાનદાસ તાપીદાસનું આત્મચરિત્ર, સંપાદન-શં. હ. દેશાઈ

4 શ્રી કહાનદાસ તાપીદાસ, ખાનગી કારભારી હતા તેથી તેને રહેવા દીધા હતા.

5 તારીખે સોરઠ, ભાષાંતર-શં. હ. દેશાઇ.

6 તારીખે સોરઠ, ભાષાંતર-શં. હ. દેશાઈ

મળતાં તે કુતિયાણા ઉપર ચડયા. નવાબે પણ તેને કુતિયાણા લેવા સંદેશો મોકલ્યો. રણછોડજી, જમાદાર મહમદ નાસર બુરાંખ, શકરખાન, સરદારખાન, ગુલબાઝખાન, મહમદ રાફીઆ, મુરાદ થેર, મુરાદ મકરાણી અને અન્ય યોદ્ધાઓને પોતાની સેવામાં રાખી લઈ કોટડા છાવણી નાખી.

બે તરફી બે ભાઈઓ બળવાન સૈન્ય લઈને આવી રહ્યા છે તે સમાચાર મળતાં મુખ્તારખાન બાબીના પગ ધ્રુજવા માંડયા. તેણે તરત જ રણછોડજી સમક્ષ ઉપસ્થિત થઈ માફી માગી નવાબને વફાદારી જાહેર કરી, તેની પુત્ર-વધૂ નવાબને સોંપી દીધી.

## કુતિયાણાનો ઘેરો

ઈ. સ. ૧૮૦૧માં સિપાહ સાલાર નાગર પ્રભુદાસ[1] તથા આરબ અને પઠાણ જમાદારોએ કુતિયાણાના કિલ્લાનો ઘેરો અને પ્રબળ પુરુષાર્થ અને પરાક્રમ કરી કિલ્લો કબ્જે કર્યો. કુતિયાણાના કિલ્લામાં કાળી કોઠી નામે ઓળખાતો ભીતર દુર્ગ છે. આ દુર્ગ કાલિદાસ શેઠનો બંધાવેલો હોવાનું કહેવાય છે તેમાં કલ્યાણ શેઠે આશ્રય લીધો હતો. તેના ઉપર હલ્લો ચાલતો હતો ત્યાં રઘુનાથજી વંથળીથી આવી પહોંચ્યા. કલ્યાણ શેઠ ચારે કોરથી ઘેરાયો તો પણ તેણે ત્રણ દિવસ ઝાક ઝીલી. રણછોડજીએ અંતે તેના તોપોને ગતિશીલ કરી કાળી કોઠીના બુરજો ઉડાડી દીધા. કલ્યાણ શેઠ પાસે શરણ થયા સિવાય અન્ય કોઈ માર્ગ હતો નહિ દરમ્યાનમાં, તેના જમાદાર યાહ્યા, નાસીર યમની, ગંગાસિંહ, ખાનદાન, ગીગો, હામેદ સંધી બહાર આવી શરણ થયા અને તે પછી કલ્યાણ શેઠે શ્વેત ધ્વજ ફરકાવી સુલેહ યાચી. રણછોડજીએ તેને તથા તેના કુટુંબને અટકાયતમાં લઈ નવાબ પાસે પ્રભાસપાટણ લઈ ગયા ત્યાં કલ્યાણ શેઠને નવાબે રણછોડજીને સોંપી દીધો અને તેની કેદમાં જ ગુજરી ગયો. તેના પુત્ર લક્ષ્મીચંદ પાસે ચોરવાડ તથા ઉનાના કિલ્લાઓ હતા તે પણ પડાવી લેવામાં આવ્યા.

## કલ્યાણ શેઠ

તારીખે સોરઠ નોંધે છે કે 'કલ્યાણ શેઠ પ્રથમ દીવાનસાહેબનો મોદી હતો. તેણે દગાથી અને ગેરકાયદેસર રીતે દીવાનજીના વિશ્વાસુ અમલદારો, પ્રભાશંકર અને દયાળજીનાં ખૂન કરાવી પોતે દીવાન થયો.' કલ્યાણ શેઠ

1 દિનકરરાય સારાભાઈ, વગેરે વસાવડા ભાઈઓના વંશજ.

દીવાન ભાઈઓનો મોટો વિરોધી હતો અને તેણે રઘુનાથજી તથા રણછોડજીને જૂનાગઢ છોડી જવા ફરજ પાડી હતી. તે એક મોદી હતો છતાં તેને તે સમયના મુત્સદ્દીઓ અને મહારથીઓની કક્ષામાં અવશ્ય મૂકી શકાય. તેણે એક વિચિત્ર પ્રકૃતિના અને તરંગી રાજકર્તાને ખુશી રાખી, પ્રબળ વિરોધની વચ્ચે રાજતંત્ર ચલાવ્યું તે અવશ્ય નોંધપાત્ર બીના છે.

## અમરેલીનો ઘેરો

દીવાન રણછોડજી તથા રઘુનાથજી ઝાલાવાડમાં જોરતલબી વસૂલ કરતા હતા ત્યારે ઈ. સ. ૧૮૦૨માં ગાયકવાડના સેનાધ્યક્ષ શિવરામ ભાઉ ગાર્દીએ તેના અધિકારને પડકાર કર્યો અને બંને વચ્ચે સશસ્ત્ર ઘર્ષણ થાય તેવા તેવા સંજોગો ઉપસ્થિત થયા પરંતુ આ ભાઈઓની કુનેહ અને શક્તિના કારણે સમાધાન થઈ ગયું. દરમ્યાન મુકુંદરાવ ગાયકવાડે વડોદરા સરકાર સામે બંડ કરી અમરેલીનો કિલ્લો સ્વાધીન કર્યો અને વસાવડના દેશાઈઓને કેદ કરી લીધા. રણછોડજીને નવાબે તેઓને મુક્ત કરાવવા માટે અમરેલી ઉપર ચડવા આજ્ઞા મોકલતાં તેણે અમરેલીને ઘેર્યું. આઠ દિવસના સંગ્રામ પછી અમરેલી પડ્યું. દેશાઈઓને દીવાને મુક્ત કર્યા પણ તેની પાસે નવાબની જોરતલબી કબૂલ કરાવી.

## વંથળીનો ઘેરો

ગાયકવાડનો દીવાન બાબાજી ઈ. સ. ૧૮૦૪માં વંથળી ઉપર ચડી આવ્યો અને વંથળી ઘેરી લીધું. વંથળીના ઈજારદાર રૂદ્રજી ઝાલા પાસેથી નવાબે કબ્જો લઈ ગુલાબખાં નામના એક યુવાનને ઈજારે આપેલું. બાબાજી સામે થવાની શક્તિ ન હતી તેથી તેણે નવાબની મદદ માગી. નવાબે દીવાન રઘુનાથજીને મદદ મોકલવા કહ્યું પરંતુ વંથળી તાલુકો નવાબનો અંગત હતો અને વિ. સં. ૧૮૫૯ની મુલકગીરીના હિસાબમાં દીવાન તથા નવાબને મન દુઃખ થયેલું. રાજ્ય પણ બંને વચ્ચે વહેંચાઈ ગયેલું. પાટણ, વેરાવળ, વંથળી તથા માળિયા નવાબનાં હતાં અને બીજા તાલુકાઓની ઊપજ દીવાન લેતા હતા. વંથળી નવાબનું હતું તેથી રઘુનાથજીએ નવાબને જવાબ આપ્યો કે તેની પાસે માણસો નથી અને રણછોડજી મુલકગીરીમાં છે. નવાબે તેથી તેના હજૂરીઓ આજમબેગ, જમીયતખાં, જુહુરખાં, ફાજલ વગેરેને જવા આજ્ઞા આપી પરંતુ વેરાવળના ઘેરામાં ગયેલા દલેલખાં ચેલાને નવાબે કાઢી મૂકેલો તેથી કોઈ ગયા નહિ. અંતે નવાબે તેના ખાનગી કારભારી કહાનદાસ તાપીદાસ વૈશ્નવને મોકલ્યા. તેણે એક માસ પર્યંત લડાઈ ચલાવી સમાધાન

કર્યું.[1]

## પ્રભાસપાટણનો ઘેરો

ઈ. સ. ૧૮૦૪માં પ્રભાસપાટણના દેશાઈ ઉમિયાશંકર જીભાઈ તથા દેશાઇ વાઘજી કહાનજીએ નવાબની હકૂમતથી કંટાળી પ્રભાસપાટણનો કિલ્લો તથા પરગણું ગાયકવાડને સોંપી દેવા વડોદરા કહેણ મોકલ્યું અને તે સાથે પ્રભાસપાટણમાંથી નવાબના થાણાને ઉઠાડી મૂક્યું. આ સમાચાર મળતાં જૂનાગઢની ફોજ પ્રભાસ ઉપર ચડી અને દેશાઈઓએ દરવાજા બંધ કરી લડાઈ આપવા તૈયારી કરી પણ તેમને ગાયકવાડની મદદ મળે તો જ જૂનાગઢની સામે તેઓ ટકી શકે તે સ્પષ્ટ હતું. ગાયકવાડની સેના આવી નહિ પણ એવો સંદેશો આવ્યો કે 'શ્રીમંત સરકારનો ઈરાદો હમણાં સોરઠમાં મુલક લેવાનો નથી માટે તમારું તમે જાણો'' દેશાઈઓની સ્થિતિ વિચિત્ર થઈ ગઈ. દરમ્યાનમાં ગાયકવાડના દીવાન બાબાજીરાવે વંથળી લીધું અને ત્યાંથી સોરઠના પ્રદેશમાંથી ખંડણી વસૂલ કરવાના મિષે વંથળી, કેશોદ, ચોરવાડ અને છેક પ્રભાસપાટણ સુધીનો પ્રદેશ લૂંટી લીધો તેણે પ્રભાસને દ્વારે તેનું મુકામ કર્યું પણ દેશાઈઓએ તેને અંદર આવવા દીધો નહિ, તેથી બાબાજીએ કિલ્લા ઉપર તોપ માંડી. ત્યાં રણછોડજી તેનું સૈન્ય લઈ બાબાજીની પાછળ આવી પહોંચ્યા અને ગાયકવાડી સેનાને ઘેરી લીધી. બાબાજી બે તરફથી ઘેરાતાં તેણે સંધિ કરીને અન્વય લૂંટનો માલ પાછો આપ્યો અને દેશાઈઓના હકો બન્ને રાજ્યોએ સ્વીકાર્યા અને જૂનાગઢે ગાયકવાડને ખંડણી આપી.[2]

## રેવાશંકર દીવાન

ઇ. સ. ૧૮૦૬માં દીવાન રઘુનાથજી કુતિયાણા રોકાઈ ગયા અને રણછોડજી હાલારમાં જોરતલબી ઉઘરાવતા હતા ત્યારે રેવાશંકર ત્રિકમદાસ મજમુદારે રાણપુર અને ધંધુકા સુધી જૂનાગઢનાં સૈન્યો લઇ જઇ જોરતલબી ઉઘરાવી. આ પ્રસંગે ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ધંધુકા પ્રદેશમાંથી જોરતલબી ઉઘરાવવાનો જૂનાગઢનો હકક માન્ય રાખતાં તે વિસ્તારમાં કોઈ રંજાડ કરી નહિ.

આ વર્ષમાં દીવાન રઘુનાથજી સ્વેચ્છાથી છૂટા થયા અને કુતિયાણા

---

1 કહાનદાસ તાપીદાસનું આત્મચરિત્ર. કહાનદાસ તે રો. નલિનકાન્ત શાંતારામ બક્ષી વગેરે બક્ષી ભાઈઓના પૂર્વજ.

2 વિગતો માટે જુઓ 'પિતૃતર્પણ', શં. હ દેશાઇ.

રહેવા ચાલ્યા ગયા. નવાબે રેવાશંકર ત્રિકમદાસને[1] દીવાનપદે નીમ્યા અને મદદનીશ દીવાન તરીકે દયારામ છાયાને નિયુક્ત કર્યા.

ઈ. સ. ૧૮૦૬માં કર્નલ વોકરે રેવાશંકરને માળિયા મિયાણા મુકામે તેડાવી સેટલમેન્ટ કરવા ચર્ચા કરી અને ત્યાંથી તે પાછા આવતાં તેને નવાબે છૂટા કરી કારભાર ઉમર મુખાસન, મિરઝાં આજમબેગ તથા કરસનદાસ શેઠને સોંપ્યો. આ ફેરફાર વિઠ્ઠલરાવ દેવાજીની આજ્ઞા સ્વરૂપની સલાહથી કરવામાં આવ્યો હતો. વિઠ્ઠલરાવની ઈચ્છા રઘુનાથજીનો પગ રાજ્યમાંથી સદાને માટે કાઢવાની હતી અને જૂનાગઢ ઉપર પોતાનું વર્ચસ્વ સ્થાપવાની હતી. તેણે રઘુનાથજી કાંઈ બોલે નહિ તે માટે ભાડેર, ભલગામ વગેરે ચાર ગામડાંઓ આપ્યાં અને અમરેલી, દામનગર અને ધારીમાં જૂનાગઢનો ભાગ હતો તે લખાવી લીધો.

કારભારી મંડળે હેમતરામ કાકાભાઈને પેશકાર નીમ્યા અને જોરતલબી વસૂલ કરવા સૈન્યો મોકલ્યાં પણ તારીખે સોરઠમાં દીવાન રણછોડજી લખે છે કે 'તેઓએ આજમબેગ છેલા અને કરસનદાસ વાણિયાની સૂચનાથી જમાબંદી વસૂલ કરવા સૈન્યો દોર્યાં. પણ એક કીડીને પણ ખીજવી શકયા નહિ.' તેઓએ શેખ અલી નામના વેપારીની દુકાને કચેરી ઠેરાવી'.[2]

નવાબ નાચરંગની મહેફિલોમાં નર્તકીઓ અને સાકીઓ વચ્ચે વધી ગયા અને નવાબની ઉપાંગના અનોપબાઈ રાજ્યતંત્રમાં હસ્તક્ષેપ કરી નવાબને દોરવણી આપતી રહી.[3] પરિણામે રાજ્યમાં અંધાધૂંધી વ્યાપી.

## અંગ્રેજ હકૂમત

ઈ. સ. ૧૮૦૭માં ખેડાના કલેક્ટર કર્નલ એલેકઝાંડર વોકરને કંપનીએ કાઠિયાવાડના રેસિડેન્ટનો પણ ચાર્જ આપ્યો. ઈ. સ. ૧૮૦૨માં થયેલી વસઈની તહની કલમો અનુસાર પેશ્વાના સમગ્ર અધિકારો અને હક્કો ઈસ્ટ ઈન્ડિયા કંપનીને મળ્યા તે અન્વય કર્નલ વોકરે ગાયકવાડના દીવાન વિઠ્ઠલરાવ દેવાજી સાથે સોરઠમાં આવી વસલાત લેવાનું શરૂ કર્યું. દીવાન રણછોડજી તેને કંડોરણા મુકામે શિષ્ટાચાર ખાતર તે સમયની રીતિ અનુસાર મળવા

---

1 જૂનાગઢના મજમુદારો(અમરેલી)ના પૂર્વજ.

2 શ્રી કહાનદાસ તાપીનું આત્મચરિત્ર. સંપાદન : શં. હ. દેશાઈ

3 એજન.

ગયા ત્યારે દીવાન વિઠ્ઠલરાવે કર્નલ વૉકર આગળ રઘનાથજી તથા રણછોડજીની નિંદા કરી. તે સાંભળી વૉકરે કહ્યું કે 'નવાબ પાસે દીવાનનું સાડા લાખનું લહેણું ગાયકવાડે મુકરર કર્યું છે તથા દીવાન અમરજીના માથા બદલ સોળ ગામો આપવામાં આવેલાં તે વિ. સ. ૧૮૪૯માં દગાથી પડાવી લીધાં છે તે માટે નવાબનો ખુલાસો પૂછવામાં આવશે. દીવાન અમરજીના પ્રયાસોથી જીતવામાં આવેલા પ્રદેશો હું જપ્ત કરીશ અને તેના પુત્ર રઘુનાથજીને આપીશ. દિલ્હીના કયા સુલતાનની સનંદના આધારે નવાબ જૂનાગઢ રાજ્યનો કબ્જો કરી બેઠા છે ?' તેણે એમ પણ ઉમેર્યું કે, 'આ દીવાનના જે શત્રુ છે તે ઈંગ્લિશ સરકારના શત્રુ છે.'[1]

કર્નલ વૉકરે આ પ્રસંગે સુરત અને મુંબઈનાં વહાણો નવાબંદર પાસે ચાંચિયાઓએ લૂંટી લીધેલાં તે માટે નવાબનો દંડ કરી તે વસૂલ લીધો.[2]

## સેટલમેન્ટ

તે પછી કર્નલ વૉકરે ઈ. સ. ૧૮૦૬માં કોડીનાર, અમરેલી અને માંગરોળનો જૂનાગઢ રાજ્યમાં સમાવેશ કરી તેનું સેટલમેન્ટ કર્યું જૂનાગઢે ગાયકવાડને દેવાની ખંડણીની રકમ પણ મુકરર કરી. વિ. સં. ૧૮૬૪ના માગસર સુદ ૫ ના રોજ નવાબે ગાયકવાડ અને પેશ્વાની સરકારને એક ખત આપ્યું, તેમાં નવાબના ફેલ જામીન મેઘપુરના ભાટ મૂળુ નરસંગ થયા.

આ ખતમાં નવાબે નીચેની કબૂલાતો કરી :

(अ) (૧) બીજા રાજા સામે દુશ્મનાવટ નહિ રાખું (૨) બહારવટિયાને રક્ષણ નહિ આપું (૩) બીજાને ઉશ્કેરી ઉપદ્રવ નહિ કરાવું (૪) ચોરોને આશ્રય નહિ આપું (૫) બીજા તાલુકાના ભાયાતોનાં ગામો વેચવા આવશે તો સરકારને ખબર આપીશ.

(ब) (૧) કંપની સરકાર કે ગાયકવાડના ગુનેગારને રક્ષણ નહિ આપું.

(क) (૧) મારા રાજ્યની સરહદે આવેલા, કંપની સરકાર, પેશ્વા સરકાર કે ગાયકવાડના મહાલોના ધોરી માર્ગો ઉપર લૂંટફાટ કે ધાડો પાડવામાં નહિ આવે (૨) પ્રવાસીઓ, વ્યાપારીઓ અને બીજાઓને હેરાન કર-

1 તારીખે સોરઠ–ભાષાંતર : શં. હ. દેશાઈ

2 શ્રી કહાનદાસ તાપીદાસ તેના આત્મચરિત્રમાં ઉલ્લેખ કરે છે તે આ જ પ્રસંગે હશે. આ પ્રસંગની નોંધ આગળ લેવામાં આવી છે.

કરવામાં નહિ આવે. (૩) તેમને ગાડાંની અને બીજી સગવડો આપવામાં આવશે. (૪) જો કોઈ પ્રવાસી કે વ્યાપારી લૂંટાશે તો તેની નુકસાની જે તે તાલુકાને ભરી દેવી પડશે.

(ड) (૧) કોઈ જમીનદારની જમીનમાં કે ગામડાઓમાં પેશકદમી કરવામાં નહિ આવે.

નવાબે આ શર્તના પાલન માટે ચારણિયાના ચારણ સુર મોકા ખીમાને કાયમી આડ જમીન આપ્યા.

આ કબૂલતમાં સહીસિક્કા થઈ જતાં આનંદરાવ ગાયકવાડે 'જૂનાગઢ તાલુકાના કારભારીને' કર્નલ વોકરની સહી તથા ગાયકવાડની મહોરવાળી સંવંત ૧૮૬૪ના પોષ સુદી ૧ની તારીખવાળી સનંદ આપી જણાવ્યું કે.

'સંવંત ૧૮૬૪માં તમારા તાલુકા એટલે જૂનાગઢ તાલુકો, માંગરોળ કસબો અને ગાધકડા ગામ કે જે કાયમથી તમારા અધિકારમાં છે તેની દર વરસે હજુરને વડોદરા ભરવાની ખંડણી મુકરર થઈ તેની કબૂલત આપી છે તેને તમે વફાદાર રહેજો અને તાલુકો આબાદ કરજો. હજુર વડોદરાથી મુકરર કરે તે પ્રમાણે દર વરસે જમાબંદી અને ખરાજાતના હફતા નિયમિત રીતે આપે જજો.' 'આ શર્તોના પાલન માટે અમારા તરફથી મેજર એલેક્ઝાન્ડર વોકરને નામદાર કંપની સરકારના પ્રતિનિધિ તરીકે બહાંધર આપીયે છીએ.'

આ સનંદથી જૂનાગઢનું રાજ્ય વડોદરા તાબાનું રાજ્ય થઈ ગયું અને તેને હવે જોરતલબી વસૂલ કરવા જવાનું પણ બંધ થયું. ગાયકવાડે જૂનાગઢના દીવાનને કારભારી ગણ્યા અને જૂનાગઢ રાજ્યને તાલુકાની કક્ષા આપી.

નવાબે આ શર્તો ઉપરાંત સમુદ્રમાં સફર ખેડતાં વહાણોને ચાંચિયાઓથી રક્ષણ આપવાનું તથા મુશ્કેલીમાં આવી પડેલાં જહાજોને મદદ કરવાનું અને જો ભાંગે તો તેના ભંગાર ઉપર કોઈપણ પ્રકારનો હક્ક ન રાખવાની પણ કબૂલત આપી.

## શ્રી સહજાનંદજી મહારાજ

સ્વામીનારાયણ સંપ્રદાયના પ્રવર્તક શ્રી સહજાનંદજી મહારાજ જૂનાગઢમાં પધાર્યા ત્યારે નવાબ હામેદખાને તેઓશ્રીને પંચાળા દરબાર ઝિણાભાઈ દ્વારા રાજમહેલમાં આમંત્રણ આપી પધરાવ્યા. ત્યાં રાસ

મંડપ રચ્યું. તથા જે મહેલમાં તેમને પધરાવેલા તેને પોતે રંગમહેલ કહ્યો તેથી નવાબે તે નામ સ્વીકારી તે મહેલને રંગમહેલ અને તે લત્તાને રંગમહેલ ફળિયું નામ આપ્યું.[1]

## હામેદખાનનું મૃત્યુ

પોતાની તરંગી, ક્રુર અને અવિચારી પ્રકૃતિના કારણે નવાબે રઘુનાથજી, રણછોડજી, પ્રભાશંકર, દયાળજી વગેરે પરાક્રમી અને સ્વામીભકત મુત્સદ્દીઓ અને મકારથીઓની શકિતનો ઉપયોગ ન કરતાં જૂનાગઢ રાજ્યના મોભા અને દરજ્જાને હલકા પદે મૂકી ઇ. સ. ૧૮૧૧ના ફેબ્રુઆરીની ૨૮મી તારીખે મૃત્યુ પામ્યા.

નવાબ હામેદખાન શરીરે જેવા જાડા હતા તેવી તેની બુદ્ધિ પણ હતી. કર્નલ વોકર તેના માટે લખે છે કે તેનામાં કાપટ્ય, હીચકારાપણું, ઈર્ષા અને લોભ સિવાય કાંઈ હતું નહિ. તેની કુટેવો અને ચારિત્ર્યહીનતાને કારણે તેણે અનેક ઉપાધિઓ વહોરી લીધી હતી[2]. 'તણે તેની વિચિત્ર વર્તણુકથી અને અસ્થિર સ્વભાવથી તે પ્રજામાં અપ્રિય થયા હતા અને તેના સ્વામીભકત સેવકોને તેનો વિશ્વાસ હતો નહિ. વંથળી ઉપર બાબાજીએ ઘેરો ઘાલ્યો ત્યારે તેને ત્યાં સૈન્ય મોકલવું હતું પણ તેના હજુરીઓ કે સરદારો કોઈ તૈયાર થયા નહિ અને જ્યારે તેણે કારણ પૂછ્યું ત્યારે મીરઝાં આજમબેગે કહ્યું જે....વંથળી જોઈએ તેમ નજર પહોંચતી નથી તો શા માટે જે પ્રથમ વેરાવળમાં ચેલા દલેલખાંને મોકલ્યો હતો તેની ખરાબી અમે જોઈ છે. વર્ષ ૮ સુધી સરકારમાં પેદાનો હુકમ નહિ તેનાં પેટીયાં લુગડાં બંધ કીધાં હતાં.[3]' નવાબના ખજાના સદા ખાલી રહેતા. તેને રહેવા માટે કોઈ સારો રાજમહેલ પણ ન હતો. કર્નલ ટોડે તેનું નિવાસસ્થાન જોઈને ઈ. સ ૧૮૧૭માં પ્રગટ કરેલા તેના પુસ્તકમાં[4] લખ્યું છે કે 'નવાબ ખંઢેરમાં રહે છે.' નાચ, રંગ અને આનંદપ્રમોદમાં પડી રહેતા અને રાજ્યતંત્ર ચલાવવાની સંપૂર્ણ કમઆવડત ધરાવતા આ નવાબ પાસે દીવાનભાઇઓ ન હોત અને તેના હિતોનું રક્ષણ તેમણે તેમનાં સ્વમાન અને સલામતીને ભોગે ન કર્યું હોત તો હામેદ-

---

1 'ભક્તશિરોમણિ ઠાકોર શ્રી ઝીણાભાઇ'–શાસ્ત્રી શ્રી ધર્મવલ્લભદાસજી

2 કર્નલ વોકરનો રિપોર્ટ

3 શ્રી કહાનદાસ તાપીદાસનું આત્મચરિત્ર– સંપાદન : શં. હ. દેસાઈ

4 ટ્રાવેલ્સ ઈન વેસ્ટર્ન ઈન્ડિયા–કર્નલ ટોડ

ખાને જરૂર જૂનાગઢનું રાજ્ય ગુમાવી દીધું હોત.

## બહાદરખાનજી રજા

નવાબ હામેદખાને તેના યુવરાજ બહાદરખાન ઉર્ફે દાદામિયાંને તથા તેની માતા રાજકુંવરને, તેના સીદી ગુલામ દ્વારા દારૂ ભારેલું માટલું સળગાવી રાજમહેલને આગ લગાડવાનો પ્રયાસ કરવાનો આક્ષેપ મૂકી પ્રભાસપાટણમાં નજરકેદ રાખેલાં. નવાબ હામેદખાનની બીમારી વધી તેથી આજમબેગ ચેલા, કહાનદાસ તાપીદાસ વૈશ્નવ, મુગટરાય બક્ષી અને ઝીણા મહેતા, આ માતા પુત્રને પ્રભાસપાટણથી તેડી આવ્યા.[1] તેઓ ત્યાંથી દેશાઈ ઉમિયાશંકર જીભાઈ[2] તથા દેશાઈ વાઘજી કહાનજીને પણ તેડતા આવ્યા. નવાબના મૃત્યુ પછી આ સહુએ નવાબને ગાદીએ બેસાડયા.

## ગાદીનો ઝઘડો

અમીરો અને દરબારીઓએ નવાબ બહાદરખાનને ગાદીએ બેસાડયા પરંતુ મર્હૂમ નવાબની બાબી ખાનદાનની બેગમ કમાલબખ્તના પુત્ર સલાબતખાને તેના માતામહ, રાધનપુરના નવાબ દ્વારા બહાદરખાનની માતા બાબી નથી તે મુદ્દા ઉપર પોતાનો હક્ક છે તેમ કંપની સરકારમાં ફરિયાદ કરી. રાધનપુર નવાબની કંપનીમાં લાગવગ હતી તેથી વડોદરાના રેસિડેન્ટ કર્નલ કર્નાકે તેના હક્કને ટેકો આપ્યો પણ જૂનાગઢના મુત્સદ્દીઓએ એવું સાબિત કરી આપ્યું કે, સલાબતખાન હામેદખાનનો કે કમાલબખ્તનો પુત્ર જ ન હતો.

ગાદીવારસનો પ્રશ્ન ઉપસ્થિત થતાં દરબારીઓમાં બે પક્ષો પડી ગયા. બહાદરખાન પક્ષની નેતાગીરી ઉમર મુખાસને લીધી અને સલાબતખાનના પક્ષની નેતાગીરી દીવાન રઘુનાથજીએ લીધી. તારીખે સોરઠમાં આ પ્રશ્ને કાંઈ કહેવામાં આવ્યું નથી. માત્ર બાબી રૂલર્સ ઓફ સોરઠ આ વિધાન કરે છે પરંતુ તે બરાબર જણાતું નથી. જો રઘુનાથજીએ સલાબતખાનનો પક્ષ લીધો હોત તો બહાદરખાનના પ્રથમ દીવાન તરીકે તેની નિમણૂક થઇ તે ન થાત.[3] ગાયકવાડસ ઓફ બરોડા, પુ. ૭ માં એજન્સી અને ગાયકવાડ વચ્ચે પત્ર-

---

1 શ્રી કહાનદાસ તાપીનું આત્મચરિત્ર-સંપાદન : શં. હ. દેસાઇ

2 ઉમિયાશંકર દેશાઈ આ પ્રસંગ પૂર્વે પણ નવાબની કચેરીમાં અગ્રીમ કક્ષાના રાજપુરુષ હતા. જુઓ 'પિતૃતર્પણ'. શં. હ. દેશાઇ.

3 રઘુનાથજીએ સલાબતખાનનો પક્ષ લીધો હતો તેવો ઉલ્લેખ શ્રી કહાનદાસ તેના આત્મ-ચરિત્રમાં કરે છે પરંતુ તે સંભવિત નથી. તેણે નવાબ વિરુદ્ધનો પક્ષ લીધો હોત તો તેને દીવાનપદ આપત જ નહિ.

વ્યવહાર છે તેમાં બહાદરખાન અનૌરસ પુત્ર હતા તેમ જણાવ્યું છે. કેપ્ટન મેકમર્ડોની તપાસ પછી બહાદરખાનને ગાદીવારસ તરીકે ગાયકવાડે સ્વીકારી ને સ્વીતિકૃની અવજી કોડીનાર તથા અમરેલીમાં નવાબનો જે કાંઈ ભાગ હતો તે પણ લખાવી લીધો.[1-2]

## રઘુનાથજી પુનઃ દીવાનપદે

તે પછી રાજતંત્ર સ્થિર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો. મહૂંમ નવાબ એક કરોડ કોરીનું કરજ મૂકતા ગયા હતા. અમીરો અને દરબારીઓમાં પક્ષો પડી ગયા હતા. અને તંત્ર અવ્યવસ્થિત થઈ ગયું હતું. ગાયકવાડે સર્વોપરી સત્તા મેળવી લીધી હતી અને ઈસ્ટ ઇન્ડિયા કંપનીની સાર્વભૌમ સત્તા પણ નિશ્ચિત થઈ ગઈ હતી ત્યારે રાજ્યની પ્રતિષ્ઠા પુનઃ પ્રાપ્ત કરી શકે અને આંતરિક વહીવટ સ્થિર કરી શકે તેવી પહાવદાર વ્યક્તિને રાજ્યનું સુકાન સોંપવાનું આવશ્યક બન્યું.

જનાનામાં રાજમાતાની સલાહકાર પ્રભાસપાટણની ડોસીબુ નામની બાઈ હતી. નવાબની સગીર અવસ્થામાં રાજમાતાની આજ્ઞા લેવી આવશ્યક હતી અને તેથી ડોસીબુ કર્તાહર્તા થઈ પડી. મહૂંમ નવાબના ખાનગી મંત્રી કહાનદાસ તાપોદાસ વૈશ્નવને તેના પદેથી દૂર કરવામાં આવેલ. તે છતાં તે લખે છે કે "સર્વે કારખાનું પાટણનું આવ્યું. બાઈ ડો સીબુ તે રાજકાજથી નાવાકેફ ને મહેતા ઝીણા તથા મુગટરામે પ્રથમના કારકુનને પોતાનામાં મેળવી લીધા એટલે તે પણ એકરૂપ થઈ ગયા. દેશાઈ વાઘજી તે પાકું માણસ. છેટે છેટે રહેતા પણ બાઈ રાજકુંવરને તથા ડોસીબુને દેશાઈનો ભરોસો પૂરતો–[3] આમ વાઘજી દેશાઈ જેવા પ્રખર રાજપુરુષે બેગમને સલાહ આપી કે તમે કહાનદાસને બોલાવીને પૂછો. બેગમ પાસે એક રાત્રે ચુપકીથી કહાનદાસ ગયા અને તેણે કહ્યું કે 'વંથળી દરવાજાની હવેલીમાં તથા ઉપરકોટમાં નવાબે કોરી દટી છે તે ખોદી કાઢી, સિપાહીનો પગાર ચૂકવો તથા દીવાન રઘુનાથજીને બોલાવી દીવાનપદ આપો.'

---

1 આ હકકો રઘુનાથજીને બરતરફ કરતી વખતે લખાવી લીધો હતો પણ કોડીનારનો અર્ધો ભાગ ગાયકવાડે આ સમયે લખાવી લીધો.

2 જુઓ ઈતિહાસદર્શન, ભા. ૪, શં. હ. દેસાઇ.

3 શ્રી કહાનદાસ તાપીદાસનું આત્મચરિત્ર, સંપાદન : શં. હ. દેશાઈ.

બેગમે ડોસીબુ દ્વારા કારભારી મંડલને તેડાવી દીવાન રઘુનાથજીને તેડી આવવા આજ્ઞા કરી. જમાદાર ઉમરને તથા તેના સાથીઓને આ વાત રૂચી નહિ છતાં બેગમની હઠ આગળ કાંઈ ચાલ્યું નહિ અને રઘુનાથજીને તેડી આવવા, જમાદાર ઉમર મુખાસન. હામીદ બીન અમર, સાલમ બીન હમીદ, હસન અબુ બકર, રસ કહાનદાસ શેઠ, કહાનદાસ વૈશ્નવ, મુગટરામ બક્ષી, ઝીણા મહેતા તથા વાઘજી દેશાઈને મોકલ્યા.

દીવાન રઘુનાથજી આવ્યા નહિ પણ રણછોડજીને મોકલ્યા. રાજકુટુંબ તથા દરબારીઓ અને અમીરોને, શા કારણે રઘુનાથજીને પાછા લાવવા સમજાવ્યા હતા તથા તેમણે શી રીતે કરવાનું છે તે માટે રણછોડજીએ કાંઈ કોઈને પૂછ્યું નહિ અને આવતાંવેંત "સહુને ડારા ડફારા દઈ કરસનદાસના ઉચાળા ધોરાજી કઢાડયા ને સર્વેને ભડકાવી નાખ્યા તે ઘડી જમાદાર ઉમર અમરેલી ચડી નીસર્યો ને માસ ત્રણ રહ્યો. પછી દીવાન વિઠોબાના ભાઈ ગોવિંદરાવને સવારે ૩૦૦ થી આંહી તેડી આવ્યો ને ભૂતનાથમાં માસ દોઢ રહ્યો".[1] પણ તે કાંઈ કરી શકયો નહિ. અંધાધૂંધી વિશેષ વધી ગઈ તેથી બેગમે કબીરખાન, નથુખાન તથા ઈસ્માઈલખાનને કુતિયાણા મોકલી રઘુનાથજીને જૂનાગઢ આવી દીવાનગીરી સ્વીકારવા વિનંતી કરી અને જ્યારે તેણે જૂનાગઢમાં પ્રવેશ કર્યો ત્યારે નવાબે અને રાજમાતાએ સામા જઈને તેનું સ્વાગત કર્યું અને તે સાથે તેમને વંશપરંપરાગત દીવાનગીરી પ્રદાન કરી.

## કંપની-ગાયકવાડની સવારી

ઇ. સ. ૧૮૧૨માં ઈસ્ટ ઇન્ડિયા કંપનીના સૈન્ય કેપ્ટન કર્નાકની સરદારી નીચે ફતેહસિંહરાવ ગાયકવાડ સૌરાષ્ટ્ર ઉપર પેશકશી લેવા આવ્યા તેની સાથે સૌરાષ્ટ્ર ઉપર ચડયા ગાયકવાડના સેનાપતિ વિઠ્ઠલરાવ દેવજી પણ સાથે લઈ ગયા. આ પ્રચંડ સૈન્યે જૂનાગઢ પાસે લાલવડ ગામે છાવણી નાખી અને પોતાના પિતાની ગાદી ઉપર નવાબ બેઠા તેનું નજરાણું ભરી જવા નવાબને આજ્ઞા કરી.

આ નવા પ્રકારનો કર અને અનધિકૃત લેવી આપવા દીવાન રઘુનાથજીએ ઈન્કાર કર્યો અને સમસ્ત શકિત અને બળથી સંયુકત સૈન્યોનો સામનો કરવા કિલ્લેબંદી કરી અને લાલવડથી જૂનાગઢના માર્ગમાં કાંટા, પથ્થર અને અન્ય અવરોધક પદાર્થો પાથરી દઈ, શત્રુઓની આગેકૂચને મુશ્કેલ બનાવી દીધી.

---

1 એજન. તારીખે સોરઠ આ માટે મૌન છે.

રઘુનાથજીનો નિશ્ચય અને મક્કમ નિરધાર તેમજ ભૂતકાળની પ્રતિષ્ઠા અને શક્તિનો વિચાર કરી કેપ્ટન કર્નાકે સમાધાનનો સંદેશો મોકલ્યો અને ગાયકવાડની વારસા નજરાણાની માગણી પાછી ખેંચાવી લીધી.

આ સમયે દીવાન વિઠ્ઠલરાવ દેવાજીની પુત્રીનાં લગ્ન અમરેલી મુકામે નિર્ધારિત થયાં. તેમાં ઉપસ્થિત થવા તેણે ગાયકવાડના મંત્રી ગંગાધર શાસ્ત્રીને દીવાન રઘુનાથજી પાસે મોકલ્યા અને અમરેલી આવવા આમંત્રણ પાઠવ્યું. આ આમંત્રણને માન આપી દીવાનજી ત્યાં ગયા. પ્રસંગની પૂર્ણાહુતિ પ્રસંગે, જમાદાર ઉમર મુખાસને ગાયકવાડની મદદ માગેલી ત્યારે અમરેલી અને કોડીનાર પરગણાનો અર્ધો ભાગ લખી આપેલો. તેનો પાકો અમલ કરવા વિઠ્ઠલરાવ દેવાજીએ પ્રસ્તાવ મૂક્યો. દીવાન રઘુનાથજીએ આ કરાર નવાબે નહિ પણ નવાબની અસહાય સ્થિતિમાં તેની સમ્મતિ વગર મુખાસને કર્યો છે તે રદ ગણવો જોઈએ એમ દલીલ કરી વાટાઘાટો લંબાવતા હતા ત્યાં જૂનાગઢથી નવાબ અને રાજમાતાના ગંગાધર શાસ્ત્રી અને વિઠ્ઠલરાવ દેવાજી ઉપરના પત્રો લઈને ખાસ કાસદો આવ્યા. આ પત્રોમાં જણાવેલું કે આ પ્રશ્નની ચર્ચા રઘુનાથજી સાથે વાત કરવી નહિ અને નવાબ તે માટે વિચાર કરી પછીથી વિઠ્ઠલરાવ કહેશે તેવો નિર્ણય લઈ તે કહેશે તેમ કરી આપશે.

આ પત્ર વાંચી દીવાન રઘુનાથજીને ઘણું જ માઠું લાગ્યું અને તરત જ જૂનાગઢ આવી રાજમાતાને મળી તેમનો ક્રોધ વ્યક્ત કર્યો. રાજમાતાએ ગાયકવાડને રોકડ રકમ આપવા વિચાર દર્શાવ્યો પણ તે પ્રશ્નનું નિરાકરણ આવે તે પૂર્વે જમાદાર ઉમર મુખાસને પાકા કરાર ઉપર નવાબની સહી કરાવી લીધી. આમ જૂનાગઢના રાજ્યમાંથી અમરેલી અને કોડીનાર જેવાં પગરણાં નીકળી ગયાં.

આ પ્રસંગે કંપની સરકાર અને ગાયકવાડની સમ્મતિથી નવાબે દીવાન રઘુનાથજીને, વાડાસાડા, મેસવાણ ખાગેશ્રી અને ઈશ્વરિયા વંશપરંપરા ઈનામમાં આપ્યાં.

## કુદરતી આફતો

ઈ. સ. ૧૮૧૧માં ચાર માસ સુધી આકાશમાં ધૂમકેતુ દેખાયો. તેની પૂંછડી ઊંધા રાખેલા સાવરણા જેવી હતી અને તેની લંબાઈ પૃથ્વી ઉપરથી આઠ હાથ જેટલી જણાતી હતી.

ઈ. સ. ૧૮૧૨–૧૮૧૩માં ભયંકર દુષ્કાળ પડ્યો. અનાજ અને ઘાસચારાના અભાવે અસંખ્ય મનુષ્યો અને પશુઓ મરણશરણ થયાં.

ઈ. સ. ૧૮૧૦માં ફરીથી ધૂમકેતુ દેખાયો.[1]

ઈ. સ. ૧૮૧૪માં મહામારી આવી. અગણિત મનુષ્યો તેનાં ભોગ બન્યાં. જાહેર માર્ગો મૃતદેહોથી છવાઈ ગયા. જૂનાગઢ શહેરમાં એટલો ઉગ્ર પ્રકોપ હતો કે નગર લગભગ ઉજ્જડ થઈ ગયું.

ઈ. સ. ૧૮૧૯માં જેઠ માસમાં ભયંકર ધરતીકંપ થયો. મોટાં મોટાં મકાનો ધરાશાયી થયાં અને જમીન ફાટી તેમાંથી પાણી નીકળી આવ્યું. ધરતીકંપના આંચકા બે દિવસ સુધી આવ્યા કર્યા. ઈ. સ ૧૮૨૫માં ભીષણ દુષ્કાળ પડયો. તેમાં પણ હજારોની સંખ્યામાં માણસો અને પશુઓ મૃત્યુ પામ્યાં.

## જમાદાર ઉમર મુખાસન

રઘુનાથજી અને રણછોડજીની કારકિર્દીની સંધ્યાકાળે જૂનાગઢની કચેરીમાં ઉમર મુખાસન રૂપી નવા તારકનો ઉદય થયો. આ વગદાર અને દુરંદેશી સરદારે ગાયકવાડને અમરેલી તથા કોડીનારનો અર્ધો હિસ્સો આપતાં ખતમાં, રઘુનાથજીના વિરોધ છતાં નવાબની સહી કરાવી વિઠ્ઠલરાવ દેવાજીની પ્રીતિ પ્રાપ્ત કરી. તેણે જમાદાર હસન અબુબકર, સાલેહ બીન અબુદ, સાલમ બીન હમીદ અને બીજા આરબ સરદારોનો પણ સહકાર મેળવી લીધો.

વિઠ્ઠલરાવ દેવાજીની ઈચ્છા જૂનાગઢની નવાબી સદાને માટે મિટાવી પોતે સોરઠનો સ્વામી બને તે જોવાની હતી. તેણે જમાદાર ઉમરને હાથમાં રાખી જૂનાગઢના રાજતંત્રમાં હસ્તક્ષેપ કરવા માંડયો અને યુવાન નવાબ તેની ગંભીરતા કે પરિણામ સમજી શકયો નહિ.

## દીવાન ભાઈઓ

આવી પરિસ્થિતિમાં દીવાન ભાઈઓને જૂનાગઢમાં વિશેષ સમય રહેવાનું યોગ્ય જણાયું નહિ. ઈ. સ. ૧૮૧૪માં તેના સહુથી નાના ભાઈ દલપતરામ ગુજરી ગયા હતા અને પોતાની પણ વય થઈ હતી તેથી બંને ભાઈઓ એક મોટો સંઘ કાઢી જૂનાગઢ છોડી યાત્રાએ ચાલ્યા ગયા. રઘુનાથજી નાસિક ગયા અને તે પ્રવાસ દરમ્યાન રાજાઓ, સરદારો, અંગ્રેજ અમલદારો, વ્યાપારીઓ

---

1 આ ધૂમકેતુ ઈ. સ. ૧૮૧૩માં બીજી વાર દેખાયો કે કેમ તે સ્પષ્ટ થતું નથી. તારીખે સોરઠની એક પ્રતમાં સં. ૧૮૬૭ અને બીજીમાં સં. ૧૮૬૯ લખ્યું છે. કદાચ બીજીવાર દેખાયો હોય !

અને અન્ય નાગરિકોને મળ્યા. તેઓએ તેમને બહુમાન આપ્યું. રણછોડજી. માત્ર અંબાજી, બેચરાજી વગેરે સ્થળે રહ્યા અને રઘુનાથજી પાછા વળ્યા ત્યારે તેની સાથે જોડાઈ ગયા.

તેઓ જૂનાગઢ પાછા ફર્યા ત્યાં ઉમર મુખાસન બળવાન થઈ ગયો હતો અને કચ્છનો સુંદરજી શિવજી સોદાગર, કેપ્ટન બેલેન્ટાઈનની કૃપા પ્રાપ્ત કરી, કંપનીનો પ્રતિનિધિ થઈ ગયો હતો. તેની સલાહ અને સહાયથી નવાબે દીવાન રઘુનાથજીને તેનાં લહેણાં બદલ કુતિયાણા માંડી આપેલું તે છીનવી લીધું. રઘુનાથજીને આશા હતી કે કેપ્ટન બેલેન્ટાઈન તેને કુતિયાણા પાછું લેવામાં સહાય કરશે પણ તે આશા ઠગારી નીવડી. આથમતા સૂર્યને નમસ્કાર કરવાનું અંગ્રેજ અધિકારીને યોગ્ય જણાયું નહિ.

દીવાન ભાઈઓમાં નિરાશા વ્યાપ્ત થઈ પરંતુ તેથી હિમ્મત ન હારતાં શાંત ચિત્તે પરિસ્થિતિ ઉપર નજર રાખતા બેસી રહ્યા.

આ દિવસોમાં રઘુનાથજીના નાના ભાઈ દલપતરામના પુત્ર શંભુપ્રસાદનાં લગ્ન અવલરામ અંબાવીદાસની પુત્રી વેરે થયાં. તેમાં દીવાન ભાઈઓએ ખૂબ ધામધૂમ કરી. તે સમયમાં મોટાં કુટુંબોમાં ઉજવાતાં લગ્નપ્રસંગ અને તેમાં કરવામાં આવતાં સુશોભનનો ખ્યાલ તારીખે સોરઠમાં કરવામાં આવેલા વર્ણન ઉપરથી આવે છે. તેમાં લખ્યું છે કે આ લગ્નપ્રસંગે '—સ્ત્રી અને પુરુષ નર્તકો, ગવૈયાઓ અને ઉસ્તાદોના જુદા જુદા પ્રયોગો કરવામાં આવ્યા અને કાચ, અબરખ તથા રંગીન કાગળોના હજારો દીવાઓથી શણગાર કરવામાં આવેલો. તેનાથી દિવસના રાત્રી જેવું લાગતું હતું અને રાત્રીના દિવસ જેવું લાગતું હતું. વરઘોડામાં હજારો સશસ્ત્ર સૈનિકો, અશ્વારોહી સિપાઈઓ, રથો, ગાડાઓ અને હાથીઓ હતા.'

આ પ્રસંગે કેપ્ટન બેલેન્ટાઇન તથા વિઠ્ઠલરાવ દેવાજી આવવાના હતા પણ આવ્યા નહિ.

## નવાબ બહાદરખાન કેદ

નવાબોને આરબો વગર ચાલતું નહિ અને આરબો નવાબને કેદ ન કરે તો તેનો અર્થ સરતો નહિ આ ક્રમ વર્ષોથી ચાલ્યો આવતો હતો પરંતુ આ પ્રસંગે જમાદાર ઉમર મુખાસને સશસ્ત્ર આરબ સૈનિકો સાથે રંગમહેલમાં પ્રવેશ કરી નવાબ બહાદરખાન બેઠા હતા તેને બથ ઘાલી પકડી લીધા અને બીજા આરબે તલવાર ખેંચી અને તેનો ઘાત કરવા વાર કર્યો પણ તે પ્રસંગે જમાદાર સાલમ બીન હમીદ તથા હસન અબુબકર હાજર હતા તેણે

આ વાર આડો વાળી દઈ નવાબનો જાન બચાવી લીધો.

ઉમર મુખાસનની આ નિંદ્ય અને નિમકહરામી પ્રવૃત્તિનું વર્ણન નવાબે પોલિટિકલ એજન્ટ બેલેન્ટાઈન ઉપર લખી મોકલી તેની સહાય માગી. તેણે તેના ઉત્તરમાં વગર વિલંબે દીવાન રઘુનાથજીને દીવાનપદ આપવા આગ્રહ કર્યો.

ઉમર મુખાસન એવો બળવાન અને વગદાર હતો કે આવા હુમલા છતાં નવાબ કાંઈ કરી શકયા નહિ. રઘુનાથજીને નવાબ દીવાનપદે નિયુક્ત કરે છતાં ઉમરનું બળ તૂટે તેમ હતું નહિ તેથી તેણે રણછોડજી, મુગટરામ તથા અમરૂલ્લાહને બેલેન્ટાઈન પાસે મોકલ્યા અને જાહેર કર્યું કે ઉમર બળવાન છે. વળી તેને ગાયકવાડના સેનાપતિ વિઠ્ઠલરાવનો ટેકો છે અને તેને પારપત કરવા માટે માત્ર બ્રિટિશ સેના જ સમર્થ છે. બેલેન્ટાઇને આ ઉપરથી કેપ્ટન એસ્ટનને સૈન્ય સાથે જૂનાગઢ મોકલ્યો અને તેણે ઉમર મુખાસનને પરહેજ કરી તેનું મુખ્ય ઢાંકી ઉઘાડે પગે ચલાવી બેઈજ્જતી કરી હદપાર કર્યો.

વિઠ્ઠલરાવને આ કૃત્યથી દુઃખ લાગ્યું પણ તે કાંઈ કરી શકે તેમ ન હતું તો પણ તેણે તેની લાગવગ વાપરી ઉમર મુખાસનને પીપળિયા અને ટીંબડી ગામો નવાબ પાસેથી અપાવ્યાં અને નવાબે સાલમ બીન હમીદને સાંગાવાડા અને હસન અબુબકરને ચાલીસ હજાર કોરી રોકડી આપી અને તે ત્રણેનું નવાબ પાસે લહેણું હતું તેની પહોંચ લઈ લીધી.

આ કાર્યમાં દીવાન ભાઈઓએ નવાબને સહાય કરેલી તેથી નવાબે રઘુનાથજી તથા રણછોડજીને દીવાનપદે નિયુક્ત કર્યા અને ઉમરને પકડીને હદપાર કરવાના કાર્યમાં સક્રિય સહાય આપી તે માટે નવાબે ઈસ્ટ ઈન્ડિયા કંપનીને રૂા. ૨,૬૪,૨૮૫-૧૨ ૭ ખર્ચ પેટે ચૂકવ્યા. તે ઉપરાંત નવાબે કંપની સરકારને મુલકગીરીનો ખર્ચ આપવા, તેમાં સાથ આપવા, કંપનીના અધિકાર નીચેના ધંધુકા, રાણપુર અને ઘોઘા તાલુકાઓ ઉપર નવાબના મુલકગીરી લેવાના હક્કો છોડી દેવા, એક લાખ કોરીની ઊપજવાળા પ્રદેશો કંપનીને સોંપી દેવા અને એજન્સી મંજૂર ન કરે તેવા આરબોને નોકરીમાં ન રાખવા નવાબે કબૂલાત આપી કરાર કરી આપ્યો. આ કરારમાંથી મુંબઈના ગવર્નરે એક લાખ કોરીની ઊપજવાળા પ્રદેશો સોંપવાની શર્ત રદ કરતાં બાકીના કરારનો અમલ તા. ૧૩મી એપ્રિલ ૧૮૨૭થી કરવામાં આવ્યો.

આમ આરબ જમાદાર ઉપર બીન મુખાસનની વિદ્રોહી અને રાજકર્તા

વિરોધી પ્રવૃત્તિને કારણે રાજ્યને બહુ મોટું નુકસાન થયું.

## સુંદરજી શિવજી સોદાગર

કચ્છના વતની અને રાજાઓને તથા કંપની સરકારને સૈન્ય માટે ઘોડાઓ પૂરા પાડતા સુંદરજી શિવજી સોદાગર નામના વ્યાપારીએ રાજકારણમાં પ્રવેશ કર્યો અને અંગ્રેજ અમલદારો સાથે મૈત્રી કરી તેણે જૂનાગઢ રાજ્યમાં દીવાનપદ પ્રાપ્ત કરવા પ્રયાસો શરૂ કર્યા તેણે નવાબનો પરિચય કરી તેને એવી વાતો કરી કે જો તેને દીવાનગીરી આપવામાં આવે તો અંગ્રેજ અમલદારો સાથેની તેમની લાગવગ અને સમૃદ્ધ ધનકોષથી નવાબ પાસેથી ગોંડલે લઈ લીધેલાં ધોરાજી અને ઉપલેટા પરગણાં તે પાછાં મેળવી દેશે અને વાડાસિનોરનું રાજ્ય પણ બહાદરખાનના જયેષ્ઠ પુત્ર તરીકે નવાબના પિતાનું હતું તે પણ તેના કાકાએ દબાવી દીધું છે તે પાછું લઈ દેશે. તેણે એમ પણ નવાબને કહ્યું કે દીવાન અને મુત્સદ્દીઓએ નવાબના હક્કો ડુબાવી મોટી સંપત્તિ એકત્ર કરી છે તેથી તેમની પાસેથી પચાસ લાખ કોરી જેટલો દંડ તે વસૂલ કરાવી દેશે અને માંગરોળ ખાલસા કરી જૂનાગઢ રાજ્યમાં ભેળવી દેશે

નવાબે આ પ્રલોભનોને વશ થઈ રઘુનાથજી તથા રણછોડજીને મુક્ત કર્યા અને ઈ. સ. ૧૮૧૮માં સુંદરજીને દીવાનગીરી આપી.

સુંદરજીએ નાગરો અને મુત્સદ્દીઓને અપાર ત્રાસ આપ્યો તેથી તે વર્ષ વિ. સં. ૧૮૭૪નું હોવાથી 'નાગરોનો ચુમોતરો' નામથી પ્રસિદ્ધ થયું.

સુંદરજીએ તે પછી અમરૂલ્લાહ તથા મુગટરામ બક્ષીને પોતાના પક્ષમાં લઈ પોલિટિકલ એજન્ટ બેલેન્ટાઈનનો ટેકો મેળવી રઘુનાથજી દીવાનના પક્ષના અમરજી રૂદ્રજી ઝાલા તથા મૂળચંદ હેમતરામને પકડી લીધા અને અમરૂલ્લાને દીવાનપદ અપાવી પોતે સર્વસત્તાધીશ થઈ પડયો. અમરૂલ્લાહ નામનો દીવાન રહ્યો

## સાધુઓની કતલ

અમરજી રૂદ્રજી તથા મૂળચંદ હેમતરામને કેદ પકડતાં તેના બહાંધર કોયલીના મહંત કૃપાલગિરિ, જૂનાગઢના સૈયદો, મેઘપુરના ભાટ મૂળુ નરસંગ અને કલાલોએ નવાબને આ બન્ને રાજપુરુષોને મુક્ત કરવા વિનંતી કરી પણ તેનો સ્વીકાર થયો નહિ ત્યારે તેઓ ધારણે બેઠા. નવાબે શેખ અમરૂલ્લાહ, મિયાં અબ્દુલકાદર, ઝીણા મહેતા તથા મુગટરામ બક્ષીને તેઓને સમજાવવા મોકલ્યા જ્યારે તેઓ સમજ્યા નહિ અને અમરજી તથા મૂળચંદની મુક્તિ

સિવાય તેઓએ કોઈ પણ શર્ત કે આશ્વાસન માન્ય રાખવાનો ઈન્કાર કર્યો ત્યારે નવાબે સામતખાન બાબી અને જમાલખાન બલોચને આશરે સો સૈનિકો લઈને તેઓને મારી નાખવા મોકલ્યા. સામતખાન આવતાં સૈયદો ઊડી ગયા પણ ભાટો, કલાલો તથા અતિતો બેસી રહ્યા. આ નિર્દોષ માનવીઓની છૂટે હાથે ક્રૂર કતલ કરવામાં આવી. એક તપસ્વી સાધુ ત્યાં મૃત્યુ પામ્યો નહિ. તેને ઘસડીને પછાડીને ઉપરકોટમાં લઈ આવ્યા અને ત્યાં તેને કતલ કર્યો.

## પ્રભુદાસ વસાવડા દીવાન

આ નિંદ્ય અને ક્રુરતાભરેલા અધમ કૃત્યથી સર્વત્ર હાહાકાર થઇ ગયો. અન્ય રાજ્યોને કચડી નાખી નવાબની સત્તાને સર્વોપરી બનાવનારા દીવાન ભાઈઓ અને અન્ય મુત્સદ્દીઓ ચુપચાપ બેસી રહ્યા. સુંદરજી શિવજી ઉપર કેપ્ટન બેલેન્ટાઈનનો હાથ હતો તેથી તે માટે એજન્સીએ પણ કાંઇ પગલાં લીધાં નહિ નિર્દોષ સાધુઓની વિના કારણ કતલ કરનાર નવાબના દીવાન સુંદરજીને જૂનાગઢમાં વિશેષ રહેવું શક્ય ન હતું તેથી તેણે જૂનાગઢ બહાર ચાલ્યા જવાનું યોગ્ય ધાર્યું અને સૈન્યના ચડત પગારની અર્ધી રકમ પંદરથી ચૂકવી દેવાની શર્તે નવાબે પ્રભુદાસ વસાવડાને દીવાનપદ આપ્યું પરંતુ સાધુઓની કતલ પછી વાતાવરણ એવું કલુષિત થઈ ગયેલું કે પ્રભુદાસ પંદર દિવસમાં જ છૂટા થયા.

## કોયલીનું સમાધાન

પ્રજાનો રોષ ભભૂકતો હતો. કોઈનામાં તેમ છતાં એક શબ્દ પણ ઉચ્ચારવાની હિંમત ન હતી; સ્વાર્થ સિવાય અન્ય કોઈ વિચાર ન હતો. સમાજ, રાષ્ટ્ર, ધર્મ કે દેશની તે સમયમાં કોઈને કાંઈ પડી ન હતી અને આગેવાનો માત્ર રાજસત્તા મેળવવા કે પોતાનું સ્થાન બચાવવામાં પડયા હતા ત્યારે વિરોધ કોણ કરે ? છતાં નવાબે પ્રજાનું માનસ વિચારી કોયલીના મહંતને બોડકા અને નવલખી નામનાં ગામડાંઓ આપી સમાધાન કર્યું. નવલખીને બદલે પાછળથી ઉચેરા આપ્યું જે હાલ રંગપુર નામે ઓળખાય છે. અમરજી તથા મૂળચંદને પણ મુક્ત કર્યા.

## દીવાન રઘુનાથજીનું મૃત્યુ

વિ. સં. ૧૮૭૫ના જેઠ માસમાં ભયંકર ધરતીકંપ થયો અને તે જ વર્ષના આસો સુદ દશમને દિવસે દીવાન રઘુનાથજી માત્ર ૫૬ વર્ષનું આયુષ્ય ભોગવી ગુજરી ગયા.

રઘુનાથજી એક વીર પિતાના પરાક્રમી અને શક્તિશાળી પુત્ર હતા. તેઓ એક મહાન સેનાધ્યક્ષ, કુશળ મંત્રી અને વીર યોદ્ધા હતા. તેનામાં કલમ અને કટારનો સુમેળ હતો. રઘુનાથજીને તેના પ્રતાપી પિતાના સિદ્ધાંતો ઉપર ચાલવાનું હતું અને તે સાથે તરંગી અને નિર્મળ મનના માલિકોની મહેરબાની અચળ રહે તે માટે સતત જાગૃત રહેવાનું હતું. તેની ધર્મભાવના, ઔદાર્ય, નીતિરીતિ, યુદ્ધકૌશલ્ય, વિદ્વતા, પ્રતિભા અને વ્યક્તિત્વથી તેણે એ સમયના રાજપુરુષોમાં અગ્રસ્થાન પ્રાપ્ત કર્યું હતું. તેણે ગંભીરતાપૂર્વક રાજકીય સમતુલા જાળવી જૂનાગઢ રાજ્ય કે જેનો રાજકર્તા મુસ્લિમ હતો, સેનામાં મુસ્લિમો હતા, પ્રજાનો મોટો ભાગ હિન્દુ હતો. શત્રુઓ હિન્દુ હતા તેવા રાજ્યનો તેણે કુશળતાપૂર્વક કારભાર કર્યો અને જ્યારે જ્યારે અસત્ય, અનીતિ કે અન્યાય આચરવાનું અનિવાર્ય બનતું ત્યારે ત્યારે તેણે તેના સિદ્ધાંતોનો ત્યાગ ન કરતાં પોતાના પદનો ત્યાગ કરવામાં અને ધન અને વૈભવનો ભોગ આપવાનું પસંદ કર્યું હતું. રઘુનાથજી સ્વામીભક્તિ અને નિમકહલાલીના અનુપમ અને આદર્શ દૃષ્ટાંતરૂપ હતા. સાડા ત્રણ દાયકા સુધી સૌરાષ્ટ્રના ઇતિહાસમાં તેણે એક અનોખી ભૂમિકા ભજવી હતી. તેણે જૂનાગઢ રાજ્યને અગ્રિમ રાજ્ય બનાવ્યું અને જામનગર રાજ્યને સદ્ધર અને શક્તિશાળી રાજ્ય બનાવવામાં સક્રિય હિસ્સો આપ્યો. જો તેણે અને રણછોડજીએ તેના પિતાના ઘાતનો બદલો લેવા ધાર્યું હોત તો તેઓ સોરઠના સ્વામી થઈ શક્યા હોત અથવા જૂનાગઢ પ્રત્યે દ્વેષ રાખી વેર લેવા ધાર્યું હોત તો તેઓ નવાબીને નષ્ટ કરી શક્યા હોત. જો તેમણે જૂનાગઢ પ્રત્યેનો અનુરાગ તજ્યો હોત તો ગાયકવાડ કે અન્ય રાજકર્તાની કૃપા મેળવી નામના અને નાણું મેળવી શક્યા હોત પણ તેમની જન્મભૂમિ અને કર્મભૂમિ જૂનાગઢની તેમણે અનેક યાતનાઓ અને દુઃખ ભોગવીને અનુપમ સેવા કરી અને તેમની ઉમદા વિચારશ્રેણી, શુદ્ધ સંસ્કારો અને ઉચ્ચ પ્રણાલિકાઓ ઉપર ચાલી બલિદાનની પરંપરા જાળવી.

કારાવાસ, અપમાન, દગાફટકા, કાવાદાવા અને ખટપટના વારંવાર ભોગ બન્યા છતાં તેણે નવાબને વફાદાર રહી તેની સત્તાને સ્થિર કરવામાં અને રાજ્યનું જ હિત જોવામાં જીવન ખર્ચી નાખ્યું. તે માટે આજે ટીકાકારો, તેની આજની દૃષ્ટિએ ટીકા કરી શકે છે. પણ તે માટે તે સમયની રાજનીતિ અને વિચારધારા જે પ્રકારની હતી તે દૃષ્ટિ સમક્ષ રાખી તેનો ન્યાય કરવો જોઈએ.

રઘુનાથજીને પુત્ર ન હતો, એક પુત્રી હરકુંવર હતાં, તેથી રઘુનાથજીએ

તેના નાનાભાઇ દલપતરામના પુત્ર શંભુપ્રસાદને દત્તક લીધા હતા.

## સુંદરજી શિવજી પુનઃ દીવાન

ઈ. સ. ૧૮૨૦માં સુંદરજી શિવજી પુનઃ જૂનાગઢના દીવાનપદે આવ્યો. તેણે તેના ભત્રીજા રતનશી જેઠા તથા હંસરાજ જેઠાને સૌરાષ્ટ્રની જમાબંદી ઉઘરાવવાનું કામ સોંપાવ્યું અને પોતે જૂનાગઢનાં બધાં પરગણાંઓનો દશ વર્ષ માટે ઈજારો રાખી જોરજુલમથી પુષ્કળ દ્રવ્ય સંચિત કર્યું. કેપ્ટન બેલેન્ટાઈન તેનો જામીન થયો. એમ પણ જણાય છે કે અંદરખાને તે સુંદરજીનો ભાગીદાર હતો.

## ગાયકવાડની જમા

ગાયકવાડ સરકાર સૌરાષ્ટ્રના રાજાઓ પાસેથી જે જમા વસૂલ લેતા તથા જૂનાગઢના નવાબ જોરતલબી લેતા તે ઈસ્ટ ઇન્ડિયા કંપની વસૂલ કરી આપે તેવો પ્રબંધ થતાં જૂનાગઢે કંપની સાથે ઈ. સ. ૧૮૨૧ના ફેબ્રુઆરીની ૧૦મી તારીખે તે મતલબનો એક કરાર કર્યો. તે સાથે અફીણની આયાત, વિક્રય અને વિતરણ વગેરેના નિયમોનો પણ સ્વીકાર કર્યો.

## નવાબ બહાદરખાનનાં લગ્ન

ઈ. સ. ૧૮૨૦માં કચ્છના રાઓ ભારમલજીની મુસ્લિમ રાણીથી થયેલી પુત્રી કેસરબાઈનાં લગ્ન નવાબ બહાદરખાન સાથે થયાં. આ પ્રસંગે, બેલેન્ટાઈનના અનુગામી પોલિટિકલ એજન્ટ મેજર બાર્નવેલે હાજરી આપી. કેસરબાઈનું ઈ. સ. ૧૮૨૪માં મૃત્યુ થયું.

## સુંદરજીનું મૃત્યુ

ઈ. સ. ૧૮૨૩માં સુંદરજી શિવજી કચ્છમાં ગુજરી ગયો. નવાબે તેના ભત્રીજાઓ રતનશી તથા હંસરાજને તરત જ હદપાર કર્યા. આ સાહસિક અને ચાણક્ય બુદ્ધિના વ્યાપારીએ અંગ્રેજોની છાવણીઓમાં માલ પૂરો પાડવાના કામથી પ્રારંભ કરી મોટાં મોટાં રાજ્યોનાં દીવાનપદ ભોગવ્યાં અને ઘણાં રાજ્યો પાસેથી ગામ-ગિરાસ મેળવ્યાં અને પુષ્કળ ધન એકત્ર કર્યું. તેણે જૂનાગઢના તંત્રમાં લગભગ એક દાયકો અગ્રત્યનું સ્થાન ભોગવ્યું. કર્નલ ટોડના શબ્દોમાં 'તેણે નગરની દીવાલોથી પ્રશંસાને પાત્ર એવા સ્થાને (ગિરનાર) જવા માટે વનમાંથી સુંદર વૃક્ષાચ્છાદિત માર્ગ, કાઢી તેના ઉપર આંબા, જાંબુ અને બીજાં ઝાડો વાવી થાકેલા યાત્રિકોને ફળો અને વિશ્રામ

આપી તેની આશીષો મેળવી પોતાનું નામ અમર કર્યું છે.[1]

**બાવાવાળા**

વીસાવદર પ્રગણું પ્રાંતાનું છે અને નવાબે જબરજસ્તીથી દબાવી દીધું છે એમ કહી ત્યાંના કાઠી દરબાર બાવાવાળાએ જૂનાગઢ રાજ્ય સામે બહારવટું કર્યું. તેણે ગામડાઓ ઉજ્જડ કર્યાં અને નવાબની હકૂમત નહિવત્ કરી દીધી. નવાબના અધિકારીઓ તેને પારપત કરવામાં નિષ્ફળ ગયા.

અંગ્રેજ નૌકાસૈન્યના એક અધિકારી કેપ્ટન ગ્રાન્ટની સેવાઓ ગાયકવાડને આપેલી તે મુદત પૂરી થતાં કેપ્ટન ગ્રાન્ટ એક ખાસદાર તથા દુભાષિયા મુનશી સાથે ગિરપ્રદેશમાંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે બાવાવાળાએ તેને પકડી લીધો અને અપાર દુઃખ દીધું.[2] કેપ્ટન ગ્રાન્ટને બાવાવાળાએ કહ્યું કે, જો નવાબ તેના પ્રદેશો પાછા આપે તો જ તેને તે મુક્ત કરશે. ગ્રાન્ટે મેજર બાર્નવેલને લખ્યું અને તેણે દીવાન રણછોડજીને ગ્રાન્ટને છોડાવવા લખ્યું. રણછોડજીએ તે માટે યોગ્ય માણસો મોકલ્યા જેની સાથે ગ્રાન્ટે એક અંગ્રેજી પત્ર રણછોડજીને લખ્યો. રણછોડજી અંગ્રેજી જાણતા ન હતા તેથી તેણે તે (પત્ર) મુનશી ભવાનીદાસને વાંચવા આપ્યો. તેણે તે પત્રની બેલેન્ટાઇનને વાત કરી તે ઉપરથી તેણે તેના કૃપાપાત્ર સુંદરજી શિવજીના ભત્રીજા હંસરાજ જેઠાને બહારવટિયા સાથે વાટાઘાટ કરવા મોકલ્યો. હંસરાજે બાવાવાળાને અમુક ગામો આપી ગ્રાન્ટની મુક્તિ મેળવી. બાવાવાળા તે પછી ગુજરી જતાં આ ગામો નવાબે ખાલસા કર્યાં.[3]

આ પ્રસંગ ઈ. સ. ૧૮૨૨માં બન્યો તેમ 'બાબી રૂલર્સ ઓફ સોરઠ'માં જણાવ્યું છે જ્યારે જનરલ સર લી ગ્રાન્ડ જેકબના 'વેસ્ટર્ન ઇન્ડિયા આફ્ટર એન્ડ ડ્યુરિંગ મ્યુટિનિઝ'માં કેપ્ટન ગ્રાન્ટનો ઈ. સ. ૧૮૭૧માં લખેલો પત્ર છપાયો છે. તેમાં તેને ઈ. સ. ૧૮૨૦માં પકડયો હોવાનું તે કહે છે.

---

1 ટ્રાવેલ્સ ઈન વેસ્ટર્ન ઇન્ડિયા-કર્નલ ટોડ. અન્યત્ર આ માર્ગ દીવના સંઘજીએ કાઢયો હોવાનું વિધાન છે.

2 ટોપી ને તલવાર નર બીજાને નમે નહિ
બંદીખાને મહિના ચાર બાંધી રાખ્યો બાવલા. (લોકસાહિત્ય)

3 વિગતો માટે જુઓ સૌરાષ્ટ્રનો ઇતિહાસ-શં. હ. દેશાઈ.

## બહાદરખાનના દીવાનો

સુંદરજી શિવજીના મૃત્યુ પછી નવાબે સૈયદ હુસેનમિયાંની દીવાનપદે નિમણૂક કરી અને ઈ. સ. ૧૮૨૫માં તેને મુક્ત કરી પોતાના ધર્મગુરુ અહમદખાન ફકીરની ભલામણથી ગોવિંદજી અમરજી ઝાલાને દીવાનપદ આપ્યું.

## અહમદખાન ફકીર

મોહકીમુદ્દીન પંજુ નામના સંતના શિષ્ય, અહમદખાનને નવાબે ગુરુ બનાવી તેનું પ્રત્યેક વિષયમાં માર્ગદર્શન મેળવી તેની આજ્ઞાનુસાર તે સમગ્ર કાર્યભાર કરતા રહ્યા. પરિણામે અહમદખાનનું વર્ચસ્વ એટલું પ્રબળ થઈ ગયું કે મખદુમમિયાં ચિશ્તી, ઈસ્માઈલબેગ ચેલા, સૈયદ કરવા અને ફત્તેહખાને કાવત્રુ કરી સુંદરજીના પુત્ર દેવશીને બોલાવી તેના હાથે સૈયદ કરવાની મદદથી ઈ. સ. ૧૮૨૫માં અહમદખાનનું ખૂન કરાવ્યું.[1]

નવાબને અહમદખાનના ખૂનથી અતિશય આઘાત લાગ્યો અને તેણે તેના ખૂનના જવાબદાર ફત્તેહખાનને મોતની સજા કરી. સૈયદ કરવા અને ઈસ્માઈલ ચેલાને હદપાર કર્યા અને મખદુમમિયાં ચિશ્તીને એક વર્ષની કેદની સજા કરી અને તે સજા ભોગવી લે ત્યારે સાઠ હજાર કોરીનો દંડ ભરી હદ છોડી જવાનો હુકમ કર્યો. અહમદખાનના પુત્ર ઈસબખાનના પુત્ર ઈસબખાન ઉર્ફે મુસુફખાનને બે ગામો આપ્યાં અને અહમદખાનના ગુરુભાઈ હસનમિયાં નથુમિયાંને ગુરુપદે સ્થાપ્યા.[2]

હસનમિયાંએ લક્ષ્મીદાસ શેઠ, ખુશાલ ચમનરાય, ભૂપતરાય દેશાઈ, ગોવર્ધન શેઠ વગેરે પ્રતિષ્ઠિત નાગરિકોને વગર વાંકે પકડી બે માસ સુધી કેદમાં રાખ્યા છતાં નવાબ તેને કાંઈ કહી શક્યા નહિ. નવાબ તેના પિતાને પગલે નાચરંગ અને સંગીતની મહેફિલોમાં તેમનો સમય વ્યતિત કરતા રહ્યા.

## ત્રિનેત્રેશ્વરની લૂંટ

જૂનાગઢની મુલ્કગીરી બંધ થઈ હતી. રઘુનાથજી અને રણછોડજી જેવા સમશેરશોખીન દીવાનો અને સેનાપતિઓનો યુગ આથમી ગયો હતો. ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ આંતરિક યુદ્ધો ઉપર અંકુશ મૂક્યો હતો તેથી નિરંતર

1 જુઓ સૌરાષ્ટ્રના ઇતિહાસની વાર્તાઓ, ભા. ૩, શં. હ. દેશાઇ.

2 એજન.

સુધી લડતા સૈનિકો નવરા પડયા હતા અને લૂંટ કરવાની, ધાડ પાડવાની, અત્યાચાર કરવાની અને માનવસંહાર કરવાની તેમને ટેવ પડી ગયેલી તેથી આ સૈનિકોએ ગામડાંઓ લૂંટવાની પ્રવૃત્તિ આદરી.

નવાબના ગુરુ અહમદખાનની સૂચનાથી હમીર સંધી નામના લૂંટારાએ જૂનાગઢના સૈનિકોની સહાય અને સહકારથી કાયલીનો ત્રિનેત્રેશ્વરનો મઠ લૂંટી લીધો. કાયલીના મહંત કલ્યાણગિરિની ફરિયાદ જૂનાગઢમાં કોઈ સાંભળે તેમ હતું નહિ તેથી તે કેપ્ટન બાર્નવેલ પાસે ફરિયાદ કરવા જતા હતા ત્યાં જૂનાગઢના સવારોએ પાછળ પડી તેને ધોરાજી પાસેથી પકડી વડાલ પાસે જમનાવડમાં કેદ રાખ્યા. કેપ્ટન બાર્નવેલને ગમે તેમ આ સમાચાર પહોંચતાં તેણે દીવાન રણછોડજીને એક પત્ર લખી કલ્યાણગિરિને મુક્ત કરાવવા લખ્યું અને તે મહંતને મુક્ત કરાવી જૂનાગઢ લઈ આવ્યા.

કેપ્ટન બાર્નવેલે કલ્યાણગિરિની ફરિયાદ ઉપરથી કેપ્ટન વિલ્સનને એક મજબૂત ટુકડી સાથે જૂનાગઢ મોકલ્યો. તેણે જૂનાગઢમાં ત્રણ માસ પર્યંત મુકામ રાખી તપાસ કરી. નવાબ પાસે કોઈ ખુલાસો હતો નહિ તેથી તેણે લૂંટેલી મિલકત પાછી સોંપી તથા છ લાખ પચીસ હજાર કોરીનો દંડ ભરી કેપ્ટન વિલ્સનને પાછો કાઢયો.

## ગોવિંદજી ઝાલા

કેપ્ટન બાર્નવેલ તથા બ્લેઈનની ભલામણથી અને એજન્સીની બાંહેધરીથી ઈ. સ. ૧૮૨૭માં નવાબે ગોવિંદજી ઝાલાને જૂનાગઢના પરગણાઓનો દશ વર્ષની મુદત માટે ઈજારો આપ્યો. થોડા જ સમયમાં, હસનમિયાં દરવેશની ભંભેરણીથી નવાબે લતીફમિયાં બુખારી તથા કોડીનારના સૈયદ વલનમિયાં બુખારીને, મુંબઈના ગવર્નર પાસે મોકલી, ગોવિંદજીનો ઈજારો રદ કરવા તથા તેને દીવાનપદેથી દૂર કરવા હુકમ મેળવવા કોશિશ કરી પણ તેમાં સફળતા મળી નહિ તેથી હસનમિયાંએ ગોવિંદજી સાથે સમાધાન કરી લીધું.

## સદાશિવરાવ

ઈ. સ. ૧૮૩૪માં ગોવિંદજીનો કારભાર મોકૂફ કરી નવાબે અમદાવાદ-વાળા પીરઝાદા નન્નામિયાંને અમદાવાદ મોકલી વિઠ્ઠલરાવ દેવાજીના ભાઈ સદાશિવરાવને દીવાનગીરી સંભાળવા બોલાવ્યો. નવાબે તેનું સામા જઈને સ્વાગત કર્યું તથા દીવાનગીરી આપી.

## ખડિયાનું બંડ

ખડિયાના બલોચ જમીનદારે નવાબની હકૂમતની અવગણના કરી બંડ

ઉડાવ્યું તેથી નવાબે ખડિયા ઉપર તોપ માંડી તેને શરણુ થવા ફરજ પાડી.

## આતો મેર

આતા મેર નામનો બહારવટિયો આ સમયમાં જૂનાગઢનાં ગામો ભાંગવા માંડ્યો. ઈ. સ. ૧૮૩૭માં તેણે જૂનાગઢ પાસેનું કાથરોટું ભાંગ્યું. તે ક્યાં મરાઈ ગયો તે જાણવા મળ્યું નથી,

## અમૃતલાલ અમરચંદ

ઈ. સ. ૧૮૩૫માં સદાશિવરાવે રાજીનામું આપી દીધું અને દીવાનની ખાલી પડેલી જગ્યા ઉપર નવાબે જૂનાગઢના અમૃતલાલ અમરચંદ વસાવડાની નિમણૂક કરી,

અમૃતલાલના તે સમયના પ્રતિષ્ઠિત નાગરિક હતા. એજન્સીમાં રાજાઓને જે રકમો ભરવાની થતી તેના તે જામીન થતા અને રાજાઓને મોટી મોટી રકમોની ધીરધાર કરતા. તેઓ અંગ્રેજ અધિકારીઓના પરિચયમાં આવેલા અને તેથી સારી રાજકીય લાગવગ ધરાવતા. તેના નાના ભાઈ અનંતજી અમરચંદ ધ્રાંગધ્રાના દીવાન હતા અથવા દીવાનના સમકક્ષ હોદ્દા ઉપર હતા.

## નથુરામ અમરજી

અમૃતલાલે એક વર્ષ દીવાનગીરી સંભાળી અને તે પછી રાજ્યમાં વધી પડેલી ખટપટને કારણે રાજીનામું આપી દીધું. નવાબે તેની જગ્યાએ જૂનાગઢના નથુરામ અમરજીની ઈ. સ. ૧૮૩૬માં નિમણૂક કરી.

## જાફરાબાદ-સરહદી ઝઘડો

ઉના તાલુકાની સરહદે સોખડા નામનું ગામ, બાબરિયાવાડ થાણદાર પ્રભાસપાટણના દેશાઈ મયાશંકર જેશંકરે આબાદ કરતાં, તે ગામ પોતાની હકૂમતના પ્રદેશમાં છે તેમ કહી જંજીરા રાજ્યના જાફરાબાદ ખાતેના અધિકારીઓએ વાંધો લઈ, તેનો કબ્જો લઈ લીધો. જૂનાગઢની શીબંદીએ જાફરાબાદના માણસોને હાંકી કાઢવા પ્રયત્ન કર્યો તેમાં ઝપાઝપી થઈ અને એક સીદી અમલદાર માર્યો ગયો. એ ઉપરથી જાફરાબાદે એજન્સીમાં કરેલા વિવાદમાં મરનાર સીદી અમલદારના માથાં બદલ જૂનાગઢે વડલી ગામ આપ્યું અને સોખડા ઉપરનો દાવો જાફરાબાદે મૂકી દીધો અને તે બદલ જૂનાગઢ દર વરસે ૩૬૦ રાળ જાફરાબાદને વડલી મુકામે ચૂકવે એવો નિર્ણય લેવાયો. આ રકમ દર વર્ષે ઈ. સ. ૧૯૪૬–'૪૭ સુધી ચૂકવાતી. રાળનું ચલણ બંધ થયું છતાં આ રકમ

તે જ ચલણમાં ચૂકવવાનો જંજીરાએ આગ્રહ રાખેલો. આ પ્રસંગે ઉનાના હઝરતશાહ પીર ઉપર તેના ઉરસ પ્રસંગે ગલેફ ચડાવવાનો જાફરાબાદનો હક્ક પણ સ્વીકારવામાં આવેલો.

## દેવગામ

શેરખાનની પુત્રી સુલતાનાને જે જાગીર આપવામાં આવેલી તે પૈકીનું એક ગામ દેવગામ ફત્તેહયાબખાન હસ્તક હતું. તે ગુજરી જતાં તેના ૭ પુત્રો પૈકીના એક પુત્રનાં વિધવા રહેમતબખ્તેના અધિકારમાં હતું. રહેમતબખ્તે નવાબ બહાદરખાન સાથે પુનર્લગ્ન કરતાં તે ગામ નવાબે ખાલસા કર્યું. ફતેહયાબ-ખાનના બીજા વારસદારોએ આની સામે વાંધો લીધો પણ તેમનું કાંઈ ચાલ્યું નહિ. પાછળથી આ ગામ પાછું સોંપી દેવામાં આવ્યું.

## બહાદરખાનનું મૃત્યુ

નવાબ બહાદરખાન બીજા ઇ. સ. ૧૮૪૦ ના મે માસની ૨૭મી તારીખે ૪૫ વર્ષની વયે ૨૯ વર્ષ રાજ્ય કરી ગુજરી ગયા.

## દીવાન રણછોડજીનું મૃત્યુ

ઈ. સ. ૧૮૪૦ માં દીવાન રણછોડજી ગુજરી ગયા.[1] દીવાન અમરજી જેવા પ્રતાપી પિતાના આ પનોતા પુત્રે તેના પિતાને પગલે ચાલી જૂનાગઢ રાજ્યની નોકરી નેકનીતિથી અને નિમકહલાલીથી કરી રાજ્યને સમૃદ્ધ બનાવવામાં અગ્ર ભાગ ભજવ્યો. સ્વયં સવિશેષ શક્તિશાળી હોવા છતાં તેણે પોતાના મોટાભાઇ રઘુનાથજીની આજ્ઞામાં રહી ભ્રાતૃપ્રેમનું પણ અનોખું ઉદાહરણ પૂરું પાડયું છે. દીવાન રણછોડજી એક અપ્રતિમ યોદ્ધા હતા, કુશળ સેનાની હતા અને દીર્ઘ-દૃષ્ટિવાળા મુત્સદ્દી હતા. તે જૂનાગઢ અને જામનગરનાં રાજ્યો અને રાજપતિઓનો સુંદર અને સુરેખ ઇતિહાસ લખી તેમનું નામ અમર કરતા ગયા છે. આ ગ્રંથ તેમણે ફારસી ભાષામાં 'વકાયાએ સોરઠ' નામથી લખેલો જે સામાન્ય રીતે તારીખે સોરઠ કે સોરઠી તવારીખના નામથી મશહૂર થયો છે.

દીવાન રણછોડજી, સંસ્કૃત, ફારસી, ગુજરાતી, હિન્દી ભાષાના જ્ઞાતા જ નહિ પણ વિદ્વાન હતા. તેમણે હિન્દી (વ્રજ) ભાષામાં શિવસંડારત્નાકર નામનો એક પદ્યગ્રંથ લખ્યો છે. દુર્ગા સપ્તશતીનું ભાષાંતર કર્યું છે અને તે ઉપરાંત નીચે જણાવેલાં પુસ્તકો પણ લખ્યાં છે.

---

1 દીવાન રણછોડજીના વંશજો અનુસાર તેઓ વિ સં. ૧૮૯૭ના મહા વદી ૬ અર્થાત્ તા. ૧૧-૨-૧૮૪૧ના રોજ સ્વર્ગવાસી થયા.

૧ શિવરહસ્ય ૨ શિવગીતા ૩ ચંડીપાઠના ગરબા ૪ શિવરાત્રી માહાત્મ્ય ૫ સૂતક નિર્ણય ૬ કાલખંજ આખ્યાન ૭ ઈશ્વરવિવાહ ૮ જાલંધર આખ્યાન ૯ બ્રાહ્મણની ચોરાસી જ્ઞાતિઓનું વર્ણન ૧૦ અંધકાસુર આખ્યાન ૧૧ પ્રદોષમહિમા ૧૨ ત્રિપુરાસુર આખ્યાન ૧૩ ભસ્માંગદ આખ્યાન ૧૪ મોહિની છલ ૧૫ શંખચૂડ આખ્યાન ૧૬ કામદહન ૧૭ શ્રાદ્ધનિર્ણય ૧૮ ભિખારી સતસઈ ૧૯ શિવસાગર કીર્તન ૨૦ કુવલયાનંદ (અલંકારશાસ્ત્ર-હિન્દી) ૨૧ વિશ્વનાથ ઉપરના પત્રો ૨૨ નાગરવિવાહ ૨૩ ઓછવમાલિકા ૨૪ બુદ્ધેશ્વર બાવની. તેમાંનાં નં. ૧ થી ૧૬ તથા ૨૪ છપાઈ ગયાં છે. બીજાં અપ્રગટ છે.

દીવાન રણછોડજીને સંતતિમાં માત્ર બે પુત્રીઓ રૂપકુંવર અને સૂરજકુંવર હતી. સૂરજકુંવરનાં લગ્ન નરભેરામ વૈદ સાથે કરેલાં. તેના પુત્ર શંકરપ્રસાદને દીવાન રણછોડજીએ દત્તક લીધેલા.[1]

રણછોડજીએ કુતિયાણામાં, અમરેશ્વર મહાદેવ તથા વાગીશ્વરી દેવીનાં મંદિરો તથા ધર્મશાળા બંધાવ્યાં છે. જૂનાગઢમાં હાટકેશ્વરના મંદિરમાં પંચદેવનું સ્થાપન તથા ભૂતનાથ પાસે સરસ્વતીકુંડ બંધાવી, ત્યાં સરસ્વતી માતાનું મંદિર, એક ધર્મશાળા પણ બંધાવ્યાં છે. તે ઉપરાંત નીચીબારીમાં તેમના મકાનના એક ભાગમાં બુદ્ધેશ્વરનું મંદિર તથા પડધરી તેમની જાગીરમાં હતું ત્યાં મહાદેવનું મંદિર બંધાવ્યું છે.

## બુદ્ધેશ્વર

મૂળ માંગરોળના વતની પણ દિલ્હી જઈ સ્વપરાક્રમે દિલ્હીના મંત્રીમંડલમાં સ્થાન પામેલા રાજા છબીલારામ બહાદુરજીને બાદશાહ ફરૂખશિયરે એક રત્ન આપેલું. આ રત્ન મહાભારતના યુદ્ધમાં અર્જુનને હાથે માર્યા ગયેલા કૌરવોના બનેવી જયદ્રથના બાહુમાં હતું. આ બાહુ યુદ્ધમાં કપાઈ જતાં એક સમડી રણક્ષેત્રમાંથી લઈ ગઈ અને માંસ ખાઈ રત્ન નાખી દીધું. બાદશાહ અકબરના સમયમાં આ સમડીએ કોઈ સ્ત્રી તરીકે જન્મ લીધો અને તેને પૂર્વજન્મની સ્મૃતિ એક સમડી નાનું હાડકું ઉપાડી શકી નહિ તે ઉપરથી થઈ આવતાં તેની સાહેલીને મહાભારતના રણક્ષેત્રની વાત કરી. આ વાત કર્ણોપકર્ણ અકબરને કાને પડતાં તેણે તે સ્ત્રીને બોલાવી તેના કહેવા પ્રમાણે કોઈ સ્થળે ઉત્ખનન કરતાં આ રત્ન મળી આવ્યું. તે તેના ખજાનામાં હતું અને કિંવદંતી છે તે પ્રમાણે તેની પૂજા થતી રહી.

1 જુઓ ફૂટનોટ પૃષ્ઠ નં. ૧૮૮ પર.


અમરજી
રઘુનાથજી
રણછોડજી
દલપતરામ
પુત્રી હરકુંવર
પુત્રી રૂપકુંવર
સૂરજકુંવર
શંભુપ્રસાદ
કાશીબા
(પ. ગંગાશંકર)
(પ. નરભેરામ વૈદ)
લક્ષ્મીશંકર
કાળિદાસ
છગનલાલ
શંકરપ્રસાદ (રણછોડજીના દત્તક) પુત્ર
મણિશંકર
જશવંતરાય
અંબાશંકર
(પુત્રીઓ)
દુર્ગાશંકર
મહાશંકર
શાંબશંકર
બાજીભાઈ
દુલેરાય
જેસુખરાય
ડોસાભાઈ
હરશંકરભાઈ
જીવાભાઈ
ઉમાશંકર
ચંદુલાલ
ઈન્દુભાઈ
સૂર્યશંકર
ચંદ્રશંકર
રમેશચંદ્ર
જયંતિલાલ
મહાસુખરાય
ગુણવંતરાય
ચંદુભાઈ વગેરે
કુસુમરાય
કનકરાય
ડાહ્યાભાઈ
નવીનચંદ્ર
સુમંતરાય
સગુણરાય
રમણચંદ્ર
રસિકચંદ્ર

રાજા છબીલારામના પુત્ર રાજા દયાબહાદુર કે દયારામ[1] પાસે આ નંગ આવ્યું અને તેણે તેની પુત્રી કુંવરજી પ્રાગજી નાણાવટીને પરણાવી ત્યારે તેને આપ્યું. તેની પાસેથી તેના પુત્ર અમરજી પાસે આવ્યું અને તેના મૃત્યુ પછી દીવાન રણછોડજીએ તેને વિ. સં. ૧૮૩૯માં વિધિવત્ સ્થાપિત કરી તેની લિંગ તરીકે પ્રતિષ્ઠા કરી. આ લિંગ નીલમનું છે અને તેની પૂજા સેવા વૈષ્ણવ સંપ્રદાયની પૂજાવિધિ પ્રમાણે થાય છે. રણછોડજીએ તેની આરતી અને ભાવના લખી તેનાં ભક્તિભાવ અને કવિત્વશક્તિનો પરિચય આપ્યો છે. આ મંદિરમાં છીપજડિત અક્ષરોમાં નીચેનો શ્લોક છે.

| | |
|---|---|
| શ્રીમદ્વૃદ્ધ મહેશ્વરસ્ય | સુખમાસન્મંદર મંદિરં |
| ધીમાન્ શ્રી રઘુનાથકઃ | સમકરોન્નેત્રોત્સવં નેત્રિણાં ॥ |
| ખ્યાતૌ શ્રી રણછોડજી | દલપતી યસ્યાનુજૌ પ્રોજસૌ |
| શ્રીમદ્ વિક્રમતો ।મંત | નવરસાષ્ટકૈઃ સમાનાં ગણે ॥૧॥ |

## શ્રી સ્વામીનારાયણ મંદિર

ઈ. સ. ૧૮૨૬માં શ્રી સહજાનંદજી મહારાજની પ્રેરણાથી જૂનાગઢમાં શ્રી સ્વામીનારાયણના મંદિરનિર્માણના કાર્યનો શ્રી સ્વામી બ્રહ્માનંદજી તથા શ્રી સ્વામી ગોપાલાનંદજી દ્વારા પ્રારંભ થયો. આ મંદિર ઈ. સ. ૧૮૨૮માં સંપૂર્ણ થયું[2] અને શ્રી સહજાનંદજી મહારાજના વરદહસ્તે તેમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા થઈ. જે સ્થળે મંદિર છે ત્યાં પંચાળા દરબાર ભક્ત ઝીણાભાઈ સોલંકીની વાડી હતી તે તેણે શ્રીજીને અર્પણ કરી અને નવાબ બહાદરખાને માલની જકાત વગેરે સરકારી લેત્રીઓ માફ કરી.

---

1 રાજા છબીલારામના ભાઈ દયાળ બહાદુર હતા, તેના પુત્ર ગિરધર બહાદુર હતા, તેઓ મોગલ શહેનશાહતમાં મોટા દરજ્જાઓ ઉપર હતા. દયાબહાદુર રાજા છબીલારામના પુત્ર હતા તેમ મુસ્લિમ ઈતિહાસ "સૈરૂલમુત્ત આખેરીન"માં જણાવ્યું છે, જ્યારે અન્યત્ર દયાબહાદુર ગિરધર બહાદુરના ભત્રીજા હતા એમ જણાવ્યું છે. દીવાનજીએ પોતાના પિતાની માતાના પ્રખ્યાત કુળનું વર્ણન ક્યાંય આપ્યું નથી એટલે લેખકો તેમને દોષ દે છે તારીખે સોરઠમાં જણાવ્યા પ્રમાણે અમરજીના દુર્લભજી અને ગોવિંદજી નામના ભાઈઓ હતા તથા ગંગાદાસ અને તુલજારામ નામના ઓરમાન ભાઈઓ હતા. દયાબહાદુરનાં પુત્રી અમરજીનાં માતુશ્રી કે આ ભાઈઓના પ્રશ્નોનો નિર્ણય કરવાનો રહે છે.

2 જુઓ પરિશિષ્ટ.

## નવાબ હામેદખાન રજા

નવાબ બહાદરખાનના મૃત્યુ પછી ઈ. સ. ૧૮૪૦માં તેના યુવરાજ હામેદખાન બીજા ગાદીએ બેઠા પરંતુ તે સાથે જ ગાદીના હકક માટે બે દાવેદારોએ પોતાનો ગાદી ઉપર હકક છે એમ કહી દાવા કર્યા.

નવાબ બહાદરખાનનાં એક બેગમ કુતિયાણાના હબીબખાન સરવાણીનાં બહેન કાદીબુ હતાં. હામેદખાન તેના પુત્ર હતા. બીજાં બેગમ રાધનપુર નવાબનાં બહેન નાજુબીબી હતાં. તેના પુત્ર મહાબતખાન હતા. નાજુબીબીએ એવો દાવો કર્યો કે હામેદખાન બાબી ખાનદાનની પુત્રીના પુત્ર નથી માટે તેનો ગાદી ઉપર હકક થાય નહિ. આ વિવાદ ચાલતો હતો ત્યાં નવાબનાં ત્રીજા બેગમ અમીર બેગમ કે જે બાંટવાના બાબી હેમતખાનનાં વિધવા હતાં અને નવાબ હામદખાન સાથે પુનર્લગ્ન કર્યાં હતાં તેણે તેના પ્રથમ પતિના પુત્ર કબીરખાન ઉર્ફે શેરખાન તથા નવાબ હામેદખાનથી સલાબતખાન નામે પુત્રો હતા તેનો દાવો રજૂ કર્યો. આ બંને દાવેદારોએ સૈનિકોની જમાવટ કરી અને લોહી રેડી મધ્યકાલીન યુગની પદ્ધતિ અનુસાર પોતાનો હક્ક પ્રતિપાદિત કરવા નિશ્ચયી થયા.[1]

આ વિવાદનો નિર્ણય બ્રિટિશ એજન્સીએ આપવાનો હતો તેથી રાજકોટથી આસિસ્ટંટ પોલિટિકલ એજન્ટ કેપ્ટન (પાછળથી મેજર અને સર) લી ગ્રાન્ડ જેકબ, કેપ્ટન હદની સાથે જૂનાગઢ આવ્યા અને સશસ્ત્ર અથડામણ અટકાવી.[2] શેરખાન તથા સલાબતખાને ગીરાસ લઈ પોતાનો હક્ક છોડી દીધો પણ નાજુબીબી સગીર કુંવર મહાબતખાનજીને લઇ રાજમહેલમાંથી નીકળી તેની હજૂરી ચાઇતાણ, તેના પતિ લાલખાન રાણાખાન તથા ખાસ માણસો સાથે ઈંદ્રજી ઝવેરચંદની હવેલીમાં ચાલ્યાં ગયાં.

હામદખાન માત્ર બાર વર્ષના હતા પણ હિમ્મતબાજ હતા તેથી તેણે તરત જ સૈનિકો લઈ ઇંદ્રજીની હવેલી ઘેરી લીધી અને નાજુબીબીને શરણ થઈ જવા અને રાજકુળની રીતિ પ્રમાણે રાજમહેલમાં ચાલ્યા જવા કહેવરાવ્યું પણ તેણે તેનું માન ન રાખ્યું તેથી નવાબે તોપમારો શરૂ કર્યો અને નાજુબીબી શરણ થતાં તેને તથા મહાબતખાનજીને કેદ કરવામાં આવ્યાં.

મહાબતખાનની સગાઈ તેના મામા રાધનપુર નવાબની પુત્રી સાથે થયેલી તેથી રાધનપુર નવાબે એજન્સીમાં લખી માતા પુત્રને મુકત કરાવ્યાં અને તેને

---

1 આ ભાઈઓને ખરિયાણા તથા મોટી ધસારી એ બે ગામો આપવામાં આવ્યાં.

2 વેસ્ટર્ન ઈન્ડિયા–સર લી ગ્રાન્ડ જેકબ–આ પ્રકરણની બારીક વિગતો આપે છે.

રાધનપુર તેડાવી લીધા. નવાબે રાણેખાન તથા ચાઈતાણને પકડી પ્રભાસપાટણ-માં કેદ રાખ્યાં.[1]

## રીજન્સી

હામદખાન સગીર વયના હતા તેથી એજન્સીની આજ્ઞાથી રાણપુર ભાયત સામતખાન બાબી, વૃજદાસ રંગીલદાસ મજમુદાર તથા દીવાન સદાશિવરાવ દેવાજીની એક રીજન્સી કાઉન્સિલ નીમવામાં આવી. આ વ્યવસ્થા એક વર્ષ ચાલી ત્યાં નવાબે કાઉન્સિલ બરખાસ્ત કરી કુતિયાણાના સરવાણી હબીબખાન કમાલખાન તથા જબ્બર લીલાધર ભાટિયાને સંયુક્ત દીવાનો નીમી રાજ્યવહીવટ પોતાના હાથમાં લીધો.

## નથુખાન સરવાણી

દરમ્યાનમાં હબીબખાનના ભાઈ નથુખાને રાજમાતાની કૃપા પ્રાપ્ત કરી નવાબ અને દીવાનના અધિકારની અવગણના કરી સ્વતંત્ર અને મનસ્વી વર્તન કરી વહીવટમાં દખલ કરવાનું શરૂ કર્યું. તે પોતાનો રૂવાબ જમાવવા ઘોડા ઉપર હોદ્દો મુકાવી તેમાં બેસી શહેરમાં ફરતો અને આબરૂદાર માણસોને જાહેરમાં ગાળો દઈ ધમકાવતો. એક વાર મુસલમાનો એક ગાયને શણગારી વાજતેગાજતે સરઘસના સ્વરૂપમા તેની દાતાર ઉપર કુરબાની આપવા લઈ ગયા. તે કૃત્યમાં નથુખાન સરવાણીનું ઉત્તેજન હતું તેમ જાહેર થયું અને હવેલીના ગોસ્વામી મહારાજશ્રીના નેતૃત્વ નીચે હિન્દુઓનું એક પ્રતિનિધિમંડળ નવાબ પાસે ગયું અને જ્યાં સુધી આ કૃત્ય માટે જવાબદારોને યોગ્ય શિક્ષા નહિ થાય અને આવો પ્રસંગ ભવિષ્યમાં નહિ બને તેની ખાત્રી નહિ મળે ત્યાં સુધી હડતાલ રહેશે તેમ કહી ન્યાયની માગણી કરી. નવાબ હામેદખાન કાંઈ કહી શકે તેમ હતા નહિ તેથી તે મૌન રહ્યા પણ પોલિટિકલ એજન્ટ કર્નલ માલેટે જમાદાર સુલતાનસિંહ તથા જમાદાર શેરખાનને સૈન્ય સાથે મોકલતાં નેટિવ એજન્ટ ભગવાનલાલ જોશીપુરા, જમાદાર સાલેહ હિન્દી તથા નજરમહમદ બીજારની સલાહથી નથુખાને માફી માગતાં સમાધાન થયું.

## માંગરોળ ઉપર ચડાઈ

ઈ. સ. ૧૮૪૧માં માંગરોળના શેખે નવાબના ગનીમ વેરો લેવાના, નજરાણો લેવાના અને સંયુક્ત ગામોનો વહીવટ કરવાના અધિકારોને પડકાર

---

1 જુઓ સૌરાષ્ટ્રના ઈતિહાસની વાર્તાઓ, ભા. ૩, શં. હ. દેશાઈ.

કર્યો અને જૂનાગઢના આવા કોઈ હક્કો નથી તેમ કહી તે લેત્રીઓ વસૂલ લેવા દીધી નહિ. યુદ્ધોના દિવસો પૂરા થયા હતા તેથી રાજ્યે એજન્સીમાં ફરિયાદ કરતાં રાજકોટથી કેપ્ટન લી ગ્રાન્ડ જેકબ માંગરોળ ઉપર ચડયો અને ઇ. સ. ૧૮૪૧ના ડિસેમ્બરની ૨૨મી તારીખે માંગરોળ ઉપર જપ્તી મૂકી. ઈ. સ. ૧૮૪૨ના એપ્રિલ માસની ૬ઠ્ઠી તારીખે શેખે લખાણ કરી આપ્યું કે તે જૂનાગઢને આધીન છે અને રહેશે, તેથી જપ્તી ઉઠાડી લેવામાં આવી.[1]

## રાજમાતા દાદીગુ

રાજમાતા દાદીગુ તથા નથુખાન સરવાણી નવાબને તુચ્છ ગણી પોતાનું ધાર્યું કરતાં અને નવાબને એવા પણ પુરાવા મળ્યા કે આ બન્ને જણાં તેનું કાસળ કાઢી નાખશે તેથી તેણે એજન્સીની સમ્મતિ લઈ નથુખાનને કેદ કર્યો તથા રાજમાતાને નજરકેદ કર્યાં. રાજમાતાનું કામકાજ કરતા બળવંતરાય જાદવરામ મુનશી તેમને મુક્ત કરાવવા માટે પ્રવૃત્તિ કરવા માંડયા તેથી તેને પણ કેદ કર્યા. બળવંતરાયને તરત જ મુક્ત કર્યા પણ નથુખાનને તો નવાબ મહાબતખાને છોડયા ત્યાં સુધી કેદમાં રહેવું પડયું.

## જબ્બર શેઠ

દીવાન જબ્બર લીલાધર ભાટિયા રાજ્યના ખર્ચનો હિસાબ પણ રાખતા પણ તેણે હિસાબ રજૂ ન કરતાં તેને હિસાબ લઈ હજૂરમાં હાજર થવા નવાબે આજ્ઞા કરી. જબ્બર શેઠે તે આજ્ઞાની અવગણના કરી અને કહેવરાવ્યું કે તેના હુકમને તે માનવા ઇન્કાર કરે છે તેથી નવાબે તેની હવેલી ઉપર તોપમારો કરી તેની દીવાલો તોડી પાડી. આ ધીંગાણામાં જબ્બર શેઠનો આરબ તોપથી મરાયો અને પોતે શરણ થતાં તેને કારાવાસમાં મોકલી દેવાયા. ત્રણ વર્ષ પછી તેની પાસેથી સાડા આઠ લાખ કોરીનો દંડ લઈ મુક્ત કર્યા અને તે તરત જ જૂનાગઢ છોડી તેના વતન જામકંડોરણા ચાલ્યા ગયા. તેની હવેલી ખાલસા કરવામાં આવી જેમાં આજ ઉપરકોટ દવાખાનું છે.

## અનંતજી અમરચંદ

નવાબ હામેદખાને હબીબખાન સરવાણી તથા અનંતજી અમરચંદને તે પછી સંયુક્ત દીવાનો તરીકે નીમ્યા. થોડા જ સમયમાં તેણે હબીબખાનને છૂટા કરી અનંતજી એકલાને કુલ કારભાર સોંપ્યો.

---

1 વેસ્ટર્ન ઇન્ડિયા નામના તેના પુસ્તકમાં સર લી ગ્રાન્ડ જેકબે આ પ્રસંગની વિગતો આપી છે.

## કાવત્રું

અનંતજીને દીવાનગીરી મળી તે અમુક તત્ત્વોને ગમ્યું નહિ તેથી મુનશી બળવંતરાય જાદવરાય, સૈયદ અબ્દુઅલી તથા ચિસ્તી આલમમિયાંએ અનંતજીનો કારભાર ઉથલાવી નાખવા એક કાવત્રું કર્યું. આ કાવત્રું પકડાઈ જતાં બળવંતરાયને પકડીને ઉપરકોટમા કેદ કર્યા પણ પાછળથી ગમે તે કારણે છોડી મૂકવામાં આવ્યા.

## કુંવરજન્મની અફવા

નવાબની એક બેગમે પુત્રને જન્મ આપ્યો છે એવી વાત જાહેર કરવ માં આવી. આ જાહેરાત બનાવટી છે તેવી નવાબને ખાત્રી થતાં તેણે જવાબદાર શખ્સોને સજા કરી.

## બહારવટિયા

જબ્બર શેઠની દીવાનગીરી મોકૂફ થતાં તેના કૃપાપાત્ર સિપાઈ રહેમાન તેના પુત્ર સુલતાનની સાથે ટોળી જમાવી બહારવટે ચડયો. તેણે ગિરનારમાં આશ્રય લઈ લૂંટફાટ શરૂ કરી. એકવાર તેઓએ દીવાન અનંતજીના કુળગોળ રામશંકર પંચોળીના જમાઈ દુર્ગાશંકર બજીભાઈ ત્રવાડી તથા મયાશંકર હરજીવન ત્રવાડીને બાન પકડયા. અનંતજીએ ખુશાલ બારોટ નામના વિશ્વાસુ માણસ દ્વારા તેમનો પત્તો મેળવી ગિસ્ત મોકલી બહાવટિયાઓને ઘેર્યા અને તેઓએ ધિંગાણું કર્યું. તેમાં રહેમાન માર્યો ગયો અને સુલતાન શરણ થયો.

ઈ. સ. ૧૮૪૭માં રૂડિયો રબારી બહારવટે ચડયો. જામનગરનો બહારવટિયો વીઘો માણેક અને ઓખામંડળનો બહારવટિયો હનુમાનસિંહ પુરબિયો તેની સાથે ભળી ગયા. આ ટોળીની પાછળ પડેલી એજન્સીની ટુકડીએ કેપ્ટન લોકની આગેવાની નીચે રાણાવાવ પાસે ધિંગાણું કર્યું તેમાં ઘણા સિપાઈઓને મારી બહારવટિયા ગિરમાં ઊતરી ગયા. આ પાટણ વહીવટદાર શ્રી નરસિંહપ્રસાદ હરિપ્રસાદ બુચે[1] તેનો પીછો પકડી તેમને કયાંય ઠરવા દીધા નહિ. અંતે આ ટોળી કર્નલ બુલોક અને દીવાન અનંતજી રૂબરૂ અમરાપુર મુકામે શરણ થઇ. આ બહારવટિયાઓ ઉપરાંત આ નવાબના અમલમાં અનેક શખ્સો અંગત કારણોસર બહારવટે ચડયા. તેમાં મુખ્ય બહારવટું માંગરોળના શકર મકરાણીનું[2]

---

1 સ્વ. શ્રી જીતેન્દ્રપ્રસાદ બૂચના પિતામહ.

2 મકરાણીઓ કહે છે કે આ શંકર સંધી હતો; મકરાણી નહિ.

હતું. તેણે ઈ. સ. ૧૮૪૬માં માંગરોળનો દરબારગઢ લૂંટયો અને ઈણાજવાળા મકરાણી વલીમહમદે પેટલાદ સુધી તેનો પીછો પકડી ત્યાં માર્યો. ઈણાજનો અધિમાન બહારવટે નીકળેલો તેને પણ વલીમહમદે મારી નાખ્યો.

સોઘડાનો સંધી તૈયબ, કંટાલના સૈયદો, લાખો જત, ઘુમલીનો પટેલ પૂંજો, પીઠો હાટી, વીરો રબારી, ધુડવદરનો બલોચ, ઉના પરગણાના ગોહિલો, સવાણાના સંધીઓ, બાબરિયાવાડનો સોમો વરૂ રાજ્ય સામે તથા શીલનો સોની મૂળજી, આદરીના સોની કરસન સામે બહારવટે ચડયા.[1]

મકરાણી અને સંધીઓ બચ્ચે વીસાવદરમાં વેર બંધાયું અને બન્ને પક્ષો વારંવાર ધિંગાણાં કરતા રહ્યા.

ઈ. સ. ૧૮૪૭માં વીસાવદર તાબાનું ગામ માંગનાથ પીપળી જૂનાગઢની શીબંદીએ લૂંટયું અને મહંત સુખલાલગરની ફરિયાદ ઉપરથી એજન્સીએ દરમ્યાનગીરી કરી મહંતને તથા પ્રજાજનોને પૂરતું વળતર અપાવ્યું.

## નવાબ હામદખાનના શોખ

નવાબ હામદખાનને શિકારનો શોખ હતો અને એટલો જ તીવ્ર શોખ સંગીતનો હતો. એક વાર ખડિયાની સીમમાં સિંહ છે તેવી બાતમી મળતાં ઈ. સ. ૧૮૪૫માં હાથી ઉપર બેસી શિકાર કરવા ગયા. ત્યાં સિંહે હાથી ઉપર હલ્લો કર્યો. નવાબનો જાન જોખમમાં છે તે જોઈ સાલેહ હિન્દી ત્યાં હાજર હતા તેણે શીસકાન મારી સિંહને હેઠો પાડયો અને પછી તેને મારી નાખવામાં આવ્યો.

આ સમયે હવેલીના મહારાજશ્રી વ્રજનાથજી કે વ્રજરત્નલાલજી સંગીતના નિષ્ણાત હતા તેમ તેની પાસે ગાયકોનું વૃંદ રહેતું. નવાબ હામેદખાન તેના અનુસંગીઓને લઇ હવેલીમાં જતા જયાં તેના માટે જુદી બેઠક કરાવવામાં આવતી અને રાત આખી તે સાંભળતા, ગાતા અને વાદ્યો વગાડતા. કહેવાય છે કે મહારાજશ્રીનો સિતાર ઉપર અજબ કાબૂ હતો. નવાબ તેની સાથે તબલામાં સંગત કરતાં[2]

## સતી

વિ. સં. ૧૮૪૭ના શ્રાવણ સુદ ૯ના રોજ જૂનાગઢના પ્રશ્નોરાનાગર કમળાકર નાનાભાઈનાં મા પૂતળીબાઈ નીચી બારી પાસે તેના ઘરમાં સતી થયાં હોવાનો બનાવ બનેલો.[3] તે પછી એજન્સીએ નવાબ પાસેથી આ ચાલ બંધ

1–2 હસ્તલિખિત ઐતિહાસિક પ્રસંગોની નોંધ–શ્રી મોતીલાલ જીવણજી છાયા

3 માહિતી–શ્રી શંભુપ્રસાદ હ. જોશી

કરાવવા બાંહેધરી લીધી હતી તે છતાં ઈ. સ. ૧૮૩૭માં દેલવાડા પાસે ગુપ્ત પ્રયાગમાં મુંબઈના એક ભાટિયા બાઈ સતી થયેલાં. આ માટે એજન્સીએ તાકીદ કરતાં નવાબે માફી માગી તા. ૩–૧–૧૮૩૮ના હુકમથી સતી થવા ઉપર સખ્ત પ્રતિબંધ મૂકયો.

## રાજતંત્ર

આ નવાબના સમયમાં દીવાન અનંતજી અમરચંદના પ્રયાસથી રાજતંત્રની જૂની પદ્ધતિમાં ઘણો ફેરફાર કરવામાં આવ્યો. લેખિત હુકમો આપવાનું ધોરણ હતું નહિ અને પત્રવ્યવહાર ખાનગી પત્રો લખાય તેવો હતો તેને બદલે તુમાર પદ્ધતિ શરૂ કરવામાં આવી. તે સાથે ન્યાય અને નાણાં ખાતું નવાબ અને દીવાનની મુન્સફી પર ચાલતાં તેને બદલે જુદા જુદા અમલદારો નીચે ખાતાંઓ ઉઘાડવામાં આવ્યાં. અરજદારોને સાંભળવા તથા તેમને જવાબ આપવા માટે દફતર અને સમય મુકરર થયાં. ખર્ચ અને ઊપજના વ્યવસ્થિત હિસાબો રાખવાની પદ્ધતિ પણ અપનાવવામાં આવી.

રાજતંત્રનું આધુનિકરણ તો હામેદખાનના મૃત્યુ પછી મહાબતખાન બીજાના સમયમાં કરવામાં આવ્યું પણ તેનો પ્રારંભ નવાબ હામેદખાનના અંતિમ વર્ષોમાં થઈ ગયો હતો.

## કુદરતી આફતો

ઈ. સ. ૧૮૪૬ માં અને ઈ. સ. ૧૮૪૯ માં અતિવૃષ્ટિ થતાં ભીન્નનો દુકાળ પડયો. નદીઓમાં આવેલાં મોટાં પૂરોએ જાનમાલની મોટી ખુવારી કરી. આ પ્રસંગે દીવાન અનંતજીએ કુદરતી આપત્તિના ભોગ બનેલા લોકોને મફત અથવા સસ્તા દરે અનાજ આપ્યું અને મકાનો બાંધી લેવા તગાવી આપી અને તે સાથે કરવેરામાં રાહત આપી ગ્રામપ્રજાને બચાવી લીધી

## હામેદખાન રજાનું મૃત્યુ

ઇ. સ. ૧૮૫૧ના જૂન માસની ૧૬મી તારીખે નવાબ હામેદખાન ૨૩ વર્ષની વયે ૧૧ વર્ષ રાજ કરી ક્ષયની બીમારીમાં અપુત્ર ગુજરી ગયા. આ નવાબ યુવાન હતા છતાં સમજદાર અને ગંભીર પ્રકૃતિના હતા. તેની ન્યાયવૃત્તિ અને નીતિરીતિથી તે લોકપ્રિય થયા હતા.

## પ્રકીર્ણ

ઈ. સ. ૧૭૪૭ માં બાબી વંશની સ્થાપના થઈ ત્યારથી ઈ. સ. ૧૮૨૦ સુધીમાં રાજદરબારની ખટપટ અને કાવાદાવા અને તેમાં ભાગ લેતા રાજપુરુષોની

સત્તાપ્રાપ્તિ માટેની સ્પર્ધાના કારણે પાટનગરમાં અશાંતિ રહેતી અને પ્રજાના જીવનમાં બહુ અજંપો હતો. જૂના વિચારો ધરાવતા રાજાઓ અને સેનાપતિઓ શત્રુ રાજ્યની પ્રજા અને તેની માલમિલકતો નાશ કરવામાં કે તેમને ત્રાસ આપવામાં ગૌરવ સમજતા નવાબના સૈન્યે રણછોડજી જેવા સુજ્ઞ અને વિદ્વાન સેનાપતિની આજ્ઞાથી રાયજાદા અને રાણાનો પ્રદેશ ઉજ્જડ કર્યો હતો અને રણછોડજીએ જ્યારે નવાબ સામે બળવો કર્યો ત્યારે પણ ગામડાંઓ લૂંટયાં હતાં. એ સમયની એ રાજનીતિ હતી અને તેમ કરવાનું તે વખતે આવશ્યક ગણાતું. રાજદરબારમાં અગ્ર સ્થાન પ્રાપ્ત કરવા વિરોધ પક્ષના નેતાઓનું લોહી રેડવામાં કોઈ અચકાતા નહિ એટલું તો નહિ પણ જે પક્ષના નેતાને શિક્ષા કરવી હોય તે પક્ષના અને તેની જ્ઞાતિના નિર્દોષ લોકોને પણ મારી નાંખવામાં આવતા કે લૂંટી લેવામાં આવતા. નાગર અધિકારીના કહેવાતા અપરાધ માટે નાગરવાડો લૂંટી લેવામાં આવેલો અને તેમ છતાં નાગરો રાજકર્તાને વફાદાર રહ્યા હતા. એનું એક જ કારણ એ હોવાનું સમજાય છે કે રાજા પ્રજાના જાનમાલનો સ્વામી છે અને તેમ કરવાનો તેને અધિકાર છે તે સિદ્ધાંત પ્રસ્થાપિત થયેલો અને તે જ કારણે અનેક ત્રાસદાયક કૃત્યો કર્યા છતાં નવાબો તેનું સ્થાન જાળવી શકેલા અને જેઓના ઉપર તેમણે જુલમો કરેલા તેનાં પરાક્રમ અને પ્રયાસથી તેમની સત્તા બળવત્તર કરી શકયા અને વિસ્તાર વધારી શકયા.

આ સમયમાં હિંદુ-મુસ્લિમના ભેદ સાવ ભૂંસાઇ ગયા હતા. હિંદુ સરદાર નીચે મુસ્લિમો હિંદુઓ સામે લડતા અને મુસ્લિમ સરદાર નીચે હિંદુ સૈનિકો મુસ્લિમો સામે લડતા. જૂનાગઢના નવાબ મુસ્લિમ હતા છતાં અમરજી, રઘુનાથજી, રણછોડજી, પ્રભાશંકર વગેરે સેનાપતિઓ નીચે આરબ, સંધી અને મકરાણી સિપાઈઓ માંગરોળના શેખમિયાં કે સુત્રાપાડાના ચાંદ પટણી જેવા મુસ્લિમ સરદારો સામે લડતા. ગાયકવાડનું હિંદુ રાજ્ય હતું છતાં જમાદાર હામીદ જેવા મુસ્લિમ સેનાપતિઓ નીચે મરાઠાઓ હિંદુ રાજ્યો સામે લડતા. દીવાનગીરી અને મુલ્કી હોદ્દાઓ ઉપર મુખ્યત્વે જૂનાગઢ જેવા મુસ્લિમ રાજ્યમાં હિંદુઓ જ હતા. પ્રજામાં પણ સહુ પોતપોતાના ધર્મ વગર રોકટોક પાળી શકે એ માન્યતા પ્રબળ થઈ ગઈ હતી. શ્રી સહજાનંદજી મહારાજને નવાબે રાજમહેલમાં પધરાવેલા અને હવેલીના શ્રી ગોસ્વામીજી મહારાજ પાસે નવાબ જતા અને એ રીતે મુસ્લિમ સંતો પાસે હિંદુઓ આશીર્વાદ મેળવવા જતા.

પ્રજામાં ગ્રામીણ વ્યાપાર સિવાય કે ખેતી સિવાય કોઈ અન્ય વ્યવસાય ન હતો તેથી આહિર, કણબી, કારડિયા રાજપૂતો, મેરો વગેરે ખેતીનો વ્યવસાય કરતા. વાણિયા, લુહાણા, મેમણ, વોરા અને ખોજાઓ સ્થાનિક વ્યાપાર

કરતા. સોનીઓ, કંસારા, લુહાર, સુતાર, સલાટ, કડિયા, ભોઈ વગેરે પોત-પોતાનો વ્યવસાય કરતા. કોળીઓ ખેતીના, પગીના કે લાકડા કાપવાના કામમાં પ્રવૃત્ત હતા. હરિજનો ચમાર કે વણકરનો ધંધો કરતા. રબારીઓ, ચારણો, ભરવાડો પશુપાલન કરતા અને ક્યાંક લશ્કરી નોકરી પણ કરતા. નાગરો રાજ્યસેવામાં હતા અને બ્રાહ્મણો કર્મકાંડ કે રાજ્યસેવા કરતા. વાણિયા અને લુહાણા પણ રાજ્યસેવામાં હતા. એ ઉપરાંતના, મકરાણી, સંધી, આરબો, રાજપૂત, કાઠી, ખાંટ, મેર, રબારી વગેરે કોમના જુવાનો માટે લશ્કરી નોકરી સિવાય કોઈ વ્યવસાય ન હતો. અરબસ્તાનથી રોજી મેળવવા સમુદ્રમાર્ગે સૌરાષ્ટ્રમાં આવેલા આરબો દેશી મુસ્લિમોની જેમ આ દેશના વતની થઈ ગયા હતા. અરબસ્તાન સાથે તેમના સંબંધો તૂટી ગયા હતા. મકરાણીઓ પણ મકરાણ સાથેના સંબંધો જાળવી શક્યા ન હતા અને તેથી તેઓ પણ આરબોની જેમ સોરઠમાં મકાનમિલકત કે જમીનજાગીર મેળવી સ્થાનિક વતનીઓ થઇ ગયા હતા. આ સમયમાં નાગરો પણ લશ્કરીસેવામાં હતા. સિપેહસાલારો નાગરો હતા એટલું જ નહિ પણ નાગર સિપાઇઓની એક ફોજ પણ હોવાના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. ખાંટ લોકોનું પણ સૈન્યમાં મહત્ત્વનું સ્થાન હતું. કલ્યાણ શેઠ જેવા વણિકો અને પ્રેમજી દામાણી જેવા લુહાણાઓ પણ સમશેર બાંધી સૈન્યોનું નેતૃત્વ લેતા અને યુદ્ધો લડતા; તેમ છતાં આ યુદ્ધવીરોએ આધુનિક યુદ્ધપદ્ધતિનું ન તો જ્ઞાન મેળવ્યું ન તો તે જાણવા પરવા કરી.

વારંવાર આવતા દુકાળો અને તેમાં સહાય કરવામાં રાજ્યની અશક્તિ કે અનિચ્છાના કારણે, અને નિરંતર થતાં યુદ્ધો અને ગાયકવાડ, પેશ્વા કે અન્ય રાજ્યોની આવતી ચડાઈઓમાં થતી બેફામ લૂંટના કારણે તેમજ રાજ-દરબારીઓને પગાર પેટે અપાતી જાગીરમાંથી લેવાય એટલી ઊપજ લેવાના લોભના કારણે ખેતી પાયમાલ થઈ ગઈ હતી, અને ખેડૂતપ્રજા બેહાલ થઈ ગઈ હતી. વ્યાપાર આગલા યુગમાં ભાંગેલો હતો અને વિશેષ ભાંગ્યો.

આમ આ સમયમાં પ્રજા બેહાલી, પાયમાલી અને અવ્યવસ્થામાં જીવી અને રાજકર્તાઓએ કે તેના દીવાનોએ તે પ્રતિ કાંઇ ધ્યાન આપ્યું નહિ. પરિણામે જ્યારે અંગ્રેજોએ નવાબની સત્તાઓ ઉપર અંકુશ મૂકયો ત્યારે તેનો વિરોધ કરવાની તેની નૈતિક હિમ્મત ન હતી તેમ તે માટે તેને પ્રજાનું પીઠબળ ન હતું.

# ૬

## બાબી વંશ — ઉત્તરાર્ધ

### નવાબ મહાબતખાન ૨ જા

નવાબ હામેદખાનના મૃત્યુના સમાચાર રાધનપુર પહોંચતાં જ ત્યાં વસતા મહૂંમ નવાબ બહાદરખાનનાં વિધવા બેગમ નાજુબીબી તેના સગીર કુંવર મહાબતખાનજીને લઈ જૂનાગઢ આવ્યાં અને હામેદખાન અપુત્ર ગુજરી ગયા હોવાથી મહાબતખાનને જૂનાગઢની ગાદીએ બેસાડયા.

### રીજન્સી

મહાબતખાનનો જન્મ વિ. સં. ૧૮૯૩ (ઈ. સ. ૧૮૩૭) ના વૈશાખ વદી ૧૨ અને રવિવારના રોજ થયો હતો તેથી ઈ. સ. ૧૮૫૧ માં ગાદીનશીન પ્રસંગે માત્ર ૧૪ વર્ષના હતા તેથી રાજ્યનો વહીવટ એજન્સીએ સંભાળી લેવા વિચાર્યું પણ રાજમાતા નાજુબીબી તથા રાધનપુરના નવાબના પ્રયાસથી પોલિટિકલ એજન્ટ કર્નલ લેંગે એક રીજન્સી કાઉન્સિલની નિમણૂક કરી તથા તેમાં સભ્ય તરીકે બાટવા ભાગદાર મહમદખાન તથા કુતિયાણાના હબીબખાનને તથા પ્રમુખપદે અનંતજી અમરચંદની નિમણૂક કરી. થોડા સમયમાં બન્ને સભ્યો ગુજરી જતાં તેના અવેજી પ્રભાસપાટણના સૈયદ અહમદ બીન અબ્દુલ્લાહ એદ્રુસ તથા બાટવા ભાગદાર શેરઝુલંદખાનની નિમણૂક કરવામાં આવી.

### રાજમાતા નાજુબીબી

રીજન્સી કાઉન્સિલમાં રાજમાતાને સ્થાન મળ્યું નહિ છતાં તેણે સર્વ અધિકાર સ્વાધીન કર્યો તથા પોતાની હજૂરી બાઈ ચાઈતાબુના પુત્ર લાલભાઈને

વજીરપદ આપ્યું તથા દીવાન રણછોડજીની પુત્રી સૂરજકુંવરના પુત્ર મણિશંકર નરભેરાંકર વૈદને તથા પાછળથી ભગવાનલાલ મદનજીને પોતાના ખાનગી કારભારી તરીકે નીમ્યા.

## સગીર નવાબ

એજન્સી અધિકારીઓની સૂચનાથી સગીર નવાબને શિક્ષણ આપવા રાજમાતાએ અંગ્રેજી શીખવવા સુરતના પ્રાણલાલ મથુરાદાસ નામના શિક્ષકને તથા મુસાહેબો તરીકે પ્રભાસપાટણના ફરીદખાન નુરખાન તથા જૂનાગઢના પ્રભુદાસ કહાનદાસ બક્ષી અને નામદારખાન શેરખાનની નિમણૂક કરી. ઈ. સ. ૧૮૫૫માં અંગ્રેજીશિક્ષક પ્રાણલાલ મથુરાદાસ મૂળ જગ્યાએ પાછા ફરતાં તેની અવજી સુરતના નાગર સોમનારાયણ નરનારાયણની નિમણૂક થઇ.

નવાબની સાથે અમીરોના તથા નાગરોના તેજસ્વી વિદ્યાર્થીઓને ભણવા બેસાડવામાં આવતા પરંતુ નવાબે અંગ્રેજી ત્રીજા ધોરણ સુધી અને મુનશી જાનમહમદ પાસે ફારસીનો થોડો અભ્યાસ કરી રાજકાજમાં લક્ષ પરોવ્યું.

## રીજન્સી બરખાસ્ત

ઈ. સ. ૧૮૫૮માં નવાબ ૨૧ વર્ષના થતાં રીજન્સી કાઉન્સિલ બરખાસ્ત કરવામાં આવી અને અનંતજી અમરચંદને મુખ્ય દીવાનપદે નીમવામાં આવ્યાં.

## જનાનાની ખટપટ

નવાબની સગીર અવસ્થા દરમ્યાન રીજન્સી કાઉન્સિલ હોવા છતાં સાચી સત્તા રાજમાતા નાજુબીબી તથા તેની કૃપાપાત્ર હજૂરી ચાંદતીબુના હાથમાં રહી અને નવાબે સત્તાનાં સૂત્ર સંભાળ્યાં પછી પણ અનંતજી જેવા સમર્થ દીવાન હોવા છતાં આ બંને બાઈઓ રાજતંત્રમાં અપાર દખલ કરતા રહ્યા. રાજમાતાથી નવાબનું કોઈ વિશેષ હિત વિચારે નહિ એમ માની એની ફરિયાદ ઉપરથી દીવાન અનંતજીને તથા કાઉન્સિલ સભ્ય મિયાં અહેમદ એદ્રુસને દૂર કરવાનાં ચક્રો એજન્સીમાં ગતિમાન કરવામાં આવ્યાં પરંતુ એજન્સી અમલદારોએ તેમ ન કરતાં નવાબના અમદાવાદવાળા પીરઝાદા નન્ના મિયાંને સભ્યપદે નીમ્યા.

ઈ. સ. ૧૮૫૯માં નાજુબીબીની હકૂમત એવી તો બળવત્તર થઈ ગઈ કે નવાબ મહાબતખાન પૂતળા જેવા રાજકર્તા થઈ ગયા. જનાનામાંથી થતા હુકમોનો અમલ થતો અને નવાબ કે દીવાનના હુકમોની અવગણના થતી. દીવાન અનંતજીએ સ્થાપેલી આધુનિક પ્રકારની રાજ્યવ્યવસ્થા ભાંગી પડી

અને તે પૂર્વે જેવું અંધેર હતું તેવું અંધેર થઇ ગયું. નવાબ તેની માને કાંઈ કહી શકે એમ ન હતા અને જો કાંઈ કહે તો શીબંદી તેને આધીન હતી તેથી તેને કેદ કરે કે મૂંઝવે તેવા સંજોગો હતા, તેથી તેણે એજન્સીમાં ખાસ દૂત મોકલી તેની સાથે તેની મુશ્કેલીનું વર્ણન લખી મોકલ્યું તે ઉપરથી રાજકોટથી કેપ્ટન શોર્ટ નામનો અંગ્રેજ અધિકારી જૂનાગઢ આવ્યો અને તેણે શીબંદીને માત્ર નવાબનો હુકમ માનવા સલાહ આપી પણ તે સલાહ અમાન્ય રહી. કેપ્ટન શોર્ટની દખલગીરીથી નાજુબીબી રોષે ભરાયાં અને તેણે શીબંદીના જમાદારોને બોલાવી ઉશ્કેર્યા. સૈનિકો અને આરબો બળવો કરશે એવી ભીતિ કેપ્ટન શોર્ટને લાગતાં તેણે પોલિટિકલ એજન્ટનું મેજર બ્લેક દ્વારા માર્ગદર્શન માગ્યું. દરમ્યાન નાજુબીબી, નવાબને સમજાવી તેને ગોંડલમાં છાવણી નાખી પડેલા પોલિટિકલ એજન્ટ પાસે પોતે સત્તાધીશ રહે તેવી કબૂલાત અપાવવા લઈ ગયાં પણ મુકામ ઊપડી જતા પોલિટિકલ એજન્ટ મળ્યા નહિ.

નવાબ માટે એક સામાન્ય ગૃહસ્થ જેવું જીવન પણ જીવવાનું હવે અશકય બન્યું. જનાનાનું જોર વધી ગયું તેથી તે રાજકોટ ગયા. અને પોલિટિકલ એજન્ટને સત્ય વસ્તુસ્થિતિ સમજાવી તેણે સરકારમાં લખતાં ઈ. સ. ૧૮૬૦માં એલેકઝાન્ડર કિન્લોક ફોર્બ્સને જૂનાગઢ જવા મુંબઈ સરકારે આજ્ઞા કરતાં તે મુંબઈથી ઘોઘા આવતી સ્ટીમરમાં આવી ત્યાંથી જૂનાગઢ આવ્યા. તેમણે દીવાન અનંતજી તથા મિયાં અહેમદ એદ્રુસનાં રાજીનામાં લઈ દીવાનપદે ડુંગરશી દેવશીની નિમણૂક કરી.

## અનંતજી દીવાન

આ પ્રસંગે ફોર્બ્સે ગોપનાથ મુકામેથી તા. ૧૫મી મે, ૧૮૬૦ના રોજ સરકારમાં એક પત્ર લખ્યો. તેમાં અનંતજી દીવાનની શક્તિ તથા વફાદારીનાં ભારોભાર વખાણ કરી તેને રક્ષણ આપવા એજન્સીને ભલામણ કરી.

દીવાન અનંતજી અમરચંદ વસાવડાનો જન્મ ઈ. સ. ૧૮૦૯માં થયો હતો. માતૃપક્ષે દીવાન રણછોડજી તેના સગા થતા હતા. તેના પિતામહ કુંવરજી તથા તેના ભાઇઓ ભાણજી અને બજીભાઈ ગાયકવાડના રાજ્યમાં મોટા હોદ્દાઓ ધરાવતા. અનંતજીના મોટાભાઈ અમૃતલાલે જૂનાગઢમાં શરાફીની મોટી પેઢી સ્થાપી હતી અને દેશી રાજ્યોને મોટી રકમો ધીરતા હતા અને એજન્સીના લહેણા બદલ રાજ્યોના જામીન પણ પડતા હતા. દીવાન રણછોડજી આ પેઢીમાં ભાગીદાર હતા. ઈ. સ. ૧૮૩૫માં અમૃતલાલ જૂનાગઢના દીવાનપદે નિમાયા ત્યારે અનંતજી ધ્રાંગધ્રામાં નિમાયા. અમૃતલાલ ઈ. સ. ૧૮૩૬માં છૂટ થયા અને જબ્બર શેઠના કારભારમાં નવાબ હામેદખાનની સ્વતંત્રતા રૂંધાણી ત્યારે તેણે

અનંતજીની મદદ માગતાં તેણે તેની પોલિટિકલ એજન્ટ કર્નલ માલેટ સાથે મુલાકાત કરાવી આપી અને જ્યારે જબ્બર શેઠને આધીન કરવા તેની હવેલીને ઘેરો ઘાલવાનો નિર્ણય લેવામાં આવ્યો તે પૂર્વે અનંતજી પોતાની સાથે અમદાવાદના નગરશેઠ હેમાભાઈ, ભાવનગરના દીવાન પરમાણંદદાસ મહેતા અને રાજકોટના વકીલ ખેતશી વોરાને લઈ જબ્બર શેઠને સમજાવવા ગયેલા. આ પ્રસંગે તે નવાબના ગાઢ સંપર્કમાં આવ્યા અને તેની શકિત જોઈ ઈ. સ. ૧૮૪૫માં તેની દીવાનપદે નિયુક્તિ કરી.

તેઓ દીર્ઘદૃષ્ટા અને વ્યવહારકુશળ મુત્સદ્દી હતા; એટલું જ નહિ પણ કલમના કસબ સાથે કટારનો ઉપયોગ પણ કરી જાણતા. વાઘેરો બહારવટે ચડયા અને આભપરામાં મોરચો બાંધી બેઠા અને જ્યારે તેઓના ઉપર હલ્લો કરવામાં આવ્યો ત્યારે જૂનાગઢ તરફથી સૈનિકો લઈને ગયેલા અનંતજીએ. અંગ્રેજ અધિકારીઓની હાજરીમાં વાઘેરો ઉપર પ્રબળ ધસારો કર્યો. તેમની વીરતા જોઇ અંગ્રેજ ફોજી અધિકારીઓએ તેની પ્રશંસા કરી. આ પ્રસંગે રાવળ રામ વીસા નામના કવિ હાજર હતા. તેણે તરત જ ગાયું કે,

આભપરાસે ઊડ ગયે વાયસ સમ વાઘેર,
નરસિંહ નામ ઉચ્ચારકે જબ અનંત અહો સમશેર.

દીવાન અનંતજીએ રાજ્યના તંત્રમાં મધ્યકાલીન વહીવટી પદ્ધતિ હતી તેના બદલે એજન્સીના તંત્ર જેવું તંત્ર રાજ્યમાં દાખલ કર્યું. જુદાં જુદાં ખાતાંઓ ઊભાં કર્યાં. અને સત્તાનું વિકેન્દ્રીકરણ કર્યું. જો જનાનાની ખટપટને કારણે તેને ઈ. સ. ૧૮૬૦ માં નિવૃત્ત થવું પડયું ન હોત તો તે કાલમાં જ જૂનાગઢના તંત્રને સહુથી પ્રથમ આધુનિક બનાવી શકયા હોત તેમ છતાં આધુનિક તંત્ર પદ્ધતિના પ્રારંભનો યશ તેને ફાળે જાય છે.

તેમને કાંઈ સંતતિ હતી નહિ તેથી નાગરજ્ઞાતિના પ્રચલિત રિવાજથી વિરુદ્ધ જઇ બીજી પત્ની કરવાની તેમને જ્ઞાતિએ પરવાનગી આપી તે છતાં તેણે તેવું પગલું ન ભરતાં તેના અઢળક ધનનો વ્યય ધાર્મિક અને સાર્વજનિક કાર્યોમાં કર્યો. દીવાન અનંતજીએ પાંચ ધર્મશાળાઓ, ચાર શિવાલયો, બ્રહ્મપુરીઓ વગેરે બંધાવ્યાં. તે ઉપરાંત જૂનાગઢ, રાજકોટ અને કેટલાંક તીર્થક્ષેત્રોમાં સદાવ્રત બાંધ્યાં વડનગરનાં હાટકેશ્વર તથા કાશી વિશ્વનાથનાં મંદિરોનાં બારણાં રૂપાનાં બનાવ્યાં. મથુરામાં એક વાડી વેચાતી લઈ રઘુનાથજીના મંદિરને અર્પણ કરી. તેણે જૂનાગઢના માંગનાથ તથા ખાખચોકના મંદિરોનો જીર્ણોદ્ધાર કર્યો

અને ઈ. સ ૧૮૫૧ અને ઈ. સ. ૧૮૫૪માં સ્વજ્ઞાતિમાં થાળી, ત્રાંસ અને ગાગરનાં લહાણાં કર્યાં.

નવાબે તેમને ઝાંપોદડ ગામ ઈનામમાં આપેલું પરંતુ તેની હયાતી પછી તે પાછું લઈ લીધું.

અનંતજી ઈ. સ. ૧૮૬૯માં ગુજરી ગયા. તે પછી તેનાં વિધવા હરકુંવરે ઈ. સ. ૧૮૭૧માં એક વીલ કરી તેના પતિની ઈચ્છા અને આજ્ઞાનુસાર તેમના રહેણાંક મકાનમાં ઈષ્ટદેવ નરસિંહજીનું મંદિર કરવા, સદાવ્રત આપવા, ગરીબ માણસો માટે દવાખાનું કરવા, રાજકોટમાં નાગર બોર્ડિંગ બાંધવા વગેરે ધર્માર્થ કાર્યો કરવા એક કમિટી નીમી. આ કાર્યો થતાં રહે તે માટે માળિયા તાલુકાનું વાંદરવડ ગામ ઉજ્જડ પડેલું તે નવાબ પાસેથી દોઢ લાખ કોરીમાં વેચાતું લઈ તે આબાદ કર્યું અને ટ્રસ્ટને આપી દીધું.

ક્રમભાગ્યે હરકુંવર ઈ. સ. ૧૮૭૩માં ગુજરી ગયા અને વીલની શર્તો પૂરી કરવા તત્કાલીન દીવાન હરિદાસ વિહારીદાસ દેશાઈએ એક કમિટી નીમી. જૂનાગઢ રાજ્યે નવાબ રસૂલખાનના સમયમાં વાદરવડ ઉપર જપ્તી મૂકી પણ તેના મૃત્યુ પછી સ્થપાયેલા એડમિનિસ્ટ્રેશનમાં જપ્તી ઊઠી ગઈ. સૌરાષ્ટ્ર રાજ્યે જમીન સુધારણા ધારો ઈ. સ. ૧૯૫૦માં લાગુ પાડયો ત્યારે આ ગામ ખાલસા થયું પણ તેની ઊપજ કાયમ માટે ટ્રસ્ટને મળતી રહે એમ ઠરાવ્યું.

આજે પણ જૂનાગઢમાં અનંત ધર્માલય ટ્રસ્ટ અનેક ઉપયોગી સંસ્થાઓ ચલાવે છે.[1]

## ડુંગરશી દેવશી

જૂનાગઢ રાજ્યમાં માજી નવાબોના સમયમાં અગત્યનો ભાગ ભજવી જનાર સુંદરજી શિવજીના પૌત્ર ડુંગરશી દેવશી દીવાનપદે નિમાયા પણ તે રાજખટપટથી અપરિચિત હતા અને તેનું શરીરસ્વાસ્થ્ય બરાબર ન હતું તેથી વહીવટમાં બહુ ધ્યાન આપી શકતા નહિ. અને તે કારણે, બળવંતરાય જાદવરાય મુનશી, લક્ષ્મીચંદ ગાંધી વગેરે રાજપુરુષોની સલાહ ઉપર કારભાર કરતા.

---

1 દીવાન અનંતજીનું જીવનચરિત્ર-લેખક શ્રી ભવાનીશંકર નરસિંહરામ તથા સંક્ષિપ્ત જીવનચરિત્ર-લેખક શ્રી સુરતરાય વસાવડાના આધારે. દીવાન અનંતજીનાં ધર્માર્થ કરેલાં કાર્યોની નોંધ મોટી છે તેથી વિસ્તારભયે વિગતો આપી નથી.

## કેશવજી-વીરજી

આ સમયમાં રાજમાતા પાસે રહેતા કેશવજી અને વીરજી નામના બે લોહાણા ભાઈઓની લાગવગ વધી ગઈ. કહેવાય છે કે આ ભાઈઓ ડોળી ઉપાડવાનું કામ કરતા. કેશવજીએ કોઈ વેપારીને ત્યાં તે પછી નોકરી લીધી અને વીરજીને રાજદરબારમાં મેના પાલખી ઉપાડવાનું કામ મળ્યું. મહાબતખાનને લઈ નાજુબીબી રાધનપુર ગયાં ત્યારે વીરજીએ સાથે રહી નાજુબીબીની કૃપા સંપાદન કરેલી હામેદખાનજી ગુજરી ગયા ત્યારે રાધનપુર જઈ વધામણી આપવાની પણ તક તેણે ઝડપી લીધેલી જ્યારે નાજુબીબી અને ચાઈતીબુએ રાજતંત્રમાં હસ્તક્ષેપ શરૂ કર્યો ત્યારે તેમને રાજતંત્ર અને પ્રજાજનોની બાતમી આપતા અને તેમની આજ્ઞાનો અમલ આ બે ભાઈઓ કરતા. તેમણે કરેલી વફાદારીભરેલી નોકરીની કદર કરી નાજુબીબીએ કેશવજીની સરકારી પાયગાના ઉપરીપદે નિમણૂક કરી અને નવાબનાં તોષાખાના, સીલેખાના વગેરે પણ તેને તથા વીરજીને સોંપાયાં. નાજુબીબીની આ ભાઈઓ ઉપર અસીમ કૃપા ઊતરી અને જ્યારે અનંતજીનો કારભાર મોકૂફ કરવા તેણે એજન્સીમાં લખ્યું ત્યારે તેની જગ્યાએ કેશવજીને નીમવા આગ્રહ કરેલો. આમ કેશવજી તથા વીરજીએ અને બળવંતરાય મુનશીએ નાજુબીબીની કૃપા મેળવી રાજ્યતંત્રમાં એવું સ્થાન પ્રાપ્ત કર્યું કે નવાબ અને દીવાનથી પણ સવિશેષ અધિકાર તેઓ ભોગવવા લાગ્યા અને અમલદારો અને પ્રજાજનો તેમને જ માન આપતા રહ્યા.[1]

## ડુંગરશીની દીવાનગીરી

ડુંગરશીની નિર્બળતા અને કમઆવડતના કારણે નાજુબીબી અને તેના કૃપાપાત્રોનું ચલણ વધી ગયું પણ એજન્સી સાથેના પત્રવ્યવહારમાં ડુંગરશીની સહીની જરૂર પડતી તેથી તેને દૂર કરવા માટે નાજુબીબીએ એજન્સીમાં કેટલાંક કારણો આપી નવાબને નામે લખ્યું, તે ઉપરથી કેપ્ટન શોર્ટ તપાસ માટે આવ્યો અને તેણે નવાબને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે 'મેજર લેંગે કેટલાક અનિચ્છનીય માણસોને દૂર કરવા આજ્ઞા કરેલી તેનું તમે પાલન કર્યું નથી. તમે એ માણસોને રજા આપો તો જ ડુંગરશીને પાછા બોલાવી શકાય.' નવાબે અને નાજુબીબીએ નછૂટકે કેટલાક માણસોને દૂર કર્યાં.

---

1 આ ઉપરથી હજી કહેવત ચાલે છે કે,

ફુલકુલ્લાં કેશવજી કહીયે બંગલે બળવંતરાય.

ડુંગરશી શેઠે પણ નાજુબીબીની વિરુધ્ધ એજન્સીમાં એક નિવેદન મોકલી તેની દખલગીરીના દાખલાઓ તેમાં ટાંકયા અને જનાનાની ખટપટની સંપૂર્ણ માહિતી આપી. તેણે એવી પણ ફરિયાદ કરી કે દીવાનની મહોર પણ તેણે રાખી છે અને જ્યાં દીવાનની મહોર કરવી પડે ત્યાં તે કરે છે. ડુંગરસીના આ નિવેદન ઉપર વિચારણા થાય તે પહેલાં ઇ. સ. ૧૮૬૧માં તેને દીવાનપદેથી મુક્ત કરી પાછા બોલાવી લેવામાં આવ્યા.

ડુંગરશીએ મોરબીના હીરાચંદ દફતરીના ભત્રીજા ડોસા પારેખને સત્રાપાડા ફોજદાર તોરકે નીમેલા.[1] તેણે વાઘેર બહારવટિયાઓને આશ્રય આપ્યો હતો તેવો આક્ષેપ મૂકી તેને રાજકોટ બોલાવી લેવામાં આવ્યા ત્યાં તેનું કોઈએ ખૂન કર્યું. આ ખૂન કરાવવામાં ડુંગરશીનો હાથ હતો તેમજ વાઘેર બહારવટિયાઓને તે પણ મદદ કરતા એમ ખૂનની તપાસમાં ખૂલતાં તેના માટે 'બંગલો બંધ થયો' અર્થાત્ તેને એજન્સીએ કોઈ પણ પ્રકારના પદ માટે કે પત્રવ્યવહાર માટે અયોગ્ય ગણ્યા.

## ગોકુલજી ઝાલા-દીવાનપદે

ડુંગરશી દેવશીની વિદાય પછી વિ. સં. ૧૯૧૭ (ઇ. સ. ૧૮૬૧)ના વૈશાખ સુદી ૮ના રોજ નવાબે દરબાર ભરી, ગોકુલજી સંપત્તિરામ ઝાલાની મુખ્ય દીવાનપદે નિમણૂક કરી.

દીવાનપદે આવીને ગોકુલજીએ અનેક સુધારાઓ કરવાની યોજના ઘડી અને રાજ્યનો વહીવટ આધુનિક પદ્ધતિએ ચલાવવા વિવિધ વિચારણા કરી પરંતુ જૂના જમાનાની અસરમાં ઊછરેલા મુત્સદ્દીઓ, રાજ્ય તે રાજકર્તાની ખાનગી માલિકીની મિલ્કત છે તેમ માનનારા અમીરો જનાનાની સ્ત્રીઓ અને નવાબના હજૂરીઓની ભયંકર ખટપટ અને કાવાદાવાના કારણે તે કાંઈ પ્રગતિ કરી શકયા નહિ.

## નવાબની મુક્તિ

નવાબ જનેતા પ્રત્યેના પ્રેમ અને નિર્બળતાને કારણે નાજુબીબીના કેદી જેવા થઈ ગયા. તેને શેખ બહાઉદ્દીનભાઈએ શિર ઉંચકવા સલાહ આપી અને તેનાથી ઉત્તેજિત થઈ તેણે એજન્સીમાં તેની અસહાયતાનું વર્ણન લખી મોકલ્યું.

---

1 ફોજદારનો હોદ્દો તે સમયે આજના ડેપ્યુટી કલેક્ટર જેવો હતો. ડોસા પારેખ લીમડીમાં કારભારી હતા ત્યાંથી જૂનાગઢ આવેલા.

પોલિટિકલ એજન્ટે કેપ્ટન કીલિયટને જૂનાગઢ મોકલ્યો પણ તે આવતાં જ કોલેરાનો ભોગ બન્યો અને તેનું તરત જ મૃત્યુ થયું. તે પછી એજન્સીએ આસિસ્ટંટ પોલિટિકલ એજન્ટ મિ. કોલસનને મોકલ્યો. તેણે વંથળી મુકામ કરી તપાસ શરૂ કરી.

આ પ્રસંગે શ્રી ભગવાનલાલ મદનજી જોશીપુરા તથા શ્રી પ્રભુદાસ કહાનદાસ જોશીપુરા પણ વંથળી મુકામ નાખી પડેલા અને નાજુબીબી વતી ચાંપતી તપાસ રાખતા.[1] મહાબતખાન મિ. કોલસનને ન મળે તેની નાજુબીબીએ પૂરતી તકેદારિ રાખી અને તેના ઉપર ચોકી ગોઠવી પણ જમાદાર શેખ બહાઉદ્દીન-ભાઈ, જમાદાર જમાલખાન, જમાદાર ઉમર અબુ પંચ અને જમાદાર મહમદ બીન સાલેહ નવાબને મદદ કરવા તૈયાર થયા. જમાદાર સાલેહ બીન સાલે અગાઉથી વંથળી ગયા અને મિ. કોલસનને સત્ય હકીકતથી વાકેફ કર્યા. પાછળથી નાજુબીબીની નજર ચૂકવી નવાબ મહાબતખાનને લઈ બહાઉદ્દીન-ભાઈ ઈ. સ. ૧૮૬૨ના જૂનની ૫મી તારીખે નાસી છૂટ્યા. તેઓએ વંથળી પહોંચી બ્રિટિશ સરકારનું રક્ષણ માગ્યું. મિ. કોલસને તેને પોતા પાસે રાખી પોલિટિકલ એજન્ટને નિવેદન કરતાં ત્યાંથી જનાનાની બાઈઓને દૂર કરી નવાબને સંપૂર્ણ અધિકાર સોંપી દેવાનો પ્રબંધ કરવા મિ. કોલસનને આજ્ઞા મળી. તે તરત જ જૂનાગઢ આવ્યો અને રાજમાતાને બીજા મહેલમાં ખસેડી ઉપર ચોકીપહેરો મૂક્યો અને ચાઈતીણુ તથા તેના પતિ રાણેખાનને હદપાર કરતાં તેઓ ધોરાજી ચાલ્યા ગયા. નવાબ મહાબતખાન સાચા અર્થમાં સ્વતંત્ર થયા.

## કેશવજી-વીરજી કેદમાં

કુંગરશી શેઠ ઉપર કામ ચાલ્યું ત્યારે તેમાં હાથ આવેલા કેટલાક ખાનગી કાગળોમાં કેશવજીએ લખેલા કેટલાક પત્રો પકડાયા તે ઉપરથી તેણે પણ વાઘેરોને સહાય કરી છે તેમજ ડોસા પારેખના ખૂનમાં તેનો હાથ છે તેમ પણ જણાતાં એજન્સીના હુકમથી કેશવજી, વીરજી, મિયાં હામેદ એદ્રુપ તથા નુરખાં મૌલવીને કેદ કરવામાં આવ્યા. તે સાથે કેશવજીએ એક લાખ અને ચાલીસ હજાર કોરીની ઉચાપત કરી છે તેવો આક્ષેપ મૂકી તેનાં ઘરબાર ખાલસા કરવામાં આવ્યાં અને મિલકત દરબારમાં દાખલ કરવામાં આવી.

---

1 ભગવાનલાલ ચરિત્રમાં કહેવામાં આવ્યું છે કે તેઓ નવાબને સ્વતંત્ર કરવાની પ્રવૃત્તિ કરતા, કારણ કે વિ. સં. ૧૯૧૪માં ભગવાનજીને રાજ્યસેવામાંથી "વિમુખ" થવું પડેલું.

વીરજીને ઉપરકોટમાં કેદ કરવામાં આવેલ. ત્યાંથી તેણે પડતું મૂકી જીવનનો અંત આણ્યો. કેશવજી, મિયાં હામેદ તથા નુરખાન રાજકોટની જેલમાં હતા. તેઓએ મિ. કોનોન નામના અંગ્રેજ બેરિસ્ટરને રોકી પોતાનો બચાવ કર્યો. મુંબઈનાં વર્તમાનપત્રોમાં કેશવજી વગેરેને અન્યાય થયો છે તેવા લેખો પણ છપાવ્યા, પરિણામે મુંબઈ સરકારે કર્નલ બારને પાછા બોલાવી લીધા અને કર્નલ ઍન્ડરસનને કામચલાઉ પૉલિટિકલ એજન્ટ તરીકે નીમ્યા.

નવાબ મહાબતખાને આ ઉપરથી મુંબઈ સરકારમાં મોટો વાંધો ઉઠાવી લખી મોકલ્યું કે કર્નલ બારે મને રક્ષણ આપી નાલાયક માણસોને અટકમાં લીધા તે માટે તેને બરતરફી મળે છે તે અન્યાય છે અને મારું અપમાન છે. તે ઉપરથી સરકારે આખો પ્રશ્ન પુનઃવિચારણામાં લઈ કર્નલ બારને પાછા નોકરી ઉપર લીધા.

કેશવજી વગેરેનો કેસ ચલાવવા એક પંચ નીમવામાં આવ્યું અને આરોપો સાબિત થતાં કેશવજીને દશ વર્ષની તથા મિયાં હામેદને તથા નુરખાન મૌલવીને નવ વર્ષની કેદની સજા થઈ. કેશવજીની પ્રકૃતિ કેદમાં ખરાબ થઈ જતાં તેને એક વર્ષ કપાત કરી નવ વર્ષની સજા પૂરી થયે મુક્તિ મળી પણ ઈ. સ. ૧૮૭૨માં તેનું મૃત્યુ થયું.[1]

કેશવજી અને વીરજી અભણ જેવા અને નાની સ્થિતિના માણસો હતા છતાં તેઓએ રાજરમતમાં ગણનાપાત્ર ભાગ ભજવી ઘણાં ઊંચાં પદ પ્રાપ્ત કર્યાં. તેઓને તક મળી હોત તો તેઓ જરૂર નામના મેળવી શકયા હોત. તેઓ રાજમાતાના કાવાદાવાના કારણે લોકપ્રિય થઈ શકયા નહિ[2] અને કાયદેસર સ્થાપિત થયેલા રાજાને વફાદાર રહી શકયા નહિ.[3]

## દત્તકની સનંદ

ઈ. સ. ૧૮૬૨માં બ્રિટિશ સાર્વભૌમ સત્તાએ જૂનાગઢના રાજકર્તા અપુત્ર હોય તો મુસ્લિમ સરાહના નિયમોને આધીન રહી તેને દત્તક લેવાની સનંદ

---

1 હોળી ટાણામાં કેશવજી–વીરજીની નિંદાના ચંદ્રાવળા હમણાં સુધી ગવાતા. તેની ઘણી કડીઓ મારી પાસે છે પણ તેને ઉતારો કરવાનું અયોગ્ય અને અનુચિત જણાય છે.–લેખક

2 કેશવજી તથા વીરજીના વંશજોનો ઇતિહાસ મને અતિ પ્રયત્ન કરવા છતાં મળ્યો નથી, કોઇ વાંચકને માહિતી હોય તો પૂરી પાડવા કૃપા કરે. – લેખક

3 જુઓ સૌરાષ્ટ્રના ઇતિહાસની વાર્તાઓ, ભા. ૩, શં. હ. દેસાઈ.

આપી અને તે સાથે જ્યાં સુધી તે સર્વભૌમ સત્તાને વફાદાર રહે ત્યાં સુધી તેને કોઈ જાતની હરકત નહિ કરવામાં આવે તેની ખાત્રી આપવામાં આવી.

## સરહદી ઝઘડાઓ

રાજ્યે રાજ્યના સરહદી ઝઘડાઓ પતાવવાની પદ્ધતિ પણ પલટાઈ ગઈ હતી. પંચો કે કમિશન દ્વારા આવા દાવાઓનો નિર્ણય કરવાનો ચાલ પડી ગયો હતો તે પ્રમાણે આવા વાદવિવાદ પ્રસંગે દસ્તાવેજી કે મૌખિક પુરાવાઓ ધ્યાનમાં લઈ એજન્સીએ નિર્ણય આપવાનું ધોરણ સ્થાપ્યું. જૂનાગઢ રાજ્યને આ સમયે આવા ઘણા પ્રશ્નોના નિર્ણય મેળવવાના બાકી હતા. દીવાન અનંતજીએ રાજ્યનાં જૂનાં દફતરો અને પુરાવાઓ રજૂ કરી બાબરિયાવાડનાં કેટલાંક ગામો ઉપર ભાવનગર પોતાના હક્કો હોવાનો દાવો કરતું તે પ્રશ્નમાં તથા અમરેલી અને તે નીચેના ગામડાઓમાં ગાયકવાડની સરકાર પોતાના હક્કો હોવાનો દાવો કરતી તે પ્રશ્નમાં સફળ રજૂઆત કરી જૂનાગઢના લાભમાં ઠરાવો મેળવ્યા. એ પ્રમાણે દીવાન ગોકળજી ઝાલાએ સરહદના હક્કોના જોરતલબીલ લેવાના હક્કોના અને બીજા વાંધાઓ કુશળતાપૂર્વક વિવાદમાં લઈ જઈ જૂનાગઢ તરફી નિર્ણયો મેળવ્યા. આ કાર્યમાં સર્વશ્રી પ્રાણલાલ શંભુલાલ, જમાદાર સાલેહ હિન્દી, ગિરજાશંકર ત્રિકમજી ઝાલા, નરસિંહપ્રસાદ બૂચ, વકીલ કૃપારામ હિમ્મતરામ, ન્યાલચંદ રૂપશંકર, વકીલ પરમાણંદદાસ વૃંદાવનદાસ, મુનશી નંદલાલ મદનરાય, મિયાં હામેદ, મંગલજી ગૌરીશંકર, વકીલ ભાણજી પ્રભુદાસ, નરસિંહદાસ સંતોકરામ વગેરે મુત્સદ્દીઓ, વકીલો અને અન્ય રાજપુરુષોએ દીવાનોને સક્રિય સહાય કરી.

## મજમુ ગામો

જૂનાગઢ અને જેતપુર વચ્ચે ગામો મજમુ હતાં. કર્નલ કીટીંજે આપેલી સલાહ અનુસાર જૂનાગઢ તરફથી શ્રી નરસિંહપ્રસાદ હરિપ્રસાદ બૂચે આસિસ્ટંટ પોલિટિકલ એજન્ટ મિ એટકિન્સન પાસે રજૂઆત કરી અને પરિણામે ૬૦ ગામો જૂનાગઢને અને ૩૦ ગામો જેતપુરને મળ્યાં. જેતપુરના બે ભાગ પડયા. તેમાં એક ભાગ જૂનાગઢને મળતાં ભાદર નદીને કાંઠે ઈ.સ. ૧૮૬૫માં નવાગઢ નામનું ગામ જૂનાગઢે વસાવ્યું અને તેની ફરતો ઈ. સ. ૧૮૭૯માં કિલ્લો બાંધી તેમાં સરકારી મકાનો બંધાવી ત્યાં મહાલનું મુખ્ય મથક બનાવી જેતપુરની વહેંચણીમાં આવેલાં ગામો તેની નીચે મૂક્યાં. નવાબ મહાબતખાન ત્રીજાના સમયમાં તેના યુવરાજ દિલાવરખાનના નામે આ નવાગઢનું નામ દિલાવરગઢ પાડવામાં આવ્યું પણ ઈ. સ. ૧૯૪૭ પછી તે પાછું નવાગઢ થઈ ગયું.

પોરબંદર રાજ્ય સાથે ૨૨ ગામો મજમુ હતાં. તે માટે પણ આસિસ્ટંટ પોલિટિકલ એજન્ટ કેપ્ટન લોઇડ પાસે જૂનાગઢ વતી શ્રી નરસિંહપ્રસાદ હરિપ્રસાદ બૂચે અને પાછળથી શ્રી નરસિંહદાસ સંતોકરામે અને અંતમાં શ્રી ન્યાલચંદ રૂપશંકરે રજૂઆત કરી. પોરબંદર તરફથી શ્રી કરમચંદ ગાંધી તથા શ્રી મોતીલાલ રામજીએ રજૂઆત કરતાં જૂનાગઢને ૧૮ ગામો અને પોરબંદરને ૪ ગામો મળ્યાં.

આ કામગીરી બદલ શ્રી નરસિંહપ્રસાદ બૂચને સમઢિયાળા ગામ ઈનામમાં મળ્યું.

## બાબરિયાવાડ

ઈ. સ. ૧૮૬૪માં બાબરિયાવાડના કાઠી અને આહીર મૂળ ગિરાસિયાઓએ એવો દાવો કર્યો કે તેઓ સ્વતંત્ર છે અને નવાબને આધીન નથી. એજન્સીએ તે માટે સંપૂર્ણ તપાસ કરી એવો નિર્ણય આપ્યો કે આ ગામો ઉપર હકૂમત જૂનાગઢ રાજ્યની છે અને ગિરાસિયાઓને માત્ર મહેસૂલી હક્ક જ છે. જૂનાગઢે ત્યાં થાણું મૂકવા ભેરાઈની પસંદગી કરી તથા પ્રભાસપાટણના દેશાઈ મયાશંકર જેશંકર[1]ને એક મજબૂત સેના આપી થાણદાર તરીકે નીમ્યા. પોતાનો હક્ક પ્રતિપાદિત કરવા થોડા જ સમયમાં રાજ્યે કડિયાળીની એક પાટી અને કંથારિયાની એક પાટી ખાલસા કરી તથા નાગેશ્રી પાસે મીઠાપુરમાં કેટલીક જમીનો લઈ સરકારી મકાનો બાંધ્યાં.

## અગ્રિમ રાજ્ય જૂનાગઢ

ઈ. સ. ૧૮૬૨માં પોલિટિકલ એજન્ટ કર્નલ કીટીંગ્સે સૌરાષ્ટ્રનાં દેશી રાજ્યોનું વર્ગીકરણ કરી તેની અગ્રતા નક્કી કરી આપી તે પ્રમાણે જૂનાગઢ રાજ્યને પ્રથમ વર્ગમાં પ્રથમ ગણવામાં આવ્યું. રાજકર્તાને ૧૧ તોપનું માન આપવામાં આવ્યું અને તેને અન્ય રાજ્યો કરતાં સવિશેષ અધિકારો પણ આપવામાં આવ્યા.

નવાબને પોલિટિકલ એજન્ટ લખાણ કરે તો તે પત્રનું મથાળું શું બાંધવું તે પણ મુકરર કરવામાં આવ્યું તે પ્રમાણે જ્યારે પત્ર લખવો હોય ત્યારે પોલીટિકલ એજન્ટ નવાબને આ પ્રમાણે લખતાઃ "નવાબ સાહેબ,

---

1 મયાશંકર દેશાઇ પ્રભાસપાટણના પ્રખ્યાત દેશાઇ કુટુંબના હતા. વિગતો માટે જુઓ પિતૃતર્પણ–શં. હ. દેશાઇ.

વાલાશાન હશમત વ ઈઝલાલ નિશાન રફીયત વ શૌકત બુનિયાદ મહોબત વ મુવ્વદત તવ્વામાનં અઝિમુલ ખિતાબ નવાબ સાહેબ (મહાબતખાનજી) બહાદુર, વાલીએ જૂનાગઢ, સલમેયાલ મુન્નાન અઝદીલ એખલાસ (કર્નલ કીટિંગ્સ) પોલિટિકલ એજન્ટ પ્રાંત કાઠિયાવાડ કેમ્પ (વંથળી) સલામ બાદ ઈજહારે ઈસ્તિઆક મુલાકાત સરોપા મુશરત મુખ્ખશફ ખાતિર મહોબત ઝ ખબર આંકે–" પછી પત્રની વિગતો[1]

આ પ્રમાણે બાઈ બીબીઓને લખવાના પત્રોનું મથાળું પણ મુકરર થયું.

પ્રજાજનોને નવાબને અરજી કરવી હોય તો તેના મથાળે "ખુદાવન્દ ખુદાએગાન, ફૈઝબક્ષ ફૈઝરસાન, ગરીબ પરવર સલામત નવાબ સાહેબ શ્રી ૭ (મહાબતખાનજી) બાબી બહાદુર વાલીએ સોરઠની ખાસ હઝુરમાં–[2] એમ લખવાનું રહેતું.

## રાજ્યમુદ્રા

જૂનાગઢ રાજ્યની રાજ્યમુદ્રા આ સમયે અસ્તિત્વમાં આવી. તેમાં ઊગતો સૂર્ય, આગળ સમુદ્ર, તેમાં તરતી નૌકા તથા સિંહ હતાં. નીચે દેવનાગરી અક્ષરોમાં "સૌરાષ્ટ્ર" લખવામાં આવેલું. આ મુદ્રા ઇ. સ. ૧૯૪૭ના નવેમ્બરની ૯મી તારીખ સુધી પ્રચલિત રહી.

## શાહી ધ્વજ

જૂનાગઢ રાજ્યને તેના વાવટાની આકૃતિ રજૂ કરવા માટે એજન્સીએ કહ્યું અને કેટલાક પત્રવ્યવહાર પછી જૂનાગઢ રાજ્યે મોકલેલી આકૃતિ મંજૂર કરી. ઈ. સ. ૧૮૭૭ ના જાન્યુઆરીની પહેલી તારીખે સામ્રાજ્ઞી વિકટોરિયા તરફથી વાઈસરોય લોર્ડ લિટને, મહારાણી વિકટોરિયાએ 'કૈસરે હિન્દ'નું પદ ગ્રહણ કર્યાના પ્રસંગે ભરાયેલા દરબારમાં રાજ્યને શાહી ધ્વજ અર્પણ કરવામાં આવ્યો. તેમાં લીલા રંગની ઢાલ ઉપર એક પંક્તિમાં મુદ્રાઓ અંકિત કરવામાં આવી છે. તેના શિરોભાગે બે અને નિમ્નભાગે બે કોણમાં ત્રણ ખડકોની આકૃતિઓ છે. ઉપરના ભાગે રૂપેરી રંગના બે ઊભા સિંહોના ટેકાવાળી રક્તવર્ણી સિંહની મુખાકૃતિ છે. આ ધ્વજ નીચેના મુદ્રાલેખમાં નાગરી લિપિમાં 'સૌરાષ્ટ્ર' શબ્દ લખ્યો છે.

---

1 આ લખાણપદ્ધતિ પાછળથી બંધ થઈ ગઈ હતી.

2 ઉપર પ્રમાણે

## દીવાનનો હોદ્દો

જૂનાગઢના બાબી વંશના સ્થાપક શેરખાને દિલ્હીના શહેનશાહ તરફથી મળેલો દીવાનનો હોદ્દો ધારણ કરેલો તેથી તેના નામાભિધાનમાં 'શ્રી દીવાન નવાબ સાહેબ શ્રી ૭' શબ્દો લખાતા. મહાબતખાનજી બીજાના મૃત્યુ સુધી એટલે ઈ. સ. ૧૮૮૨ સુધી દીવાન શબ્દ લખાતો પણ તે પછી ક્રમશઃ દીવાન શબ્દનો ઉપયોગ બંધ થયો.

## સાર્વભૌમ સત્તાની તાકીદ

ઈ. સ. ૧૮૭૨માં નવાબ મહાબતખાનજી મુંબઈ ગયેલા ત્યારે તેના રસાલામાં નિયાઝ મહમદખાન નામનો એક માણસ હતો. જે બળવાના સમયનો ગદ્દાર હતો તેથી મુંબઈની પોલીસે તેને પકડી લીધો અને સાર્વભૌમ સત્તા સામે બળવો કરનાર માણસને આશ્રય આપવા માટે નવાબનો ખુલાસો મગાયો. નવાબે અજાણપણું બતાવી માફી માગી અને સાર્વભૌમ સત્તાએ પુનઃ આવું કૃત્ય ન કરવા તાકીદ આપી ઠપકો આપ્યો.[1]

## વાઘેરો

ઓખા મંડલના વાઘેરોએ અંગ્રેજ સરકાર અને ગાયકવાડ સરકાર સામે વિદ્રોહ કરી યુદ્ધો કર્યાં અને જ્યારે તેઓ તેમાં નિષ્ફળ ગયા ત્યારે બહારવટે ચડ્યા. ઈ. સ. ૧૮૬૦માં તેઓ સૌરાષ્ટ્રમાં ઊતરી આવી બરડાના ડુંગરોમાં ભરાઈ ગયા.

બ્રિટિશ સરકારે આ બહારવટાંને ઈ સ. ૧૮૫૭ના વિપ્લવનું સ્વરૂપ આપી, સૌરાષ્ટ્રના રાજાઓને તેમનો ઉચ્છેદ કરવા કડક આજ્ઞા આપી અને બ્રિટિશ સોલજરોની એક બેટેલિયન સૌરાષ્ટ્રમાં મોકલી. સૌરાષ્ટ્રના ડુંગરાળ પ્રદેશોમાં સોલજરો બહુ સફળ થયા નહિ અને તેથી દેશી રાજ્યોના સૈનિકોને આ કાર્ય માટે બોલાવવામાં આવ્યા.

જૂનાગઢ તરફથી દીવાન અનંતજી અમરચંદ તથા દેવશી કરસન ૭૦૦ માણસો લઈને, જામનગર તરફથી જાલમસિંહ જાડેજા ૧૦૦૦ માણસો લઈને

---

1 પ્રોટેક્ટેડ પ્રિન્સીસ ઑફ ઈન્ડિયા–ડબલ્યુ. લી. વોરનર ભાષાંતરઃ હિન્દુસ્તાનનાં રક્ષિત રાજ્યો–શ્રી દુર્લભજી ધરમસી વૈદ

પોરબંદરથી દીવાન કરમચંદ ઉર્ફે કબા ગાંધી[1] ૨૦૦ માણસો લઈને તથા ગોંડલથી મણિશંકર નરભેરામ વૈદ[2] ૪૦૦ માણસો લઈને, મેજર હોનર, કેપ્ટન એન તથા કેપ્ટન બુલોકને આવી મળ્યા. આ દેશી અને અંગ્રેજી સૈનિકોએ આલપરાના ડુંગરમાં ભરાયેલા વાઘેરો ઉપર પ્રબળ આક્રમણ કરી તેમને વેરવિખેર કરી નાખ્યા.[3]

વાઘેરો ત્યાંથી નાસીને ગીરના જંગલમાં ભરાઈ ગયા અને જોધા માણેકના નેતૃત્વ નીચે તેઓએ કોડીનાર લૂંટયું અને જૂનાગઢના પ્રદેશમાં ભય ફેલાવતા રહ્યા. જોધા માણેક સાસણ પાસે તાવના રોગમાં ગુજરી ગયો જે સ્થળ આજે પણ જોધા માણેકની આમલી તરીકે પ્રસિદ્ધ થયું છે.

જૂનાગઢની ગિસ્ત તેની પાછળ ચડી તેને ગિર બહાર નીકળી જવા ફરજ પાડી. આ કાર્ય માટે પોલિટિકલ એજન્ટ કેપ્ટન રસેલે તેના તા. ૨૨-૧-૧૮૬૮ના પત્રમાં જમાદાર સાલેહ હિન્દી તથા સૈયદ અલવી એદ્રુસની બહાદુરી માટે પ્રશંસા કરી છે.[4]

માંચરડાના ધિંગાણામાં બ્રિટિશ સેનાના કેપ્ટન હેબર્ટ અને કેપ્ટન લાટુને વાઘેરોએ મારી નાખતાં તેની વિધવાઓને, દરેકને જૂનાગઢ રાજ્યે રૂપિયા ૨૦૦નું માસિક પેન્સન બાંધી આપ્યું[5] તથા રૂપિયા ૫૫,૦૦૦ની રકમ અનામત રાખી તેમાંથી હેબર્ટ-લાટુ સ્કોલરશિપ, મેટ્રિકમાં શ્રેષ્ઠ કક્ષાએ પાસ થતા વિદ્યાર્થી માટે સ્થાપવામાં આવી.[6]

## ગીગો મેર

ઈ. સ. ૧૮૫૩ લગભગ કેશોદ તાબાના કણેરી ગામનો ગીગા નામનો ગીરાસદાર મેયો, ગીરાસની વહેંચણની તકરારમાં પોતાના ભાઈનું ખૂન કરી તેને પકડવા જનાર બાદશાહ જમાદારને ઠાર મારી તેના સાથીઓ અને ભાઈ પુના વગેરેની ટોળી બાંધી રાજ્ય સામે બહારવટે ચડયો. ગીગાનું રાજ્ય સાથે સમાધાન

---

1 પૂ. મહાત્મા ગાંધીજીના પિતાશ્રી.

2 દીવાન રણછોડજીની પુત્રીના પુત્ર.

3 દીવાન અનંતજીનું જીવનવૃત્તાંત.

4 જમાદાર સાલેહ હિન્દીના ટેસ્ટિમોનિયલ્સ.

5 આવું પેન્શન જામનગર રાજ્યે પણ બાંધી આપેલું.

6 બાબી રૂલર્સ ઓફ સોરઠમાં એક સ્થળે આ રકમ ૧૦,૦૦૦ની હતી તેવો ઉલ્લેખ છે.

કરાવવા ચારણ દેસુર ગીગાએ વિષ્ટિ ચલાવી પણ તે નિષ્ફળ ગઈ તેથી ગીગાએ ભયંકર બહારવટું ખેડયું. રાજ્યે મૈયાઓની સામૂહિક ધરપકડો કરી પણ તેનું કાંઈ પરિણામ આવ્યું નહિ. અંતે ઈ. સ. ૧૮૫૯માં તે માંગરોળમાં તેના મિત્ર મોરલીશાહ ફકીરના લગ્નમાં ભાગ લેવા ગયેલો ત્યાં પોલીસે તને ઘેરી લીધો અને ત્યાં થયેલા ધિંગાણામાં ગીગો કામ આવ્યો.[1]

## જસલો મૈયો

ગીગાનો સાથી જસલો મૈયો ગીગાના બહારવટાને તેના મૃત્યુ પછી ચાલુ રાખી ગામો ભાંગતો રહ્યો અને ઈ. સ. ૧૮૬૧માં[2] કોટડાપીઠામાં તે આશ્રય લઈ રહ્યો હતો ત્યાં પકડાઈ ગયો અને તેને તોપને મોઢે બાંધી ઉડાડી મૂકવામાં આવ્યો.

## હદુ મકરાણી

ઈ. સ. ૧૮૭૮માં શેરગઢ થાણાના સિપાઈ હદુ મકરાણી ઉપર ચોરીના આરોપસર તપાસ ચાલતી હતી ત્યાં તે નાસી છૂટયો અને રેવદરા તથા ખોડિયારના મૈયા, ચાવંડના કાઠી, વીરા શેખવા, બોરડીના ચારણો, બીલખાના કાઠીઓ, આંબેચાના ભલગરિયા, બે સોદીઓ અને જેલમાંથી ભાગી છૂટેલા કેદીઓની મોટી ટોળી બાંધી રાજ્ય સામે બહારવટે ચડયો. આ ટોળીએ કેટલાંયેક ગામ ભાંગ્યાં. આ બહારવટિયાએ તેની ટોળીને ત્રણ વિભાગોમાં વહેંચી નાખી. હતી. એક વાર તે મોણપરી ગામ ભાંગી ભાગતો હતો ત્યાં વડવાંગળા નેસ પાસે રાજ્યની ગિસ્તનો ભેટો થઈ જતાં બહારવટિયાની એક ટોળીના ૧૧ માણસો મરાયા તેમાં જાનાં નામની કાઠિયાણી બાઈ પણ હતી. હદુ સાલેમહમદ તથા શરીમહમદ આ ટોળીના આગેવાનો હતા. તેમને પણ ધિંગાણામાં ગિસ્ત ફેરવતા પોલીસ આસિસ્ટંટ સુપ્રિન્ટેન્ડેન્ટ દીન મહમદ જંગીએ મારી નાખ્યા અને તેની બીજી ટોળીને જમાદાર આવદ ખૈરાને પારપત કરી. ત્રીજી ટોળીના માણસો પણ મરાઈ ગયા કે પકડાઈ ગયા.

## હમીર મૈયો

ઈ. સ. ૧૮૮૦માં મૈયા હમીર અરસી, ભીમા અરસી અને કાઠી વીરા શેખવાની ટોળીએ બહારવટું શરૂ કર્યું. તેના બે ટોળીઓ થઈ ગઈ. પ્રથમ ટોળી

---

1 ગીગાના વૃત્તાંત માટે જુઓ સોરઠી બહારવટિયા, ભા. ૩-શ્રી ઝવેરચંદ મેઘાણી તથા 'પિતૃતર્પણ', શં. હ. દેશાઈ, કનડાનો કેર, શં. હ. દેશાઈ

2 બાબી રૂલર્સ ઓફ સોરઠમાં આ વર્ષ ૧૮૬૪નું આપ્યું છે.

સામે નાયબ સુજાતખાન હાસમખાન તથા જમાદાર સુલેમાન ઉમરે ધિંગાણું કરીને અને બીજી ટોળી જમાદાર સુલેમાને એકલાએ ધિંગાણું કરી પારપત કરી.

## દેવાત ખુમાણ

તે જ વર્ષમાં દેવાત ખુમાણ નામનો કાઠી બહારવટે ચડ્યો તેને પોલીસ સિપાઇ નૂરમામદ મામદ ગામેતીએ મારી નાખ્યો.

## બાપુ સિપાઇ

ઈ. સ ૧૮૮૧માં ચડિયાતો સિપાઇ બાપુ પીરભાઈ બહારવટે ચડ્યો. જમાદાર સુલેમાન ઉમરે તેને પારપત કર્યો.

## મૈયા

બે.ડિયારની જગ્યામાં નાગબાઈ નામની ચારણઆઈના[1] પ્રોત્સાહનથી 'માળા ઉપાડી' ઈ. સ. ૧૮૭૧ માં શેરગઢ તથા થાનિયાણાના મૈયાઓ, તેમના આગેવાનો, શેરગઢના મૈયા અમરા તથા થાનિયાણાના અરસીની દોરવણી નીચે મોટો બળવો કરવા અને જૂનાગઢ ઉપર ચડી આવવા માગે છે તેવી બાતમી મળતાં લેફ્ટનન્ટ (પાછળથી કર્નલ) જહોન હંફ્રીએ શેરગઢ જઈ મૈયાઓનાં હથિયારો લઈ લીધાં.[2] આ કાર્યમાં તેને જમાદાર સાલેહ હિન્દી, જમાદાર મહમદ પીરભાઈ, ઓસ્માન ઉમર, દીન મહમદ અબા સાલમ, પીરૂ હાલા, ઈબ્રાહીમખાન તથા મૈયાઓના વકીલ બેલાભાઈ વસાવડાએ[3] મદદ કર્યાની નોંધ લેફ્ હંફ્રીએ પોલિટિકલ એજન્ટ ઉપર લખેલા તા. ૯–૧૨–૧૮૭૨ના પત્રમાં લીધી છે.[4]

## બીજા બહારવટિયાઓ

ઈ. સ. ૧૮૫૧માં કોયલાણાનો રબારી[5] બરવાળાનો સંધી હોથી, જવાણાનો સંધી જીવો, હામદપરાનો સૂરો, પાટણનો રહીમ પટણી, પીપળિયાના

---

1 આ આઈ મોણિયાના ચારણકુટુંબનાં હતાં. દૈવી-વિભૂતિ તરીકે તે પૂજાતાં. કનડાનો કેર. શં. હ. દેસાઈ

2 સાલેહ હિન્દીના ટેસ્ટિમોનિયલ્સ.

3 સ્વ. શ્રી કનકરાય મહાસુખરાય વસાવડાના પિતામહના પિતા.

4 નં. ૨ પ્રમાણે.

5 જ્યાં નામો આપ્યાં નથી ત્યાં નામો મળ્યાં નથી એમ સમજવું. વિસ્તારભયે વિગતો આપી નથી.–લેખક

કાઠી. વાજડીનો ગોહિલ અને હામદપરાનો કચરો મેર બહારવટે ચડયા. તેમાંના કેટલાક મરાઈ ગયા અને કેટલાક પકડાઇ ગયા.

ઈ સ. ૧૮૫૩માં ગીગો મૈયો બહારવટે હતો ત્યારે ઈશ્વરિયાના જુણેજા સંધી તથા ગોંડલના ગામોના રબારીઓ વચ્ચે વેર બંધાતાં સામસામા બહારવટે ચડયા. ભાયાવદર તાબાના ભાલવડ ગામે ભયંકર ધિંગાણું થતા ઉભય પક્ષનાં ઘણાં માણસો મરાઈ ગયાં. પ્રજાને થતી કનડગતને કારણે દીવાન અનંતજીએ વચ્ચે પડી બન્ને પક્ષોનું સમાધાન કરાવ્યું.

ઈ. સ. ૧૮૫૪માં ઈસાપરનો સંધી બાદર, થાણાપીપળીનો ફકીર ચમનશાહ, વંથળી તાબે નવલખીના સંધીઓ, ગાંઠીલાનો સૈયદ મલુકમિયાં અને માંડાવડનો કાઠી નાજો બહાર નીકળી ગીગા સાથે ભળી ગયા. પાટણનો જહાંગીર નામનો લૂંટારો પણ આ ટોળીમાં ભળી ગયેલો પણ તે પાછળથી છૂટો પડી ગયેલો.

ઈ. સ. ૧૮૫૫માં ઉના તાબે વાવરડાનો વાણિયો કેશવજી, ઉનાનો સરાણિયો નથુ, ટીકરનો સંધી મલુક, પોલો કાઠી, જગો કાઠી અને પોરબંદરનો મેર માલદે બહારવટે ચડયા. પોલો તથા જગો પકડાઈ ગયા. બીજા ગીગા સાથે ભળી ગયા.

ઈ. સ. ૧૮૫૬ના અંતમાં બોડીવાવના મહંત ઉપર ખમીદાણાનો બાવો અમરદાસ, ટીંબાવાડીનો સંધી આમદ, ઉમટવાડાના સંધી ઉપર તથા કેરાળાનો ભરવાડ રાજ્ય સામે બહારવટે ચડયા.

ઈ. સ. ૧૮૬૭માં પાદરૂકા(પાટણ)ના આહીરો સામે સુત્રાપાડાનો આહીર બહાર નીકળ્યો. સૈયદ નથુમિયાં, તરસીંગડાનો જસલો મૈયો, અજાબ ઉચેરાના મૈયા, આદરીનો રજપૂત દાજી બહારવટે નીકળ્યા.

ઇ. સ. ૧૮૫૮માં આંત્રોલીનાં ઠક્કર પબા ઉપર ભગુમેર બહારવટે ચડયો. કોટડાના બાવા પદ્મનાથ તથા ઓમકારનાથ પણ બહારવટે ચડયા. શેઘડા બલોચના સંધીઓએ લૂંટફાટ શરૂ કરી. પકાણુ સૈયદખાન ઉપર કુતિયાણાના સંધી ડોસાએ બહારવટું કર્યું. સોડવદરનો હરિજન પણબહારવટે ચડયો.

ઇ. સ. ૧૮૫૯માં દીવાસાનો રજપૂત, ગડોદરાનો જેબલિયો કાઠી, ભાખરવડનો જીવો મૈયો બહારવટે ચડયા. તે ઉપરાંત વેરાવળના પટણી જીવા આતાજી ઉપર પટણી ઈભરામ, કુતિયાણાના બાવા છતરગર ઉપર બાવો ગોવિંદ કાપરી, ખૂંભડીના દરજી ઉપર ટીણુમસનો દરજી બહારવટે ચડયા.

ઈ. સ. ૧૮૬૦માં ગાધકડાના ખુમાણો તથા ઉનાના ગોહિલો ફરીથી બહાર પડયા. બગસરાનો મેણંદ મેર, ચોરવાડનો રબારી વરસો, ઘોડાદરનો કોળી બહારવટે ચડયા. તે ઉપરાંત અંગત કારણોસર ધુડવદર ઉપર રાયપુરના આહીરો અને કુતિયાણાનો પુરબિયો રામસિંગ બહારવટે ચડયા.

ઈ. સ. ૧૮૬૧માં વડાલનો ઘાંચી સુલેમાન, બલોચ કેસરખાન, છત્રડિયાના કલા ધાંખડાનો દીકરો, ભીયાળના ચારણો બહાર નીકળી વાઘેરોને મળી ગયા.

ઈ. સ. ૧૮૬૩માં લાખાપાદરના કાઠીઓ પાળ લઈને વીસણવેલ ભાંગી ગયા. રોઘડાના જગતિયા જસા લલા, વડાલનો સંધી ડોસલ, પાટણનો જહાંગીરો ખોખર બહારવટે ચડયા. તેઓ કાંતો મરાઈ ગયા અને કાંતો પકડાઈ ગયા.

ઈ. સ. ૧૮૬૪માં વેકરિયાનો ખાંટ સામત, વાઘેર સાથે ભળી ગયો. કટિયાનો હોથી તથા સામત, ખાગેસરીનો રજપૂત, હડમતિયાનો સંધી, માલનો રબારી હામો, ઈશ્વરિયાનો ગામેતી પીઠો, આંબેચાનો ભલગરિયો ખીમો, વેલારિયાનો સંધી તરબ (કે તાલબ ?) અને ગોલાધરનો કોળી દાનિયો એક ટોળી બાંધી બહારવટે ચડયા.

આમ ઈ. સ. ૧૮૫૧ થી ૧૮૬૪ સુધીમાં રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા નિર્બળ થઈ ગયાં હતાં અને બહારવટિયાઓનું પ્રમાણ પુષ્કળ વધી ગયું હતું. વાઘેરો અને ગૈયાઓ ત્રાસ વરતાવી રહ્યા હતા છતાં જૂનાગઢની પોલીસ કાંઈ કરી શકતી નથી એમ માની એજન્સીએ મોકલેલા અંગ્રેજ અમલદારોએ, જમાદારોની જાગીરો ઉપર જપ્તી કરી, બહારવટિયાઓને આશ્રય આપે છે તે કારણે, બાંટવા દરબાર શેરખાનજીને પકડી રાજકોટ લઈ જવામાં આવ્યા અને અબા ઉમર મુબારક બાજુદનું ગામ મેઘપુર જપ્ત કર્યું. પરિણામે ઈ. સ. ૧૮૭૪ પછી તે કારણે અથવા આવા મધ્યકાલીન ઉપાયો સફળ થતા નથી તે કારણે બહારવટાં ઓછાં થઈ ગયાં, પરંતુ આ નામાવલિ ઉપરથી એ સ્પષ્ટપણે પ્રતીત થાય છે કે, સોની, દરજી, ઘાંચી, બાવા, વાણિયા અને હરિજનોમાં પણ હથિયાર બાંધી બહારવટે ચડવાનું ખમીર આ સમય સુધી હતું.

**કાવત્રું**

બાબી અબ્દલાખાન, લાલમીયાં, સંધી મોડ, જુલામા અલી અને બીજા પચીસ માણસોએ ઈ. સ. ૧૮૬૬માં એક કાવત્રું કરી, પ્રજામાં અશાંતિ ફેલાવી, રાજ્યના વરિષ્ઠ અમલદારો ઉપર ગુનાહિત હુમલો કરી રાજમહેલ

કબ્જો કરી સત્તા હસ્તગત કરવા પ્રયાસ કર્યો. આ કાવત્રું પકડાઈ જતાં જવાબદાર માણસો સામે કામ ચલાવવામાં આવ્યું અને ઈ. સ. ૧૮૬૭ માં અબ્દુલાખાન, મોડ તથા અલીને દશ વર્ષની અબ્દુલા જમાલખાન તથા હસન મસ્કતીને સાત વર્ષની, હસન અને આલમને ત્રણ વર્ષની સખ્ત કેદની સજા કરવામાં આવી, બીજાઓને દંડની કે સારી ચાલના જામીન આપવાની સજા થઈ.

## ખટપટ

નવાબના ભાયાત બાબી મુબારિઝખાને નવાબને તેના મંત્રીઓ કેદમાં રાખી મનસ્વી વહીવટ કરે છે એવી વાતો દાદુ તથા નરભેશંકર નામના શખ્સોની સહાયથી જાહેરમાં ફેલાવતાં તથા તે કાર્યમાં મુંબઈના કોઈ અંગ્રેજનો સહકાર મેળવી આ પ્રશ્ન ઉચ્ચ કક્ષાએ લઈ જતાં મોટો ઊહાપોહ કર્યો. રાજ્યે આ ત્રણે શખ્સોની ધરપકડ કરી, તેના ઉપર કામ ચલાવી મુબારિઝખાનને અઢાર માસની કેદ તથા કોરી બે હજારનો દંડ કર્યો. દાદુના સારી ચાલના જામીન લીધા અને નરભેશંકરને નિર્દોષ ઠરાવ્યો.

## વિપ્લવવાદી પઠાણ

ઈ. સ. ૧૮૭૯ના બ્રિટિશ સરકાર તથા અફઘાનિસ્તાન વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે જામનગરમાં રહેતા એક કાબુલી પઠાણે વઝીર બહાઉદ્દીનભાઈને બ્રિટિશ રાજ્ય સામે વિપ્લવ કરવા પત્ર લખ્યો. તેણે પઠાણને જૂનાગઢ બોલાવી પરહેજ કરી બ્રિટિશ સરકારના સત્તાવાળાઓને સોંપી દીધો.

## ખુમાણોનું સમાધાન

ઈ. સ. ૧૮૭૯માં ભેસાણ તાબાના ગામ ચાવંડના ખુમાણોએ જેઠસુર ખુમાણની આગેવાની નીચે ખોખી–મોખીની ધારમાં એકત્ર થઈ મોટું બહારવટું કરવા પ્રવૃત્તિ કરી પરંતુ જમાદાર મુબારક અને સર્વેશ્રી નરસિંહપ્રસાદ હરિપ્રસાદ બૂચ, રણછોડજી મયાશંકર અને ત્રિભોવનદાસ તુલસીદાસ ચાવંડ ગયા અને ખુમાણોને સમજાવી તેમનું સમાધાન કર્યું.

## માંગરોળ કમિશન

માંગરોળના શેખ બદરૂદ્દીને માંગરોળ તાલુકો જૂનાગઢથી સ્વતંત્ર છે એવો દાવો કર્યો. પોલિટિકલ એજન્ટ મિ. (પાછળથી સર) જે. બી. પીલે તપાસ શરૂ કરી. તે કામમાં શેખે એક બનાવટી દસ્તાવેજ ઊભો કર્યો તેથી તેના ઉપર ફોર્જરીનો ચાર્જ મૂકવામાં આવ્યો અને મેજર ફિલિપ્સ, મિ. એચ. એફ. આસ્ટન અને રાવ બહાદુર શંભુપ્રસાદ લક્ષ્મીલાલનું બનેલું એક કમિશન

નીમવામાં આવ્યું. આ કમિશન તેનું કાર્ય શરૂ કરે તે પહેલાં શેખ બદરુદ્દીને આપઘાત કર્યો[1] તેથી તેના અનુગામી શેખ હુસેનમિયાંએ વિવાદ પાછો ખેંચી લીધો અને જૂનાગઢ રાજ્યે ઈ. સ. ૧૮૭૯માં તેનાં સ્વાંગ ગામો પૂરતા માંગરોળને બીજા દરજ્જાના રાજ્યના અધિકારો આપ્યા. ત્યારથી માંગરોળ જૂનાગઢના રાજ્યને આધીન રહ્યું.

શેખ હુસેનમિયાંનો તા. ૨૧-૯-૧૯૦૭ના રોજ દેહાંત થયો ત્યારે જૂનાગઢ રાજ્યે તેના ઉપર જપ્તી મૂકી અને તેના ભાઈ જહાંગીરમિયાંનો ગાદી ઉપરનો હક્ક સ્વીકારી તેને અધિકાર સુપ્રત કર્યો. તે જ પ્રમાણે તેના વારસ શેખ અબ્દુલ ખાલીક તથા તેના મૃત્યુ પછી શેખ નાસરમિયાંને પણ જૂનાગઢ રાજ્યે જ સ્વીકૃતિ આપેલી.

માંગરોળ સ્ટેટ કહેવાતું નહિ. તેને તાલુકા તરીકે જ ઓળખવામાં આવતું અને શેખ જૂનાગઢના તાબેદાર 'વાસલ' ગણવામાં આવતા. માંગરોળના શેખ, સાર્વભૌમ સત્તા સાથે કોઈપણ કારણસર સીધો પત્રવ્યવહાર કરી શકતા નહિ.

## સાર્વભૌમ સત્તાને મદદ

ઈ. સ. ૧૮૬૭માં ઈંગ્લાંડ અને એબિસિનિયા વચ્ચે યુદ્ધ ફાટી નીકળતાં જૂનાગઢ રાજ્યે કેટલાંક ખચ્ચરો અને ત્રીસ લાખ પાઉન્ડ ઘાસ શાહી સત્તાને આપ્યું.

ઈ. સ. ૧૮૭૯માં કાબુલ વિગ્રહ વખતે જૂનાગઢ રાજ્યે ૧૫૦ પાયદળ, ૫૦ સવારો અને ૧૫૦ ખચ્ચરો શાહી સત્તાની મદદમાં મોકલ્યાં તથા રૂ. ૧૦૨૩૬-૬-૦ વોર ફંડમાં આપ્યા. આ સમયે પ્રજા પાસેથી પણ મોટું ફંડ ઉઘરાવી મોકલ્યું.

## રાજ્ય બહારની સંસ્થાઓને મદદ

જૂનાગઢ રાજ્યે રાજ્ય બહારની સંસ્થાઓને આ નવાબના સમયમાં આર્થિક સહાય કરી તેમાંની નોંધપાત્ર નીચે પ્રમાણે છે.

રાજકોટ : નિશાળો, હાઇસ્કૂલ, એન્જિનિયરિંગ સ્કૂલ, આર્ટ્સ સ્કૂલ,

---

1 માંગરોળના ઇતિહાસમાં આ વાત સ્વીકારવામાં આવી નથી. તે પ્રમાણે શેખ કુદરતી રીતે મૃત્યુ પામ્યા હતા.

રાજકુમાર કૉલેજ, ટ્રેનિંગ કૉલેજ, સંસ્કૃત પાઠશાળા, ગર્લ્સ સ્કૂલ, જનરલ લાઈબ્રેરી, ચેરિટેબલ હોસ્પિટલ, ઝંડુ ભટ દવાખાનું, કેમ્પ ગાર્ડન, હોર્સ રેઈસ કોર્સ ફંડ, ઓર્ફનેજ ફંડ વગેરે.

રાજકોટ સિવાય : માણેકવાડા લિગવેટ લાઈબ્રેરી, હેબર્ટ હોસ્પિટલ, બરડા ચોકી, માણેકવાડા દવાખાનું, વિક્ટોરિયા ગાર્ડન, મુંબઈ, નોર્થબ્રુક ગાર્ડન, મુંબઈ.

જુદાં જુદાં ફંડો : હેબર્ટ લાટુ સ્કોલરશિપ, કાઠિયાવાડ કેળવણીફંડ, ગુજરાતી ભાષાભંડોળ, ઓલ્ડ હિસ્ટોરિકલ રિસર્ચ ફંડ, ઈસ્ટ ઈન્ડિયા એસોસિયેશન ઈંગ્લાંડ, લોર્ડ નોર્થબ્રુક ક્લબ ફંડ, ફેમિન રિલિફ ફંડ, અફઘાન વોર ફંડ, પીલ મેમોરિયલ ફંડ, કર્નલ એન્ડરસન તથા કીટિંગ્સના મિત્રોનું ફંડ, ગિબ્સ મેમોરિયલ ફંડ, ગવર્નર ફીટઝજીરાલ્ડનું માનપત્ર ફંડ વગેરે.

સાહિત્ય : ઈંગ્લિશ ગુજરાતી ડિક્ષનરી માટે, ડૉ. બર્જેસને ગિરનાર પાલિતાણાની એન્ટિક્વિટિઝનું પુસ્તક લખવા માટે. આ બધા ફંડોમાં નવાબ મહાબતખાન બીજાના સમયમાં કુલ રૂપિયા ૧,૮૬,૯૩૯ જેટલી રકમ આપવામાં આવી.

## સૌરાષ્ટ્રની સંસ્થાઓને મદદ

આ રકમો ઉપરાંત જુદી જુદી સંસ્થાઓ તથા જાહેર કાર્યોમાં જૂનાગઢ રાજ્યે રૂા. ૭,૫૪,૭૬૨ નીચેની વિગતે આપી.

આલ્ફ્રેડ હાઈસ્કૂલનું મકાન રાજકોટ, કિંગ કૉલેજ, રાજકોટ, ગર્લ્સ સ્કૂલ, રાજકોટ લાઈબ્રેરી, રાજકોટ સિવિલ સ્ટેશન રોડ, ભાદર ઉપરનો એન્ડરસન પુલ, ગોંડલ રિબડા રોડ, રાજકોટ વઢવાણ રોડ, ચોટી રોડ, કાઠિયાવાડના ધોરી માર્ગોનું ફંડ, રાજકોટ મુસાફરી બંગલો, રાજકોટનો ગાર્ડન ગેઈટ, સોનપરીનો ગાર્ડન ગેઈટ, રાજકોટ તથા માણેકવાડાના રાજસ્થાનિક મકાનો વગેરે.[1]

### પ્રવાસ

મહાબતખાનજી તા. ૧-૧-૧૮૭૭ના રોજ દિલ્હી દરબારમાં ગયેલા

---

1 જૂનાગઢ રાજ્યે રાજ્યની બહાર જે જે સંસ્થાઓ કે વ્યક્તિઓને આર્થિક સહાય કરી છે તેની વિગતો સમયના વહન સાથે વિસ્મૃત થઈ ગઈ છે તેથી તેને અહીં સંક્ષિપ્તમાં સંગ્રહિત કરવામાં આવી છે.

અને ત્યાંથી ભારતનાં જુદાં જુદાં નગરોનો પ્રવાસ કરેલો તે પ્રવાસમાં તેમની સાથે મોટો રસાલો હતો. પુરુષોત્તમરાય સુંદરજી ઝાલા માત્ર ૧૫ વર્ષની વયના હતા છતાં તેના પિતાની અવજી તેને સાથે રાખેલા. નવાબના રાજ-જ્યોતિષી કાશિનાથ કમળાકર જોશીને પણ સાથે લીધેલા.[1] આ પ્રવાસ કરીને નવાબ પાછા ફર્યા ત્યારે પ્રજાજનોએ તેમનું ભવ્ય સન્માન કરેલું.[2]

## સુધારા

મધ્યકાલીન રાજતંત્રમાં રાજા, તેના પ્રદેશોનો અને પ્રજાનો માલિક હતો. તેની મરજી એ જ કાયદો હતો અને તેના અંગત ખર્ચનું ઉપાર્જન કરવાનું રાજ્ય એક સાધન હતું. તેમાં પ્રજાનાં સુખદુઃખની કોઈને પડી જ ન હતી. નિરંતર યુદ્ધો કરી એક બીજાને લૂંટવાની, મારવાની કે તેની સંપત્તિ સ્વાધીન કરવાની જ પ્રવૃત્તિ જારી રહેતી તેમાં સુધારાનો વિચાર પણ કોઈને આવેલો નહિ. પેશ્વા, ગાયકવાડ જૂનાગઢ અને અન્ય રાજ્યો તેમની ખંડણી, પેશકશી, જમા કે જોરતલબી ગમે ત્યારે ગમે તેની પાસેથી ગમે તે રીતે બળાત્કારે વસૂલ લેતાં અને તે વસૂલાત સમયે કે અન્ય કારણસર થતાં યુદ્ધ પ્રસંગે ગામડાંઓ ઉજ્જડ કરવામાં સેનાપતિઓ અને રાજપતિઓ ગર્વ લેતા. માત્ર રાજકર્તાને ખુશ રાખી પોતાનું સ્થાન ટકાવી રાખવાની ખેવના દીવાનો અને રાજપુરુષોને હતી અને તે પ્રવૃત્તિ અંતર્ગત ધર્મ, સમાજ કે રાષ્ટ્ર પ્રત્યે તેમની કાંઈક પણ જવાબદારી છે તે વિચાર પણ ન હતો. પ્રજાને ન્યાય આપવાનું કે દેશને આબાદ કરવાનું કોઈને સૂઝેલું પણ નહિ. નંદનવન જેવા સોરઠને આ સમશેર શોખીન રાજપતિઓએ ઉજ્જડ કરી પ્રજાને પાયમાલ કરી પોતે પણ અંતે નિર્ધન અને નિર્બળ થયા અને એક દિવસે ચુપચાપ વગર વિરોધે અને વગર અવાજે, બ્રિટિશ સત્તાને આધીન થયા.

બ્રિટિશ સત્તાએ તેમના મનસ્વી વર્તન ઉપર અંકુશ મૂકયો, પરસ્પર યુદ્ધો બંધ કરાવ્યાં, જમા જોરતલબીની વસૂલાતના આંકડા નક્કી કર્યા અને તેની વસુલાતની જવાબદારી પોતે સ્વીકારી. રાજાઓનાં શસ્ત્રો તેમનાં

1 શ્રી કાશીનાથ જોશીને જમાદાર સાલેહ તથા ગોકલજી હા. દ્વારકાદાસ એવી સહી-વાળા દીવાનના હુકમથી નવાબ સાથે જવા આજ્ઞા થયેલી. (મૂળપત્ર શ્રી શંભુપ્રસાદ જોશી પાસે.)

2 આ પ્રસંગની છાપેલી પત્રિકા બહાર પડેલી તેમાં સર્વશ્રી ખલફશાહમિયાં પીરઝાદા, હરિપ્રસાદ કલ્યાણરાય મજમુદાર, કરમચંદ કાહાનજી, આણંદલાલ હરિદાસ તથા છેલશંકર હમિયાશંકરની નગરના આગેવાનો તરીકે સહીઓ છે

સીલેખાનાઓમાં શાંત કરી દીધાં. તે ઉપરાંત રાજાઓને દીવાનો કે કારભારીઓ રાખવા વિષયમાં પણ એજન્સીએ સચેત રાખેલા. એજન્સીની પરવાનગી વગર દીવાન રાખી શકાતા નહિ અને કાઢી પણ શકાતા નહિ; પરિણામે શક્તિશાળી દીવાનો આવ્યા અને સ્થિરતાપૂર્વક રહ્યા. એજન્સી અધિકારીઓએ તેમને વારંવાર આધુનિક પદ્ધતિએ રાજ્યતંત્રને મૂકવા માટે સલાહ-સૂચના અને આદેશ આપી તેના કાર્યમાં રાજાને દખલ કરવાની વૃત્તિ ઉપર અંકુશ મૂક્યો.

નવાબ મહાબતખાન બીજાના સમયમાં, એજન્સીની આ નીતિ પૂર્ણ સ્વરૂપે અમલમાં આવી અને પરિણામે જૂનાગઢમાં મધ્યકાલના અંધારપટનું છેદન થઈ નૂતન યુગનો પ્રકાશ પથરાયો. રાજાને જેમ માત્ર જન્મની લાયકાત સિવાય અન્ય લાયકાતની આ યુગમાં જરૂર ન હતી તેમ દીવાનો અને અધિકારીઓ માટે પણ રાજાની કૃપા સિવાય બીજી કોઈ લાયકાતની જરૂર ન હતી. જે દીવાન રાજકર્તાની પ્રીતિ અને વિશ્વાસ સંપાદન કરી શકયો હોય અને જે દીવાન રાજકર્તાના અંગત ખર્ચને પહોંચી વળવા પ્રજા પાસેથી વધારેમાં વધારે ધન ચૂસી શકતો હોય તે દીવાન કુશળ ગણાતો અને રાજકર્તાની કૃપા અન્ય પ્રત્યે સવિશેષ થતી કે દીવાન તેની ધારણા પ્રમાણે ઉપાર્જન ન કરી શકતો ત્યારે તરત જ તેને કારાવાસ, દેહાંતદંડ કે બરતરફીની બક્ષિસ મળતી. નવાબ મહાબતખાનના સમયમાં અનંતજી અમરચંદ વસાવડા, ગોકુલજી સંપત્તિરામ ઝાલા, વઝિર બહાઉદ્દીનભાઈ, જમાદાર સાલેહ બીન સાલમ હિન્દી, નરસિંહપ્રસાદ હરિપ્રસાદ બૂચ, મનસુખરામ સૂર્યરામ ત્રિપાઠી જેવા પ્રખર રાજપુરુષોની દીર્ઘદૃષ્ટિ, જ્ઞાન, અનુભવ ને પ્રજાહિતની ભાવના, અંગ્રેજ અમલદારોનાં માર્ગદર્શન, ઉત્તેજન અને અંકુશના કારણે તેઓ રાજ્યમાં અનેક પ્રકારના ક્રાંતિકારી સુધારાઓ કરી શકયા અને રાજ્યતંત્રને જૂની ઘરેડમાંથી બહાર લઈ આવ્યા.

ઈ. સ. ૧૮૬૨માં નવાબે રાજમાતાથી સ્વતંત્રપણે રાજ્ય કરવા માંડયું. તેણે જૂના શિરસ્તા પ્રમાણે ઉના મહાલની ઊપજમાંથી એક પાઈ પણ ન વાપરતાં તોષાખાનામાં જમા રાખવાનું ધોરણ સ્વીકાર્યું પરિણામે જાહેર કામો માટે મોટી રકમની બચત થઈ શકી.

તે સિવાય, કર્નલ કીટિંગ્સનાં સલાહ અને સૂચનથી તેમજ દીવાન ગોકુલજી ઝાલાના પ્રયાસથી રાજ્યમાં 'દીવાની રિસાલો' નામનો સિવિલ પ્રોસિજર કોડ 'ફોજદારી ધારો' નામનો પિનલ કોડ તથા 'ફોજદારી કામ ચલાવવાનો ધારો' નામનો ક્રિમિનલ પ્રોસિજર કોડ બ્રિટિશ અદાલતોમાં ચાલતા કાયદાઓ ઉપરથી થોડા ફેરફાર સાથે તૈયાર કરી દાખલ કરવામાં

આવ્યા; અદાલતોની પણ સ્થાપના કરવામાં આવી. રેકર્ડની સાચવણી અને તારવણી માટે પણ નિયમો ઘડવામાં આવ્યા.

તે ઉપરાંત નીચેનાં ખાતાંઓ ઉઘાડવામાં આવ્યાં.

૧ હઝુર ૨ મુલ્કી દફતર ૩ તીજુરી ૪ ટપાલ ખાતું ૫ જેલ ખાતું ૬ પોલીસ ખાતું ૭ કેળવણી ખાતું ૮ હાઈસ્કૂલ ૯ લશ્કર ૧૦ તોપ ખાતું ૧૧ સુધરાઈ ૧૨ જંગલ ૧૩ વસૂલાતી દફતર ૧૪ આબકારી ખાતું ૧૫ નિમક ખાતું ૧૬ રજિસ્ટ્રેશન ખાતું ૧૭ રજવાડી દફતર ૧૮ રાજ પ્રકરણી દફતર ૧૯ ભાયાતી કોર્ટ ૨૦ છાપખાનું–ગેઝેટ.

એજન્સીની હકૂમત સૌરાષ્ટ્રમાં સ્થિર થઇ તેનાં પ્રારંભનાં વર્ષોમાં રાજ્યે રાજ્ય અને ગામે ગામના સરહદી ઝઘડાઓ પંચો દ્વારા પતાવવામાં આવતા અથવા ભાટ ચારણો કે સાધુ ફકીરોનાં વચન કે સોગન ખાઈ ખવરાવી નક્કી થતા. આ પદ્ધતિ બંધ થઇ અને અદાલતો અને કમિશનરો દ્વારા આ ફેંસલાઓ પતાવવાનો શિરસ્તો પાડવામાં આવ્યો.

રાજ્યે જુદી જુદી વખતે પ્રજાની સગવડ અને સુવિધા માટે તેમજ રાજ્યની યોગ્ય માર્ગે આવક વધારવા સુધારાઓ કર્યા.

## જકાત

ઈ. સ. ૧૮૬૪ના ઓગસ્ટ માસની ૧૧મી તારીખે રાજ્યે એક ઠરાવ બહાર પાડી ચલાઉ માલની જકાત કાઢી નાખી મુક્ત વ્યાપારને ઉત્તેજન આપ્યું.

## બંદર

યુરોપનાં અને એશિયાનાં બંદરોએથી આવતી સ્ટીમરો વેરાવળમાં નાંગરતી થઈ ગઈ તેથી ત્યાંની બંદરી જકાત પ્રભાસપાટણના દેશાઈઓ હસ્તક હતી તે હક્ક વગર વળતરે લઈ રાજ્યે બંદરી-તરી જકાતનો વહીવટ હાથમાં લીધો. આવક વધી જતાં અને માલની હેરફેર પણ વધતાં બંદરનો વિકાસ આવશ્યક બનતાં બ્રિટિશ સરકારના સમુદ્ર એન્જિનિયર મિ. બેલીઅલ સ્કોટની સેવાઓ ઉછીની લઈ, બંદરના વિકાસ માટેની યોજના તેની પાસે તૈયાર કરાવી. મિ. સ્કોટની યોજના પાછળ ચાર લાખ રૂપિયા ખર્ચવામાં આવ્યા પણ કમભાગ્યે તે સફળ થઈ નહિ અને 'આ મોટી રકમ સમુદ્રના પાણીમાં તણાઇ ગઇ.'

## તાર

તારની લાઈન ધોરાજી સુધી પડેલી. ત્યાંથી જૂનાગઢ રાજ્યે પોતાને ખર્ચે જૂનાગઢ સુધી તારની લાઈન લીધી અને ધારાગઢ દરવાજા પાસે તાર બંગલો કહેવાય છે ત્યાં આ સમયમાં પ્રથમ તાર ઓફિસ થઈ.

## રેલવે

આ સમયે હજી રેલવે લાઈન માત્ર ધોરાજી સુધી જ આવેલી તેથી જૂનાગઢ સાથે ધોરાજી દ્વારા રેલ્વેનું જોડાણ થાય તેવી યોજના તૈયાર કરી અને મિ. એ. ડબ્લ્યુ. ફોર્ડે ધોરાજી–જૂનાગઢ લાઈનની સર્વે પણ તૈયાર કરી. જો કે આ યોજના પાછળથી પડતી મૂકવામાં આવી પરંતુ તેના પૂર્વકાર્ય તરીકે જૂનાગઢ–ધોરાજીનો પાકો માર્ગ બંધાઈ ગયો.

## જેલ

અત્યાર સુધી જેલ એક કેદખાનું હતું. તેને તુરંગ કહેતા. તેમાં અંધારી ઓરડીઓ અને ભોંયરાંઓ હતાં. કેદીઓને હાથકડી, બેડી કે સાંકળોમાં બાંધી પૂરતા અથવા હડબેડીમાં નાખતા. કાચા કામના તથા પાકી સજા પામેલા કેદીઓને સાથે પૂરતા. કોઈ રજિસ્ટરો રહેતાં નહિ કે જેલના કોઈ નિયમો હતા નહિ. બ્રિટિશ અમલદારોની સૂચના અનુસાર નવી જેલ બાંધી. કહેવાય છે કે સાલેહ હિન્દી જ્યારે શાહઝાદા બહાદરખાન સાથે ભારતના પ્રવાસે ગયેલા ત્યારે તેણે જોહોરાની જેલ જોઈ તેનો નકશો મેળવેલો અને તે ઉપરથી ૩૦૦ કેદીઓ સમાય તેવી જેલ જૂનાગઢમાં બનાવી.[1] બાબી રૂલર્સ ઓફ સોરઠ નામના પુસ્તકમાં આ જેલનો પ્લાન દીવાન રાવ બહાદુર હરિદાસ વિહારીદાસે કર્યો હતો તેમ કહેવામાં આવ્યું છે.

## જંગલ

જંગલના કેટલાક વિસ્તારોમાં ઈ. સ. ૧૮૭૬ માં ખેતી માટે જમીન ફાજલ પાડી ગામડાઓ વસાવ્યાં અને ટપ્પાનું મુખ્ય મથક છેલણા હતું તેને બદલે સારણ[2] રાખવામાં આવ્યું.

---

1 સાલેહ હિન્દીના ટેસ્ટિમોનિયલ્સ.

2 સાસણનો અર્થ ઘણા લેખકો 'શાસન' ઉપરથી ગુનેગારોને રાખવાનું સ્થળ એવો કરે છે પણ સાસણનો રાજસ્થાની અને જૂની ગુજરાતીમાં અર્થ ગામડું થાય છે. ગીરમાં બધા નેસડા હતા તેથી જ્યાં દુકાનો–બજાર હોય તે ગામને સાસણ કહેતા.

## રાજસ્થાનિક કોર્ટ

ભાયાંતો અને ગિરાસિયાઓના રાજ્ય સામેની તકરારોના નિવેડા માટે રાજસ્થાનિક કોર્ટ કે સભાની ઇ. સ ૧૮૬૦માં સ્થાપના કરવામાં આવી. તેમાં એક પ્રમુખ અને બે સદસ્યો હતા. આ કોર્ટ અસ્તિત્વમાં આવતાં રજવાડી કોર્ટ બંધ થઈ. રાજસ્થાનિક કોર્ટ ઈ. સ. ૧૮૯૯માં કાંઇ કામ ન રહેવાથી બંધ પડી પણ રાજ્યે રાજપ્રકરણી કોર્ટ નામની કોર્ટની સ્થાપના કરી.

## ન્યાય ખાતું

બ્રિટિશ ધોરણે અદાલતોની સ્થાપના કરવામાં આવી જૂનાગઢ તથા ઉનામાં ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ અદાલતો અને જૂનાગઢમાં હઝુર અદાલત રાખવામાં આવી ત્યારથી 'સર્વોપરી રાજ્યસભા' નામની એક ઉચ્ચ ન્યાય કોર્ટ હતી તે બંધ કરવામાં આવી.[1]

## ગેઝેટ

અત્યાર સુધી રાજ્યાજ્ઞાઓની પ્રજાને કોઈ માહિતી મળતી નહિ પરંતુ તેની જાણ જાહેર પ્રજાને થાય તે માટે ઈ. સ. ૧૮૮૬થી 'દસ્તુરલ અમલ સરકાર જૂનાગઢ' નામનું ગેઝેટ બહાર પાડવાનું શરૂ થયું. આ ગેઝેટ નીતિપ્રકાશ પ્રેસમાં છપાતું.

## પ્રેસ

આ પછી જૂનાગઢ સ્ટેટ પ્રેસની સ્થાપના કરવામાં આવી. જેણે મહર્ષિ દયાનંદ સરસ્વતી પાસે સત્યાર્થ પ્રકાશ અને અન્ય ગ્રંથોનું અનુલેખન લીધું હતું તે પ્રભાસપાટણના સોમપુરા બ્રાહ્મણ પંડિત મહાદેવ જાગેશ્વર તેના ઉપરી-પદે નિમાયા અને કલાપીના દરબારમાં પાછળથી કવિ તરીકે સ્થાન પામનાર શ્રી રૂપશંકર ઉદયશંકર ઓઝાએ તેની કારકિર્દીનો પ્રારંભ આ પ્રેસમાં કર્યો.

## હાઈસ્કૂલ

ઈ. સ. ૧૮૭૮–૧૮૭૯માં જૂનાગઢની બહાદરખાનજી હાઈસ્કૂલની સ્થાપના થઈ. તેમાં તે વર્ષે ૧૪૪ વિદ્યાર્થીઓ હતા. ઈ. સ. ૧૮૮૦માં આ સંખ્યા ઘટીને ૯૩ની થઈ ગઈ. તેમાંથી મેટ્રિકની પરીક્ષા આપવા માત્ર ૬ વિદ્યાર્થીઓ

---

1 આ રાજ્યસભાના એક સભ્ય શ્રી ભગવાનલાલ મદનજી જોશીપુરા હતા.

ગયા હતા. તેમાંથી ૩ પાસ થયા. આ હાઈસ્કૂલમાં માત્ર ૨ મુસ્લિમ વિદ્યાર્થીઓ હતા.

ઈ. સ. ૧૮૮૧ના જૂન માસની ૧૪મી તારીખ અને મંગળવારે હાઈસ્કૂલના મકાનનું ઉદ્ઘાટન પોલિટિકલ એજન્ટ કર્નલ બાર્ટનના હાથે થયું. આ મકાનમાં હાલ ગવર્નમેંટ ગર્લ્સ હાઈસ્કૂલ બેસે છે.

## હોસ્પિટલ

ઈ. સ. ૧૮૭૦ના જુલાઈ માસની ૧લી તારીખે યુવરાજ બહાદરખાનજીને હાથે પંચહાટડીમાં કાનડગરવાળી હવેલીમાં 'સારા પાયા' ઉપર એક દવાખાનાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

તે પછી ઈ. સ. ૧૮૭૦ના ડિસેમ્બર માસની ૨૬મી તારીખે મુંબઈના ગવર્નર સર સીમોર ફીટઝજીરાલ્ડને હાથે 'હોસ્પિટલના દવાખાનાનો' પાયો નાખવામાં આવ્યો અને રૂ. ૨૫,૦૦૦ના ખર્ચે કોન્ટ્રાકટર ભવાન કાથા દ્વારા નવું મકાન બનાવવામાં આવ્યું તેનું ઉદ્ઘાટન ઈ. સ. ૧૮૭૪ના માર્ચ માસની તારીખ ૮મી અને મંગળવારે વઝિર બહાઉદ્દીનભાઈના હાથે થયું.

આ પ્રસંગે જ્ઞાન ગ્રાહક સભાએ શ્રી વલ્લભજી આચાર્યનું લખેલું સંસ્કૃત અને શ્રી મણિભાઈ જશભાઈનું લખેલું અંગ્રેજી માનપત્ર સર સીમોરના તંબુમાં જઈ આપવા નિર્ણય લેતાં તારીખ ૨૬-૧૨-૧૮૭૦ના રોજ સર્વશ્રી ગોકુલજી ઝાલા, અમરજી આણંદજી કચ્છી, આચાર્ય વલ્લભજી હરિદત્ત તથા શ્રી જાદવરાય વિઠ્ઠલજી બૂચ જાતે જઈને આપી આવ્યા.

આ હોસ્પિટલના મુખ્ય ડોકટર જાફરાબાદના વતની ડૉ. અમીદાસ મનજી એલ. એમ. હતા. પ્રથમ વર્ષમાં ૧૦,૯૭૬ દર્દીઓએ હોસ્પિટલનો લાભ લીધો તથા ઈ. સ. ૧૮૭૪ સુધીમાં ૧૦૩૯ ઓપરેશનો કરવામાં આવ્યાં.

## પોસ્ટ

અત્યાર સુધી રાજની ટપાલ હલકારાઓ અને ખેપિયાઓ દ્વારા મોકલવામાં આવતી. ઈ. સ. ૧૮૬૫માં આ પદ્ધતિ બંધ પાડી સૌરાષ્ટ્ર પોસ્ટ ખાતાની સ્થાપના કરવામાં આવી. સરકારી ટપાલ સાથે રૈયતી ટપાલ લાવવા લઈ જવાની સગવડ કરવામાં આવી તથા એક કોરીના, ચાર આનાના તથા એક આનાના દરની સ્ટેમ્પો બહાર પાડવામાં આવી. કોરીનો એક આનો એક જૂના પૈસા બરાબર હતો.

## ટંકશાળ

જૂનાગઢ રાજ્યમાં ટંકશાળ નામનું ખાતું હતું. આ ટંકશાળ ખાતું નાણાં તંત્ર સંભાળતું અને રાજ્યની વસૂલાતની રકમનું ભરણું પણ ત્યાં થતું અને લોન વગેરે પણ ટંકશાળમાંથી અપાતી; તે ઉપરાંત ટંકશાળના એક વિભાગમાં કોરીઓ, અર્ધી કોરીઓ તથા દોકડાઓ વગેરે છપાતાં ઈ. સ. ૧૮૭૬માં પ્રયોગ દાખલ સોનાની કોરીઓ પાડવામાં આવેલી પણ તે પ્રયોગ સફળ ન થતાં તે બંધ કરી.[1] ટંકશાળ દીવાન અમરજીના નિવાસસ્થાનમાં હતી તેમ સ્ટેટિસ્ટિકલ એકાઉન્ટ ઑફ જૂનાગઢમાં જણાવ્યું છે પણ ત્યાં રોકડ રકમનો ખજાનો રહેતો. દીવાનજીના મૃત્યુ પછી તે પણ અન્યત્ર ખસેડી લેવામાં આવેલ કોરીની કીંમત વધતી ઘટતી રહેતી.

## નગર આયોજન

જૂના શહેરમાં નવાં મકાનો બનાવવા તથા રસ્તાઓ પહોળા કરવાનું આવશ્યક જણાતાં નગર વિકાસની એક યોજના બ્રિટિશ સર્વિસના સિવિલ એન્જિનિયર મિ. વોલ્ટર બ્લેકીને રાજ્યસેવામાં બોલાવી તેના પાસે તૈયાર કરાવવામાં આવી.

જૂનાગઢના કિલ્લા બહાર પુષ્કળ જગ્યા પડતર હતી પણ ત્યાં લોકો રહેવા જતા નહિ તેથી કાળવાના કાંઠાની અને તળાવ તરફની કિલ્લાની દીવાલો તોડી તે પડતર જમીન અંદર લઈ નગર વિસ્તાર વધારવામાં આવ્યો. આજનો કિલ્લા અંદરનો દક્ષિણ-પશ્ચિમ તરફનો ભાગ ત્યારે અંદર લેવામાં આવ્યો.[2]

## મકાનો-મહાલયો

મહાબતખાનજી બીજા, સારાં અને આલીશાન મકાનો બાંધવાના શોખીન હતા. ભારતના પ્રવાસ દરમ્યાન તેણે દિલ્હી, આગ્રા, જયપુર વગેરેના રાજમહેલો અને અન્ય મકાનો જોઈ તેવાં મકાનો જૂનાગઢમાં બાંધવા માટે વિચાર્યું. એમ પણ લોકવાયકા છે કે. નવાબની એક કૃપાપાત્ર તવાયફ ઉત્તર હિન્દુસ્તાનની

---

1 બાબી રૂલર્સ ઑફ સોરઠ-ઈ. સ ૧૮૮૨માં થોડી સોનાની કોરીઓ પાડી હોવાનું જણાય છે. ઈ. સ ૧૮૭૪માં ૩.૩/૪ કોરીનો એક રૂપિયો થતો. તેમાં ૧૧/૨ વાલ ચાંદી અને ૪૧/૨ વાલ ત્રાંબું હતું.

2 વિગતો માટે જુઓ પ્રકરણ પહેલું.

હતી. તેણે તેને સુંદર અને વિશાળ મકાનો બાંધવા માટે પ્રોત્સાહન અને માર્ગદર્શન આપ્યું હતું.

નવાબે કચેરીનો મહેલ અને આયના મહેલ બાંધ્યાં કળાના અનુપમ પ્રતીક જેવા આ સુંદર મહાલયમાં અંદર અને બહાર દર્પણો રાખવામાં આવેલાં અને તેની પાસે દીપકો રાખી રોશની કરવામાં આવતી. તે પછી ખાસી કચેરી બાંધી તેમાં વિવિધ પ્રકારનું વિદેશી ફરનિચર વસાવ્યું. નવાબે વંથળી દરવાજા પાસે હવેલી તથા ફરાશખાનાનું મકાન પણ બંધાવ્યાં. વર્તમાન સિટી રાજમહેલ પણ તેણે બંધાવ્યો અને તે ઉપરાંત સરદારબાગનો મહેલ અને સકરબાગ, મોતીબાગ, પાઈબાગ, પરિતળાવ વગેરે પણ બાંધ્યાં કે વિકસાવ્યાં. તે બાગોમાં નવાબ મહાબતખાને ભારતના જુદા જુદા ભાગોમાંથી કલમી અને તુખ્મી આંબાઓની કલમો કે ગોટલા મગાવી તેમાં રોપાવ્યાં તથા હાલમાં જે કેસર કેરી કહેવાય છે તેનું તેણે સાલેભાઈની આમડી નામ આપી તેને પ્રચલિત કરી.

બજારો શોભાયમાન ન હોય તો રાજમહેલોની શોભા અપૂર્ણ જણાય તે વિચારે બજારો પહોળી કરી. આજે સર્કલચોક છે ત્યાં ચાંદની ચોક કહેવાતો ત્યાં મહાબત સર્કલ બનાવ્યું. ત્યાંથી દક્ષિણ તરફ દીવાન ચોક અને મહાબત સર્કલથી ઉત્તરે માંડવી ચોક બનાવી તે ચોકથી વચ્ચેના માર્ગોની બન્ને બાજુએ એક જ ઘાટનાં અને સપ્રમાણ સુંદર મકાનો બાંધી તેની નીચે દુકાનો કાઢી વ્યાપારીઓને ભાડે આપી. આજ પણ આ સરકારી મકાનોની દુકાનો વેપારીઓ પાસે ભાડે છે. બજારોમાં ગેસની બત્તીઓ મૂકી પ્રકાશ પાથરી તેને આકર્ષક બનાવી.[1]

---

1 સર્કલ ચોકનું ખાતમુહૂર્ત વિ.સં. ૧૯૨૮ના વૈશાખ વદી ૫ તા. ૨૭-૫-૧૮૭૨ના રોજ પોલિટિકલ એજન્ટ મિ. એન્ડરસનના હાથે થયું. તેનો પ્લાન એજન્સી એન્જિનિયર મિ. બ્લેકાએ કર્યો હતો આ પ્રસંગે શ્રી નરસિંહપ્રસાદ હરિપ્રસાદ બૂચે ભાષણ કરતાં કહ્યું હતું કે, આ સ્થળે મહેલ બનાવવો હતો પરંતુ હલકી કાપડની દુકાનો તથા સુતારની કોડ આ મહેલ અને રંગમહેલની વચમાં આવી જતી હતી તેથી શહેર સુધરાઈ તરફથી જમાદાર સાલેહ હિન્દીએ વિ. સં. ૧૯૨૬ના પોષ સુદી ૧૦ની તારીખથી જાહેર ખબર છપાવી બજારની હદ મુકરર કરી તે પ્રમાણે દક્ષિણે રૂપા જોશીની દુકાન, ઉત્તરે મોટી બજાર તથા ગજરાગર મહારાજની હવેલી, પૂર્વે નગારખાનું તથા પશ્ચિમે ખોજાખાનાની હદ બાંધી. તે પછી વિ. સં. ૧૯૨૭ના જેઠની ૧૭મી તારીખના જાહેરનામાથી ૧૫ દુકાનો જે આશરે ૨૯૮૬ ફીટના વિસ્તારમાં હતી તે સુધારી લેવા અને ન સુધરે તો રાજ્ય

વધુ માટે જુઓ પાનું ૨૨૭

આ મકાનો ઉપરાંત નવાબ મહાબતખાને, મોટા કોઠાર, લાલ રસાલા, પીળા રસાલા, દફતરખાનું, હોસ્પિટલ, મહેમાનદારી, હાઈસ્કૂલ, અદાલત (હાલમાં પોસ્ટ ઓફિસ પાસે એકઝિક્યુટિવ એન્જિનિયરની ઓફિસ છે તે), માંડવી, લાન્સર્સ, નવા ઉતારા, (શાહપુર દરવાજે હેઠ ક્વાર્ટર છે ત્યાં), હમામ, ટંકશાળ પાયદળ વગેરે મકાનો તથા ચાર મુસાફરખાનાં બંધાવ્યાં.

આ સિવાય બારા શહીદની મસ્જિદ સર્કલ પાછળની મસ્જિદ મુસાફરખાનાની મસ્જિદ વગેરે ધાર્મિક ઈમારતો પણ તેણે બાંધી. મૃત્યુ પછી શાશ્વાત આરામ માટે નવાબ મહાબતખાને જે જગ્યા મુકરર કરી હતી ત્યાં મકબરે બંધાય તે પહેલાં તે ગુજરી ગયા પણ તેમને ત્યાં જ દફન કર્યા, અને ત્યાં પાછળથી મહાબત મકબરા નામનું મકાન બંધાયું.

વેરાવળમાં બંદરનો ધક્કો, નવો ઉતારો, ભંડુરીની ધર્મશાળા પણ નવાબ મહાબતખાને બંધાવ્યાં. અને વંથળી સુધીનો પાકો માર્ગ, લોલ નદી ઉપરનો બાર્ટન બ્રિજ, સોનરખ ઉપરનો પુલ વગેરે કામો પણ તેના સમયમાં થયાં.

## રાજ્યતંત્ર

ઈ. સ. ૧૮૫૨માં નવાબ મહાબતખાનજી ગાદીએ બેઠા ત્યારે દીવાનપદે અનંતજી અમરચંદ વસાવડા હતા. તે પછી ડુંગરશી દેવશી દીવાન થયા અને તે પછી ઈ. સ. ૧૮૬૧માં ગોકુલજી સંપત્તિરામ ઝાલા દીવાનપદે આવ્યા.

ઈ સ. ૧૮૬૨માં જમાદાર બહાઉદ્દીનભાઈને વરજીપદ આપવામાં આવ્યું અને તે સાથે રાજકર્તા પાસે રહેવી જોઈએ તેવી અસાધારણ સત્તાઓ તેને આપવામાં આવી. જમાદાર સાલેહ હિન્દીને પણ વરિષ્ઠ સત્તાઓ સોંપવામાં આવી. તે સાથે એજન્સીની નોકરીમાંથી રાજ્યસેવામાં પ્રવેશેલા શ્રી નરસિંહપ્રસાદ હરિપ્રસાદ બૂચને પણ પણ ઊંચો હોદ્દો આપવામાં આવ્યો અને આ ચારે અધિકારીઓ એક મત મેળવી કામ કરતા થયા. તે ઉપરથી ઈ સ. ૧૮૬૭માં પોલિટિકલ એજન્ટ કર્નલ કીટીંજે નવાબને લખ્યું કે, 'સર્વશ્રી

---

(અનુસંધાન ૨૨૬નું અધુરૂ)

સુધારી લેશે તેવી નોટિસ આપી. અંતે તે દુકાનો લઇ તેમાંથી ૨૪ દુકાનો કરી તેમાંથી ૭ દુકાનો સરકારે રાખી બાકીની ૧૭ રયાસત તથા રૈયતના લોકોને આપી. તેનો નવેસરથી બાંધવાનો ખર્ચ પણ ૨૪ ભાગે ફાળવી લેવામાં આવ્યો -સૌરાષ્ટ્ર દર્પણ, ઓક્ટો. ૧૮૭૨

(જૂનો અહેવાલ પુનઃ મુદ્રિત)

ગોકુલજી, બહાઉદ્દીનભાઈ સાલેહ હિન્દી અને નરસિંહપ્રસાદ રાજ્યના ચાર સ્થંભો છે અને જ્યાં સુધી તેઓ એક સંપથી કામ કરશે ત્યાં સુધી રાજ આબાદ રહેશે.

આ કાઉન્સિલને 'સભા' નામ આપવામાં આવ્યું. ઈ. સ. ૧૮૭૪માં તે સમયના પોલિટિકલ એજન્ટ મિ ડબલ્યુ એન્ડરસને નવાબ મહાબતખાનને દીવાન ગોકુલજીને દૂર કરવા લખ્યું અને જ્યારે નવાબે આનાકાની કરી ત્યારે દબાણ શરૂ કર્યું. ગોકુલજી ઝાલાએ નવાબને એજન્સીની ખફગીમાંથી બચાવી લેવા પોતાનું રાજીનામું ધરી દીધું.

ગોકુલજી, તે કાલના સૌરાષ્ટ્રના રાજ્યોના દીવાનોમાં કદાચ સર્વશ્રેષ્ઠ રાજપુરુષ અને પ્રતિભાસંપન્ન વ્યક્તિ હતા અને એજન્સી, જૂનાગઢ રાજ્ય ઉપર જે પ્રકારનું વર્ચસ્વ બેસાડવા માગતી હતી તેમાં અંતરાયરૂપ હતા તેથી જ તેને છૂટા કરવા એજન્સીએ નવાબને આગ્રહ કર્યો હતો. ગોકુલજીએ જૂનાગઢ રાજ્યમાં આધુનિક પદ્ધતિનું તંત્ર સ્થાપ્યું હતું અને તેણે રાજ્યમાં જે સુધારાઓ કર્યા હતા તેવા સુધારા એજન્સીની સીધી દેખરેખ નીચેનાં નાનાં રાજ્યો અને તાલુકાઓમાં કે અન્ય રાજ્યોમાં થઈ શકેલા નહિ. ગોકુલજીએ બુદ્ધિપૂર્વક અપાર શ્રમ લઈ, રાજકર્તા, તેના કૃપાપાત્ર અમીરો અને અધિકારીઓને તથા અન્ય તત્ત્વોને સમજાવી, ધૈર્ય અને કુનેહથી આ ધ્યેયને સિદ્ધ કરી. જૂનાગઢ રાજ્યને પ્રગતિશીલ અને આદર્શ રાજ્ય બનાવવાની દિશા તરફ પગલાં ભર્યાં હતાં.

## દીવાનો

ગોકુલજી ઝાલા છૂટા થતાં નવાબે જમાદાર સાલેહ હિન્દીને દીવાનપદે નિયુક્ત કર્યા, પરંતુ રાજ્યતંત્રમાં ગોકુલજીની ગેરહાજરી સ્પષ્ટ રીતે પ્રતીત થવા લાગી તેથી ઈ. સ. ૧૮૭૫માં નવાબે એક રાજ્યાજ્ઞા પ્રસિદ્ધ કરી, એક નવી કાઉન્સિલની રચના કરી. તે આજ્ઞામાં તેણે જણાવ્યું કે, 'બહાઉદ્દીનભાઈ મારી પાસે રહે છે અને ફેરવણીખાતાનો અધિકાર ભોગવે છે તેથી ખસુસીયત દસ્તબાહ ગોકુલજી ઝાલાની નીમણૂક રાજ્ય કારોબારીના મેમ્બર તરીકે કરવામાં આવે છે. તેણે રેવન્યુ ખાતું, ઊપજખર્ચની દેખરેખ, મુલકી ખાતું તથા આબાદી ખાતા ઉપર ધ્યાન રાખવું. ઈજ્જત આસાર નરસિંહપ્રસાદ હરિપ્રસાદ ન્યાય ખાતું તથા જમાનાને છાજતાં દરેક કામો કરે અને જમાદાર સાલેહની બાજુમાં મદદગાર રહે.'

આ ઠરાવ પ્રસિદ્ધ થયા પછી બે માસમાં જ જમાદાર સાલેહ હિન્દીએ

દીવાનપદનું રાજીનામું આપ્યું. આ રાજીનામું નવાબે નામંજૂર કર્યું પણ તે સાથે જ ગોકુલજી ઝાલાની જોઇન્ટ દીવાન તરીકે નિમણૂક કરી. ઈ. સ. ૧૮૭૮માં સાલેહ હિન્દીએ ફરીથી રાજીનામું આપતાં, ગોકુલજી ઝાલા પુનઃ મુખ્ય દીવાનપદે નિમાયા. ઈ. સ. ૧૮૭૯માં તેઓ ગુજરી ગયા અને નવાબે જમાદાર સાલેહ હિન્દીને પુનઃ દીવાનપદ આપ્યું. તેઓ નવાબ મહાબતખાનના મૃત્યુ પર્યંત દીવાનપદે રહ્યા.

## દીવાન ગોકુલજી ઝાલા

સુજ્ઞ વેદાંતી તરીકે વિદ્વાનોમાં જાણીતા થયેલા ખસુસીમત દસ્તગાહ રાવ બહાદુર દીવાન ગોકુલજી સંપત્તિરામ ઝાલાનો જન્મ વિ. સં. ૧૮૮૦ના અષાડ વદી ૩ના રોજ બાબી વંશના સ્થાપક શેરખાનના દીવાન જગન્નાથ ઝાલાના ભાઇ રૂદ્રજી ઝાલાના પ્રપૌત્ર સંપત્તિરામ ઝાલાને ત્યાં થયો હતો. તેમની પંદર વર્ષની વય થઈ ત્યારે નવાબ હામેદખાનના રહસ્ય સચિવ ભવાનીદાસ ઉર્ફે ભગુ મહેતાએ, નવાબને તેના ઉત્તરાધિકારી તરીકે ગોકુલજીને નીમવા તથા પોતાને નિવૃત્ત કરવા વિનંતી કરી. નવાબે આ વિનંતી માન્ય રાખી તેમને ભગુ મહેતા નીચે કામથી માહિતગાર થવા નીમ્યા.

નવાબ હામેદખાનજીના મૃત્યુ પછી, નવાબ મહાબતખાન ગાદીએ આવ્યા. તે સગીર હોવાથી તેમને વિદ્યાભ્યાસ કરાવવા નિયુક્ત થયેલા શિક્ષક પ્રાણલાલ મથુરદાસ જ્યારે નવાબને શિક્ષણ આપે ત્યારે ગોકુલજીને ત્યાં બેસવાની ફરજ હતી. આ રીતે નવાબ વિદ્યાભ્યાસ કરે તેની પાસે બેસીને, સાંભળીને તેણે અંગ્રેજી અને ગણિતનો આપ મેળે અભ્યાસ કર્યો. પ્રાણલાલ તેની મૂળ જગ્યાએ પાછા ફર્યા ત્યારે તેના સ્થાને સુરતના નાગર સોમનારાયણ નરનારાયણ નિમાયા. ગોકુલજી તેના પરિચયમાં આવતાં, તેમના આગ્રહથી તે બન્ને મૌલવી મહમદ-અલી પાસે ફારસી ભણ્યા.

ઈ. સ. ૧૮૬૧માં તેઓ દીવાન થયા. તેમણે તેમની પ્રતિભા, અતુલ શક્તિ અને દીર્ઘદષ્ટિથી, રાજ્યને પ્રથમ કક્ષાનું તંત્ર આપ્યું. નવાબે તેના પૂર્વજને જે ખિતાબ હતો તે ખિતાબ ખસુસીમત દસ્તગાહ (અર્થાત્ રાજ્યનો જમણો હાથ) તેને આપ્યો. બ્રિટિશ સરકારે તેમને ઈ. સ. ૧૮૭૭માં રાવ બહાદુરનો ચંદ્રક આપ્યો અને તેમના અગાધ જ્ઞાન અને લેખન તેમજ વક્તવ્યથી વિદ્વાનોમાં તે સુજ્ઞ વેદાંતી તરીકે આદર પામ્યા.

ઈ. સ. ૧૮૭૦માં મુંબઈના ગવર્નર સર એસ. ફીટસજીરાલ્ડે સમસ્ત સૌરાષ્ટ્રનાં રાજ્યોની એક પરિષદ મુંબઈ મુકામે બોલાવેલી તથા તેમાં રાજના

ભાયાતોની ફરિયાદ સાંભળી એજન્સી દરમ્યાનગીરી કરી શકે કે નહિ તે પ્રશ્નની ચર્ચા કરવામાં આવી. આ ચર્ચાને અંતે ગવર્નરે શ્રી ગોકુલજી ઝાલાનું વક્તવ્ય સાંભળી પુષ્કળ પ્રશંસા કરી કહ્યું કે, "તેઓ તેમની સાથેના મિટીંગોથી ઘણા જ ખુશ થયા છે. તેની શકિત, જ્ઞાન, અનુભવ અને રાજનીતિ ઘણાં જ પ્રશંસા પાત્ર છે. ગવર્નરે વિશેષમાં એમ પણ કહેલું કે "તેણે ઉમેરવું જોઇએ કે તેમના પ્રવક્તા ગોકુલજી ઝાલાની કક્ષાની ચર્ચા વિચારણા કરનારા વિવાદકો તેમણે બહુ ઓછા જોયા છે."

આ પ્રતિભાસંપન્ન વિદ્વાન અને વિચારક રાજપુરુષનો ઇ. સ. ૧૮૭૮ના નવેમ્બર માસની ૨૦મી તારીખે જૂનાગઢમાં દેહાન્ત થયો.

## શ્રી નરસિંહપ્રસાદ બુચ

આ સમયના રાજપુરુષોમાં શ્રી નરસિંહપ્રસાદ હરિપ્રસાદ બુચનું સ્થાન ઘણું જ ઊંચું અને આગળ પડતું છે. તેઓ માત્ર એક કુશળ વહીવટકર્તા જ નહિ પણ વિદ્વાન હતા અને વિદ્યાના પ્રચાર માટે પુષ્કળ પરિશ્રમ અને ધનવ્યય કરનારા એક વિરલ પુરુષ હતા.[1]

તેમના પૂર્વજ મહાદેવ બૂચ જામનગરમાં રહેતા ત્યાંથી જૂનાગઢ આવેલા. તેના પૌત્ર રામજી બુચે જુનાગઢમાં વ્યાપારની મોટી પેઢી સ્થાપી તથા કોડીનાર મહાલનો ઇજારો રાખ્યો. તેના પુત્ર અંબાશંકરના પુત્ર હરિપ્રસાદે શરાફી પેઢી સ્થાપી અને તે સાથે એજન્સીના અંગ્રેજ અધિકારીઓના સંપર્કમાં આવતાં લીમડી રાજ્યના મેનેજર પદે નિયુક્ત થયા. તેમના પુત્ર નરસિંહપ્રસાદ. તેનો જન્મ તા. ૧૮-૧૨-૧૮૨૭ના રોજ થયો અને ઈ. સ. ૧૮૪૬માં તે પાટણ વહીવટદાર પદે નિમાયા. ઈ સ. ૧૮૪૭માં તેની કાર્યક્ષમતા અને બુદ્ધિ શક્તિ જોઈ તેને નવાબે પોતાના રહસ્ય મંત્રી તરીકે નિમ્યા. ઈ. સ. ૧૮૪૯માં તેમણે પોરબંદર જૂનાગઢ રાજ્યો વચ્ચે ચાલતા આજક-મેખડી-માધુપુર કેસમાં સફળ રજૂઆત કરી, તથા તેની નિમણુક ઈ સ. ૧૮૫૧માં રાજકોટ ખાતેના જૂનાગઢ રાજ્યના સ્ટેટ વકીલ તરીકે કરવામાં આવી. તેમની પ્રતિભા અને કાર્યદક્ષતાથી અંગ્રેજ અમલદારો પ્રભાવિત થયા અને રાજ્યની નોકરી છોડાવી એજન્સીમાં ઈ. સ. ૧૮૫૩માં આસિ. પોલિટિકલ એજન્ટના શિરસ્તેદારની જગ્યાએ તેમની નિમણુક કરી ઈ. સ ૧૮૫૭માં લીમડીના ઠાકોર તથા રાજમાતા

1 શ્રી જીતેન્દ્રપ્રસાદ, શ્રી અચ્યુતપ્રસાદ તથા શ્રી કૌસ્તુભપ્રસાદના પિતામહ.

વચ્ચે વિવાદ થતાં નરસિંહપ્રસાદ એજન્સીના સૈન્ય સાથે લીમડી ગયા અને લીમડીનો કબ્જો લીધો. તે જ વર્ષમાં ગોંડલના રાણીજી તથા કારભારી વચ્ચે વાંધો પડતાં એજન્સીએ તેમને ત્યાં મોકલ્યા અને ત્યાં પણ ગોંડલનો કબ્જો લઇ તકરાર અંકુશમાં લીધી.

એજન્સીની સેવામાં દશ વર્ષ રહી તેઓ તા. ૧૬-૮-૧૮૬૩ ના રોજ નવાબના આગ્રહથી રાજીનામું આપી જૂનાગઢ આવ્યા અને તરત જ તેમને રાજ્ય કાઉન્સીલમાં ખાસ સલાહકાર પદે નિમવામાં આવ્યા. તા. ૧૪-૧૧-૧૮૭૩ ના રોજ તેમણે સરન્યાયાધીશ પદ સંભાળ્યું અને તે પછી હજૂર કાઉન્સીલર થયા. તેમણે ઈ સ. ૧૮૬૬માં જેતપુરનાં મજમુ ગામોનો પ્રશ્ન તથા મૈયાઓના હક્કોનો પ્રશ્ન કુનેહપૂર્વક અને સફળતાથી પાર પાડતાં નવાબે તેમને સમઢિયાળા ગામ ઈનામમાં આપ્યું. ઈ. સ. ૧૮૭૩ માં તેઓ નિવૃત્ત થયા.

શ્રી નરસિંહપ્રસાદ ઈસ્ટ ઈન્ડિયા એસોસીએશનના સભ્ય હતા. તેમણે નરસિંહ પુસ્તક શાળા, નાગર નિરાશ્રિત ફંડ, નાગર નિશાળ વગેરે સંસ્થાઓ સ્થાપેલી. ઈ. સ. ૧૮૮૪માં મુંબઈ યુનિવર્સિટીને રૂપિયા ત્રણ હજાર આપી એક સ્કોલરશીપ પણ આપેલી. તેમણે ગિરનાર ઉપર ધર્મશાળા બંધાવી અને પોતાના ઘર પાસે ભૂતનાથ મહાદેવનું મંદિર બાંધ્યું.[1-2]

## નરસિંહ પુસ્તકાલય

શ્રી નરસિંહપ્રસાદ જ્યારે એજન્સીમાં સેવા આપતા ત્યારે તેના ઉપરી અધિકારી કર્નલ બાર સાથેના પરિચયને કારણે પુસ્તકાલય પ્રવૃત્તિ પ્રત્યે આકર્ષાયા અને તેમણે જૂનાગઢમાં એક પુસ્તકાલય સ્થાપવા માટે સંકલ્પ કરેલો. ત્યારે જૂનાગઢમાં રાજ્યનું પુસ્તકાલય ન હતું. શ્રી. નરસિંહપ્રસાદે ઈ. સ. ૧૮૭૧માં પોતાના ડેલામાં ૩૫૦૦ કોરીના ખર્ચે મકાન બંધાવી તેમાં ૧૦૦૦ કોરીનું ફર્નિચર તથા ૮૦૦૦ કોરીનાં પુસ્તકો વસાવી તા. ૧૨-૧-૧૮૭૧ ના રોજ સુજ્ઞ ગોકુલજી સંપત્તિરામ ઝાલાના હસ્તે તેનું ઉદ્દઘાટન કરાવ્યું. આ પ્રસંગે પાછળથી વડોદરા રાજ્યના દીવાન પદે પહોંચેલા શ્રી. મણિભાઈ જશભાઈ, શ્રી મનસુખરામ સૂર્યરામ ત્રિપાઠી, શ્રી રાજારાય ધ્રુવ વગેરે વક્તાઓએ આ પ્રવૃત્તિ અને પ્રયાસ માટે પ્રશંસાયુક્ત પ્રવચનો કરેલાં. વેદમૂર્તિ શ્રી વલ્લભજી

1 પોરટ્રેટ ગેલેરી ઓફ વેસ્ટર્ન ઇન્ડિયા-શ્રી આર. એ. લલભાઇના આધારે.

2 કવિ દલપતરામે નરસિંહપ્રસાદને તેના કાવ્યમાં સુંદર અંજલિ આપી છે.

હરિદત્ત આચાર્યે વિદુરનીતિના શ્લોકો વાંચી સમજાવેલા અને શ્રી સુંદરજી મહેતાજીએ પ્રવાસ વર્ણનો વાંચેલાં.

આ પુસ્તકાલયમાં, ઉદ્‌ઘાટન પ્રસંગે ૧૯૨ સંસ્કૃત, ૨૫૪ ગુજરાતી, ૧૭૪ અંગ્રેજી, મરાઠી, ફારસી વગેરે મળીને કુલ ૬૨૦ પુસ્તકો, વ્યાકરણ, વેદાંત, વેદ, ધર્મશાસ્ત્રો, આયુર્વેદ, કાવ્ય, નાટક, શબ્દકોશ, અલંકારશાસ્ત્ર આદિ વિષયોને લગતાં હતાં. આ ઉપરાંત શરીરશાસ્ત્ર, યોગાસનો, યાંત્રિક ક્રિયાઓ વગેરેના ચાર્ટ હતા. આ પુસ્તકાલયનો પ્રથમ વર્ષમાં ૬૪ વાચકોએ લાભ લીધેલો.

પુસ્તકાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રી નરસિંહપ્રસાદે આ પુસ્તકાલયનો વિકાસ થાય અને તેનો ઉપયોગ વધારેને વધારે વાચકો કરતા રહે તેવી ઈચ્છા પ્રદર્શિત કરેલી. અને તે પ્રસંગે ઉપસ્થિત રહેલા સર્વશ્રી મણિભાઈ જશભાઈ, વલ્લભજી હરિદત્ત આચાર્ય, ડૉ. અમીદાસ મનજી, કલ્યાણરાય માસ્તર, રેવાશંકર માસ્તર, સુંદરજી મહેતાજી, લલ્લુભાઈ મહેતાજી, અમરજી આણંદજી કચ્છી, વિજયશંકર, જીવાભાઈ, માધવરાય કીકાણી તથા રાજારામ બુચ તેમાં સહકાર આપે તેવી પણ ભાવના વ્યક્ત કરેલી.

## નગર નિશાળ

શ્રી નરસિંહપ્રસાદે નાગરો તેમનાં બાળકોને ઉચ્ચ કેળવણી માટે પ્રારંભિક ભૂમિકા તૈયાર થાય અને વિશિષ્ટ સંસ્કારોનું બાળકોમાં સિંચન થાય તે માટે ઈ. સ. ૧૮૮૦માં એક નાગર નિશાળની સ્થાપના કરી. ઉદ્‌ઘાટન પ્રસંગે તેમાં ૪૯ બાળકોએ પ્રવેશ મેળવેલો.

## પ્રિન્સ ઓફ વેલ્સ

ગંભીર માંદગીમાંથી પ્રિન્સ ઓફ વેલ્સ એડવર્ડ બચી જતાં નવાબે પ્રભુનો પાડ માનવા સર્વે ધર્મોના લોકોએ પોત પોતાના ધર્મ સ્થાનોમાં પ્રાર્થનાસભા યોજવા આજ્ઞા કરતાં તા ૪-૮-૧૮૭૨ના રોજ આવી પ્રાર્થનાઓ કરવામાં આવી.

## કુદરતી આફતો

ઈ. સ. ૧૮૫૭ તથા ઈ સ. ૧૮૬૧ એ બે વર્ષો દુકાળનાં હતાં ઇ. સ. ૧૮૬૯ના ઓકટોબરમાં પ્રથમ વખત તીડોનાં ટોળાંએ પુષ્કળ નુકસાન કર્યું. તે જ વર્ષે દીવાળીના ત્રણે દિવસોમાં ભારે વરસાદ અને પવનનાં તોફાને ઘણું નુકસાન કર્યું. જૂનાગઢ શહેરના ઘણા ભાગોમાં પાણી ફરી વળ્યું.

ઈ. સ. ૧૮૭૧ના ડીસેમ્બરથી ઈ. સ. ૧૮૭૨ના માર્ચ સુધી રંગીલું છબીલું નામના ભયંકર રોગના પ્રકોપથી અનેક મનુષ્યો મૃત્યુ પામ્યા.

ઇ સ ૧૮૭૫માં અનાવૃષ્ટિ હોવાથી જાહેર પ્રાર્થનાઓ[1] યોજી દાન ખેરાત કરવામાં આવ્યાં.

ઈ. સ. ૧૮૭૭માં ચોત્રીસા નામે જાણીતો થયેલો મહાદુકાળ પડયો અને તે અધૂરું હોય તેમ તીડો પણ આવ્યાં.

ઈ. સ. ૧૮૭૮માં જૂન માસની દશમી તારીખે ભૂકંપ થયો અને તેમાં ઘણાં મનુષ્યો મૃત્યુ પામ્યાં અને મકાનો પડી ગયાં.

ઈ. સ. ૧૮૮૨માં અતિ પ્રકાશિત ભયપ્રદ ધૂમકેતુ દેખાયો.

## નવાબ મહાબતખાનને માન

સાર્વભૌમ સત્તાએ નવાબ મહાબતખાનને ઈ. સ. ૧૮૭૧માં કે સી. એસ. આઈ. નો ચંદ્રક આપ્યો તથા જૂનાગઢના રાજકર્તાને ૧૧ તોપનું માન હતું તે વધારી ૧૩ તોપોનું અને નવાબને અંગત ૧૫ તોપોનું માન આપ્યું. તેમને જી. સી. આઈ ઈ.નો ચંદ્રક આપતાં તા. ૨૦–૧૧–૧૮૯૦ના રોજ રાજકોટમાં ગવર્નરે ખાસ દરબાર ભરેલો.[2]

---

1 તા. ૩૦–૮–૧૮૭૫ના રોજ આવી એક પ્રાર્થના સભા હાટકેશ્વરમાં યોજાયેલી, તેમાં પ્રમુખ સ્થાનેથી શ્રી મણિશંકર કીકાણીએ ઉદ્‌બોધન કર્યું. તે ઉપરાંત સર્વશ્રી પાઠક ગોરાભાઇ રામજી, પ્રતાપરાય વસંતરાય, શાસ્ત્રી હરિદત્ત વિ કરુણાશંકર, વલ્લભજી વિ હરિદત્ત, શુકલ નર્મદાશંકર ભુધરજી, જટાશંકર હરજીવન વોરા, ઇશ્વરજી વિ. અમરજી, તુલજાશંકર વિ. રેવાશંકર, પંડયા દુર્ગાશંકર મણિધર, આચાર્ય વિશ્વંભર વિ. હરિદત્ત, લજ્જાશંકર રામજીએ પ્રવચનો કરેલાં. બ્રાહ્મણોએ ઉપમન્યુ કૃત શિવસ્તોત્રો, શ્રી ભાગવતની વેદસ્તુતિ તથા વેદ મંત્રોચ્ચાર કરેલા.

તે જ વર્ષમાં તે પછી ભાદરવા વદ અમાસના રોજ બીજી સભા થયેલી; તેમાં પણ સર્વશ્રી છોટાલાલ વિ. જાદવરાય, વેણીશંકર ભવાનીશંકર, પ્રતાપરાય વસંતરાય તથા ગોરધનદાસ ઇંદ્રજીએ સ્વરચિત પ્રાર્થના કવિતાઓ ગાઈ હતી. સભામાં ૧૦૦૦ કોરીનો ફાળો કરી તે રકમ શ્રી નરસિંહ મહેતા ચોરામાં મરામત કામમાં વાપરી. બીજે દિવસે થોડો વરસાદ આવ્યો.–સૌરાષ્ટ્ર દર્પણ જાન્યુ. ૧૮૭૬.

2 નવાબ આ સમારંભમાં ભાગ લેવા તા. ૧૩–૧૧–૧૮૯૦ના રોજ સ્પેશ્યલ ટ્રેનમાં રાજકોટ ગયેલા ત્યારે પણ શ્રી કાશીનાથ જોશીને સાથે રાખેલા.

નવાબને વાઈસરોયે આમંત્રણ આપતાં ઈ. સ. ૧૮૭૦, ૧૮૭૨, ૧૮૭૬ અને ૧૮૭૭માં દિલ્હી દરબારમાં હાજરી આપી.

## બેગમો-સંતાનો

નવાબ મહાબતખાનનાં પ્રથમ લગ્ન રાધનપુર નવાબ જોરાવરખાનજીનાં કુંવરી કમાલ બખ્તે સાથે થયેલાં. તેના કુંવર અમદખાન હતા. તે બનાવટી છે તેમ નવાબે જાહેર કરી સાબિતી આપતાં કમાલબખ્તે તેને સાથે લઈ રાધનપુર ચાલ્યાં ગયાં.

બીજાં લગ્ન જમાદાર બહાઉદ્દીનભાઈ શેખનાં બહેન લાડડી બીબી સાથે થયેલાં. તેના કુંવર બહાદરખાન હતા.

ત્રીજાં લગ્ન રાણપુરના બાબી સામતખાનનાં પુત્રી સરદારબખ્તે સાથે થયેલાં. તેને કાંઈ સંતતિ હતી નહિ.

ચોથાં લગ્ન જૂનાગઢના નુરબુ સાથે થયેલાં. તેના કુંવર રસુલખાન હતા.

પાંચમા લગ્ન જૂનાગઢનાં છોટીબુ સાથે થયેલાં. તેના કુંવર એદલખાન હતા.

છઠ્ઠાં લગ્ન જૂનાગઢનાં નાનીબુ સાથે થયેલાં. તેના કુંવરી તાજબખ્તે હતા.

## નવાબ મહાબતખાનનું મૃત્યુ

ઈ. સ. ૧૮૮૨ના સપ્ટેંબરની ૨૯મી તારીખે ૩૦ વર્ષ રાજ કરી ૪૫ વર્ષની વયે નવાબ મહાબતખાન ગુજરી ગયા.

જૂના યુગના અંતમાં અને નવાના પ્રારંભમાં સગીર વયે રાજપદ પ્રાપ્ત કરી આ નવાબે અંગ્રેજી શિક્ષણ લીધું હતું અને અંગ્રેજ અધિકારીઓના સંપર્કમાં આવી રાજકર્તાની ફરજો અને જવાબદારીઓ શું છે તે સમજી શકેલા. તેણે અનુભવી, પીઢ અને સંનિષ્ઠ દીવાનો દ્વારા રાજતંત્રને સુવ્યવસ્થિત અને આધુનિક પધ્ધતિસરનું કરવાના પ્રયત્નો કરેલા. નગર વિકાસ અને રાજ્યની આબાદી માટે આ દીવાનોએ કરેલા પ્રયત્નોમાં હસ્તક્ષેપ કર્યો નહિ અને પરિણામે જૂની મધ્યકાલિન પધ્ધતિએ ચાલતા રાજતંત્રનું આધુનિકરણ થયું અને રાજયના આવક, આબાદી અને પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ. નવાબ મહાબતખાને જૂનાગઢમાં સુંદર મકાનો, સુશોભિત રાજમાર્ગો, ઉદ્યાનો બનાવી શહેરની શોભા વધારી અને તે સાથે કલા, સાહિત્ય, શિક્ષણ અને વ્યાપારને ઉત્તેજન આપ્યું.

## બહાદરખાન ૩ જા

બહાદરખાનજીનો જન્મ તા. ૨૨–૧–૧૮૫૬ ના રોજ થયો હતો. નવાબ મહાબતખાન બીજાના મૃત્યુ પછી ઈ. સ. ૧૮૮૨માં તે માત્ર ૨૬ વર્ષની વયે

જૂનાગઢના નવાબ થયા. તેમનો રાજ્યાભિષેક પરંપરાગત ચાલતી આવતી પ્રથા અનુસાર રંગમહેલનો ઉતર દરવાજો છે ત્યાંથી પૂર્વમાં સાત હવેલીના મકાન પાસે આમલીવાળા ઓટા ઉપર કરવામાં આવ્યો.[1]

બહાદરખાને રાજકોટની રાજકુમાર કોલેજમાં અભ્યાસ કર્યો હતો અને ગાદીએ આવ્યા પહેલાં ભારતનો પ્રવાસ પણ કર્યો હતો. તેણે તેના પિતાની હયાતીમાં, પોલીસખાતું સંભાળેલું અને તેની પ્રવાસ દરમ્યાનની ગેરહાજરીમાં ઈ. સ. ૧૮૭૭માં રાજતંત્રની જવાબદારી પણ અદા કરેલી.

## ગાદીવારસનો પ્રશ્ન

નવાબ મહાબતખાનના પ્રથમ બેગમ કમાલબખ્તના પુત્ર અહમદખાને, મહાબતખાનના મૃત્યુ પછી તરત જ જૂનાગઢની ગાદી ઉપર પોતાનો દાવો રજૂ કર્યો. મર્હૂમ નવાબની હયાતીમાં, અહમદખાન રાજપુત્ર નથી તેવો નિર્ણય બ્રિટિશ સરકારના સેક્રેટરી ઑફ સ્ટેટ તરફથી લેવાઈ ગયેલો હોવાથી તેને અંતિમ ગણી એજન્સીએ તે રદ કર્યો અને બહાઉદ્દીનભાઈનાં બહેન લાડડી બીબીના પુત્ર બહાદરખાનને નવાબ તરીકે સ્વીકૃતિ આપી.

## મૈયાઓનું રિસામણું

જૂનાગઢ રાજ્યના કેશોદ મહાલના કણેરી, શેરગઢ, અજાબ, તરસિંગડા વગેરે ગામોમાં વસતા મૈયા જાતિના ગીરાસદારો જૂનાગઢ રાજ્યની સ્થાપના પૂર્વના સમયથી તેઓ ગીરાસ ભોગવતા હોવા છતાં રાજ્યે તેમને ચાકરીયાતની નીચી કક્ષામાં ગણતાં ઈ. સ. ૧૮૭૭માં કેટલીક લેત્રીઓ લાગુ પાડી. મૈયાઓએ, રાજ્ય-સત્તાધીશોને કરેલી કેટલીક અરજીઓ નામંજૂર થઈ એટલે તેઓએ એજન્સીમાં અરજ કરી ન્યાય માગ્યો પણ ત્યાંથી પણ દાદ મળી નહિ. તેથી ઈ. સ. ૧૮૮૨ ના ડીસેમ્બર માસની ૨૭ મી તારીખે, તેઓ કેશોદ પાસે આવેલા કનડા ડુંગર ઉપર ધારણે બેઠા. આગેવાનોએ આખી જ્ઞાતિને ઘેર ઘેરથી એક એક પુરુષને મોકલવા આજ્ઞા કરતાં મોટી સંખ્યામાં મૈયાઓ એકત્ર થયા અને નિઃશસ્ત્ર થઈ સત્યાગ્રહીઓની રીતે શાંત અને મૂક ધારણું શરૂ કર્યું. તેઓ ૨૯ દિવસો પર્યંત સમાધાનની આશાએ અહીં બેઠા રહ્યા. તેમને કહેવામાં આવેલું કે રાજકોટથી બ્રિટિશ અમલદારો વિષ્ટિ લઈને આવે છે પણ કોઈ આવ્યું

1 પ્રથમ નવાબ બહાદરખાનનો રાજ્યાભિષેક આ ઓટા ઉપર થયેલો, તેથી નવાબો ગાદીએ બેસતાં પહેલાં તે સ્થળે બેસી અભિષેક કરાવતા.

નહિ. ઈ. સ. ૧૮૮૩ ના જાન્યુઆરીની ૨૫ મી તારીખે, જૂનાગઢથી જમાદાર સુલેમાન ઉમર તથા ચીસ્તી મકબુલમીયાં ફેઝદીનમીયાંની સરદારી નીચે રાજ્યની શીબંદી આવી પહોંચી અને તેણે આ શાંત અને નિઃશસ્ત્ર મેયાઓ ઉપર સશસ્ત્ર આક્રમણ કર્યું. સિપાઈઓની તલવારોની ધાર નીચે અને તેમની બંદુકોમાંથી આડેધડ છૂટતી ગોળીઓનો શિકાર થઈ ૮૫ મૈયાઓ સખત રીતે ઘવાયા જેમાંના ઘણા પાછળથી મૃત્યુ પામ્યા અને ૧૧૦ મૈયાઓને શીબંદીના સરદરો પકડી, બાંધી, ઢસડીને માર મારતા જૂનાગઢ લઈ આવ્યા. મરાઈ ગયેલા મૈયાઓનાં શબોનાં માથાં કાપી ગાડીઓમાં ભરી જૂનાગઢ લાવતા હતા પણ મેજર સ્કોટે વચમાં પડી તેને પલાંસવાં ગામ પાસે દટાવી દીધાં. આગેવાનોનાં શબોને જૂનાગઢ લઈ આવે ઈન્કવેસ્ટ ભરી.

આ ક્રૂર અને નિર્દય કતલમાં તરસીંગડાનો માત્ર ૧૨ વર્ષનો મુખી તેના ઘરમાં પુખ્ત વયનું કોઈ ન હોવાથી આવેલો. તેની સાથે આવેલી તેની મોટી બહેને સિપાઈઓને, તેના ભાઇનું રક્ષણ કરવા આજીજી કરી ખોળો પાથર્યો પણ તેની વિનંતી વ્યર્થ ગઈ અને તલવારનો ઘા કરતા સૈનિક આડે આ બહેને પોતાની કાયા ધરી દઈ ભાઇનું રક્ષણ કરવા પ્રયત્ન કર્યો. તેના ભાઈ ઉપર પણ ઘા થયો અને ભાઇનો પ્રાણ પરવર્યો તે પહેલાં આ બહેનનું પ્રાણ પંખીડું ઊડી ગયું.[1]

આ હત્યાકાંડના સમાચારથી દેશભરમાં હાહાકાર મચી ગયો. મુંબઈનાં તત્કાલિન વર્તમાન પત્રોએ અને આગેવાનોએ આ પ્રશ્ન ઉપાડી લીધો અને મધ્યકાલિન રાજ્યોમાં થતો તેવો જુલમ બ્રિટિશ તંત્રના આશ્રયે નિર્ભય થયેલા જૂનાગઢ રાજ્યમાં થાય તેનું સમગ્ર ઉત્તરદાયિત્વ બ્રિટિશ સત્તાનું છે તેવો સૂર નીકળ્યો. પરિણામે સાર્વભૌમ સત્તાએ દીવાન સાલેહ હિન્દીને, નાયબ દીવાન બાપલાલ માણેકલાલને તથા પોલીસ ઉપરી જમાદાર સુલેમાન ઉંમરને રાજીનામા આપવા ફરજ પાડી. પ્રજાનો અવાજ તેથી પણ શાંત થયો નહિ તેથી સરકારે, મિ. એસ. હેમીકના પ્રમુખપણા નીચે એક તપાસ પંચ નીમ્યું. તેમાં વાંકાનેર રાજના મેનેજર શ્રી ચુનીલાલ સારાભાઈ હઝરત તથા ચૂડા કારભારી શ્રી રતીલાલ છોટાલાલ સભ્યો હતા. આ કમિશનરે મૈયાઓના હક્કો અને કક્ષાની તપાસ કરી એક નિવેદન રજૂ કર્યું, જે વિચારણામાં લઈ મુંબઈ સરકારે આજ્ઞા કરી કે મૈયાઓ ચાકરીયાત જીવાઈદાર હતા. મૈયાઓએ આ નોકરીની

---

1 આ કરુણ પ્રસંગની સંપૂર્ણ વિગતો માટે જુઓ કનડાનો કેર શં. હ. દેશાઈ

શર્તમાંથી મુક્ત થવા માગણી કરતાં, જૂનાગઢ રાજ્યે, સ્પેશિયલ દીવાન ખાનબહાદુર અરદેશર જમશેદજી તથા ખાનગી કારભારી શ્રી અમરજી આણંદજી કચ્છીની નિમણૂક કરી અને તેઓએ મૈયાઓની અમુક જમીનો રાજ્ય દાખલ કરી તેમને ને કરીમાંથી માફી આપી

આ ભયંકર હત્યાકાંડની જવાબદારી નવાબની નથી અને તેને તેની માહિતી પણ ન હતી તેમ કહી સમગ્ર દોષ પોતાના શીરે દીવાન સાલેહ હિન્દીએ લઈ લીધો છતાં રાજ્યનું ઉજ્વલ નામ અને નવાબ બહાદરખાનની શરૂ થતી કારકીર્દિ કલંકિત થયાં.

## સાલેહ બીન સાલમ હિન્દી

જામનગર રાજ્યના જોડીયા ગામેથી ઈ. સ. ૧૮૩૯માં ૧૯ વર્ષની વયે નોકરી શોધવા આવેલા આ આરબ યુવાને તેની બુદ્ધિ, શક્તિ, નીતિ અને વફાદારીથી ભાગ્ય બળે આગળ વધી જૂનાગઢના દીવાનનું પદ પ્રાપ્ત કર્યું તેણે નવાબ મહાબતખાન બીજાનો જાન અને માન બચાવી તેની કૃપા સંપાદન કરી અને વાઘેરોના બહારવટાં પ્રસંગે રાજની શીબંદીના ઉપરી તરીકે, કૌશલ્ય અને વીરતાથી અંગ્રેજ લશ્કરી અમલદારોની પણ પ્રશંસા મેળવી. તે લગભગ નિરક્ષર હોવા છતાં, હૈયા ઉકલત અને કુદરતી સમજથી રાજતંત્રમાં પણ તેણે એક કુશળ વહીવટકર્તા તરીકે પ્રતિષ્ઠા અને નામના મેળવ્યાં. બ્રિટિશ સરકારે તેને ઈ. સ. ૧૮૭૭માં ખાનબહાદુરનો અને ઇ. સ. ૧૮૭૮માં સી. આઇ ઈ. ના ચંદ્રકો આપ્યા. નવાબે તેને હાંડલા અને વાંદરવડ નામનાં ગામો ઈનામમાં આપ્યાં.

જમાદાર સાલેહ હિન્દી, સાલેભાઈના નામે જાણીતા થયા હતા. તેમના આગલા દિવસોમાં પ્રભાસપાટણના સોમપુરા બ્રાહ્મણ કરશનજી જાની નીચે તેણે નોકરી કરેલી તથા મામલભાઈ ઉર્ફે જશવંતરાય વસાવડા તેની સાથે નોકરીમાં હતા તેમને તે દીવાનપદે પહોંચ્યા પછી પણ જે રીતે તેઓ પૂર્વજીવનમાં વર્તાવ કરતા તેવો જ માન અને પ્રેમ ભર્યો વર્તાવ કરતા. મામલભાઈ તો સાલેહ હિન્દી દીવાનપદે આવ્યા પછી તેના પરમ વિશ્વાસુ મિત્ર અને સલાહકાર હતા. તેઓ વાસ્તવિક દીવાન હતા અને આજ પણ ઘણે સ્થળે 'સાલેહ બીન સાલમ હિન્દીની સહી દા. મામલ' વાંચવામાં આવે છે.

સાલેહ હિન્દી[1] ગંભીર, નિષ્પક્ષપાતી અને સ્વભાવની સમતુલા જાળવી

1 તેના પૌત્રો આજ પણ જૂનાગઢમાં વિદ્યમાન છે.

શકે એવા મુત્સદી અને મહારથી હતા. જૂનાગઢના નગર વિકાસ અને આયોજનનો યશ તેમને ફાળે જાય છે. નવા યુગના પ્રારંભમાં તેમણે જૂના વિચારોથી પર જઈ, ધાર્મિક સહિષ્ણુતા, શિક્ષણ પ્રેમ, ન્યાયવૃત્તિ વગેરે ગુણો કેળવી એક તંદુરસ્ત પ્રણાલિકા પાડી.

સાલેહ હિન્દી ઈ. સ. ૧૮૮૭ના ફેબ્રુઆરીની ૨૪મી તારીખે ગુજરી ગયા.

## કાદુ મકરાણી

પ્રભાસપાટણમાં નવાબ નામનો મકરાણી રહેતો. તેને જૂનાગઢના નવાબ હામેદખાન પહેલાએ પાટણ તાલુકાનું ઈણાજ ગામ ઈનામમાં આપેલું. ઈ. સ. ૧૮૨૪ લગભગ મકરાણના મંદ જિલ્લાનો વલીદાદ નામનો મકરાણી પ્રભાસપાટણ આવ્યો અને નવાબના પુત્ર મહમદના પુત્ર ઈસ્માઈલ જમાદારના કારખાના એટલે થાણામાં નોકરીએ રહ્યો. ઈણાજ ઉજ્જડ પડેલું અને વસતી રહેવા આવતી નહિ તેથી ઈસ્માઈલે માળીયા હાટીના)ના મકરાણી દોસ્તમહમદના પુત્ર મધીયાનને ઈણાજ ગામે પસાયતા તરીકે રાખ્યો. પણ તેણે કંઈ 'ફીતુર કરવાથી' તેને દૂર કરી ત્યાં વલીદાદને એક સાંતી જમીનનું પળત આપી પસાયતા તરીકે રાખ્યો.

વલીદાદ તેની મરદાનગીથી આ પ્રદેશમાં મશહૂર થઈ ગયો અને તેણે ઈ. સ. ૧૮૪૬માં માંગરોળના શેખનો ગઢ લૂંટી ભાગેલા શકર જમાદારની ટોળીનો પીછો પકડી પેટલાદની બજારમાં ધીંગાણું કરી તેને ઠાર માર્યો. દરમ્યાનમાં મધીયાને, ઇણાજમાં તેનો ભાગ છે એવો દાવો કર્યો અને તેને દાદ મળી નહિ ત્યારે તે બહારવટે ચડયો. વલીદાદે તેને પણ મારી નાખ્યો. આ વીરતાથી પ્રસન્ન થઈ ઈસ્માઈલ જમાદારે, જૂનાગઢ રાજ્યની પરવાનગી લઈ તેને ઈણાજ ગામમાં ચોથો ભાગ આપ્યો.

વલીદાદ સાથે ઈસ્માઈલ જમાદારે તેની બહેનનાં લગ્ન કરી આપ્યાં અને તે ઈણાજમાં સ્થિર થયો. તે પછી તેણે મકરાણમાંથી તેના ભાઈ ઉંમર, નુરમહમદ તથા ઓસ્માનને બોલાવ્યા. નુરમહમદને અમરાપુર થાણે પસાયતું રાખ્યું અને ઓસ્માન, સનવાવ થાણે રહ્યો, ઉંમર પ્રભાસપાટણમાં વલીદાદ સાથે રહ્યો.

ઈસ્માઈલ જમાદારની આર્થિક સ્થિતિ કથળી ગઈ હતી તેથી વલીદાદે ઈણાજનો બાકીનો ભાગ, મોટી રકમો ધીરી તેની પાસેથી લખાવી લીધો, અને ઈણાજ આંગત કરી લીધું.

વલીદાદને ફતેહ મહમદ નામનો એક જ પુત્ર હતો અને ત્રણ પુત્રીઓ

હતી. તેમાં એક પુત્રીની પુત્રી બેગમ, વલીદાદના ભાઈ નુરમહમદના પુત્ર કાદરબક્ષને પરણાવેલી. નુરમહમદ અમરાપુર થાણે રહેતા. તેને દશ માણસોના કારખાના સાથે એક સાંતીની જમીન મળેલી, તેથી કાદરબક્ષ તથા તેનો ભાઈ અબુબકર ત્યાં રહી સરકારી નોકરી કરતા તથા આવ્યા ગયા પ્રભાસપાટણ રહેતા. સિંહનાં બચ્ચાંઓ પકડી નુરમહમદે નવાબને નજર કરતાં તેને એક સાંતીને ચાલીશ વીઘા વિશેષ જમીન ઇનામમાં મળેલી.

જમાદાર ઉંમરનું કારખાનું કોડીનારમાં હતું પણ તે પ્રદેશ ઉપરથી નવાબની હકુમત ઊઠી જતાં, તે બંધ પડયું અને તેથી તેના પુત્રો અલીમહમદ અને વલીમહમદ પ્રભાસપાટણમાં રહેવા આવ્યા અને ઈણાજનો વહીવટ કરવા લાગ્યા. ધીમે ધીમે તેઓ એટલા બળવાન થઈ ગયા કે ઈણાજના મૂળ માલિકો, જમાદાર ઈસ્માઈલના પુત્ર અબ્દલા વગેરેના હક્કોનો ઈન્કાર કર્યો, તેથી અબ્દલાએ તેમને ઈણાજમાંથી દૂર કરવા જૂનાગઢ રાજ્ય સરકારની સહાય માગી.

તે ઉપરથી ઇ. સ. ૧૮૭૭માં દીવાન ગોકુલજીએ, પ્રભાસપાટણ વહીવટદાર ઉનાના શ્રી ગોકળદાસ તાપીદાસ દ્વારા ઈણાજ ઉપર જપ્તી મૂકી તેનો વહીવટ પ્રભાસપાટણના દેશાઈ વલ્લભજી મોરારજીને સોંપ્યો. ગામની ખાલાવાડ તૈયાર થઈ અને વલ્લભજી દેશાઈ ખળાં ભરવા ગયા એ સમયે અલીમહમદ તથા વલીમહમદે "તોફાન કરી" ખળાં ભરવા દીધાં નહિ અને હવાલદાર એભા રબારીને બંદુક બતાવી બહાર કાઢી મૂકયો. પ્રતિવર્ષ તેઓ સરકારના હુકમોનો અનાદર કરતા રહ્યા. ઈ. સ. ૧૮૮૧માં વસતી ગણત્રીના પ્રશ્ને વિરોધ કર્યો અને ઈ. સ. ૧૮૮૩માં વહીવટદારને ઈણાજમાં પ્રવેશ પણ કરવા દીધો નહિ.

આ કૃત્ય સામે સરકાર સખત પગલાં લેશે એવી આ ભાઈઓને બીક લાગતાં તેમણે સોળ મણ જેટલો દારૂ અને છ મણ જેટલું સીસું એકત્ર કરી સરકાર સામે લડવા તૈયારી કરી. તેઓનું કૃત્ય ગેરકાયદેસરનું હોવા છતાં, સરકારે સમાધાન માટે શકય એટલા પ્રયત્નો કર્યા પણ તે બધા વ્યર્થ ગયા ત્યારે દીવાન હરિદાસ વિહારીદાસે વેરાવળના મુત્સદ્દી શ્રી અંબારામ સુંદરજી છાયા[1]ને શીબંદી લઈ જઈ ઈણાજનો કબ્જો લેવા તથા મકરાણી ભાઈઓને પરહેજ કરવા હુકમ કર્યો.

---

1 માજી પોલીસ કમિશ્નર શ્રી ધીરૂભાઈ છાયાના પિતાશ્રી.

ઈ. સ. ૧૮૮૪ના ઓગસ્ટ માસની ૪થી તારીખે, રાજ્યના મિલિટરી સલાહકાર મેજર સ્કોટનો મુકામ ભીડીયા મહાદેવ પાસે પ્રભાસપાટણમાં પડેલો તેને સાથે લઈ શ્રી અંબારામ છાયા, ૬૦ સવાર અને પાયદળ લઈ ઈણાજ ઉપર ચડયા. તેમણે બે તોપો પણ બળદો જોડાવી સાથે લીધી. મકરાણીઓની ફારસી ભાષા, તેમના રિવાજો અને તેમની પદ્ધતિથી પૂરેપૂરા પરિચિત તેમજ તે સહુને વ્યક્તિગત ઓળખતા તેમજ બંદુકબાજી, શરીરબલ, વિદ્વતા, વાક્ચાતુર્યથી પ્રસિધ્ધ થયેલા પ્રભાસપાટણના યુવાન દેશાઈ હરપ્રસાદ ઉદયશંકર કે, જે તે સમયે ન્યાયખાતામાં પ્રોબેશનર હતા તેમને પણ સાથે રહેવા બોલાવવામાં આવ્યા.

નવાબનું સૈન્ય. ઈણાજ ઉપર પહોંચ્યું ત્યારે અંતિમ વિષ્ટિ કરવા હરપ્રસાદે સૂચન કર્યું. આ સૂચન સ્વીકારી મેજર સ્કોટે, એજન્સી દફેદાર જમાદાર મહમદ જંગીને તથા દીલમુરાદને વલીમહમદ તથા અલીમહમદને સમજાવવા માટે જવા હુકમ આપ્યો. આ પ્રયાસ નિષ્ફળ ગયો અને વિશેષ વિચાર કરવામાં આવે તે પહેલાં, ઈણાજ ગામ ફરતા ચણી લીધેલા માટીના કોટની ઓથે રહી, મકરાણીઓએ ગોળીબાર શરૂ કર્યો. આ ઉપરથી અંબારામ છાયાએ હુમલો કરવા આજ્ઞા કરી. નાયબ હાશમખાં શુજાતખાં નામના તોપખાનાના અધિકારીએ તોપ દાગી માટીના કોટ ઉપર ગોળાઓ છોડયા અને બંદુકદારોએ ગોળીબાર શરૂ કર્યો. મેજર સ્કેટ, અંબારામ છાયા તથા હરપ્રસાદ દેશાઈએ જુદી જુદી દિશાએથી માર્ગદર્શન આપ્યું. થોડા જ કલાકોમાં સંખ્યાબળ અને શસ્ત્રબળ આગળ મકરાણીઓ મહાત થયા. અલીમહમદ તથા તેનો પુત્ર વજીરમહમદ તથા વલીમહમદ મરાઈ ગયા. અલીમહમદનો બીજો પુત્ર અબ્દરેમાન, જમાદાર ઓસ્માનના ભાઈ સાબીરના પુત્ર શાબદાદના પુત્ર ગુલમહમદ પકડાઈ ગયા. રાજ્ય પક્ષે, પ્રભાસપાટણના ચિશ્તી બડામીયાં ફેઝદીનમીયાં મરાણા તેના માથા બદલ રાજ્યે તેના વારસોને ગલીયાવાડ ગામ ઈનામમાં આપ્યું.

ધીંગાણા પૂર્વે, અલીમહમદ તથા વલીમહમદે, નમાઝ પઢી કેસરીયાં કર્યાં. ગામની પ્રજાની માફામાફી કરી તેમને ગામ છોડી જવા વિનંતી કરી ત્યારે કરસન ગામોટ નામનો બ્રાહ્મણ, હરિજન બેચો તથા ફીસો અને લુહાણી બાઈ કુલી ડોસીએ આફતને સમયે જન્મભૂમિ ત્યાગવા કરતાં તેની માટીમાં મળવાનું પસંદ કરી ઊડતી ગોળીઓ સામે ઊભા રહી મૃત્યુને ભેટયાં.

આ ધીંગાણા વખતે અલીમહમદના કાકા નુરમામદનો પુત્ર કાદરબક્ષ હાજર ન હતો. તેને જ્યારે ખબર પડયા કે અલીમહમદ–વલીમહમદના કુટુંબની

સ્ત્રીઓ તથા બાળકો દીવના માર્ગેથી તેઓ મકરાણ નાસી જતાં હતાં ત્યાં રાજ્ય પોલીસે પકડી લીધાં છે ત્યારે તે પ્રાંસલીથી દમોદમ પાછળ પડી તેને છોડાવવા ગયો પણ ઘણો મોડો પડયો. તે ત્યાંથી પ્રભાસપાટણ આવ્યો અને રાત્રે દેશાઈ હરપ્રસાદ ઉદયશંકરને મળી કહ્યું કે આ જુલમ સામે હું સવારથી રાજ્ય સામે બહારવટે ચડું છું, તેથી અલ્લાબેલી કરવા આવ્યો છું. દેશાઈ હરપ્રસાદ, પ્રભાસપાટણ મદ્રેસામાં કાદરબક્ષના સહાધ્યાયી હતા. બન્ને ફારસી ભાષામાં પરસ્પર વાર્તાલાપ કરતા. કુસ્તી. બંદુકબાજી, પંજાબાજીમાં બન્ને એક બીજાના પ્રતિસ્પર્ધીઓ હતા અને કાદરબક્ષ પ્રભાસપાટણમાં હોય ત્યારે બહુધા તેની પાસે જ રહેતા. તેથી તેણે કહ્યું કે 'હરકે બા ફોલાદ બાઝુ પંજા કર્દ, સાયેદે સીમીને ખુદરા રંજે કર્દ' ચાંદીના કાંડાવાળો, પોલાદના કાંડાવાળા સાથે પંજો મેળવે તો પોતાનું જ કાંડુ ખેડવે એ ન્યાયે તમે રાજ્ય સામે પહોંચી નહિ શકો અને પાયમાલ થઈ જશો. આખી રાત્રી ચર્ચા વિચારણા થતી રહી. અંતે કાદરબક્ષે કહ્યું કે જો કાલે બહારવટે નહિ ચડું તો રૂબરૂ આવીશ, ન આવું તો માનજો કે ગઈ કાલનો નવાબનો નિમકહલાલ નોકર કાદરબક્ષ આજથી તેનો ભયંકર બહારવટીઓ છે.' હરપ્રસાદે ત્યારે ઉત્તર આપ્યો કે 'ખુદા તમને સન્મતિ આપે. પણ જો તમે બહારવટે ચડશો અને મને હુકમ થયે હું સામો ચડીશ અને મુકાબલો થાય તેમાં નિમકની શર્તે મારી બંદુક તમારી છાતીનું નિશાન લે કે તમારી ગોળી મારી છાતીમાં પડે તો આપણે માઠું ન લગાડવું જોઈએ, તે યાદ રાખી લેવું જરૂરી છે.' કાદરબક્ષ, હાથ મેળવી ખુદાહાફીઝ કરી અંધારામાં ઊતરી ગયો.

ઈ. સ. ૧૮૮૫ના પ્રારંભમાં કાદરબક્ષે પ્રભાસપાટણ તાબાના બીજ ગામે નવાબી રિસાલાના જમાદારો કબીરખાન તથા હુસેનમીયાંને ઠાર મારી બહારવટાનો આરંભ કર્યો.

કાદરબક્ષનું સંક્ષિપ્ત નામ કાદુ હતું તેથી આ બહારવટું કાદુના બહારવટા તરીકે મશહૂર થયું. તેની ટોળીમાં તેનો ભાઈ અબુબકર, ભાણેજો અલાદાદ અને દીનમહમદ, શેરમહમદ, હાજી વિલાયતી અને વસુ વિલાયતી ભળ્યા અને આ ટોળીએ બહારવટું ખેડયું.

અલીમહમદના બનેવીઓ પીરમહમદ તથા લશ્કરાનને, રાજ્યે મનામણું કરવા મોકલ્યા પણ કાદુએ શર્ત મૂકી કે ઈણાજ પાછું સોંપે તથા મકરાણી સ્ત્રીઓ, પુરુષો તથા બાળકોને કેદમાંથી મુક્ત કરે અને રાજ્ય વચન પાળે તે

માટે જમાદાર અબ્દલા મુબારક જામીન થાય. રાજ્યને આ શર્ત સ્વીકાર્ય ન હતી.

કાદુના કુટુંબીઓ જૂનાગઢમાં મકરાણી નજરમહમદના મકાનમાં કેદ હતાં ત્યાંથી તેને કોઇએ નસાડી મૂકયાં. તેને પકડવા પાછળ પડેલા સરકારી સવારોને કાદુએ ઠાર માર્યા.

ગામે ગામ ભાંગતી અને માર્ગોમાં જતા આવતા પ્રવાસીઓને લૂંટી તેના નાક, કાન કાપી લેતી આ ટોળીનો ત્રાસ એટલો વ્યાપક થયો કે માર્ગો ઉપર વટેમાર્ગુઓ જતા આવતા બંધ થઈ ગયા. ગામડાંઓ ઉજજડ દેખાવા લાગ્યાં અને ખેડૂતોએ પીતમોલ કરવાનું બંધ કર્યું. લગ્નો અને ઉત્સવો પણ બંધ થઈ ગયા પણ આ બધો જુલમ કાદુને પસંદ ન હતો. તેણે જેલમાં, હરપ્રસાદ દેશાઈ પાસે કબૂલ કરેલું તેમ જે પ્રજા સાથે પોતે જીવ્યો અને મોટો થયો તેને વિના કારણ ત્રાસ આપવાથી તેને પોતાને બહુ દુઃખ થતું, પણ બહારવટું અધવચ મૂકાય નહિ તે અરસામાં વેરાવળ, પાટણ વચ્ચે સમુદ્ર તીરે પોલિટિકલ એજન્ટ મેજર સ્કૉટ અને અમરેલીના આસિ. રેસીડેન્ટ મેજર જેકસન નાતાલની રજાઓ ગાળવા કેમ્પ નાખીને પડેલા. તેઓને મળી સમાધાન કરાવવા કાદુએ એક હિમ્મત ભર્યો પ્રયાસ કર્યો. તેણે પ્રભાસપાટણ–વેરાવળના ધોરી માર્ગ ઉપર હાજી મંગરોળી શાહ પીરની જગ્યા પાસે ઊભા રહી, આ સાહેબો ઘોડાગાડીમાં ફરવા નીકળે ત્યારે તેને આંતરી લેવા વિચાર્યું. ક્રમ ભાગ્યે તે દિવસે મેજર જેકસન એકલો જ ફરવા નીકળ્યો. તેને કાદુએ રોકી દીધો. કાદુની વાત સાંભળી તેણે કહ્યું કે પોતે તો મહેમાન છે પણ કાદુનો સંદેશો તે કર્નલ વેસ્ટને પહોંચાડી દેશે. કાદુએ જવાબની માગણી કરતાં તેણે નિયત સ્થાને બીજે દિવસે જવાબ આપવાનું વચન આપ્યું અને આ મર્દ અને એકવચની અંગ્રેજ વગર શસ્ત્રે, નિયત સમયે અને સ્થાને બહારવટીયાને મળી કહી આવ્યો કે, કર્નલ વેસ્ટ, કાદુનું સમાધાન કરાવી નહિ આપે.

કાદુને જેર કરવામાં જૂનાગઢ રાજ્યના સત્તાવાળાઓ નિષ્ફળ નિવડયા છે એમ કહી મુંબઈ સરકારે મેજર હંટર નામના અંગ્રેજ અધિકારીને રાજ્યના સલાહકાર તરીકે નીમણૂક કરી. આ નીમણૂક કરવાથી જૂનાગઢ રાજ્યના આંતરિક વહીવટમાં અનાવશ્યક હસ્તક્ષેપ થાય છે તેમ કહી રાજ્યે કાઉન્સીલર, શ્રી મનસુખરામ સૂર્યરામ ત્રિપાઠીને મુંબઈ મોકલી વિરોધ દર્શાવતાં મેજર હંટરની નીમણૂક રદ થઈ. પણ જૂનાગઢ રાજ્યે તેની નોકરી ઉછીની માગી અને તે મળતાં તેની નીમણૂક કરી. થોડા દિવસોમાં મેજર હંટર ગયા અને તેને સ્થાને મેજર હંફ્રી આવ્યા.

કાદુ ઉપર એ પછી એવી ભીંસ થઈ કે, તે તથા તેના સાથીઓ કરાંચી માર્ગે મકરાણ તરફ નાસી જવા એક પછી એક નીકળી ગયા. અલાદાદ સિંધના રણમાંથી નાઘેરના કોળીઓ, હિંગળાજ પરસવા જતા હતા તેની સાથે ભળી ગયેલો ત્યાંથી પકડવામાં આવ્યો. દીનમહમદ મુંબઈના સ્ટેશન ઉપર ગોળના માટલામાં સોના ચાંદીના સિક્કા ભરી ઉતર્યો પણ માટલું પડી જતાં પોલીસે વેરાઈ ગયેલી ગીનીઓ અને રૂપિયાઓ સાથે પકડી લીધો. કાદુ કચ્છની સરહદ ઓળંગી, એક ઊંટ ભાડે કરી મકરાણ તરફ નીકળ્યો. કરાંચીમાં, જૂનાગઢથી થયેલા તારના આધારે કાદુને કોઈ પકડી લેશે કે પકડાવી દેશે તેને ઇનામ મળશે તેવા ભીંતપત્રો ચોડેલા. તે આજ કાદુ હશે તેવી ઊંટવાહકને શંકા જતાં તેણે કરાંચીમાં પોલીસ સ્ટેશન પાસે ઊંટ ઝુકાવી અંદર જઈ ખબર આપ્યા. કાદુ બેખબર બેઠો બેઠો આસપાસ જોતો હતો ત્યાં પોલીસ પાર્ટીએ તેને ઘેરી લીધો તો પણ તેણે ઉમેદઅલી નામના કોન્સ્ટેબલને ઠાર કર્યો. ખેયરમહમદ નામના પોલીસ જમાદારે તેને પાછળથી બથ નાખી પકડી લીધો.

કાદરબક્ષની ઉપર કરાંચીમાં જ કેસ ચલાવવાનું નક્કી થયું તેથી અલાદાદને જૂનાગઢ લઈ આવવા અને કાદુને ઓળખી લઈ આવવા હરપ્રસાદ ઉદયશંકર દેશાઈ તથા અંબારામ સુંદરજી છાયા કરાંચી ગયા. ત્યાંથી અલાદાદને સ્ટીમર દ્વારા વેરાવળ લઈ આવ્યા. કાદુએ કરાંચીમાં પોલીસ કોન્સ્ટેબલનું ખૂન કરેલું તેથી તેનો કેસ ત્યાં જ ચલાવી ફાંસી દેવાનું નક્કી થતાં તે ત્યાં જ રહ્યો. તેને કરાંચીમાં તારીખ ૫–૬–૧૮૮૭ ના રોજ ફાંસી આપવામાં આવી. અલાદાદ તથા દીનમહમદને જૂનાગઢમાં તારીખ ૨૮–૬–૧૮૮૭ ના રોજ આજે જ્યાં જીમખાના ગ્રાઉન્ડ છે ત્યાં જાહેરમાં ફાંસી આપવામાં આવી.[1] અબુબકર એક ધીંગાણામાં, ચીસ્તી મકબુલમીયાં ફૈઝદીનમીયાં તથા જમાદાર અબ્દલાના હાથે મરાઈ ગયો હતો. ગુલમહમદ શાબદાદ પકડાઈ ગયેલા ત્યારે તેનું વય માત્ર ૧૬ વર્ષનું હતું. તેમને થોડાં વર્ષો પછી મુક્ત કરવામાં આવ્યા અને રાજની

---

1 કાદુ બહારવટિયાનું વૃત્તાંત સ્વ. શ્રી. ઝવેરચંદ મેઘાણીએ સોરઠી બહારવટિયામાં સુંદર અને સરલ રીતે આલેખ્યા પછી તેના આધારે નાટકો, ફિલ્મો અને વાર્તાઓ ઘણા ફેરફાર અને કલ્પિત પ્રસંગો સાથે લખવામાં આવ્યાં છે અને તેનાથી જાહેર પ્રજામાં ઘણી ખોટી માન્યતાઓ પ્રચલિત થઈ છે. તેથી આ પ્રસંગને આ પુસ્તકમાં આપવું જોઈએ તેના કરતાં વિશેષ વિસ્તૃત સ્વરૂપે આપ્યું છે. તેની બાબી પણ વિશેષ વિગતો માટે જુઓ 'પિતૃતર્પણ'–શં. હ. દેશાઈ.

નોકરીમાં દાખલ કરવામાં આવ્યા. તેઓ ડીવીઝનલ ફોરેસ્ટ ઓફિસરના પદ ઉપર પહોંચી નિવૃત્ત થયા.[1]

કાદુનું બહારવટું તારીખ ૧૬-૧-૧૮૮૫ થી શરૂ થયું અને તારીખ ૨૦-૪-૧૮૮૭ ના રોજ તેનો અંત આવ્યો. આ સવા બે વર્ષના હંગામાનો રાજ્યને રૂપિયા ૩,૯૪,૭૮૨ નો ખર્ચ થયો.[2]

કાદુને એક જ પુત્રી ફાતિમા હતી. તેના એક પુત્ર અલીમહમદ અબ્દલા હમણાં જ ગુજરી ગયા છે. બીજા પુત્ર વલીમહમદ જંગલ ખાતામાં નોકર હતા. હવે વયમર્યાદાના કારણે નિવૃત્ત થયા છે.

## સંધી લૂંટારાઓ

ઈ. સ. ૧૮૮૮માં ખૂન અને લૂંટના ગુનાઓ માટે જન્મટીપની સજા ભોગવતા સંધી પુના જુમા અને તેના સાથીઓ, વોર્ડરોને મારી ગોંડલની જેલમાંથી નાસી છૂટયા. તે સમયે હાલારમાં મઢીનો ચારણ બહારવટિયો, રાયદે ભાયા બુચડ જમજાળ બહારવટું ખેડતો તેની સાથે તેઓ મળી ગયા. આ ટોળી સોરઠમાં ઉતરી આવી અને જૂનાગઢની પોલીસે તેમને મેંદરડા પાસે આંતરી ધીંગાણું કર્યું. તેમાં જૂનાગઢના આસિસ્ટન્ટ પોલિસ સુપ્રિન્ટેન્ડેન્ટ જમાદાર ઉંમર હોનાકે તારીખ ૨૫-૮-૧૮૮૮ ના રોજ ઉંમર સોઢાને મારી નાખ્યો. તે પછી જમાદાર સુલેમાન ઉંમરે, પુના, કાસમ, રાણા, ઝીંદા, અભરામ, કાસમ શરાફ અને ખમીસા વંડારીને, સમજાવી કર્નલ હંફ્રી પાસે રજૂ કરી દીધા.

## કેદીનો બળવો

ઈ. સ. ૧૮૮૯માં જૂનાગઢ સેંટ્રલ જેલના સોળ કેદીઓ સાંજે ચાર વાગે વોર્ડરોને મારી, હથિયારો લઇને નાસી છૂટયા. તેની પાછળ પડેલી જેલ પોલીસે, તેમને ધારાગઢ દરવાજા પાસે પકડી પાડી ધીંગાણું કરતાં તેમાં નવ કેદીઓ અને બે પોલીસ કોન્સ્ટેબલો માર્યા ગયા. બીજા કેદીઓ શરણ થયા.

---

1 શ્રી. ગુલમહમદ શાબદાદના પુત્ર અબ્દરહેમાન, વેસ્ટર્ન રેલવેમાં ગાર્ડ છે. શ્રી ઝવેરચંદ મેઘાણીને કાદુની હકીકત શ્રી ગુલમહમદભાઈએ આપેલી.

2 આ બહારવટીઓ લોકોનાં નાક કાન કાપતો. તત્કાલિન ચીફ મેડીકલ ઓફિસર ડૉ. ત્રિભોવનદાસ મોતીચંદ શાહે સ્વયંસ્ફૂરણાથી પ્લાસ્ટીક સર્જરીથી કપાયેલાં નાક પાછાં જોડયાં તેમનું નામ આજ પણ પ્લાસ્ટીક સર્જરીમાં પાયોનિયર તરીકે છે.

## માંગરોળ કમિશન

માંગરોળ તથા જૂનાગઢ રાજ્યનાં કેટલાંક ગામો મજમું હતાં. આ ગામોની ઉપજનો ભાગ પાડવામાં આવતો અને ખર્ચ પણ ભાગે પડતો થતો. આ વ્યવસ્થા મુશ્કેલીવાળી હતી, તેથી માંગરોળે અમુક ગામો સુવાંગ કરી આપવા માગણી કરતાં એજન્સીની સૂચનાથી ઈ. સ. ૧૮૮૪માં મેજર હંટરના પ્રમુખપણા નીચે એક કમિશન નીમવામાં આવ્યું. આ કમિશને તેનું નિવેદન ઈ. સ. ૧૮૮૬ના સપ્ટેંબર માસમાં રાજ્ય સરકારને સુપ્રત કર્યું. પણ તેનો અમલ કરવામાં પુષ્કળ દ્રવ્ય અને શક્તિનો વ્યય થાય તેમ હતું. તેથી જૂનાગઢ રાજ્યે અને માંગરોળે ઘર મેળે સમાધાન કરી માંગરોળને ૨૧ ગામો સુવાંગ કરી આપ્યાં. તેની મહેસૂલ માંગરોળ લે પણ હકૂમત જૂનાગઢ રાજ્યની રહી.

આ કમિશન પાસે રાજ્યનો કેસ ખા. બ. અરદેશર, જમશેદજી કામદીન, શ્રી ત્રિકમજી નથુભેરામ વૈશ્નવ તથા શ્રી નંદલાલ મદનરાય મુનશીએ રજૂ કરેલો.

## ગિરની સરહદ

વડોદરા રાજ્યે આ સમયમાં ગિર સરહદનો પતી ગયેલો પ્રશ્ન ફરીથી તાજો કર્યો. પરંતુ તેનો નિર્ણય એકવાર સેક્રેટરી ઑફ સ્ટેટે કરી આપેલો હોવાથી તે પ્રશ્ન ફરી ઉખેળી શકાય નહિ એવો નિર્ણય ઈ. સ. ૧૮૮૭માં સાર્વભૌમ સત્તાએ આપી વડોદરાનો વિવાદ રદ કર્યો.

## રેલવેની હદ

જૂનાગઢ રાજ્યની હદમાંથી રેલવે લાઈન, જેટલી જમીનમાંથી પસાર થાય તેની હકૂમત જૂનાગઢ રાજ્યે બ્રિટિશ સરકારને ઈ. સ. ૧૮૮૬માં સુપ્રત કરી.

## દીવ

દીવના પોર્ટુગીઝ ગવર્નરે ઈ. સ. ૧૮૯૧માં દીવ ઘોઘલામાં વલસાડ અને સુરતના સમુદ્રકાંઠેથી શિયાળાની ઋતુમાં લોધ કરવા આવતા મચ્છીમારોને જૂનાગઢની હદમાંથી પસાર થતી ચાસી નદીમાંથી પાણી લેવા દેવામાં હરકત ન કરવા ઉના વહીવટદારને લખ્યું, પરંતુ તેણે આવી રજા ઇ. સ. ૧૮૫૯માં થયેલી તહની શર્તોથી વિરુદ્ધ છે એમ કહી આપી નહિ, તેથી દીવના ગવર્નરે જબરજસ્તીથી પાણી લેવા પ્રયત્ન કર્યો અને ઉના વહીવટદાર શ્રી રાજારામ મોતીરામ બૂચે તેટલા જ બળથી તેનો પ્રતિકાર કર્યો. તે સાથે દીવમાં જતા અને ત્યાંથી આવતા માલની હેરફેર ઉપર પણ અંકુશ મૂકયો.

આ પ્રશ્ન પરદેશી સત્તાને લગતો હોવાથી બ્રિટિશ સરકારને, જૂનાગઢ રાજ્યે નિવેદન કર્યું તે ઉપરથી મિ. એચ. આર. હીલ નામનો અંગ્રેજ અધિકારી તપાસ માટે આવ્યો. તેણે તપાસ કરી એવો નિર્ણય આપ્યો કે જૂનાગઢ રાજ્યનો વાંધો યથાસ્થિત છે અને દીવના સત્તાવાળાઓએ જૂનાગઢ રાજ્યને નુકસાનીના વળતરના રૂપિયા ૯૫૬૬ આપવા. પોર્ટુગીઝ ગવર્નરે આ રકમ ભરી આપી પણ તે સાથે તેણે દીવની સરહદ, પાણીનો હક્ક અને જકાતનો પ્રશ્ન પુનઃ વિચારવા જૂનાગઢ રાજ્ય સાથે વાટાઘાટ શરૂ કરી પણ તે નિષ્ફળતામાં પરિણમી.

## રાજતંત્ર

મહાબતખાનના મૃત્યુ સમયે દીવાનપદે સાલેહ હિન્દી હતા તે બહાદરખાન ગાદીએ બેઠા પછી ચાલુ રહ્યા પણ ઈ. સ. ૧૮૮૨માં મૈયાઓની કતલ થયા પછી તેને પદભ્રષ્ટ થવું પડયું અને નાયબ દીવાન બાપાલાલ માણેકલાલને પણ વિદાય લેવી પડી. નાયબ દીવાનના સ્થાને નવાબના ખાનગી કારભારી શ્રી પુરુષોત્તમરાય સુંદરજી ઝાલાની ઈ. સ. ૧૮૮૩માં નીમણૂક કરવામાં આવી તથા તેમના સૂચનથી[1] નડીયાદના દેસાઈ રા. બ. હરિદાસ વિહારીદાસની દીવાન પદે નિયુક્તિ થઈ. ખા. બ. અરદેશર પેસ્તનજી કામદીનની સ્પેશ્યલ દીવાન તરીકે નિમણૂક કરવામાં આવી.

દીવાન હરિદાસે, આ પૂર્વે ભાવનગર રાજ્યના વરિષ્ટ ન્યાયાધીશ, વઢવાણ તથા વાંકાનેર રાજ્યોના મેનેજર અને ઈડરના દીવાન તરીકે સારી નામના મેળવી હતી. તેમણે તારીખ ૧૨-૯-૧૮૮૩ના રોજ દીવાનપદ સંભાળ્યું.

આમ રાજ્યના સદ્ભાગ્યે બે અનુભવી દીવાનો, બુદ્ધિશાળી નાયબ દીવાન અને પીઢ વજીર બહાઉદ્દીનભાઈની સેવાઓ નવાબ બહાદુરખાનને સાંપડી. તેમણે પણ રાજકુમાર કોલેજમાં અભ્યાસ કર્યો હતો અને અંગ્રેજોએ સ્થાપેલા વહીવટી તંત્રથી વાકેફગાર હતા; તેથી તંત્રમાં ઝડપી ફેરફારો થયા.

## રેવન્યુ

અત્યાર સુધી ગામડાંઓની મહેસૂલના ઈજારા અપાતા અને ઈજારદારો બને એટલી રકમો વસૂલ કરતા. રાજ્યે આ પદ્ધતિ નાબૂદ કરી અને તલાટીઓ

---

1 શ્રી મંત્રીશ્વર રાયજી સાહેબ—શ્રી જ. પુ જોશીપુરા

દ્વારા મહેસૂલ લેવાનું ધોરણ દાખલ કર્યું. ઈ. સ. ૧૮૯૦માં, વજે ભાગની અસમાનતા દૂર કરી, રોકડિયા પાકમાં ભાગને બદલે રોકડ વીઘોટી લેવાનું ધોરણ દાખલ કરવામાં આવ્યું.

## પોલીસ

મધ્યકાલિન, જમાદાર પધ્ધતિ આ સમય સુધી અસ્તિત્વમાં હતી. આ જમાદારો પોલીસની ફરજો તેમના માણસો દ્વારા બજાવતા અને તેના બદલામાં તેઓને જમીન જાગીર મળતી તેનો ઉપભોગ કરતા. આ જમાદારોનાં થાણુંઓને કારખાનાં કહેતા. પ્રત્યેક કારખાનામાં દશથી બાર સિપાઈઓ રહેતા તેને જમાદારો પગાર આપતા. આ સિપાઈઓ વારંવાર બખેડા પણ કરતા. ઈ. સ. ૧૮૮૮-૧૮૯૭ના ગાળામાં આ પધ્ધતિનો અંત આવ્યો. હથિયારબંદ, સિપાઈ-વર્ગના અભણ અને અઝડ માણસોને છૂટા કરવાનું કાર્ય સરળ ન હતું તેમ છતાં કુનેહથી અને સમજાવટથી તે પાર પાડવામાં આવ્યું. તે સાથે પ્રજાના જાન માલના રક્ષણ માટે પોલીસ દળનો વિકાસ કર્યો.

ઈ. સ ૧૮૯૦ માં ડીસ્ટ્રીકટ પોલીસ એક્ટ અને વિલેજ પોલીસ એક્ટ અમલમાં આવ્યા. તે અનુસાર ગ્રામ રક્ષણની જવાબદારી પોલીસ અધિકારીઓને સોંપવામાં આવી.

## સર્વે

ઈ. સ. ૧૮૯૦માં સર્વે ખાતું ખોલવામાં આવ્યું અને ખાલસા ગામોની મોજણી કરવાનું કાર્ય શરૂ થયું.

## લાન્સર્સ

બ્રિટિશ સત્તાનું સાર્વભૌમત્વ સ્વીકારવામાં આવ્યું ત્યારે રાજ્ય સૈન્યો રાખે નહિ તેવું નક્કી થયેલું. પણ ઈ. સ. ૧૮૯૦ માં જૂનાગઢ રાજ્યની વિનંતી સ્વીકારી બ્રિટિશ સરકારે તેને એકસો લાન્સર્સ, તાજના રક્ષણાર્થે રાખવા પરવાનગી આપી.

## માર્ગો

બહાદરખાનજીના સમયમાં, વેરાવળથી જૂનાગઢ અને ત્યાંથી જેતલસર સુધીના માર્ગો પાકા બાંધવામાં આવ્યા અને તાલુકા તથા ગામડાંઓના માર્ગો સુધારવામાં આવ્યા.

## વીજળી

આ સમયમાં વીજળીનો પ્રકાશ જૂનાગઢના માર્ગો ઉપર પાથરવાની એક

યોજના કરવામાં આવી પણ કોઈ કારણસર તે પડતી મૂકવામાં આવી.

## રેલવે

નવાબ મહાબતખાનના સમયમાં, ધોરાજી સુધી આવી ગયેલી રેલવે લાઈન જૂનાગઢ સુધી લંબાવવા, ઈ. સ. ૧૮૬૭માં નિર્ણય લેવામાં આવેલો. તેની પૂર્વ ભૂમિકા તરીકે, ધોરાજી, જૂનાગઢ માર્ગ પણ બંધાયો અને તારની લાઈન પણ રાજ્ય ખર્ચે ધોરાજીથી જૂનાગઢ સુધી લાવવામાં આવી. પરંતુ ભાવનગર-ધોરાજી લાઈન થતાં, તે યોજના પડતી મૂકવામાં આવી અને જેતલસરથી જૂનાગઢ પોતાને ખર્ચે રેલવે લાઈન લેવાનો નિર્ણય લેવામાં આવ્યો.

વેરાવળ બંદરના એન્જિનિયર મિ. બેલીયલ સ્કોટે, ધોરાજી-જૂનાગઢ લાઈનની સર્વે કરેલી અને મિ. ડબલ્યુ ફ્લોરડીએ જૂનાગઢ-વેરાવળ લાઇનની સર્વે કરેલો તે રદ કરી, જૂનાગઢ રાજ્યે ભાવનગર-ગોંડલ રેલવેના એન્જિનિયરો મિ. ડેન્ગર ફીલ્ડ અને મિ. નોકસને આ કામ સોંપતાં તેઓએ સંતોષકારક રીતે સર્વે સંપૂર્ણ કરી.

ઈ. સ. ૧૮૮૬ના ડીસેમ્બરની ૧૧મી તારીખે, રેલવેનું ખાત મુહૂર્ત મુંબઈના ગવર્નર લોર્ડ રેના હાથે કરવામાં આવ્યું. અને ઈ. સ. ૧૮૮૭ના ડીસેમ્બરની ૩૦મી તારીખે જેતલસરથી ઉપડેલી પ્રથમ ટ્રેન ચોકીના સ્ટેશનમાં આવી ત્યારે તેનો મંગલ પ્રવેશ પણ લોર્ડ રેના હાથે કરવાનો ભવ્ય સમારંભ ચોકી સ્ટેશને યોજવામાં આવ્યો.

ઈ. સ. ૧૮૮૮ના જાન્યુઆરીની ૧૯મી તારીખે જૂનાગઢના સ્ટેશનમાં રેલવે ટ્રેનનો પ્રથમ પ્રવેશ થયો તે પ્રસંગને યાદગાર બનાવવા કેપ્ટન કેનેડીના હાથે સ્ટેશન પાસે પોલિટિકલ એજન્ટ કર્નલ વુડ હાઉસ નામનું પરું વસાવવાનું ખાતમુહૂર્ત થયું. વજીર બહાઉદ્દીનભાઈએ ત્યાં નવા મૂકેલા રે ગેઇટની દક્ષિણે મકાનો બાંધ્યાં અને ઉત્તર તરફ રાજ્યે બાંધ્યાં. આજ આ પરું પ્લોટના નામે ઓળખાય છે. રે ગેટ ઉપર ટાવર બનાવી ત્યાં ઘડિયાળ મૂકવામાં આવેલું પણ તે હાલમાં બંધ પડેલું છે.

આ રેલવે લાઇનના બાંધકામનો ખર્ચ રૂપિયા ૩૮,૧૮,૭૮૯ થયો હતો, જ્યારે પ્રથમ રેલવે ટ્રેને જૂનાગઢ સ્ટેશનમાં પ્રવેશ કર્યો ત્યારે રાજકર્તાએ અને પ્રજાજનોએ તેનું સ્વાગત કર્યું અને ત્યાંથી ભવ્ય સવારી કાઢી રાજમાર્ગો ઉપર નવાબ ફર્યા. લોકોએ પણ નગરને સુંદર રીતે શણગાર્યું હતું.

વેરાવળથી બંદર સુધીની ૦-૮૭ માઇલની ડોક એસ્ટેટ રેલવે પણ ઈ સ. ૧૮૯૦ માં સંપૂર્ણ થઈ.

## રાજ્યનું વર્ષ

નવાબીની સ્થાપનાથી રાજ્યનું બેસતું વર્ષ નક્કી થયેલું તેના પ્રથમ દિનને ગુર્રામહેર કહેતા. ઈ. સ. ૧૮૮૪ માં રાજ્ય જોશી કાશીનાથે એવું મંતવ્ય રજૂ કર્યું કે પ્રતિવર્ષ ૩૬૫ દિવસ અને ૧૫ ઘડીનું થવું જોઈએ પણ ઘડી લક્ષ્યમાં લેવાતી નથી, પરિણામે એક શતક વિત્યે ૨૬ દિવસનો ફેર પડે છે. આ મંતવ્ય રાજ્યે વિચારણામાં લઈ દીવાન દફતર જા. નં. ૭૦૨ તા. ૩–૮–૧૮૮૪ના વટહુકમથી અંગ્રેજી તારીખ ૧ લી સપ્ટેમ્બરથી ગુર્રામહેર ગણવા ઠરાવ કર્યો.[1]

## કેળવણી

કેળવણીમાં મુસ્લિમો પછાત છે તેથી તેમને ઉત્તેજનની જરૂર છે એમ વિચારી વજીર બહાઉદ્દીનભાઈએ મહાબત મદ્રેસા નામની સંસ્થા સ્થાપી. તેનું મુહૂર્ત તા. ૨૯–૧૧–૧૮૮૪ના રોજ મુંબઈના ગવર્નર સર જેઈમ્સ ફરગ્યુનના હાથે તથા ઉદ્ઘાટન તા. ૨૦–૧૦–૧૮૮૭ના રોજ ગવર્નર લોર્ડ રે ના હાથે થયું.

બહાદરખાનજી હાઈસ્કૂલમાં ઇ. સ. ૧૮૮૭માં વિદ્યાર્થીઓની સંખ્યા ૩૦૦ની થઈ ગઈ અને તે પ્રમાણે પ્રાથમિક શાળાઓમાં પણ સંખ્યા વધી ગઈ.

ગુજરાત કોલેજમાં બી. એ. ની પરીક્ષામાં સહુથી વિશેષ ગુણો મેળવી ઉત્તીર્ણ થનાર મુસ્લિમ વિદ્યાર્થીને ફેલો નિમવા માટે મહાબત ફેલોશીપ જૂનાગઢ રાજ્યે આપી અને તેના માટે મુંબઈ યુનિવર્સિટીને રૂપિયા ૩૦,૦૦૦ની રકમ પ્રદાન કરી. બહાઉદ્દીન કોલેજ થયા પછી આ ફેલોશીપને તે કોલેજમાં ફેરવી નાખી.

ઈ. સ. ૧૮૮૯માં ૨૧ વર્ષની વયે મુંબઈની એલ્ફીસ્ટન કોલેજમાંથી બી. એ. થઈ. ઈ. સ. ૧૮૯૧માં એલ. એલ. બી. થયેલા જૂનાગઢના પ્રથમ

---

1 માહિતી મૂળ કાગળ સહ–શ્રી શંભુપ્રસાદ જોશી.

ડબલ ગ્રેજ્યુએટ મણિરાય ત્રિકમરાય નામના નાગર ગૃહસ્થને[1] નવાબ બહાદુરખાને કચેરીમાં બોલાવી પોતાની ખુશી વ્યક્ત કરી ઇનામ અને પોશાક આપ્યો.[2]

રાજ્યમાં કેળવણી માટે કોઈ ફી લેવામાં આવતી નહિ, એટલું જ નહિ પણ ઈ. સ. ૧૮૮૫માં રાજ્યે ઈંગ્લાંડ જઈ, મેડીકલ, એન્જિનીયરીંગ, કાયદા આદિ વિષયોમાં વિશેષ શિક્ષણ લેવા માગતા વિદ્યાર્થીઓ માટે માસિક રૂા. ૨૫૦ની શિષ્યવૃતિઓ પણ સ્થાપેલી.[3] આવી એક શિષ્યવૃતિ વજીર બહાઉદ્દીનભાઈએ પણ સ્થાપેલી [4]

રાજ્યે અન્ય વિદ્યાર્થીઓ લાભ લઈ શકે તે માટે રાજ્ય બહારની શિક્ષણ સંસ્થાઓને દાન આપેલું. રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલ તથા બાર્ટન ફીમેલ ટ્રેનીંગ કોલેજ, અમદાવાદની ગુજરાત કોલેજ, પૂનાની ફરગ્યુસન કોલેજ, મુંબઇની વિલ્સન કોલેજ, વઢવાણની ગીરાસિયા કોલેજ તેમાં મુખ્ય છે. તે સાથે તે ઉપરાંત માણેકવાડા છાવણીમાં સ્કૂલ માટે એક મકાન બાંધી આપી તેનું નામ વજીર બહાઉદ્દીનભાઈના નામ ઉપરથી બહાઉદ્દીન બિલ્ડીંગ આપવામાં આવેલું.

## અન્ય ફંડો

રાજ્યે તેની ઉદાર નીતિને અનુરૂપ રહી રાજકોટની સિવિલ હોસ્પિટલ, જ્યુબિલી બાગનાં મકાનો, કોનોટ હોલ, રાજકોટ વોટર વર્કસ, ઝંડુ ભટજીનું દવાખાનું વગેરે મકાનોનાં બાંધકામમાં અનુદાન આપેલું.

દીવાન ગોકુલજી ઝાલા સ્મારક ફંડ, વૈદ કરૂણાશંકર ફંડ, કવિ દલપતરામ ડાહ્યાભાઈ સ્મારક ફંડ, પંડિત ભગવાનલાલ ઇંદ્રજી સ્મારક ફંડ, લેડી ડફરીન

---

1 માહિતી શ્રી. વિનોદરાય જોશીપુરા.

2 શ્રી. મણિરાય, જૂનાગઢના એક કાલે પ્રસિદ્ધ રાજપુરુષ હતા, તે ગુલાબરાય અંબાશંકર જોશીપુરાના પૌત્ર અને તેવાજ પ્રસિદ્ધ મજમુદાર વ્રજલાલ રંગીલદાસ વૈશ્નવના દોહિત્ર હતા તેઓ વડોદરા રાજ્યની સેવામાં રહેલા અને સુબા પદે પહોંચી ઈ. સ. ૧૯૨૩માં નિવૃત્ત થયા અને તે જ વર્ષમાં ગુજરી ગયા.

3 જૂનાગઢના પ્રસિદ્ધ ડૉ. નરોત્તમદાસ ઇંદ્રજી વૈશ્નવ આ શિષ્યવૃતિ લઈ ઈંગ્લાંડમાં અભ્યાસ કરી આવેલા.

4 આ શિષ્યવૃતિ મેળવી જૂનાગઢના મુનશી ગુલામમહમદ બાવામીયાં બેરિસ્ટર-એટ-લૉ થયેલા.

હોસ્પિટલ, ડોક્ટર કલ્યાણ ફંડ, વગેરે ફંડો તથા મહાભારતના ભાષાંતર માટે બાબુ પ્રતાપચંદ્રને તેમજ તાપીના પુરથી જેમને નુકસાન થયું હતું તેવા માણસોને પણ આર્થિક સહાય આપેલી. આ રકમનો સરવાળો રૂપિયા ૨,૬૪૦૦૦ જેટલો થાય છે.

## ફરગ્યુસન પુલ

જૂનાગઢનો વિસ્તાર શહેરથી દક્ષિણ તરફ વધી શકે તેમજ ખડીયા, વંથલી વગેરે વિસ્તારમાંથી જૂનાગઢ આવતી પ્રજાને સુવિધા થાય તે માટે કાળવાના વોંકળા ઉપર રાજ્યે એક 'શોભાયમાન' પુલ બાંધવાનો નિર્ણય લીધો. આ પુલનો પાયો મુંબઈના ગવર્નર સર જેઈમ્સ ફરગ્યુસને ઈ. સ. ૧૮૮૫ના નવેમ્બર માસની ૨૨ મી ના રોજ નાખ્યો.[1] અને તે જ દિવસે મહાબત મદ્રેસાનો પણ પાયો નાખવામાં આવેલો. આ પ્રસંગે નવાબે ભવ્ય સવારી કાઢી અને પ્રજાજનોએ નગરને રોશની અને ધજાપતાકાથી શણગાર્યું. તે સમયના વૃત્તાંત નિવેદક નોંધે છે કે ઢાલ રોડ ઉપર નગરશેઠ માધવજી કાનજી રાજા તથા વોરા જાફરભાઈની દુકાનો રંગબેરંગી ફાનસોથી સુંદર રીતે શણગારી હતી. શેઠ માધવજી કાનજી[2]એ તેની દુકાનમાં બીલોરી કાચનાં ઝાડો અને તખ્તાઓ મૂકી સુશોભન કર્યું હતું.[3]

## લેપર એસાયલમ

જૂનાગઢમાં જમીયલશાહ દાતારની જગ્યામાં રક્તપીતિયાંઓને દર્દ મટે છે તેવી શ્રદ્ધાથી સેંકડો દર્દીઓ ત્યાં પડયાં રહેતાં. તેથી રાજ્યે ઈ. સ. ૧૮૯૦માં ત્યાં લેપર એસાયલમ બાંધવાનો નિર્ણય લઈ પ્રિન્સ ઓફ વેલ્સ આલ્બર્ટવિક્ટર ગિરમાં સિંહના શિકારે આવતાં તેના હાથે દાતારની નીચેની જગ્યા પાસે લેપર એસાયલમનું શિલારોપણ કરવામાં આવ્યું. આજે પણ આ સંસ્થા અનેક રોગીઓને રાહત આપી રહી છે.

## ગિરનાર લોટરી

ગિરનાર ઉપર ચડવાનાં પગથિયાં, આડાં અવળાં, ઊંચાં નીચાં, ભાંગેલ

---

1 આ પુલને વિસ્તૃત કરતાં તેનું ઉદ્દ્ઘાટન તા. ૧૭–૫–૧૯૭૨ના રોજ ગુજરાત રાજ્યના મંત્રી શ્રી રતુભાઈ અદાણીના સાનિધ્યે થયું.

2 શ્રી ચિત્તરંજન (બચુભાઈ) રાજાના પિતામહ.

3 સૌરાષ્ટ્ર દર્પણ ડીસેમ્બર ૧૮૮૪.

તૂટેલ અને અણઘડ હતાં તેથી યાત્રિકોને અપાર તકલીફ પડતી. તે નિવારવા દીવાન હરિદાસ વિહારીદાસ દેસાઈએ ડૉ. ત્રિભોવનદાસ મોતીચંદ શાહના સહકારથી ગિરનાર લોટરી કાઢી, તેમાંથી રૂપિયા સાડા ત્રણ લાખ જેટલી રકમ મેળવી. તેમાંથી ગિરનાર ઉપર જવાનાં પગથિયાં ઈ. સ. ૧૮૮૯માં બંધાવ્યાં.[1]

## શાહપુરનો કિલ્લો

નવાબને ગમે તે કારણે શાહપુર બહુ પ્રિય હતું, તેથી ત્યાં ગામ ફરતો કિલ્લો બંધાવ્યો. આ કિલ્લાનું ખાતમુહૂર્ત તા. ૧૭-૫-૧૮૮૭ના રોજ કરવામાં આવેલું.

## પથ્થરના સિંહો

ગિરનારના પથ્થરો કારીગીરી માટે નકામા છે એવો અભિપ્રાય નિષ્ણાતોએ આપતાં વજીર બહાઉદ્દીનભાઈએ, ગિરનારના જુદા જુદા પથ્થરોને ઈંગ્લાંડ અને અમેરીકાની પ્રયોગશાળાઓમાં મોકલી જુદા જુદા નમૂનાઓ તૈયાર કરાવ્યા અને તેમાંથી મોટા પાયા ઉપર "હુન્નર ઉદ્યોગ" કરવા વિચાર્યું. તેમણે દામોદર કુંડ પાસે સોનરખના ડુંગરની પાળીમાંથી ગ્રેનાઈટ પથ્થરનો મોટો ટુકડો કઢાવી રાજકોટની હુન્નર શાળાના સુપ્રીન્ટેન્ડેન્ટ મિ. સાઈકસને બતાવી તેની હુન્નર શાળામાં ચાર સિંહો તૈયાર કરાવ્યા. આ સિંહો પ્રથમ લોલ નદીનો બાર્ટન બ્રીજ થયો ત્યાં ઈ. સ. ૧૮૮૦માં મુકાવેલા પણ પછી રેલવે સ્ટેશનના સિંહ દ્વાર પાસે ઈ. સ. ૧૮૮૮માં મૂકાવ્યા. બીજા વેરાવળના રેલવે સ્ટેશનના દ્વારે મૂકાવ્યા.

## વોટર વર્કસ

જૂનાગઢ શહેરને નળ દ્વારા પીવાનું પાણી આપવાની યોજના રાજ્યે વિચારી. પ્રથમ કાળવાને સજીવન કરવા તપાસણી કરી પણ તે શક્ય ન જણાતાં ઈ. સ. ૧૮૭૬માં દામોદર કુંડ પાસે સોનરખ નદીમાં બંધ બાંધવા મોજણી શરૂ કરી. આ મોજણી થતી હતી ત્યાં વિ. સં. ૧૯૩૩ના ચૈત્ર વદી ૧૧ સોમવારની તારીખથી એક અરજી, પાંચસોથી અધિક હિન્દુ નાગરિકોની સહીથી વકીલ રેવાશંકર મયાશંકર તથા વકીલ ભવાનીશંકર ઉમિયાશંકરે આપી. દામોદર કુંડ પાસે વર્કસ થાય તો તીર્થસ્થાનોને અડચણ પડે તેવો વાંધો ઊઠાવ્યો. તે ઉપરથી એજન્સી એન્જિનીયર તથા ગોંડલ રાજ્યના ચીફ એન્જિનીયર

---

1 વિગતો માટે જુઓ પ્રકરણ ૮મું.

રાવ બહાદુર બણેશ ગોવિંદને તેમજ પાછળથી ઈ. સ. ૧૮૮૧માં મુંબઈ સરકારના જાહેર બાંધકામ ખાતાના સચિવ અને કનસલ્ટીંગ સર્વેયર જનરલ હેંકોકને જૂનાગઢ બોલાવી અભિપ્રાય લીધો પણ કોઈએ, એક પણ માર્ગ દર્શાવ્યો નહિ એટલે એ સમયે આ યોજના પડતી મૂકવામાં આવી.

## ફરતો માર્ગ

જૂનાગઢ શહેર ફરતી ખાઈ હતી. આ ખાઈનો ઉપયોગ રહ્યો નહિ તેથી ત્યાં સુંદર માર્ગ બાંધવાનો નિર્ણય લઈ ખાઈ પૂરાવી ફરતો પાકો રસ્તો ઇ. સ. ૧૮૮૧માં બાંધવામાં આવ્યો તથા તે સાથે ગિરનાર સુધીનો રસ્તો પણ સુધાર્યો

## પ્રાણી સંગ્રહસ્થાન

ઈ. સ. ૧૮૬૩માં સૌરાષ્ટ્રનાં અને સવિશેષ ગિરમાં થતાં પ્રાણીઓનું પ્રજાજનો નિરીક્ષણ કરી શકે તે માટે સક્કરબાગમાં એક પ્રાણી સંગ્રહસ્થાન સ્થાપવામાં આવ્યું.[1] જેમાં સિંહ, દીપડા વગેરે પ્રાણીઓને રાખવામાં આવ્યાં.[2]

## સિંહોની સંખ્યા

ગિરમાં આ સમયમાં સિંહોની સંખ્યા લગભગ નહિવત્ થઈ ગઈ હતી. ઈ. સ. ૧૮૯૦માં ડયુક ઓફ કોનોટ શિકારે આવ્યો ત્યારે એક પણ સિંહ મળ્યો નહિ તેથી સાર્વભૌમ સત્તાએ સિંહોની સંખ્યા વધે તેવા ઉપાયો યોજવા રાજ્યને અનુરોધ કર્યો.[3]

## દાતાર

જમીયલશાહ દાતાર ઉપર જવાનાં પગથિયાં તથા ત્યાં સુધી પહોંચવાનો માર્ગ બાંધવાનું કાર્ય ઇ. સ. ૧૮૯૧માં શરૂ કરવામાં આવ્યું અને ઈ. સ. ૧૮૯૪માં સંપૂર્ણ થતાં મુંબઈના ગવર્નર લોર્ડ હેરિસના હાથે તેનું ઉદ્દઘાટન થયું.

---

1 વિગતો માટે જુઓ પરિશિષ્ટ.

2 આ સંગ્રહસ્થાન થોડા સમય માટે સરદાર બાગમાં રાખેલું પણ પાછળથી ફરી પાછું સક્કરબાગમાં લઇ જવામાં આવ્યું.

3 સિંહોની સંખ્યા આ પ્રમાણે હતી. ઈ. સ. ૧૯૫૫–૨૯૦, ૧૯૬૩–૨૮૫, ૧૯૭૦–૧૭૭, ૧૯૭૪–૧૮૦ તેમાં ૫૫ નર, ૭૭ માદા તથા બચ્ચાંઓ.

## ઉપરકોટ-બોરદેવી

દિનપ્રતિદિન જર્જરિત થતા જતા ઐતિહાસિક ઉપરકોટની દીવાલો તથા નવઘણ કૂવો અને અડીચડીવાવનું સમારકામ દીવાન હરિદાસ વિહારીદાસના પ્રયાસથી રાજ્યે કરાવ્યું.

સ્પેશ્યલ આસિસ્ટંટ દીવાન અરદેશર જમશેદજી કામદીને સુદર્શન તળાવના સ્થાનનું ઈ. સ. ૧૮૮૮માં સંશોધન કરી તેનો નિર્ણય કર્યો તથા બોરદેવીના બૌદ્ધ સ્તુપો શોધી કાઢયા. આ કાર્ય તેણે મિ. જે. કેમ્પબેલ તથા મિ. ઓ. કોરડીંગ્ટનના સહકારથી કર્યું.

## ગળીનું કારખાનું

દીવાન હરિદાસ દેસાઈએ દોલતપરા પાસે ગળીનું કારખાનું ૬૦૦ એકર જમીનમાં રાજ્ય તરફથી નાખ્યું, પરંતુ પાછળથી બંધ કરવામાં આવ્યું.

## તોપ

જૂનાગઢની પ્રજાને સમય જાણવાનું અનુકૂળ થાય તે માટે તા. ૩-૨-૧૮૮૯ના દિવસથી બપોરે બાર વાગે તોપ ફોડવાનો નિર્ણય લેવાતાં પ્રતિદિન બાર વાગે ઉપરકોટ ઉપરથી તોપ ફોડવામાં આવતી. આ તોપ ફોડવાનો ક્રમ જૂનાગઢનું સૌરાષ્ટ્રમાં વિલિનીકરણ થયું ત્યાં સુધી અવિચ્છિન્ન રહ્યો.

## ચોરવાડની આબાદી

ચોરવાડની પ્રસિદ્ધ પાનવાડીઓ અને બગીચા યુદ્ધો દરમ્યાન નાશ પામેલા અને લોકોની દુર્બળ સ્થિતિના કારણે તેઓ તેને આબાદ કરવામાં અસમર્થ હતા. તેમાં પાનવાડીઓ વાવતા વેલારીઓ અને કોળીઓ વચ્ચે પાનવાડી કોળીઓ વાવે તે પ્રશ્ને વાંધો પડતાં કોળીઓનો વેલારીઓએ બહિષ્કાર કર્યો તથા પોતે વાવેતર બંધ કર્યું, તેથી રાજ્યે વચમાં પડી કોળીઓને સમજાવ્યા અને વેલારીઓને પાનવાડી વાવવા અને ન વાવે તો જમીન છોડાવી લેવામાં આવશે તેવી આજ્ઞા દી. દ. નં. ૮૭૯ તા. ૩-૧૨-૧૮૮૮થી આપી. પરંતુ તેનું ધાર્યું પરિણામ આવ્યું નહિ અને આબાદી માટે રાજ્યે ઘડેલી યોજના પડતી મૂકવામાં આવી.[1]

---

1 ચોરવાડની આબાદી માટે જુઓ આ પ્રકરણમાં રસુલખાનજીનો સમય.

## સાંસ્કૃતિક પ્રવૃત્તિ

### શ્રી. મણિશંકર કીકાણી

આ સમયમાં જૂનાગઢમાં મણિશંકર કીકાણી નામના એક પ્રખર વિદ્વાન વસતા. તેમનો જન્મ ઈ. સ. ૧૮૨૨માં થયેલો અને ઈ. સ. ૧૮૩૪થી ઈ. સ. ૧૮૭૪ સુધી એજન્સીમાં નોકરી કરી નિવૃત્ત થઈ જૂનાગઢમાં રહેતા હતા. આ બહુશ્રુત અને પ્રકાંડ પંડિતે તે સમયમાં પ્રવર્તતા ધાર્મિક, સામાજિક અને રાજકીય વિચારોથી ઘણા આગળ જઈ મૂર્તિપૂજા, સામાજિક કુરિવાજો, અંધશ્રદ્ધા આદિ માન્યતાઓનું નિર્ભય પણે ખંડન કરી, જનતાને મધ્યયુગના અંધારામાંથી પ્રકાશમા લાવવા પ્રયત્ન કર્યો. તેણે ઈ. સ. ૧૮૬૪ માં જૂનાગઢમાં જ્ઞાન ગ્રાહક સભા, બુદ્ધિવર્ધક સભા તથા સુપંથ પ્રવર્તક મંડળી સ્થાપી, જે પાછળથી સૌરાષ્ટ્ર નાગર મંડળી થઈ ગઈ. જ્ઞાન ગ્રાહક સભાના ઉપક્રમે ઈ. સ. ૧૮૬૪માં તેમણે સૌરાષ્ટ્ર દર્પણ નામનું માસિક શરૂ કર્યું. તેનું તંત્રીપદ વેદમૂર્તિ આચાર્ય વલ્લભજી હરિદત્તે સંભાળ્યું અને તેનું પ્રકાશન બંધ પડતાં ઇ. સ. ૧૮૭૯માં તેનું પુનઃ પ્રકાશન શ્રી રૂદ્રજી સુંદરજી રાણાના તંત્રીપદ નીચે શરૂ થયું.

શ્રી. મણિશંકર કવિ હતા, સમાજ સુધારક હતા, સંસ્કૃત અને ફારસી ભાષાના પરમ વિદ્વાન હતા. તેમણે કલા અને વિજ્ઞાન, વેદાંત અને અર્થશાસ્ત્ર તથા કાવ્ય અને સાહિત્ય ઉપર પુષ્કળ લખ્યું છે. કમભાગ્યે તેનાં કોઈ પુસ્તકો કે લેખો ઉપલબ્ધ નથી.[1]

શ્રી. મણિશંકર કીકાણીનું નિવાસસ્થાન વિદ્વાનોના મિલન સ્થાન જેવું થઈ ગયું. ડૉ. ભગવાનલાલ ઇંદ્રજી અને આચાર્ય વલ્લભજી હરિદત્ત જેવા પુરાતત્ત્વવિદો, ભગવાનલાલ સંપત્તરામ છત્રપતિ તથા કૃપાશંકર ઉમિયાશંકર વસાવડા જેવા ઈતિહાસકારો, વેદશાસ્ત્ર પારંગત, ગોરાભાઇ રામજી પાઠક તથા શાસ્ત્રી હરિદત્ત કરૂણાશંકર, વોરા જટાશંકર હરજીવન, જીવાભાઈ કીકાણી[2] જેવા વિદ્વાનોએ તેમની વિદ્વતાથી અને તેમનાં કાર્યોથી ગુજરાતી સાહિત્ય અને ઈતિહાસનાં ક્ષેત્રોમાં જૂનાગઢનું નામ ઉજ્જવલ કર્યું છે.

શ્રી. મણિશંકરે, ઈતિહાસ, લોકવાર્તા. ખગોળ, ભૂગોળ, આરોગ્ય, આયુર્વેદ, ભાષાશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, વેદાંત, સમાજની સમસ્યાઓ આદિ અનેક

---

1 મણિશંકર કીકાણી (જીવન ચરિત્ર) શ્રી. જ. પુ. જોશીપુરા.

2 શ્રી. લાધાભાઈ મણિશંકર કીકાણીના પિતામહ.

વિષયો ઉપર, તત્ત્વપ્રકાશ, બુદ્ધિ પ્રકાશ, કાઠિયાવાડ સમાચાર, અમદાવાદ સમાચાર, ચાબૂક, સમશેર બહાદુર, ખેડા સમાચાર, રાસ્તગુફતાર વગેરે સામાયિકો અને વર્તમાન પત્રોમાં વિદ્વતાપૂર્ણ અનેક લેખો લખ્યા. તેની વિદ્વતા જોઈ કવિ દલપતરામે લખ્યું છે કે,

વેદ તણા બહુ ભેદ વિચક્ષણ શુદ્ધ ચિત્તે ચતુરાઈ
ભાંગી શકે ભવ ભેદ ભયંકર શંકર કે મણિશંકરભાઈ

તેમણે તારીખે સોરઠના ફારસી ગ્રંથનું ગુજરાતી ભાષાંતર પણ કર્યું હતું, પણ કમભાગ્યે તે પ્રત ક્યાંય મળતી નથી.

આ બહુશ્રુત અને પ્રકાંડ વિદ્વાન અને રાજપુરુષનો તા. ૧૦મી નવેમ્બર ૧૮૮૪ના રોજ દેહ વિલય થયો.

શ્રી. મણિશંકરના મંડલના વેદમૂર્તિ શ્રી ગોરાભાઈ રામજીએ સ્કંદ-પુરાણના નગરખંડ અને પ્રભાસખંડનો ગુજરાતી અનુવાદ કર્યો અને બીજાં પુસ્તકો અને લેખો લખ્યા. શ્રી ત્રિકમરાય ઉદયશંકર માંકડે[1] ઈ. સ. ૧૮૮૧માં 'ન્યાત પ્રકાશ' અને શ્રી મથુરદાસ અમૃતલાલ વસાવડાએ[2] 'વેદાર્થ પ્રકાશ' નામનાં માસિકો શરૂ કર્યાં અને તેમાં જૂનાગઢના નવોદિત લેખકોના લેખો પ્રગટ કરી સાહિત્ય પ્રવૃતિને વેગ આપ્યો. ઈ. સ. ૧૮૮૯માં વિજ્ઞાનનો પરિચય આપતાં 'મધમાખ' તથા 'જ્ઞાન દીપક' નામનાં માસિકો પણ પ્રકાશિત થયાં[3]

## શ્રી ભગવાનલાલ ઈંદ્રજી

જૂનાગઢના ગૌરવ જેવા આ મહાપુરુષનો જન્મ, જૂનાગઢમાં પ્રશ્નોરા નાગર જ્ઞાતિમાં તા. ૭–૧૧–૧૮૩૯ના રોજ થયો હતો. એ કાલે જે અજ્ઞાત કે અલ્પજ્ઞાત હતી તેવી પુરાતત્ત્વ વિદ્યામાં તેમણે રૂચિ કેળવી કોઇપણ પ્રકારની તાલીમ કે શિક્ષણ વગર આપમેળે અશોકના લેખના રબીંગો લીધાં અને તે વાંચવા પ્રયાસ કર્યો જૂનાગઢ એક કાળે ગિરિનગર કહેવાનું અને તેની સમીપે સુદર્શન નામનું તળાવ હતું તેની તેણે જગતને પ્રથમ જાણ કરી. જૂનાગઢ રાજ્યે તેને માસિક ૩૦૦નો પગાર આપ્યો તથા પ્રસિદ્ધ વિદ્વાન અને પુરાવિદ્ ડો. ભાઉ દાજીની

---

1 સ્વ. રા. બ. શિવદત્તરાય માંકડના પિતાશ્રી.

2 સ્વ શ્રી કનકરાય મહાસુખરાય તથા ડૉ. અશ્વિનભાઇ વસાવડાના પિતામહ

3 આ માસિકોના તંત્રીઓના નામો મળ્યાં નથી.

ભલામણથી તેમને ભારતના જુદા જુદા સ્થળો જોવા સંશોધન અર્થે મોકલવામાં આવ્યા.[1]

ઈ. સ. ૧૮૭૭માં તેઓ રોયલ એશિયાટિક સોસાયટીના માનદ સભ્ય તરીકે ચૂંટાયા. ઈ. સ. ૧૮૮૬માં મુંબઈ યુનિવર્સિટીના ફેલો થયા. ઈ. સ. ૧૮૮૩માં નેધરલેન્ડઝની રોયલ ઈન્સ્ટીટયુટે શબ્દશાસ્ત્ર, ભૂગોળવિદ્યા તથા માનવશરીરશાસ્ત્ર વિભાગના માનદ સભ્ય (ફોરેન મેમ્બર) બનાવ્યા. ઈ. સ. ૧૮૮૪માં તેમને જર્મનીની લીડન યુનિવર્સિટીએ પી એચ. ડી. ની માનદ પદવી આપી.

આ મહાન વિદ્વાનનો ઈ. સ. ૧૮૮૪ના માર્ચની ૧૮મી તારીખે દેહાન્ત થયો.

## અન્ય પંડિતો

ભગવાનલાલના ભાઈઓ રઘુનાથજી ઈંદ્રજી ઉર્ફે કતા ભટ અને કરૂણાશંકર ઈંદ્રજી પણ પ્રખર વિદ્વાન હતા. તેમણે જર્મન વિદ્વાન ડૉ. બુલ્હરને વેદોના જટિલ શબ્દ પ્રયોગોના અર્થો સમજાવેલા.

રઘુનાથજીએ આયુર્વેદનો 'નિઘંટુ સંગ્રહ' નામનો ગ્રંથ લખી અમર નામના મેળવી છે. તેઓ સંસ્કૃત અને ગુજરાતીમાં શીઘ્ર કવિતા રચતા.

આ સમયમાં કાશીનાથ કમલાકર જોશી પણ જૂનાગઢમાં એક બહુ માન્ય જ્યોતિષી થઈ ગયા. તેમનો જન્મ ઈ. સ. ૧૮૩૬માં પ્રશ્નોરા જ્ઞાતિમાં થયો હતો અને ઈ. સ. ૧૯૦૬માં તે સ્વર્ગવાસી થયા. તેમના પુત્ર હરિદત્ત પણ પિતા જેવાજ પ્રકાંડ પંડિત અને જ્યોતિષવિદ્ હતા. ઈ. સ. ૧૯૦૫માં લોકમાન્ય બાલગંગાધર તિલકે મુંબઈમાં બોલાવેલી જ્યોતિષશાસ્ત્રીઓની પંચાગ શંશોધન સભાની પરિષદમાં તેણે તા. ૨–૧–૧૯૦૫ના રોજ સ્ટાન્ડર્ડ ટાઇમ કયાં હોઈ શકે તે પ્રશ્ને તેનાં વકતવ્યથી સર્વે વિદ્વાનોને પ્રભાવિત કરેલા અને

---

1 તેમણે ભારતના જુદા જુદા નગરોમાંથી તેના પ્રવાસનાં વર્ણનો તથા અવલોકનોના નિવેદનો નવાબને મોકલ્યાં છે. 'સૌરાષ્ટ્ર દર્પણ'—જુલાઇ ૧૮૭૨ થી જાન્યુઆરી ૧૮૭૪ સુધીના અંકો.

તા. ૨૬–૨–૧૮૮૯ના ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં જે. એમ. કેમ્પબેલે લખ્યું કે વસઇ પાસે સોપારામાં તેણે તથા ભગવાનલાલે સફળ ઉત્પનત કરેલું ત્યારે તેણે ગિરનાર પાસે એક ટીંબો જોયો હતો તે વાત કરેલી તે ગુજરી ગયા પછી ત્યાં ઉત્પન્ન કરતાં ઘણુંમળ્યું.

અંતે તેમનો જ અભિપ્રાય સર્વસ્વીકૃત થયો હતો.[1]

## આચાર્ય વલ્લભજી હરિદત્ત

આચાર્ય વલ્લભજી હરિદત્તનો જન્મ ઈ. સ. ૧૮૯૬માં જૂનાગઢમાં થયો હતો. તે સંસ્કૃત સાહિત્યના પ્રખર વિદ્વાન, ઈતિહાસકાર અને પુરાતત્ત્વવિદ્ હતા. તેઓએ અનેક શિલાલેખો, મૂર્તિઓ, તામ્રપત્રો વગેરે શોધી કાઢી આ પ્રદેશના ઇતિહાસ ઉપર પુષ્કળ પ્રકાશ પાડયો છે ઈતિહાસનું સંશોધન કરતા વિદ્વાનો માટે તેણે પાડેલી કેડી ઉપર ચાલી અનેક વિદ્વાનો આગળ વધ્યા છે. કીર્તિ કૌમુદી, નિઘંટુકોષ, પ્રબોધ ચંદ્રોદય, રામાયણનો સમશ્લોકી અનુવાદ અને સંસ્કૃત સાહિત્યના અન્ય ગ્રંથોમાં તેણે વિદ્વતાપૂર્ણ ભાષાંતરો કર્યા છે.[2] વર્તમાન જૂનાગઢ મ્યુઝિયમની સ્થાપનાનો યશ પણ તેને ફાળે જાય છે. શ્રી વલ્લભજી ઈ. સ. ૧૮૮૮માં રાજકોટ જ્યુબિલી મ્યુઝિયમના અને ઈ. સ. ૧૮૯૨માં વોટસન મ્યુઝિયમના ક્યુરેકટર હતા. તેમનો દેહાંત તા. ૭–૧–૧૯૧૧ના રોજ થયો.

તેમના પુત્ર સ્વ. ગિરજાશંકર આચાર્ય મુંબઈના પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમના ક્યુરેટર હતા. તેમણે ગુજરાતના શિલાલેખો, ભાષાંતર અને ટિકા સાથે પ્રસિદ્ધ કરી ઈતિહાસજ્ઞ વિદ્વાનો ઉપર ઉપકાર કર્યો છે.

## ભગવાનલાલ સંપત્તરામ છત્રપતિ

શ્રી ભગવાનલાલ સંપત્તરામ છત્રપતિ, જૂનાગઢના બ્રહ્મક્ષત્રીય જ્ઞાતિમાં જન્મ્યા હતા. તેમણે સૌરાષ્ટ્ર દેશનો ઈતિહાસ લખ્યો તથા વોકર રિપોર્ટનું ભાષાંતર કર્યું. તેણે તથા શ્રી કૃપાશંકર ઉમિયાશંકર વસાવડાએ ઈતિહાસના ક્ષેત્રમાં પુષ્કળ સંશોધન અને સંકલન કરી જૂનાગઢને અગ્રત્યનું સ્થાન અપાવ્યું છે.

## શ્રી રૂપશંકર ઉદયશંકર ઓઝા

જૂનાગઢમાં બાલુભાઈના નામથી જાણીતા શ્રી રૂપશંકર ઉદયશંકર ઓઝા, જૂનાગઢ પ્રિન્ટીંગ પ્રેસમાં માત્ર સોળ વર્ષની કુમળી વયે નોકરી અર્થે આવ્યા. થોડી કેળવણી લીધી હોવા છતાં બુદ્ધિ અને પ્રતિભા, શ્રમ અને વાચનથી આ

---

1 માહિતી. શ્રી શંભુપ્રસાદ હરિદત જોશી.

2 વલ્લભજી આચાર્યે લખેલા અનેક લેખો ઉપરાંત ૨૪ જેટલી મૌલિક કૃતિઓ કે ભાષાંતરો ગદ્ય તેમજ પદ્યમાં લખ્યાં છે. સાચીપ્ય. એપ્રિલ–જૂન ૧૯૮૫ શ્રી જયેન્દ્ર નાણાવટી.

યુવાને જોતજોતામાં જૂનાગઢના સાંસ્કૃતિ ક્ષેત્રમાં અગ્રસ્થાન પ્રાપ્ત કર્યું. તેણે ઈ સ. ૧૮૮૬માં જૂનાગઢમાં અવેતન કલાકારોને એકત્ર કરી, સ્વરચિત રાણકદેવી–રા'ખેંગારનું નાટક, વડીલોના વાંધા અને વિરોધ વચ્ચે ભજવ્યું. શ્રીરંગધર મૂળશંકર માંકડ નામના કવિ મિત્રના સહયોગ અને સહકારથી તેમજ શ્રી ગિરધરલાલ માધવલાલ ધોળકિયા જેવા પ્રખર રાજપુરુષના ઉત્તેજનથી તેણે જૂનાગઢમાં સાહિત્ય પ્રવૃત્તિ વિકસાવી. નવાબ મહાબતખાનજી ગુજરી ગયા ત્યારે મહાબત વિરહનું દીર્ઘ કાવ્ય લખ્યું. થોડાં વર્ષો પછી તેઓ કવિ કલાપીના કવિ દરબારમાં સ્થાન પામ્યા અને સંચિત ઉપનામથી કાવ્યો લખતા થયા. તે પછી તે બગસરા, પોરબંદર વગેરે તાલુકાઓ અને રાજ્યોમાં સલાહકાર પદે રહ્યા અને માત્ર હૈયા ઉકલતથી યાંત્રિક કૃષિ પધ્ધતિનું જ્ઞાન સાધ્ય કરી બોરિંગ નિષ્ણાંત થયા. ઉત્તરાવસ્થામાં તે મોરબી મહારાજા લખધીરજી પાસે રહેતા અને ઈ. સ. ૧૯૩૨માં ગુજરી ગયા.

## પંડિત ગટ્ટુલાલ[1]

મૂળ વારાણસીના વાસી પરંતુ જૂનાગઢ આવી વસેલા એક તેલંગી બ્રાહ્મણને ત્યાં વિ. સ. ૧૯૦૧ના પોષ વદી ૧૨ ના રોજ આ વિભૂતિનો જન્મ થયો. તેમનું મૂળ નામ ગોવર્ધન હતું. બાલ્યવયમાં અદ્દભુત પ્રતિભા બતાવી માતાપિતા અને શિક્ષકોને આશ્ચર્યચકિત કરનાર આ બાળકની આંખો શીતળાના રોગમાં નવ વર્ષની વયે સદાને માટે ચાલી ગઈ, પણ પ્રજ્ઞાચક્ષુ પંડિત ગટ્ટુલાલે માત્ર ચૌદ વર્ષની વયે, યમુનાલહરી, રૂકમણી ચંપૂ, ચિંતામણિ, મારૂત શક્તિ વગેરે ગ્રંથો લખ્યા અને લક્ષમણગિરિના પ્રશ્નોનું સત્સિધ્ધાંત માર્તંડ નામે ખંડન લખ્યું. તેમને જોધપુર મહારાજાની કચેરીમાં કંસવધનું શીઘ્ર સંસ્કૃત કાવ્ય રચતાં, શીઘ્રકવિની ઉપાધિ મળી. તેઓએ સંસ્કૃત, હિન્દી અને ગુજરાતી કાવ્યો લખ્યાં છે તેનો સંગ્રહ 'સુભાષિત લહરી' નામથી જાણીતો છે. તેઓ સંગીતકાર, વક્તા, શતાવધાની અને ગણિતશાસ્ત્રી હતા. તેઓ પુષ્ટિમાર્ગીય હતા અને બહુધા મુંબઈમાં રહેતા. તેમને ભારત ધર્મ મહામંડલે ભારત માર્તંડની પદવી આપી બહુમાન કરેલું. તેમનું વિ. સ. ૧૯૫૪ ના માર્ગશીર્ષ શુકલ અષ્ટમીના રોજ અવસાન થયું.

## શ્રી અનંતપ્રસાદ વૈષ્ણવ

પરબત મહેતાના વંશમાં, વૈષ્ણવ કુળમાં શ્રી અનંતપ્રસાદ ત્રિકમરાય

---

1 સદ્દપદેશ માર્તંડ-વિદ્યા વિલાસ પરિષદ્-જૂનાગઢ. ના આધારે.

વૈષ્ણવનો જન્મ જૂનાગઢમાં ઈ. સ. ૧૮૬૧ માં થયો હતો. તેના પિતામહ કહાનજી બક્ષીના નામે ઓળખાતા. એ સમયમાં તેમણે મેટ્રિક સુધી અભ્યાસ કર્યો હતો. ઈ સ. ૧૮૭૯ માં તેમણે તેની પ્રથમ કૃતિ 'હિમ્મત વિજય' નાટક રચી. ત પછી. 'જોરાવર વિનોદ,' નાટક લખ્યું. 'યાત્રા વિલાસ' નામનું પ્રવાસ વર્ણનનું પુસ્તક અને 'રાણકદેવી,' 'ત્રિદંપતી,' 'વિદ્યાલક્ષ્મી' નામની નવલકથાઓ લખી. પરંતુ સર્વથી શ્રેષ્ટ કૃતિ તેમનું પદ્ય મહાભારત છે, જેમાં તેની કવિત્વ શક્તિનો પરિચય થાય છે. શ્રી અનંતપ્રસાદ, રામાનુજ સંપ્રદાયના અનુયાયી હતા અને દક્ષિણ ભારતમાં વારંવાર જતા. તેઓ રાધનપુર સ્ટેટમાં રેવન્યુ કમિશ્નર હતા. નિવૃત્ત થઇ તેમણે ધર્મ પ્રચારનું કાર્ય સ્વેચ્છાએ સ્વીકાર્યું હતું. તે પ્રવાસ અંતર્ગત ઈ. સ. ૧૯૧૭માં તેમનું અવસાન થયું.

## મનોહર સ્વામી

ઈ. સ. ૧૮૩૮માં ભાવનગરમાં સન્યસ્ત દીક્ષા લઈ ત્યાં જ વસી જનાર મનોહર સચ્ચિદાનંદ સ્વામી, જૂનાગઢના નાગર ગૃહસ્થ હતા. તેના મામા વસાવડના પ્રસિદ્ધ કવિ કાલીદાસે ધ્રુવાખ્યાન આદિ આખ્યાનો લખ્યાં તેની મનોહર ઉપર છાપ હતી. એમનો જન્મ ઈ. સ. ૧૭૮૮માં થયો હતો અને સંસ્કૃત, વ્રજ અને ગુજરાતી ભાષા ઉપરનું તેનું પ્રભુત્વ જોઈ ભાવનગરના દીવાન ગૌરીશંકર ઓઝાએ તેમને ભાવનગર બોલાવેલા અને તેણે ત્યાં રહી 'મનોહર' અને 'સચ્ચિદાનંદ' નામથી સુંદર પદો રચ્યાં છે.

## આદિત્યરામ વ્યાસ

ઈ. સ. ૧૮૫૧ થી જામનગરમાં વસવાટ કરી ગોસ્વામી વ્રજરત્નલાલજી કે વ્રજનાથજી મહારાજની હવેલીમાં રહેતા પ્રસિદ્ધ સંગીતાચાર્ય આદિત્યરામ વ્યાસ જૂનાગઢના પ્રશ્નોરા નાગર જ્ઞાતિમાં જન્મેલા તેમના સંગીત ઉપરના અદ્દભુત સ્વામીત્વથી તે તત્કાલિન સંગીત શાસ્ત્રીઓનાં શિરમોડ ગણાયા હતા. તેમના પિતા વૈકુંઠરામ શાસ્ત્રી પ્રખર વિદ્વાન હતા. તેણે આદિત્યરામને શાસ્ત્રો અને પુરાણો શિખવેલાં અને નવાબના દરબારી ગાયક, ઉસ્તાદ નન્નુખાન પાસે તેમણે સંગીતનું જ્ઞાન મેળવેલું. તેમને નવાબની કચેરીમાં પણ અગ્રસ્થાન મળેલું પરંતુ જામનગરની હવેલીના મહારાજશ્રી યાત્રામાં મળી જતાં તેના આગ્રહથી તેઓ જામનગર ગયા. વિ. સ. ૧૯૩૭ ના મહા સુદ ૧૪ ના રોજ તેમનો દેહાન્ત થયો.

## સુધારકો

પ્રખર વિદ્વાન અને વેદોધ્ધારક મહર્ષિ સ્વામી દયાનંદ સરસ્વતીનો સદ્-

ઉપદેશ વિચારી તથા કવિ નર્મદાશંકર લાલશંકર અને કરસનદાસ મૂળજી જેવા સુધારકોનાં વ્યાખ્યાનો વાંચી આ સમયે જૂનાગઢમાં એક સુધારક મંડળ અસ્તિત્વમાં આવેલું. આ મંડળમાં સર્વશ્રી પ્રતાપરાય વસંતરાય સૌરાષ્ટ્રકર, રૂદ્રજી સુંદરજી રાણા, મથુરાદાસ અમૃતલાલ વસાવડા[1], અંબારામ સુંદરજી છાયા, ત્ર્યંબકરાય મજમુદાર, બાપુભાઈ મજમુદાર, દામોદરદાસ હીરજી જગડ, ગિરનારા બ્રાહ્મણ અંબાશંકર વલ્લભજી, પ્રભાસપાટણના હરપ્રસાદ ઉદયશંકર દેશાઈ વગેરે યુવાનો હતા. શ્રી પ્રતાપરાયે, દેશભક્તિના અને ધાર્મિક અંધશ્રધ્ધા વિરૂદ્ધનાં કાવ્યો અને નાટકો રચ્યાં. શ્રી મથુરાદાસ અમૃતલાલ વસાવડાએ વેદધર્મનાં મૂળ તત્વો અને સિદ્ધાંતોનો બોધ તેના માસિક વેદ ધર્મ પ્રકાશ દ્વારા આપ્યો. હરપ્રસાદ ઉદયશંકર દેશાઈએ પ્રભાસપાટણમાં પ્રભાસ આર્યોત્કર્ષક સભા સ્થાપેલી. તેઓ વારંવાર જૂનાગઢ આવી, વેદધર્મ અને પૌરાણિક ધર્મ ઉપર ભાષણો આપતા. શ્રી રૂદ્રજી સુંદરજી રાણાએ તે સમયે જ્ઞાતિમાં અને સમાજમાં પ્રવેશેલી કુરૂઢીઓ અને કુરિવાજો સામે, લેખો, સંવાદો, નાટકો અને વાર્તાઓ લખી વડીલોનો વિરોધ વહોરી લઈને પણ તેણે જનતાને સાચી દોરવણી આપી.

આ ઉપરાંત જૂનાગઢના વેદમૂર્તિ વોરા જટાશંકર હરજીવન, પાઠક ગોરાભાઈ રામજી, ભાનુશંકર રણછોડજી (ઉત્તરકાળમાં સ્વામી ભાસ્કરાનંદજી,) છોટાલાલ જાદવરાય મજમુદાર વગેરે સંસ્કૃતના પ્રકાંડ પંડિતો તથા જીવાભાઈ કીકાણી, આણંદલાલ વૃજદાસ વસાવડા, નભુભાઈ દયાળજી, જયાશંકર જટાશંકર જીકાર વગેરે કવિઓ અને લેખકો આ સુવર્ણયુગની નાંમાંકિત વ્યક્તિઓ તરીકે ઉલ્લેખનીય છે.[1]

## ડોકટરો

જૂનાગઢ રાજ્યના વૈદકીય ખાતાના મુખ્ય પદે વર્ષો સુધી રહેલા ડો. ત્રિભોવનદાસ મોતીચંદ શાહે તેમની ફરજ બજાવવા ઉપરાંત તે કાળે પ્રવર્તતી કેટલીક રૂઢિઓ અને માન્યતાઓ સામે આરોગ્યશાસ્ત્રની દૃષ્ટિએ લેખો અને પુસ્તકો લખી તે સમયમાં જે વિચારો હજી જનમ્યા ન હતા તેનું પ્રજાને જ્ઞાન

---

1 આ સમયના કવિઓ લેખકો વગેરેની નામાવલિ બહુ મોટી થાય છે. તે સર્વના જીવન કે કવનની નોંધ વિસ્તાર ભયે લેવાનું શક્ય નથી. તે જૂનાગઢના સાંસ્કૃતિક ઈતિહાસનો વિષય છે અને તે જ્યારે લખાશે ત્યારે સર્વેની નોંધ લેવામાં આવશે, તેમ છતાં કોઈ ઉલ્લેખનીય વ્યક્તિનો નિર્દેશ કરવાનું રહી જતું હોય તો સંબંધકર્તા વાચક મને સૂચન કરવા કૃપા કરે અને તે ક્ષતિ માટે માફ કરે. લેખક.

આપ્યું. ડૉ. ત્રિભોવનદાસ શાહે પ્લાસ્ટીક સર્જરીની શોધ કરી જગતભરમાં નામના પ્રાપ્ત કરી.

ડૉક્ટર નરોતમદાસ ઈંદ્રજી વૈશ્નવ કે જે ગનુભાઈના લોકપ્રિય નામે પ્રખ્યાત છે; તેમણે ઈ. સ. ૧૮૮૭માં માત્ર ૨૨ વર્ષની વયે મુંબઈની ગ્રાન્ટ મેડીકલ કોલેજમાંથી ડીગ્રી મેળવી અને જે સમયે સમુદ્રયાન કરવાનો જ્ઞાતિનો પ્રતિબંધ હતો ત્યારે ઈંગ્લાંડ જઈ ડરહામ યુનિવર્સિટીમાંથી એમ. બી. બી. એસ.ની ઉપાધિ મેળવી. જૂનાગઢ રાજ્યે જુદી ડીસ્પેન્સરીની સ્થાપના કરી તેમને ત્યાં નિયુક્ત કર્યા. આજ પણ ઉપરકોટ ડીસ્પેન્સરી ગનુભાઈના દવાખાના તરીકે ઓળખાય છે. એ સમયે સૌરાષ્ટ્રમાં લેબોરેટરી ન હતી ત્યારે રાજ્યના પ્રોત્સાહનથી તેઓ ઈ. સ. ૧૮૯૭માં મુંબઈ તથા આગ્રા ગયા અને ત્યાં તાલીમ લઈ જૂનાગઢમાં પ્રથમ કેમીકલ લેબોરેટરી સ્થાપી ઇ. સ. ૧૮૯૮માં કુતિયાણામાં પ્લેગ ફાટી નીકળ્યો ત્યારે તેમણે રસી બનાવી, ક્વોરનટાઈનની પ્રથા પ્રથમ વાર અપનાવી પ્લેગને નાબૂદ કર્યો. કમભાગ્યે તે ઈ. સ. ૧૯૦૦માં માત્ર ૩૫ વર્ષની વયે પરલોકવાસી થયા.[1]

## કુદરતી આફતો

તા. ૨૨–૬–૧૮૮૪ના રોજ જૂનાગઢ અને ગિરનાર ઉપર અતિ ભારે વૃષ્ટિ થઈ. વીજળી અને કડાકા ધડાકાએ માઝા મૂકી. ગિરનાર ઉપરના અંબાજીના મંદિર ઉપર તથા માંડવી ચોકમાં મસીદના મિનારા ઉપર વીજળી પડી. માંડવી ચોકમાં ચાર વ્યક્તિઓનાં મૃત્યુ થયાં અને કાળવાના ચોકમાં છાતીપુર પાણી ચાલ્યું. એક રાતમાં ૧૩ ઈંચ પાણી પડતાં ઘણી ખરાબી થઈ.[2]

## સ્વામી વિવેકાનંદ-એની બીસાન્ટ

દીવાન હરિદાસ વિહારીદાસ, ફરાસખાનામાં રહેતા ત્યારે જગત્ પ્રસિદ્ધ સ્વામી વિવેકાનંદ ઈ. સ. ૧૮૯૨માં જૂનાગઢ આવેલા[3] અને તેમને ત્યાં ઉતરેલા પ્રસિદ્ધ દેશભક્ત આંગ્લ મહિલા મિસીસ એની બીસાન્ટ પણ જૂનાગઢ આવેલાં.

---

1 ડૉ. નરોતમદાસ વૈશ્નવનું જીવનચરિત્ર. શ્રી કીર્તિકુમાર વૈશ્નવ.

2 સૌરાષ્ટ્ર દર્પણ-જુલાઈ ૧૮૮૪.

3 એમ કહેવાય છે કે તે પ્રથમ કાળવાને કાંઠે પ્રકાશપુરીમાં ઉતરેલા, ત્યાંથી દીવાન હરિદાસ તેમને પોતાને ત્યાં લઇ ગયેલા.

વિવેકાનંદજીની પ્રતિમાની પ્રતિષ્ઠા દાતાર રોડ ઉપર તા. ૧૫–૮–૧૯૭૫ના રોજ થઈ

## વજીર બહાઉદ્દીનભાઇ

વજીર શેખ બહાઉદ્દીનભાઇએ રાજીનામું આપ્યું, પરંતુ નવાબ બહાદુર-ખાને તારીખ ૨૮-૫-૧૮૯૧ના ફરમાનથી તે નામંજૂર કર્યું.

## નવાબ બહાદરખાન

નવાબ બહાદરખાને, અંગ્રેજીનો અભ્યાસ કર્યો હતો. તેઓ અંગ્રેજી બોલી શકતા અને પાશ્ચાત્ય સંસ્કૃતિની તેના ઉપર અસર હતી. તેની રહેણીકરણી પૌર્વાત્ય પદ્ધતિની હતી.

તેમનાં લગ્નો તેમના પિતાની હયાતીમાં થયેલાં. પ્રથમ લગ્ન બાટવાના બાબી શેરબુલંદખાનનાં પુત્રી ઉમરાવબખ્તે સાથે ઈ. સ. ૧૮૭૩માં અને બીજાં લગ્ન રાણપુરના બાબી જવામર્દખાનની પુત્રી અમીરબખ્તે સાથે તે જ વર્ષમાં થયેલાં. ઈ. સ. ૧૮૭૫માં તેમનાં ત્રીજાં લગ્ન વાડાસિનોરના બાબી મનવર-ખાનની પુત્રી લાલબખ્તે સાથે અને ચોથાં લગ્ન ધ્રાંગધ્રાના ગામ માલવણના પુંજાજી ઝાલાની પુત્રી રૂપાળીબાઈ સાથે તથા પાંચમા લગ્ન ઈ. સ. ૧૮૯૧માં ધોળકાના કસબાતી હયાતખાનનાં પુત્રી સરદારબખ્તે સાથે થયેલાં. તેમાંથી કોઈને કાંઈ સંતતિ હતી નહિ.

નવાબ બહાદરખાનને શાહપુરમાં રહેવાનું બહુ પસંદ હતું, તેથી તેણે ત્યાં બહાદરબાગ તથા બંગલો બનાવ્યો અને રેલવે લાઈન પણ વંથળી પાસેથી ન લઈ જતાં શાહપુર પાસેથી લઈ ગયા. તેઓ સ્વભાવે રંગીલા અને મોજી હતા.

બ્રિટિશ સરકારે તેમને ઇ. સ. ૧૮૯૦માં જી. સી. આઇ. ઈ. નો ખિતાબ આપ્યો.

## નવાબ બહાદરખાનનું મૃત્યુ

તેઓ ઈ. સ. ૧૮૯૨ના જાન્યુઆરીની ૨૧મી તારીખે અપુત્ર ગુજરી ગયા.

## ગાદીના વારસો

નવાબ બહાદરખાન અપુત્ર ગુજરી જતાં ગાદી કોને મળે તે પ્રશ્ન ઉપસ્થિત થયો. તેનાથી નાના ભાઈ રસુલખાન હતા અને તેનાથી નાના એદલખાન હતા.

મર્હૂમ નવાબ મહાબતખાનનાં પ્રથમ બેગમના પુત્ર અહમદખાનનો દાવો મહાબતખાનની હયાતીમાં જ નામંજૂર થયો હતો. બહાદરખાનજી ગાદીએ આવ્યા ત્યારે પણ તેણે તેનો દાવો આગળ કરતાં ફરીવાર તે રદ કરવામાં આવ્યો

હતો તેણે ફરીથી નવાબ બહાદરખાનના મરણ વખતે દાવો આગળ ધર્યો પણ આ પ્રસંગે પણ બ્રિટિશ સત્તાએ તે સ્વીકાર્યો નહિ.

મહાબતખાનનાં છોટીબુ નામનાં એક બેગમ હતાં. તેના કુંવર એદલખાન, રાજકોટની રાજકુમાર કોલેજમાં ભણ્યા હતા અને નવાબ મહાબતખાન અને બહાદરખાન સાથે કેમ જાણે તે તેના અનુગામી થવાના હોય તેમ દરબારે અને એજન્સીની કચેરીઓમાં જતા અંગ્રેજ અધિકારીઓ સાથે તેને ઘાટો સંબંધ હતો અને તેથી જ્યારે બહાદરખાનજી અપુત્ર ગુજરી ગયા ત્યારે તેના વારસ તરીકે આગળ આવ્યા અને સત્તાધીશ અંગ્રેજ અમલદારોએ તેને જૂનાગઢના નવાબ તરીકે સ્વીકારવાનો નિર્ણય લીધો.

મર્હૂમ નવાબનાં નુરબુ નામનાં એક બીજાં પત્ની હતાં. રસુલખાન તેના પુત્ર હતા. તે સંસારી હોવા છતાં વિરક્ત જેવા હતા. તેનો સમગ્ર સમય સંતો, ફકીરો અને સાધુઓના સત્સંગમાં જતો. તેઓ બહુધા જમાલવાડી નામના સ્થાનમાં પીરની દરગાહ છે ત્યાં રહેતા અને તેમને જે જીવાઇ મળતી તેનો ખેરાતમાં વ્યય કરી નાખતા. તેમનો અભ્યાસ પણ નહિવત્ હતો છતાં તેની સાદાઈ, ગૃહસ્થાઈ, અમીરાત અને સખી સ્વભાવથી તે અતિશય લોકપ્રિય અને આદરણીય રાજકુંવર હતા. તેમનો જન્મ તા ૩૦–૭–૧૮૫૮ના રોજ થયો હતો.

એદલખાનનો જન્મ તા. ૨૪–૧૧–૧૮૬૫ના રોજ થયો હતો. તેથી રસુલખાન વયમાં તેનાથી મોટા હતા છતાં રાજગાદી એદલખાનને મળે તે જૂનાગઢના મુત્સદ્દીઓ, ભાયાતો અને અગ્રેસરોને યોગ્ય લાગ્યું નહિ, તેથી વજીર શેખ બહાઉદ્દીનભાઈ, નાયબ દીવાન પુરુષોતમરાય સુંદરજી ઝાલા અને અન્ય અમીરોએ, રસુલખાનજી જયેષ્ઠ છે અને તેને એક પુત્ર છે તેમ કહી તેને ગાદીનશિન કરવાનો નિર્ણય લીધો અને તેને અમલી પણ બનાવ્યો.

આ કૃત્યથી જૂનાગઢમાં ગાદી વારસના પ્રશ્ને મોટો વિવાદ ઉપસ્થિત થયો, પક્ષો બંધાયા અને એજન્સી અધિકારીઓને આ પ્રશ્નના ઉકેલ માટે મોટી મૂંઝવણ થઈ.

તાત્કાલિન પોલિટિકલ એજન્ટ સર ચાર્લ્સ ઓલીવન્ટને એજન્સીની સ્પષ્ટ સમ્મતિ વગર રસુલખાનને ગાદીએ બેસાડી દેવાનું કૃત્ય અયોગ્ય જણાયું તેથી તેણે દીવાન હરિદાસ વિહારીદાસને રાજકુટુંબની અને રાજની તમામ મિલકતો જપ્તીમાં લઈ રાજયનો વહીવટ એજન્સી વતી ચલાવવા આજ્ઞા આપી સર ચાર્લ્સ ઓલીવન્ટે એવો મુદ્દો ઉપસ્થિત કર્યો કે રસુલખાન રાજપુત્ર

નથી, નિરક્ષર છે અને ફકીર થઇ ગયા છે માટે તે રાજકર્તા થવા યોગ્ય નથી. તેણે મુંબઈ સરકારમાં નિવેદન કરતાં તેના જવાબમાં જૂનાગઢના અધિકારીઓએ, રાજ જ્યોતિષી કાશીનાથ કમળાકર જોશીએ સ્વહસ્તે કરેલી જન્મકુંડળી રજૂ કરી તેનો રાજપુત્ર તરીકે સ્વીકાર થયો છે, એવા પુરાવાઓ રજૂ કરી લખ્યું કે તેમને અંગ્રેજીનું જ્ઞાન નથી તેનો અર્થ એ થવો ન ઘટે કે તે નિરક્ષર છે અને એક રાજપુત્ર, સાધુ સંતો કે ફકીરોના સત્સંગમાં આનંદ લેતા હોય તો તે ફકીર થઈ ગયા કહેવાય નહિ.[1]

મુંબઈ સરકારે આ પ્રશ્નનો નિર્ણય કરતાં ઠરાવ્યું કે, ઈ. સ. ૧૮૬૬માં નવાબ મહાબતખાને, તેના વારસ તરીકે, બહાદરખાનને નીમવાના પ્રશ્ને જણાવેલું કે, રસુલખાન તથા એદલખાન બન્ને અનૌરસ છે. તે પછી ઈ. સ. ૧૮૭૩-૭૪ના પોલિટિકલ રિલેશન્સ સ્ટેટમેન્ટમાં એદલખાનનો સાહેબઝાદા અને રસુલખાનનો બાબાત તરીકે ઉલ્લેખ છે, પરંતુ ઇ. સ. ૧૮૭૫-૭૬ના સ્ટેટમેન્ટમાં બન્નેને સાહેબઝાદા તરીકે વર્ણવ્યા છે. રસુલખાન વયમાં મોટા છે અને જૂનાગઢના લોકો તેને ઈચ્છે છે. તેમજ કેળવણી સિવાય બીજું કોઈ તત્ત્વ તેની વિરૂદ્ધમાં નથી, તેથી તેને ગાદી આપવામાં કાંઈ અયુક્ત નથી.[2] અનૌરસપણાનો પ્રશ્ન ચર્ચાયોગ્ય નહિ અને બન્ને દાવેદારો એક જ કક્ષાના હોવાથી, રસુલખાન વયમાં મોટા હતા તે લાયકાત ઉપર તેમનો નવાબ તરીકે સ્વીકાર કરવામાં આવ્યો.

## નવાબ રસુલખાન

ઇ. સ. ૧૮૯૨ના જૂન માસની ૨૦મી તારીખે, પાંચ માસ સુધી અનિશ્ચિત પરિસ્થિતિ રહ્યા પછી, નવાબ રસુલખાનને ગાદીનશિન કરવામાં આવ્યા. સર ચાર્લ્સ. ઈ. ઓલીવન્ટે દરબાર ભરી તેને સાર્વભૌમ સત્તાનો ખરીતો આપ્યો. તે સમયે તેના હજુર સેક્રેટરી તરીકે શ્રી. છોટાલાલ મથુરાદાસ બક્ષીની નિમણુક કરવામાં આવી

### પ્રવાસ

એજન્સીની સૂચનાથી નવાબ રસુલખાન, કેપ્ટન હાઇડ કેઈટસ, નાયબ

1 શ્રી મંત્રીશ્વર રાયજી સાહેબ. શ્રી. જ. પુ. જોશીપુરા.

2 પોલિટિકલ પ્રેકટીસ ઈન કાઠિયાવાડ-એ. ડબલ્યુ. ટી. વેબ.

દીવાન પુરુષોતમરાય ઝાલા તથા અન્ય અમીરો અને અમલદારોને સાથે લઇ ઈ. સ. ૧૮૯૩ના જાન્યુઆરી માસની ૨૧મી તારીખે ઉત્તર ભારતના પ્રવાસે ગયા અને માર્ચ માસની ૨૩મી એ પાછા ફર્યા. તે પછી ખાનગી કારભારી, શ્રી અમરજી આણંદજી કચ્છી, હજુર સેક્રેટરી શ્રી છોટાલાલ મથુરાદાસ બક્ષી[1] ડો. નરોતમદાસ ઈંદ્રજી વૈષ્ણવ તથા કેપ્ટન હાઈડ કેઈટસ સાથે ઈ. સ. ૧૮૯૩ના એપ્રિલ માસની ૧૦મી તારીખે દક્ષિણ ભારતના પ્રવાસે ગયા અને જૂન માસની ૧૪મી તારીખે પાછા ફર્યા. તેમને યુરોપના પ્રવાસે જવા માટે આગ્રહ કરવામાં આવ્યો હતો. પણ રસુલખાને તે માટે અનિચ્છા બતાવતાં, પ્રવાસ યોજના પડતી મૂકવામાં આવી.

## સોમનાથ ઉપર હકૂમત

ઈ. સ. ૧૮૯૦માં વડોદરા રાજ્યની સરકારે એવો પ્રશ્ન ઉપસ્થિત કર્યો કે, પ્રભાસપાટણમાં આવેલા સોમનાથના મંદિર, પ્રાચીમાં આવેલા પ્રાચીકુંડ તથા અન્ય મંદિરો ઉપર ગાયકવાડ સરકારની હકૂમત છે અને તેથી વડોદરા રાજ્યના અધિકારીઓ કે પ્રજાજનો પ્રાચીકુંડમાં સ્નાનાર્થે કે યાત્રાર્થે જાય તેની પાસેથી જૂનાગઢ રાજ્ય કર માગી શકે નહિ. એટલું તો નહિ પણ તે સમયે વસતી ગણતરીનું કાર્ય ચાલતું તે કામ સોમનાથની હદમાં રહેતા ગાયકવાડના પૂજારી અને અન્ય કર્મચારીઓ, કરે અને તે મંદિરની હદ તથા અન્ય મંદિરોની હદ ગાયકવાડની ગણાય તેવો પણ દાવો કર્યો. જૂનાગઢ રાજ્ય સરકારે તે માટે બ્રિટિશ સરકારમાં વાંધો ઉપસ્થિત કરી રજૂઆત કરતાં મુંબઈ સરકારના ઠરાવ નં. ૫૭૦ તારીખ ૨૭–૧–૧૮૯૧થી વડોદરા રાજ્યનો દાવો નામંજૂર કરવામાં આવ્યો, તેથી તેણે અપીલ કરતાં સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઈન્ડિયાએ આ મંદિરો અને પવિત્ર સ્થાનો જૂનાગઢની હકૂમતમાં છે અને તેના ઉપરનો સર્વ પ્રકારનો અંકુશ જૂનાગઢ રાજ્યનો છે તેવો નિર્ણય આપ્યો.

## પ્રભાસપાટણમાં અશાંતિ

પ્રભાસપાટણનાં પવિત્ર તીર્થસ્થાનોની 'અમર્યાદ' થતી રહેતી અને વારંવાર કોમી ઉપદ્રવો થતા અને હિન્દુ પ્રજાની લાગણી દુઃખાય એવા પ્રસંગો બનતા, તેથી બ્રિટિશ સત્તાના આદેશથી તે પ્રશ્નોનો અંતિમ નિર્ણય કરવા માટે કર્નલ જે. એમ. હંટરના પ્રમુખપણા નીચે એક કમિશન નીમવામાં આવ્યું.

1 શ્રી. બાણુરાય તથા શ્રી. શ્રીનિવાસ બક્ષીના પિતામહ.

નીમવામાં આવ્યું. તેમાં મિરઝા અબ્બાસઅલી બેગ અને શ્રી રણછોડલાલ કપુરચંદ દેસાઈ સભ્યો નીમાયા. આ કમિશને તેનો રિપોર્ટ ઇ. સ. ૧૮૯૩ના મે માસની ૨ ૭ તારીખે રાજ્ય સરકારને સુપ્રત કર્યો.

રાજ્ય સરકારે, આ રિપોર્ટ થોડા ઘણા ફેરફારો સાથે સ્વીકારી કેટલાક હુકમો કર્યા છતાં ઈ. સ. ૧૮૯૪ના જુલાઈ માસની ૨૫મી તારીખે પ્રભાસ-પાટણમાં તાજીયા દફન કરવાના પ્રસંગે હુલ્લડ કરી કેટલાક મુસ્લિમોએ, સાધુઓ, બ્રાહ્મણો અને સરકારી નોકરોની હત્યા કરી અને મંદિરોને આગ આંપી.[1]

જ્યારે હુલ્લડ પરાકાષ્ટાએ પહોંચેલું ત્યારે પ્રભાસપાટણના જ વતની પોલીસ અમલદાર હરપ્રસાદ ઉદયશંકર દેસાઈ સુત્રાપાડાથી આવી પહોંચ્યા અને હુલ્લડખોરોને અંકુશમાં લઈ તેના આગેવાનોને પરહેજ કર્યા.

આ ભયંકર હત્યાકાંડના સમાચારથી સમગ્ર ભારતમાં રોષની લાગણી વ્યાપી થઈ મુંબઈની જનતાએ તે માટે મોટું આંદોલન કરી મુંબઈ સરકાર પાસે કડક પગલાં ભરવાની અને ન્યાય આપવાની માગણી કરી.

હુલ્લડખોરો ઉપર કેસ ચલાવવામાં આવ્યો ત્યારે તહોમતદારોના બચાવ માટે રાજ્ય સરકારે બેરિસ્ટર બ્રેનસનને રોકયા અને પ્રોસીકયુશન માટે બેરિસ્ટર જે. જારડાઈન, શ્રી માણેકશાહ જહાંગીર તલ્યારખાન અને ગોકુલદાસ કહાનદાસ પારેખને રોકયા.

આ સમયે સુપ્રસિદ્ધ દેશભક્ત સર ફીરોઝશાહ મહેતા જૂનાગઢ રાજ્યમાં હજુર કાઉન્સીલર હતા. તેમના પ્રમુખપણા નીચે હુલ્લડ કેસમાં અપીલ સાંભળવા ખાસ ટ્રિબ્યુનલ નીમવામાં આવી તેમાં શ્રી આર. એસ. ટિપનીસ તથા સૈયદ નુરદીન સભ્યો હતા.

આ ટ્રિબ્યુનલે સર્વાનુમતે ૯૨ તહોમતદારોમાંથી ૧૮ સખ્સોને જુદા જુદા સમયની સજાઓ કરી.[2]

---

1 આ હત્યાકાંડમાં સોમપુરા બ્રાહ્મણ ત્રવાડી વલ્લભજી રતનજી, જાની ભેરાંકર રણછોડ, સાધુઓ સુમિત્રાદાસ, બલિરામ, કૃષ્ણદાસ, ડૉ. મનોહરદાસ, તેનો કમપાઉન્ડર, પટાવાળો માલી દયાળ, વેકસીનેટર તથા તેનો પટાવાળો મરાઈ ગયા.

2 આ પ્રસંગ અને તે પછીની વિગતો માટે જુઓ "પ્રભાસ અને સોમનાથ" શં. હ. દેશાઈ.

ઈ. સ. ૧૮૯૧માં બન્ને કોમો વચ્ચે કાયમી કડવાશ દૂર થાય તેવા હેતુથી પ્રભાસપાટણના હિન્દુ અગ્રેસર આચાર્ય રણછોડ વિષ્ણુ તથા સૈયદ જનામીયાં અકબરમીયાંના પ્રયાસથી એક સમાધાન થયું. રાજ્યે આ સમાધાન, દીવાન દફતર જાવક નંબર ૧૫૪૦ તારીખ ૨૯-૪-૧૮૯૬ થી મંજૂર રાખ્યું. તે અન્વયે સજા ભોગવતા અઢારે આરોપીઓને છોડી મૂકવામાં આવ્યા અને સમાધાનને મૂર્તસ્વરૂપ આપવા માટે ઈ. સ. ૧૮૯૧ ના એપ્રિલ માસની ૩૦ મી તારીખે, વજીર બહાઉદ્દીનભાઈ, નાયબ દીવાન પુરુષોતમરાય ઝાલા. સ્પેશ્યલ દીવાન બેજનજી મેરવાનજી, ગોંડલ દીવાન શ્રી તરખડ વગેરેની ઉપસ્થિતિમાં પ્રભાસપાટણ મુકામે એક સભા ભરવામાં આવી [1] આ હત્યાકાંડ અને તે પછીના પ્રસંગોમાં જુનાગઢના પ્રતિષ્ઠિત, ધર્માનુરાગી અને સેવાભાવી વકીલ જટાશંકર જીવણજી છાયાએ, પ્રજાની અપૂર્વ સેવા કરી રાજ્ય અને પ્રજાની પ્રીતિ મેળવી.

## શ્રી લક્ષ્મીનારાયણ મંદિર

આ પ્રસંગે દેહોત્સર્ગ ઘાટ ઉપર આવેલા શ્રી લક્ષ્મીનારાયણ મંદિરને હુલ્લડખોરોએ નુકસાન કરેલું, તેથી તેનો પુનરોદ્ધાર કરવામાં આવ્યો. તેનું શિલારોપણ વજીર બહાઉદ્દીનભાઈને હાથે થયું અને રાજ્યે તે મંદિર નવેસરથી બાંધવા. દીવાન દફતર જાવક નંબર ૨૮૧૫ તારીખ ૧૪-૮-૧૮૯૭થી મંજૂરી પણ આપી. આ મંદિર બંધાઈ ગયું અને જ્યારે પ્રતિષ્ઠા ઉત્સવ ચાલતો હતો ત્યારે તારીખ ૪-૩-૧૯૦૭ના રોજ પ્રભાસપાટણના મેજીસ્ટ્રેટ શ્રી અનંતરાય નાનાલાલે તે, કામ ન કરવા મનાઈ હુકમ આપ્યો અને ઉત્સવ બંધ કરાવ્યો. આ હુકમ શા માટે કરવામાં આવ્યો છે તેનાં કારણો પણ દર્શાવવામાં ન આવ્યાં.

ઈ. સ. ૧૯૦૭થી ઈ. સ. ૧૯૪૭ સુધી અવિરત પણે હિંદુ આગેવાનો તેના માટે અરજ અહેવાલ કરતા રહ્યા પણ તેનું કાંઈ પરિણામ આવ્યું નહિ. દીવાન સર પેટ્રિક કેડલે અમુક શર્તે તે સોંપવા આજ્ઞા કરેલી પણ તેનો અમલ

---

1 આ પ્રસંગે કાયદો અને વ્યવસ્થા જાળવવા અને શાંતિ અને એખલાસ પ્રસ્થાપિત કરવા હિંદુ ન હોય કે મુસલમાન ન હોય તેવા અધિકારીને પ્રભાસમાં મૂકવા નિર્ણય લેવાયો. તે પ્રમાણે શ્રી પી. ઝેડ. વાઝ નામના ક્રિશ્ચિયન ગૃહસ્થની ત્યાં નિમણુક થઈ, પરંતુ તે થોડા જ દિવસોમાં ચાલ્યા ગયા તેથી રાજ્યે પ્રભાસપાટણના વતની શ્રી હરપ્રસાદ હૃદયશંકર દેસાઈની ત્યાં વિશેષ સત્તાઓ સાથે આસિ. પોલીસ સુપ્રિ. તરીકે નિમણુક કરી. તેણે શાંતિ અને સલામતી પુનઃ સ્થાપી બન્ને કોમો વચ્ચેના સમાધાનની ભૂમિકા તૈયાર કરી. જુઓ "પ્રભાસ અને સોમનાથ" શં. હ. દેસાઈ.

થયો નહિ. આ મંદિર હિન્દી સંઘના અજીત સૈન્યોએ જૂનાગઢનો કબ્જો લીધો તેને બીજે દિવસે એટલે તા. ૧૦મી નવેમ્બર ૧૯૪૭ના રોજ ખોલી નાખવામાં આવ્યું.

## ફકીરમહમદ મકરાણી

ઈણાજના ધીંગાણામાં માર્યા ગયેલા મકરાણી અલીમહમદની બહેન એમનાનો પુત્ર ફકીરમહમદ લશ્કરાન અસામાજિક પ્રવૃત્તિ કરતો. તેણે પ્રભાસ-પાટણનાં કુંકા ડોશી નામનાં ધનિક વૃધ્ધાના ઘરમાં ખાતર પાડતાં આસિ. સુપ્રિ. ઓફ પોલીસ શ્રી હરપ્રસાદ ઉદયશંકર દેશાઈએ પકડી જેલવાસી કરેલો. ત્યાંથી મુક્ત થતાં તેણે ઈ. સ. ૧૮૯૫ના ડીસેમ્બરમાં ચોરવાડ પાસેના કડાયા ગામના પટેલ પબાને બાન પકડી મોટી રકમ પડાવી. આ ગુનાસર પકડવા ગયેલી પોલીસ પાર્ટીને તેણે કહેવરાવ્યું કે તે બહારવટે છે.

કહેવાય છે કે ફકીરમહમદની મા એમના તથા બહેનો જીરના અને રહીમાએ તેને રાજ્ય સામે ચડવા ઉશ્કેરણી કરેલી. ફકીર મહમદની ટોળીમાં કાદુનો ભાણેજો નથુ જહાંગીર અને અલ્લાદાદ જહાંગીર[1] ભળી ગયા. કાળા મંદાસ નામનો મકરાણી, કેટલાક બલોચ અને સંધીઓ પણ જોડાયા અને મેંદરડા સામે બહારવટું ખેડતા ઝિણા મૈયાનો તેને સહકાર મળ્યો.

આ બહારવટિયા પાછળ ચિસ્તી મકબુલમીયાં, ફૈજુદીનમીયાં, હરપ્રસાદ ઉદયશંકર દેશાઈ તથા દામોદરદાસ હીરજી જગડે[2] ગીસ્તો ફેરવી તેને ચારે કોરથી ભીડાવ્યો. આ અધિકારીઓના પરિશ્રમથી તેને વિશેષ સમય ટકવાનું મુશ્કેલ બન્યું. એવામાં ગીસ્તે તા. ૫-૪-૧૮૯૬ ના રોજ ધારી પાસે કરમદડી ગામે બહારવટીઆઓને આંતરી ધીંગાણું કર્યું તેમાં ગીસ્તનો સવાર ગજસિંહ કહાન-સિંહ મરાઈ ગયો અને ગીસ્તે બહારવટિયા ટોળીના હોથી તથા ગજીને ઠાર કર્યા.

---

1 પાછળથી અલ્લાદાદ પકડાઈ જતાં સજા થઇ હતી પણ રાજ્યે માફી આપી તેની પોલીસ ખાતામાં નિમણૂક કરેલી.

2 દામોદરદાસ હીરજી જગડ જુનાગઢ રાજ્યમાં આસિ. સુપ્રિ. ઓફ પોલીસ હતા. તેમણે દીર્ઘ કાળ પર્યંત જૂનાગઢ રાજ્યમાં ઊંચા પદ ઉપર નોકરી કરી. નિવૃત્ત થયા પછી પન્ના સ્ટેટમાં પોલીસ સુપ્રિ. હતા. ત્યાં ચંબલ ખીણના ડાકુઓ સામે જેહાદ ઉપાડી ધીંગાણાંઓ કરી ડાકુઓને પારપત કરેલા.

તે પછી સમઢિયાળા ગામે ધીંગાણું થયું, તેમાં નથુ જહાંગીર મરાઈ ગયો અને ફકીરમહમદે ઝેર પીને આત્મહત્યા કરતાં તેના મૃતદેહને તેના સાથીઓ જામવાળા પાસે આંતરડી નદીમાં નાખી દઈ ભાગતા હતા ત્યાં ગીસ્ત ઓફિસર હરપ્રસાદ ઉદયશંકર દેસાઈને હાથે પકડાઈ ગયા. તેમાં કાળા મ દોરા મુખ્ય હતો. આ હરામખોરોને તેણે પ્રાચી મુકામ રાખી પડેલા નાયબ દીવાન પુરુસોત્તમરાય સુંદરજી ઝાલા પાસે રજૂ કર્યા અને તે સાથે બહારવટાંનો અંત આવ્યો.[1]

## એલીએનેશન સેટલમેન્ટ

જૂનાગઢમાં બાબીવંશની સ્થાપના થયા પૂર્વે, હિન્દુ રાજાઓ, દિલ્હીના સુલતાનો, ગુજરાતના સુલતાનો અને મુગલ પાદશાહોના સમયથી કેટલાક જાગીરદારો જુદા જુદા પ્રકારની જમીનોનો ઉપભોગ લેતા. નવાબોએ પણ ઘણા માણસોને જાગીરો આપી હતી, પરંતુ તેનું કોઈ પધ્ધતિસરનું દફતર ન હતું કે તેના વારસા હિસ્સા માટે નિયમો પણ ન હતા. તેથી સમગ્ર જાગીરદારોના હક્કો, પ્રકારો, વિસ્તાર અને ઉપજ-લેત્રી વગેરેનો કાયમ નિકાલ કરવા દીવાન હરિદાસ દેસાઈએ સેટલમેન્ટ કરવા વિચાર્યું, પરંતુ તે કાંઈ સક્રિય કાર્ય કરે તે પહેલાં તે નિવૃત્ત થયા. તેણે આ કાર્ય માટે, મિ. એ. એફ. મૅકોનેકી નામના સનંદી અમલદારની નિમણૂક કરેલી. પણ તેને તથા હરિદાસના અનુગામી દીવાન શામજી કૃષ્ણવર્મા વચ્ચે મતભેદો પડતાં આ કાર્ય સ્થગિત થઇ ગયું. શામજી કૃષ્ણવર્મા પાછા જતાં રા. બ. બહેચરદાસ વિહારીદાસ દેસાઈ દીવાનપદે આવ્યા ત્યાં મિ. મૅકોનેકી બ્રિટિશ હિન્દમાં પાછા ફર્યા અને તેના સ્થાને સુયોગ્ય વ્યક્તિની નિમણૂક કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો. ઘણા પત્રવ્યવહારને અંતે મુંબઈ સરકારે મહીકાંઠાના પોલિટીકલ એજન્ટ કર્નલ સી. ડબલ્યુ. સીલીની નોકરી જૂનાગઢ રાજને ઈ. સ. ૧૮૯૬ના ડીસેમ્બરમાં ઉછીની આપી અને તેણે ઈ. સ. ૧૮૯૭ના માર્ચ માસમાં તેના સેટલમેન્ટ કમિશનરના હોદ્દાનો ચાર્જ સંભાળી કામ શરૂ કર્યું.

સેટલમેન્ટ કમિશનર પાસે રાજ્ય તરફથી કામ ચલાવવા સર્વશ્રી ત્રિકમજી

---

1 ફકીરમહમદના બહારવટાંની વિગતો માટે જુઓ 'પિતૃતર્પણ'—શં. હ. દેસાઈ.

નરભેરામ વૈષ્ણવ,[1] શ્રી ત્રિભોવનરાય દુલેરાય રાણા[2] અને પાછળથી મગનલાલ સુંદરજી કીકાણી[3] ને નીમવામાં આવ્યા. આ અધિકારીઓને દરબાર એજન્ટના હોદ્દા આપવામાં આવ્યા. કર્નલ સીલી, ન્યાયપ્રિય અંગ્રેજ અધિકારી છે અને જાગીરદારોને તેમના હક્કો સાબિત કરવા પૂરતી તક આપે છે અને તેમના રૂક્કાઓનો ઝીણવટથી અભ્યાસ કરે છે તેથી રાજ્યને મોટું નુકસાન જશે અને જાગીરદારોની જમીનો પાછી ખેંચી લેવાની ધારણા ફલિભૂત નહિ થાય અને પરિણામે, રાજ્યને મોટું નુકસાન જશે એવી ભીતિ નાયબ દીવાન પુરુષોતમરાય ઝાલાને થઈ, અને તેણે 'ઘરમેળે સમાધાન'ની ફોરમ્યુલા ઊભી કરી. આ ફોરમ્યુલા અન્વયે વજીર બહાઉદ્દીનભાઈ તથા નાયબ દીવાન શ્રી ઝાલાએ જાગીરદારોને રૂબરૂ બોલાવી, સામ, દામ, દંડ અને ભેદની નીતિ અજમાવી, ઘણાખરા જાગીરદારોના હક્કો લખાવી લીધા અથવા જમીનોનાં રાજીનામાં લઈ લીધાં. જેઓ સમાધાનની નીતિને વશ ન થાય તેમના ઉપર મોટી મોટી લેવીઓ લાગુ કરી. કર્નલ સીલી કેસોની તારીખો નાખી કેસો ચલાવ્યા કર્યા અને બીજી બાજુથી આ રાજ્ય સ્થંભોએ ઘણા જાગીરદારોનું 'ઘરમેળે સમાધાન' કરી નાખ્યું. જૂના જાગીરદારોની કક્ષામાં ફેર કરવામાં આવ્યો, કેટલાં ગામો અને જમીનો ખાલસા કરવામાં આવી. તે સાથે કેટલાક કૃપા પાત્રોને હક્ક ન હોવા છતાં જમીનો મળી અને જેમની પાસે હતી તેમને સવિશેષ હક્કો મળ્યા.

કર્નલ સીલીએ જ્યારે ૫૬ આખાં ગામોની ૮૪,૩૪૮ એકર ૭ ગૂંઠા જમીન તથા ૩૬,૨૪૮ એકમ ૨૯ ગૂંઠા છુટક જમીનનું સેટલમેન્ટ કર્યું ત્યારે 'ઘરમેળે સમાધાન'ની પદ્ધતિથી વજીર તથા નાયબ દીવાને, ૧૫૯ આખાં ગામોની ૨,૩૨૦૬૯ એકર ૨૪ ગૂંઠા જમીન તથા ૨૭,૫૬૧ એકર ૨૬ ગૂંઠા છુટક જમીનનું સેટલમેન્ટ કર્યું.

સેટલમેન્ટ સંપૂર્ણ થતાં જમીન જાગીરના હક્ક, હિસ્સા, વારસા, લેવી વગેરેના નિયમો ઘડવામાં આવ્યા અને જાગીરોની નોંધણીનાં રજીસ્ટરો અને સનંદો કે હક્કપત્રકો તૈયાર કરવામાં આવ્યાં.

---

1 શ્રી ભૂપતરાય ત્રિકમજીના પિતાશ્રી

2 રા. બ. ટી. ડી. રાણા–પાછળથી દીવાન થયા તે.

3 શ્રી મનુભાઇ કીકાણી તથા શ્રી બળવંતરાય કીકાણીના પિતાશ્રી અને શ્રી હરસુખરાય કીકાણીના. (રાજકોટવાળા) ના પિતામહ.

## જાગીરના પ્રકાર

જૂનાગઢ રાજ્યમાં, નવાબના વંશમાંથી ઉતરેલા બાબીઓ ભાયાત કહેવાતા. જૂનાગઢમાં બાબીવંશની સ્થાપના થઈ તે પૂર્વે જેઓ ગીરાસ ધરાવતા તેઓ મૂળ ગીરાસિયા કહેવાતા. તેઓના હક્કો અન્ય જાગીરદારોથી સવિશેષ હતા અને એજન્સીએ તેમને રાજ્ય સામે રક્ષણ આપવાનું સ્વીકારેલું. તેઓ રાજ્યને જે રકમ ભરતા તે સુધારા વરાડ કહેવાતી. તે પછીની કક્ષા બારખલીદારોની હતી, તેઓને જમીન ઉપર સંપૂર્ણ મહેસૂલી અધિકારો હતા, પરંતુ તેમને એજન્સીનું રક્ષણ ન હતું, તેમની જમીનો ઉપરની લેવીઓ પણ વધારે હતી અને તે સેટલ સલામી કહેવાતી. બારખલીમાં ચાકરીયાત અને ઈનામી (પસાયતાં) એવા બે પ્રકાર હતા. ચાકરીયાત ઉપર અમુક નોકરી આપવાની ફરજ હતી. સેટલમેન્ટ વખતે આ બારખલીદારો પાસેથી અમુક જમીન કે રોકડ રકમ લઈ નોકરીની માફી આપવામાં આવેલી. ઈનામી જમીન ખાનારાઓ ઉપર કોઈ ફરજ હતી નહિ. તે પછીના વર્ગમાં ધર્માદા બારખલીદારોની જાગીરો હતી. જૂનાગઢમાં આવાં પચાસથી વિશેષ આખાં ગામો તથા બીજી છુટક જમીનો હતી. તેમાં બે પ્રકાર હતા. પ્રથમ પ્રકાર સદાવ્રત ધર્માદાનો તથા બીજો પ્રકાર જાત ખેરાતનો હતો. સદાવ્રત ધર્માદા જાગીરનો વારસો સરકારની મરજી પ્રમાણે ઉતરતો, પરંતુ જે સંપ્રદાય કે ધર્મની જાગીર હોય તે જ સંપ્રદાયમાં અને બનતાં સુધી મરનાર ગાદીપતિના શિષ્યને વારસો આપવામાં આવતો. કેટલાંક ગામો ધર્માદા પ્રકારનાં હતાં તેમના વારસા પ્રસંગે રાજ્ય હસ્તક્ષેપ કરતું નહિ.

જૂનાગઢ રાજ્યનું ક્ષેત્રફળ ૨૦,૮૬,૯૩૩ એકર ૩૧½ ગૂંઠા હતું. તેમાંથી ૧૪,૧૪,૪૭૫ એકર ૨૫ ગૂંઠા ખાલસા અને ૬,૭૨,૪૫૮ એકર ૫½ ગૂંઠા ભાયાતો મૂલ ગીરાસિયા તથા બારખલીદારો હસ્તકની જમીનનું ક્ષેત્રફળ હતું.

## માંગરોળ ઉપર મેનેજમેન્ટ

તા. ૨૧–૯–૧૯૦૭ના રોજ માંગરોળના શેખ હુસનમીયાં અપુત્ર ગુજરી જતાં જૂનાગઢ રાજ્યે સ્પેશ્યલ દીવાન શ્રી અરદેશર જમશેદજીને મેનેજર તરીકે નિયુક્ત કરી વહીવટ સ્વાધીન લીધો અને મર્હૂમ શેખના ભાઈ જહાંગીરમીયાંને શેખ તરીકે સ્વીકૃતિ આપી ત્યાં સુધી મેનેજમેન્ટ ચાલુ રહ્યું.

## નાણાંકીય વર્ષ

રાજ્યનું નાણાંકીય વર્ષ તા. ૧લી સપ્ટેંબરથી શરૂ થાય તેવી રાજ્યાજ્ઞા ઈ. સ. ૧૯૦૭માં પ્રસિદ્ધ થઈ. આ વર્ષનો પ્રથમ દિવસ ગુર્રામહેર કહેવાતો.

## ન્યાય ખાતું

મુંબઈના સુપ્રસિદ્ધ ધારાશાસ્ત્રી અને નિડર નેતા સર ફીરોઝશાહ મહેતાની જૂનાગઢ રાજ્યના ઉપરી પદે નિમણૂક કરવામાં આવી. તેઓ મુંબઈ રહેતા અને અમુક દિવસો જ જૂનાગઢ આવતા. તેમની બેન્ચમાં શ્રી જમિયતરામ નાનાભાઈ તથા શ્રી. (પાછળથી સર) ચિમનલાલ સેતલવડ બેસતા. સદર અદાલતના જજ શ્રી ડોસાભાઈ ખરશેદજી ગાંધી હતા. ન્યાય ખાતાના ઉપરીપદે તે પછી શ્રી ગુલાબદાસ લાલદાસ નાણાવટી અને પાછલાં વર્ષોમાં શ્રી એમ. એ. ફકીહ હતા.[1]

## કેળવણી ખાતું

દેશી રાજ્યોનાં કેળવણી ખાતાં, એજન્સીના અંકુશ નીચે હતાં પણ ઈ. સ. ૧૮૯૩માં અંશતઃ અને ઈ. સ. ૧૮૯૯માં રાજ્યને સંપૂર્ણ રીતે આ ખાતું સોંપી દેવામાં આવ્યું.

ઈ. સ. ૧૯૦૫થી રાજ્યના કેળવણી ખાતાએ સૌરાષ્ટ્ર પ્રાથમિક શાળા પત્રિકા નામનું સામાયિક પ્રસિદ્ધ કરવાનું શરૂ કર્યું.

## બજેટ

વિશાળ અનુભવવાળા દીવાનો હોવા છતાં રાજ્યમાં બજેટ તૈયાર થતું નહિ. ઈ. સ. ૧૮૯૭માં બજેટ કરવાની પદ્ધતિ દાખલ થઈ.

## ઉતારા

ફેરણીમાં જતા અમલદારોને મહાલોના મુખ્ય મથકોમાં ઉતરવા માટે ઉતારા હતા. સ્થાનિક અમલદારો પણ ઘણીવાર તેમાં રહેતા. ત્યાં દરબારી રસોડાં ચાલતાં. તેમાં ભોજન રાજ્ય તરફથી મળતું અને જ્યાં ઉતારા ન હોય ત્યાં પેટિયાં મળતાં. અમલદારોને ભથ્થું મળતું નહિ. ઈ. સ. ૧૮૯૭માં આ પદ્ધતિનો અંત લાવી ભાડાં ભથ્થાં પદ્ધતિ દાખલ કરવામાં આવી.

## સૌરાષ્ટ્ર પોસ્ટ

ઈ. સ. ૧૮૬૫માં અસ્તિત્વમાં આવેલી સૌરાષ્ટ્ર પોસ્ટની સંસ્થાને આ સમયમાં વિકસિત કરી અને રૈયતને વિશેષ સગવડ મળે તે માટે મહાલે મહાલે સૌરાષ્ટ્ર

---

1 ખાતામાં વારંવાર બદલીઓ થતી રહેતી તેથી સર્વેનાં નામો આપવાનું શક્ય નથી.

પોસ્ટ ઓફિસો સ્થાપવામાં આવી. આ વ્યવસ્થા ઈ. સ. ૧૯૪૮ સુધી ચાલી.

કહેવાય છે કે ઈ. સ. ૧૯૦૪માં તત્કાલિન દીવાન સર અબ્બાસ અલી બેગે સૌરાષ્ટ્ર પોસ્ટની સ્ટેમ્પ્સ ઉપર માત્ર મોનોગ્રામ છપાતું તેને બદલે નવાબની મુખાકૃતિ મૂકવા પ્રસ્તાવ કરેલો, પણ મુસ્લિમ રાજ્યના રાજકર્તાની પ્રતિકૃતિ ન મૂકી શકાય તે કારણે તે પ્રસ્તાવ પડતો મૂકાયો. પરંતુ નવાબ મહાબતખાન ત્રીજાના સમયમાં જુદા જુદા દરોની સૌરાષ્ટ્ર પોસ્ટની સ્ટેમ્પ્સ ઉપર રાજકર્તાની મુખાકૃતિ છાપવામાં આવેલી.

## વોટર વર્ક્સ

જૂના સમયથી જૂનાગઢ શહેરમાં લત્તે લત્તે પીવાના પાણીના કૂવાઓ કે વાવો હતી. દીવાન રણછોડજીએ આવા અનેક કૂવાઓ સ્વ ખર્ચે કે રાજ્ય ખર્ચે કરાવેલા. આ કૂવા એંસીથી સો ફીટ કે અધિક ઊંડા હતા અને તેથી લોકોને પાણી મેળવવા માટે અપાર ત્રાસ ભોગવવો પડતો. રા. બ. બહેચરદાસ વિહારીદાસ દીવાનપદે આવ્યા ત્યારે તેણે એજન્સી એન્જિનિયર મિ. જે. ઈ. વ્હીટીંગની સલાહ લઈ રૂપિયા સાત લાખનો ખર્ચ થાય તેવું એસ્ટીમેઈટ તૈયાર કર્યું. તે અનુસાર ઈ. સ. ૧૮૯૭ના માર્ચ માસની ૨૨મી તારીખે, પોલિટિકલ એજન્ટ કર્નલ જે. એમ. હંટરના હાથે બહાઉદ્દીન વોટર વર્ક્સનો પાયો નાખવામાં આવ્યો. આ જંગી રકમનો વ્યય થયો છતાં પાણી પૂરતું થયું નહિ. આ યોજના ખોડીયાર ડેમ નામે જાણીતી થઈ. તેની નિષ્ફળતા સ્વીકારી રાજ્યે ઉપરકોટમાં ટાંકીઓ બાંધી તેમાં પર્વતોનું પાણી લઈ આવવાનું કાર્ય હાથ ધર્યું અને તે વોટર વર્ક્સ સાથે નવાબ રસુલખાનનું નામ જોડવામાં આવ્યું. તેનું ખાતમુહૂર્ત ઈ સ. ૧૯૦૬ના ડીસેમ્બર માસની ૨૫મી તારીખે મુંબઈના ગવર્નર લોર્ડ લેમીંગ્ટનના હાથે કરવામાં આવ્યું.

## બહાઉદ્દીન કોલેજ

વજીર બહાઉદ્દીનભાઈને ઈ. સ. ૧૮૯૭માં સાઠ વર્ષ પૂરાં થતાં તેના શુભેચ્છકોએ રૂપિયા સાઠ હજારનું એક ફંડ કરી તેનું સ્મારક રચવા વિચાર્યું[1] બહાઉદ્દીનભાઈએ તેમાં પોતા તરફથી રૂપિયા વીશ હજાર આપી રાજ્યને ધરતાં રાજ્યે તેમાં રૂપિયા એક લાખ, પચાસ હજાર ઉમેરી રૂપિયા બે લાખ ત્રીસ હજારના ખર્ચે જૂનાગઢમાં બહાઉદ્દીન કોલેજનું મકાન બાંધવા નિર્ણય લીધો.

---

1 આ ફંડ વજીર બહાઉદ્દીનભાઇને સી. આઇ. ઇ.નો ચંદ્રક મળ્યો ત્યારે થયું હતું તેમ એક લેખકે નોંધ્યું છે.

તેનું ખાતમુહૂર્ત ઈ. સ. ૧૮૯૭ ના માર્ચ માસની ૨૫મી તારીખે પોલિટિકલ એજન્ટ કર્નલ જે. એમ. હંટરના હાથે થયું અને તેનું ઉદ્‌ઘાટન હિન્દના વાઈસરોય અને ગવર્નર જનરલ લોર્ડ કર્ઝનના હાથે ઈ. સ. ૧૯૦૦ ના નવેમ્બર માસની ૩ જી તારીખે થયું.

આ કૉલેજનું આલીશાન મકાન તૈયાર થવા આવ્યું પણ તેના ઉપર છાપરું કરવાના પ્રશ્ને સ્થપતિઓ અને રાજ્યના અધિકારીઓ વચ્ચે મતભેદ પડયો. આ કૉલેજના મધ્યસ્થખંડ ઉપર સો ફીટ લાંબું અને આઠ ફીટ પહોળું છાપરું સ્થંભાવલી વગર રહી શકે નહિ તેવો સ્થપતિઓનો અભિપ્રાય હતો. જ્યારે નાયબ દીવાન પુરુષોતમરાય ઝાલા અને અન્ય અધિકારીઓ સ્થંભાવલી થાય તો આવા સુંદર મકાનની શોભા નષ્ટ થાય તેમ માનતા હતા. આ પ્રશ્ને જૂનાગઢમાં અને જૂનાગઢ બહાર મોટી ચર્ચા ઉપસ્થિત થઈ. મુંબઈના અંગ્રેજી દૈનિક પત્ર ટાઈમ્સ ઓફ ઈન્ડિયાએ અમલદારશાહીના હઠાગ્રહ ઉપર પ્રહારો પણ કર્યા, પરંતુ નાયબ દીવાન શ્રી ઝાલાએ તેનો નિશ્ચય ફેરવ્યો નહિ. તે સમયે રાજ્યના માપણી અધિકારી ભાવનગરના નાગર ગૃહસ્થ શ્રી વેણીશંકર ગોવિંદરાય હતા. તેણે આ કાર્ય કરવાનું બીડું ઝડપ્યું. જૂનાગઢના નાગર એન્જિનિયર, શ્રી રુદ્રજી સુંદરજી રાણા,[1] જૂનાગઢના મિસ્ત્રી જેઠા ભગાને આ કાર્ય કરવા ભૂમિતિ અને સ્થાપત્યના સિધ્ધાંતોની સમજ આપી, સમજાવી શકયા, પરિણામે સ્થંભોની આવશ્યકતા વગર છાપરું થઈ ગયું. તેના ઉપર નળિયાં ચડાવવાનું મુશ્કેલ અને કપરું કામ જૂનાગઢના મેવાડા સુતાર શામજી કલ્યાણજીએ કર્યું. તેને પવનના ઝપાટામાં અધ્ધર ઊભા રહી નળિયાં ગોઠવતા જોઈ નવાબ રસુલખાને તેને એકથી વધારે ઈનામો પણ આપ્યાં.[2]

કૉલેજનું મકાન થઈ ગયું પણ તેમાં સીડીઓ મૂકવી ભુલાઇ ગઈ, તેથી તેની બન્ને બાજુએ સીડીઓ મૂકવામાં આવી છે તેવી પ્રચલિત લોકવાયકા છે. એમ પણ કહેવાય છે કે કૉલેજમાં જતા આવતા વિદ્યાર્થીઓને લોકો જોઈ શકે તે માટે સીડીઓ બહાર મૂકી છે. પરંતુ સાચી વાત એ છે કે આ સીડી મધ્યસ્થ ખંડમાં મૂકવાની યોજના હતી તે પાછળથી ખંડની વિશાળતા ન બગડે તેથી બહાર મૂકી

---

1 શ્રી રાજેન્દ્રભાઇ રાણા તથા મહેન્દ્રભાઈ રાણાના પિતાશ્રી.

2 મિસ્ત્રી શામજીના પુત્ર મોરારજી, જૂનાગઢ સંઘાડીયા બજારમાં રહે છે.

કોલેજનું મકાન સંપૂર્ણ થાય તે પહેલાં પટાંગણમાં ઝૂંપડીઓ બાંધી તેમાં વર્ગો શરૂ કરવામાં આવેલા.[1] કોલેજના પ્રથમ પ્રિન્સિપાલ મિ. હેસ્કેથ હતા તે પછી મિ. સ્કોટ આવ્યા.

આ કોલેજના બાંધકામમાં કુલ ખર્ચ રૂા. ૨,૦૩,૫૪૪નો થયો.

પી. એન્ડ ઓ. કંપનીની પોરબંદરના બારામાં ડૂબી ગયેલી અને ભંગાર થઈ ગયેલી સ્ટીમર 'ખેદિવ'નો ઘંટ કોલેજમાં મૂકવામાં આવ્યો.

## હોસ્પિટલ

જૂનાગઢની હોસ્પિટલનું ભવ્ય મકાન બાંધવાનું નક્કી થતાં પંચેશ્વર પાસે પસંદ કરેલા સ્થાનમાં, ઈ. સ. ૧૮૯૭ના ડીસેમ્બર માસની ૨જી તારીખે મુંબઈના ગવર્નર લોર્ડ સેન્ડહર્સ્ટના હાથે તેનું શિલારોપણ થયું. અહીં મકાન બંધાય તે પહેલાં, છપ્પનિયો દુકાળ પડયો અને તે પછીના વરસોમાં આવેલી કુદરતી આફતોના કારણે, આ કામમાં વિલંબ થયો, દરમ્યાનમાં પંચેશ્વરમાં હોસ્પિટલ થાય તો જનતાને તે દૂર પડે એવો પ્રજામત પ્રચલિત થતાં અત્યારે હોસ્પિટલ છે તે સ્થળે નવું મકાન બાંધવાનો નિર્ણય લેવાયો. દરમ્યાન સર અબ્બાસઅલી બેગ દીવાન પદે આવ્યા અને તેણે વર્તમાન શાક બજાર છે અને માર્કેટનું મકાન છે ત્યાં હોસ્પિટલ બાંધવાનું સૂચન કર્યું, પરંતુ જે સ્થળે ગવર્નરે પાયો નાખ્યો છે તેના બદલે અન્યત્ર મકાન બંધાય કે કેમ તે પ્રશ્ન ઉગ્ર બન્યો અને મકાન થઇ શકયું નહિ. હોસ્પિટલ છે ત્યાં એક જૂનું મકાન હતું તેમાં રાખવામાં આવી અને ઈ. સ. ૧૯૧૧માં, નવાબ રસુલખાનજીના મૃત્યુ પછી, બ્રિટિશ એડમિનીસ્ટ્રેટર મિ. એચ. ડી. રેન્ડોલે, વર્તમાન હોસ્પિટલ ત્યાં રસુલખાનજી હોસ્પિટલ તથા તેની સામે જનાના હોસ્પિટલનાં મકાનો બાંધ્યાં. પંચેશ્વરમાં લોર્ડ સેન્ડહર્સ્ટે પાયો નાખ્યો તે શિલાલેખ એક મકાનમાં હજી તે પ્રસંગની યાદી આપતો જોવામાં આવે છે.

આ હોસ્પિટલના મુખ્ય અધિકારી પદે ઈ. સ. ૧૮૮૫થી ડૉ. ત્રિભુવનદાસ મોતીચંદ શાહ હતા. જૂનાગઢના આ સપુતે, બહારવટાં દરમ્યાન કાદુ, લોકોના

---

1 કોલેજના પ્રારંભના પ્રથમ વર્ષે, ઝૂંપડીમાં બેસી ભણનારા વિદ્યાર્થીઓમાં સદ્દગત્ સાક્ષર શ્રી બાપુભાઇ નન્દવરાય વૈષ્ણવની બહાઉદ્દીન કોલેજના સુવર્ણ મહોત્સવ પ્રસંગે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓમાં સવિશેષ જ્યેષ્ઠ હોવાના કારણે પ્રમુખ સ્થાને વરણી થઇ હતી. તે પછીના વિદ્યાર્થી સ્વ. રા. બ. ડૉ. નરસિંહપ્રસાદ બાપુભાઈ મજમુદાર હતા.

નાક કાપતો તેને રાહિનો પ્લાસ્ટીક સર્જરીથી ફરી સાંધવાના કરેલા પ્રયોગે જગતના સર્જનોને ચકિત કર્યા અને આજ પણ આ પધ્ધતિ તેની શોધ હોવાનું વિદેશી લેખકો સ્વીકારે છે. તેઓ ઇ. સ. ૧૯૦૩માં નિવૃત્ત થયા અને થોડા જ માસમાં ગુજરી ગયા. તેઓ અમદાવાદની મેડીકલ સ્કૂલમાં સર્જરી અને પ્રસુતિ શાસ્ત્ર (ગાઈનેકોલોજીના) શિક્ષક હતા તથા વૈદકીય વિષયો ઉપર કેટલાંયે પુસ્તકો તેણે લખ્યાં છે.

## લેબોરેટરી

જૂનાગઢમાં વસતા નાગર ગૃહસ્થ શ્રી ઇંદ્રજી વૈષ્ણવ, સંગીતના નિષ્ણાત હતા તથા આયુર્વેદના પ્રખર વિદ્વાન હતા. તેના સૂચન અને શ્રમથી જૂનાગઢમાં બોટેનીકલ ગાર્ડન, આયુર્વેદિક ફાર્મસી, રસાયણશાળા તથા પ્રયોગશાળા-લેબોરેટરીની સ્થાપના કરવામાં આવી. તેના સુપુત્ર ડો. નરોત્તમદાસ કે જે ગનુભાઈના નામથી મશહૂર છે તેમણે તે સમયમાં ઈંગ્લાંડ જઈ એમ.બી.બી. એસ.ની ડરહામ યુનિવર્સિટી (ઈંગ્લાંડ)ની ડીગ્રી મેળવી સ્વદેશમાં આવી લેબોરેટરી પાશ્ચાત્ય પદ્ધતિએ વિકસાવી.

## હોમિયોપથી

આ સમયમાં હોમિયોપથી પદ્ધતિનો પ્રચાર થયો. સાહેબઝાદા એદલ-ખાનના અને જામ જસાજીના ટયુટર તેમજ વઢવાણનાં રેવન્યુ કમિશ્નર પદે રહેલા શ્રી મથુરદાસ અમૃતલાલ વસાવડાએ, હોમિયોપથીનું ખાનગી દવાખાનું ઉઘાડી દર્દીઓને વિના મૂલ્યે દવાઓ આપવાનું કાર્ય સ્વેચ્છાએ સ્વીકાર્યું. તેણે નિર્ધન અને દરિદ્ર જનતાની વિના શુલ્કે કે વેતને સેવા કરી. તેના સુપુત્ર શ્રી મહાસુખરાય વસાવડા, ન્યાયખાતામાં જજ હતા અને પછીથી સદર અદા-લતના જજ થયા હતા. તેણે અને તેના સુપુત્ર શ્રી કનકરાય, મામલતદાર હતા. તેણે પણ આ પ્રથા ચાલુ રાખી હતી. જૂનાગઢના નવાબ મહાબતખાન ત્રીજાને શ્રી કનકરાયની દવાથી ફાયદો થતાં તેણે બહુ મોટી રકમ ફી તરીકે મોકલાવેલી પણ તે દવા મફત કરવાની વડીલોની આજ્ઞા છે અને નવાબ, જૂનાગઢના રાજકર્તા છે પણ અત્યારે તેના દવાખાનાના દર્દી છે એમ કહી તેણે સાદર આ નાદર રકમ નકારેલી.

## બહાદરખાનજી લાયબ્રેરી-મ્યુઝિયમ

ઇ. સ. ૧૮૯૭માં શહેરના મધ્ય ભાગમાં, બહાદરખાનજી લાયબ્રેરી અને રસુલખાનજી મ્યુઝિયમનાં મકાનો બાંધવાનો રાજ્યે નિર્ણય લીધો અને તે જ વર્ષના ડીસેમ્બર માસની ૨ જી તારીખે, મુંબઈના ગવર્નર લોર્ડ સેન્ટહર્સ્ટ

તેનું શિલારોપણ કર્યું. તેના અનુગામી લોર્ડ નોર્થકોર્ટે ઈ. સ. ૧૯૦૧ના ડીસેમ્બર માસની ૫ મી તારીખે આ બન્ને મકાનોનું ઉદ્‌ઘાટન કર્યું.

આ પુસ્તકાલયમાં, અષ્ટકોણ વાચનાલયમાં અદ્યતન પદ્ધતિનાં સાધનો અને બહુમૂલ્ય પુસ્તકો વસાવવામાં આવ્યાં. તેના ઉપર વાચકોને પૂર્ણ પ્રકાશ આપે તેવું કાચનું સળંગ છાપરું પણ કરવામાં આવ્યું.

મ્યુઝિયમમાં સ્થાનિક કારીગીરીના નમૂનાઓ ઉપરાંત ઐતિહાસિક સ્થાનોમાંથી ઉત્ખનન દ્વારા પ્રાપ્ત થયેલી અને અન્ય ઉપયોગી અને અગત્યની વસ્તુઓ મૂકવામાં આવી. તેના પ્રથમ ક્યુરેટર તરીકે સુરતના શ્રી સારાભાઈ તુલસીદાસને નીમવામાં આવ્યા.[1]

આજે લાયબ્રેરી છે ત્યાંની ત્યાં જ છે પણ મ્યુઝિયમને સ્થાને જૂનાગઢ રાજ્યના સમયમાં શહેર સુધરાઈની ઓફિસ ફેરવી, મ્યુઝિયમને સક્કરબાગમાં લઈ જવામાં આવ્યું. શહેર સુધરાઈ, સ્વાતંત્ર્ય પછી કરાસખાનામાં લઈ જવામાં આવતાં, મ્યુઝિયમના મકાનમાં આજે ખાદી ગ્રામોદ્યોગ બોર્ડની દુકાન તથા રેસ્ટોરન્ટ છે.

## સુધરાઈ

સરકારી અધિકારીઓ દ્વારા સંચાલિત શહેર સુધરાઈ આ સમયે અસ્તિત્વમાં આવી. તેમાં પ્રજાને પ્રતિનિધિત્વ ન હતું.

## પેડોક

કાઠી ઓલાદના સારા ઘોડાઓ ઉછેરવા પેડોકની સ્થાપના કરવામાં આવેલી. તેમાં પાછળથી જૂનાગઢના ડૉ. મૂળચંદ કેશવલાલ દેસાઈ અશ્વ ઉછેર અને પશુ ચિકિત્સક તરીકે નિમાયેલા.

## કોઠાર-ઘાસવાડો

જૂના જમાનામાં દુષ્કાળ પ્રસંગે લોકોને અન્ન પૂરું પાડવા અનાજનો અને ખાસ કરીને જુવારનો સંગ્રહ કરવા ખાણો કરવામાં આવતી તે બંધ થઈ પણ જૂનાગઢમાં આ સમય સુધી 'કોઠાર' અને ઘાસના સંગ્રહ માટે 'ઘાસવાડો' અસ્તિત્વમાં હતા.

---

1 વિશેષ વિગતો માટે જુઓ પરિશિષ્ટ.

## સાર્વજનિક કાર્યો

ઈ. સ. ૧૮૯૧માં દાતારનો માર્ગ તથા સોપાનમાર્ગ કરવાનું શરૂ થયેલું કાર્ય ઈ. સ. ૧૮૯૪માં સંપૂર્ણ થતાં મુંબઈના ગવર્નર લોર્ડ હેરીસના હાથે નવેમ્બર માસમાં તેનું ઉદ્‌ઘાટન થયું.

## અશોકનો શિલાલેખ

અશોકનો ઐતિહાસિક શિલાલેખ જોવા યુરોપીય વિદ્વાનો વારંવાર આવતા અને તેની દુર્દશા જોઈ ખેદ વ્યક્ત કરતા. પોલિટિકલ એજન્ટ સર ચાર્લ્સ ઓલીવન્ટની સૂચનાથી તેની ઉપર એક ઘુમ્મટ બાંધવાનો રાજ્યે નિર્ણય લેતાં ઈ. સ. ૧૯૦૦ના જૂન માસમાં કર્નલ સીલીના હાથે તેનું શિલારોપણ કરવામાં આવ્યું અને આ લેખનું વારંવાર વાચન કરતા અને રબીંગ લેતા વિદ્વાનોને ના પાડી શકાય નહિ અને લેખ બગડે તેથી તેની સમીપે તેની પ્રતિકૃતિ પણ કરાવવાનું શરૂ કર્યું પણ તે અપૂર્ણ રહી.

## ફુવારો

ઈ. સ. ૧૮૯૨માં દીવાન હરિદાસ વિહારીદાસે, મર્હૂમ નવાબ બહાદર-ખાનના સ્મરણાર્થે સ્વખર્ચે, તેના મકબરા સામે એક ફુવારો બંધાવી તેને બહાદરખાનજી ફુવારો નામ આપ્યું.

## દામોદર પુલ

દીવાન હરિદાસ વિહારીદાસે, ઈ. સ. ૧૮૮૯માં તેનાં માતુશ્રી હેતાબા તથા પિતાશ્રી વિહારીદાસ ઉર્ફે ભાઉ સાહેબના પુણ્યાર્થે અને તેમની ગિરનાર યાત્રાનું સ્મરણ રહે તે માટે સ્વખર્ચે દામોદર કુંડ પાસે પુલ બંધાવ્યો.

## ચલણ

રાજ્યમાં "કંપની" રૂપિયા ચાલતા છતાં રાજ્યનું ચલણ કોરીનું હતું. રાજ્યની ટંકશાળમાં કોરીઓ છપાતી. ૧૦૦ કોરીની કિંમત સાર્વભૌમ સત્તાના રૂપિયા ૨૩–૨–૨ થતી. એક કોરીના ૩૬ દોકડા થતા. ઈ. સ. ૧૯૦૮માં કોરીના ચલણ માટે કુશંકાઓ થતી તેથી દી. હ. નં. ૧૬૦૧ તા. ૧૨–૧–૧૯૦૯થી કોરીનું ચલણ કાયદેસરનું છે તેવી જાહેરાત કરવામાં આવી તથા ફરીથી મુલ્કી જા. નં. ૧૪૩૩ તા. ૧૪–૧–૧૯૦૯થી તેવી જ જાહેરાત કરી એક રૂપિયાની ચાર કોરી મુકરર કરવામાં આવી.

ઈ. સ. ૧૯૦૭માં નવા દોકડા પાડવાનો નિર્ણય લેવાતાં હજુર ઓફિસ જાવક નં. ૨૯૪/૬૪ તા. ૭–૧૨–૧૯૦૭ના હુકમથી જૂના અને જાડા દોકડા

ચલણમાંથી પાછા ખેંચી લીધા તથા નવા પાતળા દોકડા પાડવામાં આવ્યા. તેનો ભાવ એક કોરીના ૪૦ મુકરર કરી તા. ૧-૧-૧૯૦૮થી ચલણમાં મૂકયા. જૂના દોકડા એક કોરીના ૨૪ લેખે તા. ૩૧-૧-૧૯૦૮ સુધી રાજ્ય ટ્રેઝરીએ સ્વીકાર્યા.

## કાવત્રું

રસુલખાનજી. પોતાનો હક્ક મારીને ગાદી ઉપર બેઠા તેમ માનીને તેના પ્રત્યે વેરવૃત્તિ રાખતી એદલખાને તેની તથા યુવરાજ શેરઝમાનખાનની હત્યા કરવાનું એક કાવત્રું કર્યું હોવાનો આક્ષેપ એદલખાન ઉપર ઈ. સ. ૧૮૯૭માં મૂકવામાં આવ્યો. તેની તપાસ શરૂ થઈ તે દરમ્યાન ઈ. સ. ૧૯૦૧માં તેણે પશ્ચાતાપ જાહેર કરી નવાબની માફી માગતાં, તેણે તેના તારીખ ૨૩-૪-૧૯૦૧ના ફરમાનથી માફી આપી.

## બદનક્ષી

ઈ સ. ૧૯૦૭માં મહીકાંઠા ગેઝેટ નામના સાપ્તાહિક પત્રમાં તારીખ ૧૯-૧૨-૧૯૦૭ના અંકમાં એક લેખ પ્રગટ થયો, તેમાં નવાબ રસુલખાનની દિનચર્યા ઉપર બદનક્ષી ભરેલું લખાણ હતું. રાજ્યે તેથી ભાઈશંકર સોલીસીટર દ્વારા મુંબઈની કોર્ટમાં તેના ઉપર ફરિયાદ નોંધાવી. મહીકાંઠા ગેઝેટના તંત્રીએ તે લેખ માટેની સમગ્ર જવાબદારી સ્વીકારી લીધી તેમ છતાં જૂનાગઢના નાગર બ્રાહ્મણ શ્રી ગુલાબશંકર વોરા ઉપર દોષારોપણ કરી તેની તથા તે કામમાં તેને મદદ કરવાના આક્ષેપ સહ સર્વશ્રી સારાભાઈ ગિરજાશંકર વસાવડા[1], ગોવિંદજી નાનજી બુકસેલર, મહાસુખરાય ભવાનીદાસ નાણાવટી, સૂર્યશંકર બળજીભાઈ વૈદ વગેરેની ધરપકડ કરવામાં આવી. રાજ્યના આ દમનકારી પગલાં માટે મુંબઈના વર્તમાન પત્રોએ મોટો ઉહાપોહ કર્યો. "ઈન્દુ પ્રકાશે" તેના તારીખ ૧૩-૧-૧૯૦૮ના અંકમાં તેના માટે એક લેખ પણ છાપ્યો. આ કેસમાં મહીકાંઠા ગેઝેટના તંત્રીનો રૂપિયા બસોનો દંડ થયો અને રાજ્યે પકડાયેલા ગૃહસ્થોને મુક્ત કર્યા.

## યાદી

રાજ્યની સન્માનનીય વ્યક્તિઓને હી હ. નં. ૨૧૦૫ તા. ૪-૭-૧૯૦૧થી

---

1 સ્વ. શ્રી સારાભાઈ રાજ્યમાં નોકર હતા. યુવાન વયમાં તે એક કુસ્તીબાજ અને અખાડીમલ હતા. તેમણે ઉત્તર ભારતમાંથી આવીને ચેલેન્જ ફેંકતા લીંબુજી નામના મલ્લને મહાત કરેલો, તે શ્રી દિનકરરાય વસાવડાના પિતાશ્રી.

ચાદીથી લખાણ કરવાની છૂટ આપવામાં આવી, તેમાં ગોરખમઢી તથા કોયલીના મહંતશ્રીઓ, નાથદ્વારાના ભંડારીજી, ધણફુલિયાના ખલીફા, બડી મેડી મકાનદાર, હઝરત શાહના મકાનદાર, રાણપુર ભાયાત, ખાનશ્રી સુલતાન મહમદખાનજી, મહમદખાં ફરીદખાં, પીરઝાદા ખલફશાહમીયાં તથા ખડીયા ખાનશ્રીને સમાવેશ કરવામાં આવ્યો.

## ગિરની આબાદી

ઈ. સ. ૧૯૦૧ સુધી ગિરનું જંગલ અગોચર અને અગમ્ય ગણાતું. પ્રતિવર્ષ, જંગલ અધિકારી, બે ચાર સિંહનાં બચ્ચાંઓ, સિંહની ચરબી, દીપડાનાં ચામડાં કે નખ, મધના શીશા, અરીઠા અને ચણોઠી, નવાબની હઝુરમાં આવી ધરતા અને ગિરનું રક્ષણ કરવાનું કપરું કામ કરવા બદલ મોટાં ઈનામ લઈને પાછા જતા. રાજવંશી મહેમાનો, અંગ્રેજ અમલદારો કે અતિ અગત્યની વ્યક્તિઓ અહીં શિકાર અર્થે આવતા ત્યારે ગિરનું મહત્ત્વ વધતું. પરંતુ તે વનની વનસંપત્તિ કે વન પ્રાણીઓના રક્ષણ માટે કદી પણ કોઈ વ્યવસ્થિત યોજના થઈ ન હતી. શિકાર પ્રસંગે, વનમાં નેસડાઓ વસવા દેવામાં આવતા અને તેના માલધારીઓ, કઠિયારાઓ કે સીદીઓને, શિકાર વગેરે પ્રસંગે બોલાવી લેવામાં આવતા.

ગિરના મહાલનું મુખ્ય મથક છેલણા હતું, જે પાછળથી સાસણ કરવામાં આવ્યું. ગિરના અધિકારી ચિશ્તી મકબુલમીયાં ફૈઝદીનમીયાં જંગલની આબાદી માટે તથા ઉત્પન્ન વધારવા માટે વારંવાર વિચારતા પણ તેનો સમય બહુધા હઝુરમાં જતો, તેથી તે સક્રિય રીતે કાંઈ કરી શકયા નહિ. પરંતુ તેણે રસુલખાનને તે માટે વારંવાર વિનંતી કરેલી. ગિરમાં વહીવટદાર પણ નીમવામાં આવેલા, પરંતુ ગમે તે કારણે ગિર, શિકારગાહ અને બહારવટિયાના આશ્રયસ્થાન માટેનો જ પ્રદેશ રહ્યો. આ દરમ્યાન વારંવાર હઝુરમાં જતાં આસિસ્ટંન્ટ પોલીસ સુપરિટેન્ડેન્ટને શ્રી હરપ્રસાદ ઉદયશંકર દેશાઈને જૂનાગઢના પોલીસ સુપરિટેન્ડેન્ટના પદ ઉપર બઢતી આપવા માટે નવાબે બોલાવ્યા ત્યાં અકસ્માત ગિરની વાત નીકળી. ફકીરમહમદના બહારવટામાં ગિરના ખૂણે ખૂણા ખૂંદી નાખનાર આ અમલદારે તેની વિગતો આપી તથા વિકાસની યોજના પણ મૂકી, નવાબ રસુલખાને તેથી તેને ગિર આબાદી અધિકારી તરીકે, દીવાની, ફોજદારી મેજીસ્ટ્રેટની સત્તાઓ, મહેસૂલની અસાધારણ સત્તાઓ તથા સમગ્ર જંગલખાતાની સંપૂર્ણ સત્તાઓ આપી નિમણૂક કરી.

તેણે આ જગ્યાનો ચાર્જ તારીખ ૨૨-૯ ૧૯૦૩ના રોજ લીધો અને તરત જ પોતાની યોજનાને મૂર્ત સ્વરૂપ આપવા કામગીરી શરૂ કરી. તેણે જંગલના બે વિભાગો પાડી ઘન જંગલને રક્ષિત વન તરીકે વિકસાવ્યું તથા શુષ્ક જંગલની જમીનો ખેડવા માટે લાયક બનાવી હાલાર, ગોંડલ અને અન્ય પ્રદેશોમાંથી પ્રજાને લાવી વસાવી. રક્ષિત વન માટે ધારાનો મુસદ્દો ઘડી દીવાનને મોકલતાં તા. ૧૬-૩-૧૯૦૮થી તે અમલમાં આવ્યો. શ્રી હરપ્રસાદ દેશાઈએ, જંગલખાતાના પોતે ઘડેલા નિયમોને ધારાના સ્વરૂપમાં, દીવાન દફતર જાવક નં. ૫૩૦/૬૧ તારીખ ૧૭-૧૦-૧૯૦૪ના હુકમથી ફોરેસ્ટ ધારો પસાર કરાવ્યો.

ભયાનક અને વિકરાળ વનમાં તેણે બે વર્ષના ટૂંકા ગાળામાં એકવીસ નવાં ગામો વસાવ્યાં અને ઉજ્જડ પડેલાં સોળ ગામો ફરીથી આબાદ કર્યાં. તેમ કરી રાજ્યને વાર્ષિક રૂા. ચાર લાખની આમદાની કરી આપી અને ત્રીસ હજાર માણસની વસતી વધારી આપી. તેના કાર્યથી પ્રસન્ન થઇ દીવાન બહેચરદાસ વિહારીદાસે તેના જાવક નં. ૧૫૧૨ તારીખ ૩૦-૧૧-૧૯૦૪થી નવાબને નિવેદન કરી શ્રી હરપ્રસાદે કરેલા આ ભગીરથ કાર્ય કરવા બદલ શાબાશી આપવા તથા કદર કરવા અનુરોધ કર્યો. ઇ. સ. ૧૯૦૪ તથા ઈ. સ. ૧૯૦૫માં તેમના કાર્યની રાજ્યે પ્રશંસા કરી અને રાજકર્તાએ કદર કરી.

શ્રી હરપ્રસાદ દેશાઈએ ગિરની સેમ્પલ સર્વે કરી. વન પ્રાણીઓ અને પક્ષીઓની ખાસિયતો વગેરેનો પણ અભ્યાસ કર્યો અને સિંહોની પ્રથમવાર ગણતરી કરી.

## ચોરવાડનો વિકાસ

ચોરવાડના પ્રસિદ્ધ બાગો વેરાન થઇ ગયા હતા. આંબા, કેળ અને ફળઝાડોની વિપુલતા ભૂતકાળની કહાની થઈ ગઈ હતી. પાનનો તો સદંતર નાશ થઈ ગયો હતો. દીવાન હરિદાસ વિહારીદાસે ઈ. સ. ૧૮૮૭ લગભગ તેના નવનિર્માણ માટે પ્રયોગ કરેલો પણ તે નિષ્ફળતામાં પરિણમ્યો હતો. એમ છતાં રાજ્યની ઈચ્છા ચોરવાડના બાગો તથ વાડીઓ આબાદ કરવાની હતી, તેથી ગિરની આબાદીમાં શતપ્રતિશત ટકા સફળતા મેળવી ચૂકેલા શ્રી હરપ્રસાદ ઉદયશંકર દેશાઈની ચોરવાડમાં નિમણૂક કરવામાં આવી ત્યાં તેણે એકવીસ નવી પાનવાડીઓ, ૭ હજાર કલમી આંબાઓ અને ચાર હજાર બીજાં ફલાઉ ઝાડો વવરાવ્યાં. બાગાયત પાક આપતી વાડીઓની સંખ્યા, 'કૂવાઓ' નવા બનાવી જૂના કૂવાઓ 'સમરાવી' વધારી. ચોરવાડ પાસે મેગળ નદીમાંથી તેણે કેનલા

કાઢી કેનાલ ઉપર વાડીઓ કરાવી. શ્રી હરપ્રસાદ દેશાઈની કામગીરી માટે રાજ્યે દીવાન દફતર જાવક નં. ૧૩૧૧ તારીખ ૨૮–૩–૧૯૦૯, નં. ૧૧૭૧ તારીખ ૧૪ ૭–૧૯૦૯, નં. ૬૦૬ તારીખ ૧–૬–૧૯૧૦ માં તેની અપ્રતિમ વ્યવસ્થા શક્તિ, સિદ્ધિ અને સફળતા માટે પ્રશંસાનાં પુષ્પો વર્ષ્યાં છે તથા તેને શ્રેષ્ઠ અમલદાર તરીકે વર્ણવ્યા છે.

આજે કેશર નામથી જાણુતી કેરી ત્યારે સાલેભાઈની આંબડી કહેવાતી, તેની કલમો તૈયાર કરાવી તેનો પ્રચાર કરવાનો યશ પણ તેને ફાળે જાય છે.[1]

## દીવાનો

### શ્રી. હરિદાસ વિહારીદાસ દેસાઇ

નવાબ બહાદરખાનના સમયમાં, ઇ. સ. ૧૮૮૩માં દીવાનપદે આવેલા દેસાઈ હરિદાસ વિહારીદાસ, નવાબ રસુલખાન ગાદીએ આવ્યા પછી પણ ચાલુ રહ્યા. ઈ. સ. ૧૮૯૩માં તેમણે નિવૃત્ત થવા માટે નિવૃત્તિ પૂર્વેની ચાર માસની રજા માગી અને તે મંજૂર થતાં તારીખ ૨૮–૫–૧૮૯૩ના રોજ નડીયાદ જવા રવાના થયા.

### શ્રી. ચુનીભાઇ સારાભાઇ

તેના સ્થાને નીમાયેલા દીવાન ચુનીભાઈ સારાભાઈ હઝરત અમદાવાદના નાગર ગૃહસ્થ હતા. તેઓ જૂનાગઢથી તેમજ દેશી રાજ્યોના રાજકારણુથી અપરિચિત ન હતા. તેમ છતાં, રાજસ્થાનિક કોર્ટ તેના કાર્યક્ષેત્રની બહાર જઈ રહી છે અને તેનાથી રાજ્યના અધિકાર અને હક્કોને વિપરિત અસર પહોંચે છે. તેથી તે નાબૂદ થવી જોઈએ. અને સૌરાષ્ટ્રની રેલવે ઉપર એજન્સીનો અંકુશ હતો તે ઉઠાવી લઈ જે તે રાજ્યને રેલવે સોંપી દેવી જોઈએ એ પ્રશ્નો પરત્વે તે એજન્સી અધિકારીઓ સાથે ઘર્ષણમાં આવ્યા. દરમ્યાનમાં ઇ સ.

---

1 ગિરની આબાદી તથા ચોરવાડનો વિકાસ તે શ્રી હરપ્રસાદ ઉદયશંકર દેશાઈના પુરુષાર્થ, બુધ્ધિ, શક્તિ, પ્રતિભા અને શ્રમનું પરિણામ છે. (તેની વિસ્તૃત વિગતો 'પિતૃતર્પણ'માં આપવામાં આવી છે.) એક લેખક મહાશયે આ વિષયની વિગતો સરકારી દફતર જોવા સિવાય વિકૃત સ્વરૂપે આપી હોવાથી આ સ્થળે તેની વિસ્તૃત માહિતી આપવાનું આવશ્યક બન્યું છે સદગત્ હરપ્રસાદ દેશાઇ લેખકના પિતાશ્રી હોવાથી આ ચર્ચા કંઈક અંશે અંગત થઈ જતી જણાય છે, પરંતુ તે અનિવાર્ય છે. શ્રી હરપ્રસાદ દેશાઇની કાર્યશક્તિ, સિધ્ધિ, વગેરે માટે જુઓ 'પિતૃતર્પણ'—શં. હ. દેશાઈ

૧૮૯૩માં પ્રભાસપાટણમાં કોમી ઉપદ્રવ થયો અને એજન્સીને હસ્તક્ષેપ કરવાનું યોગ્ય કારણ મળી જતાં, શ્રી. ચુનીલાલને બ્રિટિશ સેવામાં પાછા બોલાવી લેવામાં આવ્યા અને રાજ્યે શ્રી. હરિદાસ વિહારીદાસને બોલાવી પુનઃ દીવાનગીરી સોંપી.

શ્રી. હરિદાસ, વયના કારણે સંપૂર્ણ નિવૃત્તિ ઈચ્છતા હતા તેથી તેણે મુક્ત થવા માટે પુનઃ વિનંતી કરી અને તેનો સ્વીકાર થતાં તારીખ ૧૬-૧-૧૮૯૫ના રોજ તેમણે જૂનાગઢ રાજ્યની દીવાનગીરી છોડી દીધી.

## શ્રી. શ્યામજી કૃષ્ણવર્મા

આ સમયે એજન્સીના અમુક વરિષ્ઠ અધિકારીઓનો અભિપ્રાય એવો હતો કે મુસ્લિમ રાજ્યનો દીવાન મુસ્લિમ જ હોવો જોઈએ. તેથી રાજ્યે શ્રી બદરૂદ્દીન તૈયબજી અથવા અબ્દલા મહેરઅલી ધરમશીને દીવાનપદે લઈ આવવા વિચાર્યું. પણ પોલિટિકલ એજન્ટ કર્નલ હેંકોકે તેમનો પ્રસ્તાવ સ્વીકાર્યો નહિ. દરમ્યાન રાજ્યના સલાહકાર શ્રી મનસુખરામ સૂર્યરામ ત્રિપાઠીની સૂચનાથી કચ્છના ભણશાલી શ્રી શ્યામજી કૃષ્ણવર્માની નવાબ સાહેબે દીવાન તરીકે, નિમણુક કરી દીધી. એજન્સીએ પણ ગમે તે કારણે વાંધો લીધો નહિ.

શ્રી શ્યામજી કૃષ્ણવર્મા, મુંબઈના શેઠ છબીલદાસના જમાઈ થતા અને છબીલદાસ શ્રી મનસુખરામના મિત્ર હતા. શ્યામજી મૂળ કચ્છ માંડવીના વતની હતા અને ઈંગ્લાંડ જઈ બેરિસ્ટર થઈ આવેલા. તેઓ ઓકસફર્ડ યુનિવર્સિટીના એમ. એ. પણ હતા અને થોડા સમય ઓકસફર્ડની એક કોલેજમાં સંસ્કૃત અને મરાઠીના અધ્યાપક પણ હતા. ભારતમાં આવી રતલામ અને ઉદયપુર રાજ્યોનાં મંત્રી મંડલમાં તેમણે કામ કરેલું. તેથી શ્રી બહાઉદ્દીનભાઈની સમ્મતિથી શ્રી મનસુખરામે દીવાનપદ માટે તેમના નામનું સૂચન કરેલું.

શ્રી શ્યામજી કૃષ્ણવર્માએ તેની જગ્યાનો ચાર્જ તારીખ ૧૬-૧-૧૮૯૫ના રોજ લીધો અને થોડા જ દિવસોમાં વજીર બહાઉદ્દીનભાઈ તથા નાયબ દીવાન પુરુષોત્તમરાય ઝાલા સાથે ઘર્ષણમાં આવ્યા. તેનો સ્વભાવ પણ ઉગ્ર અને ઉતાવળીઓ હતો, તેથી વરિષ્ઠ અધિકારીઓનું અપમાન કરવાના પણ ઘણા પ્રસંગો ઉપસ્થિત થયા અને તેની વિચિત્ર રીતભાતના કારણે પ્રજા પણ ત્રાસી ગઈ.

આ સમયે રાજકોટના પ્રખર ધારાશાસ્ત્રી અને રાજપુરુષ શ્રી કલ્યાણરાય જેઠાભાઈ બક્ષી, પ્રતિમાસ અમુક દિવસો માટે હઝુર અદાલતના સભાસદ તરીકે જૂનાગઢ આવતા, તેના દ્વારા પોલિટિકલ એજન્ટને શ્રી શ્યામજી કૃષ્ણવર્માની અનિચ્છનીય પ્રવૃત્તિ અને ઉદ્ધત સ્વભાવની જાણ કરી તેને છૂટા

કરવાની અનુમતિ મેળવી નવાબે તેને ઈ. સ. ૧૮૯૫ના જૂન માસમાં જ મુક્ત કર્યા.

શ્રી શ્યામજી કૃષ્ણવર્માના સાળા કરશનદાસ બેરિસ્ટરને સદર અદાલતના જજ તરીકે નીમેલા. તેણે પણ શ્યામજીને તેની વિદાય સમયે કાંઈ સુવિધા આપી નહિ અને અપમાનિત સ્થિતિમાં તે જૂનાગઢ છોડી ગયા. તેઓ ત્યાંથી ઈંગ્લાંડ ગયા અને ત્યાં પણ રહેવાનું યોગ્ય ન જણાતાં તે સ્વીટઝરલેન્ડમાં રહેવા ગયા. ત્યાં તેણે તેનું શેષ જીવન, એક ક્રાન્તિકારી તરીકે વિતાવી ઈ. સ. ૧૯૪૮માં ગુજરી ગયા. જૂનાગઢની આમ જનતા 'કચ્છથી કજાડો એક ઉતર્યો એનું સામજી કરશન નામ રે' એ રાસડાથી તેને જાણ્યે અજાણ્યે હજી યાદ કરે છે.

શ્રી શ્યામજી કૃષ્ણવર્મા પાછા જતાં દીવાનપદ માટે સુયોગ્ય વ્યક્તિનું સંશોધન શરૂ થયું. તે દરમ્યાન નાયબ દીવાન શ્રી પુરુષોતમરાય ઝાલાને કાર્ય-વાહક દીવાન તરીકે નીમવામાં આવ્યા. ત્યાં તેને ગમે તે કારણે કાયમ કરવામાં આવ્યા નહિ. પરંતુ ઈ. સ. ૧૮૯૫માં પરલોકવાસી થયેલા ભૂતપૂર્વ દીવાન હરિદાસ વિહારીદાસ દેસાઈના ભાઇ રાવબહાદુર બહેચરદાસ વિહારીદાસને કાર્યવાહક દીવાન તરીકે નીમવામાં આવ્યા. તેઓ ઈ. સ. ૧૮૯૯ના અંતમાં નિવૃત્ત થયા અને તેને સ્થાને એજન્સીની અનુમતિ મેળવી શ્રી ચુનીલાલ સારાભાઈ હઝરતને પુનઃ નિયુક્ત કરવામાં આવ્યા.

## શ્રી ચુનીલાલ સારાભાઈ

શ્રી ચુનીલાલ સારાભાઈ, ઈ. સ. ૧૮૯૩માં દીવાનપદે હતા. તે પૂર્વે તેઓ એજન્સીમાં ડેપ્યુટી પોલિટિકલ એજન્ટ હતા, તેમજ સૌરાષ્ટ્રના વાંકાનેર વગેરે રાજ્યોમાં વરિષ્ટ પદો ભોગવી ચૂકેલા હતા. કચ્છમાં તેઓ નાયબ દીવાન હતા અને તેથી તેને વહીવટી કામનો વિશાળ અનુભવ હતો. તેઓ નિમકહલાલ, વફાદાર અને નિડર નાગર મુત્સદીઓની પરંપરામાં ઉછરેલા હતા. બ્રિટિશ સરકારના નોકર હોવા છતાં તેઓ જે રાજ્યની નોકરી કરતા તે રાજ્યના હિત કે હક્કને જોખમાવતા એજન્સીના કે સરકારના હુકમોને સહેજ પણ સંકોચ વગર પડકાર કરતા. તેઓ આખો દિવસ ઑફિસમાં બેસી અરજદારોને નિયમિત રીતે સાંભળી પ્રજાજનોની ફરિયાદો દૂર કરતા.

તેના સમયમાં નાયબ દીવાનપદે ઈ. સ. ૧૮૮૩થી શ્રી પુરુષોત્તમરાય સુંદરજી ઝાલા હતા. શ્રી ચુનીલાલને રાજ્યખટપટના કારણે ઈ. સ. ૧૯૦૩માં રાજીનામું આપવું પડયું અને તે તારીખ ૧–૮–૧૯૦૩ના રોજ છૂટા થઈ

ચાલ્યા ગયા.[1]

## શ્રી પુરુષોત્તમરાય ઝાલા

બાબી વંશના સ્થાપક શેરખાનના મંત્રી જગન્નાથ ઝાલાના ભાઈ રૂદ્રજીના પુત્ર અમરજીના ત્રણ પુત્રો હતા. તેમાં ગોવિંદજી તથા ઈંદ્રજી જૂનાગઢમાં દીવાન પદે આવેલા. ત્રીજા ભાઈ વલ્લભજીના પુત્ર સુંદરજી હતા તે નવાબ મહાબતખાન બીજાના રહસ્ય મંત્રી હતા. નવાબ ઈ. સ. ૧૮૭૭માં દિલ્હી દરબારમાં જવાના હતા ત્યારે સુંદરજી વેરાવળ બંદરે એકાએક બીમાર થઈ જતાં નવાબે તેની અવજી તેના માત્ર પંદર વર્ષની વયના પુત્ર પુરુષોત્તમરાયને સાથે લીધા. નવાબ દિલ્હી હતા ત્યાં જ સુંદરજીનો દેહાન્ત થયાના સમાચાર મળ્યા તેથી તેણે ત્યાં જ પુરુષોત્તમરાયને તેના પિતા રહસ્ય મંત્રી હતા તે પદ ઉપર નિયુક્ત કર્યા.

ઇ. સ. ૧૮૮૩માં તે હજુર આસિસ્ટંટ થયા અને તે જ વર્ષમાં દીવાન સાલેહ હિન્દી છૂટા થતાં તેને નાયબ દીવાનને પદે નીમવામાં આવ્યા. આ રીતે તેણે ઈ. સ. ૧૮૮૩ થી ઈ સ. ૧૯૦૩ સુધી વીસ વર્ષો પર્યંત જૂનાગઢ રાજ્યમાં એક ધારો અધિકાર ભોગવ્યો અને ત્રણ રાજકર્તાઓની સેવા કરી. શ્રી ઝાલાએ તેની કારકીર્દિ દરમ્યાન, રસુલખાનને ગાદી અપાવવામાં, દીવાનોની પસંદગી કરવામાં, બહારવટિયાઓને પારપત કરવામાં, રાજ્યમાં અનેક પ્રકારના વહીવટી સુધારાઓ કરવામાં અગત્યનો ભાગ ભજવ્યો. વજીર બહાઉદ્દીનભાઈ સાથે સારો મેળ રાખી, રાજ્યમાં અને રાજ્ય બહાર નામના અને કીર્તિ મળે તેવાં રાજ્યહિતનાં કાર્યો કર્યાં.

જૂનાગઢ રાજ્યનો વિસ્તાર દીવાન અમરજી અને તેના પુત્રો રઘુનાથજી અને રણછોડજીએ તલવારના બળથી વધાર્યો, ત્યારે શ્રી ઝાલાએ તેના બુદ્ધિબળ કુનેહ અને રાજનીતિથી ગીરાસદારો પાસેથી ઘણી જમીનો મેળવી તે કાર્ય કર્યું. આ મહાન મુત્સદ્દીએ, તેની પ્રતિભા, વિચક્ષણતા અને કુશળતાથી જૂનાગઢ રાજ્યને તત્કાલિન રાજ્યોમાં અગ્રિમ સ્થાન અપાવ્યું. પરંતુ રાજ્યહિત કરવાના અદમ્ય ઉત્સાહમાં તેણે પ્રજાના એક વર્ગનો દ્વેષ અને અંગ્રેજ અધિકારીઓનો વિરોધ વહોરી લીધો.

વજીર બહાઉદ્દીનભાઇ વૃદ્ધ થયા હતા અને તેની લાગવગ રાજ દરબારમાં ન્યૂન થઈ ગઈ હતી. યુવરાજ શેરઝમાનખાન વયમાં આવતાં રાજ્યવહીવટમાં

---

1 તેઓ તે પછી કચ્છના મુખ્ય દીવાનપદે નીમાયેલા.

અયોગ્ય રીતે હસ્તક્ષેપ કરતા હતા અને તેને તેમ કરતા અટકાવી શકે તેવી વ્યક્તિઓ વજીર અને નાયબ દીવાન હતા, તેથી તેઓ તેને કાંટારૂપ જણાતા હતા. આવતી ઉપાધિનાં એંધાણ અગાઉથી પામી જઈ શ્રી પુરુષોત્તમરાય ઈ. સ. ૧૮૯૭માં લાંબી રજા લઈ તેમની જાગીરના ગામ બહાદરપુરમાં રહેવા ચાલ્યા ગયા. દરમ્યાન યુવરાજના પાસવાનો અને હજુરીયાઓ પૈકી કેટલાકને એજન્સીની ભલામણથી નવાબ રસુલખાને હદપાર કર્યા અને આ કૃત્ય નાયબ દીવાનની ખટપટથી થયું છે તેમ માની લઈ યુવરાજની તેના પ્રત્યે વક્રદૃષ્ટિ થઈ. શ્રી પુરુષોત્તમરાયે બે વર્ષની રજા માગી, પરંતુ તે પણ નામંજૂર થઈ. તે પછી યુવરાજનો પક્ષ અને અન્ય વિરોધીઓ ખટપટ કરતા રહ્યા અને અંતે નવાબ રસુલખાનને પણ શ્રી પુરુષોત્તમરાય પ્રતિ અવજ્ઞા થતાં તારીખ ૧-૮-૧૯૦૩ ના રોજ તે રાજીનામું આપી જૂનાગઢમાં રહ્યા, પરંતુ તેને ત્યાં કોઈએ જવું નહિ તેવી રાજ્યાજ્ઞા થઈ. આ આજ્ઞા દીવાન ચુનીલાલને અયોગ્ય અને અન્યાયી જણાતાં તેને જૂનાગઢમાં વિશેષ સમય રહેવાનું અનુચિત જણાતાં તેમણે પણ રાજીનામું આપ્યું અને તેની સાથે વરિષ્ટ અદાલતના ન્યાયાધીશ શ્રી ગુલાબદાસ લાલદાસ નાણાવટી પણ છૂટા થઈ તારીખ ૨૭-૧૦-૧૯૦૩ ના રોજ જૂનાગઢ છોડી ગયા. તે પછી શ્રી પુરુષોત્તમરાયની ધરપકડ કરવાનાં ચક્રો ગતિમાન થયાં પણ આ ચાણક્ય બુદ્ધિ રાજપુરુષને તેની ગંધ આવી જતાં બીજે દિવસે તે પણ જૂનાગઢ છોડી ગયા.

તેમના જૂનાગઢ છોડી જવાના થોડા દિવસો પૂર્વે શ્રી પુરુષોત્તમરાયે, 'બાબી રૂલર્સ ઓફ સોરઠ' વીથ એ શોર્ટ એકાઉન્ટ ઓફ ધેઅર એડમિનીસ્ટ્રેશન' અને 'એ સિનોપ્સીસ ઓફ ધી ઓફિસીસ એન્ડ ડીપાર્ટમેન્ટસ ઈન ધી એડમિની-સ્ટ્રેશન ઓફ બાબી રૂલર્સ ઓફ જૂનાગઢ સ્ટેટ' નામનાં બે અંગ્રેજી પુસ્તકો, રાજ્ય પ્રકાશન તરીકે બહાર પાડયાં. કહેવાય છે કે આ બન્ને પુસ્તકો, શ્રી ગુલાબદાસ લાલદાસે બહુજ થોડા દિવસોમાં લખેલાં. આ ગ્રંથો સંક્ષિપ્તમાં ઘણી માહિતી પૂરી પાડે છે.

શ્રી પુરુષોત્તમરાય ઝાલાએ તેના અમલ દરમ્યાન ઈ. સ. ૧૮૯૨માં રૂા. ૧,૫૩૦૦૦ની ઉચાપત કરી છે તેવો આક્ષેપ મૂકી રાજ્યે તેની તપાસ કરવા એક કમિશન નિમ્યું. તેમાં સર્વશ્રી ગુલામ મહમદ બાવામીયાં મુનશી, ડોસાભાઈ ખરશેદજી ગાંધી અને માણેકલાલ ધારણજીની નિમણૂક કરી. શ્રી પુરુષોત્તમરાયે, શ્રી ગુલામ મહમદ તથા શ્રી માણેકલાલ તેમના અંગત વિરોધી અને દ્વેષી છે તેવો વાંધો લેતાં તેના અવેજી સર્વશ્રી જે. જે. ગઝદર અને મહમદ અમીન ફકીહની નિમણૂક કરવામાં આવી.

આ કમિશને તારીખ ૮-૧૦-૧૯૦૬ થી તારીખ ૧૭-૧૦-૧૯૦૬ સુધી તપાસ કરી તેમનું નિવેદન તારીખ ૧૮-૧૦-૧૯૦૬ના રોજ રાજ્ય સરકારને મોકલી આપ્યું; તે અનુસાર દીવાને તેને રાજ્ય પીનલ કોડની કલમ ૪૦૬ નીચે ગુનેગાર ઠરાવી રૂપિયા ૧,૫૩૦૦૦ જેટલી જ કિંમતની શ્રી ઝાલાની સ્થાવર મિલકત ખાલસા કરવા તથા રૂપિયા ૨૦,૦૦૦નો દંડ વસૂલ લેવાનો ઠરાવ કર્યો. આ ઠરાવના આધારે શ્રી પુરુષોત્તમરાયનાં જૂનાગઢનાં મકાનો, બહાદરપુર ગ્રામ તથા ગાંગેચાની તેની પાટી ખાલસા કરવામાં આવ્યાં.

શ્રી પુરુષોત્તમરાયના અંગત માણસો જેવા ગણાતા સર્વશ્રી જાદવરાય હરિશંકર વસાવડા,[1] ભૂપતરાય ત્રિકમજી વૈષ્ણવ,[2] રવિશંકર જીવણજી ઘોડા;[3] અને બીજા અનેક અધિકારીઓને બરતરફી મળી. શ્રી જાદવરાય તથા શ્રી ભૂપતરાયની જાગીરો પણ ખાલસા થઈ.

શ્રી પુરુષોત્તમરાયે રાજ્યના આ અન્યાયી ઠરાવ સામે અપીલ કરવા વ્યર્થ પ્રયત્નો કર્યા, પરંતુ રસુલખાનના મૃત્યુ પછી તેણે કરેલા પ્રયાસમાં સફળતા મળી અને હિન્દી સરકારની આજ્ઞાથી બ્રિટિશ એડમિનીસ્ટ્રેટર મિ રેન્ડોલે, મિ. હોલાંડ નામના ન્યાયાધીશની નિમણૂક કરી. તેણે ફરીથી કેસ ચલાવી તારીખ ૨૫-૨-૧૯૧૮ના રોજ તેનું નિવેદન મુંબઈ સરકારને મોકલ્યું અને ત્યાંથી તારીખ ૨૨-૯-૧૯૧૮ના ઠરાવથી શ્રી. પુરુષોત્તમરાયને તેમની ખાલસા થયેલી મિલકતના બદલામાં રોકડ રકમ આપી દેવાનો ઠરાવ થયો છતાં તેને જૂનાગઢમાં પ્રવેશ કરવા સામે પ્રતિબંધ હતો તે ચાલુ રહ્યો.

ગુજરાતમાં પુરુષોત્તમદાસને 'દાસ' અને પુરુષોત્તમરાયને 'રાયજી'ના ટૂંકા નામથી બોલાવવાની પધ્ધતિ છે તે અનુસાર દીવાન હરિદાસ તેમને રાયજી કહેતા તેથી તેનું પ્રસિધ્ધ નામ રાયજી સાહેબ થઇ ગયું.

તેમનું ઇ. સ. ૧૯૩૩ના મે માસની ૮મી તારીખે મુંબઈમાં અવસાન થયું.[4]

દીવાન ચુનીલાલ સારાભાઈની વિદાય પછી રા. બ બહેચરદાસ વિહારીદાસ ઈ. સ. ૧૯૦૩માં ચાર વર્ષની ગેરહાજરી પછી પુનઃ દીવાનપદે આવ્યા. તેમના નાના ભાઈ શ્રી ગોપાલદાસ ઉર્ફે નાના સાહેબ, યુવરાજના મંત્રીપદે નિયુક્ત

---

1 શ્રી પુંજાભાઇ તથા ઈન્દુભાઇ વસાવડાના પિતાશ્રી.

2 શ્રી પ્રમોદરાય, શ્રી જશવંતરાય, શ્રી છોટુભાઈ વૈશ્નવના પિતાશ્રી.

3 શ્રી લક્ષ્મીરાય તથા શ્રી મહેન્દ્રરાય મોતીલાલ ઘોડાના પિતામહ.

4 શ્રી. પુરુષોત્તમરાયના જીવનના પ્રસંગો માટે જુઓ 'મંત્રીશ્વર શ્રી. રાયજી સાહેબ' શ્રી. જ. પુ. જોશીપુરા.

થયા અને નડીયાદના પાટીદાર શ્રી. ગોકુલભાઈ બેરિસ્ટર, ન્યાય ખાતામાં સદર અદાલતના જજ તરીકે આવ્યા. તે સાથે બીજા નાના મોટા અધિકારીઓની પણ આયાત કરવામાં આવી.[1]

જૂનાગઢમાં સ્થાનિક અધિકારીઓનું નિર્બળ છતાં ગણનાપાત્ર જૂથ જુદું પડી ગયું. આ જૂથની નેતાગીરી, નવાબના અંગત મંત્રી શ્રી છોટાલાલ મથુરાદાસ બક્ષીએ સંભાળી તે સાથે સર્વોચ્ચ ન્યાયાધીશ શ્રી. કલ્યાણરાય બક્ષી[2] રાજ્ય સેવાનો ત્યાગ કરી ગયા.

## શ્રી. છોટાલાલ બક્ષી

નવાબ રસુલખાનના રહસ્ય મંત્રી શ્રી છોટાલાલ બક્ષી તે કાલના એક ભદ્ર અને પ્રતિષ્ઠિત રાજપુરુષ હતા. તેઓ ઈ. સ. ૧૮૮૧ માં જૂનાગઢ રાજ્યના વરિષ્ટ ન્યાયાધીશના પદે નીમાયા અને ઈ. સ. ૧૮૯૨માં તેમને નવાબના હજુર સેક્રેટરી પદે નીમવામાં આવ્યા જ્યાંથી તેઓ નવાબના મૃત્યુ પછી ઇ. સ. ૧૯૧૧ માં નિવૃત્ત થયા. તેમને નવાબે તળીયાધર ગામ આપેલું.

તેમના પિતા મથુરાદાસ બક્ષી જૂનાગઢ રાજ્યના મુખ્ય મહેસુલી અધિકારી હતા, અને તે પૂર્વે દફતરી અને બક્ષી દફતરના અધિકારી હતા. જ્યારે નવાબ મહાબતખાન બીજા સામે મોટો ભય ઉત્પન્ન થયો ત્યારે નવાબના ખાનગી તોશાખાના, જામદારખાના વગેરેની તેણે મોટા જોખમે રક્ષા કરેલી. તેના પિતામહ કહાનદાસ બક્ષી પણ એક ભદ્ર પુરુષ હતા. તેમણે રાજપીપળા, નંદરબાર, પાટણ, વડોદરા, પોરબંદર વગેરે સ્થળે મુલ્કી તેમજ ફોજી નોકરી કરેલી. તેના પિતા તાપીદાસ વડોદરા રાજ્યના દીવાન હતા. કહાનદાસને નવાબ હામેદખાને પોતાના રહસ્ય સચિવ અને બક્ષી પદે નીમેલા અને તેની નોકરીની કદર કરી વાડાસીમડી ગામ ઈનામ આપેલું. તેણે પોતાના સમયનો ઈતિહાસ આલેખતું આત્મચરિત્ર લખ્યું છે.[3] તાપીદાસ પણ પ્રખર રાજપુરુષ હતા. તેના ભાઈ ત્રિકમદાસ ગાયકવાડની સેવામાં હતા ત્યાં તેમણે જાગીરો અને વતન મેળવેલાં. તેના વંશજો આજ પણ મજમુદારો તરીકે જાણીતા છે.

---

1 શ્રી ગોપાલદાસની કારકીર્દિના કેટલાક પ્રસંગો માટે જુઓ 'પિતુતર્પણ' સં. હ. દેસાઇ.

2 રાજકોટના આ વિખ્યાત રાજપુરુષ, રાજ્યકીય પરિષદના પ્રથમ પ્રમુખ, પોરબંદર રાજ્યના એડમિનીસ્ટ્રેટર અને ઈડરના દીવાન હતા. કલ્યાણરાય જેઠાબક્ષીનું જીવન ચરિત્ર.

3 અપ્રગટ.

તાપીદાસના પિતા ભવાનીદાસ[1] એક યુદ્ધવીર અને મુત્સદ્દી હતા. કહાનદાસના બીજા પુત્ર દ્વારકાદાસના વંશજો પણ આજ બક્ષી સંજ્ઞાથી ઓળખાય છે.

શ્રી છોટાલાલ બક્ષીના પુત્ર વૈકુંઠરાય બક્ષી[2] પણ શાહઝાદાના અંગત સચિવ હતા. આમ બક્ષી કુટુંબે એ સમયની રાજરમતમાં અગત્યનું સ્થાન ભોગવ્યું.

## ખટપટ

રાજ્યમાં નાગરો અને ગુજરાતીઓના બે પક્ષો પડયા, પરંતુ રાજકર્તા અને યુવરાજ ગુજરાતી પક્ષની પીઠ પાછળ હોવાથી તેના વિરૂદ્ધ કંઇ પણ કાર્યવાહી કરવાનું શકય ન હતું. દરબાર ગોપાલદાસે તથા શ્રી ગોકુલજીભાઈએ એજન્સીના અધિકારીઓ સમક્ષ, રાજકર્તા અને તેના સલાહકારો સમક્ષ અને અન્ય પ્રજા સમક્ષ નાગરો નિમકહરામ છે અને અનીતિને માર્ગે ધન ઉપાર્જન કરે છે એમ પ્રત્યક્ષ રીતે દર્શાવવા, જૂનાગઢમાં આવેલી 'મોટી વાંકાનેર નાટક કંપની' પાસે ભક્ત કવિ નરસિંહ મહેતાનું એક નાટક ભજવવાની યોજના કરી. આ નાટક બહાઉદ્દીન કૉલેજના મધ્યખંડમાં ભજવવાનું હતું અને તેમાં એજન્સીના અધિકારીઓ ઉપસ્થિત થવાના હતા, તેથી એક અંગ્રેજી પુસ્તિકા છપાવી તેમાં નાગરો ઉપર ટીકા કરવામાં આવેલી. નાટકમાં નરસિંહ મહેતાનું પાત્ર ભજવતા નટ ત્ર્યંબકલાલ ત્રવાડીના મુખમાં નાગરો માટેના અઘટિત શબ્દોનું ઉચ્ચારણ થયું ત્યારે ખંડમાં મોટી ધાંધલ મચી ગઈ. પોલિટિકલ એજન્ટ તથા યુવરાજને ખંડમાંથી ઊઠી જવું પડયું અને પ્રયોગ બંધ કરવાની ફરજ પડી. આ પ્રશ્ન કાઠિયાવાડ ટાઈમ્સ તથા સૌરાષ્ટ્રની જનતાએ ઉપાડી લીધો. પ્રજામાં એટલી ઉગ્રતા વ્યાપી ગઈ કે શ્રી ગોકુલભાઈને રાજ્ય સેવાનો ત્યાગ કરવાનું અનિવાર્ય બન્યું અને બરબાર ગોપાલદાસે માફામાફી કરી મામલો શાંત પડયો.[3]

---

1 જુઓ પ્રકરણ ૪થું પાનું ૧૦૫

2 શ્રી બાણુરાય તથા શ્રીનિવાસ બક્ષીના પિતાશ્રી.

3 ઘણાં વર્ષો પૂર્વેની આ પ્રકારની ખટપટની યથાર્થતા માટે ચર્ચા કરવાનું આવશ્યક છે. તે કાલે ભદ્ર પુરુષોની શક્તિનો આત્રી જ રાજરમતોમાં વ્યય થતો. તે સમયની સ્થિતિ, સંજોગો પ્રમાણે સહુએ પોત પોતાનો ભાગ ભજવ્યો હશે, તેના ગુણદોષની ચર્ચા કરવાનું અનુચિત છે-લેખક

## દીવાન સર અબ્બાસઅલી બેગ

ઈ. સ. ૧૯૦૬ના ડીસેમ્બરમાં રા. બ. બહેચરદાસે પણ રાજીનામું આપ્યું અને તેને સ્થાને સિકંદરાબાદના સર અબ્બાસઅલી બેગની નિમણૂક કરવામાં આવી. શાળા નિરીક્ષકના પદથી નોકરીનો પ્રારંભ કરી જંજીરાના દીવાનનું અને મુંબઈ સરકારના ઓરીએન્ટલ ટ્રાન્સલેટરનું પદ પ્રાપ્ત કરેલા સર અબ્બાસ જૂનાગઢના દીવાન પદે આવતાં પ્રજામાં નવી આશાઓ અને આકાંક્ષાઓ જન્મી, પરંતુ તે પણ સ્થાનિક ખટપટમાં ઓતપ્રોત થઈ ગયા.

સર અબ્બાસઅલી બેગની નિમણૂક ઇ. સ. ૧૯૧૦માં ઈન્ડિયા કાઉન્સીલમાં થતાં તેઓ ઈંગ્લાંડ ગયા અને તેની અવજી કાર્યવાહક દીવાન તરીકે અમદાવાદના શ્રી કુરેશી જે અહિં નાયબ દીવાન હતા તે નીમાયા.

સર અબ્બાસની ઈચ્છા તેને દીવાનપદે કાયમ કરવાની હતી, જ્યારે નવાબની ઈચ્છા તેના સસરા મહમ્મદખાન ફરીદખાનને દીવાન પદ આપવાની હતી. નવાબને તેના પ્રયાસમાં સફળતા મળી નહિ, પરંતુ તે પત્રવ્યવહારના પરિણામે શ્રી કુરેશી કાયમ થઈ શકયા નહિ અને તે માટે કાંઈ વિશેષ પ્રવૃત્તિ થાય તે પહેલાં નવાબ રસુલખાન ગુજરી ગયા.

## શેરઝમાનખાન

નવાબ રસુલખાનના વલીએહદ શાહઝાદા–યુવરાજ–નો જન્મ ઈ. સ. ૧૮૮૧ના માર્ચ માસની ૪થી તારીખે થયો હતો. પ્રાથમિક કેળવણી, ખાતાના શિક્ષકો પાસે જૂનાગઢમાં લીધા પછી. ઈ. સ. ૧૮૯૧થી ઈ. સ. ૧૮૯૯ સુધી તેણે રાજકોટની રાજકુમાર કોલેજમાં અભ્યાસ કર્યો, ત્યાંથી આવી તેણે શ્રી પુરુષોત્તમરાય ભગવતીદાસ નાણાવટી પાસે સાહિત્ય અને ભાષાનો તથા કર્નલ સી. ડબલ્યુ. એચ. સીલી પાસે કાયદા અને વહીવટનું જ્ઞાન લીધું. ઈ. સ. ૧૯૦૩માં મિ. હેસ્કેથ, મિ. સીલીની અવજી તેના ટયુટર થયા. થોડા જ સમયમાં તે કોલેજના પ્રિન્સિપાલ તરીકે નીમાતાં તેની જગ્યાએ કેપ્ટન એચ. જી કાર્નેગીની અને નેટીવ ટયુટર્સ તરીકે ખા બ. (પાછળથી સર) મહેમુદમીયાં ઈમામબક્ષ કાદરી,[1] તથા અલીગઢના પ્રોફેસર ગુરગાનીની નિમણૂક થઇ.

શાહઝાદાએ આ શિક્ષક મંડલ સાથે ભારતની એકથી વિશેષ મુસાફરીઓ કરી. તેમની સાથે અંગ્રેજ અધિકારીઓએ સવિશેષ સહવાસ કેળવ્યો અને

1 તે ઇ. સ. ૧૯૨૯-૧૯૩૧માં જૂનાગઢના વરિષ્ટ ન્યાયાધીશ હતા.

પરિણામે શાહઝાદા, પાશ્ચાત્ય સંસ્કૃતિના રંગે સંપૂર્ણ રંગાઈ ગયા અને કેટલાંક દુર્વ્યસનોના ભોગ બન્યા.

કેપ્ટન કાર્નેગીએ જૂનાગઢમાં આવી, શાહઝાદાને શિક્ષણ આપવાની કામગીરી કરતાં જૂનાગઢની ખટપટમાં સવિશેષ રસ લેવા માંડયો અને પરિણામે શાહઝાદા અને રાજ્યના સ્થંભો જેવા દીવાન પુરુષોત્તમરાય અને વજીર બહાઉદ્દીનભાઈ વચ્ચે મોટું અંતર પાડી દીધું.

કહેવાય છે તે પ્રમાણે કેપ્ટન કાર્નેગીને બંગલે અમુક માણસો મળવા માંડયા અને નવાબ રસુલખાનને પદભ્રષ્ટ કરી શાહઝાદાને ગાદીએ બેસાડવા માટે જુદા જુદા ઉપાયો વિચારતા રહ્યા. દરમ્યાન મુંબઈના ગવર્નર લોર્ડ લેમીંગ્ટન ગિરમાં સિંહના શિકારે આવતાં તે તકનો લાભ લઇ તેના કાનમાં નવાબ વિરૂદ્ધ ઝેર રેડવા અને તેને ગાદી ત્યાગ કરવાની ગવર્નર સલાહ આપે તેવો કેસ કરવા કેપ્ટન કાર્નેગીએ તૈયારી કરી, પરંતુ ગિરમાં શિકાર ડયુટી ઉપર રહેલા અધિકારીઓને આ વાતની જાણ થઈ જતાં તે કાંઈ કરી શકયા નહિ અને જ્યારે આ વાત શાહઝાદાના જાણવામાં આવી ત્યારે તેણે તેના શુભેચ્છકોને ઠપકો આપ્યો.

## કેપ્ટન કાર્નેગી

તા. ૯–૩–૧૯૦૫ના રોજ લોર્ડ લેમીંગ્ટન બીજી વખત શિકારે આવ્યા ત્યારે શિકારમાં ઘાયલ થયેલા વિકરાળ સિંહની પાછળ કેપ્ટન કાર્નેગીના કહેવાથી ગવર્નર, તેના સચિવ ચાર્લ્સ ઈ. ડયુબોલે વગેરે જવા તૈયાર થયા ત્યારે કેમ્પ ઓફિસર શ્રી હરપ્રસાદ દેશાઈએ તેમને શિકારના નિયમોથી વિરૂદ્ધ ઘાયલ સિંહની પાછળ ન જવા સમજાવ્યા પણ કેપ્ટન કાર્નેગી એકના બે ન થયા. ગવર્નર મંડલ ત્રણ વિભાગમાં વહેંચાઈ ગયું અને ઊંચા ઊગેલા ઘાસમાં કેડી ઉપર આગળ વધવા માંડયું. શ્રી હરપ્રસાદ તથા ખોડા નામનો શિકારી અને કેપ્ટન કાર્નેગી ત્રીજા વિભાગમાં હતા, તે કેપ્ટન કાર્નેગીને સમજાવતા હતા કે ગવર્નર જેવી સવિશેષ અગત્યની વ્યકિતનો જાન જોખમમાં મૂકવાનું હિતાવહ નથી. તેઓ એક ઝાડ પાસે આવ્યા ત્યાં ઊંચા ઘાસમાં ઊભા રહી કાર્નેગીએ ખોડાને ઝાડ ઉપર ચડી જોવા કહ્યું. ખોડો ઝાડ ઉપર ચડયો ત્યાં તેના થડ પાછળ જ બેઠેલા સિંહે એકાએક બહાર આવી તરાપ મારી કેપ્ટન કાર્નેગીનું માથું તેના જડબામાં પકડી લીધું. હરપ્રસાદે ગોળી મારી સિંહને ઠાર કર્યો. કેપ્ટન કાર્નેગીના મૃતદેહને ચિત્રાવડના સુતાર ભગવાને તૈયાર કરેલા

કોફીનમાં રાખી રાજકોટ લઈ ગયા, જ્યાં આજ તેની સ્મૃતિમાં નવી હોસ્પિટલ પાસે કાર્નેગી ફાઉન્ટન ઊભો છે.[1]

શાહજાદા શેરઝમાનખાનનાં પ્રથમ લગ્ન, તા. ૧૫-૪-૧૮૯૯ના રોજ રાધનપુરના નવાબ બીસ્મીલ્લાહખાનનાં કુંવરી મુબારકબખ્તે સાથે થયાં. તે પછી બીજાં લગ્ન તા. ૬-૫-૧૮૯૯ના રોજ બાટવાના બાબી દરબાર શેરબુલંદખાનની પુત્રી રહીમબખ્તે સાથે થયાં તથા ત્રીજાં લગ્ન વજીરબેગમ સાથે થયાં. તેમને પ્રથમ લગ્નથી એક કુંવરી થઈ જે બાલ્યાવસ્થામાં મૃત્યુ પામી. બીજી કુંવરી લાલબખ્તેનાં લગ્ન સુખપુર દરબાર ખાનશ્રી એદલખાનજી વેરે તથા ત્રીજી કુંવરી સુબ્હાનબખ્તેનાં લગ્ન વાડાસિનોરના જમીયતખાનજી વેરે થયેલાં.[2]

શેરઝમાનખાન કે જે શેરજુમ્માંખાન કે બાપુ સાહેબને નામે જાણીતા હતા તે તા. ૧૫મી ઓગસ્ટ ૧૯૦૮ના રોજ ગુજરી ગયા.

## કુદરતી આફતો

નવાબ રસુલખાનના સમયમાં ઈ. સ. ૧૮૯૭માં મુંબઈમાં ભયંકર પ્લેગ આવ્યો. તેનો ચેપ પોરબંદરમાં આવ્યો અને ત્યાંથી તેણે કુતિયાણામાં પ્રવેશ કરી માનવ સંહારનું તાંડવ શરૂ કર્યું. આ પ્રસંગે ડો. નરોત્તમદાસ ઈંદ્રજી વૈષ્ણવ તથા આસિસ્ટંટ સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસ શ્રી હરપ્રસાદ ઉદયશંકર દેશાઈએ રાતદિવસ જહેમત ઉઠાવી, કવોરન્ટાઈન કરી, અનેક પ્રકારના ઉપાયોથી રૈયતના જાનમાલનું રક્ષણ કરી કુતિયાણાને મહા વિનાશમાંથી ઉગારી લીધું.

ઈ. સ. ૧૮૯૮માં તેનો પુનઃઉપદ્રવ થયો. ત્યારે રસી મૂકવાનું કાર્ય પ્રથમવાર હાથ ઉપર લેવાયું. તેમ છતાં રાજ્યમાં રોગ જુદે જુદે સ્થળે પ્રસરી ગયો પણ ડોકટરો, અધિકારીઓ અને અન્ય નાગરિકોની પ્રશંસનીય કામગીરીના કારણે

---

1 કેપ્ટન કાર્નેગીના મૃત્યુ બાબતમાં મિ. એસ. ડબલ્યુ. એડવર્ડ્ઝ અને મિ. એલ. જી. ફ્રેઝર લિખિત "રૂલીંગ પ્રિન્સીસ ઓફ ઈન્ડિયા-જૂનાગઢ"માં જણાવ્યું છે કે "જ્યારે કાર્નેગીને સિંહે પકડયા ત્યારે સિંહ ઉપર તાસીરો થયો તેમાં સાતથી આઠ ગોળીઓ નેટીવોએ મારી, કેપ્ટન ફેલ જામ્બેએ પણ એક ઘા કર્યો" તે વિશેષમાં ઉમેરે છે કે 'નેટીવોની હિંમત પ્રશંસનીય હતી." બધું સારું થાય તે અંગ્રેજો જ કરે તેવી માન્યતા, મનોવૃત્તિ અને પૂર્વગ્રહથી ગ્રસિત થયેલા આ અંગ્રેજ લેખકો લખતા નથી છતાં તે વખતે નેટીવોમાં શ્રી હરપ્રસાદ દેશાઈ એકલા જ હતા. બીજા શિકારી પાસે બંદુક જ ન હતી.

2 માહિતી ખા. શ્રી. ગુલામરસુલખાનજી બાબી.

ઈ. સ. ૧૯૦૦માં તે સંપૂર્ણ અંકુશ નીચે આવી ગયો.

ઈ. સ. ૧૮૯૯માં વરસાદ આવ્યો જ નહિ અને ઈ. સ. ૧૯૦૦ના પ્રારંભમાં દુષ્કાળના ઓળા સોરઠ ઉપર ઉતર્યા. છપ્પનિયા નામથી જાણીતા થયેલા આ ભયંકર દુષ્કાળમાં, અન્ય પ્રાન્તોના લોકો સોરઠમાં ઉતરી પડયા. પરંતુ અહીંની સ્થિતિ પણ વિષમ હતી તેથી રાજ્ય સરકારના ભગીરથ પુરુષાર્થ અને પરિશ્રમ છતાં અસંખ્ય પશુઓ અને મનુષ્યો મૃત્યુના મુખમાં કોળીયો થઈ ગયાં.

આ દુષ્કાળ પ્રસંગે રાહત કાર્યો અને સહાય પાછળ રાજ્યે રૂપિયા ૧૯,૭૧૦૯૦નો ખર્ચ કર્યો. પ્રજાએ રૂપિયા ૭૯,૨૪૭ જેટલી રકમનું ફંડ કરી રાજ્યને આપ્યું. તે ઉપરાંત વ્યક્તિગત, ગામાવત અને સંસ્થાગત જે ખર્ચ થયો તેની માત્ર કલ્પનાજ કરવાની રહે છે.

## પ્રકીર્ણ

નવાબ રસુલખાનના સમયમાં, પ્રજાકીય જાગૃતિ ન હતી, પરંતુ સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ થતી રહેતી સભાઓ થતી પણ તે કોઈ ગવર્નર કે વાઈસરોયના હાથે ઉદ્દઘાટન કે, શિલારોપણ વિધિ હોય, કે રાજકર્તાને ચંદ્રક મળે કે વજીર કે દીવાનની વિદાય વખતે કે કોઈ રાજપુરુષના મૃત્યુ વખતે જ. આ સભાઓમાં રાજ્યના અમલદારો ભાષણો કરતા અને પસંદગી પામેલા પ્રજાના આગેવાનો બોલી શકતા. તેમ છતાં પ્રજાનો કેળવાયેલો વર્ગ સાંસ્કૃતિક પ્રવૃત્તિ વગર રોકટોક કરી શકતો. આ સમયે, કોલેજના વિદ્યાર્થીઓએ, યુનિયન કલબ નામની એક કલબ સ્થાપી હતી. તેમાં ભિન્ન ભિન્ન વિષયો ઉપર ચર્ચા વિચારણા થતી. રમતગમત અને મનોરંજનના કાર્યક્રમો પણ કરવામાં આવતા. ઈ. સ. ૧૯૦૫માં કોલેજના વિદ્યાર્થીઓએ, ભક્ત નરસિંહ મહેતાના નાટય પ્રયોગમાં રજૂ થતા સંવાદો સામે વાંધો લઈ મોટું તોફાન કરી સરઘસ કાઢેલું તથા ઈ. સ. ૧૯૦૮ માં લોકમાન્ય તિલક મહારાજને બ્રિટિશ સરકારે ૭ વર્ષની સજા કરી દેશ નિકાલ કર્યા તે પ્રસંગે પણ કોલેજના વિદ્યાર્થીઓએ ત્રણ દિવસની હડતાલ પાડેલી. ધાર્મિક પ્રવૃત્તિ ઉભય કોમની વગર અંતરાયે ફાલીફૂલી રહેતી. કથાઓ, પ્રવચનો અને ઉત્સવો પૂર્ણ સ્વાતંત્ર્યથી અને ઉલ્લાસથી થતા. મિસીસ એની બીસાંટ જૂનાગઢ આવેલાં ત્યારે તેની પાસેથી પ્રેરણા મેળવી થીઓસોફીકલ સોસાયટીની પણ સ્થાપના થઇ. અમુક ગૃહસ્થોએ ટ્રથ સીકીંગ સોસાયટી-સત્ય શોધક મંડલની સ્થાપના કરી તેના ઉપક્રમે વાર્તાલાપો અને વ્યાખ્યાનો યોજ્યાં. શ્રી. લાભશંકર લક્ષ્મીદાસ વૈષ્ણવે, 'જીવદયા બોધક મંડલી' શરૂ કરી જેની પ્રવૃત્તિ સમસ્ત

ભારતમાં પ્રસરી ગઇ અને આજ પણ તે પ્રવૃત્તિ સવિશેષ વિકસિત સ્વરૂપમાં મુંબઈમાં જીવિત છે. પુરાવેત્તા મંડલની પણ આ સમયમાં સ્થાપના થઈ. આ સિવાય બીન રાજકીય મંડલો અને સભાઓ પણ કામ કરતાં.

મનરંજન મણિમાળ નામનું કાવ્યોનું એક માસિક શ્રી છગનલાલ લક્ષ્મીદાસ બૂચ પ્રસિદ્ધ કરતા. સૌરાષ્ટ્ર દર્પણ માસિકનું પણ પ્રકાશન ઈ. સ. ૧૮૯૨ થી ૧૯૦૭ સુધી ચાલુ હતું.

રાજ્ય તરફથી દીપોત્સવી, દશેરા, ઇદ, મહોરમ વગેરે પ્રસંગો ઉજવાતા અને તેમાં પ્રજાજનો ભાગ લેતા મુસ્લિમ રાજકર્તા હોવા છતાં દીપોત્સવી પ્રસંગે રાજમહેલો ઉપર રોશની થતી, શારદા પૂજન થતું, દશેરાની સવારી ચડતી, ઈદની સવારીઓ પણ ચડતી અને મહોરમના તાજીયા દફનના દિવસે, સરકારી તાજીયો પણ નીકળતો. આ તહેવારોમાં હિન્દુ, મુસલમાન સાથે મળી ભાગ લેતા, સવારીમાં હાથી, ઘોડા, મેના, પાલખી, શીબંદી, આરબો વગેરે રાજમાર્ગો ઉપર પૂરતા ઠાઠથી નીકળતા. રાજ્યમાં, હાથીઓ રાખવામાં આવતા. તેમની અગડ સેંટ્રલ જેલ પાસે હતી. જે આજ હાથીખાના નામથી જાણીતી છે. પ્રત્યેક હાથીને નામ આપવામાં આવેલું. તેમાં બહાદરગજ અને મકનો પ્રજાપ્રિય અને મશહૂર હતા. ગેંડાની અગડમાં ગેંડા રહેતા અને ચિત્તાખાનામાં, ચિત્તા રહેતા. સિંહો અને દીપડાઓ સરદારબાગમાં રહેતા. આ જંગલી પ્રાણીઓની તથા હાથીઓની સાઠમારીના ઉત્સવો યોજાતા અને ઘણીવાર પ્રજાને તે જોવાનો લાભ મળતો. તે ઉપરાંત કુકડાઓની લડાઈએ થતી. મલ્લો, કુસ્તીઓ કરતા તથા વ્યાયામનું શિક્ષણ આપતા.

નાટક કંપનીઓને રાજ્ય તરફથી ઉત્તેજન મળતું. રાજમહેલમાં આ કંપનીઓ નાટકો ભજવતી. તે ઉપરાંત ગવૈયાઓ, ઉસ્તાદો, કલાકારો દરબારમાં આવ્યા ગયા કરતા. રસુલખાનના દરબારમાં નર્તકીઓને સ્થાન ન હતું.

નવાબના કે યુવરાજના જન્મ દિવસે, ઈદ કે અન્ય ખુશાલીના પ્રસંગે જેલના કેદીઓને, લંગરમાં ખાનારાઓને, રક્તપિત્તીમાં હોસ્પિટલના દર્દીઓને મિષ્ટાન્ન મળતું.

દીવાન ચોકમાં પહોરે પહોરનાં ચોઘડીયાં વાગતાં. બજારોમાં લાલ રસાલા તથા પીળા રસાલાના સવારો સુંદર ગણવેશમાં સજ્જ થઈ ઘોડાઓ ઉપર ફરતા રહેતા.

## નવાબ રસુલખાનનું મૃત્યુ

નવાબ રસુલખાન કુંવર પદે હતા ત્યારથી જ સંતો, સાધુઓ, ફકીરો

અને ભક્તિના રંગે રંગાયેલા મહાત્માઓના સત્સંગમાં સવિશેષ રસ લેતા. તે સંસારી હતા, છતાં વિરક્ત હતા.

તેઓ ગાદીએ આવ્યા ત્યારે તેમના બે પત્નીઓ અમનબખ્તે અને કેશરબાઈ હતાં. અમનબખ્તેને પુત્ર શેરઝમાનખાન તથા પુત્રી સુબ્હાનબખ્તે હતાં. કેશરબાઇને એક જ પુત્રી જાનબખ્તે હતાં. અમનબખ્તે તારીખ ૧૪-૧૧-૧૮૯૫ ના રોજ અને કેશરબાઈ તારીખ ૨૯-૪-૧૮૯૮ ના રોજ ગુજરી ગયાં. રસુલખાને તે પછી તાષકચી મહમદખાન ફરીદખાનનાં પુત્રી આસ્શા કે આયશાબીબી સાથે ઈ. સ. ૧૮૯૯ માં લગ્ન કર્યાં. તેનાથી તેને બે કુંવરો અને એક કુંવરી થયાં. મોટા કુંવર મહાબતખાનનો જન્મ તા. ૨-૮-૧૯૦૦ ના રોજ તથા નાના કુંવર બહાદરખાનનો જન્મ તા. ૭-૪-૧૯૦૨ ના રોજ થયો હતો. કુંવરીનો જન્મ તા. ૩-૧૧-૧૯૦૪ ના રોજ થયો હતો. તે તથા બહાદરખાન બાલ્યવયમાં મૃત્યુ પામ્યાં. નવાબ રસુલખાનના મૃત્યુ વખતે એક માત્ર કુંવર મહાબતખાન હતાં તેથી તે ગાદીએ બેઠા.

આ ખેલદિલ, પરોપકારી, પરદુઃખભંજન અને વિશાળ હૃદયના રાજવી, સૌરાષ્ટ્રની જૂની પેઢીના રાજકર્તાઓ પૈકીના હતા. એમ કહેવાય છે કે, તેની કુમારાવસ્થામાં તેને શિકારનો છંદ લાગેલો. પરંતુ ઈન્દ્રેશ્વરના મહંતના ઉપદેશથી તેણે પાપ કર્મ ત્યાગી એક અલ્લાહની ઇબાદતમાં ચિત્ત લગાડયું. તેના હૃદયમાં ભક્તિ અને વૈરાગ્યની ભાવના ઉત્પન્ન થઈ. તેઓ બહુધા જમાલવાડી નામના સ્થાનમાં રહેતા અને ફકીરોની સાથે તેનો સમય વ્યતિત કરતા. 'મુસલમાન છતાં હિન્દુ ધર્મ ઉપર તેમની સારી આસ્થા હતી. ફકીરો સાથે સાધુઓનો પણ નાનપણમાં સહવાસ થયેલો અને ઈન્દ્રેશ્વર મહાદેવની રમણીય જગા શાંત, દૂર ગિરનારની તળેટીમાં આવેલી છે ત્યાં તેઓ અવારનવાર ગયેલા. તે વેળા ત્યાંના મહારાજે કાંઈ ભવિષ્ય ભાખ્યું હતું કે આપકું રાજગાદી મિલ જાયગી. આ વાત સાચી હોય કે ખોટી પણ જ્યારે પોતે તખ્તનશીન થયા ત્યારે આ બાવાએ મહારી[1] મારફત પોતાના આશીર્વાદ હજુરને મોકલ્યા અને ઉપરની વાત યાદ કરાવી તે ઉપરથી એમના સંસ્કાર જાગૃત થયા અને બાવાજીને કુરનસ માટે આવવાની રજા આપી હતી. એ સ્થળે પાણીનું સ્વચ્છ ઝરણુ નિરંતર વહે છે તેથી ગાયો વગેરે જાનવરો ત્યાં પાણી પીવા આવે છે. તેની સાથે વખતે સિંહ આદિ ભયાનક પશુઓ પણ આવી ચડે છે. તે નિર્દોષ ગાયોના જાન લે છે. તેથી બાવાનો વિચાર એકાદ ગૌશાળા બંધાવવાનો હતો.

1 શ્રી છગનલાલ હ. પંડ્યા.

આ વાત હઝુરશ્રીને જાહેર કરી કે તુરત જ પોતે પોતાને ખર્ચે ત્યાં તેવી ગૌશાળા બંધાવી દેવા મંજૂરી આપી.'[1]

બાવા સાધુઓ તેની પાસે આવતા અને જે માગતા તે યોગ્યતાના પ્રમાણમાં મેળવી જતા. હિન્દુ અમલદારની માન્યતાને માન આપી તેમનો અદબ જાળવતા. અધિકારીઓને તેઓ વારંવાર કહેતા કે રાજાને કોઈ ધર્મનો પક્ષપાત ન હોય રૈયતને તેનો ધર્મ વગર રોકટોકે પાળવા દેવો જોઈએ. રાજાનો અને અમલદારોનો ધર્મ તો એ છે કે, અન્યાય અને જુલમને કારણે રૈયત તેને શાપ ન આપે તે ધ્યાનમાં રાખી ચાલવું.

તેઓ પ્રતિદિન દુખી ગરીબોને દાન આપતા. તેના દરબારમાંથી કોઈ પણ નિરાશ થઈને જતો નહિ. તેની સખાવત, દયા, અનુકંપા, ઈન્સાફ અને સાગર દિલના અનેક પ્રસંગો આજ પણ જૂનાગઢમાં લોકજીવ્હાએ અમર બન્યા છે. જેલવાસી કેદીઓને મુક્ત કરવાની, ગુનેગારોને માફી આપી સુધારવાની, નિરાધાર, નિરાશ્રિત અને નિઃસહાય મ ણુસોને ધન, ધરા કે આજીવિકા આપી બચાવી લીધાના ઘણા પ્રસંગો આજપણ જીવિત છે. અલ્લાહને તે સદા યાદ કરતા રહેતા અને પાપથી ડરતા રહેતા. તે કહેતા કે રાજ્યને કે રાજકર્તાને ભલે મોટું નુકસાન થઈ જાય પણ પ્રજાને નુકસાન કે અન્યાય ન થવાં જોઈએ. પ્રાચી મહંત મહાદેવગિરિનાં ગામો સેટલમેન્ટમાં ખાલસા થયેલાં અને મહંતે તે માટે અન્ન છોડી દીધેલું, તે વાત પ્રાચી મુકામે તેના ધ્યાન ઉપર મૂકતાં પોતે પ્રતિજ્ઞા કરી કે મહંત પારણાં કરે પછી જ પોતે જમશે. ત્યાં જ મહંતને ગામો સોંપી આપવા હુકમ કર્યો અને તપાસ કરાવી કે મને કહુઆ મળે તેવા આવાં જેટલાં કામો છે તેની વિગતો રજૂ કરો.

સરકારી નોકરોની બહાલી બરતરફથી તેમણે પોતાના હાથમાં રાખેલી. હઝુર ફરમાન નં. ૭/૬૦ તા ૨૧-૧૨-૧૯૦૩થી તેણે આજ્ઞા કરેલી કે કોઈ પણ નોકરને નિમતી વખતે અને છૂટો કરતી વખતે તેની પાસે રજૂ કરવો. તે પ્રસંગે કોઈને એક માસનો પગાર એડવાન્સ આપતા તો બરતરફ કે નિવૃત્ત થયેલાને બીજી નોકરી કે મદદ આપતા.

જૂનાગઢમાં પ્રતિદિન બહારથી આવતા કે શહેરમાં રહેતા ગરીબ માણસોને લંગરખાનામાં કોઈ ભેદભાવ વગર જમવાનું મળતું.

---

1 મારાં જૂનાગઢનાં સંસ્મરણો "ગુજરાતી," સાપ્તાહિક-તારીખ ૨૦-૩-૧૯૩૨ લેખક શ્રી. છગનલાલ હરિલાલ પંડ્યા.

તેમણે જૂનાગઢ શહેરમાં દારૂબંધી અને વેશ્યાવૃત્તિની સખત અને સંપૂર્ણ બંધી કરેલી. તેમની કચેરીમાં ઉત્સવ પ્રસંગે શૃંગારિક ગાયનો ગવાતાં નહિ કે નાચ મુજરા થતા નહિ.

તેઓ અંગ્રેજી ભણેલા ન હતા છતાં તેમનામાં ઊંડી સૂઝ અને જ્ઞાન હતું. તેમનું મન વિશાળ અને હૃદય ઉદાર હતું તેઓ તેમની નીતિ, રીતિ, દાન, દયા, ન્યાય અને પરોપકારથી "ઓલિયા નવાબ"નું બીરૂદ પામ્યા.[1]

સાર્વભૌમ સરકારે તેમને ઈ. સ. ૧૮૯૯માં કે. સી. એસ. આઈ. અને ઈ. સ. ૧૯૦૮માં જી. સી. એસ. આઈ. ના ચંદ્રકો આપ્યા.

યુવરાજ શેરઝમાનખાન તેની હયાતીમાં ઈ. સ. ૧૯૦૮માં ગુજરી ગયા તે કારી ઘા તેના હૃદયને કોરી ખાતો હતો અને તેના જીવનમાંથી આનંદે વિદાય લીધી હતી.

ઈ. સ. ૧૯૧૧માં ભાવનગર મહારાજા ભાવસિંહજી ગિરમાં શિકારે આવેલા અને તા. ૨૨–૧–૧૯૧૧ના રોજ તાલાળા કેમ્પ કરી શિકાર ગોઠવાયો હતો. તે જ દિવસે નવાબ રસુલખાન જન્નતનસીન થયા.

## પ્રજા જીવન (ઈ. સ. ૧૮૮૨–૧૯૧૦)

મધ્યકાલિન યુગમાં લોકોની જે રહેણી કરણી હતી તેમાં આ સમયમાં ઘણો ફેરફાર થયો. લોકો માત્ર દેવદર્શન કરવા શહેર બહાર જતા પણ ફરવા જવાનો ચાલ ન હતો. શ્રી મનસુખરામ સૂર્યરામ ત્રિપાઠી ઈ. સ. ૧૮૮૬માં નોંધે છે કે જ્યારે અમો બહારથી આવેલા ગૃહસ્થો સાંજે ફરવા જતા ત્યારે જૂની રૂઢિના લોકોને આશ્ચર્ય થતું, પણ ક્રમે ક્રમે તેઓ પણ તેમને અનુસરતા થયા. તે સમય પૂર્વે જાહેર સભાઓ પણ થતી નહિ. દરબાર કે કચેરીમાં અથવા ધાર્મિક સમ્મેલનોમાં લોકો ભાગ લેતા પણ સભા થાય તેમાં સભાપતિ હોય અને ભાષણો થાય તે પાશ્ચાત્ય પદ્ધતિની સભાઓની આ સમયમાં શરૂઆત થઈ. તેમાં પણ પ્રારંભનાં વર્ષોમાં ભાષણોને બદલે કોઈ શિષ્ટ પુસ્તકમાંથી કે ધર્મ પુસ્તકમાંથી વાચન કરવામાં આવતું તેમ કેટલીક સભાઓના અહેવાલો ઉપરથી જણાય છે. જાહેર મકાનો કે સ્થળોનાં ખાતમુહૂર્તો અને ઉદ્‌ઘાટન આ સમય પહેલાં ધાર્મિક વિધિ પૂરતાં પરિમિત હતાં તેને બદલે જાહેર સમારંભમાં કોઈ વિશેષ વ્યક્તિના હાથે તે કરવાની પ્રથા જૂનાગઢમાં શરૂ થઈ.

---

1 નવાબ રસુલખાનની ઉદારતા અને વિશાળ મનના પ્રસંગો માટે વાંચો "ઓલિયો નવાબ" પ્રકાશ અને પરિચય. શં. હ. દેશાઇ.

પહેરવેશ તો લગભગ જૂનો જ રહ્યો. જે ભદ્ર પુરુષોને રાજદરબારમાં જવા આવવાનું થતું તેઓ પગની પાની સુધીનાં અંગરખાં અને સુરવાલ અથવા ધોતિયું પહેરતા, કમરે ભેટ પણ બાંધતા, મુત્સદ્દી વર્ગના ગૃહસ્થો ખભે ખેસ નાખતા, લડાયક કોમના પુરુષો ભેટમાં જમૈયા ભરાવતા તથા બગલમાં એક ફાળિયું અને તલવાર રાખતા. તલવારના પટામાં કોડીઓ જડવામાં આવતી તથા તેની મૂઠ ચાંદીની કે સોનાની રાખવામાં આવતી. જે અમીરોને અધિકાર હોય તે પગમાં તોડા પહેરતા. માથા ઉપર પણ વિવિધ પ્રકારની પાઘડીઓ પહેરવામાં આવતી. નાગરો બાંધેલી પાઘડી પહેરતા અથવા અમુક પ્રકારનો ફેંટો બાંધતા. મુસ્લિમ અમીરો બત્તી બાંધતા. બ્રાહ્મણ, વાણિયા, લોહાણા વગેરે પોતપોતાની પધ્ધતિની પાઘડી પહેરતા.

ચા અને બીડીનો પ્રચાર આજ જેટલો હતો નહિ. નાગરો અને બ્રાહ્મણો તમાકુ પી શકતા નહિ, બીજા હોકા પીતા અને જમીનદાર વર્ગના લોકો અફીણ પણ લેતા.

હિંદુઓ, મુસ્લિમો સાથે છૂટથી હળતા ભળતા અને મુસ્લિમો પણ હિંદુઓ સાથે ઘાટા સંબંધો ધરાવતા. ધાર્મિક સહિષ્ણુતા એટલી હદ સુધી હતી કે બંને કોમના માણસો એક બીજાના ધાર્મિક અને સામાજિક પ્રસંગોમાં કોઈ પણ જાતના ભેદભાવ વગર ભાગ લેતા. જૂના જમાનાનાં ઝેર વેર શમી ગયાં હતાં અને કોઈના મનમાં તેનો વિચાર પણ ન હતો.

નવાબ મુસ્લિમ રાજકર્તા હોવા છતાં આ સમયમાં હિંદુ દેવસ્થાનો, સંતો, મહંતો અને સાધુઓને રાજ્ય તરફથી કોઈ કનડગત તો થતી નહિ પણ ઉલટાની તેમને આર્થિક સહાય મળતી. ધાર્મિક ઉત્સવો કોઈપણ બંધન કે મર્યાદા વગર ઉજવવામાં આવતા.

કેળવણીનું પ્રમાણ વધતાં તેમજ મુંબઈ અને અમદાવાદનાં વર્તમાનપત્રો અને સામાયિકો વંચાતાં થયાં તેથી તથા સ્વામી દયાનંદ સરસ્વતી અને કવિ નર્મદાશંકરનાં ભાષણો અને લેખો, સ્વદેશી ચળવળ વગેરેએ જૂનાગઢની પ્રજાના એક વર્ગ ઉપર અસર કરી અને લોકોના જૂના વિચારોમાં મોટું પરિવર્તન આવ્યું. સુધારાની ચળવળ શરૂ થઈ અને લગ્ન અને મૃત્યુ પછીના કુરિવાજો, કન્યા કેળવણી, બાળ લગ્ન વગેરે વિષયોમાં ભૂતકાળની માન્યતાઓનું સ્થાન નવીન ધારાએ લીધું.

આમ મધ્યકાલિન જૂનાગઢમાં ઈ. સ. ૧૮૫૧ લગભગ નૂતન યુગનો આરંભ થયો અને અંગ્રેજી સત્તાના અંકુશ નીચે રહેતા નવાબના અંગત

જીવન ઉપર નિયંત્રણ આવતાં અને રાજતંત્ર પણ આધુનિક પદ્ધતિએ લઈ જવાની વારંવાર તેઓ તરફથી થતી આજ્ઞાઓનો અમલ થતાં રાજકર્તા અને રાજ્યતંત્રમાં જે જૂનવાણી પદ્ધતિ અને સિદ્ધાંતો હતા તેમાં ધરખમ પરિવર્તન આવતાં રાજદરબારની ખૂની ખટપટો અને કાવાદાવાનો અંશતઃ અંત આવ્યો અને તેનું સ્થાન જુદા પ્રકારની ખટપટે લીધું. સમાજમાં પણ શિક્ષણ, સંસ્કાર, વ્યવસ્થા અને કાયદાની કોર્ટો અને નિયમો પ્રમાણે ચાલતા ખાતાંઓની કામગીરીના પરિણામે જાગૃતિ આવી. પ્રજાની જે શક્તિ અવળે માર્ગે જતી હતી તે રચનાત્મક માર્ગે વળી. રાજ્યને પણ ગત યુગમાં યુદ્ધોના ખર્ચમાંથી વિકાસ માટે ખર્ચ કરવા ધન બચતું નહિ અને સમય રહેતો નહિ તેના બદલે રાજ્યની આવક વધારવા ખેતી, ઉદ્યોગ તથા વ્યાપારના વિકાસ પ્રત્યે ધ્યાન આપવાનો સમય મળ્યો. અને ઈ. સ. ૧૯૧૧ માં મધ્યકાલિન જૂનાગઢ, ભારતનાં બીજાં રાજ્યોની હરોળમાં ઊભું રહી શકવા સમર્થ થયું.

નવાબ રસુલખાનના મૃત્યુ સાથે મધ્યકાલિન યુગના રહ્યા સહ્યા અવશેષો અદૃશ્ય થયા અને નવા યુગનો આરંભ થયો. જૂનાગઢના રાજ્યમાં એજન્સીએ પ્રસંગોપાત હસ્તક્ષેપ કરેલો પણ તંત્ર હસ્તગત કરવાનો ઈ. સ. ૧૯૧૧માં પ્રથમ પ્રસંગ ઉપસ્થિત થયો અને તે સાથે બ્રિટિશ એડમિનીસ્ટ્રેટરે, રાજ્યતંત્રને બ્રિટિશ પદ્ધતિ ઉપર મૂક્યું. તેણે બ્રિટિશ હિન્દમાંથી અમલદારોને બોલાવી નિયુક્ત કર્યા અને ત્યાંના કેટલાક કાયદાઓ, નિયમો અને કાર્યપદ્ધતિ જૂનાગઢ રાજ્યમાં દાખલ કરી તંત્રનું માળખું ફેરવી નાખ્યું. એ સમયે જૂના અધિકારીઓ, કર્મચારીઓ, આગેવાનો અને પ્રજાજનોને આ પરિવર્તન અણગમતું અને અકારું લાગેલું, પરંતુ એ સ્વીકારવું રહ્યું કે પાછળના વર્ષોમાં જૂનાગઢના રાજ્યતંત્રે એક કાર્યક્ષમ તંત્ર તરીકે જે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી તે આ ફેરફારને આભારી હતી

૭

# બાબી વંશનો અંત

## એડમિનીસ્ટ્રેશન

નવાબ રસુલખાનના મૃત્યુ વખતે મહાબતખાન સગીર હતા, તેથી બ્રિટિશ સાર્વભૌમ સત્તાએ જૂનાગઢનો વહીવટ પોતાના હાથમાં લીધો. રાજકોટથી મેજર સ્ટ્રેંગ, ઈમ્પીરીયલ લાન્સસર્ના કેપ્ટન કે નામના મિલિટરી અધિકારીને લઈને જૂનાગઢ આવ્યા અને રાજ્યના તોપખાના, રાજમહેલના ખજાના, અન્ય કિંમતી વસ્તુઓ, રાજ્યનાં રેકર્ડો વગેરે ઉપર જપ્તી મૂકી તેને સીલ કરી દીધાં.

તે પછી રાજકોટના જ્યુડીશિયલ આસિસ્ટંટ મિ. એચ. ડી. રેન્ડોલ આઈ સી. એસ.ની જૂનાગઢ રાજ્યના એડમિનીસ્ટ્રેટર તરીકે નિમણૂક થઈ અને બ્રિટિશ સેવાના શ્રી અનંત સદાશિવ તાંબે તેના આસિસ્ટન્ટ તરીકે નીમાયા.

આ અધિકારીઓએ મહૂંમ નવાબના માણસોનો એક પછી એક હિસાબ લેવા માંડયો. અમીરો, વરિષ્ટ અમલદારો તથા હજુરમાં રહેતા રાજપુરુષોની મિલકતની નોંધણી અને તપાસણી શરૂ કરવામાં આવી વજીર બહાઉદ્દીનભાઈ તેની વૃદ્ધાવસ્થા ગુજારી રહ્યા હતા ત્યાં તેને ઓચિંતા દબાવી દેવામાં આવ્યા અને હવેલી ઉપર સીલ કરી મિલકત ઉપર જપ્તી મૂકી તથા તેના ઉપર મિલિટરીના પહેરા ચડાવી દેવામાં આવ્યા. તેના ખાનગી કારભારી શેઠ નથુભાઈ કિપારામની પ્રવૃત્તિઓ ઉપર પણ કડક અંકુશ મૂકવામાં આવ્યો. વજીર

બહાઉદ્દીનભાઈએ મુંબઈના પ્રખ્યાત ધારાશાસ્ત્રી સર ફીરોઝશાહ મહેતાને તથા રાજકોટના ધારાશાસ્ત્રી શ્રી માધવરાય જેઠાભાઈ બક્ષીને રોકી મિ. રેન્ડોલની રજૂઆત માગી પણ આ બ્રિટિશ અધિકારીએ તેને સાંભળવાની પણ ના પાડી. ઘણી દલીલો અને વિનંતીઓ પછી વજીર તેના અંગત માણસો દ્વારા તેની મિલકતની નોંધ કરાવી એડમિનીસ્ટ્રેશનને સોંપે તથા તેની મિલકત પોતાના પૈસામાંથી બંધાવી છે એમ સાબિત કરી આપે એવી આજ્ઞા થઈ. વજીર બહાઉદ્દીનભાઈએ આવી નોંધ રજૂ કરી તથા તેની હવેલી બાંધવા માટે નવાબે આપેલી લોન તેણે આના પાઈ ભરપાઈ કરી દીધી છે તેમ નવાબના હસ્તાક્ષર-વાળી પહોંચો બતાવી સાબિત કરી આપતાં જપ્તી ઉઠાડી લેવામાં આવી.

નવાબના રહસ્ય સચિવ શ્રી છોટાલાલ મથુરાદાસ બક્ષી ઉપર પણ અનુમાનિક આક્ષેપો મૂકી તેની પાસેથી મર્હૂમ નવાબની દસ્તખર્ચી (પ્રીવી પર્સ)ની રકમનો હિસાબ માગવામાં આવ્યો. વર્ષો સુધી નવાબના અંગત સચિવ તરીકે સ્વચ્છ અને પ્રમાણિક કાર્યભાર કરીને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરનાર વ્યક્તિને માત્ર રૂપિયા એંસી હજારના હિસાબ માટે જવાબદાર ગણવામાં આવ્યા. તેનાથી પ્રજામાં પણ રોષની લાગણી પ્રસરી શ્રી છોટાલાલ બક્ષીને જૂનાગઢના પોતાના મકાનમાં રહેવા તથા જૂનાગઢ ન છોડવા હુકમ કરવામાં આવ્યો. પોતે સ્વચ્છ હતા અને હિસાબ નિયમિત છે તેનો તેને વિશ્વાસ હતો તથા તેણે ખાતાકીય તપાસ સ્વીકારી અને હિસાબ સાબિત કરી આપ્યો. તેમ છતાં બંધ બારણે આ તપાસ એક તરફી રીતે કરી તેમનો રૂપિયા એંસી હજારનો દંડ કર્યો. પાછળથી નવાબ મહાબતખાનના સમયમાં આ કેસ ફરી તપાસમાં લેતાં શ્રી બક્ષીને આ જવાબદારીમાંથી નિર્દોષ ગણી મુક્ત ગણવામાં આવ્યા પણ ભરેલો દંડ પાછો આપવામાં આવ્યો નહિ.[1]

નવાબના ખાનગી કારભારી શ્રી અમરજી આણંદજી કચ્છી[2] ઉપર પણ માનસિક ત્રાસ આપવામાં આવ્યો, પરંતુ આ પ્રમાણિક અને પ્રભુપરાયણ અમલદારની વિરુદ્ધ કંઈ થઈ શક્યું નહિ.

આ ઉપરાંત નવાબના હજુરીઓ, મહમદ પતંગિયા, જાબરીભાઈ વગેરે ઉપર પણ તવાઈ ઊતરી અને દમનનાં ચક્રો ગતિમાન કરવામાં આવ્યાં. મર્હૂમ નવાબના સસરા શ્રી મહમદખાન ફરીદખાન પ્રત્યે પણ ત્રાસદાયક વર્તન કરવામાં આવ્યું, પરંતુ તેઓએ બધું સહન કરી આર્થિક નુકસાન વેઠી લીધું.

મિ. રેન્ડોલે મુંબઈના સોલિસીટર શ્રી ભાઈશંકર નાનાભાઈ ભટ્ટને જૂનાગઢ રાજ્યનો છેલ્લા ચાલીસ વર્ષનો હિસાબ તપાસી જવા માટે ખાસ

નિમણુક આપી. તેમણે દશ માસ પર્યંત હિસાબો તપાસ્યા છતાં તેમાં કાંઈ વાંધા ભરેલું નીકળ્યું નહિ.

વઝીર બહાઉદ્દીનભાઈના ખાનગી કારભારી અને સરકારી શ્રોફ શેઠ નથુભાઈ કિપારામ ઉપર એડમિનીસ્ટ્રેટરે સખત દબાણ કરી તેની પાસેથી કેટલાંક નિવેદનો મેળવવા પ્રયત્ન કર્યો. પરંતુ આ નિમકહલાલ અને વફાદાર કારભારીએ તેમ કરવા ના પાડી તેથી મિલકતો ઉપર પણ જપ્તી કરવામાં આવી. શેઠ નથુભાઈના પિતાશ્રી પણ વઝીરના કારભારી હતા અને વઝીરની મિલકત ઉપજ, ખર્ચ વગેરેની તેને રજે રજની માહિતી હતી, તેથી તે જો એવું નિવેદન આપે કે વઝીરે રાજ્યની મિલકત ઓળવી છે તો તે નિવેદન વઝીરને પાયમાલ કરવાના કાર્યમાં ઘણું જ મહત્ત્વનો દસ્તાવેજ થઈ શકે જ્યારે શેઠ નથુભાઈને અસહ્ય ભીંસ કરવામાં આવી ત્યારે તેણે મુંબઈના સોલિસીટર ગુલાબચંદને રોકી લડત આપી અને અંતે રૂપિયા ૩૭૦૦૦નો દંડ આપી મુક્તિ મેળવી.[3]

શ્રી પુરુષોત્તમરાય સુંદરજી ઝાલાના આપ્તજન શ્રી રવિશંકર જીવણરામ ઘોડા ઉપર પણ સખ્તાઈ કરવામાં આવી ,અને તેને જૂનાગઢ શહેર બહાર રહેવાની ફરજ પાડવામાં આવી.[4]

બ્રિટિશ ન્યાયને કલંકિત કરતાં આ ત્રાસવાદી પગલાંઓના પરિણામે જૂનાગઢમાં અને બહાર મોટો ઉહાપોહ થયો. શ્રી રેન્ડોલની આ કાર્ય પદ્ધતિ સામે દેશના ખૂણે ખૂણામાંથી ટીકાઓની ઝડી વરસી રહી અને તેથી તે લાંબી રજા ઉપર ઉતરી સ્વદેશ ચાલ્યા ગયા. મુંબઈ સરકારે તેની જગ્યાએ જનરલ એડમિનીસ્ટ્રેશન ખાતાના સચિવ મિ. એલ. રોબર્ટસનની નિમણૂક કરી.

## સ્વદેશી ચળવળ

મિ. રેન્ડોલની જોહુકમીને કારણે કે અંગ્રેજો પ્રત્યેના અણગમાને કારણે કેટલાક દેશભક્તોએ તેના સામે આંદોલન કરવા ઈ. સ. ૧૯૧૨માં એક મંડળ

---

1 માહિતી. શ્રી. ભાનુરાય વૈકુંઠરાય બક્ષી.

2 શ્રી પરમસુખરાય કચ્છીના પિતાશ્રી. તેમને નવાબે દુધાળા ગામ ઈનામમાં આપેલું.

3 "મંત્રીશ્વર શ્રી રાયજી સાહેબ"–શ્રી. જ. પુ. જોશીપુરા.

4 આવા ઘણા રાજ્ય સેવકોને તથા પ્રતિષ્ઠિત નાગરિકોને ત્રાસ આપવામાં આવેલો હશે, પણ તેની આધારભૂત નોંધ ઉપલબ્ધ નથી–મંત્રીશ્વર શ્રી. રાયજી સાહેબ શ્રી. જ. પુ. જોશીપુરા

સ્થાપ્યું અને તે કાંઈ પણ પ્રગતિ કરે તે પૂર્વે રાજ્યે એડ. ઓ. નં. ૪૪૫/૧૨ ના હુકમથી આવી ચળવળમાં લોકોને ઉશ્કેરાવા કારણ ન મળે તે માટે સૂચના આપી તથા પોલીસને તે ચળવળ ઉપર ચાંપતી નજર રાખવા આજ્ઞા આપી. આ 'ચળવળ'ની અન્ય વિગતો મળતી નથી પણ એમ જણાય છે કે તે આ હુકમ પછી બંધ પડી હશે.

ઇ. સ. ૧૯૧૩માં જૂનાગઢના શ્રી ધનશંકર પ્રભાશંકર શર્માએ 'ગિરનાર પત્રિકા' નામનું માસિક શરૂ કર્યું અને તે પણ થોડા જ સમયમાં બંધ થઈ ગયું.

## મિ. એચ. ડી. રેન્ડોલ

ઈ. સ. ૧૯૧૩ના ફેબ્રુઆરી માસમાં, મિ. રેન્ડોલ રજા ઉપરથી પાછા ફરતાં મિ રોબર્ટસન તેની મૂળ જગ્યાએ પાછા ફર્યા. મિ રેન્ડોલ, રજા ઉપર ગયા. ત્યારે તેના વિરુદ્ધ જે ઉહાપોહ થયો હતો તે શાંત પડી ગયેલો અને તેણે પણ તે પછી અમલદારો કે અમીરોને વિશેષ કનડગત કરવાનું પણ બંધ કરેલું.

## વજીર બહાઉદ્દીનભાઈ

ઈ. સ. ૧૯૧૪માં જૂનાગઢના માજી વજીર બહાઉદ્દીનભાઈ ગુજરી ગયા. તેમનો જન્મ ઇ. સ. ૧૮૩૫માં થયો હતો તેમનાં બહેનનાં લગ્ન નવાબ મહાબતખાન બીજા સાથે કરવામાં આવ્યા, પછી તે લાલરિસાલાના જમાદાર હતા ત્યાંથી બઢતી આપી તેમને ઈ. સ. ૧૮૬૨માં વજીર પદ આપવામાં આવેલું.[1]

તેમણે લગભગ પાંચ દાયકા સુધી રાજકર્તાના અંગત સલાહકાર અને વજીરનું પદ ભોગવી ત્રણ નવાબોની સેવા કરી, નામના અને કીર્તિ સંપાદન કર્યા તેઓ લગભગ નિરક્ષર છતાં વિદ્યાપ્રેમી હતા. અશિક્ષિત છતાં શિક્ષણના હિમાયતી હતા અને સામાન્ય કુટુંબમાં જન્મેલા છતાં સંસ્કારી હતા. આ ભાગ્યશાળી પુરુષે, રાજકર્તા અને પદાધિકારીઓ વચ્ચે, રાજા અને રૈયત વચ્ચે તટસ્થ રહી, રાજ્યના અટપટા પ્રશ્નો, તેની ધીર ગંભીર અને શાંત પ્રકૃતિના કારણે સરળતાથી ઉકેલી ઉભયની પ્રીતિ સંપાદન કરેલી. વજીર બહાઉદ્દીનભાઈ, સાહિત્ય, કાવ્ય અને કલાના પ્રેમી હતા. જગતની બજારોમાં ન મળતા હોય એવા દુર્લભ અને અપ્રાપ્ય કલાના નમૂનાઓ તે મોં માગી કિંમતે ખરીદ

1 વજીર એટલે રાજકર્તાનો અંગત મંત્રી, રિયાસતનો મંત્રી તે દીવાન.

કરી લેતા અને તેમ કરી દેશી વિદેશી કલાકારોની કદર કરતા. સાહિત્યકારો, કવિઓ અને લેખકોને ઉત્તેજન આપતા. તેના દાનથી કે પ્રોત્સાહનથી ઘણાં પુસ્તકો પ્રકાશિત થયાં છે. તેઓ દાનેશ્વરી હતા અને તેના સખી સ્વભાવથી પરિચિત એવા કેટલાયે, સાધુ, ફકીરો અને દીન દુઃખીઓએ તેની દાનગંગામાં સ્નાન કરેલું. જૂનાગઢનું લેપર એસાયલમ, દાતારનો સોપાન માર્ગ, મહાબત મદ્રેસા, વગેરે મકાનો તેના મુસ્લિમો તથા ઈસ્લામ પ્રત્યેના અનુરાગનાં પ્રતિકો છે. તેઓ મુસ્લિમ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ અને સહાય આપવામાં પણ અગ્રસ્થાને હતા.[1]

તેમને જૂનાગઢ રાજ્યે મદારૂલ મહામનો ઈલ્કાબ આપેલો અને શાહી સત્તાએ ઈ. સ. ૧૮૯૬માં સી આઈ. ઈ. બનાવેલા. નવાબે તેમને અગતરાય અને ભીયાળ ગામો ઈનામમાં આપેલાં. તેના મૃત્યુ પછી એડમિનીસ્ટ્રેટરે, ગામો તથા હવેલી ખાલસા કરી, તેના અપ્રતિમ કલાના નમૂનાઓ દરબાર દાખલ કરવામાં આવ્યા અથવા હરરાજ કરી નાખવામાં આવ્યા. તેની હવેલીમાં આજે સરકારી ઓફિસો બેસે છે, માત્ર તેના નામનો શિલાલેખ તેની યાદી આપતો વાંચી શકાય છે.

## રાજતંત્ર

એડમિનીસ્ટ્રેટરને 'જૈસેથે' સ્થિતિમાં તંત્રનું વહન કરવાનું હતું. તેમ છતાં તે સમયની પ્રચલિત પદ્ધતિ પ્રમાણે દેશી રાજ્યો ઉપર એજન્સીનો વહીવટ થાય ત્યારે બ્રિટિશ પદ્ધતિનું તંત્ર સ્થાપવાનું અનિવાર્ય હતું. તેથી મિ. રેન્ડોલે, જૂના અમલદારોને નિવૃત્ત કરીને, છૂટા કરીને કે અન્ય સ્થાનોએ બદલી ખાતાના ઉપરી અધિકારીઓની જગ્યાઓ ઉપર બ્રિટિશ સેવાના અમલદારોની આયાત કરી. હિસાબી દફતરના અધિકારી તરીકે રા. બ. મણિશંકર રાજારામ ત્રિવેદીને નિયુક્ત કરવામાં આવ્યા. આ વિદ્વાન અને વિચારશીલ અમલદારે એકાઉન્ટ કોડ તૈયાર કરી અમલમાં મૂકયો. મહેસૂલ ખાતાના ઉપરી પદે રા. બ. કેશવલાલ ગિરધરલાલ ત્રિવેદીને નીમવામાં આવ્યા. તેમણે લેન્ડ રેવન્યુ કોડ અને મેન્યુઅલ તૈયાર કરાવ્યાં. જાહેર બાંધકામ ખાતાના વરિષ્ટ અધિકારી તરીકે મિ. ઇ. બુકફેકસ, પોલીસ ખાતાના ઉપરી પદે મિ. આઈ. સી. બોઈડ વગેરે અંગ્રેજ

1 શેખ બહાઉદ્દીનભાઇ નિર્ધન હતા, કઠિયારા હતા એવી વાર્તાઓ પ્રચલિત થઈ છે તે સર્વથા ખોટી છે. તેમનું કુટુંબ પ્રથમથી જ રાજકુટુંબ સાથે સંકળાયેલું હતું અને તેની સ્થિતિ સુખી હતી.

અમલદારો આવ્યા.

જૂનાગઢ રાજ્યમાં, ખેડૂતો પાસેથી રાજભાગ, ભાગબટાઈના ધોરણે લેવાતો તે ધોરણ બંધ કરી વીઘોટીનું ધોરણ દાખલ કરવામાં આવ્યું. રાજ્યનું ભરણું ટંકશાળમાં થતું તેને બદલે તાલુકાઓમાં અને પાટનગરમાં સબ ટ્રેઝરીઓ અને મુખ્ય ટ્રેઝરી કરવામાં આવી. નાણાં ખાતું અને હિસાબી ખાતાં એક હતાં તેને જુદાં પાડવામાં આવ્યાં.

જૂનાગઢ રાજ્યને કોરી અને દોકડા પોતાની ટંકશાળમાં પાડવાનો અધિકાર અંગ્રેજ સરકારે માન્ય કરેલો, તેમાં સમ્રાટના નામની પણ બીજા રાજ્યોના સિક્કાઓ ઉપર છાપ પડતી તેમ પાડવા જરૂર હતી નહિ. એડમિનીટ્રેશન નોટિફીકેશન નં. ૧૧/૧૯૧૨ તા. ૧૫-૧૧-૧૯૧૨ થી તા. ૧૪-૨-૧૯૧૩ના દિવસથી ચલણમાંથી કોરી ખેંચી લીધી અને સો રૂપિયાની ૪૦૫ કોરી ગણી તે પ્રમાણે ચુકાદો કર્યો. દોકડા તે પછી ઈ. સ. ૧૯૩૧ સુધી ચાલતા રહ્યા.

રાજ્યના નોકરોને પેન્શન આપવાનું એક સરખું ધોરણ હતું નહિ તેને બદલે ૧/૩ પગારનું પૂરી નોકરીએ પેન્શન આપવાનું ધોરણ કરવામાં આવ્યું. નિવૃત્તિની વય મર્યાદા ૫૫ વર્ષની કરવામાં આવી.

મુખ્ય એન્જિનિયર મિ. ઈ. શુકફોકસે, જૂનાગઢમાં આજે છે તે બન્ને હોસ્પિટલો, બહાદરખાનજી હાઈસ્કૂલ (વર્તમાન વિવેકાનંદ વિનય મંદિર), ત્રિકોણ બાગ અને તેની વચ્ચેનું બેન્ડ સ્ટેન્ડ, મહિલાબાગની ટાંકી, જીમખાના કલબ વગેરે સુંદર અને આકર્ષક મકાનો તેની દેખરેખ નીચે બંધાવ્યાં.

બંદરખાતાના એન્જિનિયર મિ. પ્રોક્ટર સીમ્સે, વેરાવળ બંદરમાં બ્રેક વોટરની દીવાલ તથા ડ્રાયડોકનું કામ હાથ ઉપર લીધું. જો કે તે સંપૂર્ણ થયું નહિ છતાં તેનાથી પ્રવાસીઓને તથા માલની હેરફેર કરનારાઓને ઘણી સુવિધા થઈ. બંદર અધિકારી તરીકે શ્રી કૃષ્ણલાલ ધ્રુવ[1] હતા. આ લોકપ્રિય અને કાર્યદક્ષ અમલદાર તે જગ્યા ઉપર ઈ સ. ૧૯૩૧ સુધી રહ્યા.

કેળવણીને એડમિનીસ્ટ્રેશનમાં ઘણું ઉત્તેજન મળ્યું. ઘણી નવી સ્કૂલો અને મિડલ સ્કૂલો ખોલવામાં આવી. વિદ્યાધિકારી પદે શ્રી છગનલાલ હરિલાલ પંડયાની નિમણૂક થઈ. આ સાક્ષર અને સહૃદયી અધિકારીએ, મર્હૂમ નવાબના રહસ્ય સચિવ તરીકે તથા દીવાન ઓફિસના મેનેજર તરીકે કાર્ય કરેલું, તેથી તેની વહીવટી કાર્યક્ષમતા અને વિદ્વતાથી તે લોકપ્રિય અધિકારી ગણાયા.

ઈ. સ. ૧૯૧૨માં જૂનાગઢથી બીલખાની રેલવે લાઈન લંબાવવામાં

1 તેઓ અમદાવાદના નાગર ગૃહસ્થ હતા.

આવી. ઈ. ૧૯૧૩માં ડુંગરપુરથી પથ્થરખાણુ સુધી તેમજ ઈ. સ. ૧૯૧૫માં બાટવાથી સરાડિયા અને ઈ. સ. ૧૯૧૮માં વેરાવળથી તાલાળા સુધીની રેલવે લાઈન ચાલુ થઈ.

પોલીસખાતાને, પોલીસ કમિશનર મિ. આઇ સી. બોઈરે જિલ્લાની કક્ષાએ મૂક્યું જંગલ ખાતામાં પણ મિ. વોલીંજર, મિ રત્નાકર અને મિ. દેશાઈ જેવા નિષ્ણાતો એક પછી એક વનાધિકારીઓ નીમાયા.

## આર્કીઓલોજીકલ સોસાયટી

ઈ. સ. ૧૯૧૫માં મિ. બ્રુકફોકસના પ્રયાસથી ઈતિહાસ અને પુરાતત્ત્વની ખાણ જેવા જૂનાગઢમાં, આર્કીઓલોજીકલ સોસાયટીની સ્થાપના થઈ. ગજ્યે તેને વાર્ષિક રૂપિયા ૨૦૦૦નું અનુદાન આપ્યું. તેમાંથી કિંમતી પુસ્તકો ખરીદી આર્કીઓલોજીકલ પુસ્તકાલય સ્થપવામાં આવ્યું અને હસ્તલિખિત પ્રતો. શિલાલેખો લોકસાહિત્ય વગેરે એકત્ર કરવામાં આવ્યાં. આ સોસાયટીના મંત્રી રાજ્યના મુખ્ય ઇજનેર મિ. ઈ બ્રુકફોક્સ હતા. પ્રો એસ. એચ. હોડીવાળા તથા હિસાબી દફતર અધિકારી રાવ બહાદુર મણિશંકર રાજારામ ત્રિવેદી[1] તેના સક્રિય સભ્યો હતા. શ્રી જી. કે વોરા સભ્ય અને કારકુન હતા.

નવાબ મહાબતખાન સત્તા ઉપર આવતાં આ સોસાયટીનું કાર્ય સ્થગિત થઈ ગયું પરંતુ પાછલાં વર્ષોમાં સર પેટ્રીક કેડલ દીવાન પદે આવ્યા ત્યારે તેણે સં. ૧૯૯૮ના એન્શ્યન્ટ મોન્યુમેન્ટસ પ્રીઝર્વેશન એક્ટ બહાર પાડયો[2] અને આ સોસાયટી કામ કરતી થઈ. ઈ. સ. ૧૯૪૭ પછી તેનું આપોઆપ સમાપન થયું.

એડમિનીસ્ટ્રેશનમાં રાજ્યતંત્ર શાંતિપૂર્વક ચાલતું રહ્યું. કોઈ કોમી તોફાનો થયાં નહિ કે કોઈ આંદોલનો થયાં નહિ. પણ જૂના પ્રકારની રાજ્ય વ્યવસ્થામાં ઘણો ફેરફાર થયો તેથી લોકોને થોડી મુંઝવણ થઈ પણ શનૈઃ શનૈઃ આ ફેરફાર સારા માટે હતો તેમ પ્રતીતિ થઈ. જૂનાગઢની 'છોટી મુગલાઈ' ની જાહોજલાલી ભેદભરમો, કાવાદાવા, ખટપટ, રાજમહેલની રાજરમતો વગેરે અદશ્ય થયાં અને તે સાથે જૂના નવાના સમન્વય જેવા રાજતંત્રની સ્થાપના થઈ.

---

1 રા. બ. મણિશંકર રાજારામ ત્રિવેદી સરકારી અધિકારી તો હતા પણ તે સાથે ઈતિહાસ, ધર્મશાસ્ત્રી અને સાહિત્યના પ્રકાંડ પંડિત અને બહુશ્રુત વિદ્વાન હતા.

2 આ ધારો પ્રભાસ ઈતિહાસ સંશોધન સભાના પ્રયાસથી પસાર થયેલો.

## નવાબ મહાબતખાન ૩ જા.

મહાબતખાને સગીર અવસ્થા પૂરી કરી હોવા છતાં તેને રાજ્યસત્તાનાં સૂત્રો સોંપવાનું વિલંબમાં પડયું અને લોકોમાં અનેક શંકા કુશંકાઓ જન્મી. બોમ્બે ક્રોનિકલના કટાર લેખક અને નિડર વર્તમાન પત્રકાર જૂનાગઢના શ્રી છગનલાલ પરમાણંદદાસ નાણાવટીએ. બોમ્બે ક્રોનિકલ અને અન્ય પત્રોમાં તે માટે લેખો લખ્યા અને પરિણામે ઈ. સ. ૧૯૨૦ના માર્ચ માસની ૩૧મી તારીખે એજન્ટ ટુ ધી ગવર્નર મિ. મેકોનેકીએ જૂનાગઢની બહાઉદ્દીન કોલેજના મધ્ય ખંડમાં કચેરી ભરી નવાબ મહાબતખાનને ગાદીનશિન કર્યા.

મિ. મેકોનેકીએ આ પ્રસંગે, આસિસ્ટંટ પોલિટિકલ એજન્ટ, સોરઠ પ્રાંત મિ. લેંગ તથા અન્ય આમંત્રિત મહેમાનો સમક્ષ ખરિતો સોંપતી વખતે એડમિનીસ્ટ્રેશન સમયમાં રાજ્યે કરેલી પ્રગતિનું વર્ણન કરી તેમને તે ચીલા ઉપર ચાલવા અનુગ્રહ કર્યો. નવાબે આભાર માનતી વખતે તેની રૈયત પ્રત્યે તે ન્યાયપૂર્વક વર્તશે એવી ખાત્રી આપી.

## પ્રારંભિક સુધારા

નવાબ મહાબતખાને સત્તાનાં સૂત્રો સંભાળી, તારીખ ૨૫–૭–૧૯૨૦ના રોજ એક ફરમાન બહાર પાડી ગામડાંઓમાં રેવન્યુ પટેલો રાજ્ય નિયુક્ત કરતું તેને બદલે ચૂંટાયેલા પટેલો અને ગ્રામ પંચ સ્થાપવાની અને તેને મહેસૂલી અને દીવાની કામના અધિકારો તેમજ મર્યાદિત ફોજદારી કામના અધિકારોની સત્તાઓ આપી. તે સાથે પ્રતિવર્ષ, ફેબ્રુઆરી માસમાં આ ગ્રામ પંચાયતોના પ્રતિનિધિઓનો દરબાર ભરી પોતે તેમની મુશ્કેલીઓ સાંભળી નિર્ણય કરશે અને આ પ્રતિનિધિઓ જૂનાગઢમાં આવે ત્યારે તેના મહેમાન થશે તેમ પણ જાહેર કર્યું.

તે પછી આ જ અરસામાં, સુધરાઈઓને વિસ્તૃત કરી જૂનાગઢ સ્ટેટ મ્યુનિસિપાલ એક્ટ બહાર પાડી, તે અન્વય સુધરાઈનો વહીવટ પ્રજાકીય પણ રાજ્ય નિયુક્ત સભ્યોને સોંપ્યો. આ પ્રસંગે નગરજનોએ તેમને આપેલા માનપત્રના ઉત્તરમાં નવાબે જાહેર કર્યું કે, જૂનાગઢ રાજ્યમાં વિદ્યાર્થીઓને પ્રાથમિક કેળવણી તથા અંગ્રેજી પાંચમા (એટલે આજના નવમા) ધોરણ સુધી માધ્યમિક કેળવણી વગર શુલ્કે આપવામાં આવશે. તેમણે તે સાથે કન્યાચોરી નામનો લગ્ન વેરો અને દામોદર કુંડમાં સ્નાન કરનારા યાત્રિકો પાસેથી અર્ધા આનાનો કર લેવાતો તથા ગિરનાર જતા લોકો પાસેથી એક આનાનો કર લેવાતો તે કરો રદ કર્યા.

સરકારી નોકરોને મળતી મોંઘવારી પગારમાં ભેળવી દેવાની, નિવૃત્ત વેતન ૧/૩ હતું તેને બદલે ૧/૨ કરવાની અને નિવૃત્ત વયની મર્યાદા ૬૦ વર્ષની કરવાની પણ જાહેરાત કરી.

ઈ. સ. ૧૯૨૨ ના જૂન માસની ૨૩મી તારીખે, યુવરાજ દીલાવરખાનજીનો જન્મ થયો તેની ખુશાલીમાં નવાબે, ખેડૂતો ઉપરનાં જૂનાં લહેણાં માંડી વાળવાની, શિક્ષકોને પેન્શન આપવાની, પ્રોવીડન્ટ ફંડમાં રાજ્યે ઉમેરેલી રકમ પાછી રીફંડ ન લેવાની, તથા કેટલાક પરચુરણ વેરાઓ કાઢી નાખવાની પણ આજ્ઞા કરી. આ જાહેરાત કરતાં તેણે કહ્યું કે 'પ્રજાના હિત માટેની યોજના કરવાનું અમે અમારી ફરજ સમજીએ છીએ.'

## દીવાનો [ઇ. સ. ૧૯૨૦-ઇ. સ. ૧૯૨૪]

નવાબ મહાબતખાન ગાદીએ બેઠા ત્યારે મુંબઈ સરકારે પસંદ કરેલા દીવાન બહાદુર ટી. છજ્જુરામે તારીખ ૩૧–૩–૧૯૨૦ ના રોજ ચાર્જ સંભાળ્યો તે પૂર્વે તેઓ રાજસ્થાનમાં જુદા જુદા રાજ્યોમાં દીવાન પદે રહ્યા હતા એટલે વયોવૃદ્ધ અને પૂર્ણ અનુભવી હતા. તેની સાથે જ વરિષ્ટ અદાલતના ન્યાયાધીશ શ્રી. મહમદઅમીન ફકીહને નાયબ દીવાન પદે નીમવામાં આવ્યા.

ટી. છજ્જુરામ, પીઢ અને ગંભીર રાજપુરુષ હતા. તેને યુવાન નવાબ સાથે કામ કરવાનું કેટલાંક કારણોસર અયોગ્ય લાગ્યું અને તેથી તેઓ રાજીનામું આપી ચાલ્યા ગયા નવા દીવાનની પસંદગી થાય ત્યાં સુધી આસિસ્ટંટ એડમિનીસ્ટ્રેર હતા તે શ્રી. અનંત સદાશિવ તાંબેએ તારીખ ૧૨–૫–૧૯૨૦ ના રોજ દીવાનપદ સંભાળ્યું.

નવાબની ઈચ્છા, જૂનાગઢના જ વતની હોય તેવા દીવાનને રાખવાની હતી. તેથી તેમણે સરકારી વકીલનો હોદ્દો ભોગવતા શ્રી. [પાછળથી રાવબહાદુર] ત્રિભોવનરાય દુલેરાય રાણાની નિમણૂક કરતાં તેમણે તારીખ ૨૫–૪–૧૯૨૧ ના રોજ દીવાન પદ સંભાળ્યું.[1] તેમને પણ રાજ્યદ્વારી કારણોસર ઈ. સ. ૧૯૨૩ના

---

1 તે સાથે મહેસૂલ અધિકારી પદે શ્રી મોતીલાલ ઝવેરચંદ વસાવડા, પોલીસ વડાને પદે શ્રી ધીરજરાય અંબારામ છાયા, હિસાબી દફતરના અધિકારી પદે શ્રી મણિલાલ કેશવલાલ નાણાવટી, જંગલખાતાના અધિકારી તરીકે શ્રી જયંતિલાલ હરિલાલ વસાવડા, કેળવણીખાતાના વડા તરીકે પ્રથમ શ્રી છગનલાલ હરિલાલ પંડ્યા તથા તે પછી શ્રી પુરુષોતમરાય ભગવતીદાસ નાણાવટી અને શ્રી મતિશંકર સદાશંકર દેશાઇ, દીવાન ઓફિસ મેનેજર તરીકે શ્રી દોલતરાય ઝાલા વગેરે સ્થાનિક અધિકારીઓની નિમણૂક પણ કરી. આ નીતિ અલ્પજીવી હતી.

ઓકટોબરમાં છૂટા થવું પડયું અને તેનું રાજીનામું મંજૂર થતાં, બગસરા દરબાર શ્રી વીરાવાળા દીવાનપદે નીમાયા. તેમણે તા. ૧૫-૧૦-૧૯૨૩ના રોજ ચાર્જ લીધો અને માત્ર નવ માસ આ પદ ભોગવી રાજીનામું આપી દીધું. નવાબે તે પછી પોતાના મિત્ર અને વજીર શેખ મહમદભાઈ અબ્દલ્લાભાઈને દીવાનપદ માટે પસંદ કરી એજન્સીની અનુમતિ મેળવી. આમ મહાબતખાનના સમવયસ્ક શેખ મહમદભાઈએ માત્ર ચોવીસ વર્ષની યુવાન વયે તારીખ ૪-૯-૧૯૨૪ના રોજ જૂનાગઢના દીવાનની જગ્યા સંભાળી.

## દીવાન મહમદભાઇ (ઇ. સ. ૧૯૨૩-ઇ. સ. ૧૯૩૨)

ઈ. સ. ૧૯૦૦ થી ઈ. સ. ૧૯૨૪ સુધીના સમયમાં માત્ર ત્રણ દીવાનોની ફેર બદલી સિવાય કોઈ નોંધપાત્ર પ્રસંગ ઉપસ્થિત થયો નહિ. એડમિનીસ્ટ્રેશનમાં દાખલ થયેલા ધોરણો અને અમલમાં આવેલા કાયદાઓ તથા પાડેલી પ્રણાલિકાઓમાં દેશકાળ અને પ્રજાને અનુરૂપ ફેરફારો માત્ર રાજ્યના હિતની દૃષ્ટિએ કરવામાં આવ્યા, પરંતુ નવાબે રાજતંત્રમાં સીધી દખલ ન કરવાનો સિદ્ધાંત અપનાવી સમગ્ર વહીવટ દીવાનોને સોંપી દેતાં તેની અને પ્રજા વચ્ચે મોટું અંતર પડી ગયું. આ પગલું જેટલે અંશે હિતકારી હતું અને યોગ્ય હતું તેટલે જ અંશે, રાજકર્તા માટે જોખમી અને પ્રજા માટે નિરાશાજનક નિવડયું.

## ગુપ્ત પ્રયાગ

ઉના-દેલવાડા પાસે ગુપ્ત પ્રયાગ નામનું હિન્દુઓનું પુરાણ પ્રસિદ્ધ તીર્થ છે. આ તીર્થમાં, શ્રી. મહાપ્રભુજીની બેઠક, શ્રી. સ્વામીનારાયણનાં પગલાં, શંકરની સાત દેરીઓ, શુંગાલેશ્વર, સિધ્ધેશ્વર, ગંધર્વેશ્વર, ઉરગેશ્વર વગેરે મહાદેવો તેમજ ગંગાકુંડ, બ્રહ્મકુંડ, વિષ્ણુકુંડ, મહેશકુંડ વગેરે પવિત્ર કુંડો છે. અહીં સુંદર અને વિશાળ હિન્દુ ધર્મશાળાઓ પણ છે. આ ધર્મશાળાઓ પૈકી એક ધર્મશાળા વિ. સં ૧૮૩૭માં દીવના શેઠ મૂળજી રઘુનાથે બંધાવી છે, તે દેવચંદ શેઠવાળી ધર્મશાળા કહેવાય છે.

આ ધર્મશાળા પોતાની મસ્જિદ છે તેમ કહી ગુપ્ત પ્રયાગ પાસે આવેલા નાળીયા માંડવી નામના ગામડાના મુસ્લિમોએ, ઉના દેલવાડાના કેટલાક મુસ્લિમ આગેવાનોની ઉશ્કેરણીથી તેનો કબ્જો લેવા માટે તકરાર ઉઠાવી. સુલેહનો ભંગ થશે તેમ માનીને રાજ્યે ધર્મશાળા રાજ્ય હસ્તક લઈ લીધી.

ઈ. સ. ૧૯૨૮માં રાજ્યમાં પ્રવેશ પામી ચૂકેલા કોમવાદના કીડાએ, તેનું કલેવર ખાવા માંડયું અને તેના પગરણ ગુપ્ત પ્રયાગથી થયાં. નાળીયા માંડવીના મુસ્લિમોએ, તીર્થમાં પ્રવેશી કુંડોને ભ્રષ્ટ કર્યાં અને તીર્થોની અમર્યાદ થતાં

ઊના દેલવાડાના હિન્દુઓએ તેના વિરોધમાં હડતાલ પાડી, પણ રાજ્યે વચમાં પડી માફામાફી કરાવી મામલો થાળે પાડ્યો.

એ પછી આ પ્રશ્ન શાંત પડવાને બદલે સવિશેષ ઉગ્ર બન્યો. આ તીર્થમાં એક સાધુની સમાધિ હતી તે મુસ્લિમ સંતની કબર છે તેવો દાવો આગળ કરી ત્યાં મુસ્લિમોને ફાતેહા પડવાનો અધિકાર છે એમ કહી વિ. સ. ૧૯૮૫ના શ્રાવણ માસની વદી ૧૪ના રોજ મુસ્લિમોએ ત્યાં મોટી સંખ્યામાં જઈ તીર્થની અમર્યાદ કરી. આથી વળી પાછો આ પ્રશ્ન સવિશેષ જટિલ થયો. હિન્દુ પ્રજાએ હડતાલ પાડી અને હિન્દુઓને થતા અન્યાય અને અપમાનનો જવાબ માગવા આંદોલનનું અવલાન થયું.

રાજ્યને મળેલી ફરિયાદ ઉપરથી, દીવાન મહમદભાઈએ, મિલિટરી સેક્રેટરી કેપ્ટન એફ. બી. એન. ટી-લે, ચીફ ન્યુડીશિયલ ઓફિસર ખા. બ. [પાછળથી સર] મહેબુબમીયાં કાદરી, તથા શ્રી. [પાછળથી રા. બ] શિવદત્તરાય ત્રિકમરાય માંકડને જાત તપાસ માટે ગુપ્ત પ્રયાગ મોકલ્યા.

આ અધિકારીઓએ સ્થળ જોયા પછી જવાબદાર શખસોને પૂછપરછ કરી અને તે પછી તત્કાલિન દીવાન ઓફિસના મેનેજર અને ઊનાના માજી વહીવટદાર શ્રી. માનસિંહ મંગલજી, તત્કાલિન રેવન્યુ કમિશ્નર અને ઊનાના માજી વહીવટદાર શ્રી. જે. એકસ. સિકવેરા, તત્કાલિન સરન્યાયાધીશ અને ઊનાના માજી મુન્સફ શ્રી. મહાસુખરાય મથુરાદાસ વસાવડા વગેરેની જુબાનીઓ લીધી. તેઓનાં નિવેદનોથી ધાર્યું પરિણામ નહિ આવે એમ માની ખા. બ. મહેબુબમીયાં કાદરીએ આ પ્રસંગે યોજાયેલી સભામાં, એમ કહ્યું કે હિન્દુ, મુસ્લિમ આગેવાનો, નામદાર દીવાન સાહેબ જે ફેંસલો કરે તે સ્વીકારશે કે કેમ ? કહેવાય છે કે આ પ્રસંગે હિન્દુ આગેવાનોને દબાવીને હા પાડાવવામાં આવી.

આ સભા થયા પછી હિન્દુઓ, ન્યાય મળશે તે વિશ્વાસે રાહ જોઈ રહ્યા હતા ત્યાં તારીખ ૧૩-૧૦-૧૯૨૯ના રોજ દીવાને એવો ઠરાવ આપ્યો કે ગુપ્ત પ્રયાગના તીર્થમાં દીવાલ ચણી લઈ મુસ્લિમોનો ભાગ જુદો પાડી આપવો. આ ઠરાવ બહાર પડતાં જૂનાગઢ રાજ્યમાં અને રાજ્ય બહાર વ્યાપક વિરોધ થયો અને મુંબઈમાં ગુપ્ત પ્રયાગ સંરક્ષણ સમિતિની સ્થાપના કરવામાં આવી. આ સમિતિના ઉપક્રમે, પરસોત્તમદાસ ઠાકોરદાસની આગેવાની નીચે સર્વશ્રી અમૃતલાલ દલપતભાઈ શેઠ, તંત્રી 'સૌરાષ્ટ્ર', વામન મુકાદમ, રાજા બહાદુર નારાયણલાલ બંસીલાલ પિત્તિ, પંડિત આનંદપ્રિયજી વગેરેનું બનેલું એક ડેપ્યુટેશન જૂનાગઢ આવ્યું. દીવાને આ ગૃહસ્થોને સાંભળી તેમને આશ્વાસન આપ્યું. તે પછી તારીખ ૨૯-૧૧-૧૯૨૯ના રોજ મુંબઈના સર ઈબ્રાહીમ હારૂન જાફરની

આગેવાની નીચે સર્વશ્રી મૌલવી મહમદ દાઉદી, ખા બ. હાજી અબ્દલા હાસમ, સૈયદ મુર્તઝામીયાં વગેરેનું બનેલું એક મુસ્લિમ ડેપ્યુટેશન દીવાન મહમદભાઈને મળ્યું.

આ પ્રશ્ન દીવાન મહામદભાઈ વિચારતા રહ્યા અને જેમ જેમ સમય જતો ગયો તેમ તેમ તેના ઉપર વિવિધ પ્રકારનું દબાણ થતું રહ્યું. અંતે તેણે તારીખ ૧૨–૭–૧૯૩૦ના રોજ એક ઠરાવ બહાર પાડયો જેમાં મુસ્લિમોને ફાતેહા પડવા જવાના હક્કનો સ્વીકાર કરવામાં આવ્યો.

આ સમયે બ્રિટિશ ભારતમાં સત્યાગ્રહની ઐતિહાસિક લડત પૂરજોશમાં ચાલતી હતી, એટલે ત્યાંથી તે માટે કોઈ આગેવાનો આવી શકે એમ હતું નહિ. તેથી તે હુકમ સામે ધાર્યા જેટલો વિરોધ થયો નહિ, પરંતુ તેમને મળેલા હક્કથી સંતોષ ન માનતાં તારીખ ૧૮–૨–૧૯૩૦ના રોજ ઉનાના કેટલાક મુસ્લિમોએ ઉનાની બજારમાં હુલ્લડ કરી, હિંદુઓની દુકાનો લૂંટી અને કેટલાક માણસોને માર માર્યો. પોલીસ ઈન્સ્પેકટર શ્રી ભિજુભાઈ છાયાએ તરત જ મામલો કાબૂમાં લીધો અને રાજ્યે ત્યાં લશ્કર મોકલી માર્શલ લો જાહેર કર્યો.

મુસ્લિમોએ કહેવાતી કબર પાસે ફાતેહા પડવા જવાના મહમદભાઈએ બક્ષેલા હક્કનું પ્રતિપાદન કરવા પ્રયત્ન કર્યા પણ રાજ્યના પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ શ્રી છેલશંકર દવેની હિંમત અને કુનેહથી શાંતિ જળવાઈ રહી.

આમ રાજ્યમાં, કાયદો અને વ્યવસ્થા ભયમાં આવી પડયાં. વિસાવદર, કેશોદ, માળિયા વગેરે સ્થળોએ પણ નાના મોટા બનાવો બનતા રહ્યા અને દીવાન, નિષ્પક્ષપાત નીતિ અને ન્યાયના સિદ્ધાંતો અનુસાર સમતોલપણું જાળવી શકયા નહિ.

## વેરાવળ

ગુપ્ત પ્રયાગનો પ્રશ્ન હજી સળગતો હતો ત્યાં તારીખ ૧–૧૦–૧૯૩૦ના રોજ વેરાવળમાં નુરમહમદ ઈબ્રાહીમ નામના આઠ વર્ષના મુસ્લિમ બાળકનો મૃતદેહ મળી આવ્યો. આ બાળકનો હિન્દુઓએ દેવીને ભોગ ચઢાવ્યો છે તેમ માની પોલીસે ૧૭ હિન્દુઓને પકડી તેના ઉપર ખૂનનો આરોપ મૂકી કેસ કર્યો. નીચેની અદાલતે, રબારી પુંજા જીવા તથા રબારી કાના જીવાને નિર્દોષ ગણી છોડી મૂકયા, પણ સેશન્સ અદાલતના જજ શ્રી કરીમ મહમદ માસ્તરે, બાવા શામદાસ રામદાસને ફાંસીની તથા સોની વસનજી ત્રિકમજી, વિપ્ર હીરજી કુરજી તથા ભાટ વસનજી લાલાને જન્મટીપની સજા કરી.

આ ચુકાદાથી હિન્દુ જનતા ચોંકી ઊઠી. ગણનામાં ન લઈ શકાય તેવા

બનાવટી અને નિર્માલ્ય પુરાઓના આધારે પોલીસે કરેલો કેસ સાબિત માનવામાં આવ્યો તે પાછળ કોમવાદી માનસ છે તેમ માની જૂનાગઢ અને અન્ય નગરો અને ગામોની પ્રજા એક સાથે ઊઠી. તારીખ ૩-૪-૧૯૩૧ના રોજ આખા રાજ્યમાં હડતાલ પડી અને પ્રજાના ઉગ્ર રોષને વાચા આપવા જૂનાગઢમાં, ભાટીયા ધર્મશાળામાં વકીલ નરસિંહપ્રસાદ કહાનદાસ નાણાવટીના પ્રમુખ સ્થાને એક સભા યોજવામાં આવી અને તેમાં લેવાયેલા નિર્ણય અનુસાર તારીખ ૬-૪-૧૯૩૧ના રોજ એક ડેપ્યુટેશન દીવાન મહમદભાઈને મળવા ગયું અને તેને આ ફેંસલા ઉપરની અપીલ સાંભળવા નિષ્પક્ષપાત ન્યાયાધીશ નીમવાની માગણી કરી. મહમદભાઈએ ડેપ્યુટેશનને શાંતિપૂર્વક સાંભળી, આ વિષયમાં નવાબને પૂછી તે જરૂર યોગ્ય કરશે તેવી ખાત્રી આપી.

ચીફ જ્યુડીશિયલ ઓફિસર સર મહેબુબમીયાં કાદરી ઈ. સ. ૧૯૩૦માં રાજ્યની સેવાનો ત્યાગ કરી ચાલ્યા ગયા હતા અને તે જગ્યા ખાલી હતી, તેનો ચાર્જ પણ શ્રી કરીમ મહમદ માસ્તર પાસે હતો. તે આ કેસની અપીલ ચલાવી શકે નહિ તેથી નવીન નિમણૂક આવશ્યક હતી. દીવાન મહમદભાઈએ તે જગ્યા ઉપર રાજકોટના બેરીસ્ટર મસૂરેકરની નિમણૂક કરી. પણ વેરાવળ ખૂન કેસની અપીલ તો ન હિંદુ હોય કે ન મુસલમાન હોય એવા જજ સાંભળે એવી ડેપ્યુટેશનની માગણી હતી. તેથી રાજ્ય સરકારે તારીખ ૨-૫-૧૯૩૧ના હુકમ નંબર ૮/૧૯૩૧થી એજન્સીના અંગ્રેજ જ્યુડીશિયલ કમિશનર મિ. એચ. પી. એચ. જોલીની નિમણૂક કરી.

મિ. જોલીએ આ કેસની અપીલ સાંભળી, તારીખ ૩૧-૫-૧૯૩૧ના રોજ ઠરાવ આપી સર્વે આરોપીઓને નિર્દોષ ગણી છોડી મૂકયા.

શ્રી મસુરેકરને પણ જાસાઓ મળતાં તે પણ રાજ્ય સેવા ત્યાગી રાજકોટ ચાલ્યા ગયા.

આ સમય દરમ્યાન દીવાન મહમદભાઈને સી. આઈ. ઈ. નો ચંદ્રક મળતાં તેમજ વેરાવળ કેસમાં ન્યાય મળ્યો હતો તેથી તેને પ્રજા તરફથી માનપત્રો એનાયત કરવામાં આવ્યાં ઈ. સ. ૧૯૩૧નો આખો જૂન માસ માનપત્રો લેવામાં જ દીવાને વિતાવ્યો અને લોક લાગણી શાંત થઈ ગઈ છે તેનો અનુભવ કર્યો, પણ તેના ભાગ્યમાં શાંતિ હતી નહિ. તારીખ ૧૮-૭-૧૯૩૧ના રોજ વેરાવળમાં, ઉગ્ર બનેલી મુસ્લિમ પ્રવૃત્તિના ફલ સ્વરૂપે, ત્યાંના હિન્દુ આગેવાનો ડો. ગોરધનદાસ ખંઢેરીયા, શેઠ ગોવિંદજી ખુશાલ, શ્રી જમનાદાસ કાલીદાસ તંબોળી, શ્રી છોટાલાલ નારણજી તથા શ્રી રામજી પ્રેમજી સોનીનાં

ધોળે દિવસે વ્યવસ્થિત રીતે ખૂનો કરવામાં આવ્યાં તથા શ્રી લક્ષ્મીચંદ માણેકચંદ, શ્રી છોટાલાલ રામચંદ, શ્રી ખારવા દામજી, શ્રી હરખચંદ ખુશાલ, શ્રી પ્રેમજી ગોવિંદજી તથા શ્રી ભોઇ ભવાન વગેરેને સખત ઘાયલ કરવામાં આવ્યા.

અચાનક થયેલા આ અત્યાચારના સમાચારથી દેશભરમાં રોષની લાગણી પ્રસરી ગઈ. કોમવાદના ભયંકર રાક્ષસે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું અને એક ભીષણ દાવાનલ પ્રજ્વલિત કરી તેમાં શાંતિ અને સલામતિને ભસ્મિભૂત કર્યાં હતાં. ચોંકી ઊઠેલી હિન્દુ પ્રજા ભયભીત થઈ ગઈ, વેરાવળમાં હડતાલ પડી અને નગરજનોએ હિજરત શરૂ કરી. જૂનાગઢ અને રાજ્યના અન્ય નગરોએ પણ સભાઓ અને હડતાલોનો રાહ લીધો.

આ સમાચાર સાંભળી ટ્રેનમાં જૂનાગઢથી વેરાવળ જઈ પહોંચેલા દીવાન મહમદભાઈ, ડૉ. ગોરધનદાસના પત્ની શ્રીમતી મણિબહેનને શાંત્વન આપવા ગયા ત્યારે તેણે અશ્રુપૂર્ણ નેત્રે અને ગળગળતા પણ મક્કમ સ્વરે તેની વ્યથા ઠાલવી તેને થયેલા આઘાતનો જવાબ માગ્યો. મહમદભાઈ તેને શાંત્વન આપી શક્યા નહિ પણ તેનો શાપ અંતરમાં ભરી ચાલ્યા ગયા.

આ સમયે પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ શ્રી. છેલશંકર દવે હતા. આ અનુભવી અને નિડર અમલદારે, હિમ્મતપૂર્વક, ખૂનીઓને પકડી લીધા અને વેરાવળમાં કડક પોલીસ બંદોબસ્ત કરી, અસામાજિક તત્ત્વોને તેની ગોઝારી પ્રવૃત્તિ કરતા અટકાવી દીધા. કેપ્ટન જી. બી. વિલિયમ્સે પણ ત્યાં થાણું નાખી અરાજકતા અને અશાંતિને દૂર કરવા પ્રયત્નો કર્યા.

આ હત્યાકાંડના પ્રત્યાઘાત રૂપે જૂનાગઢમાં શ્રી. નરસિંહપ્રસાદ કહાનદાસ નાણાવટીની આગેવાની નીચે હિન્દુઓનું પ્રચંડ સરઘસ નવાબ પાસે ગયું અને દાદ માગી. વેરાવળ અને બીજાં શહેરોમાં જ્યાં સુધી હિન્દુઓને તેમના જાનમાલની સલામતિની ખાત્રી નહિ મળે ત્યાં સુધી વ્યાપાર ધંધા બંધ રહેશે એવો પણ સમસ્ત રાજ્યના આગેવાનોની મળેલી સભાએ નિર્ણય લીધો.

દરમ્યાનમાં પંડિત આનંદપ્રિયજી, 'સૌરાષ્ટ્ર''ના તંત્રી શ્રી. અમૃતલાલ દલપતભાઈ શેઠ, શ્રી. છગનલાલ પ્રભુદાસ વગેરે આવી પહોંચ્યા અને કેપ્ટન જી બી. વિલિયમ્સ, પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ શ્રી. છેલશંકર વ્યાસ વગેરેના પ્રયાસોથી તારીખ ૨૨–૮–૧૯૩૧ના રોજ હડતાલ ખોલી નાખવામાં આવી.

હડતાલ ખોલાવતી વખતે કેપ્ટન વિલિયમ્સે, પ્રદર્શિત કરેલી દિલગીરી અને ન્યાય માટે આપેલી ખાત્રીથી મુસ્લિમોના હિત જોખમાય છે તેમ કહી

જૂનાગઢના મુસ્લિમોએ, શ્રી ઈસ્માઈલ અબ્રેહાનીના નેતૃત્વ નીચે તારીખ ૧૨–૧૧–૧૯૩૧ના રોજ નવાબના રાજમહેલના દ્વારે જઈ, જ્યાં સુધી તેમની માગણી ન સંતોષાય ત્યાં સુધી સત્યાગ્રહ કરશે એમ જાહેર કરી મોટી સંખ્યામાં સરદારબાગ પાસે બેઠા. તેમણે જે માગણીઓ મૂકી તે રાજ્ય ઉતાવળે સ્વીકારી શકે એમ હતું નહિ. નવાબ, સરદારબાગ છોડી રસુલગુલઝાર [વર્તમાન રસિક નિવાસ] ચાલ્યા ગયા તો સત્યાગ્રહીઓ ત્યાં ગયા. હિન્દુ આગેવાનોએ આ માગણીઓ સામે બીજી માગણીઓ મૂકી અને જૂનાગઢનું તંત્ર સર્વથા શિથિલ થઈ ગયું અને રાજ્યમાં, વ્યવસ્થા ભાંગી પડવાની સ્થિતિમાં આવી ગઈ.

## અંધાધૂંધી

સૌરાષ્ટ્રના પ્રથમ વર્ગના રાજ્યના પાટનગરમાં આવી અવ્યવસ્થા થાય તે ચલાવી લેવા એજન્સી તૈયાર ન હતી. બ્રિટિશ હિન્દમાં જ્યારે સત્યાગ્રહની લડત ચાલી રહી હતી ત્યારે સૌરાષ્ટ્રમાં અશાંતિ ફેલાય તે બ્રિટિશ શાસકોને પોસાય નહિ તેવું હતું, તેથી રાજ્ય ઉપર એજન્સીનું દબાણ દિનપ્રતિદિન વધતું ગયું. નવાબની મૂંઝવણ વધી ગઈ. દીવાન શેખ મહમદભાઈ જે કાંઈ પણ જવાબ આપતા કે જે પગલાં લેતા તેમાં નવાબના નામનો ઉપયોગ કરતા અને આ ભયંકર પરિસ્થિતિમાં ગુંચવાઈ ગયેલા રાજ્યના તંત્રની જવાબદારી સ્વીકારવા તે તૈયાર ન હતા. તેથી નવાબે એજન્સીની સલાહથી રાજ્ય કાઉન્સીલની સ્થાપના કરી તેના પ્રમુખ પોતે થયા, દીવાન ઉપપ્રમુખ થયા અને રા. બ. શિવદત્તરાય માંકડ તથા કેપ્ટન જી. બી. વિલિયમ્સ સભ્યો થયા. અને શ્રી. એ. કે. વાય. અબ્રેહાની તેના સચિવ થયા. નવાબે પોતાની સમગ્ર સત્તા ઉપપ્રમુખને આપી. આ કાઉન્સીલ ઈ. સ. ૧૯૩૧ના ઓક્ટોબરથી અસ્તિત્વમાં આવી.

મુસ્લિમોએ તેમના સત્યાગ્રહનું આંદોલન સવિશેષ વ્યવસ્થિત અને દઢ બનાવ્યું. સરદારબાગ પાસે ઈદગાહ છે ત્યાં હજારો મુસ્લિમો ધારણે બેઠા. રાજ્યના જુદા જુદા ગામોના મુસ્લિમો આ જેહાદમાં જોડાયા. પર રાજ્યો અને પ્રાન્તોમાંથી ફકીરો, પીરો, દરવેશો, મૌલવીઓ અને ઉલેમાઓ આવ્યા અને ઠેર ઠેર ગરમ ગરમ ભાષણો થવા લાગ્યાં. કોમવાદી વર્તમાન પત્રોએ જોરશોરથી લેખો લખવા માંડયા અને રાજ્યની પરિસ્થિતિ વિષમ થઈ ગઈ. એજન્સી પણ ચિંતાતુર થઈ ગઈ. રાજકોટથી દીવાન મહમદ ભાઈને, એજન્ટ ટુ ધી ગવર્નર જનરલનું તેડું આવ્યું અને તે મિ. સીમ્સ તથા

કાઉન્સીલના સભ્યોને લઈને તે રાજકોટ ગયા અને એજન્ટે તેની પાસેથી માહિતી મેળવી. તારીખ ૧૭–૧૧–૧૯૩૧ના રોજ પોતે જૂનાગઢ આવ્યા.

નવાબે એજન્ટ ટુ ધી ગવર્નર જનરલને પોતાની નિઃસહાય સ્થિતિનું વર્ણન કરી પોતે દેવડા ચાલ્યા ગયા. મહમદભાઈએ તેના ગુરુ શામી પીર અને શ્રી. ઇસ્માઇલ અબ્રેડાની સાથે ચર્ચા વિચારણા કરી મુસ્લિમોની માગણી સંતોષવામાં આવશે એવું વચન આપતાં તારીખ ૨૦–૧૧–૧૯૩૧ના રોજ મુસ્લિમોએ સત્યાગ્રહ પાછો ખેંચી લીધો.

રાજ્યતંત્ર લગભગ ખોરવાઈ ગયું હતું. એક વર્તમાન પત્રે[1] લખેલું કે "જુલાઈ માસથી રાજ્યનાં તમામ ખાતાંઓનું કામ ઝકડાઈ ગયું છે. બધા અમલદારો, મહમદભાઈથી માંડીને હવાલદાર સુધીંના જાણે નિષ્ક્રિય બની ગયા છે. મહાલોના અગત્યના કાગળોનો કોઈ જવાબ પણ નથી વાળતું. પોલીસ ખાતાની અતિ જરૂરી ટપાલનો દિવસો સુધી કોઈ નિર્ણય નથી આપતું. સરદારબાગમાં, પોતપોતાની જગ્યા સાચવવાની ચિંતાના વિચારો અને વાટાઘાટો સિવાય લાખો પ્રજાજનોનાં હિત, સલામતી કે સગવડ અગવડનો કોઈ વિચાર જ નથી કરતું."

આવા વાતાવરણમાં મહમદભાઈએ રાજતંત્ર ઉપરથી તેનો કાબૂ ગુમાવી દીધો. રાજ્યનાં અન્ય નગરો અને ગામોમાં કોમવાદી પ્રવૃત્તિ મર્યાદા ઓળંગી ગઈ. તારીખ ૨૮–૨–૧૯૩૨ના રોજ જૂનાગઢથી માત્ર નવ માઈલ દૂર આવેલા વંથળીમાં ભારે હુલ્લડ થયું. કેશોદમાં ધૂળેટીના દિવસે જ કોમવાદી તોફાનો થયાં. માળિયા તથા વિસાવદરમાં પણ નાનાં નાનાં છમકલાં થયાં. અરાજકતા વ્યાપ્ત થઈ ગઈ અને વાના દર્દની જેમ એક સ્થળે શાંતિ થાય ત્યાં બીજા સ્થળે અશાંતિ ઉત્પન્ન થતી ગઈ.

## મહમદભાઈની બરતરફી

સાર્વભૌમ સત્તા આ પરિસ્થિતિ વિશેષ સમય ચલાવી લે તેમ હતું નહિ. નવાબ મહાબતખાનને તથા દીવાન મહમદભાઈને ગવર્નર જનરલે દિલ્હી બોલાવ્યા. ત્યાં ગમે તે બન્યું હોય પણ પરિણામ એ આવ્યું કે દિલ્હીથી પાછા આવી નવાબે તેના પ્રિય મિત્ર અને સખા મહમદભાઈની દીવાનગીરી મોકુફ કરી તેની સાથે મિ. (પાછળથી સર) પેટ્રીક કેડલની દીવાનપદે નિમણૂક કરી તેને સર્વ

---

1 "સૌરાષ્ટ્ર" તારીખ ૧૨–૧૨–૧૯૩૧

સત્તા સોંપી નવાબ બ્રિટિશ સરકારની આજ્ઞાનુસાર ૭ માસ માટે જામનગર રાજ્યના બાલાચડી ગામે રહેવા ચાલ્યા ગયા.

મહમદભાઈ પ્રથમ રજા ઉપર ઉતર્યા અને તે સાથે નવાબે ઔપચારિક રીતે તા. ૨૧-૨-૧૯૩૨ના રોજ નં. ૧૧૬/૩૨નું ફરમાન બહાર પાડી તેની નોકરીની કદર કરી, પણ તરત જ નં. ૧૧૭/૩૨નું ફરમાન તારીખ ૨૯-૨-૧૯૩૨ના રોજ બહાર પાડી આગલા ફરમાન ઉપર પાણી ફેરવી દીધું. તેમાં જણાવ્યું કે, મહમદભાઈની રજા પૂરી થયે તેઓ રાજ્યની સેવામાંથી નિવૃત્ત થાય અને તે રાજ્યના દીવાન અને વજીર હતા તે વખતે તેઓ ભોગવતા તેવા કોઈ અધિકાર તેની પાસે નહિ રહે અને તે માત્ર અમીર તરીકે જ ચાલુ રહેશે.

મહમદભાઇ તે પછી તેની જાગીરના ગામ અગતરાયમાં રહેવા ચાલ્યા ગયા. ઈ. સ. ૧૯૩૪માં નવાબે તેની જાગીર તથા મિલકત ખાલસા કરી તેને જૂનાગઢની હદ છોડી જવા ફરમાન કર્યું. મહમદભાઈ મુંબઈ ગયા જ્યાં તેમની આર્થિક સ્થિતિ કફોડી થઇ ગઈ અને કરજદાર સ્થિતિમાંથી બચવા તેણે અફીણ ખાઈ તા. ૭ મી ડીસેમ્બર ૧૯૩૯[1]ના રોજ આપઘાત કર્યો. તેના મૃતદેહને વજીર બહાઉદ્દીનભાઈના મકબરામાં દફન કરવા રેલવે રસ્તે લાવવામાં આવ્યો પણ નવાબે તેના શબને પણ જૂનાગઢમાં લાવવા મનાઇ કરી, અંતે તેના આપ્તજનોની વિનંતી સ્વીકારી અગતરાયના આમ કબ્રસ્તાનમાં તેને દફન કરવા રજા આપી.

મહમદભાઈના પિતા અબ્દલ્લાભાઈ, વજીર બહાઉદ્દીનભાઈના ભાઈ નથુભાઈના પુત્ર હતા. બાલ્યવયથી તે મહાબતખાનના સહચર હતા તેઓએ અભ્યાસ પણ સાથે જ કરેલો અને ઇંગ્લાંડ પણ સાથે ગયેલા. તેમને વજીર પદ મળ્યું પણ તેનાથી સંતોષ ન પામતાં તે યુવાન વયમાં દીવાનપદે આવ્યા. જૂનાગઢ જેવાં પ્રથમ વર્ગના રાજ્ય માટે, જ્યાં રાજકર્તા મુસ્લિમ અને પ્રજાનો ૮૨ ટકા ભાગ હિન્દુ હોય, જ્યાં નવાબ યુવાન હોય અને જ્યાંના પ્રશ્નો અન્ય રાજ્યોના પ્રશ્નો કરતાં નિરાળા હોય ત્યાં અપરિપકવ બુદ્ધિ અને અનુભવ રહિત એક યુવાન અમીરના હાથમાં તંત્રનો સ્વતંત્ર દોર આપતાં

1 મહમદભાઈના મૃત્યુની ચોક્કસ તારીખ મળી નથી પણ પૂર્વે તેણે કેટલાક કાગળો લખ્યા છે તેમાંનો છેલ્લો પત્ર તા. ૬ ઠ્ઠી ડીસેમ્બર ૧૯૩૯નો છે તેના ઉપરથી આ તારીખ લીધી છે. આ પત્રો કરૂણ અને હૃદયદ્રાવક છે. તેમાં તેની નિઃસહાયતાનું સચોટ વર્ણન છે.

તેનું જે પરિણામ આવે તે આવ્યું અને મહમદભાઇને અંતે વિષ પ્રયોગ કરી જીવનનો અંત આણવો પડયો.

મહમદભાઈ સ્વભાવે આનંદી, મોજીલા અને ઉદાર હતા. તેઓ ખેરાત અને ઈનામ, બક્ષિસ કે મદદ આપવામાં સખી હતા. કામ પણ ઘણું કરતા, કલમ ઉપર કાબૂ પણ સારો હતો. પરંતુ તેની યુવાન વયનો લાભ લેવામાં આવ્યો અને તેને યોગ્ય માર્ગદર્શન તેના સલાહકારો તરફથી મળ્યું નહિ અને સ્વતંત્ર નિર્ણય લેવામાં કેટલાંક તત્ત્વો અવરોધક થયાં, પરિણામે તેનું પતન થયું.

## દીવાન મિ. પી. આર. કેડલ (ઇ. સ. ૧૯૩૨-ઇ સ. ૧૯૩૫)

મિ. પી. આર. કેડલે તારીખ ૨૧-૨-૧૯૩૨ના રોજ દીવાન પદ સંભાળ્યું. રાજ્યમાં ફેલાયેલી અંધાધૂંધી અને કોમવાદી અશાંતિ વખતે જેવા કડક અને નિડર દીવાનની જરૂર હતી તેવા આ અંગ્રેજ અધિકારીએ, થોડા જ દિવસોમાં, તોફાની તત્ત્વોને ચૂપ કરી દીધાં અને રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા સ્થાપી, શાંતિ અને સલામતી જે ઘણા વખતથી વિદાઈ લઈ ગયેલાં તેને સ્થિર કર્યાં.

ન્યાય ખાતું નિષ્પક્ષપાત અને નિર્મળ હોવું જોઈએ તેવી ભાવનાથી તેણે ચીફ જ્યુડિશ્યલ ઓફિસરની જગ્યાએ શ્રી બી. એન. સંજાણા નામના પારસી ન્યાયાધીશની નિમણૂક કરી. વેરાવળ ખૂન કેસના આરોપીઓ સેશન્સ કમિટ થતાં શ્રી. સંજાણાએ સેશન્સ જજ તરીકે કામ કર્યું અને સર્વે આરોપીઓને ફાંસીની સજા કરી. તેના ઉપર હાઈકોર્ટ તરીકે રાજ્યે અંગ્રેજ ન્યાયાધીશ મિ. એચ. પી. એચ. જોલીને નીમ્યા અને તેણે આ સજા કાયમ રાખી રાજ્યે અપરાધીઓની માગણી નકારી અને ફાંસીની સજાઓનો અમલ કરવામાં આવ્યો.

ગુપ્ત પ્રથમનાં તોફાનો વખતે અને વેરાવળના ખૂનો પ્રસંગે જૂનાગઢ રાજ્યના તત્કાલિન પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ શ્રી છેલશંકર જયકૃષ્ણ દવેએ અપૂર્વ કુનેહ, અપ્રતિમ હિમ્મત અને સંપૂર્ણપણે તટસ્થ રહી જે પ્રકારે કામગીરી બજાવી તે માટે બંને કોમોમાં તે લોકપ્રિય થયા અને તે પછી મિ. કેડલને પૂર્ણ સહયોગ આપી કોમવાદના હિંસક તાંડવને નષ્ટ કરવામાં તેણે અગ્ર ભાગ ભજવ્યો.

## વીઘોટી

વીઘોટીની આકારણી નિયમ મુજબ દર વીશ વર્ષે થાય તેમ છતાં દીવાન

મહમદભાઈએ તે નિયમની ઉપેક્ષા કરી વીવોટીનો દર હતો તે કરતાં સવાયો કરેલો. મિ. કેડલે, વિશેષ ચડાવેલો દર રદ કર્યો.

## ઋણ રાહત ધારો

ખેડૂતો ઉપર શાહુકારોનું મોટું લહેણું હતું અને ખેડૂતો દિનપ્રતિદિન ઋણના બોજમાં દબાતા જતા હતા. તેથી ભાવનગર રાજ્યે અમલમાં મૂકેલા ઋણ રાહત ધારા જેવો એક ધારો જૂનાગઢ રાજ્યમાં લાગુ પાડવામાં આવ્યો.

## કાપકૂપ

આગલા સમયમાં વહીવટી ખર્ચ બેફામ વધેલો અને જૂની પદ્ધતિ વધુ ખર્ચાળ છે એ માન્યતાએ મિ. કેડલે, મુંબઈ સરકારના મિ. કાપડીઆને નિમણૂક આપી કાપકુપી માટે સૂચનો માગ્યાં. મિ. કાપડીઆનાં સૂચનોનો સંપૂર્ણ અમલ થયો નહિ.

## ગીતા મંદિર

જૂનાગઢ શહેરમાં સુખનાથ ચોકમાં સુખનાથ મહાદેવનું પુરાતન મંદિર છે, તેના મહંત મેસગર મહારાજે આ સ્થાનને ભવ્ય અને સમૃદ્ધ બનાવ્યું હતું. પણ તેના મૃત્યુ પછી તેની ચોથી પેઢીએ આવેલા મહંત ગુલાબગિરિએ આ જગ્યાનાં મકાનો પરધર્મીઓને વેચી નાખ્યાં છે અને મંદિર પણ વેચવાનું સાટું કર્યું છે એવી શંકા શ્રી સુંદરજી પઢીઆર નામના આગેવાનને મળતાં, તેણે અનેક આપત્તિઓ અને અવરોધોનો સામનો કરી ગિરનાર ઉપર જટાશંકર ધર્મશાળા, આ સમયમાં નિર્માણ કરનાર પૂ. રામાનંદજી મહારાજના સહયોગથી આ મંદિર ખરીદી લીધું. આ પ્રશ્ને હિત ધરાવતા કેટલાક માણસોએ ઉપાધિ ઊભી કરવા ધારેલું પણ કાયદો હાથમાં ન લેતાં રાજ્યની અદાલતને આ મામલો સોંપતાં બધી પ્રવૃત્તિઓ શાંત થઈ ગઈ.

મિ. પેટ્રીક કેડલને, જૂનાગઢની દીવાનગીરી દરમ્યાન બ્રિટિશ સરકારે નાઈટહૂડ આપ્યું. તેઓ તારીખ ૯-૪-૧૯૩૪થી રજા ભોગવવા સ્વદેશ ગયા. તેની ગેરહાજરીમાં કાર્યવાહક દીવાન તરીકે મુંબઈ ઈલાકાના ઉત્તર વિભાગના કમિશનર મિ. જે. એમ. મોન્ટીથ આવ્યા. સર પેટ્રીક રજા ઉપરથી પાછા ફર્યા ત્યારે મિ. મોન્ટીથ મૂળ સ્થાને પાછા ગયા.

સર પેટ્રીકે તેના મંત્રી મંડલમાં ખા. બ. અબ્દુલકાદર મહમદહુસેન નામના સિંધી ગૃહસ્થની નાયબ દીવાનપદે નિમણૂક કરી. તેમણે તેમની જગ્યાનો ચાર્જ તારીખ ૧-૨-૧૯૩૫ના રોજ લીધો.

રાજ્ય કાઉન્સીલમાં, નાયબ દીવાન અબ્દલકાદર ઉપરાંત રા. બ. શિવદત્તરાય ત્રિકમરાય માંકડ ચાલુ રહ્યા અને તારીખ ૧-૬-૧૯૩૫થી રેવન્યુ કમિશનર મિ. જે. એકસ. સિકવેરાને, રેવન્યુ મેમ્બર તરીકે કાઉન્સીલમાં નીમવામાં આવ્યા. રેલવે મેનેજર મિ. જી. ડબલ્યુ. એન. રોઝ વધારાના સભ્ય પદે રહ્યા.

સર પેટ્રીક કેડલે, તેની કડક રાજનીતિ, સખત કામ અને ન્યાયવૃત્તિથી રાજ્યમાં શાંતિ સ્થાપી ઘણા જૂના પ્રશ્નોનો નિકાલ કર્યો અને વર્ષોથી જામેલા દેશી રાજ્યના ઠંડા વાતાવરણમાં મુક્તિની ઉષ્મા આપી. પરંતુ તે આખરે એક દેશી રાજ્યના દીવાન હતા અને તેને મર્યાદા હતી, તેના કેટલાક હુકમો કાગળ ઉપર જ રહ્યા અને સર પેટ્રીક તે જાણવા છતાં કાંઈ કરી શકયા નહિ. પ્રભાસપાટણમાં દેહોત્સર્ગ ઘાટ ઉપરના શ્રી લક્ષ્મીનારાયણના મંદિરના પ્રશ્ને, રાજ્યે જોહુકમીથી તે મંદિર ઉપર ગેરકાયદેસરની જપ્તી કરી છે તેમ માની તેણે લંબાણ ચર્ચાને અંતે તે હિન્દુઓને સોંપી આપવા હુકમ કર્યો પણ તેનો અમલ તે કરાવી શકયા નહિ.

## દીવાન મિ. જે. એમ. મોન્ટીથ (ઇ. સ. ૧૯૩૫-ઇ. સ. ૧૯૩૮)

સર પેટ્રીક કેડલ તેમના હોદ્દાનો ત્યાગ કરી તારીખ ૫-૪-૧૯૩૫ના રોજ સ્વદેશ ગયા અને તેને સ્થાને મિ. જે. એમ. મોન્ટીથ નીમાયા. તેણે તેના હોદ્દાનો ચાર્જ તે જ તારીખે સંભાળ્યો.

ખા. બ. અબ્દલકાદરે, "જાસા ચિઠ્ઠી કેસ" નામથી જાણીતા થયેલા કેસમાં વેરાવળના પ્રતિષ્ઠિત વકીલ અને અગ્રગણ્ય નાગરિક શ્રી જમનાદાસ છગનલાલ રાઠોડ તથા શ્રી બુઢ્ઢુભાઈ નામના ગૃહસ્થોની ધરપકડ કરી, તેઓ નાગરિકો ઉપર જાસા ચિઠ્ઠીઓ લખે છે એવું તહોમત મૂકયું. આ કેસનું પરિણામ શૂન્યમાં આવ્યું. આ પગલાંથી શાંત થયેલી લાગણીઓ પુનઃ ઉગ્ર થઈ પરંતુ કોઈ અનિચ્છનીય બનાવ બન્યો નહિ ખા. બ. અબ્દલકાદર તે પછી રાજ્ય સેવાનો ત્યાગ કરી ચાલ્યા ગયા. તેની જગ્યાએ ટોંકના સાહેબઝાદા સરદારમહમદખાન તારીખ ૨૯-૫-૧૯૩૬થી નીમાયા. મિ. મોન્ટીથ રજા ઉપર સ્વદેશ જતાં શ્રી. સરદારમહમદખાન તારીખ ૨-૭-૧૯૩૬થી તારીખ ૫-૧૨-૧૯૩૬ સુધી કાર્યવાહક દીવાન તરીકે રહ્યા.

મિ. જે. એમ. મોન્ટીથ મોટા દિલના અને કાર્યક્ષમ દીવાન હતા, પરંતુ સર પેટ્રીક જેટલી ધગશ તેનામાં ન હતી. તેમની દીવાનગીરીના સમયમાં જૂનાગઢ રાજ્ય પ્રજા મંડલની લડતનો પ્રારંભ થયો. મિ. જે એમ. મોન્ટીથ તા. ૧-૮-૧૯૩૮ના રોજ બ્રિટિશ ભારતમાં પાછા ફર્યા અને તે જ તારીખે

ટોંકના સાહેબઝાદા સરદારમહમદખાને દીવાન પદ સંભાળ્યું.[1]

તા. ૩૧-૭-૧૯૪૦ના દિવસે જૂનાગઢમાં સૌરાષ્ટ્રના રાજાઓની પરિષદ થઈ. નવાબ મહાબતખાને તેમનું સ્વાગત કર્યું. રાજાઓએ બીજા વિશ્વ વિગ્રહમાં બ્રિટીશ સરકારને સહાય આપવા ઠરાવ કર્યો.

## જૂનાગઢ રાજ્ય પ્રજામંડલ

જૂનાગઢ રાજ્યમાં વારંવાર થતા કોમી ઉપદ્રવો સામે રક્ષણ મેળવવા અને હિન્દુઓને સંગઠિત કરવા ઈ. સ. ૧૯૩૦માં હિન્દુ પ્રજામંડલ નામની એક સંસ્થા સ્થાપવામાં આવી. વેરાવળ હત્યાકાંડ પ્રસંગે અને અન્ય પ્રસંગે આ પ્રજામંડલે સુંદર કાર્ય કર્યું પરંતુ રાષ્ટ્રીય કોંગ્રેસની નીતિ કોમવાદી ન હતી, તેથી આ પ્રજામંડલને કોંગ્રેસનો ટેકો મળ્યો નહિ. કોંગ્રેસના ટેકા વગર દેશી રાજ્યોમાં કોઈ મંડલો કાંઇ અસરકારક કામ કરી શકે નહિ તેથી ઈ. સ. ૧૯૩૨માં રાજકોટમાં મળેલા કાઠિયાવાડ રાજકીય પરિષદના અધિવેશનમાં તેના પ્રમુખ સ્થાનેથી પંડિત જવાહરલાલજીએ આપેલા પ્રેરક પ્રવચન ઉપરથી પ્રેરણા મેળવી, જૂનાગઢના અગ્રગણ્ય નાગરિકોએ રાજ્ય પ્રજામંડલ સ્થાપવાનો વિચાર કર્યો, પરંતુ સંજોગો અનુકૂળ ન હોવાથી તે વિચાર જયાં જનમ્યો હતો ત્યાં જ વિરમ્યો.

ઈ. સ. ૧૯૩૭માં બ્રિટિશ ભારતમાં કોંગ્રેસ પ્રધાન મંડલો કામ કરતાં થયાં અને ઈ. સ. ૧૯૩૮માં કાઠિયાવાડ રાજકીય પરિષદે રાજકોટમાં જવાબદાર રાજતંત્રની માગણી કરી, તેનો અસ્વીકાર થતાં આંદોલન શરૂ કર્યું. જૂનાગઢના નેતાઓએ આ તક ઝડપી લીધી અને પ્રજામંડલની સ્થાપના કરી જૂનાગઢના રાજકર્તા પાસે જવાબદાર રાજતંત્રની માગણી મૂકી.

પ્રજામંડલના કાર્યકર્તાઓ રાજ્યના તાલુકાઓમાં ઘૂમી વળ્યા અને પ્રજાને જાગૃત કરી. પ્રત્યેક વર્ગના, કોમના અને ધર્મના પ્રજાજનો પ્રજામંડલમાં જોડાયા. જૂનાગઢમાં કદી ન જોયેલી કે ન કલ્પેલી જાગૃતિની ઉષા પ્રકાશ પાથરી રહી.

રાજ્યે પણ આ જાગૃતિને કારણે ઉપસ્થિત થયેલા આંદોલનને કચડી નાખવા, બળ અને બુદ્ધિનો ઉપયોગ કરવાનો મક્કમ નિર્ધાર કરી, મુસ્લિમોને તેમાંથી જુદા પાડવા પ્રયત્નો કર્યા. તેમને કહેવામાં આવ્યું કે જો જવાબદાર રાજતંત્ર આવશે તો જનસંખ્યાના પ્રમાણમાં પ્રતિનિધિત્વ રહેશે અને મુસ્લિમો

---

1 રાજવીઓની પરિષદ

લઘુમતીમાં હોવાથી તેમનો અવાજ રાજતંત્રમાં નહિ રહે. મુસ્લિમોને ગળે આ દલીલ ઉતરી, પરંતુ વંથળીના શ્રી અબ્દરેમાન પટેલ, જૂનાગઢના શ્રી અબુબખાન ખલીલ વગેરે રાષ્ટ્રવાદી માનસ ધરાવતા આગેવાનો ચલિત થયા નહિ.

રાજ્યના વરિષ્ઠ અધિકારીઓએ જવાબદાર રાજતંત્રની માગણી સંતોષવાને બદલે ખેડૂતો અને વ્યાપારીઓની પરચુરણ માંગણીઓ સંતોષી તેમને જુદા પાડવાનું વિચાર્યું. તારીખ ૧૧–૧૨–૧૯૩૮ના એક ફરમાનથી નવાબે, રાજ્યના ખેડૂતોને ફલાઉઝાડ વાવે તો જમીનના વેચાણ હક્ક આપવાની, ગામડાંઓમાં ચાની હોટલો બંધ કરવાની, પટેલો સરકારી કામે જૂનાગઢ આવે તો સરકારી મહેમાન તરીકે ગણવાની, ખોરડાવાડાના પત્રકો આધારભૂત ન ગણવાની અને સમરી વેરો રદ કરવાની જાહેરાત કરી. તારીખ ૧૯–૧૨–૧૯૩૮ ના ફરમાનથી આ જાહેરાતોને કાયદાનું સ્વરૂપ આપ્યું. આ હાસ્યાસ્પદ નવાજેશો અપૂર્ણ જણાવાથી, દીવાન દફતર ઠરાવ નં. ૧૮૦૨ તારીખ ૨–૧–૧૯૩૯ થી ખેડૂતોના મરી ગયેલા બળદોનાં ચામડાં ખેડૂતોને આપવાની, વીઘોટીમાં દર રૂપિયે બે આના ઘટાડો કરવાની, ખેતીના ઉપયોગ માટે જંગલમાંથી લાવવામાં આવતાં લાકડાંની રૂપિયા બેની ફી ઘટાડી રૂપિયો એક કરવાની જાહેરાત કરી.

રાજ્યાસને બેઠેલા નવાબને અને તેના તંત્રને ટકાવી રાખનારા મંત્રીઓને લાગ્યું કે આ જાહેરાતોથી પ્રજામંડલમાં ભાગલા પડશે અને આંદોલન બંધ થઈ જશે પણ તેમ ન થતાં તેનાથી વિરૂદ્ધ અસર થઈ.

પ્રજામંડલની વધતી જતી લોકપ્રિયતા અને મહત્તાથી તંત્રવાહકો ચિંતિત થયા. તે સાથે જમિયતુલ મુસ્લિમ નામની એક સંસ્થાની સ્થાપના થઈ અને તેના નેતાઓએ મુસલમાનોને, પ્રજામંડલની ચળવળમાં ભાગ ન લેવા આજ્ઞા કરી.

પ્રજામંડલના પ્રમુખ શ્રી નરસિંહપ્રસાદ નાણાવટી અને કારોબારીના સભ્યોએ તારીખ ૮–૧–૧૯૩૯ના રોજ દીવાન તથા કાઉન્સીલના સભ્યોને મળી તેમનું દ્રષ્ટિબીંદુ સમજાવ્યું. દીવાને જવાબદાર રાજ્યતંત્ર આપવાની દિશામાં આગળ કદમ ભરવા એક સુધારા સમિતિ નીમવાનું સ્વીકાર્યું તથા તેમાં જનસંખ્યાના ધોરણે કે પ્રજાનું પ્રતિનિત્વ ધરાવતા હોય તેવા સભ્યોને નહિ પણ રાજ્યના કૃપાપાત્રો કે લઘુમતીના સભ્યોને નીમવામાં આવ્યા.

રાજ્યે વચનભંગ કરી પ્રજામંડલની હાંસી કરી છે એમ કહી પ્રજામંડલે તારીખ ૧૭–૧–૧૯૩૯ના રોજ હડતાલ, સભા, અને સરઘસનો કાર્યક્રમ યોજ્યો.

રાજ્યે પણ તારીખ ૯–૧–૧૯૩૯ની જાહેરાતથી આવી પ્રવૃત્તિને ગેરકાયદેસર ઠરાવી અને હજુર ફરમાન નંબર ૨૦૩ તારીખ ૧૦–૧–૧૯૩૯થી નવાબે આવી પ્રવૃત્તિ સામે નાપસંદગી દર્શાવી, પરંતુ તે માટે હવે બહુ મોડું થઈ ગયું હતું. પ્રજામંડલે વિશેષ વાટાઘાટો કરવાને બદલે સીધી લડતમાં ઉતરવાનો નિર્ણય લીધો.

પ્રજામંડલની કારોબારીમાં આ નિર્ણયે વિસંવાદ ઊભો કર્યો સર્વશ્રી દયાશંકર ત્રિકમજી દવે, જેઠાલાલ રૂપાણી, મગનલાલ ગાથા વગેરે વકીલોએ આ લડત બંધારણીય હોવી જોઈએ એમ કહી રાજીનામાં આપ્યાં.

પ્રજામંડલનો હડતાલ, સભા, સરઘસનો કાર્યક્રમ અમલમાં મૂકાય તે પહેલાં રાજ્યે, પ્રજામંડલના આગેવાનો સર્વશ્રી નરોત્તમદાસ લાલજી શેઠ, નૌતમલાલ વ્યાસ, પ્રભુદાસ વખારીયા, ડૉ. મણિલાલ વૈશ્નવ, રતીલાલ કાનજી દવે, ડૉ. મહાશંકર, વિઠ્ઠલદાસ જીવાભાઈ પટેલ વગેરેને પકડી લીધા.

કારાવાસમાં રાખેલા નેતાઓ ઉપર જુલ્મની ઝડીઓ વરસી અને પ્રજામાં દમનનો દોર છૂટો મૂકાયો આ લડત વિશેષ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે તે પહેલાં પૂ. ગાંધીજીએ, રાજકોટની લડત સંકેલી લેવા આજ્ઞા આપી અને તેથી પ્રજામંડલે પણ લડત બંધ કરી. તારીખ ૧૩–૨–૧૯૩૯ના રોજ સર્વે જેલવાસી નેતાઓને મૂક્ત કરવામાં આવ્યા. પ્રજામંડલની લડત આ પ્રમાણે ભાંગી પડી અને તે સાથે પ્રજામંડલ પણ ભાંગી ગયું.

પ્રજામંડલની લડત પડી ભાંગી તેની પાછળ નેતાઓમાં પડેલા તીવ્ર મતભેદો મહદ્ અંશે જવાબદાર હતા. એક પક્ષ, બ્રિટિશ ભારતમાં જે રીતે સત્યાગ્રહની લડત ચાલતી હતી તે ધોરણે સભા, સરઘસ, હડતાલ, સત્યાગ્રહ અને કાનૂનભંગનો કાર્યક્રમ વગર વિલંબે અપનાવવાના મતનો હતો, જ્યારે બીજો પક્ષ દેશી રાજ્યોની કચડાયેલી પ્રજા માટે આ અભિનવ પ્રયોગ કરતાં પહેલાં પ્રજાને તૈયાર કરવા અને તે પછી ઉદ્દામવાદી પગલાં લેવાના મતનો હતો. પ્રજા લડત માટે તૈયાર ન હતી. જ્યારે લડતનું એલાન અપાયું ત્યારે પ્રજામંડલની સભાઓમાં, જવાબદાર રાજતંત્રને બદલે, વ્યાપારમાં અને ખેતીમાં લાભદાયક થાય એવી છુટછાટો માગવામાં આવી. રાજ્યની વિરૂદ્ધ બોલવાથી કે ચળવળ કરવાથી સર્વનાશ નોતરવો પડશે એવી ભીતિ પણ ઘર કરી ગયેલી. શ્રીમંતો, રાજ્યાશ્રિત વ્યાપારીઓ, ઈજારદારો અને કોન્ટ્રાકટર જેવાં કામોમાંથી કમાણી કરતા ગૃહસ્થો, જાગીરદારો અને સરકારી નોકરો કે તેના આસજનો, રાજ્યને વફાદાર રહેવાની શર્તે જમીનો ખાતા બારખલીદારો, મહંતો, સંતો વગેરે રાજ્યની સામે ઊઘાડા ભિડવા તૈયાર ન હતા. એટલું જ નહીં પણ રાજ્યની

મરજી સુધીના અગ્રેતિયા હતા અને તેઓ પણ આવી લડતમાં જોડાવા માટે અચકાતા હતા. તે સાથે વિશ્વવિગ્રહનાં નગારાં યુરોપ એશિયામાં ગાજતાં થયાં, સોરઠમાં દુષ્કાળ પડયો અને રાજકોટની લડત નિષ્ફળ ગઈ. એ બધાંની અસર પ્રજામંડલની લડતને થઈ અને અંત તે સંકેલાઈ ગઇ.

તેમ છતાં આંદોલન સર્વથા નિષ્ફળ ગયું નહિ તેમ તે પછીના ઇતિહાસથી સ્પષ્ટ જણાશે.

## એટેચ્ડ એરિયા યોજના

ઈ. સ. ૧૯૪૩માં સાર્વભૌમ સત્તાએ તેનું ભાવિ સ્પષ્ટપણે જોઈ લીધું. તેથી સૌરાષ્ટ્રનાં નાનાં રાજ્યો અને તાલુકાઓ ઉપર એજન્સીની સીધી દેખરેખ હતી અને વહીવટ ઉપર અંકુશ હતો તેવાં રાજ્યોને પ્રથમ વર્ગના રાજ્યો નીચે મૂકી દેવા ઘડેલી યોજના પ્રમાણે[1] એજન્સી નોટિફીકેશન નં. ૮૭ તારીખ ૮–૬–૧૯૪૩ થી તારીખ ૧૪–૬–૪૩ના દિવસથી નીચેના તાલુકાઓ જૂનાગઢ રાજ્યના અંકુશ નીચે મૂકવામાં આવ્યા.

૧ બાટવા બડા મજમુ ૨ બાટવા છોટા મજમુ ૩ સરદારગઢ ૪ સૂર્યપ્રતાપગઢ ૫ અનિડા ૬ નડાલા ૭ સનાળા ૮ ભાયાવદર ૯ માનપુર ૧૦ માયાપાદર ૧૧ ખીજડિયા ૧૨ આલીધરા ૧૩ અકાળા ૧૪ મન્દારપુર.

તે ઉપરાંત હકૂમત વગરના નીચેના તાલુકાઓ પણ જૂનાગઢ રાજ્ય નીચે મૂકવામાં આવ્યા.

૧ અમરાપુર ૨ લુણાગિરિ ૩ કુબા ૪ વીછાવડ.

તે પછી એજન્સીના નોટિફીકેશન નંબર ૧૯૨ તારીખ ૩૦–૧૧–૧૯૪૩થી માણાવદર, થાણાદેવળી અને જેતપુરનાં રાજ્યો પણ તારીખ ૭–૧૨–૧૯૪૩થી જૂનાગઢ રાજ્ય નીચે મૂકવામાં આવ્યાં.

આ જોડાણથી જૂનાગઢ રાજ્યના વિસ્તારમાં ૬૮૦ ચોરસ માઈલનો વધારો થયો અને ૧,૪૩,૬૨૫ની વસતી વધી.

આ રાજ્યોનો વહીવટ કરવા સ્પેશિયલ ઓફિસર તરીકે કેપ્ટન હાર્વે જોન્સ તથા આસિસ્ટંટ સ્પેશિયલ ઓફિસર તરીકે શ્રી સી. એન. મોદી અને તે પછી શ્રી જે. એમ પંડયા નીમાયા. જૂનાગઢ રાજ્યે આ રાજ્યો અને

---

1 જૂનાગઢ રાજ્ય તરફથી આ યોજનામાં પ્રારંભિક કાર્ય આ લેખકે અને શ્રી બુદુભાઈ ખોખરે કરેલું. શ્રી બુદુભાઇ અંત સુધી તેમાં કાર્ય કરતા રહ્યા.

તાલુકાઓ પાસેથી લેવાતી જોરતલબીની રકમ માફ કરી અને ન્યાય માટે જૂનાગઢમાં હાઈકોર્ટની સ્થાપના કરવામાં આવી.

## દીવાનો (ઇ. સ. ૧૯૩૮-ઇ. સ. ૧૯૪૭)

મિ. જે. એમ. મોન્ટીથ ગયા પછી ટોંકના સાહેબઝાદા સરદારમહમદખાન દીવાન થયા. તેના સમયમાં પ્રજામંડલની ચળવળ, બીજો વિશ્વવિગ્રહ, સં. ૧૯૯૬નો દુકાળ વગેરે રાજ્યને ઉપાધિમાં મૂકનારા પ્રસંગો આવ્યા. તે સાથે નાનાં રાજ્યો અને તાલુકાઓને જૂનાગઢ રાજ્યમાં જોડવાની પ્રવૃત્તિ પણ કરવાની જવાબદારી તેની હતી. તેમણે બધાં કાર્યો પાર પાડયાં પણ રાજ્યમાં તેની બહુ સારી છાપ પડી નહિ. રાજવંશી અને બ્રિટિશ રાજ્યમાં ઊંચો અધિકાર પ્રાપ્ત કરી શકેલા આ દીવાન ઈ. સ. ૧૯૪૨માં ગયા અને ખા. બ. અબ્દલકાદર મહમદહુસેને તારીખ ૨૮-૮-૧૯૪૨ના રોજ જૂનાગઢના દીવાનનું પદ સંભાળ્યું.

આ શક્તિશાળી, હુશિયાર અને વહીવટી તંત્રના નિષ્ણાત દીવાને ઘણીજ બાહોશીથી રાજતંત્ર ચલાવ્યું. પરંતુ તેના પુરોગામી દીવાને, રાજ્યની નોકરીમાં મુસ્લિમોનું પ્રમાણ વિશેષ હોવું જોઈએ તે માટે ખાતાંઓ ઉપર મોકલેલા ગુપ્ત પરિપત્રને બદલે ઉઘાડી રીતે રાજ્યની નીતિ જાહેર કરી અને રાજ્યના દરેક ખાતામાં મુસ્લિમ અધિકારીઓને હક્ક ન હોય છતાં બઢતી આપવામાં આવી. કર્મચારીઓની ભરતીમાં યોગ્ય લાયકાતવાળા સ્થાનિક મુસ્લિમો ન મળે તો પર પ્રાન્તમાંથી મુસ્લિમોને બોલાવી નિમણૂકો આપવામાં આવી. આમ જૂનાગઢ રાજ્યમાં હિંદુ-મુસ્લિમ વચ્ચે ભેદભાવ ન હતો તેનું પ્રગટ રીતે સર્જન થયું અને બે સદી જૂની રાજનીતિમાં પલટો આવ્યો.

જ્યારે દેશના ભાગલા પડયા ત્યારે ખા. બ. અબ્દલકાદર મુસ્લિમ હતા અને સિંધના હતા, છતાં તેણે જૂનાગઢ ભારતમાં જોડાય એવો અભિપ્રાય આપ્યો પણ એ જ સમયે તેને હૃદયરોગનો હુમલો થતાં અમેરિકા ગયા અને તેના સ્થાને જૂનાગઢનું રાજ્ય ગુમાવવા સર શાહનવાઝ ભુટ્ટોને મૂકતા ગયા. સર શાહનવાઝે તેની જગ્યાનો ચાર્જ તારીખ ૩૦-૫-૧૯૪૭ ના રોજ લીધો.

## રાજ્યતંત્ર

ઈ. સ. ૧૯૧૧માં નવાબ રસુલખાનજી ગુજરી ગયા અને બ્રિટિશ એડમિનીસ્ટ્રેશન થયું ત્યારથી બ્રિટિશ હિન્દુસ્થાનમાં જે વહીવટી પદ્ધતિ હતી તે રાજ્યના પ્રત્યેક ખાતામાં દાખલ કરવામાં આવી. ઈ. સ. ૧૯૨૦માં મહાબતખાનજીએ સત્તાનાં સૂત્રો સંભાળ્યાં પછી પણ તે જ પદ્ધતિએ વહીવટ ચાલતો રહ્યો. પરંતુ તે પછી પ્રજાની અને વહીવટની મુશ્કેલીઓ સમય, સંજોગ

અને પરિસ્થિતિ ધ્યાનમાં લઈ, અહીં તહીં ફેરફાર થયો, પરંતુ તેનું મૂળ માળખું તો તેનું તે જ રહ્યું. રેવન્યુ ખાતામાં લેન્ડ રેવન્યુ કોડ, અને તે અંગેના નિયમો અને વટહુકમો પ્રસિદ્ધ કરવામાં આવ્યા. હિસાબની પદ્ધતિ પણ બ્રિટિશ જિલ્લાની પદ્ધતિએ નિર્મિત થઈ. રાજ્યે, તેનો એકાઉન્ટ કોડ પણ તૈયાર કર્યો. પોલીસ ખાતામાં, જાહેર બાંધકામ ખાતામાં, કેળવણી ખાતામાં, હિસાબી અને નાણાં ખાતામાં, થોડા ફેરફાર સાથે બ્રિટિશ વહીવટી પદ્ધતિ અપનાવવામાં આવી અને જ્યાં દ્વિધા કે વિવાદ ઉત્પન્ન થાય ત્યાં તે પદ્ધતિ અન્વય સ્થાપિત થયેલા ધોરણનું અનુસરણ થતું. ન્યાયખાતું કારોબારીથી સ્વતંત્ર હતું અને તેની પ્રમાણિકતાની પ્રણાલિકા, અન્ય રાજ્યો કરતાં અવશ્ય ઊંચી હતી ન્યાય તંત્રમાં રાજકર્તા કે દીવાન હસ્તક્ષેપ કરતા નહિ.

પ્રત્યેક ખાતા ઉપર અનુભવી અને પીઢ અધિકારીઓ નીમવામાં આવતા અને દીવાનને મદદ કરવા માટે કાઉન્સીલ હતી. તેના પ્રમુખ નવાબ પોતે હતા છતાં તેઓ કાઉન્સીલની મિટીંગોમાં ક્વચિત આવતા પરંતુ નીતિ વિષયક પ્રશ્નો, એજન્સી સાથેના સંબંધો વગેરે અગત્યની બાબતોના નિર્ણય નવાબની અનુમતિ અને આજ્ઞાનુસાર જ લેવાતો. નવાબ પોતે રાજ્યના પ્રત્યેક પ્રશ્નથી સંપૂર્ણપણે વાકેફ રહેતા પરંતુ રાજતંત્રમાં સીધો હસ્તક્ષેપ કરતા નહિ. તેના કૃપાપાત્રો કે અંગત સંબંધીઓની બાબતો માટે પણ તે 'યોગ્ય દ્વારા જ' નિર્ણય થવો જોઈએ તેવો આગ્રહ રાખતા. પાછળથી તેમણે પ્રમુખની સત્તા તથા હોદ્દો દીવાનને આપેલો.

**સભ્યો**

કાઉન્સીલમાં ઈ. સ. ૧૯૩૧ થી ઈ. સ. ૧૯૪૭ સુધી જૂનાગઢના શ્રી શિવદત્તરાય ત્રિકમરાય માંકડ વરિષ્ટ સભ્ય પદે રહ્યા. તેમને બ્રિટિશ સરકારે રાવ બહાદુરનો ચંદ્રક આપેલો. આ મુત્સદ્દી, પ્રતિભાશાળી અને પીઢ રાજપુરુષે ૭ દીવાનો સાથે કાઉન્સીલમાં રહી રાજ્યની એકધારી સેવા કરી. નવાબની પણ કૃપા અને વિશ્વાસ મેળવી તેણે તટસ્થ અને ન્યાયપરાયણ રહી પ્રજાનો ચાહ અને રાજકર્તાની પ્રીતિ સંપાદન કરી. જૂનાગઢ રાજ્યે પાકીસ્તાન સાથે જોડાવા નિર્ધાર કર્યો ત્યારે તેઓ તેમાં સહમત ન થઈ શકતાં ઈ સ. ૧૯૪૭ માં નિવૃત્ત થઈ ગયા અને થોડા સમયમાં તેમનો દેહાંત થયો.

ઈ. સ. ૧૯૩૫માં, રેવન્યુ કમિશ્નર પદે દશ વર્ષથી અધિક સમય રહેલા શ્રી જે. એકસ સિક્વેરાને કાઉન્સિલના સભ્ય પદે નિયુક્ત કરવામાં આવ્યા. આ ગોવાનીઝ ક્રિશ્ચિયન ગૃહસ્થ યુવાન વયે જૂનાગઢ રાજ્યની સેવામાં જોડાયેલા. વિશાળ વ્યવસ્થા શક્તિ, કૂનેહ અને વહીવટી કાર્યક્ષમતાના કારણે તેઓ

નવાબના પ્રીતિપાત્ર થયા. તેઓ પ્રાઈવેટ સેક્રેટરી પદે પણ રહ્યા. ઈ. સ. ૧૯૩૯માં તેઓ રજા ઉપર ગયા અને પાછળથી દીવાન સાહેબઝાદા સરદારમહમદખાને તેમના વિરૂધ્ધ તપાસ કરી તેમને બરતરફ કર્યા તે પછી થોડા જ માસમાં તે ગુજરી ગયા

તેમના ગયા પછી. મુંબઈના માજી કલેકટર ઓફ કસ્ટમ્સ રાવબહાદુર માણેકલાલ લલ્લુભાઈ રેવન્યુ મેમ્બર થઈને આવ્યા અને તેમની ગૃહસ્થાઈ, નિષ્પક્ષપાત નીતિ અને કાર્યક્ષમતાથી તે પ્રજાપ્રિય થયા. તેઓ ઈ. સ. ૧૯૪૨ માં છુટા થયા. સિંધના નિવૃત્ત કલેકટર રા. બ. ધરમદાસ હીરાનંદાણી ઈ. સ. ૧૯૪૨માં, ડાયરેકટર ઓફ સિવિલ સપ્લાઈઝ થઈને આવેલા અને તે પછી રેવન્યુ કમિશનર પણ નીમાયેલા. તે ઈ. સ. ૧૯૪૫માં રેવન્યુ મેમ્બર થયા. આ બાહોશ, વિચારશીલ, કાર્યક્ષમ ફ્નેહબાજ અને અતિ અનુભવી અમલદારે તેની શાંત, ગંભીર અને નિડર પ્રકૃતિથી રેવન્યુ ખાતાનું માળખું ફેરવી નાખ્યું. તેણે નવા ગ્રેજ્યુએટોને અધિકારી પદે અને મુખ્ય કચેરીમાં રાખી, ખાતાનું આધુનિકરણ કરી કેટલીક ઉચ્ચ પ્રણાલિઓ પાડી. તેઓ પણ જૂનાગઢનું પાકીસ્તાન સાથે જોડાણ કરવાના ઠરાવમાં કાઉન્સિલ સભ્ય તરીકે સહમત ન થતાં વિરોધ કરી રાજીનામું આપી છૂટા થઈ ગયા.

ખા. બ. અબ્દુલમજીદખાન ઈ. સ. ૧૯૪૧થી ઇ. સ. ૧૯૪૭ સુધી કાયદા સભ્ય રહ્યા.

ઈ. સ. ૧૯૪૭માં રાજ્યના અંતિમ દિવસોમાં શ્રી. એ કે. વાય અબ્રેહાનીને સભ્ય પદે લેવામાં આવ્યા પરંતુ તેમના ગયા પછી થોડા જ દિવસોમાં જૂનાગઢ રાજ્યમાં નવાબીનો અંત આવ્યો.

આ ઉપરાંત કાઉન્સીલમાં, મિ. રોઝ, કેપ્ટન વિલિયમ્સ, કેપ્ટન એફ. બી. એન. ટીન્લે, મિ. બોઈડ વગેરે અંગ્રેજ સભ્યો વારંવાર લેવાયા હતા. કેપ્ટન હાર્વે જોન્સ છેલ્લી કાઉન્સિલના સભ્ય હતા.

ઈ. સ. ૧૯૩૧માં મુંબઈ રાજ્યની સેવામાંથી આવેલા શ્રી. એસ. પી. ઘીવાલા પ્રથમ દીવાન ઓફિસના મેનેજર અને પછીથી ચીફ સેક્રેટરી પદે ઈ. સ. ૧૯૪૭ના નવેમ્બર સુધી રહ્યા. અતિ સખત કામ અને પરિશ્રમ કરનારા આ પારસી ગૃહસ્થે સોળ વર્ષ સુધી જૂનાગઢના વહીવટી તંત્રમાં અગત્યનું સ્થાન ભોગવ્યું.

## રાજ્યનાં જુદાં જુદાં ખાતાંઓ

બધાં રાજ્યોની જેમજ રાજ્યમાં રેવન્યુ, પોલીસ આદિ જુદાં જુદાં ખાતાંઓ હતાં. પરંતુ અમુક ખાતાંઓમાં કેટલીક વિશિષ્ટતા હતી અને કેટલાંક

વિશિષ્ટ ખાતાંઓ[1] હતાં જેની નોંધ લેવાનું આવશ્યક છે.

### કેળવણી

જૂનાગઢ રાજ્યમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વિના શુલ્કે આપવામાં આવતું, જો કે પ્રાથમિક કેળવણી ફરજીયાત ન હતી. કૉલેજમાં ફી લેવાતી પરંતુ સ્થાનિક કે પર પ્રાંતીય મુસ્લિમ વિદ્યાર્થીઓને સાવ માફી હતી એટલું તો નહિ પણ તેમને મફત પુસ્તકો આપવામાં આવતાં, હોસ્ટેલમાં મફત ભોજન આપવામાં આવતું અને સ્થાનિક મુસ્લિમ વિદ્યાર્થીઓને તેમજ બહારના કેટલાક મુસ્લિમ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ પણ આપવામાં આવતી.

બહાઉદ્દીન કૉલેજમાં મહાબત ફેલોશીપ હતી તે પણ માત્ર મુસ્લિમોને જ અપાતી. મુસ્લિમોને ધંધાકીય તાલીમ આપવા ઈ સ. ૧૯૩૫માં ટેકનિકલ સ્કૂલ પણ સ્થાપવામાં આવેલી

મુસ્લિમ વિદ્યાર્થીઓને મહાબત મદ્રેસામાં પણ મફત શિક્ષણ આપવામાં આવતું.

બહાઉદ્દીન કૉલેજમાંથી સાયન્સના બંધ થયેલા વર્ગો ઈ સ ૧૯૪૩માં ચાલુ કરવામાં આવ્યા. તા. ૧૧–૭–૧૯૪૩ના રોજ અબ્દલકાદર સાયન્સ બ્લોકનું યુવરાજના હાથે ઉદ્‌ઘાટન થયું.[2]

### આરોગ્ય

જૂનાગઢમાં એક જનરલ હૉસ્પિટલ તથા એક ઝનાના હૉસ્પિટલ હતી.

---

1 દા. ત. જૂનાગઢ શહેરમાં દીવાન ચોકમાં દરેક પ્રહરનાં ચોઘડિયાં વાગતાં અને તેના માટે નક્કાર ખાતું ચાલતું. ઉપરકોટમાં બપોરે બાર વાગે તોપ ફોડવામાં આવતી, ગરીબ લોકોને મફત ભોજન આપતું લંગરખાનું હતું તે ઉપરાંત હથિયારો રહેતાં તે શસ્ત્રાગાર સીલેખાનું તથા કીંમતી ઝવેરાતો રહેતાં તે તોષાખા, સવારીમાં ચડવાના જ ઉપયોગના કોતલ ઘોડાઓ, રથો અને સીગરામોનું રથખાનું, ગાડીખાનું, મોટરખાનું વગેરે ખાતાંઓ હતાં તે સાથે ઘરભેણી, સૌરાષ્ટ્ર પોસ્ટ, જેવાં ખાતાંઓ હતાં અને બીજાં ખાતાંઓમાં બીજાં રાજ્યો કરતાં કંઈક જુદી પદ્ધતિ હતી તેને અનુલક્ષીને અહિ સંક્ષિપ્ત વિગતો લેવામાં આવી છે.

2 કેળવણી ખાતાના ઉપરી પદે સ્વ. છગનલાલ પંડયા શ્રી પુરુષોતમરાય નાણાવટી શ્રી. શ્રી મતિશંકર દેસાઇ, શ્રી લાખાણી, શ્રી. બદ્દલઝમાન કાઝી તથા શ્રી ઈસ્માઇલ અબ્રેહાની વગેરે ઉતરોત્તર આવેલા. કૉલેજ, કેળવણી અધિકારી નીચે ન હતી પ્રિન્સિપાલ પદે શ્રી હોડીવાળા, શ્રી માધવજી ભટ્ટ, શ્રી નવાબઅલી, શ્રી સલ્ધાના અને શ્રી ઝહુરૂદ્દીનઅહમદ ઉતરોત્તર હતા.

તેના ઉપરી પદે પ્રિન્સિપાલ મેડીકલ ઓફિસર[1] હતા. રાજ્યનાં દવાખાનાંઓના ઉપરી ચીફ મેડીકલ ઓફિસર હતા સીલ્વર જ્યુબિલી ઉત્સવ પ્રસંગે જે ફંડ થયું તેમાં જે જે મહાલનું જેટલું ફંડ થાય તેટલી રકમ રાજ્યે ઉમેરી તેમાંથી કોઈપણ સાર્વજનિક દવાખાનાં કરવાનો રાજ્યે નિર્ણય લીધો હતો. તે ઉપ-રાંત મહાલનાં કેન્દ્રોમાં તથા અન્ય મોટાં ગામોમાં દવાખાનાંઓ હતાં.

ઈ. સ. ૧૯૩૫માં ત્યજી દેવાયલાં બાળકો માટે ફાઉન્ડલિંગ હોમની સ્થાપના કરવામાં આવી તે સાથે બાલ આરોગ્ય કેન્દ્ર તથા રેડક્રોસ સંસ્થા પણ કાર્ય કરતી. દિલ્હીની રેડક્રોસ સંસ્થાની મુખ્ય કચેરીનું મકાન જૂનાગઢ રાજ્યે બંધાવી આપેલું અને તેની શાખા જૂનાગઢમાં હતી. નવાબે ચીલ્ડ્રન વેલફેર સોસાયટી સ્થાપી હતી. તેનું ઉદ્‌ઘાટન તેના હાથે તારીખ ૧૭-૧૨-૧૯૩૩ ના રોજ થયું હતું.

લેપરએસાયલમમાં રક્તપીતના દર્દીઓની વિના શુલ્કે સારવાર થતી.

આયુર્વેદિક અને યુનાની દવાખાનાંઓ અને ફરતાં દવાખાનાંઓ પણ દરેક મહલનાં અગત્યનાં ગામડાંઓમાં ચાલતાં.

સંસ્થાઓ સ્થાપિત અને સંચાલિત દવાખાનાંઓને અનુદાન મળતું.

## મહેસૂલ

રાજ્યની જમીન ફળદ્રુપ હતી. પણ ખેડૂતો ગણોતિયા હતા. તેમને જમીન ઉપર માલીકી કે કબ્જા હક્ક હતા નહિ, પરંતુ વારસાના નિયમો ઉદાર હતા, પુત્રના અભાવે પુત્રીઓને વારસો મળતો. દત્તક લેવાની છૂટ હતી. ખેડૂતનું મૃત્યુ થાય, પુત્ર ન હોય અને પુત્રીઓ સગીર કે અવિવાહિત હોય તો, અથવા વિધવા હોય કે અપંગ આશ્રિતો હોય તો જમીન બીજાને સંથાય તે સાથે મૂળ ખેડૂતનાં આશ્રિતોને ખોરાકી પોશાકી આપવામાં આવતી. વિધવા ધણીના હક્કમાં રહે ત્યાં સુધી ખાતું પણ તેના નામે ચાલતું. ખેડૂતોના વારસા હિસ્સા, વહેંચણ વગેરે સર્વ પ્રશ્નો મહેસૂલ ખાતું જ પતાવતું. તેમને વકીલો રોકવા કે કોર્ટે જવાપણું હતું નહિ. લહેણાં કારણ ખાતું છૂટી જાય તો ખેડૂતને રહેવા માટે મકાન આપવામાં આવતું.

---

1 ઇ. સ. ૧૯૩૭ થી ૧૯૪૭ સુધી ચીફ મેડિકલ ઓફિસર પદે કેપ્ટન પી. ટી. મજમુદાર તથા ઇ. સ. ૧૯૩૩ સુધી પ્રિન્સિપાલ મેડીકલ ઓફિસર ડૉ. માર્ટીન્સ હતા, તે પૂર્વે ડૉ. નરસિંહદાસ તથા ડૉ. કોઠારી આરોગ્ય ખાતાના ઉપરી હતા.

પાછળનાં વર્ષોમાં, બગીચાઓની જમીન વેચાણ હક્કે મેળવવા તથા ઉભડ હક્કનાં મકાનો પણ વેચાણ હક્કો મેળવવા મંજૂરી આપવામાં આવતી.

ખેતીની સુધારણા માટે ખેતીવાડી ખાતું હતું પરંતુ તેનું ક્ષેત્ર મર્યાદિત હતું.

ખેડૂતો તથા ઉભડો પાસેથી વેઠ લેવાતી પણ તે માત્ર સરકારી કામ માટે લેવાતી. વેઠ કરનારને ભથ્થું આપવા ધોરણ હતું. નવાબ પોતે વેઠ લેવાની વિરૂદ્ધ હતા પણ તે ધોરણ નાબૂદ કરી શકયા નહિ.

ખેડૂતો ઉપર કરજનો બોજો વધી જતાં ઈ. સ. ૧૯૩૪-૫ માં ઋણ રાહત ધારો અમલમાં લાવવામાં આવ્યો અને તેને પરિણામે ઘણા ખેડૂતો ઋણ મુક્ત થયા

ખેડૂતોને બળદ, કોસ, બીયારણ વગેરેની તગાવી અપાતી. જમીન મહેસૂલ બે હપ્તાથી વસૂલ થતી. બધાં ખાલસા ગામોમાં સર્વે થઈ ગઈ હતી અને ઘણાં ખરાં ભાયાતી, ગીરાસદારી અને બારખલી ગામોમાં પણ સર્વે થઈ ગઈ હતી.

અછત કે દુષ્કાળનાં વર્ષોમાં માફી મુકાણ આંખને અડસટે નુકસાનનો અંદાજ બાંધી, આપવામાં આવતાં.

એડમિનીસ્ટ્રેશનમાં રા. બ. કેશવલાલ ગિરધરલાલ ત્રિવેદી, ચીફ રેવન્યુ ઓફિસર હતા. નવાબ ગાદીએ બેઠા પછી જૂનાગઢના શ્રી મોતીલાલ ઝવેરચંદ વસાવડા તે પછી નિમાયા. ઈ. સ. ૧૯૨૫-૨૬ થી મિ જે. એક્સ. સિકવેરા રેવન્યુ કમિશનર પદે ઈ. સ. ૧૯૩૫ સુધી રહ્યા. તેઓ કાઉન્સીલમાં મેમ્બર પદે નિમાતાં તે જગ્યાએ ચીફ રેવન્યુ ઓફિસરના હોદ્દાથી શ્રી બાબુ પરશુરામ પુરાણિક નીમાયા. તેના અવજી શ્રી યુસુફજી પટેલ આવ્યા તે પછી રા. બ. ધરમદાસ હીરાનંદાણી રેવન્યુ કમિશનર થયા અને તેઓ ઈ. સ. ૧૯૪૫ માં રેવન્યુ મેમ્બર પદે જતાં ખાનશ્રી મુર્તઝાખાનજી મહેસૂલ ખાતાના વડા થયા. તા. ૧લી નવેમ્બરે તે જગ્યાએ અબ્દુલસમદ બીનહમીદ નીમાયા અને ૯મી નવેમ્બરે જૂનાગઢ રાજ્યમાં રાજાશાહીનો અંત આવ્યો.

## ઘરભેણી

રાજ્યમાં ઘરભેણી ખાતા નામનું એક ખાતું હતું. તે ઘરભેણી નિયમો અનુસાર કામ કરતું. આ નિયમો, જૂનાગઢ અને બીજા નવ નગરોને લાગુ હતા. તે અન્વયે મકાન માલિકોને, જે જમીન ઉપર મકાન છે તે જમીન રાજ્ય પાસેથી કયારે વેચાણ લીધી છે તે બતાવવા કહેવામાં આવતું અને જો તેવા પુરાવા રજૂ કરી ન શકે તો જુદા જુદા સમયના જુદા જુદા દરની કીંમત વસૂલ લેવામાં આવતી. આ અન્યાયી અને ત્રાસદાયક નિયમો સામે પ્રજાએ વારંવાર અવાજ

ઉઠાવ્યો પણ કાંઈ સંતોષકારક પરિણામ આવ્યું નહિ [1]

નગરમાં મકાનો બાંધવા માટેની જમીનો વેચાણ હક્કથી મળતી તેના ઉપર કિરાયો કે અન્ય કોઈ વેરો કે ટેકસ લેવાતો નહિ

## ગીરાસ

ગીરાસિયાઓ તથા બારખલીદારો પ્રત્યે પણ રાજ્યની નીતિ ઉદાર હતી. તેમની પાસેથી મુકરર થયેલા સુધારા વરાડ કે સેટલ સલામી ઉપરાંત કોઈ રકમ લેવાતી નહિ. સગીર ગીરાસદારની જાગીર ઉપર જપ્તી રહેતી અને તેનો વહીવટ રાજ્ય કરતું કે જનરલ વાલી નીમવામા આવતા. જાગીર ઉપર કરજ થાય તો કરજ નિકાલ ખાતું, વહીવટ કરી જાગીર ઋણ મુક્ત થાય તેવી યોજના કરતું. આવશ્યક પ્રસંગે ગીરાસદારોને લોન પણ આપવામાં આવતી. બીજાં રાજ્યોમાં ગીરાસદારોને ધીરધાર કરી તેના જાગીરો લખાવી લેવામાં આવતી, તેમ અહીં થતું નહિ.

ધર્માદા, દેવસ્થાનો, પીરસ્થાનેની જાગીરો પ્રત્યે પણ ઘણી જ ઉદાર નીતિ હતી. ધર્માદા સંસ્થાના મહંત ગુજરી જાય ત્યારે રાજ્યને મહંત નીમવાનો અધિકાર હતો. પરંતુ, જે સંપ્રદાયની જગ્યા હોય તે જ સંપ્રદાયના અને બનતાં સુધી મર્હૂમ મહંતના શિષ્યને ગાદી આપવામાં આવતી, મહંતોને સંસારી થવાની પણ છૂટ આપવામાં આવેલી.

બારખલીખાતું, રેવન્યુ કમિશનર નીચે અને ઈ. સ. ૧૯૩૫થી રેવન્યુ મેમ્બર નીચે હતું. તેના દ્વારા જપ્તી જાગીરો, સગીરોની જાગીરો, કરજદારોની જાગીરો તથા ખફગાનની જાગીરોનો વહીવટ પણ થતો.[2]

## ફળ ઝાડ ઉછેર

કેરીનો વિપુલ પાક થાય તે માટે ખરાબાની જમીનમાં પ્રજાને આંબા વાવવાની છૂટ હતી. આવી રીતે વાવેલા આંબાઓ ફળાઉ થાય ત્યારે દર ઝાડે

---

1 ઘરબેણી ઓફિસર તરીકે, સર્વશ્રી છેલશંકર રાણા, જયંતિલાલ વસાવડા, લાલભાઇ દેશાઈ, બી. પી. પુરાણિક, વજુભાઇ કોઠારી, મનુભાઇ કીકાણી, અ. બીનહમીદ તથા શં. દ. દેશાઇ ઉત્તરોત્તર હતા.

2 બારખલી આસિસ્ટંટના પદે સર્વશ્રી, મુગટરાય કલ્યાણજી, જોરાવરસિંહજી, વજુભાઇ કોઠારી તથા સી. પી. ભટ હતા. તે પછી બારખલી ઓફિસરની જગ્યા થતાં તેના ઉપર સર્વશ્રી સી. પી. ભટ, બીનહમીદ, કાસમ વીશલ અને જી. એસ. તહેસાની ઉત્તરોત્તર હતા.

માત્ર ચાર આનાની દસ્તુરી લેવાતી. તે રીતે નાળીયેરીના વાવેતરની પણ છૂટ હતી અને તેના ઉપર દર ઝાડે માત્ર બે આના દસ્તુરી લેવાતી.

ફળાઉ ઝાડના બગીચાઓની જમીન વેચાણ હક્કથી આપવામાં આવતી.

ગાર્ડન સુપ્રિન્ટેન્ડેન્ટ શ્રી. એ. એસ. કે. આયંગરના પુરુષાર્થ અને પરિશ્રમથી જૂનાગઢમાં ગિરનારની તળેટીમાં ૫૦૦ એકર જમીન જંગલખાતા પાસેથી લઈ તેમાં દુધેશ્વર પ્લાન્ટેશન નામનું અંબવન બન્યું છે તેમાં ખાનગી ગૃહસ્થોનાં આંબાવાડિયાં છે. આ અંબવનમાં કેસર તથા અન્ય ઉમદા પ્રકારની કેરીઓ થાય છે. તે જ અધિકારીએ ઉના પાસે વાસોજમાં નાળીયેરનું પણ સુંદર પ્લાન્ટેશન બનાવ્યું છે જે સૌરાષ્ટ્ર સરકારે, સોમનાથ ટ્રસ્ટને આપી દીધું છે.

રાજ્યમાં સરકારી ૭ બાગો જૂનાગઢમાં અને ૭ બાગો મહાલોમાં હતા.

## ગોસંવર્ધન

નવાબ મહાબતખાનને ગાયો પ્રત્યે અનહદ અનુરાગ હતો. તેના વિલિંગ્ડન ફાર્મમાં ઊંચી ગિર ઓલાદની ગાયો ખૂંટો રાખેલાં. આ ગાયોનાં નામો પણ ગંગા, ગોદાવરી વગેરે હતાં. તેઓ તેના ઉપર અંગત ધ્યાન આપતા અને પોતે ઘણી વાર ગાય દોહી પણ લેતા. આ ગાયો શુષ્ક થઈ જાય તે પછી પણ પાળવામાં આવતી. કોઈપણ સંજોગોમાં ગાયો કતલખાને મોકલાતી નહિં.

આ ફાર્મના ધણખૂંટોએ અખિલ ભારત પ્રદર્શનોમાં અનેકવાર પ્રથમ ચંદ્રકો જીત્યા હતા. ગોવંશ સુધારણા માટે આ ચંદ્રક વિજેતા ધણખૂંટોને મહાલોમાં રાખવામાં આવતા.

સરકારી ડબામાં આવતી રખડતી ગાયોને હરરાજ ન કરતાં પાંજરાપોળમાં મોકલવામાં આવતી અને તેની હરરાજી કરવાનું જરૂરી જણાય તો મુસલમાનની માગણી લેવાતી નહિ કે મુસલમાનને ગાય વેચાતી અપાતી નહિ.

પાંજરાપોળને જમીનો, વીડીઓ અને અનુદાન અપાતાં.

પ્રભાસપાટણમાં ગૌવધનો પ્રતિબંધ હતો અને રાજ્યના બીજા ભાગોમાં પણ જાહેરમાં પશુવધ કરવો એ ગુનો હતો.

## પશુ સંવર્ધન

ગાયો ઉપરાંત, ઊંચી જાતની ભેંસો, બકરાંઓ, ઘેટાંઓ અને ઘોડાઓના ઉછેર માટે પણ નવાબ પોતે ધ્યાન આપતા. રાજ્યની ઘોડારમાં ઊંચી જાતનાં અરબી, કાઠિયાવાડી અને અન્ય જાતના ઘોડાઓ રહેતા. કાઠી જાતની ઘોડીઓ

પણ રહેતી. મહાલોનાં કેન્દ્રોમાં વાલી ઘોડાઓ રાખવામાં આવતા. જૂનાગઢમાં, સવારી પ્રસંગે નીકળતા કોતલ ઘોડાઓ પણ હતા.

જૂનાગઢમાં પશુ ચિકિત્સાલય હતું અને નિષ્ણાત પશુ સર્જનો પણ સેવામાં હતાં પણ તે જૂનાગઢ શહેરમાં જ રહેતા. આ સર્જનો મુખ્યત્વે રાજ્યના ઢોર અને ઘોડાઓ માટે જ હતા, છતાં ખાનગી માલીકીનાં પશુઓનો ઈલાજ કરતા. રાજ્યના તાલુકાઓમાં સરકારી ઘોડા કે ધણખૂંટોના ઈલાજ માટે અથવા ઢોરમાં મોટા પ્રમાણમાં રોગચાળો ફેલાય તો જ જતા.

વેરાવળમાં 'એગમાર્ક' ઘીની લેબોરેટરી હતી તથા આ ઘીની મુંબઈ વગેરે સ્થળે નિકાસ થતી. રાજ્યોમાં વનસ્પતિનું જમાવેલું તેલ (વેજીટેબલ ઘી)ની આયાત અને વેચાણ ઉપર પ્રતિબંધ હતો, જે પાછળનાં વર્ષમાં અંશત્ ઊઠી ગયેલો.

## વન પ્રાણીઓ

જંગલ પ્રાણીઓના શિકાર ઉપર પ્રતિબંધ હતો. સિંહ અને દીપડાઓના શિકાર માટે નવાબની પોતાની મંજૂરી અવશ્યક હતી. અન્ય વન પ્રાણીઓની હત્યા માટે મર્યાદિત સંખ્યામાં પરવાના મળતા અને ચોરીછુપીથી શિકાર કરનારને શિક્ષા કરવામાં આવતી. દુષ્કાળ કે અનાવૃષ્ટિના સમયે વન પશુઓને પીવાના પાણી માટે જંગલમાં બંધો કે હવાડા બાંધી પાણી પૂરું પાડવામાં આવતું. મોર અને વાંદરા મારવાનું કૃત્ય ગુનાહિત ગણાતું અને રાજ્ય પીનલકોડમાં તેની શિક્ષા માટે જોગવાઈ હતી.

સિંહો, ખેડૂતોના બળદો મારી નાખે તો ખેડૂતોને વળતર આપવામાં આવતું.

વન પ્રાણીઓના સંરક્ષણ માટે શિકારીઓ–પગીઓ રહેતા.

## વન સંરક્ષણ

જંગલના સંરક્ષણ માટે તેને બે મુખ્ય વિભાગોમાં વહેંચી નાખવામાં આવેલું, રક્ષિત જંગલ અને મહેસૂલી જંગલ. રક્ષિત જંગલના પાંચ વિભાગો હતા. તેમાં ૩૧૪ માઈલના કાચા રસ્તાઓ બાંધવામાં આવેલા. તેના ઉપર વાહન વ્યવહારની મર્યાદિત છૂટ હતી. તે માર્ગો ઉપર જતી મોટરોમાં શિકાર ન થાય તે માટે બંદૂકો લઈ જવાની મનાઈ હતી.

જંગલ ખાતાની એક નર્સરી જામવાળામાં હતી. જંગલમાં ઝાડો કાપવાની વૈજ્ઞાનિક પદ્ધતિ પ્રમાણે કુપો કપાતા તથા ત્યાં નવાં વૃક્ષો વાવવા માટે યોજનાબદ્ધ પ્રવૃત્તિ કરવામાં આવતી.

## ખાનગી ખાતું

નવાબે પોતાના અંગત ખર્ચ સારૂ પ્રિવી પર્સ સ્વીકારેલી. આ રકમ વાર્ષિક રૂપિયા નવ લાખ જેટલી હતી, તેમ છતાં તેનો કેટલોક અંગત ખર્ચ રાજ્યના જે તે ખાતા ઉપર પણ પડતો.

નવાબનું પ્રાઈવેટ ડીપાર્ટમેન્ટ જુદું હતું. તેમાં, મિ. બ્લેઈડન, શ્રી મોતીલાલ વસાવડા, શ્રી મહમદભાઈ, શ્રી જે. એકસ સિકવેરા, લેફ. કર્નલ અબ્દુલગફારખાન, શ્રી ઈસ્માઈલ અબ્રેહાની વગેરે પ્રાઈવેટ સેક્રેટરીઓ ઉત્તરોત્તર હતા.

હાઉસહોલ્ડ કોન્ટ્રોલરની જગ્યા હતી. તેના ઉપર છેલ્લાં વર્ષોમાં નવાબના મામાના પુત્ર અને જમાઈ શ્રી યાસીનખાન હતા.

લાન્સર્સ કમાન્ડન્ટ, મિલીટરી સેક્રેટરી હતા છતાં ઈ. સ. ૧૯૩૨–૧૯૩૮ વચ્ચે કર્નલ સરદારસિંહજી ગોહિલ તે પદે આવેલા

## ન્યાયખાતું

એટેચ્ડ એરિયા યોજના નીચે તાલુકાઓ રાજ્યના અંકુશ નીચે આવ્યા તે પછી જૂનાગઢને હાઈકોર્ટ મળી. તે પૂર્વે વરિષ્ટ ન્યાયાધીશ, ચીફ જ્યુડીશીયલ ઓફીસર[1] કહેવાતા તથા ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સદર અદાલતના જજ કહેવાતા. તે ઉપરાંત રાજપ્રકરણી કોર્ટ હતી તેના જજને ડીસ્ટ્રીકટ કોર્ટના અધિકારો હતા. દરેક તાલુકે અદાલતો હતી. કારોબારી અને ન્યાયખાતું નિરાળાં હતાં. ન્યાયાધીશો કાયદાના સ્નાતકો હતા.

## સુધરાઈ

જૂનાગઢ રાજ્યમાં, નવાબના સમયમાં પ્રજાકીય, ચૂંટાયેલી સુધરાઈ ન હતી. ઈ. સ. ૧૯૦૦ માં સુધરાઈના વહીવટમાં નિયુક્ત નાગરિકોને સ્થાન આપવામાં આવ્યું. આ બોર્ડમાં ૧૪ સભ્યો હતા, તેમાં ૩ મુસ્લિમ પ્રજાકીય સભ્યો ૨ મુસ્લિમ નિયુક્ત સભ્યો, ૩ બીન મુસ્લિમ નિયુક્ત સભ્યો હતા. મુસ્લિમોનું વસતીનું પ્રમાણ ૧૮ ટકા હતું તે છતાં તેમને ૫૦ ટકા જેટલું પ્રતિનિધિત્વ આપવામાં આવેલું.

---

1 આ પદ ઉપર શ્રી ગ્રીન, સર મહેબુબમીયાં કાદરી, શ્રી મસુરીકર, શ્રી સંજાના અને શ્રી અ. ગફાર હાઈકોર્ટ સ્થપાયા પૂર્વે ઉત્તરોત્તર આવેલા. હાઇકોર્ટ થયા પછી ચીફ જસ્ટીસ તરીકે શ્રી. એમ. એ શેખ તથા શ્રી પૃથુલાલ વસાવડા ઉત્તરોત્તર આવેલા.

આ પ્રકારની સુધરાઈ તારીખ ૧-૯-૧૯૩૪ થી વેરાવળને આપવામાં આવી. તેમાં ૧૨ સભ્યો હતા. પ્રતિનિધિત્વ જૂનાગઢના ધોરણે જ હતું.

મહાલોના મુખ્ય મથકમાં વહીવટદારના પ્રમુખપણા નીચે ચાર નિયુક્ત સભ્યોની સુધરાઈ હતી, તેમાં ૨ સભ્યો મુસ્લીમ અને બે બીન મુસ્લિમ હતા. આ સભ્યો માત્ર સલાહકારો હતા.

## જકાત

ઈ. સ ૧૯૩૪ પહેલાં રાજ્યમાં ખુશ્કી (લેન્ડ) જકાત માત્ર બે જ દરમાં લેવાતી. પરદેશી માલના પાંચ ટકા અને દેશી માલના એક રૂપિયાની કીંમતે જૂનો એક પૈસો ઈ. સ. ૧૯૩૪થી રાજ્યે બ્રિટિશ ટેરીફ દર સ્વીકારી વીરમગામની જકાતમાંથી છૂટછાટ મેળવી તે પછી તરી જકાત (સી કસ્ટમ) તથા ખુશ્કી જકાત (લેન્ડ કસ્ટમ) ટેરીફ ધોરણે લેવાતી. બંદરે આવતા માલ ઉપર રિબેટ આપવામાં આવતું નહિ.

## ઉદ્યોગ

રાજ્યમાં ઉદ્યોગોની ખિલવણી માટે કાંઈ પ્રવૃત્ત થતી નહિ. થોડાં ઓઈલ એક્સપેલરો, જીનીંગ ફેક્ટરીઓ અને કોટન પ્રેસો સિવાય કોઈ ઉદ્યોગો હતા નહિ.

તત્કાલીન દીવાન જે. એમ. મોન્ટીથના હસ્તે તા. ૧૭-૧૨-૧૯૩૭ ના રોજ જૂનાગઢના શ્રી છગનલાલ પરમાણંદદાસ નાણાવટીના પ્રયાસથી વેરાવળમાં મહાબતખાન ટેક્સટાઈલ મીલ્સનો પાયો નાખવામાં આવ્યો અને તે વિધિ સાથે મીલનું ઈતિશ્રી થઈ ગયું.

ઈ. સ. ૧૯૪૪માં ચોરવાડમાં દીલાવર સીંડીકેટ તથા કાઠિયાવાડ ઈન્ડસ્ટ્રીઝનાં કારખાનાં નાખવામાં આવ્યાં.

## ઇલેક્ટ્રિસીટી

જૂનાગઢના નગરશેઠ શ્રી રઘુનાથ માધવજી રાજાએ[1] ઈ. સ. ૧૯૩૮માં શેખ મહમદ ઈલેક્ટ્રિક પાવરહાઉસની સ્થાપના કરી. તેનું ખાતમુહૂર્ત તારીખ ૨-૮-૧૯૨૮ના રોજ કરવામાં આવ્યું અને તેનું ઉદ્ઘાટન તારીખ ૨૬-૮-૧૯૨૯ ના રોજ પોલિટિકલ એજન્ટ કર્નલ કીઝના હાથે થયું. ઈ. સ. ૧૯૩૨માં આ પાવરહાઉસ રાજ્યે સંભાળી લીધું.

---

1 શ્રી ચિતરંજન (બચુભાઈ) રાજાના પિતાશ્રી

## બેન્ક

તારીખ ૨૦-૪-૧૯૩૪ના રોજ વેરાવળમાં જૂનાગઢ સ્ટેટ બેન્કની સ્થાપના કરવામાં આવી. તેની એક શાખા જૂનાગઢમાં તારીખ ૨-૪-૧૯૩૫ના રોજ ખોલવામાં આવી[1] આ બેન્ક તારીખ ૧-૧૧-૧૯૪૪ થી બેન્ક ઓફ ઈન્ડિયાની જૂનાગઢમાં શાખા ખુલતાં તેમાં ભળી ગઇ.

## પોલીસ

પોલીસદળમાં બહુ ભણેલા કે તાલીમ પામેલા અધિકારીઓ ન હતા, તેમ છતાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી ઘણી સારી રીતે થતી. આ અમલદારો તેમના કાર્યમાં અને ફરજમાં પૂરા વાકેફગાર અને ખબરદાર હતા. ઇ. સ. ૧૯૪૫-૧૯૪૬માં પોલીસદળ ૯૯૨નું હતું તેમાં ૭૦૮ મુસ્લિમો અને ૨૮૪ હિન્દુઓ હતા. તેમાંના ૬૨૭ ભણેલા અને ૩૬૫ અભણ હતા. પોલીસખાતાના વરિષ્ટ અધિકારી પ્રથમ કમિશનર કહેવાતા. ૧૯૩૧થી તે જગ્યા સુપ્રિન્ટેન્ડેન્ટની થઈ અને ૧૯૪૩થી ફરીથી કમિશનરની થઈ.[2]

## સૈન્ય

રાજ્યની લાન્સર્સમાં ૧૭૩ સવારો હતા, તેના કમાન્ડન્ટ, બ્રિટિશ સેનામાંથી આવતા. ઈન્ફન્ટ્રીમાં ૨૧૭ જવાનો હતા, તેના વડા રાજ્યસેવાના પણ તાલીમ પામેલા હતા. આ બધા સૈનિકો મુસ્લિમો હતા. લાન્સર્સના અને ઇન્ફન્ટ્રીના અમલદારોને તાલીમ માટે બ્રિટિશ સેનાની છાવણીઓ તથા શાળાઓમાં મોકલવામાં આવતા. બીજા વિશ્વવિગ્રહમાં લાન્સર્સના ૮૬ અને ઈન્ફન્ટ્રીના ૭૧ માણસો લડવા ગયેલા.

## જોરતલબી-ખંડણી

જૂનાગઢ રાજ્યને ૧૩૪ રાજ્યો પાસેથી રૂપિયા ૯૨,૪૨૧ની રકમ પ્રતિવર્ષ જોરતલબી તરીકે મળતી. તે સામે સાર્વભૌમ સત્તાને રૂપિયા ૨૮,૩૯૪ તથા ગાયકવાડ સરકારને રૂપિયા ૩૭,૨૧૦ની ખંડણી ભરવી પડતી. આ રકમ વસૂલ કરી આપવા માટે સાર્વભૌમ સત્તાને ૨૫ ટકા કમીશન પણ આપવું પડતું.

---

1 આ બેન્કના જનરલ મેનેજર મિ. ફ્રેઝર હતા.

2 પોલીસખાતાના કમિશનર પદે શ્રી ધીરજરાય અંબારામ છાયા હતા. તે પછી સર્વશ્રી સદરૂદ્દીન, છેલશંકર દવે, આઈ. સી. બોઇડ આંટીયા તથા ખા. સા. ફતેહમામદ, સુપ્રિટેન્ડેન્ટ હતા. ઈ. સ ૧૯૪૩થી ખા. બ. મહમદહુસેનશાહ નકવી કમિશનર હતા.

જંજીરા રાજ્યના જાફરાબાદ તાલુકાને પ્રતિવર્ષ ૩૬૦ રીઆલ એટલે અંદાજે રૂપિયા ૧૦૮૦ આપવા પડતા. આ રકમ રીઆલના સિક્કામાં જ લેવા જંજીરા આગ્રહ રાખતું.

જૂનાગઢ રાજ્યમાં જોડાયેલાં રાજ્યો તથા તાલુકાઓ ઉપરની જોરતલબી ઈ. સ. ૧૯૪૭થી માફ કરવામાં આવેલી.

## પોસ્ટ ઓફિસ

જૂનાગઢ રાજ્યની પોસ્ટ, સૌરાષ્ટ્ર પોસ્ટ કહેવાતી. તેની મુખ્ય કચેરી જૂનાગઢમાં હતી. તેની નીચે ૩૪ પેટા પોસ્ટ ઓફિસો હતી. પોસ્ટની જુદા જુદા દરની સરકારી અને રૈયતી સ્ટેમ્પસ બહાર પડતી. તેના ઉપર નવાબની મુખાકૃતિ છાપવામાં આવતી. અમુક દરના સ્ટેમ્પસ ઉપર કાઠી ઘોડો છાપવામાં આવેલો.

જૂનાગઢ રેલવે બી. જી. જે. પી માંથી જુદી પાડી જૂનાગઢ રેલવે થઈ તે પછી તેનો વિકાસ થયો.

જૂનાગઢ રાજ્યનો ગોંડલ-રાજકોટ સેકશનમાં ૭ આની ભાગ તથા વહીવટનો અધિકાર હતો. નીચે પ્રમાણેની લાઈનો જૂનાગઢ રેલવેની સ્વાતંત્ર હતી.

| લાઈન | માઈલ | શરૂ તારીખ |
|---|---|---|
| જેતલસર-જૂનાગઢ | ૧૬-૦૦ | ૧-૯-૧૮૮૮ |
| જૂનાગઢ-વેરાવળ | ૫૧-૫૩ | ૧-૨-૧૮૮૯ |
| શાહપુર-માણાવદર | ૧૫-૮૬ | ૧૫-૨-૧૯૧૦ |
| માણાવદર-બાંટવા | ૩-૪૫ | ૨૫-૧૨-૧૯૧૦ |
| જૂનાગઢ-બીલખા | ૧૩-૬૪ | ૨૦-૫-૧૯૧૨ |
| ડુંગરપુર-ખાણુ | ૦-૭૩ | ૧૦-૧૨-૧૯૧૨ |
| બીલખા-વીસાવદર | ૧૨-૯૨ | ૧૫-૨-૧૯૧૩ |
| બાટવા-સરાડીયા | ૭-૦૦ | ૧૫-૫-૧૯૧૫ |
| વેરાવળ-તાલાળા | ૧૪-૭૦ | ૨-૪-૧૯૧૮ |
| તાલાળા-જંબુર | ૪-૮૬ | ૧૭-૩-૧૯૨૦ |
| જંબુર-પ્રાચીરોડ | ૭-૬૪ | ૧૩-૧૧-૧૯૨૮ |
| વીસાવદર-ધારી | ૧૯-૪૯ | ૧૫-૧૨-૧૯૩૨ |

| | | |
|---|---|---|
| પ્રાચીરોડ-જામવાળા | ૭–૦૫ | ૧૮–૪–૧૯૩૨ |
| જામવાળા–દેલવાડા | ૨૪–૨૨ | ૧૦–૧–૧૯૩૫ |
| | ૧૯૯–૦૯ | |

રેલવે લાઈન તથા તેની હદ ઉપર ફોજદારી હકૂમત એજન્સીની હતી.

## આઉટ એજન્સી

રેલવે લાઈન ઉપરાંત જૂનાગઢ રેલવે, સરાડીયા–કુતિયાણા, ચોરવાડ રોડ–ચોરવાડ, વેરાવળ–પ્રાચીપ્રાંસલીની આઉટ એજન્સી મોટર સર્વિસ ચલાવતી.

## બસ સર્વિસ

ગામડાંઓને જોડતા કેટલાક માર્ગો ઉપર ખાનગી વ્યક્તિઓ કે કંપનીઓ તરફથી બસો ચાલતી. ઈ. સ. ૧૯૪૫ પછી જૂનાગઢ રેલવે તરફથી આવી કેટલીક સર્વિસો ચલાવવાનું શરૂ કરેલું અને સ્ટેટ ટ્રાન્સપોર્ટની યોજના સંપૂર્ણ થયે રાજ્યના ગામે ગામને બસ સર્વિસથી આવરી લેવા વિચારેલું.

## જાહેર બાંધકામ ખાતું

એડમિનીસ્ટ્રેશનના સમયમાં પદ્ધતિસરનું જાહેર બાંધકામ ખાતું કામ કરતું થયું.[1]

નવાબ મહાબતખાનના સમયમાં, વિલિંગ્ડન ડેમને બાદ કરતાં કોઈ મોટાં અને નોંધપાત્ર પ્રજોપયોગી જાહેર બાંધકામ થયાં નથી એમ કહી શકાય. આ સમયમાં સરાડીયા કુતિયાણા વચ્ચે પુલથી નાનો અને કોઝવેથી મોટો એવો એક પુલ ભાદર નદી ઉપર, ચોરવાડ રોડ સ્ટેશન અને વેરાવળ વચ્ચે ખરેડાનો કોઝવે, વેરાવળ–પ્રભાસપાટણ વચ્ચે ખાડી ઉપરનો ફરતો પુલ અને અત્યારે ભંગાર સ્થિતિમાં પડયો છે તે ચોકી પાસે ઉબેણનો પુલ, જેવાં સામાન્ય અને સાધારણ કહી શકાય એવાં કામો થયાં. રાજ્યના ધોરી માર્ગોની સ્થિતિ પણ સારી ન હતી. જૂનાગઢ વેરાવળ વચ્ચેનો માર્ગ મેટલ રોડ હતો તે વારંવાર રિપેર કરવામાં આવતો પણ તે સિવાયના માર્ગોની સ્થિતિ ઘણી ખરાબ હતી. ઓઝત, હિરણ, મચ્છુંદ્રી જેવી નદીઓ ઉપર પુલો પણ હતા નહિ અને ગામડાંઓને જોડતા માર્ગો તો ગાડા કેડા જ હતા.

---

1 આ ખાતાના ઉપરી પદે આ સમયમાં, રા. બ. ઠાકરશી ધીયા, ખાનસાહેબ, રા. બ. આંત્રી, શ્રી દલવી, શ્રી મહમદ મુસા, શ્રી કેશવાણી વગેરે ઉત્તરોત્તર આવ્યા.

સરકારી મકાનો જે બંધાયાં હતાં તે સિવાય આવશ્યકતા પ્રમાણે તાલુકાઓ અને ગામડાંઓમાં થોડાં મકાનો કે ઉતારાઓ બંધાયા હતા, તેમ છતાં તે મકાનોનું પ્રમાણ ઓછું હતું અને કક્ષા ઉતરતી હતી.

નવાબે જૂનાગઢમાં પોતા માટે, અમન મંઝિલ (શાંતિ સદન', ગુલામમહમદ મંઝિલ (ગિરિ વિહાર) રસુલ ગુલઝાર (રસિક નિવ સ) નો નવો બંગલો, દાતાર મંઝિલનાં મકાનો, સરદારબાગના જૂના મહેલ સિવાયના મહેલો, અને ચોકી, દેવડા, વેરાવળ, ચોરવાડ, કાથરોટા, શાહપુર વગેરે સ્થળે રાજમહેલો બંધાવ્યા.

જૂનાગઢ શહેરમાં કાળવાના પુલ ઉતાર કોઈ પણ ખાનગી વ્યક્તિને મકાન બાંધવા માટે જમીનો આપવામાં આવતી નહિ અને એકાદ બે અપવાદ સિવાય આ વિસ્તારમાં કોઈ ખાનગી મકાનો ન હતાં. બીજા વિગ્રહ પશ્ચાદ પુનર્સર્જનના કાર્યક્રમમાં જૂનાગઢનો વિસ્તાર વધારવા જોશીપુરા પ્લોટસ, મજેવડી દરવાજા પ્લોટસ, દુબરી પ્લોટસ, કાળવાના કાંઠાના પ્લોટસ જાહેર પ્રજાને વેચવાની યોજના કરવામાં આવેલી. જૂનાગઢ શહેરમાં હોસ્પિટલ પાસે થોડા વારમાં ડામરનો રસ્તો હતો, તે પછી ઈ. સ. ૧૯૪૫માં યુવરાજનાં લગ્ન પ્રસંગે સ્ટેશનથી સરદાર બાગ સુધીનો ડામરનો રસ્તો થયેલો. પ્રજાના આનંદ પ્રમોદ માટે, કાળવા પુલ ઉતાર ત્રિકોણબાગમાં દર શુક્રવારે બેન્ડ વાગતું અને ડેમ ગાર્ડન, મોતીબાગ, સક્કરબાગ વગેરે જનતા માટે ખુલ્લા રહેતા.

## એરોડ્રોમ

બીજા યુધ્ધ પશ્ચાદ્ જૂનાગઢમાં એરોડ્રોમ કરવાનું નક્કી થતાં, ગિરનારના સામીપ્યે હવાઈ વિમાનો ઉતરી ન શકે તેથી તે કોયલીમાં કરવાનો નિર્ણય લેવાયો પરંતુ ત્યાં જમીન બહુ પોચી હોવાથી ઈ. સ. ૧૯૪૪-૧૯૪૫ માં કેશોદમાં એરોડ્રોમ થયું. આ પૂર્વે નવાબનું પોતાનું એક પ્લેન હતું પણ તેઓ તેમાં બેસતા નહિ.

## બંદરો

જૂનાગઢ રાજ્યમાં વેરાવળનું બંદર મુખ્ય હતું. ત્યાં દેશી તેમજ વિદેશી સ્ટીમરો નાંગરતી. એશિયા અને આફ્રિકાના બંદરો સાથે માલની અવરજવર કરતાં વહાણો પણ આવતાં જતાં, એટલુંજ નહિ પણ ત્યાં જહાજો બાંધવાનો મોટો ઉદ્યોગ ચાલતો. વેરાવળના બંદરમાં સૂકી ગોદી બાંધવા રાજ્યે બહુ શ્રમ

કર્યો અને પુષ્કળ દ્રવ્ય ખર્ચ્યું છતાં તેમાં ધારી સફળતા મળી નહિ.[1]

વેરાવળ ઉપરાંત તાબાના માંગરોળ બંદરે અને ઉના પાસેના નવાબંદરે પણ સ્ટીમરો નાંગરતી અને માલની આયાત નિકાસ થતી. આ બંદરો ઉપરાંત ભેરાઈ, ચાંચુડા ધારા બંદર, સુત્રાપાડા, હીરાકોટ, ચોરવાડ અને શીલ જેવાં આઠ બંદરો હતાં. આ બંદરો ઉપર મચ્છીમારો પોતાની હોડીઓથી લોધ કરતા. શિયાળામાં દક્ષિણ ગુજરાતના માછીઓ અહિં આવતા, તેમને રાજ તરફથી સુવિધા મળતી. મત્સ્ય ઉદ્યોગ આજે છે તેટલો વિકસિત હતો નહિ છતાં એ સમયના પ્રમાણમાં તેનો સારો વિકાસ થયો હતો.

એ પ્રમાણે ભેરાઇ અને ધામળેજમાં મીઠાનો ઉદ્યોગ જૂના ધોરણે ચાલતો, ત્યાં અગરીયા મીઠું પકવતા. ઇ સ. ૧૯૩૮–૧૯૩૯ માં રાજ્યે તેનો ઈજારો આપવાનું શરૂ કર્યું.

## સરકારી વકીલ

કાયદાની બાબતમાં રાજ્યને સલાહ આપવા સરકારી વકીલ રહેતા અને તે સાથે એજન્સી સાથેના વ્યવહાર ઉપર દૃષ્ટિ રાખવા રાજકોટ ખાતે સ્ટેટ વકીલ રહેતા.[2]

## પરવરશી

રાજ્ય કર્મચારીઓની વિધવાઓ અને સગીર કે અનાથ બાળકો અને અન્ય નિર્ધન અને નિરાધાર વિધવાઓ કે અપંગો માટે પરવરશી આપવામાં આવતી. ઈ. સ ૧૯૩૫માં આવા પરવરશીદારોની સંખ્યા ૪૮૯ની હતી અને તેમની વચ્ચે રૂપિયા ૩૫૧૨૩ ની રકમ વહેંચવામાં આવતી. ઇ. સ. ૧૯૪૪–૧૯૪૫માં આ સંખ્યા વધીને ૧૧૭૩ની થઈ ગઈ અને રકમ રૂપિયા ૭૨,૮૩૮ની વધી ગઈ.

## ખેરાત

જૂનાગઢમાં લંગર નામનું અન્નક્ષેત્ર ચાલતું, જ્યાં ગરીબ માણસોને ભોજન

1 પોર્ટ કમિશનર પદે શ્રી કૃષ્ણલાલ ધ્રુવ દીર્ઘકાળ રહ્યા. તે પછી મિ. ડીથ નામના અંગ્રેજ અધિકારી ઇ. સ. ૧૯૩૩ થી ઇ. સ. ૧૯૪૭ સુધી આ જગ્યા ઉપર રહ્યા.

2 સરકારી વકીલના પદ ઉપર શ્રી ત્રિભોવનરાય રાણા, શ્રી શિવદત્તરાય માંકડ, શ્રી લાલભાઈ દેસાઇ અને શ્રી દેવીપ્રસાદ દેસાઈ આ સમય દરમ્યાન ઉત્તરોત્તર આવેલા. તે પ્રમાણે સ્ટેટ વકીલના પદે શ્રી પુરુષોતમરાય નાણાવટી, શ્રી મતિશંકર દેસાઈ, શ્રી બુખારી, શ્રી લાખાણી, શ્રી તકેરાની વગેરે આવેલા

મળતું. તે ઉપરાંત ધર્માદા દેવસ્થાનોને તથા જેઓ રાંધેલું અનાજ ન લે તેમને કોઠારેથી પેટિયાં મળતાં.

મુસ્લિમ અનાથો માટે રાજ્યનું એક યતીમખાનું પણ હતું.

અતિવૃષ્ટિના કારણે ગિરનારનાં જંગલોમાં જે કઠિયારાઓ જઈ ન શકતા તેમને ભારે વરસાદના દિવસો પૂરતું પેટિયું પણ મળતું.

## માફી–મદદ

રાજ્ય કર્મચારીઓનાં સંતાનોનાં લગ્ન પ્રસંગે કે માતા પિતાની ઉત્તર ક્રિયા પ્રસંગે રાજ્ય પાસે રોકડ રકમની મદદ માગે તો મદદ આપવામાં આવતી. આવી મદદ અનાથો, સાધુ સંતો કે ફકીરોને પણ મળતી.

જેમની પાસેથી રાજ્યને લેત્રી લેવાની હોય તેની સ્થિતિ દુર્બળ થાય તો આવી લેત્રીઓ માફ કરવામાં આવતી.

દુષ્કાળ કે અછત પ્રસંગે રાજ્યના ખેડૂતો પાસેથી પણ લેવાતી રકમમાં અંશતઃ મૂકાણ થતું કે માફી મળતી.

## ગેઝેટ

જૂનાગઢ રાજ્યે ઈ. સ. ૧૮૮૬ માં શરૂ કરેલું ગેઝેટ 'દસ્તુરલ અમલ સરકાર જૂનાગઢ' દર મહિને એકવાર પ્રસિદ્ધ થતું. પણ ઈ. સ. ૧૯૩૬ ના એપ્રિલથી તેને પાક્ષિક કરવામાં આવ્યું. તેમાં અંગ્રેજી અને ગુજરાતીમાં રાજ્યાજ્ઞાઓ છપાતી. આ ગેઝેટની ઉપર જૂનાગઢ રાજ્યની મુદ્રા છપાતી.

## પ્રેસ

રાજ્યનું પોતાનું પ્રિન્ટીંગ પ્રેસ હતું. તેમાં ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી, ઉર્દૂ, ફારસી અને અરબ્બી ટાઈપો રહેતા અને દરેક પ્રકારનું કામ થતું.

### રાજ્યભાષા

રાજની સ્વીકૃત રાજ્યભાષા ગુજરાતી હતી. તમામ પત્ર વ્યવહાર ગુજરાતીમાં અને ઊંચ કક્ષાએ અંગ્રેજીમાં થતો. વહીવટના પારિભાષિક શબ્દો, અઘરા લાગે એવા કિલષ્ટ નહિ છતાં સ્થાનિક લોકો સમજી શકે તેવા હતા.

### રાજ્યવર્ષ

રાજ્યનું મહેસૂલી વર્ષ ૧ લી સપ્ટેમ્બરથી ૩૧ મી ઑગષ્ટ સુધીનું હતું.

પરંતુ ઈ. સ. ૧૯૨૬ થી તે વર્ષ ૧ લી નવેમ્બરથી ૩૧ મી ઓક્ટોમ્બર સુધીનું કરવામાં આવ્યું. તેનો પ્રથમ દિવસ ગુર્રામહેર કહેવાતો. કેલેન્ડર વર્ષ વિક્રમ સંવતનું તેમજ ઈસવી સન બન્ને હતાં.

## રાજગીત

જૂનાગઢ રાજ્યનું એક રાજગીત પાછળનાં વર્ષોમાં રચાયેલું અને નિશાળોમાં ગવાતું પણ પાછળથી તે બંધ કરવામાં આવેલું.[1]

## રાજ્યનું ક્ષેત્રફળ

જૂનાગઢ રાજ્યનું ક્ષેત્રફળ ૩૦૪૯ ચોરસ માઈલનું હતું. તેની નીચે માંગરોળનો ૧૪૪ ચોરસ માઈલનો તથા સંકલિત રાજ્યો અને તાલુકાઓનો વિસ્તાર ૬૮૦ ચોરસ માઈલનો મળતાં ઈ. સ. ૧૯૪૭માં કુલ વિસ્તાર ૩૮૭૩ ચોરસ માઈલનો હતો.

## વસતી

જૂનાગઢ રાજ્યમાં ઇ. સ. ૧૯૪૭ માં નવાબીનો અંત આવ્યો ત્યારે ઈ. સ. ૧૯૪૧ ની વસતી ગણત્રી પ્રમાણે જન સંખ્યા ૭,૩૬૦૧૯ ની હતી તેમાંથી મૂળ જૂનાગઢ રાજ્યની ૬,૭૦૭૧૯ ની હતી. જૂનાગઢ રાજ્યની પ્રજામાંથી ૫,૩૪૩૨૧ હિન્દુ, ૧,૨૭૮૧૪ મુસલમાન, ૮૦૭૩ જૈન, ૨૮૨ ક્રિશ્ચિયન, ૬૬ પારસી, ૩૬ શિખ, ૧૪ યહુદી, ૧ બૌદ્ધ અને ૧૧૨ બીજાઓ હતા.

## મહાલો

વહીવટી વ્યવસ્થા માટે રાજ્યને બાર વિભાગોમાં વહેંચી નાખવામાં આવેલું. પ્રત્યેક વિભાગને મહાલ કહેવામાં આવતો. આવા બાર મહાલ હતા તેમાં ઉનામાં, ઉના તેમજ ગઢડા એમ બે મહાલોનાં હેડક્વાર્ટર રહેતાં અને

---

1 આ રાજગીત નનોમના ખાનગી ખાતામાં અધિકારી પદે રહેલા, શ્રી મણિશંકર પોપટલાલ રાજગોરે લખેલું. સાંભળવા પ્રમાણે તેના માટે એજન્સીએ વાંધો લેતાં તે બંધ કરવામાં આવેલું. તે આ પ્રમાણે હતું.

રાગ સોરઠઃ—

દીર્ઘાયુ રહો વિજયવંત અમ સોરઠના સરકાર
બાબી વંશના છત્ર ભૂપતિ નિર્મળ ન્યાય નીતિ—અમ સોરઠના સરકાર

(વધુ માટે જુઓ પાનુ ૩૪૩)

બન્ને એક બીજાથી અલગ છતાં મહાલ ઉના મહાલ કહેવાતો. મહાલના રેવન્યુ અધિકારી વહીવટદાર કહેવાતા. બાબરિયાવાડ મહાલમાં બે અર્ધાં ગામો અને ત્રણ આખાં ગામો બાદ કરતાં બીજાં બધાં ગામો ગીરાસદારી હોવાથી તેનો અધિકારી થાણદાર કહેવાતો. બાબરિયાવાડ મહાલ સાથે ગાધકડા, રામગઢ અને મહુવા પાસેનું પાદરગઢ ગામ જોડી દેવામાં આવેલાં, વેરાવળ શહેર માળિયા મહાલમાં હતું પણ પાછળથી જુદો મહાલ બનાવવામાં આવેલો છતાં પાટણ મહાલને જેમનો તેમ રહેવા દીધેલો.[1]

દરેક મહાલના મુખ્ય મથકમાં, સરકારી દવાખાનું, પોલીસ થાણું, તાલુકા સ્કૂલ વગેરે હતાં, તે સિવાયનાં કેટલાંએક ગામોમાં પોલીસ થાણાં કે દવાખાનાં, તે ગામો મુખ્ય મથક ન હોવા છતાં વહીવટી કે પ્રજાહિતની દ્રષ્ટિએ રાખવામાં આવેલાં,

## રમતગમત

રાજ્ય તરફથી રમતગમતના વિકાસ માટે તથા નિભાવ માટે ઉત્તેજન મળતું. પ્રત્યેક માધ્યમિક શાળામાં, ક્રિકેટ, હોકી, ફૂટબોલ આદિ રમતો માટે ખર્ચ કરવામાં આવતો. માધ્યમિક શાળાઓમાં ક્રિકેટની સ્પર્ધા માટે હરપ્રસાદ ઉદયશંકર દેશાઈ સિનિયર ક્રિકેટ શિલ્ડ તથા હીલ શિલ્ડ ટુરનામેન્ટ રમાતાં. જૂનાગઢના ક્રિકેટના ખેલાડીઓ તથા પોલો રમનારાઓએ અખિલ ભારત હરીફાઈઓમાં નામના મેળવેલી.

---

(૩૪૨માં પાનાનું ચાલુ)

જ્યાં ગરવો ગિરનાર ગિર છે સર સરિતા વળી સાગર તીર છે
છાંય દાતાર તણી શિર છે — અમ સોરઠના સરકાર
સાખી—શેર નિપજતા ગિરમાં ગઢમાં નિપજે શૂર
સાગર મોતી નિપજે ઘેડ ધાન્ય ભરપૂર
કુદરતની રચના આવી સોરઠમાં સર્વ સજાવી
આપે અધિક દીપાવી—અમ સોરઠના સરકાર
સાખી—રસ ભીનો સોરઠ સદા ભાવ ભીના નરનાર
પ્રેમ ભીની પૂરણ પ્રજા ન્યાય ભીના સરકાર
ભાવિક ઉરના ઉદ્ગારો સ્નેહે સરકાર સ્વીકારો
જયજયકાર પ્રસારો — અમ સોરઠના સરકાર

1 ઇ. સ. ૧૯૧૧ સુધી રાજ્યના ૧૬ મહાલો અને ૧૬ પેટા મહાલો હતા. તાલાળા મહાલ નવો થતાં તથા જેતપુરનાં મજમુ ગામો સુવાંગ થઈ જતાં પુનર્રચના કરવામાં આવી અને તે અનુસાર ૧૨ મહાલો કરવામાં આવ્યા.

લાન્સર્સ અને પોલીસદળની ટીમોએ, હોકી, પોલો વગેરે રમતોમાં, અખિલ ભારત સ્પર્ધામાં ભાગ લઈ પારિતોષિકો પ્રાપ્ત કરેલાં. તે ઉપરાંત પ્રસંગોપાત આ દળોના જૂનાગઢમાં સ્પોર્ટ્સ તથા પરેડ થતાં. જૂનાગઢનું પોલીસ બેન્ડ ભારતભરમાં પ્રખ્યાત હતું.

## ઉત્સવો

જૂનાગઢ રાજ્યના રાજકર્તા મુસ્લિમ હોવા છતાં હિંદુ ધર્મના પ્રત્યેક તહેવાર રાજ્ય તરફથી ઉજવાતા. દીવાળીની રાત્રે સરકારી ચોપડાઓની પૂજા થતી. શારદાપૂજન તથા લક્ષ્મીપૂજન થતું. દશેરાને દિવસે શમીપૂજનની સવારી દરેક તાલુકામાં રાજ્ય તરફથી ચડતી અને શસ્ત્ર તથા શમીનું પૂજન થતું. શ્રાવણ સુદ પૂનમના દિવસે રાજ્ય તરફથી દરેક બંદરે સમુદ્રપૂજન થતું તથા તે પ્રસંગે એક નૌકાયુદ્ધ પણ આનંદ ખાતર થતું.

જૂનાગઢમાં તથા તાલુકાઓમાં મુસ્લિમોની ઈદની સવારી ચડતી અને તાઝિયાના સરઘસો નીકળતાં તેમ હિંદુઓ હોળીનો ઉત્સવ અને નવરાત્રી મહોત્સવ પૂર્ણ આનંદથી વગર રોકટોક ઉજવતા.

અનાવૃષ્ટિ, બીમારી કે એવા દુઃખદ પ્રસંગે અથવા વિજયોત્સવ જેવા પ્રસંગે સર્વ ધર્મના દેવસ્થાનોમાં રાજ્ય તરફથી પ્રાર્થનાનું આયોજન થતું.

## સહિષ્ણુતા

જૂનાગઢ રાજ્યની નીતિ ધાર્મિક સહિષ્ણુતાની હતી. રાજ્યમાં ૨૭ જેટલાં આખાં ગામો અને સામટી જમીન હિંદુ ધર્મસ્થાનોની હતી. ધર્માચાર્યોને તથા સંત સાધુઓને યોગ્ય માન અપાતું. રાજની નોકરીમાં પણ ઈ. સ. ૧૯૩૯માં રાજનીતિએ પાસું બદલ્યું તે પૂર્વે હિંદુઓનું પ્રમાણ મિલીટરી પોલીસ, જંગલ તથા ખાનગી ખાતું બાદ કરતાં મુસ્લિમોથી વધારે હતું.

## બહારવટિયા[1]

ઈ. સ. ૧૯૧૧ થી ઈ. સ. ૧૯૪૭ સુધીમાં નાનાં મોટાં બહારવટાંઓ થયાં પણ તે બહારવટિયાઓ બહાર પડયા પછી બહુ ટકી શકયા નહિ.

એડમિનીસ્ટ્રેશન દરમ્યાન અમરેલી તાબાના વાવડી ગામનો કાઠી રામવાળો ગાયકવાડની સરકાર સામે બહારવટે ચડેલો. તેને જૂનાગઢ પાસે બોરીયા

1 માહિતી—જૂનાગઢ સ્ટેટ એડમિનીસ્ટ્રેશન રિપોર્ટ-૧૯૧૨-થી ૧૯૪૭

ગાળામાં પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ શ્રી ધીરૂભાઈ અંબારામ છાયાએ ઠાર કર્યો.

તે પછી હરસુર અને ગેલણ નામના ભેસાણ મહાલના બે કાઠીઓ બહાર નીકળ્યા. તેમણે ભયંકર બહારવટું ખેડયું પણ મોરૂકા પાસે તેઓને મકરાણી દાદમહમદે મારી નાખ્યા અને તે પણ મરાઈ ગયો.

નુરમહમદ નામનો જંગલખાતાનો એક યુવાન કર્મચારી પણ બહારવટે ચડયો, પણ તે નાની ધારી ગામે આલાવાળા નામે કાઠીને હાથે જીવતો પકડાઈ જતાં તેને ફાંસીની સજા થઈ. તેના સાથીદારો શંભુ તથા ભોજ કાઠી પણ માર્યા ગયા.

લાખો કે લાખલા નામનો જંગલખાતાનો કર્મચારી પણ બહારવટે ચડયો અને તે પણ મરાઈ ગયો. માનસંગ વીરા નામનો બહારવટિયો પણ થોડા જ સમયમાં પારપત થયો.

આ બહારવટાં ઈ. સ. ૧૯૧૧ થી ઈ. સ. ૧૯૨૦ વચમાં થયાં. ઈ. સ. ૧૯૨૫ થી રાજ્યમાં બહારવટું કહેવાય એવા કોઈ બહારવટિયા હતા નહિ. દદાગીરીના થોડા પ્રસંગ બન્યા પરંતુ તે નોંધપાત્ર કહી શકાય નહિ. આ સમયમાં વડાલા-સોઢાણા વગેરે ગામોના સંધીઓ ટોળી બાંધી લૂંટફાટ કરતા પણ બધી ટોળીઓ પારપત કરી દેવામાં આવી.

સુલતાનખાન બલોચ, હબીબ ખોજા, ભાણા સીદી કોળી, જુમા અબ્દલા અને બીજાઓની ટોળીએ ઈ. સ. ૧૯૪૪ માં મોટું બહારવટું શરૂ કર્યું. જુમો ભાવનગર રાજ્યની હદમાં પકડાઈ ગયો. ભાણો અને ભાડો અમરેલીના નગડલા ગામે ધીંગાણામાં તારીખ ૮-૬-૧૯૪૫ ના રોજ મરાઈ ગયા.

ટપુ ઉર્ફે રણછોડ નામનો એક સખસ બહારવટે નીકળેલો, તેને તાડગાળા નેસના રબારીઓએ મારી નાખ્યો.

મામદ કાસમ નામના બહારવટિયાને તાલાળા તાબાના જંગર ગામેથી પકડી લેવામાં આવ્યો અને સંધી મુગર ઈસાક પોલીસને શરણ થયો.

વડાલાનો સંધી પોલા જૂમ્મા ઈ. સ. ૧૯૩૭માં બહારવટે ચડયો પણ વેકરીના ધીંગાણામાં પોલીસ ઈન્સ્પેકટર કાસેખાં શિકારી તથા ફોજદાર દોલતસિંહે તેને ઘાયલ કરી પકડી લીધો.

કુતિયાણા તાબે હેલાબેલીનો કોળી ઝિણા માવા, ગોવિંદ સીદા અને ટપુ નાથા પણ બહાર નીકળ્યા. ઝિણાનું માથું તેના સાથીદારે કાપી નાખી જૂનાગઢમાં રજૂ કર્યું અને બીજા બે શરણ થયા તે ટોળીનો બેચર બીજલ અને

મેર નેભા દેવા પણ પકડાઈ ગયા.

રહેમતખાન ઉર્ફે યારખાન બલોચ ઈ. સ. ૧૯૪૦માં બહારવટે નીકળ્યો. તેને પણ જૂનાગઢના માજી પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ અને તત્કાલિન ભાવનગરના પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ સ્વ. છેલશંકર દવેએ ધીંગાણામાં ઠાર કર્યો.

## વર્તમાન પત્રો-સામાયિકો

આ નવાબના સમયમાં જૂનાગઢ રાજ્યમાંથી કોઈ વર્તમાન પત્રો પ્રસિદ્ધ થતાં નહિ.

ઈ. સ. ૧૯૦૭થી શરૂ થયેલું 'મનરંજન મણિમાળ' નામનું માસિક શ્રી છગનલાલ લક્ષ્મીશંકર બૂચ સંપાદિત કરતા તે ઈ. સ. ૧૯૧૯ લગભગ બંધ થઈ ગયું. નાગર ભ્રાતૃ મંડલે લીટરરી લેબર ઓફ લવ નામનું સામાયિક ઈ. સ. ૧૯૨૧-૧૯૨૩ આસપાસ પ્રસિદ્ધ કરેલું તે પણ થોડાં વર્ષોમાં જ બંધ થયું. તે પછી શ્રી મંગલજી ઉદ્ધવજી શાસ્ત્રીએ વિશ્વમંગલ અને શ્રી છગનલાલ પરમાણંદદાસ નાણાવટીએ અરૂણ ઈ. સ. ૧૯૩૨-૧૯૩૩માં સંપાદિત કરેલાં પણ તે બન્નેનું જૂનાગઢમાંથી થતું પ્રકાશન બંધ થઇ ગયું.[1] શ્રી ગોકુલદાસ દ્વારકાદાસ રાયચુરા, ચોરવાડમાંથી શારદા પ્રસિદ્ધ કરતા તે પણ થોડાં વર્ષો પછી વડોદરા ગયા અને ત્યાંથી શારદા પ્રસિદ્ધ થતું રહ્યું.

રાજ્યનાં અંતિમ વર્ષોમાં કુતિયાણાથી પાકિસ્તાન તરફી મુજાહિદ નામનું સાપ્તાહિક પ્રસિદ્ધ થયેલું પણ તે ઈ. સ. ૧૯૪૭ના નવેમ્બરમાં બંધ પડયું.[2] તેની માહિતી ઉપલબ્ધ નથી.

## નામાંકિત વ્યક્તિઓ

નવાબ મહાબતખાન ત્રીજાના સમયમાં એટલે ઇ. સ. ૧૯૧૧થી ઈ સ. ૧૯૪૭ સુધીમાં જૂનાગઢમાં અને જૂનાગઢ રાજ્યમાં અનેક વિદ્વાનો, કવિઓ,
આ સિવાય કોઈ જ્ઞાતિ કે કોમનાં સામાયિકો પ્રસિદ્ધ થતાં હશે પણ
લેખકો, વિવેચકો, વકતાઓ આદિ થઇ ગયા તે સર્વેનાં જીવન અને કાર્યોની નોંધ લેવાનું શક્ય નથી તેમજ આવી સર્વે વ્યક્તિઓની સર્વાંશે સંપૂર્ણ હોય

---

1 મળેલી માહિતી પ્રમાણે અરૂણના સહતંત્રી શ્રી રસિક વિનોદી તથા શ્રી કસર જૂનાગઢી હતા તથા મેનેજર મુઝમિલ મીરઝાં હતા.

2 આ સામાયિકો પૂરતી માહિતી પ્રાપ્ત છે, સંભવ છે કે કોઈ બીજાં સામાયિકો પ્રસિધ્ધ થયાં હશે, તેની માહિતી કોઇ વાંચક મને પૂરી પાડશે તો ઉપકૃત થઈશ-લેખક,

તેવી માહિતી પણ ઉપલબ્ધ નથી, તેમજ તેની વિગતો જૂનાગઢના સાંસ્કૃતિક ઈતિહાસમાં સમાવિષ્ટ કરવી સવિશેષ યોગ્ય છે તેમ છતાં ઉલ્લેખનીય વ્યક્તિઓની સંક્ષિપ્ત નોંધ લેવાનું ઉચિત છે.

ચોરવાડના શ્રી અમૃતલાલ સુંદરજી પઢીયારે, તેમના નિબંધો અને તત્ત્વજ્ઞાનનાં પુસ્તકો લખીને, શ્રી હરિલાલ માધવજી ભટ્ટે રાજ્ય બંધારણ અને અન્ય વિષયોનાં પુસ્તકો લખીને પ્રખ્યાતી મેળવી છે. 'લલિત' ઉપનામથી શ્રી જન્મશંકર મહાશંકર બૂચે, પ્રભાસપાટણના શ્રી જનાર્દન ન્હાનાભાઇ પ્રભાસકરે, શ્રી મણિલાલ કેશવલાલ નાણાવટીએ, તેમની કાવ્ય કૃતિઓથી જૂનાગઢને ગૌરવ અપાવ્યું છે. બાલાગામના શ્રી ગોકુલદાસ દ્વારકાદાસ રાયચુરાએ નવલકથાઓ, નવલિકાઓ, કાવ્યો અને કથાઓ લખી તથા લોકસાહિત્યના ક્ષેત્રે સંશોધન કરી અમર નામના મેળવી છે. રંગભૂમિના ક્ષેત્રમાં તેમના રસપૂર્ણ અને વિદ્વતાભર્યા નાટકો લખી બેરીસ્ટર શ્રી નરસિંહદાસ વિભાકરે નાટ્ય લેખકોમાં અનોખું સ્થાન મેળવ્યું છે.

દેલવાડાના શ્રી ગોપાલજી કલ્યાણજી દેલવાડાકરે નવલો, કાવ્યો અને નિબંધો લખીને તેમજ કીન્ડર ગાર્ટન પદ્ધતિ પ્રચલિત કરી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. જૂનાગઢનો મિરાતે મુસ્તુફાબાદ નામનો ઉર્દૂ ઈતિહાસ લખીને શ્રી. જી. એ. શેખ, અને કાઝી અહમદમિયાં અખ્તર, ઈતિહાસના વિષય ઉપર વિવિધ લેખો લખી નામ કમાયા છે. પ્રત્યેક વિષય ઉપર જેમનું પ્રભુત્વ હતું તે સાક્ષર શ્રી જયસુખલાલ પુરુષોત્તમરાય જોશીપુરાએ જટિલ અને સંશોધન માગી લે તેવા વિષયો ઉપર લેખો અને પુસ્તકો લખીને, તેમજ જીવનચરિત્ર અને અન્ય વિષયો ઉપર શ્રી બાપુભાઈ જાદવરાય વૈશ્નવે અને વિનોદરાય જેસુખલાલ મજમુદાર તથા નથનસુખરાય વિનોદરાય મજમુદારે સાહિત્યની અનુપમ સેવા કરી છે. ફારસી, અરબી, સંસ્કૃત, ઉર્દૂ, ગુજરાતી અને અંગ્રેજી ભાષા ઉપરના પ્રભુત્વ અને ઈતિહાસ, મર્મશાસ્ત્રો અને અર્થશાસ્ત્રના અગાધ જ્ઞાનથી પ્રભાસપાટણના શ્રી શંકરપ્રસાદ હરપ્રસાદ દેશાઈએ ઈતિહાસ અને સાહિત્યના ક્ષેત્રે વિદ્વાનોની પ્રશંસા પ્રાપ્ત કરી છે. સંસ્કૃત ભાષાના પરમ વિદ્વાન દેલવાડાના શ્રી રેવાશંકર મેઘજી શાસ્ત્રી, અને શ્રી ગિરધર શર્માએ, અપૂર્વ કીર્તિ સંપાદન કરી છે. પિતાને પગલે ચાલી શ્રી ગિરજાશંકર વલ્લભજી આચાર્યે હિસ્ટોરિકલ ઈન્સ્ક્રીપ્શન્સ ઓફ ગુજરાતના ત્રણ ગ્રંથો પ્રસિદ્ધ કરી અભિલેખશાસ્ત્ર અને ઈતિહાસના વિદ્વાનોના ધન્યવાદ મેળવ્યા છે. શ્રી મોતીલાલ રવિશંકર ઘોડાએ વેદોનાં ભાષ્યો લખી અમર નામના મેળવી છે.

આ સમયમાં જૂનાગઢના ગિરનારા બ્રાહ્મણ જ્ઞાતિમાં જન્મેલા અને પિતાના

વૈદિક ધર્મના સંસ્કારો ઝીલી પોતાની વિદ્વતાથી ભારતમાં તેમજ આફ્રિકામાં વૈદિક ધર્મના પ્રચારક વકતા, કવિ, નાટયકાર, વિવેચક, શિક્ષણ શાસ્ત્રી અને સુધારક વિદ્વાન મહારાણીશંકર અંબાશંકર શર્મા અને તેમનાં વિદુષી ધર્મ-પત્ની શ્રીમતી ઈચ્છાદેવી તેમજ પંજાબ આર્યસમાજ અને અમદાવાદ આર્ય-સમાજના ઉપદેશક, પ્રભાસપાટણ નિવાસી પંડિત મહાશંકર ઈશ્વરજી તથા પૂર્વાશ્રમના પ્રભાસપાટણના શાસ્ત્રી કરૂણાશંકર રત્નજી ભટ્ટ સન્યસ્ત લીધા પછી હરદ્વાર પ્રદેશમાં પૂજનીય મહાત્મા તરીકે અતિ આદર પામેલા તે સ્વામી સોમેશ્વરાનંદ તીર્થ ઉલ્લેખનીય વ્યક્તિઓ છે.

પત્રકારિત્વના ક્ષેત્રે બોમ્બે ક્રોનિકલના સહતંત્રી અને નિડર પત્રકાર શ્રી છગનલાલ પરમાણુંદદાસ નાણાવટી, સયાજી વિજય-વડોદરા-ના તંત્રી શ્રી હરિ-રાય ભગવંતરાય બૂચ, માતૃભૂમિ-અમદાવાદ-ના તંત્રી શ્રી શંકરપ્રસાદ નાણાવટી, વિશ્વમંગલના તંત્રી શ્રી મંગલજી ઉદ્ધવજી શાસ્ત્રી, ટાંગાનીકા ટાઈમ્સ-આફ્રિકા અને પાછળથી સાધના-રાજકોટ-ના તંત્રી શ્રી ઉછરંગરાય કેશવરાય ઓઝા, ઈન્ડિયન ઓપીનિયન-આફ્રિકા-અને યુનાઈટેડ બર્મા-રંગુન-ના તંત્રી શ્રી મદનજીત વોરા, વંદેમાતરમ-મુંબઈ-ના તંત્રી શ્રી સામળદાસ ગાંધી,[1] શારદાના તંત્રી શ્રી ગોકુલદાસ રાયચુરા તથા અનેક વર્તમાન પત્રોમાં નિરંતર લેખો લખતા જીવદયાના હિમાયતી શ્રી લાભશંકર લક્ષ્મીદાસ અવશ્ય ઉલ્લેખનીય છે.[2]

જૂનાગઢમાં આ સમયમાં સંગીતને રાજદરબાર તરફથી ઉત્તેજન મળ્યું નહિ છતાં જૂનાગઢના સેવક ઘરાણાના ત્રિકમલાલ દયાળજી સેવકે અને શાંતિલાલ દયાળજી સેવકે તેમની પરંપરા જાળવી સંગીતના ક્ષેત્રે જૂનાગઢનું નામ ઉજ્જવલ

---

1 શ્રી સામળદાસ ગાંધી, પૂ. ગાંધીજીના ભાઈ લક્ષ્મીદાસના પુત્ર હતા. પૂ. ગાંધીજી મૂળ કુતિયાણાના રહીશ હતા. તેમના પિતા કરમચંદ ગાંધી પોરબંદર ગયા પછી ત્યાં સ્થાયી થયા તેમ છતાં તેમનાં મકાનો કુતિયાણામાં છે. તેમને કુતિયાણામાં એલી. સેટલમેન્ટ કેસ નં. ૧૧૨૪ સનંદ નં. ૧૨૩૯ વાળી બારખલી જમીન ૬ એકર ૭ ગુંઠા હતી. તેના ચોથા ભાગના ચોથા ભાગ એટલે લગભગ ૦ એકર ૧૫ ગુંઠા (આશરે ૧ વીઘો) જમીનના પૂ. ગાંધીજી બારખલીદાર હતા. ઈ. સ. ૧૯૫૦ માં બારખલી નાબૂદી ધારો આવ્યો ત્યારે આ જમીન ગણોતિયાને મળી.

2 અત્રે એ નોંધવું આવશ્યક છે કે આ નોંધમાં માહિતી મળી નથી એવી કોઈ વ્યક્તિઓનો ઉલ્લેખ રહી જતો હશે તે પ્રત્યે જેમને માહિતી હોય તે મારું ધ્યાન ખેંચવા કૃપા કરે અને મારી ક્ષતિ માટે માફ કરે. લેખક.

રાખ્યું.[1] જૂનાગઢના પણ અમદાવાદ અને પછીથી દિલ્હીમાં વસતા શ્રી નરેન્દ્ર નવલશંકર શુકલનું નામ સંગીત સ્વામી તરીકે ભારતમાં મશહુર થયું છે. જૂનાગઢમાં આ સમયમાં સેનિયા ઘરાણાના ઉસ્તાદ ગુલામઅલી કામીલ અને કીરાણા ઘરાણાના ઉસ્તાદ અબ્દુલકરીમખાં રહેતા, જેમનો ઉલ્લેખ પણ આવશ્યક છે.

જૂનાગઢના માંડણજી[2] ઉર્ફે મદનજીત વોરાએ બર્માના ગાંધીજીનું બીરૂદ મેળવી દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જીવનની આહુતિ આપી જૂનાગઢને ગૌરવ અપાવ્યું છે.

જૂનાગઢના રાજ્યદ્વારી ક્ષેત્રમાં પ્રત્યક્ષ ન હોવા છતાં એક પ્રખર રાજપુરુષ તરીકે નામના પામેલા શ્રી ગિરધરલાલ માધવલાલ ધોળકિયા કાઠી રાજ્યોના કારભારી પદેથી નિવૃત્ત થઈ જૂનાગઢમાં વસતા. તેઓ એક મહાન મુત્સદ્દી તરીકે રાજ્યકાજમાં સલાહ સૂચન માટે આદર પામેલા.

જૂનાગઢના રાજકારણમાં પ્રજાકીય નેતૃત્વ માટે શ્રી નૃસિંહપ્રસાદ કહાનદાસ નાણાવટી, શ્રી ઈંદુલાલ જાદવરાય વસાવડા, શ્રી નરોત્તમદાસ લાલજી શેઠ. શ્રી પ્રભુદાસ નાગજી વખારીયા, શ્રી સુંદરજી શામજી પરમાર વગેરે વ્યક્તિઓ ઉલ્લેખનીય છે. શેઠ અબ્દુલહુસેન મુલ્લાં જીવાજી, શ્રી જેઠાલાલ રૂપાણી, શ્રી વેણીલાલ નાણાવટી, શ્રી પ્રભુદાસ બળીયા વગેરે નેતાઓ પણ પ્રજાના પ્રશ્નોના ઉકેલમાં અગ્રીમ ભાગ લેતા.

---

1 આ ઘરાણામાં આજે શ્રી અરૂણ સેવકે શાસ્ત્રીય સંગીતના ક્ષેત્રે પ્રતિષ્ઠા અને પ્રસિદ્ધિ પ્રાપ્ત કર્યાં છે અને પરંપરા સજીવન રાખી છે, એ જ રીતે કલાના ક્ષેત્રમાં શ્રી વૃંદાવન સોલંકીએ જૂનાગઢનું નામ ઉજ્જવલ કર્યું છે.

2 જૂનાગઢમાં ઈ. સ. ૧૮૯૦માં જન્મેલા માંડણજી ઉર્ફે મદનજીત મયાશંકર વોરા ગાંધીજીની સાથે આફ્રિકામાં રહી ઇન્ડિયન ઓપીનિયન નામના પત્રનું સંપાદન કરતા, ત્યાંથી સ્વદેશ પાછા ફરી બર્મા ગયા અને ત્યાં યુનાઈટેડ બર્મા નામનું પત્ર પ્રકાશિત કરી હિન્દીઓના પ્રશ્નોની ચર્ચા કરતા અને ત્યાંની સરકારની ખફગી વહોરી કારાવસ વેઠેલો. ત્યાંથી જૂનાગઢ આવી ઈ. સ. ૧૯૩૨માં એક શાળા શરૂ કરેલી પણ વિશેષ સમય રહેવું યોગ્ય ન લાગતાં તે પુનઃ બર્મા ગયા અને બ્રિટિશ શાસન વિરોધી ચળવળમાં ભાગ લઇ જેલમાં ગયા અને જેલવાસ દરમ્યાન ઈ. સ. ૧૯૩૨માં તેનો દેહાન્ત થયો. જૂનાગઢના આ સપુતે બર્માના ગાંધીનું બીરૂદ મેળવી જૂનાગઢનું નામ ઉજ્જવલ કર્યું છે.

સમાજ સેવા અને ધર્મ સેવા માટે 'બાપા'ના લોકપ્રિય નામે પ્રસિદ્ધ થયેલા સંત પુરુષ શ્રી મૂળશંકર વ્યાસ તથા આજીવન દરિદ્રનારાયણની સેવા કરી આપત્તિકાળે અતુલ આત્મભોગ આપનાર પૂ. મથારામદાસજી, ગીતામંદિરના નિર્માતા અને ગિરનાર ઉપર અનેક અંતરાયો અને અવરોધો વચ્ચે જટાશંકરી ધર્મશાળા બંધાવનાર, પૂ. રામાનંદજી મહારાજ તથા ગોરખધૂણાના મહંત સ્વ. ભાગીરથીનાથજી ઉલ્લેખનીય વ્યક્તિઓ છે.

મુસ્લિમ સમાજની વર્ષો સુધી આગેવાની જેણે કરી હતી અને 'સરદાર'ના ઉપનામથી જાણીતા થયેલા ઈસ્માઈલ અબ્રેહાની, કાઝી અહમદમીયાં અખ્તર, સૈયદ મહમદ પીરઝાદા તથા અબા મહમદ બાજુદ મુસ્લિમ સમાજમાં અતિ આદરણીય વ્યક્તિઓ તરીકે ખ્યાતિ પામેલા.

પૂ. ગાંધીજીના પ્રથમવારના પરદેશ ગમન સમયે તેમના સહપ્રવાસી અને માર્ગદર્શક શ્રી ત્ર્યંબકરાય મજમુદાર, તેમના પુત્ર કેપ્ટન પી. ટી. મજમુદાર, ડૉ. નૃસિંહપ્રસાદ મજમુદાર, શ્રી મણિલાલ કેશવલાલ નાણાવટી, શ્રી દોલતરાય ઝાલા વગેરે પ્રતિષ્ઠિત રાજપુરુષો હતા.

દેશી રાજ્યોમાં જ્યારે સ્વદેશી વસ્તુઓ કે ખાદીના ઉપયોગની પ્રવૃત્તિ થઈ શકતી નહિ ત્યારે તેનો સક્રિય પ્રચાર કરી ગામે ગામ ખાદીનો પ્રચાર કરવા રેંટિયાનો નાદ ગાજતો કરનારા શ્રી દુર્લભદાસ રામજી તથા તન, મન, ધનથી દેશની, દેશબાંધવની અને દરિદ્રનારાયણની અનેક પ્રકારે સેવા કરનાર ચોરવાડના શ્રી જીવનલાલ મોતીચંદ શાહ અને શ્રી હરખચંદ મોતીચંદ શાહે અમર કીર્તિ અને યશ પ્રાપ્ત કર્યાં છે.

જૂનાગઢની ગરીબ અને પછાત વર્ગની પ્રજાની રાત દિવસ જોયા વગર નિઃસ્વાર્થ અને નિઃશુલ્ક વૈદકીય સારવાર આપી, મૂક સેવા કરનાર ડૉ. મુગટરાય રાણાએ એક વિરલ સમાજ સેવક તરીકે અમર નામના મેળવી છે.

## પુનર્સંજન

બીજા વિશ્વ વિગ્રહના અંતે યુદ્ધ પશ્ચાદ પુનર્સંજનનો કાર્યક્રમ, એજન્સીની સૂચનાથી જૂનાગઢ રાજ્યે પણ ઘડેલો તે પ્રમાણે નવા માર્ગો બાંધવાની, એરોડ્રોમ બાંધવાની, ડેમો, તળાવો અને નહેરો બાંધવાની, કોઝવે, પુલો અને નાળાંઓ બાંધવાની, બંદર અને રેલવેનો વિકાસ કરવાની, ઇલેક્ટ્રિસીટી અને ટેલિફોનની સુવિધા વધારવાની, પ્રાથમિક શાળાઓની સંખ્યા વધારવાની, શિક્ષકો માટેની તાલીમ શાળાઓ સ્થાપવાની, કોલેજમાં સાયન્સના વર્ગો બી. એસ. સી. સુધી કરવાની, આંખની અને દાંતની હોસ્પિટલો સ્થાપવાની, વેરાવળમાં

મોટી હોસ્પિટલ બાંધવાની, મોટાં નગરોમાં, વોટર વર્કસ કરવાની, પશુવંશ વૃદ્ધિ કેન્દ્રો કરવાની, પશુ ચિકિત્સાલયો ઉઘાડવાની, બીયારણ વૃદ્ધિ કેન્દ્રો સ્થાપવાની, સુધારેલું બીયારણ તથા કૃત્રિમ ખાતર પૂરું પાડવાનો પ્રબંધ કરવાની જમીન સંરક્ષણ કાર્યક્રમ દાખલ કરવાની, આમ જનતાને સિનેમા સ્લાઈડોથી શિક્ષણ આપવાની, પૂરથી થતાં ધોવાણ અટકાવવાની, મત્સ્ય ઉદ્યોગ ખિલવવાની, ભારે ઉદ્યોગો સ્થાપવાની અને વિકસાવવાની યોજનાઓમુખ્ય હતી.[1]

આ યોજનાઓને અમલી બનાવવા એક કમિટી પણ સ્થાપવામાં આવેલી. કમિટીએ આ યોજનાઓને મૂર્તિમંત સ્વરૂપ આપવું હોય તો સાડાચાર કરોડ રૂપિયાનો ખર્ચ થશે તેવો અંદાજ મૂકી પંદર વર્ષનો પ્લાન પણ ઘડી કાઢેલો, પરંતુ આ પ્લાનનો પ્રારંભ થાય તે પહેલાં જૂનાગઢના રાજ્યનો અંત આવ્યો.

## આવક

જૂનાગઢ રાજ્યની આવક ઈ. સ. ૧૯૧૧માં રૂપિયા ૩૦ લાખની હતી તે ઈ. સ. ૧૯૪૫માં રૂપિયા, ૧,૪૦ લાખ થઈ અને તે પ્રમાણમાં વિકાસનો અને વહીવટી ખર્ચ વધી ગયો.

## પ્રકીર્ણ

નવાબ મહાબતખાન ત્રીજાના સમયમાં એટલે ઈ. સ. ૧૯૧૧થી ઈ. સ. ૧૯૪૭ સુધીમાં જૂનવાણી રૂઢીઓ અને રિવાજોમાં ધરખમ પરિવર્તન આવ્યું. નવાબની કચેરી જે પ્રથમ લગભગ રોજ ભરાતી તે ભરાવી બંધ થઈ, માત્ર ખાસ પ્રસંગે કચેરી ભરાતી અને તેમાં સન્માન વિધિ કે પ્રસંગોપાત જે વિધિ થવી ઘટે તે થતી. કચેરીના નાચ મુજરા વગેરે બંધ થયું. નવાબે પોતાના શીરે બત્તીને બદલે સાફો પરિધાન કર્યો અને મુસ્લિમ અમીરો જે દેશી મુગલાઈ પાઘડી બાંધતા તે પણ સાફો બાંધતા થયા. અંગ્રેજી પોશાકની છૂટ થઈ ગઈ અને માત્ર જનાનામાં કામ કરતા માણસો સિવાય કોઈને કમરે ભેટ બાંધવાનું રહ્યું નહિ. તો પણ કચેરીમાં લાંબા અચકનો અથવા જોધપુરી બ્રિચીસ અને હન્ટીંગ કોટ પહેરવામાં આવતા. સરકારી ઓફિસોમાં પણ ઈ. સ. ૧૯૪૦ સુધી તો લાંબા કોટ, ખેસ અને ફેંટા પહેરતા કર્મચારીઓ હતા.

---

1 સોરઠ સોશ્યલ સર્વિસ લીગ નામની એક યોજના આજની વિકાસ યોજનાને મળતી, આ લેખકે તૈયાર કરી આમ પ્રજાનાં કલ્યાણ અને ઉત્થાન માટે રાજ્યને આપેલી. તેમાં વગર ખર્ચે વિકાસ થાય તેવી યોજના હતી.

અમલદારો કાં તો સાફો અને પાઘડી કે લાંબો કોટ પહેરતા અને કાં તો અંગ્રેજી પોશાક પહેરતા. પરંતુ કોઈને કોઈ પોશાક પહેરવાનું ફરજિયાત ન હતું.

રાજ્યમાં અમુક વ્યક્તિગત પ્રસંગો બાદ કરતાં સામાન્ય રીતે ધાર્મિક સહિષ્ણુતા હતી. ધાર્મિક તહેવારો અને ઉત્સવોમાં હિન્દુઓને કોઈ રોકટોક કે અવરોધ થતા નહિ. રાજ્યમાં પણ હિંદુ કર્મચારીઓની બહુમતી હતી.

શિક્ષણનો પ્રચાર થતાં તથા ભારતના અન્ય પ્રદેશો અને પરદેશો સાથેના સંબંધને કારણે સ્થાનિક પ્રજામાં જાગૃતિ અને ચેતનાનો પ્રવેશ થયો મધ્યકાલિન રૂઢી, રિવાજો માન્યતાઓ અને મંતવ્યોમાં પણ ઘણો ફેર થયો અને સમાજ જીવનનું માળખું બદલી ગયું.

પ્રથમ વિશ્વવિગ્રહ પછી સ્થાનિક વ્યાપાર વધ્યો. બંદરી વ્યાપારમાં પણ સારા પ્રમાણમાં વૃદ્ધિ થઈ. બીજા વિશ્વવિગ્રહ સમયે ભારતના અન્ય પ્રદેશોની જેમ અહિં પણ વ્યાપારનો વિકાસ થયો. રાજ્યે પણ ખાનગી રીતે તેમાં રસ લીધો અને મોટા મોટા વ્યાપારીઓને આકર્ષી રાજ્યમાં વ્યાપાર કરવા સવલતો આપી પણ કોઈ ઉદ્યોગ સ્થપાયા નહિ. ટેક્સટાઈલ મીલ કરવાના પ્રયત્નો શૂન્યમાં પરિણમ્યા. ચોરવાડ પાસે ગડુમાં કાઠિયાવાડ ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના થઈ પણ તે કાંઈ કરે તે પહેલાં નવાબીનો અંત આવ્યો.

બ્રિટિશ હિન્દમાં ચાલતી રાજ્યદ્વારી ચળવળ રાજ્યમાં ન પ્રવેશે તે માટે તંત્ર સદા જાગૃત રહેતું. ખાદીધારીઓ, વર્તમાનપત્રોના પ્રતિનિધિઓ અને જાહેર જીવનમાં પડેલી વ્યક્તિઓ પ્રત્યે શંકાની નજરે જોવામાં આવતું. છતાં રાજ્યમાં બીજાં દેશી રાજ્યોની જેમ છાપાંઓ ઉપર પ્રતિબંધ ન હતો તેમજ ખાદી પ્રવૃતિ કે પોશાક માટે વાંધો લેવમાં ન આવતો. હરિજનોના કલ્યાણ માટે બજેટમાં રકમ મંજૂર થતી અને જ્યાં સુધી હરિજન પ્રવૃત્તિ રાજ્યદ્વારી ન થાય ત્યાં સુધી તેના માટે તંત્રને કોઈ વાંધો ન હતો.

## નવાબ મહાબતખાનનું અંગત જીવન

નવાબ રસુલખાનનાં બેગમ આયશા કે આશ્શાબીબીના બીજા પુત્ર મહાબતખાનનો જન્મ તારીખ ૨–૮–૧૯૦૦ના રોજ થયો હતો. નવાબ રસુલખાન તારીખ ૨૦–૧–૧૯૧૧ના રોજ ગુજરી જતાં, તેના એક માત્ર હયાત પુત્ર મહાબતખાન હતા તેથી તે ગાદીએ આવ્યા પણ તેની સગીર અવસ્થા હતી તેથી સાર્વભૌમ સત્તાએ મિ. એચ. ડી. રેન્ડોલને એડમિનીસ્ટ્રેટર તરીકે નીમ્યા. તારીખ ૩૧–૩–૧૯૨૦ના રોજ નવાબ મહાબતખાનને સત્તાનાં સૂત્રો સોંપાયાં.

## લગ્નો-સંતાનો

તેમનાં પ્રથમ લગ્ન તારીખ ૩-૪-૧૯૨૧ના રોજ ભોપાલના શ્રી સાદત-મહમદખાનનાં પુત્રી મુન્નવરજહાં સાથે થયાં. વલીએહદ-યુવરાજ-દીલાવરખાન તેના પ્રથમ સંતાન હતા. તેમનો જન્મ તારીખ ૨૭-૬-૧૯૨૨ના રોજ થયો હતો. તે પછી આ બેગમને તાજબખ્તે (તા. ૧૯-૬-૧૯૦૨) અને ઉમરાવ બખ્તે (તા. ૨-૧૧-૧૯૨૫) નામની પુત્રીઓ થઈ. આ બેગમ ભોપાળવાળાં બેગમ તરીકે ઓળખાતાં.

તેમનાં બીજાં લગ્ન જૂનાગઢના શેખ અબ્દલ્લાભાઈનાં પુત્રી એમનાબેગમ સાથે થયાં. તેઓ જૂનાગઢવાળાં બેગમ તરીકે ઓળખાતાં. તેમને હિમ્મતખાન (તા. ૧૬-૨-૧૯૨૪), સખાવતખાન (તા. ૧૮-૧૧-૧૯૩૧) યુસુફખાન (તા. ૧૮ ૭-૧૯૩૪) અને અનવરખાન (તા. ૧૦-૬-૧૯૩૫)નામના પુત્રો તથા રાહતબખ્તે (તા. ૧૭-૪-૧૯૨૮) નામનાં પુત્રી થયાં.

ત્રીજાં લગ્ન જમાદાર સરૂર નામના સીદી ગૃહસ્થની પુત્રી મોતીબુ વેરે થયાં અને ચોથાં લગ્ન કુતિયાણાના કાઝી હુસેનમીયાંની પુત્રી સકીનાબુ વેરે થયાં તે બન્નેને તલ્લાક આપવામાં આવી.

નવાબ મહાબતખાનના પાંચમાં લગ્ન જૂનાગઢના આરબ અબા હામેદ-ભાઈના પુત્રી ગફુમા સાથે થયાં. તેમને પણ કાંઈ સંતતિ હતી નહિ. છઠ્ઠાં લગ્ન કુતિયાણાના હબીબખાન સરવાણીના પુત્રી અમનબુ સાથે થયાં. તે કુતિયાણા-વાળાં બેગમ સાહેબ તરીકે જાણીતાં હતાં. તેનાથી ઈનાયતબખ્તે (તા. ૧૭ ૯-૧૯૨૭) નુરબખ્તે (તા. ૪-૮-૧૯૩૦), સુલતાનબખ્તે (તા. ૧૦-૩-૧૯૩૩) નામની પુત્રી થઈ.

સાતમા લગ્ન માહેલકાજહાં નામનાં એક બાઈ સાથે થયા. તેમને કુલસુમ-બખ્તે (તા. ૧૯-૧૧-૧૯૨૯) નામે પુત્રી થઈ અને થોડાજ માસમાં આ બેગમ ગુજરી ગયાં.

આઠમાં લગ્ન કુતિયાણાના હબીબખાન સરવાણીનાં બીજાં પુત્રી દાદીબુ સાથે થયાં જે રાણી સાહેબ અથવા મહાબતપરાવાળાં બેગમ સાહેબ તરીકે ઓળખાતાં. તેમને ગુલામમહમદખાન (તા. ૨૯-૮-૧૯૩૩), સાદીકમહમદખાન (તા. ૩-૪-૧૯૪૩)નામના પુત્રો તથા મુબારકબખ્તે (તા. ૧૦-૬-૧૯ ૫) ફાતિમાજોહરા બખ્તે (તા. ૨૦-૮-૧૯૪૧) અને ઈકબાલબખ્તે (તા. ૧૪-૧૧-૧૯૪૪) નામની પુત્રીઓ થઈ.

નવમા અને અંતિમ લગ્ન કુતિયાણાના હબીબખાન સરવાણીના પુત્ર અને પોતાના સાળા બહાદરખાનની પુત્રી સૈદા સુલતાના કે જે હઝુર બેગમ તરીકે ઓળખાતાં તેની સાથે થયાં. તેને ગુલામ સૈયદ અલીખાન (તા. ૨૮-૧-૧૯૪૭) નામે પુત્ર થયો

આ ઉપરાંત છ–સાત બાળકો બાલ્યવયમાં ગુજરી ગયેલાં એટલે તેઓ ઈ. સ. ૧૯૪૭માં કરાંચી નાસી ગયા ત્યારે ૮ પુત્રો અને ૧૦ પુત્રીઓ તેમની સાથે ગયાં. ત્યાં ગયા પછીની વિગતો ઉપલબ્ધ નથી.

## સંતાનોનાં લગ્ન

નવાબનાં મોટાં કુંવરી તાજબખ્તેનાં લગ્ન ઈ. સ. ૧૯૪૦માં ભોપાલના એક ગૃહસ્થ સાથે થયેલાં પણ તેમને તલ્લાક થતાં બીજાં લગ્ન પાછળથી નવાબના મામાના દીકરા યાસીનખાન સાથે કરવામાં આવેલાં. નવાબનાં બીજાં કુંવરી ઈનાયતબખ્તેનાં લગ્ન તા. ૧૧-૧૧-૧૯૪૫ના રોજ બાટવા દરબાર શેરખાનના પુત્ર ગુલામમોહીયુદ્દીનખાન સાથે તથા ત્રીજાં કુંવરી નુરબખ્તેનાં લગ્ન તેજ તારીખે સરદારગઢ દરબાર ગુલામમોહીયુદ્દીનખાન વેરે થયેલાં.

નવાબના યુવરાજ દીલાવરખાનનાં લગ્ન તા. ૩-૧૨-૧૯૪૫ના રોજ ભોપાલના શફાકત અલીખાનનાં પુત્રી શફીકજહાન વેરે થયેલાં. તેમાં પણ પાછળથી તલ્લાક આપવામાં આવેલી.

પાકીસ્તાન ગયા પછી આ કુટુંબનાં થયેલા લગ્નો આદિની કોઈ માહિતી મળી નથી.

## રાજમાતા

નવાબ મહાબતખાનના માતા આશ્શાબીબી તા. ૨-૬-૧૯૨૭ના રોજ તથા નવાબનાં બહેન લાલબખ્તે તા. ૧૩-૧૦-૧૯૨૪ના રોજ જન્નત નસીન થયાં.

## ઈલ્કાબો–માન

નવાબ મહાબતખાનને, સાર્વભૌમ સત્તાએ તા. ૧-૧-૧૯૨૬ના રોજ કે. સી. એસ. આઈ. અને તા. ૧-૧-૧૯૩૧ના રોજ જી. સી. આઈ. ઈ. ના ચંદ્રકો આપેલા.

તે ઉપરાંત ઈ. સ. ૧૯૩૭માં તેમને બ્રિટિશ સેનાના માનદ્ કેપ્ટન તથા ઈ. સ. ૧૯૪૨માં માનદ્ મેજરના હોદ્દાઓ પણ પ્રદાન કરેલા.

જૂનાગઢના નવાબને ૧૩ તોપનું માન હતું પણ નવાબ મહબતખાનને

અંગત ૧૫ તોપનું માન આપવામાં આવેલું.

તેઓ ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીના માનદ ઉપપ્રમુખ અને ઇ. સ. ૧૯૪૪-૪૫માં ચેમ્બર ઓફ પ્રિન્સીસની સ્ટેન્ડીંગ કમિટીના સભ્ય હતા.

## રજત જયંતી

ઈ. સ. ૧૯૪૫માં નવાબ મહાબતખાનને સત્તાનાં સૂત્રો સંભાળે ૨૫ વર્ષ પૂરાં થતાં, પ્રજાના અગ્રેસરો અને અધિકારીઓની એક સીલ્વર જ્યુબિલી કમિટી નીમવામાં આવી. આ કમિટીએ રૂપિયા છ લાખનું ભંડોળ એકત્ર કરી નવાબને નજરાણા રૂપે ધર્યું. તારીખ ૩૧–૩–૧૯૪૫ના રોજ નવાબ ચાંદી સામે જોખાયા અને આ ચાંદી ધર્માર્થ કાર્ય માટે આપી દેવાની જાહેરાત કરી. આ પ્રસંગે પ્રજા તરફથી આપવામાં આવેલા માનપત્રના જવાબમાં નવાબે નવાજેશો કરી તેમાં પ્રજામંડળે મૂકેલી કેટલીક માગણીઓ સ્વીકારવામાં આવી તથા કાર્ય-કર્તાઓને બીન શરતે માફી આપી અને જેમના ઉપર કેસો કરવામાં આવેલા તેમની સામેના કેસો પાછા ખેંચી લઈ મુક્ત કરવામાં આવ્યા. ગામડાંઓમાં પંચાયતોની સ્થાપના કરી[1] તેને કેટલાક અધિકારો આપવાની અને સુધરાઈઓમાં પ્રજાકીય સભ્યોને સવિશેષ અધિકારો આપવાની પણ ઘોષણા કરી.

સીલ્વર જ્યુબિલી પ્રસંગે પ્રત્યેક મહાલમાંથી જે ફંડની રકમ એકત્ર થઇ તે ફંડની રકમ જેટલી જ રકમ રાજ્યે ઉમેરી જે તે મહાલમાં જે કાંઈ સાર્વજનિક કાર્ય કરવામાં આવે તેમાં વાપરવાની પણ જાહેરાત કરવામાં આવી.

## અંગત શોખ

નવાબ મહાબતખાનને કોઈ બંધાણ હતું નહિ તેઓ સીગારેટ પીતા નહિ કે તમાકુ પણ ખાતા નહિ. દારૂ માટે તો તેમને સખત નફરત હતી. તેઓ નિયમિત રીતે ફરવા જતા અને ખોરાક પણ સાદો અને નિયત સમયે લેતા.

તેઓ સારા નિશાનબાજ અને ઘોડેસવાર હતા. પોલોની રમત તેમની યુવાનીમાં બહુ સારી રમતા. શિકારનો તેમને શોખ હતો પરંતુ તેઓ કવચિત શિકારે જતા. શિકારમાં રોઝ, હરણ, સાબર વગેરે પશુઓ પાછળ કૂતરાઓ છોડી તેનો બહુ ક્રૂર રીતે શિકાર કરતા. ગિરના સિંહો, દીપડાઓ આદિ પ્રાણી-ઓના શિકાર ઉપર પોતે અંકુશ મૂકેલો.

પોતે મોટર ચલાવતા હોય કે પોતે બેઠા હોય ત્યારે મોટર પાંચથી સાત

1 આ જાહેરાત, જાહેરાત જ રહી તેનો સર્વાંશે અમલ થયો નહિ.

માઈલની ઝડપે શહેરમાં ચાલતી, પગે ચાલતા લોકોને તકલીફ ન પડે તે માટે ધ્યાન રાખતા.

તેઓ નિમાજ પડતા પણ ઈદની નિમાજમાં બહુ જતા નહિ. દર સોમવારે અને ગુરુવારે નીચેના દાતારની જગ્યામાં ફાતેહા માટે જતા. એકવાર મીરાંદાતાર, એકવાર ઉનાના હઝરતશાહ તથા એકવાર આમરણના દાવલશાહ પીરની જગ્યાઓ ઉપર માનતા ઉતારવા ગયેલા.

તેમના અંગત સ્ટાફમા હિંદુ અધિકારીઓ અને અન્ય કર્મચારીઓ હતા. તેમના અંગત ડોક્ટરો પણ હિંદુઓ હતા.[1] તેમની ધાર્મિક લાગણી ન દુઃખાય તે માટે તે બહુ તકેદારી રાખતા.

મુસ્લિમ હોવા છતાં હિન્દુ દેવસ્થાનોનો તે આદર કરતા તથા તેના મહંતો, સંતો સાધુઓ કે ભક્તોને ઉપદ્રવ કરતા નહિ તેમ કોઈ તેવો ઉપદ્રવ ન કરે તેની તકેદારી રાખતા. હિન્દુ ધર્મસ્થાનોને તથા જગ્યાધારીઓને ધર્માર્થ દાન કરતા અને ધર્મની જગ્યાના પૈસા પોતે લેતા નહિ. હિન્દુ સંતપુરુષોને તેઓ વંદતા.

તેમને ગાયો, ભેંસો, બકરાં વગેરે દુધાળાં પશુઓ પાળવાનો શોખ હતો. ગાયોને તો તે મા' કહીને જ બોલાવતા. કપિલા અને જાનકી તેની માનીતી ગાયોને સાથે જ રાખતા. તેના ખાનગી ફાર્મમાં ગિર જાતની બહુમૂલ્ય ગાયો રહેતી. તેમનો પશુ પ્રેમ તેમને કુમાર વયથી જ હતો. તેઓ ગાદી નશિન થયા ત્યારે સર ચાલ્સ ઓલીવન્ટે તેને ઉદ્દેશીને તેના વકતવ્યમાં કહેલું કે, –'આપનાં પશુઓનાં ધણ, આપના તબેલાઓ, વાડાઓ, અને ખેતરોમાં આપ મસ્ગુલ રહ્યા છો....' 'રાજકર્તા (નવાબ) કાઠી ઘોડાનાં લક્ષણો જાણે છે અને ગુણોની પ્રસંસા કરે છે...' '...પોતે સ્થાનિક ઢોરનું ધણ વસાવ્યું છે.'

આ શોખ તેમને છેવટ સુધી રહ્યો. તેમના ફાર્મમાં આવેલા ખૂંટાએ અને ગાયોએ અખિલ ભારત સ્પર્ધામાં અનેકવાર પ્રથમ ચંદ્રકો મેળવેલા. બહેરામ, પ્રિન્સ અને બ્રાઉનબોય નામના ખૂંટાએ પ્રથમ પારિતોષિક મેળવેલાં.

નવાબને પશુઓ કરતાં કૂતરાઓનો શોખ સવિશેષ હતો. જગતના દરેક દેશનાં વંશજ્ઞાત બહુમૂલ્ય શ્વાનો ખરીદ કરી તેની શ્વાનશાળામાં રાખેલા. આ

---

1 ડૉ. હરિશંકર પ્રાગજી, ડૉ. દિલસુખરાય વસાવડા, ડૉ. ઝવેરીલાલ વસાવડા, ડૉ. મગનલાલ માધવજી, ડૉ. ચંદ્રકાન્ત છાયા વગેરે તેમના ખાસ ડૉકટરો હતા. શ્રી મણિશંકર રાજગોર, શ્રી રતીભાઈ ભટ (ફોટોગ્રાફર) શ્રી નંદલાલ વગેરે અંતેવાસીઓ હતા.

કૂતરાઓને શિકાર માટે, ચોકી માટે, રમતો માટે, અને કસરત માટે કેળવવામાં આવતા. કૂતરાઓ મરી જાય ત્યારે તેમને ખાસ કબ્રસ્તાનમાં દફન કરવામાં આવતા. કોઈ કૂતરો બગડી જાય તો બંદૂકની ગોળીથી તેનો પ્રાણ લેવામાં આવતો [1]

નવાબે કૂતરા કૂતરીનાં લગ્ન કર્યાં હતાં તેવી એક વાર્તા બહુ વર્ષોથી પ્રચલિત છે. ઈ. સ. ૧૯૨૦માં પોતાનાં પ્રથમ લગ્ન થવાનાં હતાં તે પ્રસંગે, રાજકુળોમાં રિવાજ હોય છે તેમ લગ્ન પૂર્વે નજર કાઢવા કોઈ પ્રાણીનાં કે ગુલામનાં લગ્ન કરવાનો વહેમ છે, 'આ વહેમ અનુસાર વૃદ્ધ માણસોએ આ પ્રમાણે નજર કાઢેલી તેને વર્તમાન પત્રોએ અપૂર્વ પ્રસિદ્ધિ આપી તે વાર્તાનો ફેલાવો કર્યો. વાસ્તવિક રીતે રાજકુટુંબમાં પ્રત્યેક શુભ પ્રસંગે આવાં લગ્નો કરાવવામાં આવતાં.[2]

નવાબ મહાબતખાનને નાટક સિનેમાનો કે નાચ મુજરા કે સંગીતનો શોખ ન હતો પણ પાછળથી નાટકનો શોખ એટલોજ તીવ્ર બન્યો. તેણે પોતાની ખાનગી નાટકશાળા બંધાવેલી અને પોતે પસંદ કરેલાં પ્રેક્ષકોની રૂબરૂમાં શ્રી મણિશંકર પોપટલાલ રાજગોર,[3] શ્રી નંદલાલ, શ્રી અમૃતલાલ વગેરે કલાકારોએ ખાસ તૈયાર કરેલાં નાટકો પોતે ભજવતા. તેમાં પ્રજાની કોઈ વ્યક્તિને કે અધિકારીને પ્રવેશ મળતો નહિ.

પાલિતાણા ભક્તિ પ્રદર્શક નાટક મંડળીના માલીક શ્રી મણિશંકર ભટ્ટ માત્ર ભક્તિ પ્રધાન નાટકો ભજવતા તેથી તેના ઉપર નવાબ મહાબતખાનની કૃપા હતી. ઈ. સ. ૧૯૩૭ માં ભાયાવદરમાં થીએટરમાં આગ લાગતાં ફરીથી ઊભી ન થઈ શકે એવું નાટક મંડળીને નુકસાન થતાં નવાબે શ્રી મણિશંકર ભટ્ટને જૂનાગઢ બોલાવી રહેવા માટે મકાન આપ્યું તથા માસિક પેન્શન બાંધી આપી પોતાનો કલાપ્રેમ અને કદરદાની પ્રદર્શિત કર્યાં.

---

1 જે કૂતરાઓ મૃત્યુ પામે કે મારી નાખવામાં આવે તેને દફન કરવામાં આવતા. આવું એક કબ્રસ્તાન જૂના સેક્રેટેરીયેટ પાસે જોવામાં આવે છે.

2 નવાબે કૂતરા કૂતરીનાં લગ્ન કર્યાં તે પ્રસંગની કાલ્પનિક નોંધ શ્રી જરમનીદાસ નામના પંજાબી રાજપુરુષે તેના 'મહારાજા' નામનાં પુસ્તકમાં લીધી છે, તેમાં જે નામો આપ્યાં છે તથા જે વર્ણન આપ્યું તે સર્વથા કાલ્પનિક અને અંધાધૂંધ ખોટું છે.

3 શ્રી મણિશંકર રાજગોર પાછળથી ખાનગી ખાતામાં અધિકારી હતા.

બીજા રાજાઓની જેમ તેઓ યુરોપના દેશોના પ્રવાસે જતા નહિ. વિદ્યાર્થી અવસ્થામાં ઈંગ્લાંડ ગયેલા તે પછી ભારતમાં પણ કોઈ પ્રવાસ કરેલો નહિ. પ્રસંગોપાત ધાર્મિક કે સામાજિક કારણોસર, રાધનપુર, મીરાંદતાર, મુંબઈ કે દિલ્હી ગયેલા. ઈ. સ. ૧૯૩૧માં જ્યારે સાર્વભૌમ સત્તાએ જૂનાગઢ રાજ્યમાં થયેલાં તોફાનોને કારણે રાજ્ય બહાર રહેવા ફરજ પાડેલી ત્યારે ૭ માસ માટે જામનગર પાસે બાલાચડી રહેવા ગયેલા.

તેઓ શિયાળામાં કેશોદ, ઉનાળામાં ચોરવાડ કે વેરાવળ અને ચોમાસામાં ચોકી કે જૂનાગઢ રહેતા. કવચિત દેવડા જતા.

તેમનાં અંતેવાસીઓ, અધિકારીઓ અને આપ્તજનો પાસેથી જાણવા મળતી માહિતી ઉપરથી એમ જણાય છે કે તેમના ખાનગી જીવનમાં તે એક માયાળુ અને શુધ્ધ ગૃહસ્થ હતા. તેમની ન્યાયવૃત્તિ પણ ઉમદા હતી પરંતુ તેમનામાં માનસિક નિર્બળતા હતી. તેઓ પ્રજાના વચમાં આવી શકતા નહિ અનિવાર્ય પ્રસંગો સિવાય તે કોઈ મોટી કચેરી કે સભામાં ઉપસ્થિત થતા નહિ. પોતાના અંગત પ્રસંગોમાં પણ જ્યાં સુધી ચાલે ત્યાં સુધી ગેરહાજર રહેતા. તેમના અંગ્રેજ શિક્ષકોના આદેશથી કે તેમની ભીરૂતાથી તેમણે કદી પણ રાજતંત્રમાં હસ્તક્ષેપ કર્યો નહિ. એક રીતે આ નીતિ સારી હતી પણ તેનું વિપરિત પરિણામ એ આવ્યું કે દીવાનો સર્વસત્તાધીશ થઈ ગયા અને જ્યારે પાકીસ્તાનમાં જોડાવાના પ્રશ્ને પોતાને નિર્ણય કરવાનો પ્રસંગ આવ્યો ત્યારે તેની અસીમ નિષ્ક્રિયતા, અક્ષમ્ય ઉપેક્ષા અને નિર્ણય લેવાની અશક્તિ તેમજ અસ્થિરતાના કારણે, સ્વતંત્ર નિર્ણય લઈ શકયા નહિ અને ટૂંકી દ્રષ્ટિ અને માંદલું માનસ ધરાવતી વ્યકિતઓનાં મંતવ્યોને અનુસરી પોતાના પ્રતાપી પૂર્વજો, બાબી કુળની પરંપરા, સોરઠની પ્રજાનો તેમના માટેનો પ્રેમ અને આત્મભોગ, પોતાની પ્રિય જન્મભૂમિ આદિ સર્વ વિસરી જઈ તેને જૂનાગઢ રાજ્યનું પાકીસ્તાન સાથે અકુદરતી જોડાણ કરી સોરઠનું સિંહાસન તો ગુમાવ્યું પણ આપત્તિની વેળાએ પોતાની પ્રજાને પરદેશી દીવાનની દયા ઉપર છોડી કરાંચી નાસી જઈ એક ઉમદા રાજવીને ન છાજે એવી વર્તણૂક બતાવી, તેઓ જે કીર્તિ, લોકપ્રિયતા, યશ અને શુભ નામ કમાયા હતા તે સર્વે તે સાથે ગુમાવી દીધું.

તેઓ તારીખ ૭–૧૧–૧૯૫૯ ના રોજ કરાંચીમાં ગુજરી ગયા.

### સર શાહનવાઝ ભુટો

સિંધના જમીનદાર તથા જૂના મુંબઈ રાજ્યની કાઉન્સીલના ધારાસભ્ય

સર શાહનવાઝ ભુટ્ટોએ જૂનાગઢના દીવાનનું પદ તા. ૩૦–૫–૧૯૪૭ ના રોજ ગ્રહણ કર્યું[1] અને તે સાથે રાજતંત્રમાં ધ્યાન આપવાને બદલે પાકીસ્તાન સાથે જૂનાગઢનું જોડાણ થાય તે પ્રશ્ને તેણે તેની સમગ્ર શક્તિ કેન્દ્રિત કરી, પરિણામે તંત્રની ક્ષમતા નિમ્ન કક્ષાએ પહોંચી અને ખાતાંઓમાં શિથિલતા આવી ગઈ.

## પાકીસ્તાન સાથે જોડાણ

ઈ. સ. ૧૯૪૭ ના જૂન માસમાં ભારતના ભાગલા પાડવાનું નિશ્ચિત થઈ ગયું અને વાઈસરોય અને ગવર્નર જનરલ લોર્ડ માઉન્ટબેટને રાજાઓને બેમાંથી એક દેશમાં જવા અથવા સ્વતંત્ર થવા માટે ત્વરિત નિર્ણય લઈ લેવા આજ્ઞા કરી.

ગુજરાત-સૌરાષ્ટ્રનાં સર્વે રાજ્યો અને પાલનપુર. રાંધનપુર, ખંભાત, વાડાસિનોર, સચિન, બજાણા, વણોદ, દસાડા જેવાં રાજ્યો કે જ્યાં રાજકર્તાઓ મુસ્લિમ હતા તેવાં નાનાં મોટાં રાજ્યોએ હિન્દી સંઘ સાથે જોડાવા નિર્ણય લીધો.

સૌરાષ્ટ્રમાં માંગરોળનું સ્વતંત્ર રાજ્ય ન હતું. તેની સ્થાપનાથી તે જૂનાગઢને આધીન હતું. છતાં તેના શેખ નાસરમીયાંએ, જો તેને જૂનાગઢથી સ્વતંત્ર ગણવામાં આવે તો હિન્દી સંઘમાં સામેલ થવા અરજી કરી. માણાવદર પણ જૂનાગઢ નીચેનું અને સ્વતંત્ર નિર્ણય લેવાની કાયદેસરની શક્તિ ધરાવતું રાજ્ય ન હતું તેમ છતાં તેમણે પાકીસ્તાનમાં ભળવા ઈચ્છા પ્રદર્શિત કરી. બાટવા અને સરદારગઢ પણ તેનાથી નિમ્ન કક્ષાનાં નાનાં રાજ્યો હતાં, તેમણે પણ પાકીસ્તાનમાં ભળવા વિચાર્યું, તે ઉપરથી માંગરોળના શેખ પણ ફરી બેઠા.

જૂનાગઢના દીવાન સર શાહનવાઝ ભુટ્ટોએ, દીવાન અબ્દલકાદરે લીધેલો

---

1 સર શાહનવાઝ જૂનાગઢના જ હતા, ત્યાં ઘણાં વર્ષોથી દીવાન હતા, તેના પુત્ર ઝુલ્ફિકાર-અલી જૂનાગઢમાં ભણેલા એવી વાહિયાત વાતો બહુ પ્રચલિત થઈ છે. સર શાહનવાઝ સિંધના લારખાના ગામના રહીશ હતા અને જૂનાગઢમાં દીવાન થઈને આવ્યા ત્યાં સુધી તેને ત્યાં કોઈ ઓળખતું પણ નહિ. ભારતનું અજીત સૈન્ય તા. ૯–૧૧–૧૯૪૭ ના રોજ જૂનાગઢમાં પ્રવેશ્યું તે પૂર્વે તે કેશોદ એરોડ્રોમ પહોંચી ત્યાંથી નાસી ગયેલા. આમ તેઓ માત્ર ૧૮૨ દિવસ જૂનાગઢમાં રહ્યા. તેઓ બહુધા તેમના નિવાસસ્થાન અમન મંઝિલ (વર્તમાન અધ્યાપન મંદિર) માં જ ઓફિસ ચલાવતા.

નિર્ણય અને રાજદ્વારી સલાહકાર ખા. બ. નબીબક્ષની સલાહને અવગણી પાકીસ્તાન સાથેનું જોડાણ સ્વીકારવા નિર્ણય લીધો. આ સમયે તેણે જુદા જુદા અમલદારોને દિલ્હી મોકલ્યા અને આવે અણીને સમયે પણ જાતે જવાની તસ્દી લીધી નહિ. તે સાથે પાકીસ્તાન તરફી વલણના સલાહકારોએ તેમને પાકીસ્તાનમાં ભળવા સલાહ આપી. આ દિવસોમાં નવાબે એકાંતવાસ સેવવા માંડયો અને કોઈને પણ મુલાકાત આપવાનો તેણે સ્પષ્ટ ઈન્કાર કર્યો.

જૂનાગઢ રાજ્યની પ્રજામાં ૮૨ ટકા હિંદુઓ હતા. જૂનાગઢ રાજ્ય ભૌગોલિક રીતે ભારતનો અવિભાજ્ય ભાગ હતો. પાકીસ્તાન સાથે તેને કોઈપણ પ્રકારે સીધો સંબંધ રહી શકે એમ હતું નહિ. સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક અસમાનતા હતી. ત્યાં બાબી વંશની સ્થાપનામાં, જૂનાગઢ રાજ્યના વિકાસમાં અને ઉત્કર્ષમાં હિન્દુઓનો ફાળો હતો તે બધું વીસરી જઇ પાકીસ્તાનમાં ન ભળવા, જે રાજાઓ સદા નવાબના મિત્રો હતા અને તેના સુખ દુઃખમાં સાથે રહ્યા હતા તેમણે સલાહ આપી. પરંતુ નવાબ મહાબતખાનનું ભાવિ તેને ભુલાવી રહ્યું હતું, તેથી તેણે કોઈની પણ સલાહ માની નહિ.

દરમ્યાન કાઠિયાવાડ રાજકીય પરિષદે આ કૃત્રિમ જોડાણનો વિરોધ કર્યો અને નવાબ સમજી જશે એવો વિશ્વાસ રાખી પરિષદે શ્રી ઉછરંગરાય ઢેબરને જૂનાગઢ મોકલ્યા પણ નવાબે તેમને મુલાકાત આપી નહિ.

ઈ. સ. ૧૯૪૭ના ઓગસ્ટની ૧૫મી તારીખે રાજ્યની સરકારે જૂનાગઢ રાજ્યે પાકીસ્તાન સાથેનું જોડાણ સ્વીકાર્યું છે એવી જાહેરાત કરી અને તે સાથે માણાવદર, સરદારગઢ, બાટવા અને માંગરોળે પણ પાકીસ્તાનમાં જોડાવાની જાહેરાત કરી, એક પાજોદ દરબારે હિન્દી સંઘમાં જોડાવા તેની ઈચ્છા પ્રદર્શિત કરી.

જૂનાગઢની પ્રજા ભયભીત થઈ ગઈ. તેને કોઈ દોરવણી આપનાર પ્રગટ નેતા ન હતો. સર્વે પોતપોતાની રીતે, નવાબના આત્મઘાતી પગલાંથી જૂનાગઢનો સર્વનાશ થશે અને તેમાંથી કેમ બચવું તેનો વિચાર કરી રહ્યા હતા, પરંતુ બંધારણીય રીતે તેનો કોઈ ઉકેલ દ્રષ્ટિગોચર થતો ન હતો.

રાજ્યની કાઉન્સીલમાં જ્યારે આ ઠરાવ ઉપર મંજૂરીની ઔપચારિક મહોર મારવાની હતી ત્યારે કાઉન્સીલના એક માત્ર હિન્દુ સભ્ય રા. બ. ધરમદાસ હીરાનંદાણીએ આ કૃત્રિમ, અસ્વાભાવિક અને આત્મઘાતી જોડાણનો વિરોધ કર્યો અને તે વિરોધના કારણે તેને રાજીનામું ધરી દેવું પડયું અને તા ૧૭મી ઓગસ્ટે જૂનાગઢ છોડી ચૂપચાપ ચાલ્યું જવું પડયું. કાઉન્સીલના સહુથી જૂના

સભ્ય રા. બ. શિવદત્તરાય માંકડે તો પ્રથમથી જ વિરોધ વ્યક્ત કરી નિવૃત્તિ લઈ લીધી હતી. નવાબના વિશ્વાસુ અને પ્રખર રાજપુરુષ કેપ્ટન ડૉ. પ્રેમરાય મજમુદારને દિલ્હી મોકલેલા. તેણે આવીને ત્યાંનું વાતાવરણ તથા ત્યાંના રાજપુરુષોની લાગણીની વાત કરી હિન્દી સંઘમાં જોડાવા મત આપતાં તેના માટે પણ રાજમહેલનાં દ્વારો બંધ થયાં.

દીવાન અબ્દલકાદરે, હિન્દી સંઘમાં જૂનાગઢે જોડાવું જોઈએ તેવો અભિપ્રાય આપેલો અને તે તથા તેના ભાઈ રાજ્યના રાજદ્વારી સલાહકાર ખા બ. નબીબક્ષે, ભારત સરકારના મોવરીઓને મળી જૂનાગઢનું સ્થાન નક્કી કરેલું તે ગુનાસર કે ગમે તે કારણે સર શાહનવાઝ ભુટોએ તેના બંગલાને સીલ કરી દીધાં. ખા. બ. અબ્દલકાદર અમેરિકા હતા તેથી તેને કંઈ થઈ શકે તેમ હતું નહિ તેથી તેના ભાઈને નોકરીમાંથી દૂર કર્યા. દરમ્યાન કરાંચીથી મહમદ ઝફરૂલ્લાહ જૂનાગઢ આવ્યા અને તેની તથા નવાબની મુલાકાત કરાવી તેની પાસે નવાબનો નિર્ણય છૂટ છે તેવી ખાત્રી અપાવી.

જૂનાગઢમાં જમીયુતુલ મુસ્લીમીન પાછી જાગૃત થઈ અને શ્રી ઈસ્માઈલ અબ્રેડાની, કાઝી મહમદમીયાં અખ્તર, શ્રી અબા મહમદ બાજુદ વગેરે આગેવાનો સર શાહનવાઝને સહાય કરવા બહાર પડયા.

આ સંક્રાંતિ કાળનો ઈતિહાસ ગુપ્ત વાતોથી ભરેલો છે અને તેની વિગતો ઉપલબ્ધ છે છતાં તેનું પ્રકાશન હિતાવહ નથી તેમ આવશ્યક નથી પરંતુ તે સર્વે વર્ણનોનો સારાંશ એ છે કે, નવાબને તેના સલાહકારો તરફથી એવું કહેવામાં આવ્યું હોવાનું કહેવાય છે કે હિન્દી સંઘ સાથેનું જોડાણ જો તેઓ સ્વીકારશે તો તેના વારસાને, ધર્મને તથા મોભાને વિપરીત અસર થશે. જૂનાગઢ રેલવેના મેનેજર શ્રી જે. એમ. પંડયા તથા કાઠિયાવાડ ઈન્ડસ્ટ્રિઝના મેનેજીંગ ડીરેકટર શ્રી મુસા ઉમર દરબાન દિલ્હી તથા કરાંચી જઈ આવ્યા પણ ત્યાં તેઓ શું કરી આવ્યા તે પ્રગટ થયું નહિ.

સર શાહનવાઝે, મહાલોના આગેવાનોને જૂનાગઢ આમંત્ર્યા અને તેઓની પાસે, પાકીસ્તાન સાથેના જોડાણનો સ્વીકાર કરાવવા કોશિશ કરી પરંતુ જૂનાગઢના આગેવાનોને આ સમાચાર મળી જતાં આ તાલુકા આગેવાનોને વાસ્તવિક હકીકત સમજાવી તેથી તેઓએ એક નિવેદન તૈયાર કર્યું અને તેમાં જણાવ્યું કે જૂનાગઢનું જોડાણ હિન્દી સંઘમાં જ થવું જોઈએ. આ નિવેદન સ્વ. શ્રી દયાશંકર દવેએ દીવાનને રજૂ કર્યું.

પોતાના દાવ ધૂળમાં મળે છે અને પ્રજા તેનો મંતવ્યને નહિ સ્વીકારે એમ માની દીવાને કેટલાક અમલદારોને બોલાવી તેમને ગામડાંઓમાં જઈ ખેડૂતો અને ગ્રામ જનતાની સહીઓ મેળવવા આજ્ઞા કરી. હિન્દુ અમલદારોએ સર શાહનવાઝને સ્પષ્ટ ના કહી અને મુસ્લિમ અમલદારોને આ સાહસ કરવાનું યોગ્ય જણાયું નહિ. સર શાહનવાઝે તે પછી કેટલાક અમીરો અને મુસ્લિમ અમલદારોને નાગર આગેવાનો પાસે મોકલી કહેવરાવ્યું કે તમે રાજ્યને વફાદાર રહ્યા છો અને રાજ્ય ઉપર આપત્તિ છે ત્યારે તમે રાજ્યની સાથે ઊભા રહેશો અને પાકીસ્તાન સાથેનું જોડાણ સ્વીકારશો તો બીજી કોમો તમને અનુસરશે. આ સમયે નાગર આગેવાનોએ તેઓને સાફ શબ્દોમાં સુણાવી દીધું કે અમારી વફાદારીની પ્રણાલિકાને ખાતર જ અમે નવાબને આવું આત્મઘાતી પગલું ન લેવા માટે કહીયે છીએ, અમે પ્રથમ ભારતીય છીએ અને પાછી જૂનાગઢના અને તે પછી નાગર છીએ. જૂનાગઢ ભારતનું અવિભાજ્ય અભેદ્ય અંગ છે અને રહે તેમ અમે માનીએ છીએ.

આ પછી સર શાહનવાઝના ધમપછાડા વધી ગયા અને જ્યારે તેને પ્રતીતિ થઈ કે, નવાબ પ્રજાવત્સલ છે અને કદાચ પ્રજાના આગેવાનો તેને મળી જઈ તેનું માનસ ફેરવી નાખશે તો તેની બાજી ધૂળમાં મળશે. તેથી કહેવાય છે તે પ્રમાણે તેણે નવાબને કરાંચી જઈ મિ. મહમદઅલી ઝિણાને મળી સ્પષ્ટતા કરી આવવા સલાહ આપી, તેથી તારીખ ૧૭–૧૦–૧૯૪૭ના રોજ નવાબ, તેની બેગમો, બાળકો, હજુરીઓ, અંગત ડોકટરો, ડો. ઝવેરીલાલ ઉમિયાશંકર વસાવડા, ડો. દીલસુખરાય વસાવડા, વેટરનરી ડોકટર કાન્તિલાલ બી. વ્યાસ અને અન્ય સ્ટાફ સાથે એકાએક એરોડ્રોમથી કરાંચી જવા ઉપડી ગયા. એવી પ્રચલિત માન્યતા છે કે, તેઓ બીજે કે ત્રીજે દિવસે પાછા આવવાના હતા પણ સર શાહનવાઝના સંકેતથી ત્યાંના સત્તાવાળાઓએ તેમને ત્યાં રોકી દીધા. તેમની અંગત વસ્તુઓ, ઝવેરાત, રોકડ નાણું વગેરે પાછળથી મોકલી આપવામાં આવ્યું. રાજ્યની તીજુરીઓ ખાલી કરાવી લગભગ રૂપિયા વીશ લાખ જેટલી રકમ તેને મોકલવામાં આવી. કહેવાય છે તે પ્રમાણે તેની પાસે તે સિવાય રૂપિયા પીસતાલીસ લાખ જેટલી રકમ હતી અને મોટી રકમનું સોનું રૂપું તથા ઝવેરાત હતાં. તેના પૂર્વજોના સમયનો એક બહુમૂલ્ય રત્ન-જડિત કમરપટ્ટો એક જ રૂપિયા બાર લાખની કિંમતનો હતો તે રાજ્યના ટ્રેઝરી ખાતાના એક મુસ્લિમ અમલદાર પાછળથી તેને આપી આવ્યા. રાજ્યની પ્રોમાસરી નોટો હતી તે ટ્રાન્સફર કરાવી નાખવા સર શાહનવાઝની ધારણા હતી તે ફલીભૂત થઈ નહિ.

જૂનાગઢવાળાં બેગમ નવાબ સાથે કરાંચી ગયેલાં નહિ, તે તથા તેના પુત્રો જૂનાગઢમાં રહી ગયા હતા. તેના કુમાર હિમ્મતખાન નવાબના દ્વિતીય પુત્ર હતા અને નવાબની સાથે યુવરાજ પણ નાસી ગયેલા એટલે ગાદીના વારસદાર હિમ્મતખાન હતા. જો તે હિન્દ સંઘ સાથેનું જોડાણ સ્વીકારે તો તેને નવાબ તરીકે જાહેર કરવા પ્રજાના એક વગદાર વર્ગે પ્રવૃત્તિ કરી. તે વિચાર આકાર લે તે પહેલાં આ વાત ફૂટી ગઈ અને સર શાહનવાઝ ભુટ્ટોએ, આ બેગમ તથા તેના પુત્રો અને પુત્રીને રાતોરાત કરાંચી રવાના કરી દીધાં.

દીવાને રાજતંત્રમાં પણ આવશ્યક ફેરફારો કર્યા. ચીફ એકાઉન્ટસ ઓફિસર શ્રી એ. કે. વાય. અબ્રેહાનીને કાઉન્સીલમાં સભ્યપદે લીધા. રેવન્યુ કમિશનર ખાનશ્રી મુર્તઝાખાનજીને ચીફ એકાઉન્ટસ ઓફિસર પદે મૂકયા અને ડેપ્યુટી રેવન્યુ કમિશનર શ્રી બીનહમીદને રેવન્યુ કમિશનર બનાવ્યા. નોકરીમાંથી લાંબી રજા ઉપર ઉતરેલા. શ્રી ફરીદખોખરને ડેપ્યુટી રેવન્યુ કમિશનર બનાવ્યા. પોલીસ કમિશનર ખા. બ. મહમદહુસેનશાહ નકવીએ પણ તેના ખાતામાં મુસ્લિમ ઓફિસરોને જવાબદાર સ્થાને મૂકયા.

જેમ જેમ ઓગસ્ટ માસ આગળ વધતો ગયો તેમ તેમ પ્રજામાં ભય વધતો ગયો. સિંધ અને પંજાબમાં, કોમવાદનાં પ્રચંડ તાંડવનો પ્રારંભ થયો છે, ત્યાં શોણિતની સરિતાઓ વહી રહી છે, સ્ત્રીઓનાં અપહરણો થઈ રહ્યાં છે અને મિલકતો લૂંટાઈ રહી છે, તેવા સમાચારો વર્તમાન પત્રોમાં વાંચી, જૂનાગઢમાં તેમ થશે તો શું થશે એ વિચારે, કોઈના પણ માર્ગદર્શન વગર કોઈના પણ પ્રગટ નેતૃત્વ વગર હિન્દુ પ્રજાએ સામુદાયિક સ્થળાંતર શરૂ કર્યું. પોતાના વહાલા વતન, ઘરબાર, રાચરચીલું. સ્નેહાળ સંભારણાં વગેરે બધું મૂકી તે ભારતના અન્ય પ્રદેશોમાં જવા માંડી. જૂનાગઢ રાજ્યની સરકારે પણ હિજરત કરતી પ્રજા ઉપર અમાનુષી જુલમ અને ત્રાસ ગુજારવામાં બાકી રાખી નહિ. સ્ટેશન ઉપર પોલીસ, કસ્ટમના કર્મચારીઓ અને જમીયતુલ મુસ્લમીનના સ્વયંસેવકોના પહેરા ચડયા. બહાર જતા પ્રજાજનોના સામાનો ચૂંથાવા લાગ્યા અને સોના રૂપા કે દર દાગીના પડાવી લેવામાં આવ્યાં. તેની પહોંચ પણ આપવામાં આવી નહિ. કપડાં અને પછીથી તો ભાતું પણ લઈ લેવામાં આવતું. એટલાથી સંતોષ ન પામતાં, તેમની અંગ ઝડતી પણ લેવાનું શરૂ થયું. એક ભાઈએ તેની પત્નીની અંગ ઝડતી એક પુરુષ સ્વયંસેવકે કરવા જતાં તેણે વાંધો લીધો તે માટે તેને મરણતોલ માર મારવામાં આવ્યો. આવા અનેક કિસ્સાઓ કોઈ પણ દફતરે નોંધાયા વગરના લોકજીહ્વાએ પ્રચલિત થયેલા છે. બાવા સાધુઓને તો નજરે જોઈ ન શકાય તેવો માર મારવામાં આવતો.

જૂનાગઢ શહેરમાં એક્શન કાઉન્સીલ નામની એક ગુપ્ત મંડલની રચના થઈ. તેમાં મુસ્લિમ અધિકારીઓની દોરવણી નીચે રોજ એક 'ઓર્ડર ઓફ ધીડે' બહાર પડતો તેમાં કઈ રીતે, હિન્દુ પ્રજા ઉપર દમન કરવાનું છે તેની સૂચનાઓ અપાતી. જેઓ પોલીસ દફતરે ભયંકર ચોર, ડાકુ અને ખૂની તરીકે નોંધાયેલા તેવા સોઢાણા, વડાળા, રોઘડા, ભડુલા, નવી બાલોચ વગેરે ગામોના સંધીઓને રાજ્યે બોલાવી તેમને હથિયારો આપી છૂટા મૂકી દીધા. તેઓનાં ટોળાં દિવસે જૂનાગઢના હિન્દુ લત્તાઓમાં ગમે તેમ બોલતાં, અશિષ્ટ વર્તન કરતાં ઘુમવા લાગ્યાં. એક્શન કાઉન્સીલ અને જમીયતુલ મુસ્લમીન, ખા. બ. મહમદહુસેનશાહ નકવીની દોરવણી નીચે, જૂનાગઢની ઘીગતીધરા કરશે એવી ભીતિ સમજુ અને વિચારશીલ મુસ્લિમોને લાગતાં તેઓ પૈકીના ઘણા ગૃહસ્થે એ તેમના કુટુંબોને હિન્દુસ્તાનમાં મોકલી આપ્યાં. પરંતુ આ ભયંકર યોજના આકાર લે તે પહેલાં, રાજકોટમાં નામદાર મહૂમ જામ સાહેબે તેની સામે કડક શબ્દોમાં ચેતવણી ઉચ્ચારી અને નવાબ મહાબતખાને કરાંચીથી દીવાન ઉપર સંદેશા મોકલી તેની રૈયતનું લોહી ન રેડાય તે માટે કાળજી રાખવા આજ્ઞા આપી.

## પૂ. ગાંધીજી

પૂજ્ય ગાંધીજીએ આ વાતો સાંભળીને, જૂનાગઢના નવાબે લીધેલા આત્મઘાતી પગલાં માટે તેના એક ભાષણમાં કહ્યું કે, 'કાઠિયાવાડમેં તો વેરાવળભી હે, લેકિન વહ તો જૂનાગઢમેં હૈ ઔર જૂનાગઢ તો પાકીસ્તાનમેં ચલા ગયા. જૂનાગઢમેં પાકીસ્તાન કિસ રીતસે બન સકતા હૈ? આસપાસકી સભી રિયાસત હિન્દુ રિયાસત હૈ ઔર જૂનાગઢ રિયાસતકી આબાદીકા હિસ્સાભી હિન્દુઓંકા હૈ, તોભી જૂનાગઢ પાકીસ્તાનમેં દાખલ હુઆ યહ બડી ગજબનાક બાત હૈ. જૂનાગઢ સે પાકીસ્તાન જાનાહી ચાહીયે.'

નિષ્પક્ષપાતી અને તટસ્થ એવા રાષ્ટ્રપિતાનો અભિપ્રાય પણ મળી ગયો, પરંતુ જૂનાગઢને પાકીસ્તાનમાંથી પાછું વળવાનો કોઈ માર્ગ રાજપુરુષો પાસે ન હતો. બંધારણીય રીતે ભારત સીધાં પગલાં લઈ શકે નહિ અને લે તો તેનું પરિણામ યુદ્ધમાં જ આવે. સ્વાતંત્ર્ય પ્રાપ્તિના પ્રારંભમાં જ આ પ્રકારનું પગલું લેવું વાસ્તવિક કે હિતાવહ હતું કે નહિ તેનો વિચાર પણ જવાબદાર નેતાઓને કરવાનો હતો. પાકીસ્તાને ભારતમાં જોડાયેલા કાશ્મીર ઉપર બળાત્કારે આક્રમણ કરી કેટલોક ભાગ બળજબરીથી દબાવી દેવા કોશિશ કરેલી પણ ભારતની સરકાર જૂનાગઢ માટે શું કરવું તેનો ઉકેલ શોધતી રહી.

## આરઝી હકૂમત

તે સાથે જૂનાગઢની પ્રજાના પ્રાણ અકળાતા હતા. તેમની દૃષ્ટિ સમક્ષ સર્વનાશ અને સંપૂર્ણ વિનાશ હતો. 'કાં હમણાં કાં હરગીઝ નહિ' એ ન્યાયે તરત જ નિર્ણય લેવાય તે આવશ્યક અને અનિવાર્ય હતું. આ અનિષ્ટનો ઉપાય શોધવો જ રહ્યો. ભારત સરકાર તે માટે કંઈ કરી શકે તેમ હતું નહિ અને જ્યાં સુધી ભારત સરકાર તે માટે સક્રિય પગલાં ન લે ત્યાં સુધી કાંઈ પણ કરવાનું સાહસ પણ શક્ય ન હતું. તેમ છતાં કાઠિયાવાડ રાજકીય પરિષદે તારીખ ૨૫–૮–૧૯૪૭ના રોજ રાજકોટ મુકામે આ પ્રશ્નનો વિચાર કરવા એક સભા બોલાવી. શ્રી અમૃતલાલ દલપતભાઇ શેઠ, શ્રી સામળદાસ ગાંધી અને અન્ય આગેવાનોએ ચર્ચા વિચારણા કરી. શ્રી રસીકભાઈ પરીખ, શ્રી રતુભાઈ અદાણી અને શ્રી જેઠાલાલ જોશીની બનેલી, સંરક્ષણ સમિતિની રચના કરી. બંધારણીય રીતે આ લડત જૂનાગઢ રાજ્યના પ્રજાજનોએ જ કરવાની હતી. તેથી તારીખ ૨૫–૯–૧૯૪૭ ના રોજ મુંબઈના માધવબાગમાં મળેલી વિરાટ સભામાં જૂનાગઢ રાજ્યના પ્રજાજનોએ, જૂનાગઢમાંથી પાકીસ્તાન રક્ષિત સરકાર ઉથલાવી નાખવા નિર્ણય લીધો. કુતિયાણામાં બારખલી જમીન ધરાવતા, પ્રખર પત્રકાર અને તેજસ્વી વક્તા શ્રી સામળદાસ ગાંધીના પ્રમુખપણા નીચે આ સભાએ જૂનાગઢની આરઝી હકૂમતની સ્થાપના કરી. તેમાં સર્વશ્રી દુર્લભજી ખેતાણી, ભવાનીશંકર આત્મારામ ઓઝા, નરેન્દ્રભાઈ પ્રાગજીભાઈ નથવાણી અને મણિલાલ સુંદરજી દોશી પ્રધાનો નીમાયા. બાબરીયાવાડના શ્રી સુરગભાઈ કાળુભાઈ વરૂ અને શ્રીમતી પુષ્પાબહેન મહેતા આ પ્રધાનમંડળમાં પાછળથી જોડાયાં.[1]

આરઝી હકૂમતની સ્થાપના થયા પછી, સંરક્ષણને બદલે યુધ્ધનો કાર્યક્રમ મુખ્ય થયો. તેથી સર્વશ્રી સામળદાસ ગાંધી, રસિકભાઈ પરીખ, રતુભાઈ અદાણી, જેઠાલાલ જોશી અને ગોકલદાસ ગગલાણીની બનેલી સંગ્રામ સમિતિ રચવામાં આવી, અને તેને સર્વશ્રી ચીમનલાલ ચકુભાઈ, મોહનલાલ મહેતા અને અન્ય કાર્યકર્તાઓની સક્રિય સહાય મળી.

આરઝી હકૂમતને હવે યુધ્ધમાં ચડવાની ઘડી આવી હતી. માંગરોળ, માણાવદર, બાટવા અને સરદારગઢ હિન્દી સંઘમાં આવી ગયાં હતાં એટલે સમગ્ર ધ્યાન જૂનાગઢ ઉપર કેન્દ્રિત કરવાનું હતું. જૂનાગઢ રાજ્ય પાસે ૧૭૭ લાન્સર્સ

1 આરઝી હકૂમતમાં પુષ્પાબહેનને 'બહિષ્કાર' નું ખાતું સોંપવામાં આવેલું. વંદેમાતરમ્ તા. ૪–૧૦–૧૯૪૭

અને ૨૪૦ પાયદળનું તાલીમ પામેલું સશસ્ત્ર અને સુસજ્જિત સૈન્ય હતું. ૧૦૭૧નું સશસ્ત્ર પોલીસદળ હતું અને બીજા વિશ્વયુદ્ધમાં શાહી સૈન્યમાં રહી લડેલા અને તાલીમ પામેલા અનુભવી અમલદારો હતા. રાજ્ય પાસે દારૂગોળો અને સુરંગો હતાં અને સેંકડોની સંખ્યામાં લડે તેવા અનિયમિત માણસો હતા. તે સાથે કેશોદનું એરોડ્રોમ તેના કબજામાં હતું. વર્ષાઋતુ હતી એટલે સમુદ્ર માર્ગ બંધ હતો પણ હવાઈ માર્ગે કરાંચીથી લશ્કરી સહાય આવી પડે તેવી પૂરતી શક્યતા હતી. આવા સાધન સંપન્ન રાજ્ય સામે બાથ ભીડવાનું સાહસ કરવાનું જોખમ જેવું તેવું ન હતું તેમ છતાં આરઝી સેનાના સર સેનાપતિ શ્રી. રતુભાઈ અદાણીએ નિયમિત અને અનિયમિત સૈનિકોને વ્યવસ્થિત તાલીમ આપી જૂનાગઢ રાજ્યની સરહદ ઉપર "કરેંગે યા મરેંગે" એવા નિશ્ચય સાથે ચડાઈ કરી.

તા. ૩૦-૯-૧૯૪૭ના રોજ આરઝીની સેનાએ રાજકોટમાં આવેલો જૂનાગઢ રાજ્યનો આલીશાન ઉતારો "જૂનાગઢ હાઉસ" કબજે કર્યો અને દશેરાના દિવસે ભેસાણ મહાલ તાબાના અમરાપર વગેરે ગામો લઇ ત્યાંથી ગાધડકા કબજે કરી નવાગઢ સર કર્યું. નવાગઢ કિલ્લાવાળું ગામ છે તથા તેના કિલ્લા ઉપર આરઝીએ આક્રમણ કરી તે જીત્યું તે સમાચારે દીવાન ભુટ્ટોને વ્યથિત કરી દીધા અને તેણે તેના અંગત માણસોને ખાનગી રીતે આરઝીની તાકાત જોવા અને માપવા મોકલ્યા.[1] આરઝીની સેના કુતિયાણા ઉપર ચડી. અને તેની સાથે બાબરીયાવાડ મહાલનાં ૩૪ જેટલાં ગામોના ગીરાસદારોએ. તેમનો નિર્ણય હિન્દી સંઘમાં જોડાવાનો જાહેર કરી, નવાબની હકૂમત ફગાવી દઈ હિન્દી સંઘનું શરણ શોધતાં તારીખ ૧-૧૧-૧૯૪૭ના રોજ હિન્દી સૈન્યે નાગેશ્રી મુકામે બાબરીયાવાડનો કબજો લીધો.

આ દરમ્યાનમાં, સર શાહનવાઝે, પાકીસ્તાનથી સૈન્યો મગાવવા મરણિયા પ્રયાસો કર્યા. તેણે ઉપરકોટમાં દારૂગોળો ધરબ્યો અને જૂનાગઢથી વડાલ અને ચોકી સુધીના માર્ગો ઉપર સ્ફોટક અવરોધ ઊભા કર્યા. પોલીસ કમિશનર મહમદહુસેનશાહ નકવી, પાકીસ્તાનથી લશ્કરી સહાય લઇ આવવાને બહાને નાસી ગયા. પાકીસ્તાનથી નકવી પાછા આવ્યા નહિ કે સૈન્ય આવ્યું નહિ.

જૂનાગઢ ઉજ્જડ થઇ ગયું. ધોળે દિવસે માર્ગો વેરાન થઈ ગયા. ભય,

---

1 આ પ્રસંગે જે બે ભાઇઓ નવાગઢ ગયા હતા તેમણે મને તેમની તથા સર શાહનવાઝ વચ્ચે શું વાત થઇ અને તેનો શું પ્રત્યાઘાત હતો તે કહેલું. તેનો સારાંશ એ છે કે આ બધું સાંભળી તેની મોરાલ તૂટી ગઇ હતી.—લેખક.

શંકા અને ભીતિનાં અમંગલ ચિહ્નો દેખાવા લાગ્યાં, સમજુ અને વતનપ્રેમી મુસ્લિમો, આ પરિસ્થિતિમાંથી ઉગરવા માટે સર શાહનવાઝ ઉપર દબાણ કરવા લાગ્યા પણ તેનો હઠાગ્રહ જેટલું તે દબાણ હતું તેટલો જ દૃઢ રહ્યો.

## કુતિયાણાનો ઘેરો

કુતિયાણા ઉપર આરઝી હકૂમતનાં સૈન્યો હલ્લો લઈ ગયાં ત્યારે ત્યાંના શ્રીમંત મેમણ વ્યાપારીઓએ, સંધીઓને રોકી, રાજ્યના પોલીસ દળના સહકારથી તેનો સામનો કર્યો. કુતિયાણા પંથકના મેર જવાનો, કોટડાના શ્રી. રામ સામત તથા શ્રી. કરસન સામત મોઢાની આગેવાની નીચે આવી પહોંચ્યા. પોરબંદરથી વયોવૃદ્ધ આગેવાન માલદેવજી રાણા પણ મેર જવાનોને લઈ આરઝી હકૂમતની સેનાને આવી મળ્યા. પોરબંદર તથા જામનગરના ગીરાસીયા જવાનો પણ આવી પહોંચ્યા. તેમના વીરતાપૂર્વક કરેલા આક્રમણ સામે દુર્ગરક્ષકો ટકી શક્યા નહીં. આરઝીના સૈનિકો કિલ્લાની દીવાલો ઉપર ચડી ગયા અને કુતિયાણા સર કર્યું. કુતિયાણાના ઘેરામાં ગુમાનસિંહ નામનો આરઝીનો એક સૈનિક મરાણો તથા ડો. રસિકલાલ જીવણલાલ વ્યાસ નામના યુવાન ડોકટરે પણ પ્રાણની આહુતી આપી. કુતિયાણા પડયા પછી ત્યાંના ડો. મુકુંદરાય નાણાવટીએ પ્રજાનું નેતૃત્વ લીધું અને તેમના સાથીદારોએ વિજેતા સૈનિકોનું સ્વાગત કર્યું.

## શરણાગતિ

ભુટ્ટોને ચારે કોર ભુતાવળ ભાસવા માંડી, તેનો શ્વાસ અધ્ધર થઈ ગયો. તેણે નવાબને પરિસ્થિતિની જાણ કરતાં કરાંચીથી તેણે જવાબ આપ્યો કે "ખુનામરકી થાય નહિ તેથી હિન્દી સંઘનું શરણ શોધવું." આ ઉપરથી સર શાહનવાઝ ભુટ્ટોએ, કાઉન્સીલના અંગ્રેજ સભ્ય કેપ્ટન હાર્વે જોન્સને તારીખ ૭-૧૧-૧૯૪૭ના રોજ રાજકોટના રિજીયોનલ કમિશનર શ્રી. નીલમભાઈ બૂચ પાસે મોકલી હિન્દી સંઘની શરણાગતિ યાચી.

ભુટ્ટો ન તો જૂનાગઢના રાજકર્તા હતા કે ન તો પ્રજાના પ્રતિનિધ, તેથી શ્રી નીલમભાઈએ તેના પત્ર ઉપર કાંઈ પણ કરવાની અશક્તિ દર્શાવતાં કેપ્ટન હાર્વે જોન્સ પાછા જૂનાગઢ ગયા. ભુટ્ટોએ તેથી જૂનાગઢમાં જે પ્રજાજનો હતા તેમના અગ્રણીઓને બોલાવી પોતાની અસહાયતાનું વર્ણન કરી તેમની ઈચ્છા શું છે તે પૂછતાં ઉપસ્થિત હિન્દુ મુસ્લિમ અગ્રણીઓએ સર્વાનુમતે ભારત સરકારની શરણાગતિ સ્વીકારી લેવા ભુટ્ટોને આગ્રહ કર્યો અને પ્રજાના પ્રતિનિધિઓએ કરેલો ઠરાવ લઈ કેપ્ટન હાર્વે જોન્સ તારીખ ૮-૧૧-૧૯૪૭ના રોજ પાછા રાજકોટ ગયા અને રિજીયોનલ કમિશનરને ફરી નિવેદન રજૂ કરતાં

ભારત સરકારે તેનો સ્વીકાર કર્યો.

સર શાહનવાઝે તારીખ ૯-૧૧-૧૯૪૭ના ગેઝેટમાં એક પ્રેસ કોમ્યુનીક પ્રસિધ્ધ કરી તેમાં જણાવ્યું કે "છેલ્લા થોડાક દિવસોથી બહારથી કામ કરતાં અવ્યવસ્થિત લશ્કરોએ જે પરિસ્થિતિ ઉપસ્થિત કરી છે અને જે હવે જાનમાલનો નાશ કરવા તથા ખુ. નેકનામદાર નવાબ સાહેબની રૈયતને ગંભીર મુશ્કેલીઓ પહોંચાડવા કોશિશ કરે છે તે તરફ જૂનાગઢની સરકાર ચિંતાની લાગણીથી જુએ છે. કરાંચીથી મળેલા એક સંદેશામાં. ખુ. નેકનામદાર નવાબ સાહેબ બહાદુરે દીવાનને જણાવી પોતાની ખાસ ઈચ્છા પ્રદર્શિત કરી છે કે તેની વહાલી પ્રજાની તમામ ખુનામરકી થતી અટકાવવી."

'ગઈ કાલે સાંજે દીવાનને બંગલે સભા ભરેલી તેમાં પણ જૂનાગઢની આમ પ્રજાને પરિસ્થિતિ સમજાવવામાં આવી હતી અને જૂનાગઢના જોડાણ સંબંધમાં જે મુદ્દાઓ રહેલા છે તેનું માનભર્યું સમાધાન થતાં સુધી જૂનાગઢની સરકારે કાયદો અને વ્યવસ્થા જાળવવામાં ઇન્ડિયન સ્ટેટસ ડીપાર્ટમેન્ટની મદદ માગવી એવું મંજૂર રાખવામાં આવ્યું હતું. આથી રિજીયોનલ કમિશનરને ઉપર પ્રમાણે ગોઠવણ કરવા માટે કહેવામાં આવ્યું છે.'

આ કોમ્યુનીક બહાર પાડી સર શાહનવાઝ ભુટ્ટો, કેશોદ એરોડ્રોમ ઉપરથી કોઈને પણ જાણ કર્યા વગર કરાંચી રવાના થઈ ગયા.

તે દિવસે સાંજે ૫ વાગે ભારતનાં અજીત અને અજય સૈન્યો મજેવડી દરવાજામાં પ્રવેશ્યાં અને ઉપરકોટના ઐતિહાસિક કિલ્લા ઉપર અમર અને ઉન્નત ત્રિરંગો લહેરાયો અને તે જ દિવસે રિજીયોનલ કમિશનર શ્રી નીલમભાઇ બૂચે, જૂનાગઢના ગેઝેટમાં એક ઢંઢેરો પ્રસિદ્ધ કરી તારીખ ૯-૧૧-૧૯૪૭ના સાંજે ૭ વાગ્યાથી હિન્દી સંઘ વતી તે જૂનાગઢનો કબજો લે છે તેમ જાહેર કર્યું.

ભારતની સરકારે જૂનાગઢ રાજ્ય સ્વાધીન કરતાં આરઝી હકૂમતનું વિસર્જન થયું પરંતુ આઝાદીની આ સશસ્ત્ર લડતમાં, સૌરાષ્ટ્રના રાજાઓ, તાલુકદારો, દરબારો, ધનિકો, વ્યાપારીઓ, ખેડૂતો, વગેરે પ્રજાના પ્રત્યેક વર્ગે સહૃદય સહાય અને સક્રિય સાથ આપ્યો. જૂનાગઢની હવેલીના મહારાજશ્રી, ગોલોકવાસી પૂજ્ય પુરુષોતમલાલજી મહારાજે જૂનાગઢમાં જ રહી અનેક જોખમ ખેડીને પ્રગટ રીતે સ્વાધીનતાના સંગ્રામમાં સહાય કરી. કબીર પંથની જૂનાગઢની જગ્યાના મહંત શ્રી. વિજયદાસજીએ તો હાથમાં શસ્ત્રો ઉપાડી તેમના સેવકોને રણ મોરચે દોર્યા. કોટડાના મેર ભાઈઓ, રામ સામત મોઢા તથા કરસન સામત મોઢાએ અને પોરબંદરના મેર આગેવાન વયોવૃદ્ધ છતાં જુસ્સામાં જુવાન સ્વ. માલ-

દેવજી રાણાએ મેર જુવાનોને, યુધ્ધમાં ચડવા પ્રેરણા આપી. મહંત મોતીગિરજી, છોટુભારથી, ભાડવા દરબાર સ્વ. શ્રી. ચંદ્રસિંહજી, વાઘણીયા દરબાર સ્વ. શ્રી અમરાવાળા, વસાવડ દરબાર શ્રી માર્કન્ડરાય દેશાઈ વગેરે જે વીર પુરુષોએ સક્રિય સાથ આપ્યો તે સર્વે આ સાહસની સફળતાના યશભાગી છે.

આ ભાઈઓ ઉપરાંત આર્થિક સહાય, માર્ગદર્શન, ગુપ્ત માહિતી વગેરે પૂરાં પાડનાર કેટલાક ભાઈઓનાં નામ અપ્રગટ રહ્યાં છે અને કેટલાક ભાઈઓનાં નામો પ્રગટ કરવાનું હિતાવહ નથી.[1]

## બાબી વંશનો અંત

આમ ઈ. સ. ૧૭૪૭–૧૭૪૮માં શેરખાન ઉર્ફે બહાદરખાન બાબીએ સ્થાપેલું જૂનાગઢનું રાજ્ય સદાને માટે ઈ. સ ૧૯૪૭ માં નષ્ટ થયું. બસો વર્ષો પર્યંત સોરઠની ભૂમિ ઉપર લહેરાતો બાબી વંશનો ધ્વજ સંકેલાઈ ગયો અને ઈસવી સન પૂર્વે જે પ્રકારનું તંત્ર હતું તેવું પ્રજાનું તંત્ર પુનઃ અસ્તિત્વમાં આવ્યું.

## આગમ

જૂનાગઢ વિસ્તારમાં વર્ષોથી પ્રચલિત થયેલું આર્ય નાગબાઈનું આગમ[2]

"વીશ શત વિક્રમ વિતશે આળસશે અસરાણ"
"ચઢશે ધજાઉં ધરમની નહિ રહે નેજા ને નિશાણ"

સાચું પડયું. વિક્રમનાં બે હજાર વર્ષ વ્યતિત થયા પછી વિ. સં. ૨૦૦૩ માં મુસ્લિમ સત્તાનો અંત આવ્યો. એક બીજું પણ પ્રચલિત કથન હતું કે 'બાર બાબી, નવ નવાબ, તેરમી ટોપી' તે પ્રમાણે પણ નવમાં નવાબના સમયમાં નવાબીનો અંત આવ્યો.

---

1 આરઝી હકૂમતને તન, મન અથવા ધનથી સહાય આપનારા તથા આ રાજ્ય ક્રાન્તિના સમયે અંદર અને બહાર રહી કામ કરનારા અધિકારીઓ, વ્યાપારીઓ, વગેરે દેશભક્ત ભાઇ બહેનોનાં નામોની નામાવલિ એવડી મોટી થાય છે કે તે વિસ્તારભયે આપી શકાય તેમ નથી. જૂનાગઢ અવશ્ય તે સહુનું ઋણી છે. જેમનાં નામો આપી શકાયાં નથી તેઓ મને ક્ષમા કરે. વળી આરઝી હકૂમત સ્વયં એક સ્વતંત્ર પુસ્તકનો વિષય છે એટલે આ પુસ્તકમાં જેટલી વિગતો આવરી શકાય તેટલી જ લીધી છે તેની નોંધ પણ વાચકો લેવા કૃપા કરે. લેખક.

2 આગમ માટે જુઓ નાગાઇ પુરાણ-શ્રી કાનજીભાઇ લાંગડીયા.

એ પણ નોંધવું રસપ્રદ થઈ પડશે કે મહાબતખાન નવમા નવાબ હતા. તેને નવ બેગમો થઈ હતી અને તેના અમલમાં નવ દીવાનો થયા.

## મહાજનો

નવાબી સમયમાં જૂનાગઢની પ્રજાનું નેતૃત્વ લઈ તેના પ્રશ્નો રાજ્ય પાસે રજૂ કરી પ્રજાને સહાય અને માર્ગદર્શન આપતા પ્રતિષ્ઠિત મહાજનોમાં સ્વ. શેઠ રઘનાથ માધવજી રાજા, સ્વ. શેઠ પ્રભુદાસ કરશનદાસ બળીયા, સ્વ. શેઠ અબ્દુલહુસેન મુલ્લાં જીવાજી, સ્વ. વકીલ શ્રી નૃસિંહપ્રસાદ કહાનદાસ નાણાવટી, સ્વ. વકીલ શ્રી જેઠાલાલ રૂપાણી વગેરે ગૃહસ્થો ઉલ્લેખનીય છે.

## સ્વાધીનતા પશ્ચાદ્

તા. ૯મી નવેમ્બર ૧૯૪૭ના રોજ જૂનાગઢનો કબજો ભારતનાં સૈન્યોએ લીધો કે તરત જ બ્રીગેડીયર ગુરદયાલસિંહે શહેરમાં અને રાજ્યના જુદા જુદા ભાગોમાં થાણાઓ ગોઠવી દીધાં અને સેંટ્રલ રિઝર્વ પોલીસનું દળ કેપ્ટન વરિયામસિંહની સરદારી નીચે પણ જુદે જુદે સ્થળે ગોઠવાઈ ગયું અને અરાજકતા ફેલાવતાં તત્ત્વોને અંકુશમાં લીધાં.

## સરદારનું આગમન

ઐતિહાસિક ઉપરકોટ ઉપર ત્રિરંગો લહેરાયો છે તે સમાચાર ભારતના અગ્રિમ નેતા અને ગૃહ પ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલને મળતાં તે તરત જ જૂનાગઢ આવ્યા. બહાઉદ્દીન કૉલેજના વિશાળ પટાંગણમાં તારીખ ૧૩-૯-૧૯૪૮ના રોજ તેણે વિરાટ માનવ મેદનીને સંબોધી, મુસ્લિમોને શાંતિ અને સલામતીની ખાત્રી[1] આપી ત્યાંથી તેઓ પ્રભાસપાટણ ગયા અને સોમનાથના ધ્વંસિત મંદિરના પુનર્નિર્માણની ઘોષણા કરી[2] યોગાનુયોગ આ સમયે દીવાળીના દિવસો હતા તેથી પ્રજાએ આઝાદીનું પર્વ અપૂર્વ અને અભૂતપૂર્વ ઉત્સાહથી ઉજવ્યું.

## વહીવટી તંત્ર

જૂનાગઢ રાજ્યને હિન્દી સંઘની સરકારે પોતાના સીધા વહીવટ નીચે

---

1 જૂનાગઢ નગરપાલિકાએ સરદારની સ્મૃતિ જીવંત રાખવા કાળવા પુલના દક્ષિણ છેડે ચોકમાં તેની વિરાટ પ્રતિમા મૂકી છે. તેનું પ્રસ્થાપન શ્રી મોરારજી દેસાઈના હસ્તે તા. ૧૨-૧૧-૧૯૬૧ના રોજ થયું ત્યારથી આ ચોક સરદાર ચોક કહેવાય છે.

2 વિગતો માટે જુઓ 'પ્રભાસ અને સોમનાથ' શં. હ. દેશાઈ.

લીધું અને રિજીયોનલ કમિશનર શ્રી નીલમભાઈ બૂચે 'બીજો હુકમ થતાં સુધી' એજન્સીના રાવસાહેબ તારાચંદ એલ. શાહની એડમિનીસ્ટ્રેટર તરીકે તારીખ ૧૦–૧૧–૧૯૪૭ના ઠરાવથી નિમણૂક કરી અને સેંટ્રલ રિઝર્વ પોલીસના શ્રી એસ. આઈ. ઓલીવેરાની પોલીસ કમિશનર તરીકે નિમણૂક કરી.

તે પછી તરત જ ભારતીય સનંદી સેવાના શ્રી એસ. ડબલ્યુ. શિવેશ્વરકરની એડમિનીટ્રેટર તરીકે કાયમી નિમણૂક થઇ અને રા. સાં. તારાચંદ શાહ જોઈન્ટ એડમિનીસ્ટ્રેટર થયા. શ્રી ઓલીવેરા પાછા જતાં પોલીસ કમિશનર પદે, ખા. બ. દારાશા લાહેરને નિયુક્ત કરવામાં આવ્યા. રાજ્યના કેટલાક મુસ્લિમ અમલદારો સ્વેચ્છાથી ચાલ્યા ગયા હતા તેમને સ્થાને યોગ્ય અધિકારીઓની નિમણૂક કરવામાં આવી. તે સાથે રાજ્યના જૂના હિન્દુ મુસ્લિમ અમલદારોને વગર હરકતે ચાલુ રાખવામાં આવ્યા.

છેલ્લા ત્રણ માસમાં રાજ્યતંત્ર ભાંગી પડયું હતું. કાયદો અને વ્યવસ્થા શિથિલ થઈ ગયાં હતાં. ઘણા કર્મચારીઓ ઘર પકડી બેસી ગયા હતા. એડમિનીસ્ટ્રેટરે તે માટે જે અધિકારીઓ અને કર્મચારીઓ નોકરીએ ચડવા માગતા હોય તેમને ચડી જવા આદેશ આપ્યો. જે જગ્યાઓ ખાલી રહી તે પૂરી લીધી અને કાયદો હાથમા લઈ ભાંગફોડની પ્રવૃત્તિ કરતા અસામાજિક અને અનિચ્છનીય તત્ત્વોને કડક હાથે અંકુશમાં લીધા પ્રજામાં ભયની લાગણી ન રહે તે માટે મુંબઇ રાજ્યના અનુભવી પોલીસ અધિકારીઓને જુદે જુદે સ્થળે નિયુક્ત કરી કાયદો અને વ્યવસ્થા સ્થાપવાના કાર્યને વેગ આપ્યો

મિલીટરી, સેંટ્રલ રિઝર્વ પોલીસ, તથા સ્થાનિક પોલીસની સતત જાગૃત હોવા છતાં કુતિયાણા, કેશોદ, વેરાવળ-પ્રભાસપાટણ વગેરે નગરોમાં મુસ્લિમોની વિશેષ વસતી હતી ત્યાં હિંસક તોફાનો ફાટી નીકળ્યાં. આગ, લૂંટ અને અશાંતિથી અતૃપ્ત વૃત્તિ તૃપ્ત કરવા કેટલાંક તત્ત્વો કાર્યરત થયા. જુનાગઢમાં પણ અમુક દુકાનો લૂંટવામાં આવી અને તોફાન કરવા પ્રયત્ન કરવામાં આવ્યો પણ તેને તરત જ દાબી દેવામાં આવ્યો. કુતિયાણાના શ્રીમંત મેમણ વ્યાપારીઓ પરદેશમાં વસતા અને મોટા વ્યાપાર ખેડતા. તેઓની સહાય અને પ્રેરણાથી કે આપ મરજીથી કેટલાક સંધી લોકોએ સેંટ્રલ રિઝર્વ પોલીસના છ જવાનોને ઠાર માર્યા અને કુતિયાણામાં તોફાન શરૂ થયાં. મિલીટરીએ આ તોફાનો અંકુશમાં લીધાં પણ ત્યાં કાયમ શાંતિ સ્થાપવાનું આવશ્યક હતું તેથી શ્રી ડોલરરાય છેલશંકર માંકડને એડમિનીસ્ટ્રેટીવ ઓફિસર તરીકે નીમવામાં આવ્યા. તે પ્રમાણે કેશોદની સ્થિતિ પણ અચોક્કસ અને સ્ફોટક હતી તેથી ત્યાં શ્રી માધવલાલ કાલીદાસ પરીખને, ઉનામાં શ્રી જયશંકર રેવાશંકર જાનીને

તથા પ્રભાસપાટણ-તાલાળામાં શ્રી શંભુપ્રસાદ હરપ્રસાદ દેશાઇને વિશાળ સત્તાઓથી ઍડમિનીસ્ટ્રેટીવ ઑફિસરો તરીકે નીમવામાં આવ્યા.

આ અધિકારીઓએ, રાજ્યતંત્રની પુનઃ સ્થાપના કરી અને કાયદો તથા વ્યવસ્થા સ્થાપી. અસામાજિક અને અનિચ્છનીય તત્ત્વો અને કોમવાદી માનસ ધરાવતા અથવા ઉપદ્રવ કરતા માણસોને શાંત કર્યા.

## રેફરન્ડમ

જૂનાગઢ રાજ્ય હિન્દી સંઘમાં જોડાય કે પાકીસ્તાનમાં તે પ્રશ્ને લોકમત જાણવા તટસ્થ નિરીક્ષણ નીચે તારીખ ૨૦-૨-૧૯૪૮ના રોજ ગુપ્ત મતદાન યોજવામાં આવ્યું. તેમાં પુખ્ત વયનાં સર્વ સ્ત્રી પુરુષોને મત આપવાનો અધિકાર હતો તે પ્રમાણે મત આપી શકે તે માટે જુદાં જુદાં કેન્દ્રો મુકરર કરવામાં આવ્યાં આ મતદાનનું પરિણામ તારીખ ૧-૩-૧૯૪૮ના રોજ જાહેર કરવામાં આવ્યું, તે પ્રમાણે ૧,૯૦૭૭૯ મતો ભારત સાથે રહેવા માટે અને માત્ર ૯૧ મતો પાકીસ્તાનમાં ભળવા માટેની ઈચ્છા પ્રદર્શિત કરતા મત પેટીઓમાં પડેલા.

## સિંધીઓનું આગમન

ભારતના ભાગલા પડતાં પાકીસ્તાનમાં લઘુમતીમાં આવી ગયેલા હિન્દુઓ ઉપર અસહ્ય ત્રાસ અને જુલમ ગુજારવામાં આવ્યો અને તેમને સિંધમાં વિશેષ સમય રહી શકવાનું અશક્ય લાગ્યું તેથી તેઓ તેમનાં વહાલાં વતનને અંતિમ વંદન કરી, તેમનાં ઘરબાર, જમીન, જાગીર, વેપાર ધંધો અને તેમનાં સંભારણાં મૂકી ભારત સરકારની પ્રજા સ્થળાંતરની યોજના અન્વયે ભારતમાં આવ્યા. આવા લોકો જુદા જુદા સમૂહમાં કરાંચીથી રવાના થઈ વેરાવળ બંદરે ઉતરી ભારતમાં જુદા જુદા સ્થળે વસવા જાય તેવો કાર્યક્રમ ઘડવામાં આવ્યો અને તેમાં અમુક સંખ્યા જૂનાગઢ રાજ્યમાં સમાવી લેવાનો પણ આદેશ મળ્યો.

કુતિયાણામાં મુસ્લિમોની સંખ્યા મોટી હતી. તેમનો મોટો ભાગ શ્રીમંત મેમણોનો હતો. તેમનો વ્યાપાર સીલોન, જાપાન, આફ્રિકા વગેરે દેશોમાં હતો અને પાકીસ્તાનનો વિચાર પ્રસર્યો તે સાથે તે પૈકીના મોટા ભાગના મેમણ શ્રીમંતોએ કરાંચીમાં મિલકતો ખરીદ કરી લીધેલી અને દુકાનો અને પેઢીઓ પણ શરૂ કરી દીધેલી. અહિં તો તેમનાં મકાનો હતાં. તેઓએ આરઝી સામે મોરચો પણ બાંધેલો. અને જ્યારે તેમણે ત્રિરંગો લહેરાતો જોયો ત્યારે સ્વેચ્છાએ કુતિયાણા છોડી પોતાનું લઈ જઈ શકાય એવું અને એટલું રાચરચીલું લઈ પાકીસ્તાન ચાલ્યા ગયા. એ જ સ્થિતિ બાટવાની હતી અને તે સિવાય

જૂનાગઢ રાજ્યમાં જુદે જુદે સ્થળેથી આવા શ્રીમંત મુસ્લિમો ચાલ્યા ગયેલાં તેમનાં મકાનો ખાલી પડયાં હતાં એટલે સિંધી ભાઈઓને વસાવવા કુતિયાણા અને બાટવાના બે મુખ્ય કેમ્પો ખોલવામાં આવ્યા.

આ કેમ્પોમાં વીસ વીસ હજારનાં સમૂહોને આવતા જાય તેમ વસાવવાના હતા. બાટવા તે સમયે રાજકોટ નીચે હતું એટલે જૂનાગઢ રાજ્યે માત્ર કુતિયાણાની વ્યવસ્થા વિચારવાની હતી. તારીખ ૨૮–૨–૧૯૪૮ના રોજ વીસ હજારનો પ્રથમ સમૂહ વેરાવળ બંદરે ઉતરી સ્પેશ્યલ ટ્રેન દ્વારા સરાડીયા ઊતર્યો અને ત્યાંથી સાત માઇલ દૂર કુતિયાણામાં ઊભા કરેલા કેમ્પમાં તેમનો સત્કાર કરવામાં આવ્યો.

આ પ્રસંગે આ ભાઈઓ અને બહેનો, ભારતની દયા ઉપર નિર્ભર છે, નિરાશ્રિત છે અને અણગમતા છે એવો તેમને જરા જેટલો પણ સંશય ન આવે તે માટે અધિકારીઓએ પૂરતી કાળજી રાખી સર્વેનું પ્રેમ અને ઉષ્મા ભર્યું સ્વાગત કર્યું. ત્રણ દિવસમ ંજ તેમને રહેવાનાં મકાનો આપવામાં આવ્યાં. અને થોડા દિવસોમાં, સોઢાણા ઉજ્જડ પડેલું તેની પાસે સિંધુપુર નામનું નવું ગામ વસાવી ત્યાં ચાલીસ ખેડૂતોને ખેતી આપી, કેટલાને દુકાનો, કેટલાને નોકરી અને જુદા જુદા ધંધાએ લગાડી આપવામાં આવ્યા. તે સાથે તેઓના આગમન પછી થોડાજ દિવસોમાં, એક પ્રાથમિક શાળા, એક માધ્યમિક શાળા તથા એક કન્યાશાળા ખોલવામાં આવ્યાં તેમાં જેમ બાળકો સિંધી હતાં તેમ તેના શિક્ષકો અને શિક્ષિકાઓ પણ આવેલા સમૂહો પૈકીના જ હતા.

આ સિંધીભાઈઓ તે પછી જૂનાગઢ રાજ્યના જુદા જુદા નગરો અને ગામોમાં, જ્યાં જ્યાં જેને જે જે ધંધો ફાવ્યો ત્યાં ત્યાં તે તે સ્થિર થયા. ધંધામાં વ્યાપારની ફાવટ અને સાહસિક વૃત્તિ તેમજ હિમ્મતને કારણે સર્વે જુદા જુદા સ્થળે જુદા જુદા ધંધામાં પ્રવૃત્ત થઈ ગયા અને અહિંના સમાજમાં જેમ દૂધમાં સાકર સમાઈ જાય તેમ સમાઈ ગયા.[1]

---

1 સિંધીઓ આ દેશમાં આવ્યા ત્યારે શ્રી જે. એમ પંડયા, પ્રિન્સીપાલ રેફ્યુજી ઓફિસર હતા. અને હું રેફ્યુજી ઓફિસર હતો તે પછી શ્રી પંડયા સેક્રેટરી પદે નીમાતાં હું પ્રિન્સીપાલ રેફ્યુજી ઓફીસર થયો આ સિંધીભાઈઓના આગમનથી લઈને પુનર્વસવાટની સમગ્ર કામગીરી મારે કરવાની હતી. તેની સફળતાનો યશ એડમિનીસ્ટ્રેટર શ્રી શિવેશ્વરકરનું પ્રોત્સાહન. શ્રી પંડયાનું ઉત્તેજન અને પ્રથમ કેન્દ્ર સરકારના અને પછીથી મારા સહાયક અને મિત્ર સ્વ. તોતારામ વાસેચાનો અપૂર્વ સહકાર, તેમજ રાત દિવસ

વધુ માટે જુઓ પાનું ૩૭૪

## કાઉન્સીલ

એડમિનીસ્ટ્રેશન સ્થિર થયા પછી અને વ્યવસ્થા સંપૂર્ણપણે પ્રસ્થાપિત થઈ ગયા પછી ભારત સરકારે એડમિનીસ્ટ્રેટરને સહાય કરવા તા. ૧–૬–૧૯૪૮થી એક કાઉન્સીલની રચના કરી તેમાં સ્વ. શ્રી સામળદાસ ગાંધી, શ્રીમતી પુષ્પાબહેન મહેતા તથા સ્વ. શ્રી દયાશંકર ત્રિકમજી દવે સભ્યો તરીકે નીમાયા. આ સભ્યોને જુદાં જુદાં ખાતાંઓ સોંપવામાં આવ્યાં[1]

## પરિવર્તન

પરાધીનતાનાં ઘેરાં અંધારાં, સદીઓ પછી સ્વાધીનતાના સૂર્યે ઉલેચ્યાં અને પ્રજાતંત્રનું સ્થાપન થતાં લોકોમાં અદમ્ય ઉત્સાહ અને આશાનો સંચાર થયો. તાલુકે તાલુકે પ્રજામંડળો સ્થપાયાં અને વિવિધ પ્રજા કલ્યાણની પ્રવૃત્તિઓ પાંગરી. પ્રભાસપાટણમાં ઈ. સ. ૧૯૪૭ના ડીસેમ્બરમાં જેનો પ્રારંભ કરવામાં આવેલો તે હોમગાર્ડની રાજ્યવ્યાપી પ્રવૃતિ કર્નલ બિશનસિંહની રાહબરી નીચે વિકસી. વિશિષ્ટતા તો એ હતી કે તેમાં બહેનોની પણ એક ટુકડી તૈયાર કરવામાં આવેલી જૂનાગઢ જિલ્લામાં તેની વિધિવત્ સ્થાપના તા. ૧–૨–૧૯૪૮

---

(૩૭૩માં પાનાનું ચાલુ)

મારી સાથે ખભેખભા મિલાવી કામ કરનાર મારા સ્ટાફના ભાઈઓને ભાગે જાય છે. આ વિષયની રસપ્રદ અને જાણવા જેવી વિગતો મારા અંગત જીવનની છે તથા આ પુસ્તકમાં તેનો સમાવેશ થઈ શકે નહિ તેથી સંક્ષિપ્તમાં માત્ર આવશ્યક માહિતી આપવાનું ઉચિત માન્યું છે. –લેખક.

1 સ્વ. શ્રી દયાશંકર દવે જૂનાગઢના પ્રતિષ્ઠિત વકીલ હતા. તે પાછળથી સૌરાષ્ટ્ર ધારાસભાના સ્પીકર હતા અને પછીથી મંત્રી પણ હતા.

શ્રી પુષ્પાબેન મહેતા, પ્રભાસપાટણનાં હતાં તેઓ ગુજરાતના સુપ્રસિદ્ધ સામાજિક કાર્યકર હતાં. તેમણે ઈ. સ. ૧૯૪૨ની લડતમાં સક્રિય ભાગ લીધેલો. આરઝી હકૂમતમાં તે પ્રધાન હતાં. તેઓ સૌરાષ્ટ્રનાં પ્રથમ પદ્મ ભૂષણ છે. વર્ષો સુધી વિધાનસભાના સભ્ય, રાજ સભાના સભ્ય અને એ. આઇ. સી. સી. ના સભ્ય પદે રહ્યાં છે. તેઓ મુંબઇ રાજ્યનાં તથા પછીથી ગુજરાત રાજ્યનાં સોશ્યલ વેલફેર બોર્ડનાં ચેરમેન હતાં. વિકાસગૃહ, શિશુમંગલ આદિ સ્ત્રીઓ અને બાળકોની સંસ્થાઓના તેઓ સ્થાપક અને સંચાલક હતા. પોતે એમ. એ. હતા અને શિક્ષણ ક્ષેત્રે પણ તેમની અનેકવિધ પ્રવૃત્તિઓ નોંધ માગી લે છે. તેમનું તા. ૨–૪–૧૯૮૮ ના રોજ અમદાવાદ મુકામે અવસાન થયું

થી થઈ.[1]

આ સમય દરમ્યાન ઓઝત નદી ઉપર એક મોટો પુલ બાંધવામાં આવ્યો અને સરકારી મકાનોનાં નવાબી સમયનાં નામો હતાં તે ફેરવી નાખવામાં આવ્યાં. કોમવાદી સંસ્થાઓ, ફંડો, સમિતિઓ આદિનાં વિસર્જન કરવામાં આવ્યાં અને પ્રજાની લડત સમયે દાખલ કરવામાં આવેલા કેટલાક કાનૂનો અને નિયમો રદ કરવામાં આવ્યા.

જે મુસ્લિમ પ્રજાજનો કે અધિકારીઓ સ્વેચ્છાએ પાકીસ્તાન જવા ઈચ્છતા હતા તેમને વગર હરકતે જવા દેવામાં આવ્યા તથા જેઓ અહિં રહેવા માગતા હતા તેમને તેમની સલામતીની ખાત્રી આપી રહેવા દીધા.

## ગુજરાતી સાહિત્ય પરિષદ

ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન શ્રી ક. મા. મુનશીના પ્રમુખપદે તા. ૧૪ તથા ૧૫ જાન્યુઆરી ૧૯૪૯ના રોજ જૂનાગઢમા ભરાયું.

## વિલિનિકરણ

ઈ. સ. ૧૯૪૮ના માર્ચ માસમાં, સૌરાષ્ટ્રના રાજ્યની સ્થાપના થઈ અને જૂનાગઢ રાજ્યે તેમાં જોડાવું કે નહિ તે માટે લોકમત લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતાં, રાજ્યની જન સંખ્યાના ધોરણે સાત સભ્યોની સામાન્ય ચૂંટણી કરવામાં આવી અને આ સભ્યોએ જૂનાગઢનું રાજ્ય સૌરાષ્ટ્રના સંયુક્ત રાજ્યમાં જોડાઈ જાય એવો નિર્ણય લેતાં ઈ. સ. ૧૯૪૯ના જાન્યુઆરી માસની ૨૦મી તારીખથી જૂનાગઢનું રાજ્ય સૌરાષ્ટ્રના રાજ્યમાં વિલિન થઈ ગયું.

કાઉન્સીલ વિખરાઈ ગઈ શ્રી શિવેશ્વરકર, ભારત સરકારમાં પાછા ગયા અને રા. સા. તારાચંદ શાહ સ્પેશીયલ ઓફિસર તરીકે ચાલુ રહ્યા. શ્રી સામળદાસ ગાંધી, સૌરાષ્ટ્રના પ્રધાનમંડળમાં સ્થાન પામ્યા અને શ્રી દયાશંકર દવે સ્પીકર થયા.

## એડમનીસ્ટ્રેશન

તારીખ ૧૫-૮-૪૭થી તારીખ ૯-૧૧-૪૭ સુધી ૮૫ દિવસો પાકીસ્તાનમાં ભળેલા જૂનાગઢમાં અસ્થિરતા અને અશાંતિ રહી. રાજ્યપલટો અને ક્રાન્તિમાંથી પ્રજા પસાર થઈ તે સમયે, ભારત સરકારે શ્રી શિવેશ્વરકરને વહીવટ કરવા

---

1 સીવીલ ગાર્ડના જૂનાગઢ ઉપરાંત બીજાં પાંચ કેન્દ્રો હતાં તેમાં કુલ ૭૪ બહેનો તથા ૭૬૧ જુવાનોએ તાલીમ લઈ જુદા જુદા પ્રસંગે સેવા આપી.

પસંદ કર્યાં આ નિડર, નિષ્પક્ષપાતી, બાહોશ, કર્યક્ષમ અને કુશળ વહીવટકર્તાએ, રાજ્યમાં શાંતિ, સલામતી, કાયદો અને વ્યવસ્થા સ્થાપી, પ્રજાનો ચાહ મેળવ્યો. તેને ભારત સરકારને આધીન રહેવું પડતું અને તે સાથે વર્ષોની નિદ્રામાંથી જાગૃત થયેલી પ્રજાના અરમાન અને અભિલાષાઓને પોષવા માટે પણ તત્પર રહેવું પડતું. શ્રી નીલમભાઈ બૂચ જેવા સૌરાષ્ટ્રના એક મહાન સપુતના સતત માર્ગદર્શન, સહાય અને સહાનુભૂતિથી જૂનાગઢ રાજ્યે ક્રાન્તિ અને પરિવર્તનનો અજોડ ઈતિહાસ સર્જ્યો અને તેનું દૃષ્ટાંત, અન્ય રાજાઓને તેના હક્કો અને અધિકારોનો ત્યાગ કરી ભારત વિશાળમાં તેમનાં રાજ્યો સોંપી દેવા માટે માર્ગદર્શક થયું.

## સૌરાષ્ટ્ર

સૌરાષ્ટ્રના રાજ્યે જૂનાગઢ રાજ્યનાં ખાતાંઓ ધીરે ધીરે સંભાળ્યાં. નવા કાયદાઓ લાગુ કર્યા અને જૂનાગઢ શહેરને, સોરઠ જિલ્લાનું મુખ્ય મથક બનાવી ત્યાં કલેકટરની નિમણુક કરી. સોરઠના પ્રથમ કલેકટર સ્વ. કુ. શ્રી બનેસિંહજી એમ. એ. (કેમ્બ્રીજ) ઓ. બી. ઈ. એ તારીખ ૧૦-૧૦-૧૯૪૯) રોજ ચાર્જ લીધો અને રા. સા. તારાચંદ પાછા ગયા.

## પાટનગર કમિટી

સૌરાષ્ટ્ર રાજ્યનું પાટનગર ક્યાં થવું જોઈએ તે પ્રશ્નનો વિચાર કરી અભિપ્રાય આપવા ભારત સરકારે શ્રી ભગુભાઈ આર. પટેલ આઈ. સી. એસ. ના પ્રમુખપણા નીચે એક કમિટી નીમી. આ કમિટી તા. ૧૮-૭-૧૯૪૮ના રોજ જૂનાગઢ આવી ત્યારે શ્રી સામળદાસ ગાંધીએ જૂનાગઢ સૌરાષ્ટ્રનું પાટનગર થવા સર્વે રીતે યોગ્ય છે તે મતલબનું નિવેદન આપ્યું[1] પણ કમિટીએ રાજકોટ પસંદ કર્યું અને જૂનાગઢનું મહત્વ અને અગત્ય ઓછાં ગણ્યાં.

## ચૂંટણી

ઈ. સ. ૧૯૫૧માં સામાન્ય ચૂંટણી થઈ તે પહેલાં અંગત મતભેદોના કારણે શ્રી સામળદાસ સૌરાષ્ટ્ર મંત્રી મંડલમાંથી છૂટા થઈ ગયેલા. તેઓ આ ચૂંટણીમાં ઊભા રહ્યા. પરંતુ તેમાં તેઓ નિષ્ફળ ગયા અને થોડા સમય પછી ગુજરી ગયા.

જૂનાગઢના નવાબને અને તેની ભુટ્ટો અધિષ્ઠિત સરકારને સોરઠમાંથી,

---

1 આ નિવેદનનો મુસદ્દો મારો ઘડેલો હતો—લેખક.

વાક્ચાતુર્ય, હિમ્મત અને નિશ્ચયથી ઉથલાવી નાખી પાકીસ્તાનના જડબામાંથી સોરઠને પાછું ખેંચી લાવનાર આ વીર પુરુષની હયાતી નથી છતાં તેનું અજોડ કાર્ય ઈતિહાસનાં પાનાં ઉપર તેને અમર કરી ગયું.

## મુંબઈ રાજ્ય

ઈ. સ. ૧૯૫૬માં સૌરાષ્ટ્ર રાજ્યનું મુંબઈના દ્વિભાષી રાજ્યમાં વિલિનિકરણ થતાં જૂનાગઢ તે રાજ્યના સોરઠ જિલ્લાનું મુખ્ય મથક થયું અને થોડાજ દિવસોમાં મુંબઈ સરકારે સોરઠ જિલ્લાનું નામ નષ્ટ કરી તેને જૂનાગઢ જીલ્લો એવું નામ આપી સદીઓ જૂના ઐતિહાસિક સોરઠ નામને મિટાવી દીધું.

## ગુજરાત રાજ્ય

ઈ. સ. ૧૯૬૦માં મુંબઈના દ્વિભાષી રાજ્યમાંથી ગુજરાત જુદું પડતાં જૂનાગઢ, જૂનાગઢ જિલ્લાનું મુખ્ય મથક રહ્યું.

## ઉપસંહાર

આમ સૌરાષ્ટ્રના અતિ પ્રાચીન અને ઐતિહાસિક નગરનો પ્રાગૈતિહાસિક કાળથી ઈસુની વીસમી સદીના પૂર્વાર્ધ સુધીનો ઈતિહાસ પૂર્ણ થાય છે. તે પછીના સ્વતંત્ર ભારતના જૂનાગઢનો ઈતિહાસ આલેખવાનું કાર્ય ભવિષ્યના કોઈ વિદ્વાન લેખકને કરવાનું રહેશે.[1]

શૂરવીરોની કર્મભૂમિ અને તપસ્વીઓની તપોભૂમિ એવી સોરઠની ધરતી ઉપર અનેક નામી અનામી વીર પુરુષોએ સ્વધર્મ અને સ્વદેશના રક્ષણે પોતાનાં સર્વસ્વનાં સ્વાર્પણ કર્યાં. સોરઠના સિંહાસન ઉપર પોતાનું સ્વામીત્વ સ્થિર કરવા અનેક રણશૂરા રાજવીઓએ એ ભૂમિને રક્તથી રંગી અને અનેક રાજનીતિકૂટ રાજપુરુષોએ તેમના અધિકારને અટલ રાખવા પ્રપંચ અને છલકપટની શેતરંજ ખેલી. આ તપોભૂમિમાં અનેક મહાન યોગીઓ અને સિદ્ધોએ અનંતની ઉપાસના કરી તેમની અદ્દભૂત સિદ્ધિથી કરોડોનું કલ્યાણ અને શ્રેય કર્યું અને અનેક સંતો અને ભક્તોએ નિરંતર થતા રક્તપાતથી ત્રાસી ગયેલી જનતામાં ભક્તિ રસની પ્રેરણાથી શ્રદ્ધા અને આશાનાં સિંચન કર્યાં–તે ભૂમિમાં અડગ,

---

1 આ ઇતિહાસ ઈ. સ. ૧૯૪૮ના અંત સાથે પૂરો થાય છે. તે પછીના આવશ્યક પ્રસંગો રસક્ષતિ ન થાય તો માટે બહુજ સંક્ષિપ્તમાં આપ્યા છે.

અટલ અને અચલ ઊભેલા ગિરિવર ગિરનારની ગોદમાં આવેલું આ નગર, ગિરિનગર જીર્ણદુર્ગ, જૂનાગઢ આદિ વિવિધ નામે ઓળખાયું અને ચડતી પડતીના ચમકારા અને સુખ દુઃખના તડકા છાયા જોઈ તે જેમનું તેમ જેવું ને તેવું આજ પણ અડગ, અણનમ અને અચળ રહ્યું છે. સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયા પછી પણ પા સદી વ્યતિત થઈ છતાં તેના સમકક્ષ નગરોએ જે વિકાસ સાંધ્યો છે અને જે પ્રગતિ કરી છે તે જુનાગઢ કદાચ કરી શક્યું નથી અને યથાનામા તથા ગુણા એ ન્યાયે જૂનું જ રહ્યું છે. પરંતુ કુદરતે પ્રફુલ્લિત થઈ મુદિત મને તેને જે અપાર નૈસર્ગિક સૌંદર્ય પ્રદાન કર્યું છે અને સંતોની પદરજે પુનિત થયેલો અને દેવોના નિવાસથી પવિત્ર થયેલો ગરવો ગિરનાર તેની સમીપે સદૈવ ઊભો છે તેનાથી સકારણ ગર્વ અને ગૌરવ લેતું જૂનાગઢ સાંપ્રતકાળમાં સર્વતોમુખી પરિવર્તનના પ્રબળ ઝંઝાવાતમાં પણ તેની વિશિષ્ટ સંસ્કૃતિ અને અસ્મિતા, યુગ યુગ જૂની પ્રણાલિ અને પરંપરા, તેનું સ્થાન અને માન જાળવી રહ્યું છે તે જ તેની મહત્તા અને પ્રભુતા છે.

## ૮

# ગિરનાર

જૂનાગઢ નગરની પૂર્વે, કોટના વાઘેશ્વરી દરવાજાથી બે માઈલ અને બે ફર્લાંગ દૂર ગિરનાર પર્વત છે. સામાન્ય રીતે તો ગિરનારની ગિરિમાળા, નગરના દુર્ગથી બે ફર્લાંગથી જ શરૂ થઈ જાય છે. બન્ને બાજુએ જુદા જુદા નામોથી ઓળખાતી પર્વતીઓ વચ્ચેથી પસાર થતો માર્ગ, લક્ષ્મણ ટેકરી અને અશોકના શિલાલેખ પાસેનો પુલ ઉતરી, દામોદર કુંડને કાંઠે થઈ ભવનાથ તળેટીમાં પહોંચે છે અને ત્યાંથી જેને જૂનાં પુસ્તકોમાં, શિલાલેખોમાં અને મહાત્મ્યોમાં ઉજ્જયંત કહ્યો છે અને જેને આજે લોકો ગિરનાર તરીકે ઓળખે છે, ત્યાં આવી પહોંચે છે.

## પર્વતો

ગિરનારની ગિરિમાળામાં પર્વતોનો એક સમૂહ છે. તેમાં ઉત્તરથી દક્ષિણ તરફ જતાં બાબરીયો, ખોડીયાર, લાખામેડી, કાબરો, કનૈયો, ગધ્ધાકોટ, લામધાર અને તટાકીયો નામના ડુંગરો છે. તે ઉપરાંત ભેંસલો, જોગણીનો પહાડ અશ્વત્થામાનો ડુંગર, લક્ષ્મણ ટેકરી, દાતાર વગેરે પર્વતોથી ઉજ્જયંત ઘેરાયેલો છે.

## શિખરો

ઉપરકોટ બાદ કરતાં ગિરનારનાં અંબાજી, ગોરખ, ઓઘડ, દત્તાત્રેય અને કાલિકા એમ પાંચ મુખ્ય શિખરો છે.

### ઊંચાઈ

ગિરનારની ઊંચાઈ. સમુદ્રની સપાટીથી ૩૦૦૦ ફીટથી વિશેષ છે. ગોરખનાથનું શિખર સહુથી ઊંચુ છે. તે ૩૬૬૬ ફીટ છે. દત્તાત્રયનું શિખર ૩૨૯૫ ફીટ, અંબાજીનું ૩૩૩૦ ફીટ તથા ગૌમુખી ગંગા છે તે શિખર ૩૧૦૦ ફીટ છે. ગિરનારનું માળી પરબ ૧૮૮૦ ફીટ છે.[1]

### ક્ષેત્રફળ

ગિરનારનું ક્ષેત્રફળ ૭૦ ચોરસ માઈલ એટલે ૪૫૦૭૫ એકર અને ૩૭ ગુંઠા છે.

### ગાળાઓ

ગિરનારમાં, હસનાપુર, સૂરજકુંડ, બોરીયો અને માળવેલા નામના ગાળાઓ (ઘાટ) છે.

### નાકાંઓ

જંગલ ખાતાએ, ગિરનારની પર્વતમાળા આસપાસ સ્થાપેલાં નાકાંઓમાં મુખ્ય નાકાંઓ, કાલવા, પાજ, દોલતપરા, જાંબુડી, પાતુરાણુ, પાટવડ, રણશીવાવ, કાળા ગઢબા, ડુંગરપુર, પાદરીયા, તોરણીયા, બીલખા, લાસડીધાર તથા રામનાથ છે.

### વિશેષ સ્થાનો

ગિરનારમાં, પોલો આંબો, વેલાવન, માળવેલો સાતપુડા, ઝિણા બાવાની મઢી, જાંબુવાનની ગુફા, બોરદેવી, ઈંટવા, ચામુડ્રી, ખોડીયાર, ફાટેલ ખોડીયાર વગેરે વિશેષ જાણીતાં સ્થાનો છે.

### નદીઓ

ગિરનારમાંથી, લોલ, સોનરખ, ગુડાજલી, હેમાજલી, ઢેઢીયો વોંકળો, કાળવા વોંકળો અને બીજી અનેક નાની નદીઓ, વોંકળા કે નાળાં નીકળે છે.

### તળાવો

ભવનાથ તળેટી પાસે એક તળાવ છે જે બહુ જૂનું નથી. ઈ. સ. ૧૮૯૭માં

---

1 આ માપમાં જુદા જુદા માપણી કરનારાઓ થોડો થોડો ફેર બતાવે પણ તે ૧૦ ફીટથી વધતો ઘટતો નથી.

વોટર વર્ક્સ બનાવ્યું ત્યારે આ તળાવ બાંધ્યું છે. આ સ્થળે એક તળાવ હતું એવી માન્યતા છે. પણ તેને પુષ્ટિ આપતાં પ્રમાણો મળ્યાં નથી.

દાતારના પહાડની દક્ષિણે ખોડીયારનું તળાવ પણ વોટર વર્ક્સ માટે ઈ. સ. ૧૮૯૭ માં બાંધવામાં આવ્યું છે.

વિલિંગ્ડન ડેમ છે ત્યાં એક નાનું તળાવ હતું તે સ્થળે ઇ. સ. ૧૯૩૬માં ડેમ બાંધવામાં આવ્યો છે.

હસનાપુર પાસે પણ ઈ. સ. ૧૯૬૩ માં એક ડેમ બાંધવામાં આવ્યો છે.

## વૃક્ષો

ગિરનારમાં નીચેની જાતોનાં વૃક્ષો જોવામાં આવે છે:

સાગ, સાજડ, બાવળ, હરણો બાવળ, હળદરવો, આસુંદરો, આંકેલ કાંટો, ગરમાળો, ટીંબરવો, સિસમ, આંબળો, ધામણ, મોવડી—મોલેડી, બીયો, શેમલો, બહેડો, ઘુંટ બોરડી, રહોણ, અરીઠો, મરખોનકટી, કહાયો, ઉજલ-કુસુમ, ખાખરો, સાલેડી, રાયણ, કલમ, સરગવો, બોરડી, કાળો શિરિષ, પીપળો, સારસડો, લીમડો, આલ-રંગારી, જાંબુ, કરંજ, સવન, રાયણ, રાવણો, કરમદી, ગુલર અને બીજાં સામાન્ય અનેક પ્રકારનાં જંગલી ઝાડો.

## છોડવાઓ

ગિરનારમાં અનેક જાતના છોડ થાય છે તેમાં મુખ્ય નીચેના છે:

દુધલો, લોહરી, ખેર, મજીઠ, કાંટાળો થોર, વિકળો, અંગારીયો, ગંજેડી, કાળીખડો, માલણ, નેવરી, શિયાળી, મરડાસિંગી, આવલ, વાંસ, પાંદડી, વાળો વગેરે.

## વનસ્પતિ

નીચેની વનસ્પતિ ખાવામાં કામમાં લેવાય તેવી થાય છે:

અક્કલકરો, રાડારૂડી, કંટોલાં, વાસેટી, સાહોડી, કડલી, ઈંદરજવ.

## જડીબુટ્ટીઓ

ગિરનારમાં દરેક પ્રકારની જડીબુટ્ટીઓ જોવામાં આવે છે. હિમાલયના શીત પ્રદેશમાં થતી હોય તેવી જડીબુટ્ટીઓ અહિં થતી નથી.[1]

---

1 જડીબુટ્ટીઓની નોંધ બહુ મોટી થાય છે. તેથી વિસ્તારભયે તે લેવામાં આવી નથી.

## પશુઓ-પક્ષીઓ

ગિરનારમાં નીચેની જાતનાં રાની પશુઓ જોવામાં આવે છેઃ

દીપડા, રોઝ, જંગલી ભુંડ, સાબર, હરણ, શિયાળ, ઘોરખોદીયા, શાહુડી, નાર વગેરે. સિંહો કવચિત ચોમાસામાં આવી ચડે છે.[1]

તે ઉપરાંત કાળા મુખવાળાં વાનરો પણ પુષ્કળ જોવામાં આવે છે.

સામાન્ય પક્ષીઓ ઉપરાંત ગિરનારમાં ગીધ વિશેષ જોવામાં આવે છે.

## ભૂસ્તર

ગિરનારનો પહાડ ડેલેરાઈટ અથવા બેસાલ્ટ પથ્થરોના પ્રકારનો છે. ઉપરનાં શિખરો ગ્રેનાઈટનાં છે, તેમાં ક્વાર્ટ્ઝ હોવાથી જ્યારે ગિરનાર જ્વાળામુખી થયો હશે ત્યારે લાવાને ત્યાં પથરાવા ન દેતાં કોઈ પણ અસર ન કરવા દઈ નીચે વહી જવા દીધો હશે. ગિરનારની નીચેના ભાગમાં અને તળેટીમાં લાઈમસ્ટોન મીલીઓલાઈટ છે જેનો વિપુલ પ્રમાણમાં ઈમારતી કામ માટે ઉપયોગ થાય છે.

ઇ. સ. ૧૮૯૩ માં ડો. જે. ડબલ્યુ ઈવાન્સ નામના ભૂસ્તરશાસ્ત્રીએ ગિરનારની મોજણી કરી એમ જણાવ્યું છે કે ગિરનારમાં કાળો ગારનેટ અને ગ્રેનાઇટ પ્રકારનો પાષાણ થર છે. અહિં ત્રાંબુ પણ પ્રાપ્ત થઈ શકે તેવી શકયતા છે. ગિરનારમાં અબરખ પણ છે. પરંતુ નિષ્ણાતો માને છે કે તેને એકત્ર કરી શુદ્ધ કરવાનો ખર્ચ ન પોસાય તેવો થાય તેમ છે. આ અભિપ્રાય વિજ્ઞાનના વિકાસના ઉષાકાળનો છે વર્તમાન સમયમાં આ સ્થાનની મોજણી થાય તો ત્રાંબુ, અબરખ કે અન્ય ખનીજ મળી શકે તેમ છે કે નહિ તેની ખાત્રી થઇ શકે.

---

1 જૂનાગઢ પ્રાણી સંગ્રહસ્થાનમાં પુરેલા સિંહોની ડણક ઉપર જંગલમાંથી વારંવાર સિંહો સક્કરબાગમાં આવી ચડે છે. શહેરમાં પણ કાળવા બહાર કવચિત સિંહો દેખાય છે. ઈ. સ. ૧૮૬૯માં મેજર રસેલે ગિરનારમાં સિંહને મારેલો. ઇ. સ. ૧૯૪૯માં એડમિનીસ્ટ્રેટરના બંગલા પાસેથી પસાર થયેલા સિંહને શ્રી કનુભાઈ મજમુદારે સક્કરબાગ પાસે રાજ્યાજ્ઞાથી ગોળીએ દીધો હતો. ઈ. સ. ૧૯૪૯માં એક સિંહણ સક્કરબાગમાં ચડી આવેલી તેને પકડી લેવામાં આવી. તે દિવસે પૂનમ હતી એટલે તેનું નામ પૂર્ણિમા પાડેલું. ૧૯૭૪માં બોટીયામાં સિંહો આવેલા. ૧૯૮૯ના માર્ચમાં બે સિંહો સક્કરબાગમાં ત્યાંના સિંહોને મળવા આવેલા.

## ગિરનાર પર્વત

પુરાણકારોએ, કવિઓએ, લેખકોએ, અને પ્રવાસીઓએ[1] જેનાં ક્ષણે ક્ષણે બદલાતા સૌંદર્યની અસીમ પ્રશંસા કરી છે, વનસ્પતિ શાસ્ત્રીઓએ જેનાં વૃક્ષો અને વનસ્પતિની વિપુલતા અને વિશિષ્ટતા ઉપર વર્ણનો લખ્યાં છે. પુરાતત્ત્વવિદ્દોએ કલાના પ્રતિક જેવાં મંદિરો અને શિલાલેખોની અપાર સ્તુતિ કરી છે, જેના ઉપર અનેક મહાન અને પવિત્ર યોગીઓ, સંતો, સાધુઓ, સિધ્ધો અને સંન્યાસીઓ વસી ગયા છે અને વસી રહ્યા છે, જેની ભેદી ગુફાઓ અને ગેબની વાતો, વાર્તાઓ નથી પણ વાસ્તવિકતા છે એમ સિધ્ધ થઈ ગયું છે. તે ફળફૂલથી લચી રહેલો, નિર્મળ જળના અસંખ્ય સ્રોતોથી પલળતો ગિરિવર ગિરનાર સોરઠની શોભા અને સૌરાષ્ટ્રનું ગૌરવ છે.

એક અંગ્રેજ લેખક કહે છે તેમ 'આ મહાન પ્રાચીન પર્વતને બુદ્ધિપૂર્વક જેમનો તેમ રહેવા દીધો છે (તે યોગ્ય જ છે) અને તે જેવોને તેવો રહે ! (તેવી અભિલાષા). જો તેના ઉપર વિશેષ મકાનો બાંધવામાં આવશે કે (આધુનિક) સભ્યતા ત્યાં લઈ જવામાં આવશે તો આપણે જરૂર દિલગીર થશું'.[2]

જુગ જુગ જૂનો, મહા તપસ્વી જેવો, આ વિરાટ પર્વત એક મહાન યોગી સમો જૂનાગઢની પૃષ્ઠે ઊભા રહી તેને શક્તિ, પ્રેરણા અને બળ રહ્યે છે.

## રૈવત-ઉજ્જયંત

ગિરનાર પર્વતને પૂર્વ કાલમાં રૈવત કહેતા તેના એક પર્વતને ઉજ્જયંત પણ કહેતા. આ ઉપરથી ઘણા લેખકોએ ગિરનાર, રૈવત, ઉજ્જયંત વગેરેને એક માની લીધા છે.

હરિવંશ, વિષ્ણુપુરાણ વગેરે ગ્રંથોનાં વર્ણનો ઉપરથી જણાય છે કે રૈવતક, રૈવત, રેવત, દ્વારકા સમીપ હતો. અને દ્વારકા સમુદ્રમાં વિલિન થયું ત્યારે તે પણ સાગરનાં જળ નીચે ગયો. એ પ્રસંગે, જૂનાગઢ પાસેના પર્વતના એક ભાગનું નામ રૈવત હોય અથવા દ્વારકાના લુપ્ત થયેલા રૈવતનું સ્મારક, આ

---

1 કર્નલ ટોડ, મિસીસ પોસ્ટન, જનરલ સર લી. આન્ડ જેકબ, જે. ફોર્બ્સ જે. બરજેસ વગેરે પાશ્ચાત્ય વિદ્વાનોએ ગિરનારની અપાર પ્રસંસા કરી છે.

2 સૌરાષ્ટ્ર એન્ડ ધી હીલ ઓફ સોરઠ—સી. એમ.-કલકત્તા રિવ્યુ ઇ. સ. ૧૮૭૭,
ગિરનારના વિકાસ માટે ઘણાં વર્ષોથી સમિતિઓ નીમાય છે. ચર્ચા થાય છે અને યોજનાઓ ઘડાય છે. તા ૧૦-૧-૧૯૭૬ ના રોજ ગુજરાત રાજ્યના ગૃહમંત્રીશ્રીએ મિટીંગ બોલાવેલી. પછી ઘણી મીટીંગો થઇ પણ હજી સુધી કોઈ પરિણામ નથી.

પર્વતનું નામ રૈવત પાડી કરવામાં આવ્યું હોય ! દ્વારકા પાસે રૈવત હતો અને ગિરનાર સમૂહના એક પર્વતનું નામ પણ રૈવત છે, તેથી કેટલાક વિદ્વાનો શ્રી કૃષ્ણનું દ્વારકા જૂનાગઢ પાસે હતું એવા ભ્રમમાં છે અને જુદા જુદા પ્રકારે તર્કો કરી તે સિદ્ધ કરવા મિથ્યા પ્રયાસ કરે છે.[1] દ્વારકાનો રૈવત તો દ્વારકાની સાથે સમુદ્રમાં પ્લાવિત થઈ ગયો અને તેનું નામો નિશાન પણ રહ્યું નહિ. એક જ નામની ભારતમાં ઘણી નદીઓ છે, એક જ નામનાં ઘણાં નગરો છે એમ એક જ નામના એકથી વધારે પર્વતો કેમ સંભવે નહિ ?

સ્કંદપુરાણ અંતર્ગત પ્રભાસખંડના ૭૭મા અધ્યાયમાં, ગિરનાર મહાત્મ્ય આપ્યું છે, તેમાં 'ગિરિનાર'માં રૈવત, કુમુદ અને ઉજ્જયંત નામના ત્રણ પર્વતો હોવાનું કહેવામાં આવ્યું છે. પુરાણકાર વિશેષમાં કહે છે કે, 'પૃથ્વીના પશ્ચિમ ભાગમાં સમુદ્રની પાસે રેવતાચળ વગેરે પર્વતો છે તે જગ્યાએ ગિરનાર ક્ષેત્ર આવેલું છે. ત્યાં દામોદર નામનું તીર્થ છે...ભવનાથ મહાદેવ છે. તેની પાસે ઉજ્જયંત નામનો મોટો પર્વત છે, તે જગ્યાએ સુવર્ણરેખા નામની નદી છે' આજ મહાત્મ્યમાં (પ્રભાસખંડના ૯૦માં અધ્યાયમાં) કહેવામાં આવ્યું છે કે 'રૈવતાચળના ઘાટા વનમાં થઇ ભવનાથ જવાય છે અને ત્યાંથી ઉજ્જયંત પર્વત દૃષ્ટિગોચર થાય છે; તેના નૈઋત્યે બોરદેવી છે અને વાયવ્યે સરોવર છે.' પ્રભાસખંડ રૈવતાચળની સ્પષ્ટતા કરતાં કહે છે કે 'રૈવતાચળ વસ્ત્રાપથ ક્ષેત્રમાં લાંબો થઈ ઘણી જગ્યામાં પડેલો છે અને ઉજ્જયંત તથા કુમુદ નિર્ણિત સીમામાં છે.'[2]

દ્વારકાના રૈવત સાથે રેવત રાજાની વાર્તા[3] જોડી દેવામાં આવી છે, જ્યારે પ્રભાસખંડમાં વાર્તા છે કે ઋતવાક્ નામના ઋષિએ, રેવતી નક્ષત્રમાં જન્મેલો તેનો પુત્ર દુષ્ટ થયો તેથી તેણે રેવતી નક્ષત્રને આકાશમાંથી ખરી પડવાનો શાપ આપ્યો અને તેના પરિણામે રેવતી નક્ષત્ર આકાશમાંથી ખરી પડયું અને કુમુદ પર્વત ઉપર પડયું. આમ નક્ષત્રપાત થવાથી કુમુદ પર્વત બળવા લાગ્યો પણ હિમાલયના પુત્ર ઉજ્જયંતે તેના દાહનું શમન કરી દીધું અને પછી પોતે પાછો હિમાલયમાં ન જતાં ત્યાં જ રહી ગયો. રેવતી નક્ષત્ર જેટલા ભાગ ઉપર પડયું તે પર્વત રૈવત નામે પ્રસિદ્ધ થયો. ઉત્તરનો કુમુદ,

---

1 આ પ્રશ્નની વિસ્તૃત ચર્ચા માટે જુઓ 'શ્રી કૃષ્ણનું દ્વારકા.' શં. હ. દેશાઈ.

2 પ્રભાસખંડ-ભાષાંતર-વેદમૂર્તિ પાઠક ગોરાભાઇ રામજી.

3 રૈવત રાજાની વાર્તા માટે જુઓ આ પુસ્તકમાં પાનું ૩૪

દક્ષિણનો રૈવત અને મધ્યનો ઉજ્જયંત કહેવાયો. તેના ઉપર મંદિરો છે. વગેરે—'

સ્કંદપુરાણ ઈસુની છઠ્ઠીથી આઠમી સદીની વચમાં લખાયું છે તેમ વિદ્વાનો નિઃશંક માને છે. તેથી જ્યારે આ મહાત્મ્ય લખાયું ત્યારે જે પર્વત ઉપર મંદિરો છે તે પર્વત ઉજ્જયંત કહેવાતો અને રૈવત તેની ઉત્તર દિશામાં હતો. તેની સમીપે દામોદરકુંડ હતો. રૈવત, મુચકુંદેશ્વરથી ઉજ્જયંત સુધીના વસ્ત્રાપથના અંતક્ષેત્રમાં હતો.

સ્કંદપુરાણનું વર્ણન વાંચતાં એ પણ ફલિત થાય છે કે તે એક લેખકે એક સાથે લખ્યું નથી અથવા તેમાં કેટલોક ભાગ ક્ષેપક છે. દ્વારકા પાસેના રૈવતકનો સંદિગ્ધ ઉલ્લેખ કરીને કહેવામાં આવ્યું છે કે સમુદ્ર પાસે રૈવતાચળ વગેરે પર્વતો છે અને ત્યાં ગિરનાર ક્ષેત્ર છે, ત્યાં દામોદરનું તીર્થ છે. આ વિધાન અવશ્ય ક્ષેપક હોવાનું માનવામાં બાધ નથી અથવા પુરાણકાર બન્ને રૈવતનાં જુદાં જુદાં નામો હતાં તેમ કહેવાને બદલે બન્નેને સેળભેળ કરી નાખવામાં અચકાયા નથી તેમ પણ માનવામાં હરકત નથી. પુરાણકારે, હરિવંશના વિધાનમાં ફેરફાર કર્યો છે અને સાચું શું છે તેમાં તે સ્વયં શંકામાં છે એટલે જેમ પ્રભાસખંડના, પ્રભાસક્ષેત્ર મહાત્મ્યમાં તેણે તેનાં વિધાનો વારંવાર બદલ્યાં છે તેમ આ વિષયમાં પણ બન્યું હોવાનું જણાય છે.

જૈન ધર્મગ્રંથોમાં ગિરનાર મહાત્મ્ય આપેલું છે. તેમાં આપેલી કથાઓમાં જણાવ્યું છે કે 'રૈવંત નામે ગિરિપ્રવર જયવંત પ્રવર્તે છે' વિશેષમાં ગિરનારનો ઉલ્લેખ કરતાં કહેવામાં આવ્યું છે કે આ 'ઉજ્જયંત ઉર્વીધર ઉપર...' ગિરનાર મહાત્મ્યના અંબિકા ચરિત્રમાં[1] કહેવામાં આવ્યું છે કે 'સૌરાષ્ટ્ર દેશના પર્વત પુરંદર શ્રી રૈવતાચળની દક્ષિણ દિશાએ ઋદ્ધિમાં કુબેરપુર કલ્પ અને ન્યાયવાન નરનારીઓથી નિવાસિત કુબેરનગર છે, ત્યાં યક્ષા નામની નદી છે.' વરદત્ત વ્યાખ્યાનમાં બાવીસમા તીર્થંકર શ્રી અરિષ્ટનેમિના ગણધરે 'રૈવતાચળે કર્મ ખપાવી શાશ્વત શિવરાજનું પરમપદ' પ્રાપ્ત કર્યાની કથા છે, તેમાં ગિરનારને રૈવતાચલ કહ્યો છે. આ વ્યાખ્યાનમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, શ્રી નેમિનાથજીની પ્રતિમા દ્વારકામાં હતી. દ્વારકાનું અસ્તિત્વ રહ્યું ત્યાં સુધી તેની પૂજા થઈ તે પછી શ્રી નેમિશ્વર ભગવાનના નિર્વાણથી બે સહસ્ર

---

1 પ્રભાવકચરિત્ર–વિવિધ તીર્થકલ્પ.

વર્ષો વીત્યા પછી રત્નસાર નામના વણિકે તેને વ્યવહારક ગુફામાંથી લાવી રૈવતાચળમાં એક મંદિર બાંધી તેમાં પધરાવી.

આ મહાત્મ્ય પણ સેંકડો વર્ષો પૂર્વે લખાયું છે. પ્રભાસખંડનું મહાત્મ્ય તથા જૈન ગ્રંથોનું મહાત્મ્ય અને કથાઓ વાંચતાં એમ જણાય છે કે, જૂનાગઢ પાસેથી શરૂ થતી પર્વતમાળા સમુદ્ર પર્યંત પહોંચતી અને ગિરની ધારોને આવરી લેતી અને તે ગિરિમાળા રૈવત નામે ઓળખાતી. જૈન મહાત્મ્યમાં સ્પષ્ટ કહ્યું છે કે 'સૌરાષ્ટ્ર દેશના પર્વત પુરંદર શ્રી રેવતાચળના દક્ષિણ દિશાએ...ઋદ્ધિમાં કુબેરનગર અર્થાત કોડીનાર છે.' પ્રભાસખંડ કહે છે કે 'પૃથ્વીના પશ્ચિમ ભાગમાં સમુદ્રની પાસે રેવતાચળ વગેરે પર્વતો છે.' એટલે જૂનાગઢથી શરૂ થઈ સમુદ્ર પાસે અંતિત થઈ ગિરિમાળા રૈવત નામે ઓળખાતી હોય, એમ માનવું પડે અને જો તેમ ન માનીએ તો આ બન્ને મહાત્મ્યના વિધાનો શંકાસ્પદ જણાય. જૂનાગઢ પાસે રેવતાચળ હતો તેમ માનીએ તો અને દ્વારકા પાસે હતો તેમ પણ માનીએ તો, અને દ્વારકા સમુદ્ર પાસે હતું તેમ સ્પષ્ટ છે તો શ્રી કૃષ્ણના સમયમાં સમુદ્ર જૂનાગઢ સુધી હતો એમ માનવું પડે. ભૂસ્તરશાસ્ત્રીઓ, જૂનાગઢ અને સમુદ્ર વચ્ચેનો ભાગ અતિ પુરાણો છે એમ કહે છે. અને જે પુરાણોનો આપણે આધાર લઈ, આ સિદ્ધાંત સિદ્ધ થયો માનીએ છીએ તે જ પુરાણો. જૂનાગઢ અને સમુદ્રની વચ્ચેના પ્રદેશમાં આવેલાં તીર્થો, અતિ પુરાતન અને પુરાણકાળ પૂર્વેનાં હોવાનું કહે છે. એટલે જે રૈવત દ્વારકા પાસે હતો તે અને જે જૂનાગઢ પાસે છે તે બન્ને રૈવતો સ્પષ્ટપણે જુદા છે, અથવા ગિરિમાળાના બે છેડાના પર્વતો રૈવત કહેવાતા હશે તેમ માનવું રહ્યું. બૃહત્સંહિતામાં રૈવતકનો દેશનામ તરીકે ઉલ્લેખ છે તેથી ઉપરોક્ત વિધાનને સમર્થન મળે છે.

જૈન મંદિરોના શિલાલેખો, ઈતિહાસો અને અન્ય ગ્રંથોમાં ગિરનારના જે પર્વત ઉપર મંદિરો છે તેને ઉજ્જયંત કહ્યો છે, તે વિધાન ઐતિહાસિક ઉલ્લેખો અને માહાત્મ્યો અનુસાર યથાસ્થિત હોવાનું જણાય છે. તેમાં વારંવાર જણાવ્યું છે કે 'રૈવતક આડો પડ્યો છે.' એટલે અત્યારે જે પર્વતની તળેટીમાં રેવતીકુંડ છે તથા દામોદરરાયનું મંદિર છે તે પર્વત પુરાણકારના મંતવ્ય પ્રમાણે રૈવત છે તેમાં સંશય નથી.

પ્રભાસખંડ કહે છે કે કુમુદ પર્વતમાંથી રૈવત જુદો પડ્યો. કુમુદ ઉપરના ભાગમાં હતો વગેરે. તેનું વર્ણન વાંચતાં સ્પષ્ટ પ્રતીત થાય છે કે કુમુદ પર્વત તે અત્યારે જોગણીનો પહાડ કહેવાય છે તે પર્વત. વિશેષ વિચારતાં એમ પણ જણાય છે કે પુરાણકારે બન્ને પર્વતો જુદા પડ્યાની આખ્યાયિકામાં એ સમયની

લેખન પદ્ધતિ પ્રમાણે ચમત્કારની વાત લખી પણ ઉજ્જયંત ઉપર ગિરિનગરની દિશામાંથી જવા માટે પહાડ તોડીને માર્ગ કરવામાં આવ્યો હશે અને તેથી બન્ને પર્વતો જુદા પડયા હશે.

ઈ. સ. ૬૪૦માં સૌરાષ્ટ્રમાં આવેલા ચીની પ્રવાસી હ્યુ-એન સાંગે નોંધ્યું છે કે નગરથી થોડે દૂર યુ-શેત-તા નામનો પર્વત છે. તેના શિખર ઉપર એક મઠ છે, તેના કક્ષો અને પ્રદક્ષિણા માર્ગ પર્વતમાં કોરી કાઢેલા છે. આ પર્વત ઉપર ઘાટું વન છે અને ચારે તરફ ઝરણાંઓ વહે છે'[1] હ્યુ-એન સાંગ ગિરનારને ઉજ્જયંત કહે છે. તેના ઉપર ખડકમાં કોતરેલું કોઈ સ્થાન અત્યારે જોવામાં આવતું નથી.

તેનાથી પૂર્વે ઈ. સ. ૧૫૦ ના શક ક્ષત્રપ રૂદ્રદામાના સમયમાં કોતરવામાં આવેલા પર્વતીય લેખમાં પણ જે પર્વતમાંથી સુવર્ણસિકતા વગેરે સરિતાઓ નીકળતી તેને ઉર્જયંત કહ્યો છે.[2]

## ગિરનાર

શિલાલેખો અને ધર્મગ્રંથોમાં ગિરનારનો ઉલ્લેખ ઉજ્જયંત તરીકે કરવામાં આવ્યો છે અને તેથી ગિરનાર નામ અર્વાચીન છે તેવી કેટલાક વિદ્વાનોની માન્યતા છે. એક વિદ્વાન લેખક તો એમ પણ જણાવે છે કે ગિરિનગર ઉપરથી ગિરનાર શબ્દની યોજના થઇ.[3]

સ્કંદપુરાણના પ્રભાસખંડમાં આપેલા ગિરનાર મહાત્મ્યમાં 'ગિરિનાર મહોદય' શબ્દો આ પવિત્ર પર્વત માટે વાપર્યા છે. પ્રભાસખંડ ઈસુની આઠમી સદીમાં કે તે પૂર્વે લખાયો ત્યારે ગિરનાર નામ સ્વીકૃત થઈ ગયું હતું તેમ જણાય છે. તેનો ઉલ્લેખ ગિરિનારાયણ તરીકે પણ કરવામાં આવ્યો છે.

ઈ. સ. ૧૧૭૬ ના શ્રી વિજયસેનસૂરીએ રચેલા રૈવતગિરિ રાસુમાં તે લખે છે કે,

જિમ જિમ ચડઈ તડિ કડણિ ગિરનારહ,
તિમ તિમ ઉડાઈ જણ ભવણ સંસારહ. (કડવું બીજું)

---

1 ટ્રાવેલ્સ ઓફ હ્યુ-એન સાંગ.

2 હીસ્ટોરિકલ ઇન્સક્રીપ્શન્સ ઓફ ગુજરાત, વો. ૨. શ્રી, ગિ. વ. આચાર્ય

3 ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૫મા – જૂનાગઢ – અધિવેશન (ઇ. સ. ૧૯૬૯)ની સ્મારિકામાં જૂનાગઢ – પ્રાચીન ઇતિહાસ – ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીનો લેખ

અર્થાત્ જેમ જેમ જન ગિરનારનો ઢોળાવ અને ટુંક ચડે છે તેમ તેમ તે સંસાર ભ્રમણમાંથી મુક્ત થાય છે.

દશ દિસિએ નેમિ કુમારિ આરોહી અવલોઈ(ય)ઉએ,

દીજઈએ તહિ ગિરનારિ ગયણંગણું અવલોણુ સિહરો (કડવું ચોથું') અર્થાત ગિરનારમાં નેમિકુમારે (જ્યાં) આરોહણ કરીને દશે દિશાએ ગગનાંગણ અવલોકયું ત્યાં અવલોકન શિખર નામ દેવાય છે.[1]

ઈ. સ. ૧૨૭૦ કે ઈ. સ. ૧૩૦૨ માં શ્રી વિનયચંદ્રે લખેલા નેમિનાથ ચતુષ્પાદિકા નામના કાવ્યમાં તે લખે છે કે,

'નેમિ કુમરૂ સુમરવિ ગિરનારી સિધ્ધિ રાજલકન્ન કુમારી' અર્થાત નેમિ-કુમારને સ્મરીને કુમારી રાજકન્યા ગિરનારમાં સિદ્ધ થઈ.[2]

આવી અનેક પંક્તિઓમાં ગિરનાર શબ્દનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને તેથી સિદ્ધ થાય છે કે, ઈસુની આઠમી સદી પછીથી ગિરનાર નામ સ્વીકૃત અને પ્રચલિત થઈ ચૂક્યું હતું, છતાં વિદ્વાનો તેને ઉજ્જયંત કે રૈવત પણ કહેતા હશે. ઈ. સ. ૧૪૫૧–૧૪૫૫ લગભગ લખાયેલા માંડલિક કાવ્યમાં[3] પણ તેને ગિરિનારાયણ કહ્યો છે.

ગિરિનગરમાંથી ગિરનાર થયાનો તર્ક અસંબદ્ધ નથી (ગિરિ+નગર=ગિરિ+નઅર)[4] ડો. હરિપ્રસાદ શાસ્ત્રી પણ એ જ અનુમાન કરે છે.[5] પણ ગિરિનાર કે ગિરનાર નામ ગિરિનારાયણમાંથી આવ્યું હોવાનું વિશેષ સંભવિત છે.

ગિરનારમાં ઉજ્જયંત, રૈવત, કુમુદ પર્વતોનો સમાવેશ થતો અને આજે પણ થાય છે. લોકોએ આજ્ઞાનતાથી કે ભક્તિભાવથી તેને ઉજ્જયંત કે રૈવતક કહ્યો હોય છતાં તે ગિરનારજ હતો અને ગિરનારજ રહ્યો.

## ગિરનાર

જૂનાગઢનું નામ ગિરિનગર અને પછી જીર્ણદુર્ગ હતું તથા તેની સમીપે

---

1 ડો. હરિવલ્લભ ચૂનીલાલ ભાયાણી સંપાદિત રેવંતગિરિરાસુ,

2 એ જ લેખક સંપાદિત નેમિનાથ ચતુષ્પાદિકા,

3 કવિ ગંગાધર,

4 શ્રી હરિવલ્લભ ચૂ. ભાયાણી, રૈવતગિરિ રાસુ – નેમિનાથ ચતુષ્પાદીકા.

5 ડો. હરિપ્રસાદ શાસ્ત્રી. જૂનાગઢ – પ્રાચીન ઈતિહાસ, ગુ. સા. પરિષદના ઇ. સ. ૧૯૬૯ અધિવેશનની સ્મારીકાનો લેખ,

ગિરનાર પર્વત હતો અને સોલંકી યુગમાં ગિરિનગર અને ગિરનારને સાથે ગણવામાં આવતાં તેથી મુસ્લીમ શાસકોએ પણ નગરને તેમજ પર્વતને ગિરનાર નામ આપ્યું. જીર્ણદુર્ગનો ઉચ્ચાર કરવા કરતાં ગિરનારનો ઉચ્ચાર સહેલો પણ હતો તેથી તેને "કિલ્લએ ગિરનાર"[1] કે "કિલ્લએ ગિરનાલ"[2] કહ્યો મિરાતે સિકંદરી, તારીખે ફરિસ્તા, તારીખે ફિરોઝશાહી વગેરે ફારશી ઇતિહાસોમાં ગિરનાલ કે કિરનાલ નામનો ઉપયોગ કરવામાં આવ્યો છે.[3]

## ગિરનાર મહાત્મ્ય (જૈન)

પ્રતિવર્ષ, જૈન ધર્માવલંબી યાત્રિકો મોટી સંખ્યામાં ગિરનાર ઉપરનાં મંદિરોમાં દર્શનાર્થે આવે છે. ગિરનાર મૂર્તિપૂજક શ્વેતાંબરો અને દીગમ્બરોનું અતિ પવિત્ર તીર્થ છે. અને ગિરનાર ઉપરનાં વિશાળ, સુંદર અને કળામય મંદિરો જૈનોનું જ નહિ જૈનેત્તર પ્રવાસીઓનું પણ અનેરું આકર્ષણ છે.

જૈન ગ્રંથો અનુસાર, ગિરનાર–ઉજ્જયંત–અલૌકિક અને દૈવી પ્રકૃતિવાળું પવિત્ર સ્થાન છે. ગિરનાર મહાત્મ્ય પ્રમાણે બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાને ત્યાં વસી અનેક પાપીઓનો ઉદ્ધાર કર્યો અને પોતે ત્યાં જ મોક્ષ પામ્યા.

શ્રી નેમિનાથ ભગવાનના જન્મની કથા છે કે, કૌશાંબી નગરમાં સુમુખ રાજાએ, કુવિંદની પત્ની વનમાળાનું હરણ કર્યું. કુવિંદની દુર્દશા થઈ. એક વાર તે સુમુખના રાજ મંદિર પાસે આવ્યો ત્યારે વીજળીના પ્રપાતથી સુમુખ અને વનમાલા મૃત્યુ પામ્યાં. આ દંપતી હરિવર્ષમાં હરી અને હરિણી નામે જન્મ્યાં. કાળે કરીને હરિને ચંપાનગરીનું રાજ્ય પ્રાપ્ત થયું અને તેનો વંશ હરિવંશ કહેવાયો.

આ વંશમાં યદુ થયો તે મથુરાનો રાજા થયો અને તેના વંશજો

---

1 ઇ. સ. ૧૪૧૩નો માંગરોળનો શિલાલેખ. જુઓ અરેબીક એન્ડ પર્સીયન ઇન્સ્ક્રી. ઓફ સૌરાષ્ટ્ર. શં. હ. દેશાઈ

2 ઇ. સ. ૧૪૭૨ નો જુનાગઢ બોરવાડ મસ્જિદનો શિલાલેખ. એજન.

3 ફારસી ભાષામાં ગાફ નો ગ થાય છે અને કાફનો ક થાય છે તેમાં માત્ર એક માત્રાનો ફેર છે. હસ્તલિખિત ગ્રંથોમાં ગાફ ને બદલે કાફ લખવાનો રિવાજ હતો તે સાથે 'ર' નો 'લ' લખવાની ભૂલ પણ ઘણી હસ્તપ્રતોમાં જોવામાં આવી છે. તેથી ગિરનારને બદલે કિરનાલ વંચાયું હોવાનું જણાય છે.

યાદવો કહેવાયા. યદુના પુત્ર શૂરીના બે પુત્રો શૌર અને સુવીર થયા. શૌરે મથુરાનું રાજ્ય સુવીરને આપી પોતે કુશાવર્તમાં આવી શૌર્યપુર નામનું નગર વસાવ્યું.

શૌર્યના પુત્ર અંધક વૃષ્ણિને તેની રાણી સુભદ્રાથી દશ પુત્રો થયા. તેઓ દશારહ કે દશરથ કહેવાયા. તેમને કુંતિ અને મુદ્રી નામની બહેનો હતી. કુંતિ પાંડુ રાજાને પરણી તેનાથી તેને પાંચ પાંડવો થયા. મુદ્રીનો પુત્ર શિશુપાલ થયો.

સુવીરે, સિંધુ સરિતાના તીરે સુવીરપુર વસાવ્યું. તેના પુત્ર ભોજકવૃષ્ણિના પુત્રો દેવક અને ઉગ્રસેન થયા. દેવકને પોલાસપુરનું રાજ્ય મળ્યું અને ઉગ્રસેન મથુરામાં જ રહ્યો. ઉગ્રસેનની રાણી ધારિણીને પુત્ર જન્મ થતાં તે પુત્રને કાંસાની પેટીમાં પૂરી યમુનામાં નાખી દીધો. દૈવયોગે તે સુભદ્ર નામના વણિકને પ્રાપ્ત થયો. આ પુત્રે વયમાં આવી સિંહરથને હરાવી, મગધના રાજા જરાસંધની પુત્રી જીવયશા સાથે લગ્ન કર્યાં અને તે પછી તેના પિતા ઉગ્રસેનને કેદ કરી તેને કાષ્ટ પીંજરમાં પૂરી પોતે ગાદીપતિ થયો. કંસે તેના કાકા દેવકની પુત્રી દેવકીનો સાતમો પુત્ર તેની હત્યા કરશે એવી ભવિષ્યવાણી તેના ભાઈ અયમંતા મુનીએ ભાખેલી ને ઉપરથી દેવકીને પણ કેદમાં પૂરી, તેને સાતમો પુત્ર થતાં દેવકીના પતિ વાસુદેવ તેને ગોકુલમાં લઈ ગયા.

આ પુત્ર કૃષ્ણે કંસને મારી ઉગ્રસેનને રાજ્યાસને બેસાડયા. તે પછી કંસની રાણી પિતૃગૃહે ચાલી ગઈ. તેના પિતા જરાસંધે કંસના ઘાતનું વેર લેવા મથુરા ઉપર ચડાઈ કરી પણ કૃષ્ણે તેને હરાવ્યો. તે પછી જરાસંધનો પુત્ર કાળકુંવર મથુરા ઉપર ચડયો. તેનાથી ડરીને, અઢાર કોટી યાદવો સમુદ્રની દિશામાં નાસી છુટયા. કૃષ્ણને કહેવામાં આવેલું કે ઉગ્રસેનની પુત્રી સત્યભામા કે જે કૃષ્ણની પત્ની હતી તેને જે સ્થળે બેલડાં બાળકો અવતરે ત્યાં સ્થિર થવું તેથી માર્ગમાં જ્યાં ભામ અને ભાનુ નામના જોડકા પુત્રોને સત્યભામાએ જન્મ આપ્યો ત્યાં યાદવો રોકાઈ ગયા.

તે પછી કૃષ્ણે અઠ્ઠમનું તપ કરી સ્વસ્તિક ગામે, સમુદ્રાધિપતિને આરાધ્યો. તેણે અઠ્ઠમની ત્રીજી રાતેજ સમુદ્રને ખસેડી ત્યાં બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી રત્નમય દ્વારિકા નગરીનું નિર્માણ કર્યું પણ કાળકુંવર તો પાછળ જ હતો.

કાળકુંવરને રોકવા સારૂ અર્ધભારતની અધિષ્ઠાયક દેવીએ માયા રૂપ ધરી એક ચિતા સળગાવી. કૃષ્ણની બહેનનું સ્વરૂપ લઈ તેની પાસે રોતી બેઠી. કાળકુંવર પાસે આવ્યો ત્યારે તેણે તેને કહ્યું કે યાદવો ચિતામાં પડયા છે તેથી

કાળકુંવર ચિતામાં કૂદી પડયો અને શીઘ્ર ભસ્મિભૂત થઈ ગયો. જીવયશાએ જાણ્યું કે યાદવોનો નાશ થઈ ગયો એટલે તેણે વિશેષ પ્રયાસ કર્યો નહિ.

એવામાં એક વ્યાપારી જીવયશા પાસે રત્નકાંબળ લઈ વેચવા આવ્યો. તેણે જીવયશાને યાદવોના દ્વારિકાની સમૃદ્ધિની વાત કહી. કૃષ્ણ પણ જીવિત છે અને યાદવો સબળ થયા છે એમ જ્યારે જીવયશાએ જાણ્યું ત્યારે તેણે તેના પિતા જરાસંધને ઉશ્કેરી દ્વારિકા ઉપર મોકલ્યો પરંતુ કૃષ્ણે તેને પંચાસરના યુદ્ધમાં પરાજીત કર્યો તેથી ત્યાં શંખેશ્વર પાર્શ્વનાથનું તીર્થ થયું.

શૌર્યપુરમાં, અંધકવૃષ્ણિના દશ પુત્રો પૈકીનો જ્યેષ્ઠ પુત્ર સમુદ્રવિજય અને તેની રાણી શિવાદેવીને ત્યાં એક દૈવી પુત્રનો જન્મ થયો. તેનું નામ અરિષ્ટનેમિ પાડવામાં આવ્યું. એકવાર તેઓ રમતા રમતા કૃષ્ણની આયુધશાળામાં ગયા. ત્યાં સુદર્શન ચક્ર આદિ આયુધો પડેલાં હતાં. તેમાં પાંચજન્ય શંખ પણ હતો. નેમિનાથજીએ તે હાથમાં લઈ ફુંકયો અને તેનો નાદ સાંભળી કૃષ્ણ ત્યાં દોડી આવ્યા. તેણે તેનો બળવાન બાહુ નેમિનાથજી પ્રતિ પ્રસાર્યો પણ તેણે તેને કમળની દાંડી વાળે તેમ વાળી નાખ્યો. પછી તેણે પોતાની ભુજા કૃષ્ણ તરફ પ્રસારી તે પકડવા કહ્યું. કૃષ્ણે તેને પકડી પણ તે વાળી શકયા નહિ. એ સમયે દેવવાણી થઈ કે નેમિશ્વર બાવીસમાં તીર્થંકર છે, તે સંસાર કરશે નહિ અને રાજ્ય પણ ભોગવશે નહિ.

કૃષ્ણે તેમ છતાં ઉગ્રસેન પાસે તેની પુત્રી રાજીમતીનું નેમિનાથજી માટે માગું નાખ્યું. ઉગ્રસેને તેનો સ્વીકાર કરી શીઘ્ર લગ્ન કરી નાખવા આજ્ઞા આપી. નેમિનાથજી લગ્ન કરવા ગયા પણ તોરણેથી પાછા ફર્યા અને એક વર્ષ પછી દીક્ષા ગ્રહણ કરી ગિરનાર પર્વત ઉપર આવ્યા. રાજીમતી કે રાજુલ અવિવાહિત રહી અને તેણે પણ ગિરનાર ઉપર આવી દીક્ષા લઈ મોક્ષપદ પ્રાપ્ત કર્યું.

મહાત્મ્ય કહે છે કે શ્રી નેમિનાથજી લગ્ન કરવા ગયા ત્યારે તેનું વય ૧૨૫ વર્ષનું તથા રાજીમતીનું વય તેનાથી ૧૭૫ વર્ષ વધારે હતું. રાજીમતી ૧૦૦૧ વર્ષની વયે અને શ્રી નેમિનાથજી ૧૦૦૦ વર્ષની વયે મોક્ષ પામ્યાં. શ્રી નેમિનાથજીએ દીક્ષા લીધી ત્યારે તેનું વય ૩૦૦ વર્ષનું હતું.

## અંબિકા

જૈન મહાત્મ્ય પ્રમાણે સોમભટ નામના બ્રાહ્મણની પત્ની અંબિકાએ, તેના પતિની ગેરહાજરીમાં, બે જૈન સાધુઓને ભિક્ષા આપતાં, પતિએ તેને ઘરબહાર કાઢી મૂકી તેથી તે અંબર અને શંબર નામના બે પુત્રોને લઈને

વનમાં ગઈ. પાછળથી સોમભટને તથા તેની માને પશ્ચાત્તાપ થયો કારણ કે સાધુઓને આપેલી ભિક્ષાના પ્રતાપે તેના ગૃહમાં રિદ્ધિ સિદ્ધિએ વાસ કર્યો. સોમભટ તેની માના આગ્રહથી અંબિકાને શોધવા તેની પાછળ ગયો. જ્યારે અંબિકાએ પતિને આવતો જોયો ત્યારે તે તેને મારશે એ બીકે તેણે પુત્રો સહિત કુવામાં પડી આપઘાત કર્યો અને આ દુઃખ સહન ન થવાથી સોમભટે પણ આપઘાત કર્યો. અંબિકા સ્વપુણ્ય બલે, સુવર્ણ સમાન કાંતિવાળા દેવી થયાં. સોમભટ તેનું વાહન સિંહ થયો. અંબિકાએ શ્રી નેમિનાથની આદેશના લીધી અને ગિરનારના પવિત્ર તીર્થનાં અધિષ્ઠાયિકા દેવી તરીકે સ્થપાયાં.

## ગોમેધ

સુગ્રામ નગરમાં ગૌતમ ગોત્રનો ગોમેધ નામનો બ્રાહ્મણ રહેતો. તેણે અનેક યજ્ઞો કરેલા તેથી અત્યંત પાપ ઉપાર્જન કરેલું અને પરિણામે તેનો સમગ્ર પરિવાર નાશ પામ્યો અને પોતે કુષ્ટરોગથી ગ્રસિત થયો. ગોમેધને કોઈ મુનીએ સર્વ ક્રિયાઓ ત્યાગી શ્રી નેમિનાથજીનું સ્મરણ કરવા શિક્ષા આપી. આ શિક્ષા માની તે શ્રી નેમિશ્વરનું સ્મરણ કરતાં કરતાં મૃત્યુ પામ્યો અને ક્ષણ માત્રમાં તે ૭ હાથો અને ત્રણ મસ્તકો વાળો ગોમેધ યક્ષેશ્વર થયો. તે શ્રી નેમિનાથજીને નમતો ભજતો ગિરનાર ઉપર સ્થિર થઈને રહ્યો.

## વશિષ્ટ

મુનિ સુવ્રત સ્વામીના શાસનકાળમાં લક્ષ્મણ નામનો એક રાજા હતો. તેના સમયમાં ગંગાતીરે વશિષ્ટ નામનો તાપસ રહેતો તે વિદ્વાન હતો છતાં કપટી, પાપી અને સ્વાર્થી હતો તથા કંદમૂળનો આહાર કરતો. વશિષ્ટે એકવાર એક સગર્ભા મૃગલીને લાકડીનો પ્રહાર કરતાં મૃગલી મરી ગઈ. આ કૃત્યથી લોક નિંદા થશે તે ભયથી તેણે તીર્થાટન કર્યું. તીર્થાટન પૂરું થતાં પોતે પાપ વિમુક્ત થયો છે એમ માની રહેતો હતો ત્યાં કોઈ મુનિએ તેને કહ્યું કે માત્ર તીર્થાટનથી પાપ વિમુક્ત થવાતું નથી. મુનિએ તેને રેવતાચળ જવાની શિક્ષા આપી તેથી વશિષ્ટ રેવતાચળ ગયો અને શ્રી અરિષ્ટનેમિની આરાધના કરી મૃગલીની હત્યાના પાપથી મુક્ત થયો.

## ઉમા-શંભુ

શ્રી કૃષ્ણને કોઈ મુનિએ કહેલું કે ઉજ્જયંત પર્વત, ઉમા-શંભુ નામે ઓળખાશે. ત્યાં શંભુ પોતાના દુઃખનું મૂળ ઉમા છે તેમ સમજી તેનો ત્યાગ કરશે અને નેમિશ્વરનું ધ્યાન ધરશે. ઉમા પણ તપશ્ચર્યા કરશે અને તે શંભુને ચલાયમાન કરી તેને સાથે લઈ જશે.

## શ્રી કૃષ્ણ

ગિરનાર મહાત્મ્યમાં કૃષ્ણે ગિરનારનો ઉદ્ધાર કર્યો હતો, દ્વારકાનો દ્વિપાયને અગ્નિથી દાહ કર્યો હતો અને તે પછી વાસુદેવ અને જરા રાણીના પુત્ર જરાકુમારે શ્રી કૃષ્ણનો વધ કર્યો હતો તેથી કથાઓ પણ આપી છે.

## શ્રી નેમિનાથજીનું નિર્વાણ

એક સહસ્ત્ર વર્ષનું આયુષ્ય ભોગવી, અષાડ સુદી ૮ના રોજ શ્રી નેમિનાથજી રૈવત પર્વત ઉપર નિર્વાણ પામ્યા અને તેની સાથે તેના ભાઈઓ, કૃષ્ણ વાસુદેવની પટરાણીઓ, રાજુલ આદિ પણ મોક્ષ પામ્યાં તેમ પણ મહાત્મ્ય કહે છે.[1]

## વસ્ત્રાપથ ક્ષેત્ર

જે ક્ષેત્રમાં શ્રી નેમિનાથજીએ દીક્ષા લઈ વસ્ત્રોનો ત્યાગ કર્યો ત્યાં વસ્ત્રાપથ નામે ક્ષેત્ર વિસ્તર્યું. તેનો ક્ષેત્રપાળ કાળમેઘ છે.

## ગિરનાર મહાત્મ્ય (સ્કંદપુરાણ)

સ્કંદપુરાણના પ્રભાસખંડમાં અધ્યાય ૭૭ થી અધ્યાય ૧૦૧ સુધીના અધ્યાયોમાં ગિરનાર મહાત્મ્ય આપેલું છે. તેનો સવિશેષ ભાગ મૃગીકુંડ, વામનસ્થળીને સંબંધકર્તા તથા અન્ય આખ્યાયિકાઓનો છે.

## વસ્ત્રાપથ ક્ષેત્ર

પ્રભાસખંડ અનુસાર ગિરનાર ક્ષેત્રનું નામ વસ્ત્રાપથ ક્ષેત્ર છે અને તે ક્ષેત્ર પ્રભાસ ક્ષેત્ર અંતર્ગત છે. આ ક્ષેત્રમાં શંકરનું દીવ્ય વસ્ત્ર પડી ગયેલું તેથી તે વસ્ત્રાપથ ક્ષેત્ર કહેવાયું.[2]

વસ્ત્રાપથ ક્ષેત્રનું ક્ષેત્રફળ ગિરનાર મહાત્મ્યમાં ત્રણ સ્થળે આપવામાં આવ્યું છે. અધ્યાય ૭૯માં કહ્યું છે કે 'આ ગિરનાર ક્ષેત્ર દશ દશ ગાઉની પરિધના પ્રમાણવાળું છે. દક્ષિણે બલીનું સ્થાન બીલ્લેશ્વર મહાદેવ સુધી, પશ્ચિમમાં વામનપુરી સુધી, ઉત્તરમાં ભદ્રાવતી નદી સુધી અને પૂર્વમાં આઠ ગાઉ સૂર્યકુંડ સુધીનું છે. તેના મધ્યભાગમાં વશિષ્ટ તીર્થ (ત્રવેણી) થી માંડીને કાલિકાનું

---

1 ગિરનાર મહાત્મ્ય શ્રી. દો. પુ. બરોડીયા.

2 સરખાવો જૈન ગિરનાર મહાત્મ્યમાં વસ્ત્રાપથ ક્ષેત્ર.

સ્થાન જે ગિરનારમાં છે ત્યાં સુધી અંતર્ગૃહી કહેવાય છે.

અધ્યાય ૮૬માં પુરાણકાર કહે છે કે, 'વસ્ત્રાપથ ક્ષેત્રની ચતુઃસીમાનું એટલું પ્રમાણ છે કે ઉત્તરમાં ભદ્રાવતી નદી અને પૂર્વમાં બે યોજન (આઠ ગાઉ), પશ્ચિમમાં વામનપુરી (વંથળી), દક્ષિણમાં બીલ્લેશ્વર (બીલખા) અને તે ક્ષેત્રના મધ્ય ભાગમાં ઉજ્જયંત મહાન પર્વત છે. આ ક્ષેત્રનો વિસ્તાર પરિધિ ચાર યોજન (સોળ ગાઉ) છે.

અધ્યાય ૯માં જણાવ્યું છે કે, 'ક્ષેત્રના પર્વતોમાં પાંચ યોજનાનો વિસ્તાર છે તે ક્ષેત્ર વસ્ત્રાપથ ક્ષેત્ર નામે ઓળખાય છે.[1]

વસ્ત્રાપથ ક્ષેત્રમાં સાક્ષાત્ વિષ્ણુ સ્વયં વસે છે. આ ક્ષેત્ર ત્રિલોકને પાવન કરનારું છે. તેમાં સુંદર સરિતાઓ, વૃક્ષો અને અનેક તીર્થો આવેલાં છે. આ તીર્થમાં મહા પાપ કરનારા, વિશ્વાસઘાત કરનારા, સ્ત્રી અને બાલ હત્યા કરનારા, મદ્યપાન કરનારા પતિતો વસ્ત્રાપથ ક્ષેત્રના પ્રભાવથી પવિત્ર થાય છે કારણ કે ત્યાં સાક્ષાત્ શંકર ભવાની સહિત બીરાજે છે. વસ્ત્રાપથ ક્ષેત્રમાં જેના પ્રાણ જાય છે તે સ્વર્ગમાં જાય છે અને આ ક્ષેત્રની ભૂમિમાં જે જન્મ લે છે તે પોતાના કર્મના બંધનોથી મુક્તિ પામે છે.

## પર્વતો

વસ્ત્રાપથ ક્ષેત્રમાં રૈવત, કુમુદ અને ઉજ્જયંત નામના પર્વતો આવેલા છે તેમાં સર્વ દેવો વાસ કરે છે. આ ત્રણે પર્વતો, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના સ્વરૂપે રહેલા છે. ત્યાં સુવર્ણરેખા નામની સરિતા વહે છે.

પુરાણકાર ઉજ્જયંતની ઉત્પત્તિ માટે કહે છે કે, પૂર્વે પર્વતોને પાંખો હતી. પરંતુ મેરૂ, મંદરાચળ અને કૈલાસ સ્થિર હતા. એકવાર કુમુદ પર્વત ઉપર વસતા વિષ્ણુને મળવા શંકર આવ્યા ત્યારે કુમુદ પર્વતે શંકરને નમન કરીને કહ્યું કે આજે પાર્વતીજી સાથે આપ મારે ત્યાં પધાર્યા તેથી હું ધન્ય થયો છું. શંકરે પ્રસન્ન થઇ તેને વર માગવા કહ્યું ત્યારે કુમુદે કહ્યું કે 'ભગવાન, આપ જ્યાં નિવાસ કરી રહો ત્યાં મારો નિવાસ રહે' શંકરે કહ્યું કે 'હે ! કુમુદ ! હું જે ક્ષેત્રમાં રહું તે ક્ષેત્રમાં તારે બ્રહ્માના સો વર્ષ સુધી રહેવું.'

---

1 વાસ્તવમાં વસ્ત્રાપથ ક્ષેત્ર ગિરનારથી જૂનાગઢ સુધીનું છે. તેની બન્ને બાજુએ ગિરિકંદરા છે અને તેથી તે ભૂમી જેમ વસ્ત્ર પાથર્યું હોય તેમ 'પાઘડી પને' છે તેથી તે ક્ષેત્ર વસ્ત્રાપથ કહેવાયું હશે (વસ્ત્ર=કપડું અને પથ=માર્ગ)

ઋતવાક્ ઋષિનો પુત્ર રેવત્યંત ગંડાંત યોગમાં જન્મ્યો તેથી તે દુર્બુદ્ધિ થયો. તેણે ગર્ગાચાર્યને તેનું કારણ પૂછતાં તેણે કહ્યું કે તારો પુત્ર રેવતી નક્ષત્રમાં જન્મ્યો છે અને તે નક્ષત્રમાં જન્મેલા માણસો એવા જ હોય છે. આથી ઋતવાક્ કોપાયમાન થયા અને તેનો પુત્ર દુર્બુદ્ધિ થયો છે તે રેવતી નક્ષત્રમાં તેના થયેલા જન્મને કારણે છે એમ માની રેવતી નક્ષત્રને શાપ આપ્યો કે તે પૃથ્વી ઉપર ખરી પડો. રેવતી નક્ષત્ર પૃથ્વી ઉપર ખરી પડતાં તે કુમુદ પર્વત ઉપર આવી પડયું. કુમુદ તેના પ્રતાપથી બળવા લાગ્યો ત્યારે કુમુદના મિત્ર અને હિમાચલના પુત્ર ઉજ્જયંતે આવી તેના દાહનું શમન કર્યું અને ત્યાં જ નિવાસ કર્યો. તે પછી દેવોએ પણ ત્યાં જ નિવાસ કર્યો.[1]

અન્યત્ર પુરાણકાર કહે છે કે શંકરનાં ઉમા સાથે લગ્ન થયાં ત્યારે ઉમાના ભાઈ ઉજ્જયંતે શંકરની આગતા સ્વાગતા કરી તેથી પ્રસન્ન થઈ શંકરે તેને વરદાન આપ્યું કે 'મારા પ્રસાદથી તું ગિરિરાજ ગિરિ કહેવાઈશ.'

ગિરનાર મહાત્મ્યમાં, ગિરનાર મહોદય કહ્યો છે, કોઈ સ્થળે ગિરિનારાયણ પણ કહ્યો છે. પુરાણકાર ઉજ્જયંતની સ્પષ્ટતા કરે છે અને રૈવતાચળ પર્વતના જુદાં જુદાં શૃંગોની વિગતો પણ આપે છે.[2]

ગિરનારમાં, તેના પ્રમાણે આનંદ, કાલરોધ સનક, વૃક્ષ, નીલ, કુંભ, ગૌતમ, કૃષ્ણ, રુદ્ર, કુંજર, કાલમેઘ વગેરે અનેક પુણ્ય સ્થળો અને વિવરો છે. ઉજ્જયંત પર્વત, શિવરૂપ અને શિવ લિંગાકાર છે, અને ભૈરવ, ગજપદ, રામાનંદ, ગંગાખ્ય, ખર્પરાખ્ય, મહાશૃંગ, અંબિકા, ગૌતમાખ્ય, ગુરુશિખર, કાલિકા શિખર, અઘોરાખ્ય, શ્રીચક્ર વગેરે શિખરો છે. કુમુદ પર્વતના, સિંહ, વિજય, કમળ, ત્રિલોચન, અશ્વત્થામા, કુબેર મહામોદ વગેરે શૃંગો છે.

પ્રભાસ ખંડ કહે છે કે જ્યારે ગિરનાર ઉપર જવું હોય ત્યારે 'પુગ, કલગ, ગ્રાતિ બાંધવો વગેરે સાથે ગીત, વાદ્ય, વેદઘોષ થાય તેમ ઉત્સવની જેમ જવું. ત્યાં દશ કરોડ તીર્થો રહેલાં છે તેથી તે અપવિત્ર થાય નહિ તે માટે ઉપર ઘણું રહેવું નહિ.

ગિરનાર ક્ષેત્રમાં, પાંચ રકાર, 'રેવતીકુંડ, રૈવતાચલ, રવીવાર, રેવતી અને રાધા દામોદર' દુર્લભ છે.[3]

---

1 રેવતીની કથા અન્યત્ર આપી છે.
2 અન્ય તીર્થોની વિગતો આગળ આપી છે.
3 પ્રભાસખંડ ભાષાંતર-વેદમૂર્તિ પાઠક ગોરાભાઈ રામજીના આધારે.

## સ્કંદપુરાણમાં ગિરનારનાં તીર્થો

સ્કંદપુરાણના પ્રભાસખંડના અધ્યાય ૮૮ થી અધ્યાય ૧૦૨માં ગિરનાર પર્વત ઉપરનાં તથા નગરથી તળેટી સુધીનાં તેમજ વંથળી અને બીલખા સુધીનાં તીર્થોનું વર્ણન, ક્રમ અને મહાત્મ્ય આપવામાં આવ્યાં છે. તે પ્રમાણે ભવનાથ મહાદેવ પાસે ઉજ્જયંત નામનો પર્વત છે તથા તેની પાસે રૈવતાચળ પર્વત છે. ત્યાં સ્વર્ણરેખા નામની સરિતા વહે છે.

સ્વર્ણરેખા નદીના મધ્ય ભાગમાં દામોદરકુંડ છે, તેની પાસે પશ્ચિમ દિશામાં રેવત રાજાની પુત્રી રેવતીએ બંધાવેલો રેવતીકુંડ છે.

ગિરનાર ક્ષેત્રની સીમા ચાર ચાર યોજનના પરિઘમાં છે. તેની ઉત્તરમાં ભદ્રાવતી ગંગા (ભાદર), દક્ષિણમાં બલીસ્થાન-બિલ્વેશ્વર મહાદેવ (બીલખા), પૂર્વે સૂર્યકુંડ અને પશ્ચિમે વામનપુરી (વંથળી) છે. આ ક્ષેત્રના મધ્યભાગમાં, વશિષ્ટ તીર્થ (ત્રિવેણી) થી લઈને ગિરનારના અંતિમ શિખર સુધીનું વસ્ત્રાપથ ક્ષેત્ર કહેવાય છે.[1]

વસ્ત્રાપથ ક્ષેત્રનાં તીર્થો અને સ્થાનોની યાત્રાનો પુરાણકાર વશિષ્ટ તીર્થથી પ્રારંભ કરે છે. 'ત્યાં વશિષ્ટેશ્વર મહાદેવ તથા સરસ્વતીકુંડ છે. ત્યાંથી આગળ જતાં વાગીશ્વરી દેવી છે. વાગીશ્વરી પાસે વામનેશ્વરનું શિવાલય છે. આ શિવાલય જે પર્વતમાં છે તેનું નામ મંગલ પર્વત છે. તેના પશ્ચિમ ભાગમાં ત્રિવેણી પાસે સિધ્ધેશ્વર મહાદેવ તથા વશિષ્ટ તીર્થ છે. તેની પશ્ચિમે માતૃકા (નવદુર્ગામાત્રી) તથા લોકેશ્વર મહાદેવ છે. ત્યાંથી આગળ ચાલતાં વીરભદ્ર પર્વતમાં ઈંદ્રેશ્વર મહાદેવ તથા ઈંદ્રકુંડ છે.'

'વસ્ત્રાપથ ક્ષેત્રમાં પાછા ફરતાં ત્યાં સૌભાગ્યહદ તીર્થમાં આવેલા બાણેશ્વર મહાદેવ તથા બાણગંગા નદી છે. ત્યાં તિલેશ્વર તથા મુચકુંદેશ્વર મહાદેવ છે. તેની પાસે જ રેવતીકુંડ છે. તેની પાસે દામોદરનું મંદિર અને બ્રહ્મેશ્વર મહાદેવ છે. આગળ ચાલતાં વીરહદ તીર્થમાં સોમેશ્વર મહાદેવ તથા આગળ જતાં દુગ્ધગંગાને તીરે દુગ્ધેશ્વર મહાદેવ છે. ત્યાં લોકેશ્વર મહાદેવ છે. તથા આગળ ચાલતાં જટાશંકર મહાદેવ તરફ ચડવાનું આવે છે.'

'જટાશંકરથી ઉતરી પાછા પૂર્વમાં જતાં ભવેશ્વર તથા મૃગીકુંડ આવે છે. ત્યાં કાળમેઘ નામના ક્ષેત્રપાળ છે તથા ભૈરવકુંડ છે.'

---

1 અન્યત્ર આ જ અધ્યાયમાં આ સીમા દર્શાવતાં પુરાણકાર લખે છે કે પૂર્વમાં પાટેશ્વર, પશ્ચિમે વામનાસ્થળી, ઉત્તરે રામનાથ તથા દક્ષિણે બિલનાથ છે.

'વસ્ત્રાપથ ક્ષેત્રના વાયુકોણમાં એક દિવ્ય સરોવર છે. પશ્ચિમ દિશામાં બિલ્વપત્રની ઝાડીમાં એક શંકરનું મંદિર છે. ભવનાથના નૈઋત્ય કોણમાં હેરંબ નામના ગણપતિ છે અને યમરાજાનાં સ્થાપેલાં બોરદેવીનું સ્થાન છે. વસ્ત્રાપથની દક્ષિણ દિશામાં બિલ્વેશ્વર મહાદેવ અને બિલ્વગંગા છે. તેના પૂર્વ ભાગમાં રુદ્રગંગા નામની નદી, પાટેશ્વર મહાદેવ અને સૂર્યકુંડ છે. ઉત્તર ભાગમાં રામગંગા તથા હનુમાન ધારા છે તથા ચિત્રગુપ્તેશ્વર મહાદેવ છે'

## ગિરનાર

ગિરનાર ચડતાં પ્રથમ પંચેશ્વર આવે છે. ત્યાંથી મણિકુંડ. ગજપાદ તથા રસકૂપ આવે છે. આગળ ચાલતાં ભીમકુંડ તથા ભીમેશ્વર મહાદેવ છે. આગળ ગૌમુખી ગંગા તથા ગંગશ્વેર મહાદેવ છે. ત્યાં સુરાર્ક નામે બટુક ભૈરવ છે તથા તેની પાસે જ રામાનંદ અને કાળભૈરવ પણ છે. ઉપરના શિખરે અંબાજી છે. ત્યાંથી આગળ ચાલતાં કમંડલુ નામે તીર્થ છે અને દત્તાત્રયનું સ્થાન છે. ત્યાંથી આગળ ચાલતાં કાલિકાનું શિખર છે.

## શિખરો

પ્રભાસખંડના બીજા ભાગમાં પ્રત્યેક સ્થાનના મહાત્મ્યની વાર્તાઓ છે. તે ઉપરાંત તેમાં કેટલીક ઉપયોગી માહિતી પણ આપવામાં આવી છે. તેના પ્રમાણે ગિરનારના મુખ્ય ત્રણ પર્વતો, રૈવત, ઉજ્જયંત અને કુમુદ. ઉપરાંત મંગળ, વીરભદ્ર વગેરે ઉપપર્વતો પણ છે. આ પુરાણ પ્રમાણે પ્રત્યેક પર્વતનાં જુદાં જુદાં શૃંગોના જુદાં જુદાં નામો પણ હતાં.

કુમુદનાં શૃંગો—સિંહ, વિજય, કમલ, ત્રિલોચન, અશ્વત્થાત્મા, કુબેર અને મહામોદ.

રૈવતનાં શૃંગો—આનંદ, કાલરોધ, સનક, વૃષ, નીલ, કુંભ, ગૌતમ, કૃષ્ણ, રુદ્ર, કુંજર અને કાલમેઘ.

ઉજ્જયંતનાં શૃંગો—ભૈરવ, ગજપદ, રામાનંદ, ગંગાખ્ય, સુપર્ણાખ્ય, અંબિકા, ગૌતમાખ્ય, ગુરુશિખર, કાલિકા, અઘોરાખ્ય અને શ્રીચક.

## વૃક્ષો

પુરાણકાર કહે છે કે ગિરનારના વનમાં ખાખરા, પીપળા, લીમડા, વારણાં, સમી, કદંબ, બીજોરાં દાડમ, બોરડી, સેમળા, જાંબુ, ખેર, આંકોલ, પનસ, સરખડા, ખજૂર, મહુડા, ટીંબરવા, લોધર, હરડાં, બેડાં, આંબળાં, અરીઠા,

આંબલી, પાટલા, નગડ અને મીઠેળ થાય છે.

**બ્રાહ્મણો**

શુક્લ, માધવા અને ચાતુરા બ્રાહ્મણો પૈકી શુક્લ ગિરનારમાં રહ્યા તેથી ગિરનારા બ્રાહ્મણ કહેવાયા. માધવા માધવપુર ગયા તથા ચાતુરાને, શિવરાત્રિની પૂજા કરી ચંદ્રકેતુ રાજાએ ૧૪ ગામો આપ્યાં.

સ્કંદપુરાણની ભીન્ન ભીન્ન હસ્તલિખિત પ્રતો પ્રાપ્ત થઈ છે તેમાં ગિરિનારા બ્રાહ્મણો માટે કરવામાં આવેલા ઉલ્લેખોમાં એકવાક્યતા નથી.

વેંકટેશ પ્રેસ દ્વારા પ્રસિદ્ધ થયેલા સ્કંદપુરાણમાં ગિરનારનું વર્ણન કરી ત્યાં બ્રાહ્મણો હતા તેમ કહેવામાં આવ્યું છે. શ્રી વકીલ ઈશ્વરજી કચ્છીએ વિ. સં. ૧૯૪૪માં પ્રસિદ્ધ કરેલા ગિરનાર મહાત્મ્યના ભાષાંતરમાં, ગિરિનારાયણના બ્રાહ્મણોની શ્રેષ્ઠતા દીર્ઘ પ્રમાણમાં વર્ણવી છે. શ્રી ગોરાભાઈ રામજી પાઠકના ભાષાંતરમાં પણ ગિરિનારાયણ અને બ્રાહ્મણો માટે વિવેચન કરવામાં આવ્યું છે. આ બધા પ્રમાણો વિચારી 'શ્રી ગિરિનારાયણ જ્ઞાતિની ઉત્પતિ'ના લેખક શ્રી શુક્લ જીવરામ દુર્લભજી લખે છે કે, 'પુરાણમાની કથાને વધારીને વિશેષ મહાત્મ્યવાળી બનાવવાને માટે જ એક શ્લોક પાછળ નવા પાંચ-છ શ્લોક વધારવા માટે જ તે શ્રમ કોઈએ લીધેલો લાગે છે.' અર્થાત્ આ મહાત્મ્ય ક્ષેપક છે તેમ છતાં ગિરનારમાં વસતા બ્રાહ્મણો ગિરિનારાયણ કહેવાતા તે નિઃશંક છે. શ્રી જીવરામ દુર્લભજી શુક્લ, શાસ્ત્રી કાલીદાસ ગોવિંદજીએ લખેલી રેવાબાઈ ધર્મ શિક્ષણ માળામાંથી નીચેનો એક પુરાવો ઉધ્ધૃત કરે છે. 'જેઠવા રજપૂતોની રાજધાની ઘુમલી જ્યારે આબાદ હતી ત્યારે તેમાં લખાયેલું વ્રતની કથાનું એક પુસ્તક જામનગરના શાસ્ત્રી કાલીદાસ ગોવિંદજીના ઘરમાં છે. એ કથાના છેલ્લા પાનામાં તથા તેની પાછળ લખેલું છે કે 'સંવત ૧૧૫૧ વર્ષે શ્રાવણ શુદિ ૨ ભૃગુદિને લખિતંગ મોહનજી સુત વલ્લભે ગિરિનારાયણ જ્ઞાતિએ લખતંગ ઠાકર મોહનજી સુત વલ્લભજીએ નાગર શામજીને ઘરે બેઠા લખ્યું છે. શ્રી ઘુમલી મધે શ્રી ગણેશ ફલીઆમાં લખું છે ॥ ૧ ॥ લખીતંગ ગરનારાયણ જ્ઞાતિય જોસિ દિવેચા માધવજી કાનજીના જી વાંચે તેને પ્રણામ છે રહે છે હાથી ચકલામાં સંવત ૧૧૫૨ના શ્રી ગણેશાય નમઃ"[1]

---

1 સ્કંદપુરાણના આદિત્યખંડમાં 'શ્રી દામોદર મહાત્મ્ય નિરૂપણ'ના પ્રસંગમાં અધ્યાય ૩૨ થી અધ્યાય ૩૫માં ગિરિનારા બ્રાહ્મણ જ્ઞાતિની ઉત્પતિ ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

(વધુ માટે જુઓ પાનું ૩૯૯)

## સોપાન માર્ગ

ગિરનારના પર્વતોમાં અપવાદ બાદ કરતાં મંદિરો મધ્ય પર્વત ઉપર છે. આ પર્વતને ધર્મગ્રંથોમાં ઉજ્જયંત કહેવામાં આવ્યો છે. તેના ઉપર જવાનો સોપાન માર્ગ છે.

ગિરનાર ઉપર જવાનો માર્ગ પ્રથમ તેની પૂર્વ–ઉત્તર તરફથી હશે એમ જુદા જુદા પ્રમાણોથી જણાય છે. આજે પણ તે તરફ ઉતરવાનો એક માર્ગ છે. બીજો માર્ગ પણ ભવનાથ તળેટી પાસેથી ઉત્તર તરફ વળી જટાશંકર મહાદેવ પાસેથી, હનુમાન ધારા થઈ પથ્થર ચઢી જાય છે. આ માર્ગો અત્યારે બહુ ઉપયોગમાં નથી.

એમ પણ જણાય છે કે વર્તમાન માર્ગ, ગિરિનગરનું નિર્માણ થયા પછી પર્વતમાળા કાપી તેમાંથી કાઢવામાં આવ્યો હશે અથવા સરિતાઓને નાથી પડખેથી માર્ગ કાઢવામાં આવ્યો હશે.

ઉપર કથિત જટાશંકરવાળા માર્ગે આજ પણ ભાંગેલાં તૂટેલાં પગથિયાં દેખાય છે. તેથી તે માર્ગ જૂના સમયમાં ઉપયોગમાં લેવાતો અને અત્યારે જ્યાં પગથિયાં છે તે પાછળથી બંધાયા છે તેમ સ્પષ્ટ જણાય છે.

ગિરનાર ઉપરનો સોપાન માર્ગ પ્રથમ કોણે બાંધ્યો તેનું સ્પષ્ટ પ્રમાણ ઉપલબ્ધ નથી. પરંતુ ઇતિહાસનાં પૃષ્ઠો ઉપર અંકિત થયેલા કેટલાક પ્રસંગો તે માટે થોડી માહિતી પૂરી પાડે છે.

મેરુતંગાચાર્ય રચિત પ્રબંધ ચિંતામણિમાં[1] કથા છે કે ગુર્જર નરેશ કુમારપાળ ઈ. સ. ૧૧૫ માં જૂનાગઢ જીતી યાત્રાએ ગિરનાર જવા નીકળ્યો ત્યારે ગિરનાર સમીપે જતાં અકાએક ભૂકંપ થયો અને એક અદ્ધર શિલા ધ્રુજી ઊઠી. આ જોઈ હેમચંદ્રાચાર્ય સાથે હતા તેણે કહ્યું કે વૃધ્ધો એવી વાત કરતા

(૩૯૮ માં પાનાનું ચાલુ)

આ અધ્યાયોમાં ખરદાઈ, આજકીયા, માધવીયા વગેરે વિભાગોનું પણ વર્ણન છે. આ વિભાગો સં. ૧૬૮૨ પછી પડયા હોવાનું પણ કેટલાક વિદ્વાનો માને છે. ગિરનાર મહાત્મ્યના અધ્યાય ૧૦૨માં પણ તે પ્રકારનું વર્ણન છે.

સદીઓથી તીર્થનું રક્ષણ કરી તેની અગત્ય જાળવી રાખનારી આ ઐતિહાસિક જ્ઞાતિમાં અનેક વિદ્વાનો થયા હશે પરંતુ મારા અપાર પરિશ્રમ છતાં મને કોઈ ગિરનારા ભાઈ તરફથી કાંઈ માહિતી મળી નથી. હજી પણ એ જ્ઞાતિના કોઈ ભાઈ તે માટે પ્રયત્ન કરે તેમ હું ઇચ્છું છું.—લેખક.

1 પ્રબંધ ચિંતામણિ ભાષાંતર–શ્રી દુ. કે. શાસ્ત્રી

કે જો કોઈ બે પુણ્યશાળી પુરુષો સાથે મળી અહિં આવે તો આ અધ્ધર શિલા તેની ઉપર પડે અને તે વાત સાચી પડે તો આપણે બન્ને માર્યા જઈએ, માટે આપણે જુદા પડી જઈએ અને આપ ઉપર જાઓ. કુમારપાળે આગ્રહ કરી: હેમચંદ્રાચાર્યને ઉપર મોકલ્યા અને પોતે અદ્ધર શિલાનો માર્ગ છોડી જૂના કિલ્લાની બાજુમાં બીજે ઠેકાણે નવાં પગથિયા બાંધવા માટે શ્રી વાગ્ભટ્ટદેવને આજ્ઞા કરી. તેણે બન્ને બાજુએ ૬૩ લાખનો ખર્ચ કરી પગથિયાં કરાવ્યાં.

આ કથા પ્રભાવક ચરિત્રમાં પણ છે. પરંતુ સોમપ્રભાચાર્ય વિરચિત 'કુમારપાલ પ્રતિબોધ'માં, જયસિંહસૂરીના 'કુમારપાલ ચરિત'માં અને જિનમંડન ગણિના 'કુમારપાલ પ્રબંધ'માં, આ સોપાન માર્ગ સુરાષ્ટ્રના અધિકારી રાણીંગના પુત્ર આમ્ર કે આમડે બંધાવ્યો હોવાનું લખ્યું છે. આ કથનને કબૂતરી ખાણનો વિ. સ. ૧૨૨૨નો શિલાલેખ પુષ્ટી આપે છે. આ ગ્રંથોમાં કરેલા કથનાનુસાર કુમારપાળના સમયમાં આ કાર્ય થયું પરંતુ કુમારપાળ પ્રતિબોધ વિશેષમાં ઉમેરે છે કે, જ્યારે ગિરનાર પર્વત ઉપર રાજા ચડી શકયો નહિ ત્યારે તેણે સોપાન માર્ગ બાંધવા શ્રીપાલના પુત્ર સિદ્ધપાલની સૂચનાથી આમ્રને આજ્ઞા કરી.

રાજા કુમારપાળ ઈ. સ. ૧૧૭૬માં ગુજરી ગયો જ્યારે આ પગથિયાં શિલાલેખ પ્રમાણે ઇ. સ. ૧૧૬૬માં બંધાયાં છે. આ શિલાલેખ સિવાય વિ. સ. ૧૨૨૩[1]ના એક બીજા શિલાલેખમાં પણ તેનો ઉલ્લેખ છે. આ ગ્રંથો અને શિલાલેખનાં વિધાનો સમગ્ર રીતે વિચારતાં એટલું સ્પષ્ટ થાય છે કે પ્રથમ સોપાન માર્ગ હતો છતાં બીજી દિશાએ રાજા કુમારપાળે સોપાન માર્ગ બાંધવા આજ્ઞા કરી અને તે કાર્ય તેના મૃત્યુ પછી બંધ પડતા અધૂરું કાર્ય વીશ વર્ષ પછી પૂરું થયું. આમ્ર કે આમડ કુમારપાળના રાજ્યમાં એક અધિકારી હતો ઇ. સ. ૧૧૬૬માં પગથિયાં બંધાવનાર શ્રીમાળી આંબાક, રાણિંગનો પુત્ર હતો, તે બન્ને એક ન હતા.

વસ્તુપાલ તેજપાલે ઈ. સ. ૧૨૩૨ લગભગ ગિરનાર ઉપરનાં ભવ્ય અને સુંદર મંદિરો નિર્માણ કર્યાં તેની વિપુલ વિગતો ઉપલબ્ધ છે પરંતુ તેઓએ સોપાન માર્ગ બંધાવ્યાનો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ જોવામાં આવતો નથી. થોડા જ વર્ષો પહેલાં બંધાયેલાં પગથિયાં સંપૂર્ણ હશે તેથી ફરીથી બાંધવાની આવશ્યકતા જણાઈ નહિ હોય!

તે પછી 'વિ. સં. ૧૬૮૩ના કાર્તિક વદી ૬ અને સોમવારે શ્રી ગિર-

---

1 હીસ્ટોરિકલ ઇન્સ્કીપ્શન્સ ઓફ ગુજરાત-શ્રી. ગિ. વ. આચાર્ય પૃ. ૨૯.

નારની પાજનો ઉદ્ધાર શ્રી દીવના સંઘે પુરૂષા નિમિત્ત શ્રીમાલ જ્ઞાતીય...ના સિંઘજી મેઘજીએ' કરાવ્યો તેનો શિલાલેખ હાથી પાણા પાસે છે. એ ઉપરથી પ્રતીત થાય છે કે આ સોપાન માર્ગનો જીર્ણોદ્ધાર ઇ. સ. ૧૬૨૭માં થયો.

ઈસુની પંદરમી, સોળમી અને સત્તરમી સદીના અંત સુધી મુસ્લિમ શાસનમાં મંદિરોના ખંડનનો કાર્યક્રમ એ રાજનીતિ હતી તેથી સોપાન માર્ગ પણ ખંડિત થયો હશે અને ઇ. સ. ૧૬૨૭માં એટલે શાહજહાન ગાદીએ બેઠો તે વર્ષમાં સોપાનમાર્ગનો ઉધ્ધાર થયો. પણ તેના રાજઅમલના અંત સાથે ધાર્મિક સહિષ્ણુતાની નીતિનો અંત આવ્યો તેથી તેના જીર્ણોધ્ધારનો પ્રશ્ન રહ્યો નહિ.

ઇ. સ. ૧૮૮૯માં તળેટીથી માળી પરબ સુધીનાં પગથિયાં સાવ નાબૂદ થઈ ગયાં હતાં અને માળી પરબથી કોટ સુધીનાં પગથિયાં ધોળા ભુખરા પથ્થરનાં હતાં તે ઘણાં જીર્ણ થઈ જઈને ઘસાઈ ગયાં હતાં. અંબાજીથી તો આગળ પગથિયાં રહ્યાં જ ન હતાં. તે સમયે જૂનાગઢ રાજ્યના દીવાન હરિદાસ વિહારીદાસ દેસાઈએ રાજ્ય તરફથી તેનું સમારકામ કરવા વિચાર્યું પરંતુ કહેવાય છે તેમ તેનો પ્રસ્તાવ સ્વીકાર્ય ન થતાં તેણે તત્કાલિન ચીફ મેડીકલ ડો ત્રિભોવનદાસ મોતીચંદ શાહના સહકારથી ગિરનાર લોટરી કાઢી.

## ગિરનાર લોટરી

ગિરનાર લોટરીની એક કમિટી, દીવાન હરિદાસ દેશાઈના પ્રમુખપણા નીચે સ્થાપવામાં આવી. તેમાં સર્વશ્રી પુરુષોતમરાય સુંદરજી ઝાલા, શેઠ આણંદજી કલ્યાણજી, શેઠ જેસિંગભાઈ હઠીસિંગ, શેઠ દેવચંદ લક્ષ્મીચંદ, ખા. બ. અરદેશર જમશેદજી નાયબ દીવાન, ડો. ત્રિભોવનદાસ મોતીચંદ શાહ, નરસિંહપ્રસાદ હરિપ્રસાદ, છોટાલાલ મથુરાદાસ બક્ષી, મુનશી ગુલામ મહમદ બાવામીયાં બેરિસ્ટર, મૌલવી અશરફઅલી એમ. એ., કેવળરામ માવજી દવે વકીલ, ચોકસી નાથાલાલ દેવચંદ, ઠક્કર માધવજી કાનજી રાજા, મોતીચંદ તુલસીદાસ (રાજકોટ) તથા હુમડના કારખાનાની પેઢીને સભ્યો તરીકે લેવામાં આવ્યા. ડો. સદાશિવ શિવરામ સહસ્રબુધ્ધે, શ્રી ભવાનીશંકર ગિરજાશંકર (વઢવાણ) તથા છગનલાલ હરિલાલ પંડયા એકાઉન્ટન્ટ અને સેક્રેટરી પદે રહ્યા.

તેમાં પ્રથમ ઈનામ રૂપિયા ૪૦,૦૦૦નું હતું. બે ઈનામો પ્રત્યેક રૂપિયા ૧૦,૦૦૦નાં હતાં. ૪ ઈનામો રૂપિયા ૫૦૦૦નાં, ૧૦ ઇનામો રૂપિયા ૧૦૦૦નાં, ૨૦ ઇનામો રૂપિયા ૫૦૦નાં, ૨૫૦ ઈનામો રૂપિયા ૨૦ નાં ૫૦૦ ઈનામો

રૂપિયા ૨૦ નાં અને ૧૦૦૦ ઈનામો રૂપિયા ૫ ના હતાં. એમ કુલ રૂપિયા ૧,૧૫૦૦૦ નાં ઇનામો કાઢવામાં આવેલાં.

આ લૉટરીનો ડ્રૉ તારીખ ૮–૮–૧૮૮૯ ના રોજ હતો. તેમાંથી ઈનામો બાદ જતાં રૂપિયા સાડાત્રણ લાખ બચ્યા. તેમાંથી તળેટીથી અંબાજી સુધીનાં કાળા પથ્થરનાં પાકાં પગથિયાં બંધાવ્યાં. એક સ્થાયી કમિટી હાલ આ પગથિયાંના સમારકામની કાળજી રાખે છે.

તળેટીથી ઉપરકોટ, અંબાજી, ગોરખનાથનો ધૂણો તથા દત્તાત્રય સુધીનાં ૧૨૦૦૦ જેટલાં પગથિયાં છે. તારીખે સોરઠમાં જણાવ્યું છે કે તળેટીથી શ્રી ગિરનાર માતા સુધી ૧૦૬૯ અને ગૌમુખીથી હનુમાનધારા સુધી ૯૬૮ પગથિયાં છે. આ ઉપરથી જણાય છે કે જૂનાં પગથિયાં ઊંચાં અને મોટા માપનાં હશે.

## ઉર્ધ્વગામી યાત્રા

સોપાન માર્ગના સિંહ દ્વાર આગળ દુકાનો, હોટેલો વગેરે હોવાને કારણે તથા પ્રવાસીઓની ભારે અવર જવરને કારણે ઘણી ગંદકી રહે છે તેમ ગિરનાર તળેટી સુધરાઈ હસ્તક ન હોવાથી તેની સફાઈ માટે કોઈ પ્રબંધ હતો નહિ. પણ ઈ. સ. થી ગિરનાર તળાટી ગ્રામ પંચાયતની સ્થાપના થતાં આવાં કાર્યો ઉપર ધ્યાન દેવાય છે.

ગિરનાર ઉપર રોપવે કરવાની એક યોજના રાજરત્ન શેઠશ્રી નાનજીભાઈ કાલીદાસ મહેતાએ સ્વખર્ચે કરવાની ૧૯૬૭માં યોજના કરેલી પણ થઇ શકી નહિ. હવે સરકાર વિચારે છે.

ચડાની વાવ છે ત્યાંથી ઉર્ધ્વગામી યાત્રા શરૂ થાય છે. સોપાન માર્ગની બે બાજુઓ ઉપર, પાંડવ ડેરી, રોકડીયા હનુમાન, વાઘની આંબલી, ધોળી ડેરી, કાળી ડેરી વગેરે સ્થાનો તથા વીસામાઓ છે. આગળ ચાલતાં શ્રી નથુજી દલીયાના સંચાલન નીચેની નાથ સંપ્રદાયની ભરથરીની ગુફા આવે છે અને થોડે જ આગળ માળી પરબ કે માડી પરબ નામે ઓળખાતી જગ્યા છે. અહિ શ્રી રામચંદ્રજીનું મંદિર છે અને તેની પાસે કુદરતી ઝરણાંને બાંધી એક મિષ્ટ અને શીતળ જળનો કુંડ બનાવ્યો છે. અહિ એક છૂટો લેખ છે તેમાં વિ. સં. ૧૨૪૪માં શ્રી પ્રભાનંદ સૂરીના ઉપદેશથી આ કુંડ બાંધવામાં આવ્યો હોવાનો ઉલ્લેખ છે.[૧]

ત્યાંથી આગળ વધતાં કાઉસગ્ગીઆ તથા હાથી પાષાણ આવે છે. કિંવદંતી છે કે જ્યારે રાણકદેવીને સિધ્ધરાજે બળાત્કારે નીચે ઉતારી ત્યારે આ શિલા પડવા લાગેલી તે જોઈ રાણકદેવીએ કહેલું કે 'મ પડ મુજ આધાર, ચોસલ કોણ ચડાવશે—' તેનાથી થોડે જ આગળ કબૂતરી કે ખબુતરી ખાણ સુવાવડીનાં

પગલાં અને એક વિસામો આવે છે. અહિંથી આગળ જતાં જમણી તરફ માર્ગ ખંડન કરી વળતાં પંચેશ્વર મહાદેવનું મંદિર આવે છે તથા પુનઃ માર્ગે ચડી આગળ વધતાં કોટ કે ઉપરકોટની ટૂંકમાં પ્રવેશ થાય છે.

## કોટ

કોટમાં મંદિરો હોવાથી તે દેવકોટ કહેવાય છે. લોકો તેને ઉપરકોટ પણ કહે છે. તેના સિંહાદ્વાર ઉપરના માઢમાં તથા તેની બાજુએ જૂનાગઢ રાજ્યનો સરકારી ઉતારો હતો. તેમાંનો અમુક ભાગ જ હવે સરકાર હસ્તક છે

ત્યાં દુકાનો છે તથા તેની સમીપે જૈન મંદિરો તથા ધર્મશાળા છે.

## શ્રી. નેમિનાથજી

આ મંદિરોમાં મુખ્ય મંદિર શ્રી નેમિનાથજીનું છે. તેમાં મૂલ નાયકનો ચોક ૧૯૦ ફીટ×૧૩૦ ફીટ તથા રંગમંડપ ૪૪૩/૪ ફીટ×૪૧૩/૪ ફીટનો છે. શ્રી નેમીનાથજીની પ્રતિમા શ્યામ અને મનોહર છે. આ મંદિરની ભમતીમાં યક્ષ, યક્ષિણી, સમેત શિખર, નંદીશ્વર દ્વીપ, આદિ ૧૭૫. રંગમંડપમાં ૩૮ અને ગર્ભાગારમાં ૫ મળી કુલ ૨૧૮ જેટલી મૂર્તિઓ છે.[1]

બહારનો રંગમંડપ ૩૮ ફીટ × ૨૧ ફીટનો છે. તેમાં એક ગોળ ઓટલા ઉપર વિ. સ. ૧૬૯૪ના ચૈત્ર વદી ૨ ના રોજ સ્થપાયેલા ગણધરના ૨૨૦ જોડી પગલાં છે અને તેટલાં જ પગલાં બીજા ઓટલા ઉપર છે.

આ દેરાસર વિ. સ. ૬૦૯માં કાશ્મીર વાસી રત્નાશા નામના શ્રાવકે બંધાવેલું તેથી તે રત્નાશા ઓસવાળનું દહેરું કહેવાય છે. તે પછી રાજા સિદ્ધરાજ જયસિંહના રાજ્ય અમલમાં તેના મંત્રી સજ્જન કે સાજણે સોરઠ દેશની એક વર્ષની સમગ્ર આવક ખરચી તેનો જીર્ણોદ્ધાર વિ. સ. ૧૧૮૫માં કરાવ્યો.[3]

---

1 ગિરનારના ત્રણ અપ્રસિદ્ધ શિલાલેખો–સ્વાધ્યાય વસંત પંચમી ઇ. સ. ૧૯૬૮–લેખક શ્રી. છો. મ. અત્રિ. આ લેખ ૧૨૧×૭૫×૨૪ સેન્ટીમીટર છે. તેમાં ૯ લીટીઓ છે તથા શ્રી પ્રભાનંદસૂરીની પ્રતિમા કંડારેલી છે.

2 આ સોપાનમાર્ગનો અમુક ભાગ જીર્ણ થઇ જતાં ઈ. સ. ૧૯૭૪માં અકસ્માત સર્જાયેલો તે પરથી વાલકેશ્વર મહાદેવ ટ્રસ્ટ અમદાવાદના પ્રમુખ શ્રી મહંત ગોપાલાનંદજી હસ્તક જીર્ણોધ્ધાર થયો, તેનું ખાત મુહૂર્ત તા. ૨૮–૧૧–૧૯૭૫ ના રોજ થયું.

3 આ પ્રસંગની વિગતો માટે જુઓ પ્રકરણ ત્રીજું પાનું ૭૦

આ મંદિરના ઉત્તર દ્વારથી અદબદજીના મંદિર તરફ જતાં નાના દર-વાજા પાસે ભીંતમાં વિ. સ. ૧૨૨૫ના ચૈત્ર સુદી ૮નો એક લેખ છે તેમાં જણાવ્યા પ્રમાણે, ઠાકુર સાલવાહણની અનુમતિથી શિલ્પી જસહડ અને સાવદેવે સમસ્ત પ્રતિમાઓ પરિપૂર્ણ કરી છે તથા નાગજરિસિરાજ હાથીકુંડ ફરતી દીવાલ કરી છે તથા તેના ઉપર મૂર્તિઓ અને મંડલ રચ્યાં છે.[1]

શ્રી નેમિનાથના મંદિરના ઉત્તર દ્વાર પાસે પૂર્વ સ્તંભમાં વિ. સ. ૧૩૩૯ના જયેષ્ટ સુદી ૮ અને બુધવારે પ્રાગ્વાટ જ્ઞાતિના જીસધરના પુત્ર પુન-સિંહની પત્ની ગુનસિરિના શ્રેયાર્થે ત્રણસો દ્રમ નિત્ય પૂજા માટે આપ્યા તેનો શિલાલેખ છે. તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, તેમાંથી ૩૦૫૦ પુષ્પો રોજ પૂજામાં વાપરવાં.

વિ. સં. ૧૩૩૫ના વૈશાખ સુદી ૮ અને ગુરુવારે ધવલક્ક (ધોળકા)ના શ્રીમાળી વણિકે શ્રી. નેમિનાથજીની પૂજા માટે, વિ. સં. ૧૩૩૩ના જયેષ્ઠ વદી ૧૪ અને મંગળવારે શ્રી. જીનપ્રબોધ સૂરીના ઉપદેશથી ઉચ્ચાપુરીના આસપાલના પુત્ર હરિપાલે તેની માતા હરિલાયાના શ્રેયાર્થે, શ્રી નેમિનાથની નિત્ય પૂજાના ખર્ચ માટે બસો દ્રમ આપ્યા તેનો શિલાલેખ છે. તેમાં જણાવ્યું છે કે આ રકમના વ્યાજમાંથી ૨૦૦૦ પુષ્પોથી નિત્ય પૂજા કરવી. આ પુષ્પો દેવનાં પંચે ભેળાં કરેલાં પુષ્પોમાંથી વાપરવાં.

રંગમંડપના પૂર્વ તરફના સ્તંભમાં એક નાનો લેખ છે તે પ્રમાણે વિ. સ. ૧૧૧૩ના જયેષ્ટની ચૌદમી તારીખે, જિનાલય કર્યાનો અને બીજા સ્તંભમાં વિ. સ. ૧૧૩૫નો તથા ત્રીજા સ્તંભમાં વિ. સ. ૧૨૨૬માં જીર્ણોદ્ધાર કર્યાના લેખો છે.

મંદિરના સિંહદ્વારની બાજુમાં એક શિલાલેખ છે. તેમાં રાહ માંડલિકે, શ્રી. નેમિનાથજીનું મંદિર સુવર્ણનાં પતરાંથી ચણાવ્યું હોવાનો ઉલ્લેખ છે. આ શિલાલેખમાં વર્ષ આપ્યું નથી પણ વિ. સ. ૧૫૦૭ સુધીનો ઉલ્લેખ છે.

આ લેખ વિ. સં. ૧૧૧૫નો છે તેમ પણ કહેવાય છે, પણ તેમ હોવાનો કોઈ સંભવ નથી. રાહ માંડલિક ત્રીજો ઈ. સ. ૧૪૭૦માં પરાજિત થયો અને ઈ. સ. ૧૪૫૧ સુધીના પ્રસંગોની તેમાં નોંધ છે તેથી તે વિ. સ. ૧૫૧૧નો હશે.[2]

---

1 હીસ્ટોરિકલ ઈન્સ્ક્રીપ્શન્સ ઓફ ગુજરાત પુ. ૨ જું-શ્રી ગિ. વ. આચાર્ય

2 આ શિલાલેખ રોયલ એસિયાટીક સોસાયટી (બોમ્બે) પુસ્તક ૧ માં છપાયો છે તેમાં વર્ષ નથી પણ તે લેખ વિ. સં. ૧૧૧૫નો છે તેમ તેના સંપાદક મિ. જેકબે જણાવ્યું છે. આ પ્રગટ ભૂલ છે તે વિ. સં. ૧૫૧૧ જોઈએ. શ્રી દો. પુ. બરોડીયા તેવિ. સં. ૧૧૧૫નો હોવાનું જણાવે છે. મને લાગે છે કે તે મુદ્રણ દોષ છે.

આ બધા શિલાલેખોમાં ભાત પાડતો લેખ ગણધરના મંડપની ઉત્તર દીવાલનો વિ. સં. ૧૩૩૦ના વૈશાખ સુદી ૧૫ અને રવિવારનો છે. તેમાં જણાવ્યા પ્રમાણે અર્જુનદેવ વાઘેલાના રાજ્યકાળમાં સૌરાષ્ટ્રના અધિકારી શ્રી પાલ્હે, ઉદયપ્રભસૂરી અને મહેતા ધાંધના[1] પ્રમુખપણા નીચે નીમાયેલા પંચકુલે, મેવાડા જ્ઞાતિના સુત્રધાર (સુતાર) ગાંગના પુત્ર હરિપાલને, ઉજ્જયંત મહાતીર્થ ઉપરનાં શ્રી નેમિનાથનાં મંદિર સહિતનાં સર્વ મંદિરોમાં લેખો કોતરવાનો હક્ક વંશપરંપરા આપ્યો છે.[2]

## જગમાલ ગોરધનનું દહેરૂં

શ્રી નેમિનાથનાં દહેરાં પાછળ પોરવાડ જગમાલ ગોરધનનું દહેરૂં છે. તેમાં પાંચ પ્રતિમાજી છે. મૂલ નાયક આદિશ્વર ભગવાન છે. આ દહેરામાં એક લેખ છે તે પ્રમાણે તેની પ્રતિષ્ઠા વિ. સં. ૧૮૪૮ના વૈશાખ વદી ૬ શુક્રવારે શ્રી વિજયજીનેન્દ્રસૂરીએ કરી છે.

જગમાલ ગોરધન, ગિરનારનાં જૈન દેરાસરોના મુનીમ હતા. તેનું કાર્ય દેરાસરોનું સંરક્ષણ કરવાનું હતું. તેણે આ દેરાસર બંધાવ્યું છે. જૂનાગઢના જગમાલ ચોકનું નામ તેના નામ ઉપરથી પડયું છે.

## અમીઝરા પાર્શ્વનાથ

શ્રી નેમિનાથજીનાં મુખ્ય મંદિરની ભમતીના ભૂગર્ભમાં ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથજીની પ્રતિમા છે. જૈન ગ્રંથોમાં જણાવ્યું છે કે, આ પ્રતિમા સંપ્રતિ રાજાના સમયની છે. તેની હડપચી ઉપર અમૃતનાં ટીપાં જોવામાં આવે છે તેથી તે અમીઝરા પાર્શ્વનાથ કહેવાય છે. આ અમૃત બિંદુઓ માત્ર પવિત્ર પુરુષો જ જોઈ શકે છે. કર્નલ વોટસન તેના સ્ટેટિસટીકલ એકાઉન્ટ ઓફ જૂનાગઢમાં લખે છે કે 'મેં આ મૂર્તિ વારંવાર નિહાળી છે પણ કોઈવાર મૂર્તિની દાઢીમાંથી નીતરતું ટીપું જોયું નથી. તેનું કારણ કદાચ એ હોઈ શકે કે છેલ્લાં વર્ષોમાં વરસાદ ઓછો હતો.' આ વિદેશી વિદ્વાને કરેલું વિધાન ચર્ચાથી પર છે. ભારતીયોની ધર્મ શ્રદ્ધા અને આધ્યાત્મિક દૃષ્ટિ શું છે, તેની તેને કલ્પના પણ ન આવે ત્યાં તેને શી રીતે આ ચમત્કાર દેખાય ? જીવતી પેઢીના અનેક યાત્રીઓ અને પ્રવાસીઓએ, આ પ્રતિમાજીની હડપચીમાંથી

---

1 ધાંધ નાગર હતો અને શ્રી. અર્જુનદેવનો મંત્રી હતો.

2 જૂનાગઢમાં મેવાડા સુતારોની મોટી સંખ્યા છે પણ હરિપાલ ગાંગજીના કોણ વંશજો છે તે માહિતી મળી નથી.

નીતરતાં ટીપાં જોયાં છે.

ડાબી તરફ શ્રી નેમિનાથજીની પ્રાચીન પ્રતિમા છે. તેના ઉપર વિ. સં. ૧૩૧૮નો એક લેખ છે તે વાંચતાં જણાય છે કે, તે પ્રતિમાની પ્રતિષ્ઠા શ્રી જીનચંદ્રસૂરિએ કરાવી હતી. શ્રી નેમિનાથજીની ટૂંકમાં વિશાળ ચોકમાં તથા પ્રદક્ષિણા માર્ગમાં કુલ ૧૩૩ પ્રતિમાજીઓ અને ૧૮ જોડી પગલાંઓ છે. દક્ષિણ દ્વારની બહાર જમણી તરફ અંબિકા દેવીની મૂર્તિ છે. આ અંબિકા, નેમિનાથજી ટૂંકની અધિષ્ઠાયક દેવી છે.

## અદબદજી

શ્રી નેમિનાથજીની ટૂંકમાં ઉત્તર તરફનાં દ્વારની ઓસરીમાં શ્રી ભદ્રસૂરિએ રૈવત પર્વત ઉપર પ્રતિષ્ઠા કર્યાનો લેખ છે.

આ દ્વારમાંથી નીચે ઉતરતાં ઋષભદેવની, પદ્માસનમાં બેઠેલી વિરાટકાય પ્રતિમા છે. આ મૂર્તિમાં ઋષભનું લાંછન છે. જૈનો તેને અદબદજી દાદા કહે છે અને જૈનેત્તરો તેને ભીમપુત્ર ઘટોત્કચની મૂર્તિ કહે છે. કેટલાંક લોકો તેને ઘડી ઘટુકો કહે છે. તેના આસન પાસે ૨૪ તીર્થંકરોની પ્રતિમાઓ છે તથા પીત પાષાણમાં વિ. સં. ૧૪૬૮નો પ્રતિષ્ઠા લેખ છે.

## મેરકવશી

અદબદજીના ડાબી તરફના દ્વારમાંથી મેરકવશીના દેરાસરમાં જવાય છે. આ દેરાસરજીના મૂલ નાયક શ્રી પાર્શ્વનાથજી છે. આ પ્રતિમા ઉપર સહસ્રફણી લાંછન છે અને તેના નીચે લેખ છે તે પ્રમાણે વિ. સં. ૧૮૫૯ માં, અમદાવાદના વીશા શ્રીમાળી વલભુશાખાના શા. છંદરજીના પુત્ર શા. કાશીદાસે આ બિંબ તૈયાર કરાવી શ્રી વિજયજીનેન્દ્રસૂરીના હાથે તેની પ્રતિષ્ઠા કરાવી છે.

પાર્શ્વનાથજી ફરતી ૭ પ્રતિમાઓ છે. પ્રદક્ષિણા માર્ગમાં ૫૮ પ્રતિમાઓ છે. દક્ષિણ દિશાની ઓસરીમાં અષ્ટાપદ પર્વત અને ૨૪ પ્રતિમાઓ છે. ઉત્તર દિશાની ઓસરીમાં ચોમુખીનું દહેરું છે.

મેરકવશીનું દેરાસર, સિધ્ધરાજના સૂબા સાજણે કે સજ્જને સોરઠ દેશની ઉપજમાંથી કરાવ્યું હોવાનું કહેવાય છે.[1] એક એવી પણ માન્યતા છે કે, મેલકશા નામે કોઈ શ્રાવકે, આ દેરાસર બંધાવ્યું છે જ્યારે કેટલાક એમ માને છે કે વસતી પાસેથી ફાળો કરી તે બંધાવ્યું છે[2] માટે તે મેલક વસ્તીનું

---

1 જુઓ પ્રકરણ ૩ જું પા. ૭૦

2 ગિરનાર મહાત્મ્ય. શ્રી દો. પુ. ખરેડીયા.

દેરાસર કહેવાય છે. એમ પણ કહેવાય છે કે જૂનાગઢના રાહ મેલકે આ દેરાસર બંધાવ્યું છે અને તેથી જ આ ટૂંકને રાજાની ટૂંક પણ કહેવામાં આવે છે.[1]

મેરકવશીના દેરાસરની કોતરણી ઘણી બારિક અને કલામય છે.

આ ટૂંકમાં સમસ્ત જૈન સંઘે વિ. સં. ૧૮૫૯માં શાંતિનાથનું બિંબ કરાવી તેની પ્રતિષ્ઠા શ્રી વિજયજિનેન્દ્રસૂરીના હાથે કરાવ્યાનો એક લેખ પણ છે.

## સગરામ સોનીની ટૂંક

વઢિયાર પ્રદેશમાં બોલડ ગામમાં, પંદરમા સૈકામાં, સમરામ સોની નામના એક શ્રીમંત હતા. તેણે શ્રી પાર્શ્વનાથજીનું આ સુંદર મંદિર બાંધ્યું છે. એક મત પ્રમાણે તે સિધ્ધપુરના હતા અને તેણે શ્રી ભગવતી સુત્રના ૩૬૦૦૦ પ્રશ્નોની ૩૬૦૦૦ સુવર્ણ મુદ્રાઓ જ્ઞાન ખાતે આપી સુવર્ણ અક્ષરે કલ્પસુત્ર લખાવેલું. જેમ્સ બર્જેસ માને છે કે તે સોળમા સૈકામાં થયા.[2] એવી પણ માન્યતા છે કે શહેનશાહ અકબર સાથે તેને ઘનિષ્ટ સંબંધ હતો અને અકબર તેને 'મામા' કહેતો.[3]

મૂલ નાયકજીની ફરતી ૨૫ પ્રતિમાઓ છે. તેની ભમતીમાં પણ ત્રણ દેરાસરો છે. તેમાં બેમાં ત્રણ ત્રણ અને ઉત્તર દિશાના દેરાસરમાં પાંચ પ્રતિમાઓ તથા એક પાષાણની ચોવીસી પણ છે.

શ્રી પાર્શ્વનાથજીના આસન નીચે એક લેખ છે, તેમાં જણાવ્યા પ્રમાણે વિ. સં. ૧૮૫૯ના જેઠ સુદી ૭ અને ગુરુવારે, સમસ્ત સંઘે બિંબ કરાવી, શ્રી વિજયજિનેન્દ્રસૂરીના હસ્તે તેની પ્રતિષ્ઠા કરાવી છે. બીજાં બિંબો માંગરોળ નિવાસી વોરા પરસોતમ ગોડીદાસે કરાવ્યાં છે.

અહિં વિ સં. ૧૮૭૫માં શ્રી વિજયજિનેન્દ્રસૂરીએ પ્રતિષ્ઠિત કરેલી શ્રી અજીતનાથજીની મૂર્તિ પણ છે. પશ્ચિમની ડેરીમાં વિ. સં. ૧૯૬૨માં પ્રતિષ્ઠિત કરેલી આદિનાથજીની પણ પ્રતિમા છે.

આ મંદિરની નકશી અને કોતરણી સુંદર અને કલાત્મક છે.

---

1 જૂનાગઢનો રાહ મેલક ઇ સ. ૧૪૦૦ માં ગાદીએ આવ્યો. તે વીર રાજા હતો. તેણે મુસ્લિમોનાં થાણાંઓ ઉઠાડી મૂકી સ્વતંત્ર શાસન શરૂ કર્યું. જુઓ પ્રકરણ ૬ પાનું ૭૦, વિગતો માટે જુઓ. સૌરાષ્ટ્રનો ઇતિહાસ–શં. હ. દેશાઇ.

2 જૈન તીર્થોનું વર્ણન–શ્રી કનકવિજયજી ગણી.

3 ગિરનાર મહાત્મ્ય–શ્રી દો પુ. બરોડીયા.

## માનસંગ ભોજરાજની ટૂંક

શ્રી નેમિનાથજીના દેરાસરના દ્વાર સામે કચ્છ માંડવીના વીશા ઓસવાળ શા. માનસંગે બંધાવેલાં અને પાછળથી સુધારેલાં કે વધારેલાં આ દેરાસરના મૂલ નાયક શ્રી સંભવનાથ છે.

## સૂર્યકુંડ

આ ટૂંક પાસે સૂર્યકુંડ નામનો કુંડ છે. ત્યાં જૂનું સૂર્ય મંદિર હતું એમ કહેવાય છે.[1] અહિં જૂનાગઢના રાહના સમયના મહેલોના અવશેષો પણ જોવામાં આવે છે.

## રાણકદેવીનો મહેલ

તારીખે સોરઠમાં જણાવ્યું છે કે અહિં રાહ ખેંગારે પાકા પથ્થરનો કિલ્લો બનાવ્યો છે. આ મહેલને લોકો રાણકદેવીનો મહેલ તરીકે ઓળખે છે. સંપ્રતિ રાજાનું મંદિર તે આ મહેલના એક ભાગમાં છે તેમ પુરાતત્ત્વવિદો માને છે.

## કુમારપાળની ટૂંક

ગુજરાતના રાજા કુમારપાળે વિ. સ. ૧૦૯૭થી વિ સં. ૧૧૧૮ની વચમાં તેના શાસન કાળમાં આ દેરાસર બંધાવ્યું હોવાનું કહેવાય છે. તેના મૂલ નાયક, ચોથા તીર્થંકર અભિનંદન છે. વિ. સં. ૧૮૭૫ના વૈશાખ સુદી ૭ અને શનિવારે શા. આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી શ્રી અભિનંદન બિંબ કરાવ્યાનો તથા શ્રી વિજયજિનેન્દ્રસૂરીના હાથે માંગરોળના શા. નાનજી જેકરણે પ્રતિષ્ઠા કરાવ્યાનો એક લેખ પણ છે. વિ. સં. ૧૮૮૧ વૈશાખ સુદી ૭ સોમવારનો એક બીજો લેખ છે તેમાં મંગ હંસરાજ જેઠા બખાઈએ બિંબ પ્રવેશ કરાવ્યાનો તથા પંડિત રાજસાગરજીએ પરિવા સ્થાપ્યાનો ઉલ્લેખ છે.

અહિં એક વાવ છે જે દેડકી વાવ કહેવાય છે.

## નંદીશ્વર

સગરામ સોનીના મંદિરથી વાયવ્યમાં નંદીશ્વરની મૂર્તિ છે. તેના ગોખલા-

---

1 ગિરનાર ઉપરનાં ધર્મસ્થાનોની માલીકી કે કબ્જા ભોગવટાની તકરારોમાં આ પુસ્તકને પ્રમાણ ભૂત ગણવાનું નથી. મળેલી માહિતી અને જુદા જુદા ગ્રંથોમાંથી કરેલા તારણ ઉપરથી આ વિગતો લેવામાં આવી છે. ગિરનારનાં મંદિરો ઉપરના કાયદેસરના હક્કો કે વાદવિવાદ સાથે લેખકને સંબંધ નથી,—લેખક.

ની બન્ને બાજુએ વિ. સં. ૧૨૫૬ના જ્યેષ્ટ સુદી ૧૩નો એક લેખ છે, તેમાં જણાવ્યા પ્રમાણે કુમારપાળના દંડનાયકનો પુત્ર અભયદ હતો. તેનો પુત્ર વસંતપાળ હતો. તેણે તેના માતા પિતાના શ્રેયાર્થે ઉજ્જયન્ત ઉપર નંદીશ્વરની મૂર્તિ પધરાવી તેની પ્રતિષ્ઠા શ્રી. દેવેન્દ્રસૂરીને હાથે કરાવી હતી.[1]

## વસ્તુપાલ-તેજપાલનાં મંદિરો

ઈસુની તેરમી સદીમાં ગુજરાતના રાજાના મંત્રીશ્વરો વસ્તુપાલ તથા તેજપાલે ઈ સ. ૧૨૩૨થી ઈ સ. ૧૨૪૨ની વચ્ચે ગિરનાર ઉપર મંદિરો બંધાવ્યાં છે. અહિ ત્રણ દેરાસરો છે. તેના મૂળ નાયક શ્રી પાર્શ્વનાથજી છે. આ બિંબ શ્યામ આરસનું છે તેથી તે શામળા પાર્શ્વનાથજી પણ કહેવાય છે. મંદિરનો રંગમંડપ ૫૩ ફીટ × ૨૯ ફીટ છે. કેટલાક વિદ્વાનો આ પ્રતિમા ઓગણીસમા તીર્થંકર મલ્લીનાથની હોવાનું માને છે.[2]

શ્રી પાર્શ્વનાથજીની પ્રતિમાના આસન નીચે વિ. સં. ૧૩૦૫ના વૈશાખ સુદી ૩ શનિવારનો એક લેખ છે. તે પ્રમાણે આ પ્રતિમા પાટણ નિવાસી ઠક્કુર વાહડ અને મહામંત્રી સલખણસિંહે પોતાના માતાપિતાના શ્રેયાર્થે પ્રતિષ્ઠિત કરી હતી.[3] વાહડ અને સલખણસિંહ, મંત્રી ઉદાના પુત્રો હતા.

આ મંદિરોમાં છ શિલાલેખો વિ. સં. ૧૨૮૮ના ફાગણ સુદી ૧૦ અને બુધવારના છે. તે પૈકીના ચાર શિલાલેખોમાં વસ્તુપાલે ઉજ્જયંત પર્વત ઉપર અજીતનાથજી આદિ મંદિરો તેની પત્ની લલીતાદેવીના શ્રેયાર્થે બંધાવ્યાનો અને બે મંદિરો બીજી પત્ની સોખુકાદેવીના શ્રેયાર્થે બંધાવ્યાનો ઉલ્લેખ છે.[4] સાતમો શિલાલેખ વિ. સં. ૧૨૯૯ના ફાગણ સુદી ૭નો છે. તેમાં ઉજ્જયંતમાં શ્રી નેમિનાથજીનું બિંબ, શેત્રુંજયમાં શ્રી આદીનાથજીનું બિંબ, અને અન્ય તીર્થોમાં જુદા જુદા તીર્થંકરોનાં બિંબો કરાવ્યાનો ઉલ્લેખ છે.[4]

---

1 હીસ્ટોરિકલ ઈન્સ્ક્રીપ્શન્સ ઓફ ગુજરાત પુ. ૩ જું-શ્રી. ગિ. વ. આચાર્ય. શ્રી. આચાર્ય આ તિથિ માટે શંકા કરે છે.

2 ગુજરાતી સાહિત્ય પરિષદ – સ્મારિકા–૧૯૬૯માં લેખ. જુનાગઢ જિલ્લાના ઐતિહાસિક સ્થળો. શ્રી પુષ્પકાંત ધોળકીયા.

3 હીસ્ટોરીકલ ઈન્સ્ક્રીપ્શન્સ ઓફ ગુજરાત પુ. ૨ જું શ્રી. ગિ. વ. આચાર્ય.

4 હીસ્ટોરિકલ ઇન્સ્ક્રીપ્શન્સ ઓફ ગુજરાત પુ. ૨. શ્રી. ગિ. વ. આચાર્ય.
ગિરનારના ત્રણ અપ્રસિદ્ધ શિલાલેખો. શ્રી. છો. મ. અત્રિ–સ્વાધ્યાય, વસંતપંચમી અંક ઈ. સ. ૧૯૬૮

આ શિલાલેખો વસ્તુપાલના જ સમયમાં કોતરાયા છે કે પાછળથી તે માટે કેટલાક વિદ્વાનોએ શંકા કરી છે પરંતુ તેમાંથી ઘણી જાણવા જોગ માહિતી પ્રાપ્ત થાય છે.

આ મંદિરોના સમૂહને વસ્તુપાલવિહાર પણ કહેવામાં આવે છે.

આ મંદિરો પૈકીના મધ્યસ્થ મંદિરમાં પાર્શ્વનાથજીના આસન નીચે વિ. સં. ૧૩૦૬ ના વૈશાખ સુદી ૩ અને શનિવારનો લેખ છે તેમાં આ પ્રતિમાની પ્રતિષ્ઠા તે તિથિએ થઈ હોવાનો ઉલ્લેખ છે. તેની ડાબી તરફના દહેરામાં સમવસરણ ચોમુખની શ્રી પાર્શ્વનાથજીની ત્રણ પ્રતિમાઓ તથા એક પ્રતિમા શ્રી ચંદ્રપ્રભ પ્રભુની છે. શ્રી પાર્શ્વનાથજીની પ્રતિમાઓના આસનો નીચે વિ. સં. ૧૫૫૬ માં અને શ્રી ચંદ્રપ્રભ પ્રભુના આસન નીચે વિ સં. ૧૪૮૫માં પ્રતિષ્ઠા કર્યાના લેખો છે. મધ્યસ્થ મંદિરની જમણી તરફના દહેરાનાં ચોમુખમાં પૂર્વે સ્વસ્તિક લાંછનવાળી અને તેની પશ્ચિમે પણ તેવી જ મૂર્તિ છે. ઉત્તરે શંખ ચિહ્નવાળી અને દક્ષિણે શ્રી ચંદ્રપ્રભ પ્રભુની એમ ચાર મૂર્તિઓ છે. પ્રથમની ત્રણ પ્રતિમાઓના આસનો નીચે વિ. સં. ૧૫૪૬માં તેની પ્રતિષ્ઠા થઈ હોવાનો ઉલ્લેખ છે.

આ મંદિરો પાછળ વસ્તુપાળની માતાનું દહેરું છે તેમાં શ્રી સંભવનાથજીની પ્રતિમા છે.

મુસ્લિમ શાસનકાળમાં આ મંદિરોને અને મૂર્તિઓને ઘણું નુકસાન પહોંચ્યું હોવાનું જણાય છે અને તે કારણે તેનો જીર્ણોદ્ધાર કરવાનું આવશ્યક બન્યું હશે તેથી વિ. સં. ૧૯૩૨માં કચ્છના શેઠ નરસી કેશવજીએ કુમારપાળની ટૂંક, વસ્તુપાલની ટૂંક તથા સંપ્રતિ રાજાની ટૂંક ફરતો કોટ બંધાવ્યો અને દેરાસરો સમરાવ્યાં હોવાનો એક લેખ મુખ્ય દ્વારમાં પ્રવેશતાં જ જોવામાં આવે છે.

## સંપ્રતિ રાજાની ટૂંક

વસ્તુપાલના મંદિરો પાસે જ સંપ્રતિ રાજાનું મંદિર છે. આ રાજા ચંદ્રગુપ્ત મૌર્યના વંશમાં થયો હતો અને વિ. સં. ૨૨૬ આસપાસ ઉજ્જૈનમાં રાજ કરતો તેમ જૈન ગ્રંથો કહે છે. આ દહેરાના મૂલ નાયક શ્રી નેમિનાથજી છે. તેના રંગ મંડપમાં ચક્રેશ્વરી દેવી તથા ત્રણ કાઉસ્સગીઓ છે. જેમાંનો એક ૫૪ ઈંચ ઊંચો અને બીજા બે ૧૩–૧૩ ઈંચ ઊંચા છે રંગ મંડપમાં વિમલનાથજીની પણ લગભગ ૪ ફીટ ઊંચી પ્રતિમા છે. તે બિંબ સુરતના બેતા ઝાંઝણે કરાવી. શ્રી રત્નસિંહ સૂરીને હાથે તેની પ્રતિષ્ઠા કરાવ્યાનો

ઉલ્લેખ છે. આ સ્થળે ઉત્ખનન કરતાં એક ધાતુનું પરિકર નીકળ્યું છે. તેના ઉપર પણ વિ. સં. ૧૫૨૩માં શ્રી રત્નસિંહ સૂરી અને ભટ્ટારક ઉદયવલ્લભ સૂરીના ઉપદેશથી સંઘે આ પરિકર બનાવ્યો અને તે સમયે પ્રતિષ્ઠા શ્રી જ્ઞાનસાગરસૂરીએ કરાવી હોવાનો ઉલ્લેખ છે.[1]

## શ્રી ચંદ્રપ્રભ પ્રભુ

કુમારપાળની ટૂંક પાસેથી શ્રી ચંદ્રપ્રભ પ્રભુના દહેરામાં જવાય છે. તેના મૂલ નાયક પણ તે જ છે. આ પ્રતિમા વિ. સં. ૧૭૦૧માં પ્રતિષ્ઠિત કરી હોવાનો ત્યાં લેખ છે. તેની સામે કોઈ દેવીની મૂર્તિ છે.

## હાથી કુંડ

અહિં હાથી પગલાંના નવા જૂના કુંડો છે. જૂના કુંડોમાં હસ્તીપાદ છે. કુંડની ફરતી દીવાલ બાંધી તેમાં અંબિકાની અને અન્ય મૂર્તિઓ મૂકયાનો ઉલ્લેખ વિ. સં. ૧૨૧૫ના શિલાલેખમાં છે. નવો કુંડ શેઠ દેવચંદ લક્ષ્મીચંદની પેઢીએ બંધાવ્યો છે.

જૈનોના ગિરનાર મહાત્મ્ય અનુસાર ભરત ચક્રવર્તી, ગિરનાર ઉપર આવેલા ત્યારે ઈંદ્ર પણ આવ્યા હતા. તેના ઐરાવત હાથીનું પગલું અહિં પડતાં તે ગજકુંડ કહેવાયો. આ કુંડ નાગેન્દ્રે તથા ચમરેન્દ્રે કરાવ્યો છે.[2]

એવી પણ માન્યતા છે કે આ કુંડમાં સ્નાન કરવાથી અનેક પ્રકારના રોગો નષ્ટ થાય છે. આ સ્થાનમાં એક નાગી બાવી રહેતી.[3]

## કોટ બહારનાં જૈન મંદિરો

વસ્તુપાલની ટૂંક પૂરી થતાં જ કોટ પણ પૂરો થાય છે. ત્યાં કિલ્લાની મજબૂત દીવાલોનાં અવશેષો છે. ત્યાંથી આગળ ચડતાં શ્રી શાંતિનાથજીનું દેવાલય આવે છે તેને લોઢા ખાડાનું દેરાસર કહે છે. તેમાં નવ પ્રતિમાજીઓ છે. ત્યાં જવાના સોપાનોની બીજી બાજુએ મલનું દહેરું છે, તેમાં શ્રી શાંતિનાથજીની પ્રતિમા છે.

## રાજુલ ગુફા

આ દહેરા પાસેથી નીચે ઉતરતાં શ્રી નેમિનાથજીનાં પત્ની રાજીમતી કે

---

1 ગિરનાર મહાત્મ્ય-શ્રી દો. પુ. બરોડીયા.
2 એજન.
3 એજન.

રાજુલની ગુફા છે, તેમાં તેની ઊભેલી પ્રતિમા છે. તેની બાજુમાં રહેનેમિની લઘુ કદની પ્રતિમા છે.

રાજુલ કે વેજલવા વિજુલની ગુફાની પૂર્વમાં એક ખડક ઉપર વિ. સં. ૧૨૮૯ ના આસો વદી અમાસ અને સોમવારનો એક શિલાલેખ છે. તે પ્રમાણે વસ્તુપાલે પશ્ચિમમાં કપર્દીયક્ષનું અને શ્રી આદિનાથજીનું એમ બે મંદિરો આત્મશ્રેયાર્થે અને સુવર્ણ શિખરવાળું, વીશ જીનોથી શોભીતું મંદિર પોતાની સહધર્મચારિણી લલિતાદેવીના તથા ચોથું મંદિર બીજી પત્ની સોખુકા દેવીના શ્રેયાર્થે બંધાવ્યાં હતાં.[1]

## દિગંબરી મંદિરો

મૂર્તિપૂજક શ્વેતાંબરોનાં મંદિરો પૂરાં થયા પછી દિગંબરોનાં દેરાસરો આવે છે. દિગંબરોને હુમડ પણ કહેવામાં આવે છે. આ સ્થળે બે દેરાસરો છે તેમાં મોટા દેરાસરમાં મૂલ નાયક શ્રી નેમિનાથજી છે તથા ૧૧ જુદાં જુદાં બિંબો છે નાના દેરાસરમાં પણ શ્રી નેમિનાથજીની પ્રતિમા છે, તેની ઉભય પક્ષે શ્રી પાર્શ્વનાથજી છે. તેની પ્રતિષ્ઠા વિ. સં. ૧૭૪૫ માં ભટ્ટારક જીવરાજજીએ કરી હોવાનો લેખ પણ છે. તેની પાસે શ્રી શીતળનાથજીનું દહેરું છે.

હુમડના વંડામાં એક ચોરસ બેઠક છે. તેમાં સિંહ સંવત ૫૮ (ઈ. સ. ૧૧૭૨)નો એક લેખ છે. તેમાં લખ્યું છે કે સંવત ૫૮ ચૈત્ર વદી બીજ સોમવાર, ધારાગંજમાં નેમિચંદના શિષ્ય પંચાણુચંદની મૂર્તિ.'[2]

## ભીમકુંડ

અહિં એક ભીમકુંડ નામનો કુંડ છે જૈનો કહે છે કે જ્યારે સાજણે, સોરઠની એક વર્ષની ઉપજ દેરાસર બાંધવા અને બીજાનો જીર્ણોધ્ધાર કરવા વાપરી નાખી અને સિધ્ધરાજે તે પાછી માગી ત્યારે થાણાદેવળીના ભીમા કુંડળીયા નામના શ્રાવકે તે રકમ ભરી આપવા તત્પરતા બતાવી. સિધ્ધરાજે જ્યારે આ રકમ ન લેતાં ધર્મકાર્યનું પુણ્ય લીધું ત્યારે ભીમાએ આ રકમ ગિરનાર ઉપર વાપરી તેમાં આ કુંડ કરાવ્યો તેથી ભીમકુંડ કહેવાય છે. હિન્દુઓ એમ માને છે કે પ્રભાસખંડના ગિરનાર મહાત્મ્યમાં દર્શાવ્યા પ્રમાણે અહિં ભીમનાથ મહાદેવનું મંદિર તથા સિધ્ધનાથની પાદુકા હતી અને ત્યાં ભીમકુંડ

---

1 હીસ્ટોરિકલ ઇન્સ્ક્રીપ્શન ઓફ ગુજરાત વો. ૩ શ્રી ગિ. વ. આચાર્ય,

2 એજન.

હતો. ભીમે અહિં પર્વતના પાષાણમાં પ્રહાર કરી આ કુંડ ઉત્પન્ન કર્યો હતો. આ પ્રશ્ને જૈનો તથા હિન્દુઓ વચ્ચે વિવાદ પણ થયેલો.[1]

**સાતપુડા**

ત્યાંથી સાતપુડાની ગુફાઓ તરફ જવાય છે. ત્યાં જૂનાગઢના ભૂતપૂર્વ દીવાન ર. બ. બહેચરદાસ વિહારીદાસ દેશાઈએ કુંડ બંધાવ્યો છે.

**જટાશંકરી ધર્મશાળા**

ગિરનાર ઉપર રાતવાસો કરવા માટે જૈનોની ધર્મશાળાઓ છે. પણ જૈનેતરો માટે અપૂર્ણ સુવિધા હોવાથી, ગીતા મંદિર તથા જટાશંકર મહાદેવવાળા પૂ. બ્રહ્મચારી શ્રી રામાનંદજી મહારાજે, અપારશ્રમ અને પુરુષાર્થ કરી આ સુંદર ધર્મશાળા ઈ. સ. ૧૯૩૪–૩૫માં બંધાવી છે.

**ગૌમુખી ગંગા**

ત્યાંથી સોપાન માર્ગ ચડી ડાબી બાજુએ વળતાં, ગૌમુખી ગંગાનું સુંદર, પવિત્ર અને પુરાતન સ્થાન આવે છે. ગિરનાર મહાત્મ્ય અનુસાર નાગરાજના કહેવાથી ગંગાજી અહિં પાતાળમાંથી આવ્યાં છે અને તેની સ્થાપના નારદજીને હાથે થઈ છે. ગંગાના પ્રવાહ આગળ એક ગૌમુખ છે તેમાથી અવિરત જલ ધારા વહે છે તેથી આ જગ્યા ગૌમુખી ગંગા કહેવાય છે. અહિં એક સ્વચ્છ પાણીનો કુંડ છે અને તેની બાજુમાં ગંગેશ્વર મહાદેવ, બટુક ભૈરવ, નીલકંઠ મહાદેવ અને અન્નપૂર્ણાનાં મંદિરો છે. તે ઉપરાંત ગૌશાળા, નાનો કુંડ તથા પાણીનો ટાંકો છે. જૂનાગઢના સ્વ. શ્રી ગિરધરલાલ માધવલાલ ધોળકિયા દ્વારા બંધાયેલી ધર્મશાળા તથા સ્વ. ડો. માણેકલાલ વોરાએ બંધાવેલો એક ઓરડો યાત્રિકોને સુવિધા પૂરી પાડે છે.

ગૌમુખી ગંગામાં ભૈરવાનંદજી નામના પ્રસિદ્ધ મહંત થોડાં વર્ષો પૂર્વે થઈ ગયા. તેઓ પ્રખર યોગી હતા. વર્તમાન સ્થાનનો વિકાસ તેની યોગ

---

1 ગિરનાર ઉપરનાં જૈનોનાં અને હિન્દુઓનાં કેટલાંક સ્થાનો પરત્વેના હક્કો બાબતમાં ભૂતકાળમાં વાદવિવાદ થયા છે તે પ્રમાણે શ્વેતાંબર અને દીગંબર જૈનો વચ્ચે પણ વાંધાઓ ઉપસ્થિત થયા છે. આ પુસ્તકમાં આવા હક્કો કે અધિકારોની ચર્ચા કરવાનું અનાવશ્યક અને અનુચિત છે. કાયદાના, હક્કના અને ઉપભોગના પ્રશ્નો સાથે આ પુસ્તકના વિષયને કાંઈ સંબંધ નથી, પુસ્તકો અને મળેલી માહિતી ઉપરથી વર્ણનાત્મક વિગતો લેવામાં આવી છે. ભવિષ્યમાં આવા કોઇ વાદવિવાદ ઉપસ્થિત થાય તો આ પુસ્તકનાં કોઇ વિધાનને કે માહિતીને પ્રમાણભૂત ન ગણવા વિનંતી છે.—લેખક

સિદ્ધિ અને તપશ્ચર્યાનું પરિણામ હોવાનું માનવામાં આવે છે.

## પથ્થર ચટ્ટી

ત્યાંથી આગળ વધતાં રામાનુજ સંપ્રદાયનું મંદિર છે. ઇ. સ ૧૮૮૬ના જુલાઈ માસની દશમી તારીખે તે સ્થળે પથ્થરોનો પ્રપાત થતાં તેમાં મહંતશ્રી નરસિંહપ્રપન્નજી તથા અન્ય માણસો દટાઈ ગયા. આ પ્રસંગે સેવાદાસજીની જગ્યામાં રહેતા તેના શિષ્ય સંતદાસજી દોડીને બચાવવા ગયા પણ તે પૂર્વે તેઓ નિષ્પ્રાણ થઈ ગયા હતા. આ અકસ્માત પછી આ મંદિર પુનઃ બંધાયું.[1] અહિં શ્રી બાલાજી ભગવાનનું તથા ભૂતપૂર્વ આચાર્યોની પ્રતિમાઓ છે.

## સેવાદાસજીની જગ્યા

ગૌમુખીથી આગળ ચાલતાં સેવાદાસની જગ્યાના નામથી પ્રસિદ્ધ થયેલી જગ્યા છે. આ જગ્યા બાંધનાર મહંતશ્રી સેવાદાસજી સીમલા પાસે આવેલા સબાટુ કે સપાટુ ગામના રઘુવંશીય ક્ષત્રિય રામસિંહના પુત્ર હતા. તેમનો જન્મ ઈ. સ. ૧૭૮૪માં થયેલો. તેઓ માત્ર તેર વર્ષની વયે ગૃહત્યાગ કરી સાધુ થઈ ગયા. ઈ. સ. ૧૮૨૪માં તેઓ ગિરનારમાં આવ્યા અને જુદે જુદે સ્થળે આસન રાખી અંતે ગૌમુખી પાસે જાંબુડાની કે જાંબુવાનની ગુફામાં રહ્યા અને ત્યાંથી ભૈરવજપ પાસે પોતાની જગ્યા બાંધી આ મહાત્માના ચમત્કારોની અનેક વાતો પ્રચલિત છે. તેઓ ઈ. સ. ૧૮૮૩ના ડીસેમ્બરની પાંચમી તારીખે સાકેતવાસી થયા.[2]

શ્રી સેવાદાસજી મિષ્ટભાષી, નિરાભિમાની અને તપસ્વી પુરુષ હતા. તેમ અંગ્રેજ પ્રવાસીઓએ તેમના લેખોમાં નોંધ્યું છે.[3]

સેવાદાસની જગ્યામાં જૂનાગઢના સ્વ. જાદવરાય હરિશંકર વસાવડાએ ધર્મશાળા બંધાવી છે.

---

1 સૌરાષ્ટ્ર દર્પણ–જુલાઈ ૧૮૮૬

2 સૌરાષ્ટ્ર દર્પણ–જાન્યુઆરી ૧૮૮૪

3 બ્લેક વુડ મેગેઝીન–ઈ. સ. ૧૮૩૧ અનામી અંગ્રેજ લેખકનો લેખ.
કલકત્તા રીવ્યુ ઈ. સ. ૧૮૭૭માં લેખ, સૌરાષ્ટ્ર એન્ડ હીલ્સ ઓફ સોરઠ–લેખક સી. એમ: એન્ટીકવીટિઝ ઓફ કચ્છ એન્ડ કાઠિયાવાડ એક્ટ્રેક્ટસ ઇ. સ. ૧૮૬૯–જે. બરજેસ.

### ભૈરવજપ

સેવાદાસજીની જગ્યા પાછળ પશ્ચિમ દિશામાં નીચેની ખીણ ઉપર ઝુકતો ભૈરવજપનો ખડક છે. તેના ઉપર ભૈરવનું સ્થાપન છે. આ વિકરાળ અને વિકટ ખડક ભૈરવજપ નામથી જાણીતો છે. પૂર્વે એવી માન્યતા પ્રચલિત હતી કે તેના ઉપર ચડી નીચે પડતું મૂકી મૃત્યુને ભેટે તે બીજે ભવ રાજપતિ થાય. આવો એક આત્મઘાતનો બનાવ ઈ. સ. ૧૮૭૭માં બનતાં જૂનાગઢ રાજ્યે ત્યાં આવા કાર્ય માટે કોઈ જાય નહિ તેનો પ્રબંધ કર્યો અને વિ. સં. ૧૯૨૮ના માગસર વદી ૨ની તિથિની એક જાહેરાત રાજ્ય ગેઝેટમાં પ્રસિદ્ધ કરી કે આ માન્યતા ખોટી છે અને ધાર્મિક દૃષ્ટિએ પણ તેમ કરવું બરાબર નથી.

ભૈરવજપ ઉપર જવું અને પડવું એટલું વિષમ છે કે આજે પણ કોઈ કઠિન અને અસંભવ કામ કરવાનું હોય તો કહેવત છે કે 'આ તો ભૈરવજપ ખાવા જેવું છે.'

### શેષાવન

ભૈરવજપ પાસેથી આગળ વધતા ભાંગેલાં તૂટેલાં પગથિયાં ઉપરના ગિરનારના જૂના માર્ગ આગળ જતાં ત્યાં શેષાવનનું રમણીય સ્થાન આવે છે. અહિં સતી સીતાજીનું મંદિર છે તથા સાધુઓને રહેવાના ઓરડાઓ છે. આ જગ્યામાં ખાખી સાધુઓ રહે છે.[1]

### ભરતવન

ત્યાંથી આગળ ચાલતાં ભરતવનનું અતિ રમણીય સ્થાન આવે છે. આ શાંત, સુંદર અને મનોરમ્ય સ્થાનમાં શ્રી રામ તથા ભરતનાં મંદિરો છે અને મહંત શ્રી નરસિંહદાસજીના પ્રયત્નથી બંધાયેલી ધર્મશાળા અને આશ્રમનાં મકાનો છે.

અહિંથી ડેરવાણના નાકા પાસે જતો માર્ગ ઉતરે છે. ગિરનારનો આ મૂળ માર્ગ હતો અને સવિશેષ અવર જવર આ માર્ગે થતી. યુધ્ધ કાળમાં શત્રુઓ પણ આ માર્ગેજ ચડી આવતા અને જો પશ્ચિમ તરફથી આક્રમણ થયું હોય તો ગિરિવાસીઓ અહિંથી નીચે ઉતરી જતાં. અહિં સોપાન માર્ગ હતો જે હવે અમુક ભાગમાં જ રહ્યો છે. બીજો સર્વથા નષ્ટ થયો છે.[2]

---

1 અહિં તા. ૧૨-૪-૧૯૮૪ના રોજ નેમિનાથ પ્રતિમા પ્રાણ પ્રતિષ્ઠા થઈ

2 જુઓ આ પ્રકરણમાં 'સોપાન માર્ગ' પાનું ૩૯૯

## હનુમાન ધારા

શેષાવન જવાના માર્ગમાં હનુમાનધારાની જગ્યા આવે છે તેને હનુમાન દ્વાર પણ કહે છે. ત્યાં હનુમાનજીનું મંદિર છે. અહિંથી જટાશંકર મહાદેવની જગ્યા તરફ ઉતરાય છે અને ત્યાંથી ગિરનારની પશ્ચિમ તળેટીમાં જવાય છે. એવી પ્રબળ માન્યતા છે કે ગિરનાર ઉપર, પશ્ચિમ તરફથી ચડવાનો મૂળ માર્ગ આ હતો અને હનુમાન દ્વાર આગળ તેનું પ્રવેશ દ્વાર હતું. રાજા કુમારપાળના સમયમાં જૈન મંદિરોમાં સીધા જવાય તે માટે પશ્ચિમના (વર્તમાન) માર્ગને સવિશેષ અગત્ય મળતાં હનુમાન દ્વારનો માર્ગ બંધ પડયો.[1] આજે આ માર્ગને 'ગેબી રસ્તો' પણ કહેવામાં આવે છે.

અહિં હનુમાનજીના મુખમાંથી પાણીનો પ્રવાહ વહે છે તેથી તેનું નામ હનુમાન ધારા થઈ ગયું છે.

## સીતા મઢી

અહિં એક દહેરીમાં સતી સીતાજીનાં ચરણો છે.

## સાચા કાકા

હનુમાનધારાથી પુનઃ સેવાદાસની જગ્યા, ગૌમુખી ગંગા પાછા આવ્યા પછી અંબાજીની ટૂંકે જવાનો માર્ગ શરૂ થાય છે. આ જગ્યામાં સત્યનારાયણનું મંદિર છે તેથી લોકોએ પ્રેમથી તેનું નામ સાચા કાકા આપ્યું છે. સત્યનારાયણનાં મંદિર સામે શ્રી દત્ત પ્રભુનું મંદિર પણ છે. અહિં કાલિકા માતાની પણ મૂર્તિ પ્રતિષ્ઠિત છે.

## શેષશાયી ભગવાન

ખાડાના દેરાસરનાં પાસે શેષશાયી ભગવાનનું મંદિર છે. ત્યાં માતાજીની પણ પ્રતિમા છે. આ જગ્યા સેવાદાસની જગ્યા નીચે છે.

## અંબાજી

ઉપર ચડતાં અંબાજીનું પ્રસિધ્ધ, પુરાતન અને પવિત્ર મંદિર આવે છે. અહિં માતાજીનું મુખારવિંદ છે. પુરાતત્ત્વવિદો માને છે કે આ મંદિર ગુપ્ત કાલમાં બંધાયેલું છે.

---

1 એજન.

ગિરનાર મહાત્મ્ય અનુસાર ભગવાન વિષ્ણુએ વામન અવતારમાં અહિં અંબાજીની સ્તુતિ કરેલી. ગિરનારમાં જેમ પાંચ રકાર ગણાવ્યા છે તેમ પાંચ રત્નો, ગિરિ, ગિરિશ, ગિરજા, ગંગા અને ગુરૂ કહેવાય છે તે પૈકી ગિરજાનું આ મંદિર છે. લોકો તેને ગિરનારી માતા પણ કહે છે.

ગિરનાર મહાત્મ્ય એમ પણ કહે છે કે બ્રહ્માએ શંકરને પ્રસન્ન કરી વર માગ્યો કે 'મેં સચરાચર ત્રૈલોક્ય ઉત્પન્ન કર્યું છે તો આપ પણ ભવ રૂપે આ મૂર્તિ ત્યાગ કરી ઉત્પન્ન થાઓ' શંકરે તેથી ગિરનાર ઉપર વાસ કર્યો. પાર્વતીએ જ્યારે શંકરને ન જોયા ત્યારે દેવતાઓ ઉપર કોપ કર્યો અને શંકર ક્યાં છે તે કહેવા અનુરોધ કર્યો. દેવતાઓને ખબર ન હતી કે શંકર ક્યાં છે તેથી તેમણે પુષ્કળ શોધખોળ કરી અને તેઓને શંકર, ભવનાથ સ્વરૂપે ગિરનારમાં છે તેવા સમાચાર મળ્યા, પાર્વતીને તે ખબર આપતાં તે કાર્તિકેય તથા ગણપતિ સાથે અહિં આવીને વસ્યાં.

આ મંદિર ઉપર ઈ. સ. ૧૮૮૪ ના જૂન માસની ૨૨ મી તારીખે વીજળી પડતાં થોડું નુકસાન થયેલું પણ તેનું તરત જ સમારકામ કરાવી લેવામાં આવ્યું.

શ્રી અંબાજી મંદિરમાં નીજ મંદિરના દ્વારમાં જૂનાગઢના સ્વ. ગુલાબરાય અંબાશંકર જોશીપુરાએ વિ. સં. ૧૯૦૮ માં રૂપાનાં કમાડો ચડાવી માતાજીને અર્પણ કર્યા છે. જૂનાગઢના તત્કાલીન દીવાન ગોકુલજી ઝાલાએ મંદિરની દક્ષિણે એક ધર્મશાળા પણ બંધાવી છે.

શ્રી અંબાજીના મંદિરની દક્ષિણ તરફ ખપ્પર નામથી ઓળખાતી જગ્યામાં પાણીનો ચશ્મો છે. તથા પાસે એક ઓરડી છે તેના જાળાં ઉપર માનતાના ચીંથરાં ચડે છે તે ચીંથર ઓરડી કહેવાય છે.

## શ્રી ગોરખનાથ

અંબાજીથી દક્ષિણ દિશામાં આગળ ચાલતાં ગુરુ ગોરખનાથની ટૂંક આવે છે. તે ગિરનારની ટૂંકોમાં સહુથી ઊંચી છે. અહિં ગોરખનાથજીનો ધૂણો તથા પાદુકા છે. આ જગ્યા નાથ સંપ્રદાયની છે અને તે સાથેની બીજી જગ્યા શ્રી નાથજીનો દલીચો નગરમાં છે.

## ઓઘડ

ત્યાંથી આગળ ચાલતાં ઓઘડની ટૂંક છે. નાથ સંપ્રદાયના યોગીઓ કાનમાં ચીરો લીધા પૂર્વે ઓઘડ કહેવાય છે. તેઓનું આ ટૂંક ઉપર સ્થાન હશે.

અઘોરી સંપ્રદાયના અવધૂતો પણ ઓઘડ કહેવાય છે. કાશીમાં થઈ ગયેલા પ્રસિદ્ધ ઓઘડ કીનિરામજી ગિરનારમાં આ સ્થળે રહેલા અને ત્યાં તેમને ગુરુ દત્તાત્રયનો સાક્ષાત્કાર થયો હતો એમ પણ કહેવાય છે.[2]

## કમંડલ કુંડ

અહિંથી થોડું માર્ગ ખંડન કરી નીચે ઉતરતાં જમણા હાથ ઉપરના સોપાન માર્ગે કમંડલ કુંડની રમણીય જગ્યામાં જવાય છે. ગિરનાર મહાત્મ્ય કહે છે કે તેની સમીપે નંદીશ્વર મહાદેવ છે. અહિં રત્નવાડી અર્થાત્ રતન બાગ નામનું સ્થાન છે.

ત્યાં દત્તાત્રયનો ધૂણો છે.

## પાંડવ ગુફા

કમંડલ કુંડ પાસે છ માણસો બેસી શકે એવી એક ગુફા છે તેથી તે પાંડવ ગુફા કહેવાય છે.

## અનસૂયા

અહિં થોડે આગળ જતાં અનસૂયાની ટેકરી છે અને ત્યાં ગુફામાં અનસૂયાની મૂર્તિ છે.

## કાલિકા

પાંડવ ગુફાની દક્ષિણે કાલિકાની ટૂંક આવે છે, ત્યાં જવા માટે પગથિયાં નથી. કેડી દ્વારા જવાય છે. અહિં માતાજીનું માત્ર મુખારવિંદ છે, જેની પૂજા થાય છે.

## દત્તાત્રેય

ત્યાંથી પાછા ઉપર આવી આગળ વધતાં ઊંચા અને અદ્ધર ઊભેલા

---

1 ગુલાબરાય ચરિત્ર, લેખક શ્રી જટાશંકર હરજીવન વોરા.

શ્રી ગુલાબરાય જુનાગઢના નાગર ગૃહસ્થ હતા તથા એજન્સીમાં અમલદાર હતા. તેમનો જન્મ ઇ. સ. ૧૮૦૯માં થયેલો અને મૃત્યુ ઇ. સ. ૧૮૯૫માં થયું. તેમણે વાગીશ્વરી પદ્માવતી, હાટકેશ્વર, હિંગળાજ, કનકાઇ, બ્રહ્મપોળનાં અંબાજી આદિ મંદિરોમાં પણ રૂપાનાં દ્વારો ચડાવેલાં તથા બીજા દેવસ્થાનોમાં ધર્મશાળાઓ બંધાવેલી ઈન્દુલાલ દુર્લભજી ભુવા ટ્રસ્ટ તરફથી અહિં એક ધર્મશાળા બાંધવામાં આવી છે. તેનું ઉદ્ઘાટન તા. ૧૦-૧૧-૧૯૮૭ના રોજ થયું.

2 ઓઘડ ભગવાન રામ (હિન્દી) લેખક પ્રો. યજ્ઞનારાયણ ચાતુર્વેદી.

ગુરુદત્તના શિખરે જવાય છે. ત્યાં ગુરુ દત્તાત્રેયનું નાનું પણ સુંદર સ્થાન છે. અન્ય પ્રચલિત વાર્તાઓથી જુદા સ્વરૂપની દત્ત જન્મની વાર્તા પ્રભાસખંડનું ગિરનાર મહાત્મ્ય આપે છે. તે પ્રમાણે અત્રિ ઋષિએ બાર હજાર વર્ષ તપશ્ચર્યા કરી દેવો પાસેથી પુત્ર જન્મનું વર માંગતાં ગુરુ દત્તાત્રય તેને ત્યાં અવતર્યા.

નાથ સંપ્રદાયના આદિ ગુરુઓના પણ ગુરુ દત્ત ગુરુ છે. અહિં પ્રતિ પૂર્ણિમાને દિવસે અનેક ભક્તો દર્શને આવે છે.

આ ટેકરીમાં પશ્ચિમ તરફ શ્રી આદિ ગુરુ શંકરાચાર્યની પ્રતિમા પણ પ્રતિષ્ઠિત છે.[1]

### ગબ્બર

અહિંથી ગબ્બરના પર્વતમાં જવાય છે. તેને ગર્ધેસિંહનો ડુંગર પણ કહે છે. અહિંથી ગધૈયાં નામના સિક્કાઓ મળતા. સાધુઓ માને છે કે આ પર્વતમાં આજ પણ નિઃશરીર યોગીઓ વસે છે.

### અન્ય સ્થાનો

ગિરનાર પર્વતની તળેટીમાં કેટલાંક રમ્ય અને પવિત્ર સ્થાનો આવેલાં છે, જે પૈકીનાં નીચેનાં મુખ્ય છે.

### બોરદેવી

ગિરનારની તળેટીમાં બોરીયા ગાળા નામે ઓળખાતી જગ્યા પાસે આ સુંદર સ્થાન છે. ત્યાં બોરડીનું ઝાડ હતું તે માટે તે બોરદેવી કહેવાય છે તેવી પ્રચલિત માન્યતા છે. ત્યાં બોરદેવીનું મંદિર છે તથા લાખા મેડી નામનું જૂનું ખંડીયેર છે. અહિંથી કેટલાક અવશેષો મળી આવ્યા છે, તેમાં એક સ્તૂપ છે, જેની પાસેથી એક માટીના પાત્રમાં ત્રાંબાનું પાત્ર, તેમાં ચાંદીનું પાત્ર અને તેમાંથી સોનાની એક ડબ્બી પણ મળી છે. મળી આવેલી એક મુદ્રામાં 'મહારાજા રૂદ્રસેન વિહારે ભિક્ષુ સંઘસ્ય' શબ્દો લખેલા છે.[2]

### ઈંટવા

ગિરનારની તળેટીમાં ઈંટવા નામના સ્થળે ઈ. સ. ૧૯૪૯માં ઉત્ખનન

---

1 ધર્મ સ્થાનોની માલીકી, ઉપયોગ કે હક્ક અધિકાર વિષયમાં આગળના પાનાંઓની ફૂટનોટમાં જણાવ્યા પ્રમાણે આ પ્રકારના હક્ક અધિકારના વાદવિવાદ માટે આ પુસ્તકનો આધાર લેવો નહિ. —લેખક.

2 વિગતો માટે જુઓ પ્રકરણ ૨ જું પા. ૫૪

કરતાં ત્યાંથી ૪૭૫ ફીટ લાંબો અને ૧૫૦ ફીટ પહોળો બુદ્ધ વિહારનો પાયો મળ્યો છે. ત્યાંથી મળી આવેલી ઈંટો ઉપરથી જણાય છે કે આ વિહાર ૧૮ ઈંચ લાંબી, ૧૨ ઈંચ પહોળી અને ૩ ઈંચ જાડી ઈંટોથી બાંધવામાં આવ્યો હશે, આ ઉપરાંત ત્યાંથી પ્રાર્થના ખંડની ફરશ અને ૧૦ ફીટ લાંબા અને ૧૦ ફીટ પહોળા એવા ૬ અને ૨૬ ફીટ લાંબો અને ૧૦ ફીટ પહોળો એવો ૧ ખંડ પણ મળી આવ્યો છે.

પશ્ચિમ તરફ એક લાંબી પરસાળ પણ દેખાય છે. આ ખંડો ફરતી ૫ ફીટ ૧૦ ઈંચ પહોળી ઓસરી પણ હશે તેમ જણાય છે. પૂર્વમાં ૩૬૦ ફીટ અને દક્ષિણે ૭૦ ફીટ દૂર, ૪૦ ફીટ લાંબી અને ૪૦ ફીટ પહોળી એવી ઈમારતનાં અવશેષો જોવામાં આવે છે.

ઈંટવાના ઉત્ખનનમાંથી ક્ષત્રપ રાજાની મુદ્રા, તોલ માપો, ચટણી વાટવાનો પથ્થર અને માટીનાં વાસણો પણ નીકળ્યાં છે.[1]

## જટાશંકર

ગિરનારના ગેબી રસ્તા ઉપરથી હનુમાનધારા પાસેથી ઉતરતા માર્ગમાં જટાશંકર મહાદેવનું સ્થાન આવે છે. જટાશંકરનું લિંગ એક ગુફામાં છે. તેના ઉપરથી સતત જલ પ્રવાહ વહે છે. અહિં એક ધર્મશાળા પણ છે.

## ચાસુદ્રી

ગિરનારની તળેટીમાં આ સુંદર સ્થાન આવેલું છે. અહિં તુલસી અને રામતુલસીનાં વન છે.

## માળવેલો

ગિરનારની ઓઢમાં આવેલા આ મનોરમ્ય સ્થાનમાં, મહાદેવનું મંદિર તથા રહેવા માટેના ઓરડાઓ છે.

## ઝિણા બાવાની મઢી

ઝિણા બાવા નામના પવિત્ર યોગીએ બાંધેલી આ જગ્યા પણ રમણીય અને સુંદર છે. ગિરનારની પરકમ્માના પ્રવાસીઓ અહિં રાત્રી વ્યતિત કરે છે. ઝિણા બાવાના અનેક ચમત્કારોની વાતો લોકોમાં પ્રચલિત છે.

## લાલઢોરી

ગિરનારની તળેટીમાં દુધેશ્વર મહાદેવનું સ્થાન છે. ત્યાં જૂનાગઢ રાજ્યના

---

1 એજન.

સમયમાં કલમી આંબાઓ વાવવા માટે ખાનગી વ્યક્તિઓને આપેલા પ્લોટોમાં પુષ્કળ ઊંચી જાતના કલમી આંબાઓનું વન છે. તેનાથી થોડે દૂર લાલઢોરી નામનું અતિ સુંદર અને આકર્ષક સ્થાન છે. ત્યાં આજે રૂપાયતન નામની સંસ્થા તથા શ્રી રતુભાઈ અદાણીના માર્ગદર્શન નીચે એક હાઈસ્કૂલ ચાલે છે અહિં સુરમ્ય અને નૈસર્ગિક વાતાવરણમાં રહેતા અને વસતા છાત્રો વિદ્યાભ્યાસ કરે છે.

## દામોદર કુંડ

જૂનાગઢ શહેરથી ગિરનાર જવાના માર્ગમાં સોનરખ નદીમાં આ પવિત્ર અને પ્રખ્યાત કુંડ છે. તેને કાંઠે દામોદરરાયજીનું મંદિર છે. સ્કંદગુપ્તના સુબા ચક્રપાલિતે, ઈ. સ. ૪૫૭–૪૫૮માં ચક્રભૃત વિષ્ણુનું મંદિર બંધાવ્યાનો પર્વતીય શિલાલેખમાં ઉલ્લેખ છે તે આ મંદિર હોવું જોઈએ તેમ વિદ્વાનો માને છે. કોઈ કાળમાં તે ખંડિત થયું હશે તેથી તેના શિખરનો ભાગ તથા પૂર્વની દીવાલનો જીર્ણોદ્ધાર થયો હોવાનું જણાય છે. પૌરાણિક માન્યતા પ્રમાણે આ મંદિર શ્રી કૃષ્ણના પૌત્ર વજ્રનાભે બંધાવ્યું છે.

ભક્ત કવિ નરસિંહ મહેતા અહિં દર્શને આવતા અને રાઃ માંડલિકે જ્યારે તેની કસોટી કરી ત્યારે દામોદરરાયે અહિંથી જ હાર આપેલો એમ કહેવાય છે. ગિરનાર મહાત્મ્યમાં, આ કુંડમાં બ્રહ્માજીની આજ્ઞાથી ગંગાજી વસે છે તેવી વાર્તા છે. એવી પણ પ્રચલિત માન્યતા છે કે આ કુંડના પાણીમાં હાડકાં આપ મેળે ઓગળી જાય છે અને તેમાં ચિતાભસ્મ નાખવામાં આવે છે તે છતાં પાણી શુદ્ધ રહે છે.

અહિં વિ. સં. ૧૪૭૩ ના વર્ષનો એક શિલાલેખ છે. તેમાં જણાવ્યા પ્રમાણે દામોદર નામના કોઈ પરોપકારી સજ્જને, યાત્રાળુઓ માટે બંધાવેલો મઠ છે. શ્રી મહાપ્રભુજીની બેઠક પણ ત્યાં જ છે.

ઇ. સ. ૧૮૨૬ માં દીવના વ્યાપારી સંઘજીએ વાઘેશ્વરી દરવાજાથી ગિરનાર સુધીનો માર્ગ બંધાવ્યો અને સોનરખ ઉપર પાજ તથા ઈ. સ. ૧૮૮૯ માં દીવાન હરિદાસ વિહારીદાસે તેનાં માતુશ્રી હેતાબાના સ્મરણાર્થ મંદિરમાં જવાનો પુલ બંધાવ્યો.[1]

---

1 આ પુલ અને પાજ સુંદરજી શિવજીએ બંધાવ્યાં અથવા ઘોરાજીના સુંદરજીએ બંધાવ્યાં તેવી માન્યતાઓ છે પણ દીવાન રણછોડજી તારીખે સોરઠમાં સ્પષ્ટ લખે છે કે માર્ગ બંધાવનાર સંઘજી દીવાનો હતો.

આ કુંડની લંબાઈ ૨૭૫ ફીટ અને પહોળાઈ ૫૦ ફીટ છે તથા ફરતો ઘાટ છે. અહિં સ્મશાન છે. જે હમણાં થોડા સમય પૂર્વે નવું સ્મશાન થતાં બંધ થયું છે.

## મુચકુંદેશ્વર

દામોદર કુંડ પાસે મુચકુંદની ગુફા તથા મુચકુંદેશ્વર મહાદેવ છે. એમ કહેવાય છે કે આ લિંગની કોઈ અજ્ઞાત વ્યકિત પ્રત્યેક દિવસે પ્રાતઃકાળમાં પૂજા કરી જાય છે. તેને હજી સુધી કોઈ જોઈ શકયું નથી કે જાણી શકયું નથી. બ્રહ્મનિષ્ટ મહાત્મા નથુરામ શર્માએ આ ગુફામાં નિવાસ કરેલો.

## રેવતી કુંડ

અહિં રેવતી કુંડ નામનો નાનો છતાં સુંદર કુંડ છે.

## વાગીશ્વરી

અહિંથી થોડે આગળ ચાલતાં જેને સામાન્ય રીતે વાઘેશ્વરી કહેવામાં આવે છે તે વાગીશ્વરી માતાનું મંદિર છે તેની પાસે થોડે ઊંચે માતાજીનું બીજું મંદિર છે જ્યાં ચડવા માટે જૂનાગઢના શ્રી હેમતલાલ વોરા નામના ગૃહસ્થે પગથિયાં બંધાવી આપ્યાં છે.

વાગીશ્વરીથી જરા નીચે વામનેશ્વરનું મંદિર છે.

## લક્ષ્મણ ટેકરી

ગિરનારથી શહેરમાં જવાના માર્ગ ઉપર એક ટેકરી ઉપર લક્ષ્મણજીની પાદુકા તથા ડેરી છે. આ ટેકરી લક્ષ્મણ ટેકરી કહેવાય છે.

આ ઉપરાંત આ માર્ગમાં એટલે વસ્ત્રાપથ ક્ષેત્રમાં પ્રાચીન અર્વાચીન નાનાં મોટાં મંદિરો અને આશ્રમો છે.

## ઇન્દ્રેશ્વર

ગિરનારની ઉત્તરે જોગણીના પહાડમાં ઇન્દ્રેશ્વરનું રમણીય સ્થાન છે. ગિરનાર મહાત્મ્ય પ્રમાણે આ મંદિર વીરભદ્ર નામના પર્વતમાં આવેલું છે તે માટે પુરાણકાર માત્ર એટલુંજ કહે છે કે વીરભદ્ર નામનો પર્વત છે તથા તેમાં ઈન્દ્રેશ્વર મહાદેવનું મંદિર છે. મહાત્મ્ય વિશેષમાં કહે છે કે ઈન્દ્રે, પરસ્ત્રી ગમનનું પાપ કરેલું પણ એક પારધીની સલાહથી વીરભદ્રમાં અપૂજ પડેલા એક લિંગની પૂજા કરી પાપમાંથી મુક્તિ મેળવી તેથી તેનું નામ ઈન્દ્રેશ્વર થયું.

એવી પણ કિંવદંતિ છે કે નરસિંહ મહેતા જે મહાદેવને પ્રસન્ન કરી

વૈકુંઠમાં ગયા તે આ ઈન્દ્રેશ્વર મહાદેવ.

અહિં સં. ૧૯૫૦ (ઈ. સ. ૧૮૯૪)નો એક શિલાલેખ છે. એમાં જણાવ્યા પ્રમાણે દીવાન કુટુંબના છોટાલાલ ભવાનીદાસનાં પત્ની જવલકુંવર ત્રિકમજીએ સ્વ ચંપક તથા કુમકની સ્મૃતિમાં શિવાલય બાંધ્યું છે.

ઈ. સ. ૧૯૦૬–૧૯૦૭માં મુંબઈના કોઈ ભાટિયા ગૃહસ્થે ત્યાં શિખર-બંધી મંદિર બંધાવ્યું અને તત્કાલિન નવાબ રસુલખાને સક્કરબાગથી ત્યાં સુધીનો પાકો રસ્તો બંધાવી આપ્યો. એમ પણ કહેવાય છે કે નવાબ રસુલખાન ગાદી ઉપર આવ્યા તે પૂર્વે આ જગ્યામાં જતા આવતા અને ત્યાંના મહંતે તેને તેઓ રાજકર્તા થશે તેવા આશિષ આપેલા તે ફળીભૂત થતાં નવાબે આ રસ્તો કરાવી આપેલો.

એવી પણ એક માન્યતા છે કે આ શિવાલય પાસે શ્વેત રૂંવાટા અને વાળ વાળો એક વૃદ્ધ મહા સર્પ રહે છે અને ઘણી વાર લિંગ ફરતો આંટો લઈને બેઠેલો જોવામાં આવે છે.

આ શિવાલયમાં જૂનું લિંગ હતું તે ફાટી જતાં ત્યાં મૂળ લિંગની બાજુમાં બીજું લિંગ પ્રતિષ્ઠિત કરવામાં આવ્યું છે.

અહિં શ્રી ગુલાબરાય જોશીપુરાએ નાની ધર્મશાળા બંધાવી છે.[1]

## રામેશ્વર

ગિરનારની દક્ષિણે બીલખા પાસે રામેશ્વરનું સ્થાન છે. આ પવિત્ર અને પુરાતન સ્થાન સુંદર અને આકર્ષક છે.

## દાતાર

ગિરનાર પર્વતની દક્ષિણે દાતારનો પહાડ છે. તેમાં જમિયલશાહ દાતારની પવિત્ર અને પ્રખ્યાત જગ્યા છે.

દાતારનો પહાડ સમુદ્રની સપાટીથી ૨,૭૭૯ ફીટ ઊંચો છે. ત્યાં જમિયલ-શાહ પીરનો ચિલ્લો છે. જમિયલશાહની તુરબત તો સિંધના નગરઠઠ્ઠામાં છે પરંતુ તેઓ અહિં વસેલા તેથી તેનો ચિલ્લો કહેવાય છે. જમિયલશાહ ઈરા-નના તુસ શહેર કે જ્યાં પ્રખ્યાત કવિ ફીરદોસી જન્મેલો ત્યાંના હતા. બાલ્ય-વયમાં તેઓએ તેમની અસાધારણ દૈવી શક્તિનો પરિચય આપ્યો. સાત વર્ષની વયે તો તેમણે કુરાન શરીફ કંઠસ્થ કર્યું અને પંદર વર્ષની વયે હજ પડી

---

1 ગુલાબરાય ચરિત્ર–લેખક શ્રી જટાશંકર હરજીવન વોરા.

આવી થોડો સમય વ્યતિત કરી, સિંધના નગરઠઠ્ઠા શહેરમાં આવી વસ્યા. અહિં તેમણે અલ્લાહની મહેરબાની, કુદરતી બક્ષિસ અને ઈબાદતથી અનેક ચમત્કારો કરી બતાવ્યા. ત્યાંથી તેઓ રાહ માંડલિકના સમયમાં એટલે ઈ સ. ૧૪૭૦ ની આસપાસ સૌરાષ્ટ્રમાં આવ્યા.

આ સમયે જૂનાગઢના પહાડોમાં, ભૂત, પ્રેત, પિશાચ અને એવા અવગત પામેલા આત્માઓ વસતા અને નિર્દોષ માણસોને ત્રાસ આપતા. પીર જમિયલશાહે તેમને વશ કરી તેમનું અસ્તિત્વ નષ્ટ કર્યું. તેણે જીન્નાતોને પણ આણમાં લીધા.

કિંવદંતી છે કે જ્યારે નાગબાઈને રાહ માંડલિકે સંતાપ્યાં ત્યારે જમિયલશાહ પીર રાહને સમજાવવા ગયેલા. તેમણે રાહને આઈની માફી માગવા સલાહ આપી પણ રાહ માન્યો નહિ ત્યારે તેમણે મહમૂદ બેગડાને જૂનાગઢ આવી સોરઠ જીતી લેવા આમંત્રણ આપ્યું.

આ પવિત્ર, પ્રતાપી અને ઈશ્વરના પ્યારા ઓલિયાના જીવન અને ચમત્કારોની અનેક વાતો પ્રચલિત છે. જે સમગ્રનું આલેખન શક્ય નથી, પરંતુ તેમાંથી એક તાત્પર્ય નીકળે છે કે, તેમનામાં પ્રાણી માત્ર પ્રત્યે દયા અને અનુકંપા હતી. તેમનામાં ધર્માંધપણું ન હતું અને તેઓ હિન્દુઓ અને મુસ્લિમોને સમાન ગણતા અને તેથી આજ પણ તેના ચિલ્લા પાસે હિન્દુઓ અને મુસ્લિમો સમાન ભાવે ઊભા રહી તેની વંદના કરે છે અને તેની માનતા માને છે.

દાતાર પર્વત ઉપર આ સુંદર સ્થાનમાં, ફકીરો અને મુસાફરોને રહેવાનાં મકાનો છે. ચિલ્લા પાસે હર સંધ્યાકાળે, નગારાં અને નોબતના નાદમાં મશાલ અને લોબાન થાય છે

ઈ. સ. ૧૮૯૧માં દાતાર જવાનો માર્ગ બાંધવામાં આવ્યો અને તે જ વર્ષમાં ઉપર જવાનાં પગથિયાં પણ બાંધવાનું શરૂ થયું. ઈ. સ. ૧૮૯૪માં આ કાર્ય સંપૂર્ણ થતાં તેનું ઉદ્દઘાટન મુંબઈના ગવર્નર લોર્ડ હેરિસના હાથે કરવામાં આવ્યું.

આ સોપાન માર્ગ બંધાવતી વખતે, વઝિર બહાઉદ્દીનભાઈએ પહાડ ઉપર એક મસ્જિદ બંધાવી તથા માર્ગમાં આવતા કોયલા વઝિર નામના સ્થાનમાં વિશ્રામ ગૃહ અને પાણીનું ટાંકું પણ બંધાવ્યું. જૂનાગઢ રાજ્યે, સક્કર કુઈ પાસેનો રસ્તો અને કાળવા ઉપરનો પુલ બંધાવ્યો.

દાતારનો એક ચિલ્લો જૂનાગઢ શહેર અને દાતારના પહાડની વચ્ચે છે. તેને નીચલા દાતાર કહે છે.

પ્રભાસખંડમાં દાતારના પહાડને કાલમેઘનો પર્વત કહ્યો છે. તેનું વિસ્તૃત વર્ણન તેમાં જોવામાં આવતું નથી તેથી સંભવ છે કે જે સમયે પ્રભાસખંડ લખાયો ત્યારે ત્યાં કંઈ નહિ હોય ! પરંતુ અધ્યાય ૯૭માં પુરાણકાર લખે છે કે, જ્યારે કાળયવન, મુચકુંદની નેત્ર જવાલામાં ભસ્મિભૂત થયો ત્યારે શ્રી કૃષ્ણે મુચકુંદને વર માગવા કહ્યું. મુચકુંદે ત્યારે કહ્યું કે કાળયવનને કાંઈક વર આપો. ત્યારે શ્રીકૃષ્ણે વર આપતાં કહ્યું કે 'કાળયવન બળીને ભસ્મ થયો તેની યવનો પૂજા કરશે.' પ્રભાસખંડના વિદ્વાન ભાષાંતરકાર વેદમૂર્તિ પાઠક ગોરાભાઈ રામજી તેના ઉપર ટિપ્પણ કરતાં નોંધે છે કે કાળયવન જ્યાં ભસ્મ થયો તે સ્થાને દાતારની જગ્યા થઈ હશે. આ માત્ર અનુમાન છે. તેના માટે કાંઈ આધાર નથી. શ્રી કૃષ્ણ તેના શત્રુને વર આપે અને તે પણ મુચકુંદના કહેવાથી તે સંભવિત નથી. આ વાર્તા અવશ્ય ક્ષેપક હોવાનું જણાય છે.

## પવિત્રતા

ગિરનાર એક પવિત્ર પર્વત તરીકે ઓળખાય છે અને પૂજાય છે. તેનો આકાર શિવ લિંગ જેવો હોવાથી તેને શંકર સ્વરૂપ માનવામાં આવે છે. પ્રભાસખંડ કહે છે કે તેમાં દશ કરોડ તીર્થો સમાયેલાં હોવાથી તે અપવિત્ર થાય નહિ માટે ઉપર ઘણું રહેવું નહિ. સિદ્ધરાજ જ્યારે ગિરનાર ચડવા ગયો ત્યારે બ્રાહ્મણોએ તેને કહ્યું કે ગિરનાર શિવ લિંગ આકારનો છે તેથી ઉપર જવું યોગ્ય નથી.

ગિરનારને પરમ પવિત્ર માની તેની પ્રતિ વર્ષ પરકમ્મા કરવામાં આવે છે અને જ્યારે યાત્રાળુઓ ઉપર ચડે છે ત્યારે તેના પ્રથમ સોપાનને વંદન કરી પછીજ ઉપર જાય છે. ઘણા તો પગથિયે પગથિયે વંદન કરતા ચડે છે. જૈન યાત્રિકો ઉપવાસ કરીને ચડે છે અને ઉતરે છે. ઘણા યાત્રાળુઓ 'જય ગિરનારી ધજાધારી શિખર પર બેઠકે ખબર લે હમારી'ના નાદ પણ ગજાવે છે.

ગિરનારને દેવ તરીકે ગણી તેની પૂજા પણ થતી વિ. સં. ૧૩૪૬ (ઈ. સ. ૧૨૯૦)ના વંથળીના એક શિલાલેખનો પ્રારંભ 'ૐ નમઃ રેવંતાય'થી કરવામાં આવ્યો છે.

## પરક્રમ્મા

પ્રતિવર્ષ દેવદીવાળીના દિવસે ગિરનારની તળેટીમાં ભવનાથ મહાદેવના મંદિર પાસે ગિરનારની પરિક્રમા કરનાર યાત્રિકોનો મેળો થાય છે. ત્યાં તેઓ રાત રહે છે અને ત્યાંથી બીજે દિવસે સવારે ઉપડી, ચરખડીયા, હનુમાન,

સૂરજકુંડ, પાટનાથ થઈ રાત્રે માળવેલા જઈ પહોંચે છે. ત્યાંથી સવારે ઉપડી શ્રવણવડ, વાસંતીનાગ, હેમાજળીયા કુંડ થઈ રાત્રે બળદેવી માતાની જગ્યામાં રાત રહે છે તથા ત્રીજે દિવસે બોરદેવી થઈ ભવનાથ પહોંચે છે. પરકમ્માનો ચાલ બહુ પુરાતન સમયમાં હતો પણ મધ્યકાળમાં તે અનેક કારણો વશાત્ બંધ પડેલો. પરંતુ ઈ. સ. ૧૮૬૪માં જૂનાગઢના દીવાન અનંતજી અમરચંદ વસાવડાએ તે પાછો પ્રચલિત કર્યો હોવાનું કહેવાય છે તેમણે જ્યેષ્ઠ માસમાં સંઘ કાઢી પરકમ્મા કરેલી પણ તે પછી પ્રતિવર્ષ કાર્તિક માસમાં પરકમ્મા કરવામાં આવે છે.

## મેળો

પ્રતિવર્ષ શિવરાત્રીના પવિત્ર દિવસે ભવનાથના મંદિર પાસે ભવ્ય મેળો ભરાય છે તેમાં સૌરાષ્ટ્રના અને પરપ્રાન્તોના અનેક યાત્રિકો અને જુદા જુદા સંપ્રદાયના સંત સાધુઓ આવે છે.

એક એવી પ્રબળ માન્યતા છે કે આ મેળામાં સર્વે સિધ્ધો અને સંતોને જ્યાં હોય ત્યાંથી એક વાર આવવું આવશ્યક છે. ગેબમાં રહેતા અને અપ્રગટ વસતા અઘોરીઓ પણ આ મેળામાં ભવનાથનાં દર્શને અને મૃગીકુંડમાં શિવરાત્રીનું સ્નાન કરવા આવે છે.

## પર્વતની કથાઓ

ગિરનારના પર્વતોમાં અનેક સંતો, સિધ્ધો, યોગીઓ અને મહાત્માઓ વસી ગયા છે અને લોકો વિશ્વાસપૂર્વક માને છે કે તેવી વિભુતિઓ હજી પણ ત્યાં વસે છે. જૈન મહાત્મ્ય અને અન્ય ગ્રંથોમાં પણ ત્યાં યક્ષો વસે છે તેમ કહેવામાં આવ્યું છે મુસ્લિમો પણ માને છે કે પહાડની અડખે પડખે સારા અને ક્રોધી એવા બે પ્રકારના જીન્નાતો રહે છે.[1]

આ સંતો અને સિધ્ધોની, યક્ષોની અને જીન્નાતોની અનેક વર્તાઓ અને ચમત્કારોની વાતો લોક જીવ્હાએ સજીવન રહી છે. નાથ સંપ્રદાયના સાધુઓ માને છે કે ગુરુદત્તાત્રેય તેમના આદિ ગુરુ છે અને તેથી પ્રત્યેક સાધુને ત્યાં દર્શને જવું જરૂરી છે. એટલું નહિ પણ ત્યાં અનેક સિધ્ધો હજી પણ નિઃશરીર વસે છે અને ક્વચિત કેઈ ભાગ્યશાળી પુરુષો તેમના દર્શન પણ કરે છે. અઘોરી

---

1 ગિરનાર કલ્પ તરુ નામનો એક પ્રાચીન ગ્રંથ હોવાનું કહેવાય છે. પણ મને જે મળ્યો છે તે માત્ર ૧૫૦ લીટીઓમાં છે. તેમાં ગિરનારનાં તીર્થસ્થાનોનાં મહાત્મ્ય તથા યાત્રાક્રમ છે. લેખક.

સંપ્રદાયના સાધુઓ પણ તેમનું આદિસ્થાન ગિરનાર હોવાનું માને છે. જૈન મહાત્મ્ય અનુસાર ગિરનારમાં અઘોરીઓ વસતા. વરદની શિખરના અધિષ્ઠાયક દેવે, હરનાથગર નામના અઘોરીએ એક બ્રાહ્મણના પુત્રનો ભક્ષ્ય કરતાં તેને લાકડી મારી લંગડો કર્યો. તે પછી બધા અઘોરીઓ ગિરનાર છોડી ચાલ્યા ગયા. અઘોરી સંપ્રદાયના સાધુઓ માને છે કે હજી પણ ગિરનારની ગુફાઓમાં અઘોરીઓ વસે છે અને પ્રત્યેક શિવરાત્રીએ ભવનાથના દર્શને નીચે ઉતરે છે. તેઓના નામ કે સ્થાનની કોઇને માહિતી નથી. માત્ર જાણકાર સાધુઓ જ તેમનાં દર્શન કરે છે. નાથ સંપ્રદાય અને અન્ય સંપ્રદાયના યોગીઓ માને છે કે ઓઘડની ટૂંક પાસે અમુક નિયત રાત્રીએ, અમુક પ્રકારના નાદ થાય છે અને આ ટૂંક જાગૃત થાય છે.

આ સિધ્ધોના ચમત્કારોની અનેક વાર્તાઓ નોંધાયેલી છે. ગધેસિંહ ડુંગરમાંથી પ્રાપ્ત થતા ગધૈયાં નામના સિક્કાઓ લઈ કેટલાક માણસોએ બોરદેવીમાં કોઈ સાધુનો પ્રતિકાર કરતાં તેઓ આપત્તિનો ભોગ બન્યા એવી એક વાર્તા પ્રચલિત છે.

ઈ. સ. ૧૮૮૯–૧૮૯૦ માં વંથળી તાલુકાના સેલરા ગામના એક આહિર કિશોરને તેના ખેતરમાંથી એક સાધુએ આકાશ માર્ગે પોતા પાછળ ઉડાડી ગિરનાર ઉપર લઈ જઈ એક ગુફામાં ત્રણ દિવસ રાખેલો તેની પોલીસ તપાસ થતી હતી ત્યાં મહૂર્મ નવાબ રસુલખાને, કિશોર સહિસલામત પાછો આવી ગયો હોવાથી સાધુઓની શોધ કરી આ પ્રશ્નમાં વિશેષ ઊંડા ઉતરવાનું આવશ્યક નથી એમ કહી તપાસ બંધ કરવા આજ્ઞા કરેલી.

ઈ. સ. ૧૯૫૨–૧૯૫૩ માં પણ આવો જ કિસ્સો બનેલો. તેમાં પણ ગિરનારમાં ગુમ થયેલો કિશોર સકુશળ પાછો આવેલો અને વિશેષ કાંઈ માહિતી મળી નહિ.

ગિરનાર ચોરાસી સંતોનું બેસણું કહેવાય છે. તેમાં અઘોરી, નાથ, અતીત, ખાખી, કાપડી આદિ સર્વે સંપ્રદાયના સાધુઓ એક યા બીજા સમયે થઈ ગયા હોવાનું કહેવાય છે. તેમાં મહાન યોગી લક્કડભારથી કે જેણે, કલકત્તાના અંગ્રેજ ગવરનરને, તેમને જીવતા સળગાવી દેવામાં આવ્યા છતાં બળતા અગ્નિમાંથી બહાર નીકળી આશ્ચર્યમાં નાખી દીધેલા તે, જ્ઞાનસાગરજી[1] જેમણે

---

1 જ્ઞાનસાગરજી પૂર્વાશ્રમમાં પ્રભાસપાટણના ત્રવાડી અવટંકના સોમપુરા બ્રાહ્મણ હતા, સોરઠના સિધ્ધો શ્રી કાલીદાસ મહારાજ,

નાથ સંપ્રદાયના સાધુઓને તેમની શક્તિનો પરચો આપેલો. સિધ્ધ મેકરણ કે જેણે કચ્છમાં તેમના પરચા બતાવેલા, પ્યારેરામજી, ઝિણા બાવા, કનીરામજી રૂખડ બાવો[1] સામગરજી,[2] માતાજી હીરાંગિરજી વગેરે[3] કે જેમણે તેમની અપૂર્વ ચમત્કારિક સિદ્ધિઓ પ્રદર્શિત કરી હતી તે સર્વે આજ પણ લોક સ્મૃતિમાં એ જ આદર અને એ જ સન્માનથી જીવિત છે અને આજે પણ આવા યોગીઓ[4] ગિરનારમાં વસી રહ્યા છે તે હકીકત છે. ગિરનાર ઉપર અશ્વત્થામા અને માર્કંન્ડેય વસે છે તેમ પણ લોકો માને છે.

## સાહિત્યમાં ગિરનાર

સાહિત્યકારોએ, કવિઓએ, લેખકોએ, વૈજ્ઞાનિકોએ અને પ્રવાસીઓએ ગિરનારનાં સૌંદર્ય અને સમૃદ્ધિથી પ્રભાવિત થઈ, મહાભારત કાળથી આજ દિવસ સુધીમાં ગિરનારને કેન્દ્રમાં રાખી અનેક વાર્તાઓ, નવલો, નાટકો, કાવ્યો, નિબંધો આદિ લખ્યાં છે જે સમગ્રનો ઉલ્લેખ એક જુદા જ પુસ્તકનો વિષય હોઈ અત્રે કરી શકાય તેમ નથી.

પૂ. નથુરામ શર્માએ,[5] કવિવર નાનાલાલે[6] શ્રી ગજેન્દ્ર બૂચે, શ્રી મનસુખલાલ ઝવેરીએ, શ્રી ઈન્દુલાલ ગાંધીએ અને બીજા અનેક કવિઓએ અને લેખકોએ તેમના હૃદયના ભાવો રેડી ગિરનારનું ગૌરવ વધાર્યું છે. લોક સાહિત્યમાં અને

---

1 રૂખડ બાવાનો રાસડો 'ગરવાને માથે રે રૂખડ બાવો ઝણું'બીયો...'

2 જૂનો રે જોગી જૂનાણે જાગીયો રે જાગતાં સુણી એણે ચેલાઉંની વાતરે સામગરની સવારી—'

3 ઈ. સ. ૧૯૪૩ માં ગિરનાર ઉપર મને એક મહાત્મા મળેલા તેમણે તેમની ગુફાનું પષાણ શિલાનું દ્વાર ઉઘાડી મને અંદર લઈ ગયેલા, તે પછી ઘણીવાર આ સ્થાને જઈ તે દ્વારની તપાસ કરતાં ત્યાં ખડક જ જોવામાં આવ્યો છે, આ મહાત્માની અનુમતિ હું લઇ શકયો નથી એટલે તેનું પવિત્ર નામ અને વર્તમાન સ્થાન પ્રગટ કરી શકવાનું હિતાવહ નથી.—લેખક.

4 કનીરામજી અઘોર સંપ્રદાયના મહાન સિધ્ધ હતા તેમનું. સ્થાન કાશીમાં છે. દિલ્હીમાં મંજુ ટીલામાં વસતા અઘોરી સંપ્રદાયના મહાન સંત ભૂતનાથજીનું જન્મ સ્થાન જૂનાગઢ તથા ગુરુ સ્થાન ગિરનાર છે. —ઓઘડ ભગવાન રામ—શ્રી યજ્ઞનારાયણ ચતુર્વેદી.

5 સૌરાષ્ટ્ર દર્પણ-ઇ. સ. ૧૮૮૪ના નવેમ્બર અંકમાં પૂ શ્રી નથુરામ પિ રાવલનું કાવ્ય ગિરનાર.

6 ગિરનારના ચરણે— ઊગ્યું પ્રભાત સુખરૂપ સખી અનેરૂં
યાત્રા હજો સફલ એ અમ ઉર્ધ્વગામી.

ચારણી સાહિત્યમાં તો ગિરનારના વિપુલ ઉલ્લેખો છે. પરંતુ સર્વોત્તમ અને સર્વશ્રેષ્ઠ પંક્તિઓ મહાકવિ માઘે તેના શિશુપાલ વધ નામના કાવ્યમાં લખી છે[1]

**द्रष्टोऽपि शैल स मुहुर्मुहुरिर पूर्व' वक्रिस्मय माततान**
**क्षणे क्षणे यन्नवतामुपैति तदेव रूप' रमणीयताम:**

જાણે ન જોયો કદી હોય પૂર્વે વિસ્મિત મુરારી શૈલ એમ નિરખે
ક્ષણે ક્ષણે નૂતનતા ધરે જે તે શુદ્ધ રૂપ છે રમણીયતાનું

સદ્દગત આચાર્ય વલ્લભજી હરિદત્તે લખેલા એક સુંદર શ્લોકમાં તેણે ગિરનારને પ્રવાસીઓને આવકારતા કલ્પ્યો છે.[2] અને તેની સાથે આ વર્ણન પણ વિરમે છે. ૨-૩

**एषोपि गुण्य गिरिनारगिरि शिरोभि**
**वार्धक्य योगसित मेघ पटोष्णिषाढ्यी: ।**
**दुर्णापटेन हरितेन च वेष्टितांग**
**सिंहस्वनेन परमाह्वयतीव युष्माम ॥**

---

1 આ વર્ણન દ્વારકા પાસેના સમુદ્રમાં લુપ્ત થયેલા રૈવતકનું છે પણ તે ગિરનાર માટે એટલું જ સાચું હોવાથી પ્રચલિત થઇ ગયું છે.

2 સૌરાષ્ટ્ર દર્પણ ઈ. સ. ૧૯૭૧નો જાન્યુઆરી અંક.

3 રાજકોટના દૈનિક વર્તમાન પત્રના ઉપક્રમે ઈ. સ. ૧૯૭૦થી ઇ. સ. ૧૯૭૯ સુધી ગિરનાર આરોહણ સ્પર્ધા યોજવામાં આવેલી અનેક યુવાનો તેમાં ભાગ લેતા.

# પરિશિષ્ટ

જૂનાગઢ નગરમાં અને નગર બહાર ઈતિહાસ પુરાવિદ્યા, ધર્મ અને સ્થાપત્યની દૃષ્ટિએ નોંધપાત્ર ગણાય એવાં અનેક સ્થાનો છે. પણ તે પ્રત્યેની નોંધ આ પુસ્તકમાં લેવાનું શક્ય નથી તેથી વાચકોની માહિતી માટે અમુક સવિશેષ અગત્યનાં સ્થાનોની સંક્ષિપ્ત નોંધ આ પરિશિષ્ટમાં લેવામાં આવી છે.[1]

## પર્વતીય લેખો

જૂનાગઢ શહેરથી ગિરનાર જવાના માર્ગ ઉપર અશોકના શિલાલેખથી જાણીતા થયેલા ત્રણ લેખો છે. તેમાં પ્રથમ લેખ મૌર્ય સમ્રાટ અશોકે તેના રાજ્યારોહણના ૧૨મા વર્ષમાં એટલે ઈ. સ. પૂર્વે ૨૫૬ લગભગ કોતરાવી પોતાની રાજ્યાજ્ઞા પ્રસિદ્ધ કરી છે. આ લેખ ૭૫ ફીટના પરિઘનો છે. તે લગભગ ૧૦૦ ફીટના વિસ્તારમાં ૧૪ વિભાગોમાં શાસનો લખી પ્રજાને હિંસાથી દૂર રહેવા, ઔષધિઓ મળે તેવી વનસ્પતિઓ રોપાવવા, બ્રાહ્મણ તથા શ્રમણને સરખા ગણવા, સંયમ નિયમનું પાલન કરવા, માંગલિક કૃત્યો કરવા, ભિક્ષુકોને દાન આપવા, સર્વે સંપ્રદાયોને અનુસરનાઓને અરસપરસ સંપ કેળવવા રાજ્યાજ્ઞા આપી છે. તે ઉપરાંત તેના અધિકારીઓને સ્રીઓ, યાત્રિકો, આદિનું ધ્યાન રાખવા તથા ધર્મ મહામાત્રોને જ્ઞાનનો પ્રચાર કરવા, ઉપદેશ

---

1 જૂનાગઢ નગરનાં અને નગર બહારનાં સ્થાનોની નોંધ તથા વિગતો માટે જુઓ 'જૂનાગઢ અને ગિરનાર, (ગુજરાતી) અથવા 'જૂનાગઢ એન્ડ ગિરનાર (અંગ્રેજી) —શં. હ. દેશાઇ.

આપવાની સૂચના આપી છે.[1]

તેજ ખડક ઉપર ઉક્ત લેખની બાજુમાં શક સંવત ૭૨ (ઈ. સ. ૧૫૦)માં ભારે વર્ષા અને વાવાઝોડાના કારણે મૌર્યકાળમાં બંધેલા સુદર્શન તળાવની પાળ ફાટી ત્યારે તત્કાલિન મહાક્ષત્રપ રૂદ્રદામાએ પ્રજા પાસેથી કોઈપણ જાતનો ખર્ચ ન લેતાં તે પાળ સમરાવી. આ કાર્ય તેના અધિકારી સુવિશાખે સંપૂર્ણ કર્યું, તેની નોંધ આ લેખમાં લેવામાં આવી છે.[2]

ગુપ્ત વર્ષ ૧૨૬ (ઈ. સ. ૪૫૬)માં ફરીથી આ તળાવ ફાટયું ત્યારે સમ્રાટ સ્કંદગુપ્તના અધિકારી ચક્રપાલિતે તેનું સમારકામ કરાવ્યું તેનો લેખ તે જ ખડક ઉપર કોતરવામાં આવ્યો છે.[1]

## સુદર્શન તળાવ

અશોકના શિલાલેખો પાસે સુદર્શન નામનું એક સુંદર તળાવ હતું. આ તળાવ મૌર્ય સમયમાં બાંધવામાં આવ્યું હતું તેમ શક અને ગુપ્ત સમયના લેખો ઉપરથી જણાય છે. આ શિલાલેખો ઈ.સ. ૧૮૮૦માં વાંચવામાં આવ્યા ત્યારે સુદર્શન તળાવ આ સ્થળે હતું તેમ જાણવા મળ્યું. આ પ્રશ્ન ઉપર ડોક્ટર ભગવાનલાલ ઈન્દ્રજી, શ્રી અરદેશર જમશેદજી, ડોક્ટર ઓ. કોરડીંગ્ટન, શ્રી છોટુભાઈ અત્રિ વગેરે અનેક વિદ્વાનોએ તેના સ્થાનની ચર્ચા કરી છે અને અનેક પ્રમાણોથી સિદ્ધ કરવામાં આવ્યું છે કે આ તળાવ વર્તમાન શિલાલેખોની પૂર્વથી શરૂ થઈને સાંપ્રત સમયના જૂનાગઢ શહેરના ધારાગઢ દરવાજાની અંદર ખાપરા-કોઢિયાના ભોંયરાં અને ઉપરકોટની દીવાલોને અડીને ત્રિવેણી સુધી ફેલાયું હશે અને તેથી જ તેના કાંઠા ઉપર તેનું સમારકામ કર્યાની નોંધ લેવામાં આવી છે.[2]

## ઉપરકોટ

જૂનાગઢ શહેરની ઉત્તર પૂર્વમાં ઇતિહાસ પ્રસિદ્ધ ઉપરકોટનો કિલ્લો છે તેનું ક્ષેત્રફળ ૨૭૨૪૯૭ ચોરસ વાર છે.

આ કિલ્લો કોણે બાંધ્યો તે પ્રમાણભૂત રીતે જાણવા મળતું નથી. એક માન્યતા પ્રમાણે ઉગ્રસેન યાદવે આ કિલ્લો બંધાવ્યો છે. બીજી માન્યતા પ્રમાણે આ કિલ્લો ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં બંધાયો છે.

---

1 જુઓ પ્રકરણ ૨જું પાનું. ૧૯-૨૦-૨૧.

2 વિગતો માટે જુઓ આ પુસ્તકમાં પાનાં "૨૧ તથા ૨૫" તથા સુદર્શન તળાવની વિગતો માટે જુઓ ઇતિહાસ દર્શન તા. ૨ સં. ક. દેશાઇ

ઉપરકોટનું મૂળ નામ ગિરિદુર્ગ હતું. તે ઈ. સ. ૭૦૦ લગભગ ઉજ્જડ પડેલો અને રાહ ગ્રહારે કે તેના અનુગામીઓએ ઈ. સ. ૯૪૦થી ઈ. સ. ૯૭૫ સુધીમાં તેની સાફસૂફી કરી તેનું સમારકામ કરાવી તેને યુદ્ધ સમયે રક્ષણ આપી શકે તેવો બનાવ્યો. રાહ નવઘણ અને તેના પુત્ર રાહ ખેંગારે ઇ. સ. ૧૦૨૫ થી ઇ સ. ૧૦૬૭ની વચ્ચમાં તેમાં અડીચડીવાવ અને નવઘણ કૂવો બંધાવી પાણીના પુરવઠાની યોજના કરી. રાહ માંડલિકે ઈ. સ. ૧૪૫૦માં તેનો જીર્ણોદ્ધાર કર્યો. અને તે પછી મુસ્લિમ કાળમાં પણ તેનું સમારકામ વારંવાર થતું રહ્યું.

જનાગઢ રાજ્યે તેના દીવાન હરિદાસ વિહારીદાસ દેસાઈના પ્રયાસથી ઉપરકોટનો જીર્ણોદ્ધાર ઈ. સ. ૧૮૯૩–૯૪માં કરાવેલો. ગયા વર્ષે જ સરકારના પુરાતત્ત્વ ખાતાએ ત્યાં ઉત્ખનન તથા સફાઈ કામ કરાવેલું છે.

ઉપરકોટ ઉપર અનેક ઘેરાઓ થયા અને અનેક આક્રમકોએ તેના ઉપર વિજય ધ્વજ ફરકાવવા યુદ્ધો ખેલ્યાં. ઉપરકોટ ઉપરનો પ્રથમ ઘેરો ઇ. સ. ૯૭૫માં થયો હોવાનું જણાય છે. તે પછી ૧૬ નોંધપાત્ર ઘેરાઓ થયા હોવાનું ઇતિહાસમાં નોંધાયું છે.[1]

---

૧ નીચેના મુખ્ય ઘેરાઓ નોંધાયા છે.

| ક્રમ | વર્ષ | રક્ષક | ઘેરા ઘાલનાર |
|---|---|---|---|
| ૧ | ઇ. સ. ૯૭૫ | રાહ ગ્રહાર | મૂળરાજ સોલંકી |
| ૨ | ,, ,, ૧૦૧૦ | રાહ દયાસ | દુર્લભસેન સોલંકી |
| ૩ | ,, ,, ૧૧૧૩/૧૧૨૫ | રાહ ખેંગાર ૨જો | સિદ્ધરાજ જયસિંહ |
| ૪ | ,, ,, ૧૩૪૯/૧૩૫૦ | રાહ ખેંગાર ૪થો | મહમદ તઘલગ |
| ૫ | ,, ,, ૧૩૯૪ | રાહ મોકલસિંહ | મુઝફ્ફરખાન |
| ૬ | ,, ,, ૧૪૧૪ | રાહ મેલિંગદેવ | અહમદશાહ |
| ૭ | ,, ,, ૧૪૬૮ | રાહ માંડલિક ૩જો | મહમૂદ બેગડો |
| ૮ | ,, ,, ૧૪૬૯ | રાહ માંડલિક ૩જો | મહમૂદ બેગડો |
| ૯ | ,, ,, ૧૪૭૨ | રાહ માંડલિક ૩જો | મહમૂદ બેગડો |
| ૧૦ | ,, ,, ૧૫૯૧ | અમીનખાન ગોરી | મીરઝાંખાન |
| ૧૧ | ,, ,, ૧૭૪૮ | વસંતરાય પુરબીયો | દીવાન દલપતરામ |
| ૧૨ | ,, ,, ૧૭૫૪ | આરબ અબ્દલા ઝુબૈદી | દીવાન રૂદ્રજી ઝાલા |
| ૧૩ | ,, ,, ૧૭૫૮/૧૭૬૦ | મહાબતખાન ૧લા | જવાંમર્દખાન બાબી |
| ૧૪ | ,, ,, ૧૭૫૮/૧૭૬૨ | સાહેબા સુલતાના | ઠાકોર કુંભાજી |
| ૧૫ | ,, ,, ૧૭૮૦ | સૈદ સાલમ વગેરે | નવાબ હામેદખાન ૧લા |
| ૧૬ | ,, ,, ૧૭૮૦ | દીવાન ગોવિંદજી વગેરે | નવાબ હામેદખાન ૧લા |

ઉપરકોટનું સિંહ દ્વાર પશ્ચિમાભિમુખ છે. તેના તોરણ ઉપરના નાગદન્તો (કાંઠા) એટલા બધા અંદર લઇ લેવામાં આવ્યા છે કે, તેની વચમાં એક ફૂટ જેટલી પણ જગ્યા રહેતી નથી તેથી તોરણ ત્રિકોણાકારનું દેખાય છે.

## ગુફાઓ

આગળ જતાં ખડકમાં કોરી કાઢેલી બે માળ વાળી ગુફાઓ છે. પહેલે માળે આશરે અગિયાર ચોરસ ફીટ એક કુંડ છે. તેની ફરતી ઓસરી છે અને તેની બાજુમાં છ સ્તંભો વાળો કક્ષ છે. ઓસરીમાં ચૈત્ય ગવાક્ષ છે. નીચેના માળે પણ તે પ્રમાણે છે. સ્તંભો ઉપર સ્ત્રી-પુરુષોની આકૃતિઓ અને કુંભીઓ ઉપર પુષ્પો કંડારેલાં છે. આ ગુફામાં આછા ભાસ્કર્યમાં વેદિકા આકૃતિઓ છે.

ઓસરીમાંથી ગુફાની તળભૂમિ સ્પષ્ટ દેખાય છે અને તેની ઉત્તર, પૂર્વ અને પશ્ચિમ બાજુમાં ગોખો છે જેની નીચે ઓટલાઓ કોરી કાઢવામાં આવ્યા છે. ઈશાન ખૂણામાં એક નાની ગુફા છે જેની છતમાં હવા આવવા માટેનું છિદ્ર છે. નીચેના ભાગમાં એક બેઠક કંડારેલી છે. અને તેની દક્ષિણે ચાર સ્તંભો ઉપર નિર્ધારિત મંડપનો આકાર છે. આ મંડપ ઉપર કોઈ અવલંબન ન હોવાથી સંપૂર્ણ પણે પ્રકાશિત છે. તેની પશ્ચિમે બે ગુફાઓ છે જેમાં દક્ષિણ તરફથી ગુફા નાની છે અને ઉત્તર તરફની મોટી છે. ગુફાની ત્રણ દિશાઓમાં ઓટલાઓ છે. તેની ઉપર ગોખો છે. ગોખો ઉપર ચૈત્યગવાક્ષ કોતરેલા છે તેમાં સ્ત્રીઓનાં અને સ્ત્રી-પુરુષોનાં જોડકાં છે.

આ ગુફાઓ સાધુઓને સાધના કરવા માટે કંડારેલી છે કે કોઇ અન્ય ઉપયોગ માટે છે તે કહેવું મુશ્કેલ છે ગુફામાં કંડારેલી આકૃતિઓ અને તેની રચના ઉપર વિદ્વાનો[1] એવું અનુમાન કરે છે કે આ ગુફા ઉપરકોટમાં રહેતા રાજ-પુરુષોના મનોરંજન માટે નિર્માણ કરેલું રંગભવન વા પ્રમોદભવન હતું.

આ ગુફાઓ કયા વર્ષમાં કોતરવામાં આવી કે કયા સમયની છે તેનો નિર્ણય થઇ શકયો નથી. પુરાતત્ત્વવિદો માને છે કે, તેનું મૂળ નિર્માણ ઈસુની પ્રથમ સદીમાં થયું હશે અને બેઠકો ગવાક્ષો ઈત્યાદિ સાતમી સદીમાં કોતરાયા હશે.

ઈ. સ. ૬૪૦ માં હ્યુ-એન-સાંગે લખેલા વૃત્તાંતમાં જૂનાગઢના ખડકો ઉપર તેણે જોયેલા મઠનું જે વર્ણન છે તે આ ગુફાનું હશે તેમ વિદ્વાનો માને છે.

---

1 શ્રી છોટુભાઈ અત્રિ, શ્રી કાન્તિલાલ સોમપુરા વગેરે.

## નવઘણ કૂવો

'અડીચડીવાવ ને નવઘણ કૂવો, ન જોયો તે જીવતો મૂવો'—એ પ્રસિદ્ધ લોકોક્તિમાં જે નવઘણ કૂવાનો ઉલ્લેખ છે તે કૂવો રા'નવઘણે (ઈ. સ. ૧૦૨૫ ૧૦૪૪) અથવા તેના પુત્ર રાખેંગારે (૧૦૪૩-૧૦૬૭)માં બાંધ્યો હોવાનું કહેવાય છે. આ કૂવો ૩૧'–૬" ઉત્તર–દક્ષિણ અને ૩૨'–૬" પૂર્વ–પશ્ચિમ છે. તે ૧૭૧ ફીટ ઊંડો છે. સપાટીથી ૫૭ ફીટની ઊંડાઈએ દક્ષિણ દીવાલમાં એક વિવર છે. તેમાંથી આશરે ૨૬ ફીટના અંતરે ખાઈમાં જવાનો માર્ગ છે. નવઘણ કૂવામાં કોરી કાઢેલા ૧૩૬ ગોખલાઓ છે. મુખ્ય કુપ ૨૦ ફીટ ઊંડો ૩૨'–૬" લાંબો અને ૧૯'–૦" પહોળો છે. તેમાં અષ્ટકોણાકારની આઠ ફીટના વ્યાસની એક કુંડી છે. તેમાં ઉતરવાનો રસ્તો કાપીને કાઢવામાં આવ્યો છે. કૂવાના તળિયે પહોંચવા માટે ૧૯૧ પગથિયાં ઉતરવાં પડે છે. સોપાન માર્ગ ૧૨ ફીટ પહોળો અને ૮ ફીટ ઊંચો છે. તેમાં વચ્ચે-વચ્ચે હવા–ઉજાસ માટે જાળિયાંઓ મૂકવામાં આવ્યાં છે. આવાં દશમાં જાળિયાં પાસે દક્ષિણ દીવાલમાં કૂવાના તળિયે પહોંચવાનું દ્વાર છે. કૂવા અને માર્ગ વચ્ચેની દીવાલ ૨'–૯" જાડી છે.

## અડીચડીવાવ

આ વાવ પૂર્વ–પશ્ચિમ ૩૧૦ ફીટ લાંબી અને ઉત્તર-દક્ષિણ ૧૦'–૬" ફીટ પહોળી છે. તેના કાંઠાનો વ્યાસ ૪૬ ફીટ અને ઊંડાઈ ૧૨૩–૬ ફીટ છે. પાણીની સરેરાશ ઊંડાઈ ૧૫ ફીટ હોવાનું કહેવાય છે. વાવનો સોપાન માર્ગ ૬૦ ફીટ લાંબો છે અને તેમાં ૧૭૮ પગથિયાં ઉતરીને નીચે પહોંચાય છે. સોપાન માર્ગની બંને બાજુએ બેઠકો, વિસામાઓ અને ગાળીઓ કોરી કાઢવામાં આવી છે.

કિંવદંતી છે કે, આ વાવ રા'નવઘણની દાસીઓ અડી અને ચડીને નામે રાહે બંધાવી છે.

## બીજાં મકાનો

અહિં એક જગ્યા કોઠારના નામથી ઓળખાય છે ત્યાં જમીનમાં ખોદી કાઢેલી મોટી ખાણો છે. તેમાં બ્રાહ્મી લિપિમાં ૩૦–૧૦૦–૭૦–૭–૬ એવા અંકો કોતરેલા છે.

અહિં એક વેરાન મસ્જિદ[1] અને રાહનો રાજમહેલ પણ છે.

1 આ વેરાન અને ન વપરાતી મસ્જિદ મહમૂદ બેગડાએ જૂના રાહના મહાલય અથવા મંદિરમાં બનાવી છે અથવા કર્નલ ટોડ ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડિયામાં નોંધે છે તે પ્રમાણે મંદિરો પાડી તેના પથ્થરોમાંથી બનાવી છે, કલકત્તા રિવ્યુ ઈ. સ. ૧૮૭૭માં સી. એમ. નામનો અંગ્રેજ લેખક તેને સમર્થન આપે છે.

જૂનાગઢ શહેરને પાણી પૂરું પાડવા માટે બંધાયેલા વોટર વર્કસની ટાંકીઓ પણ અહિં છે.

પૂર્વ દીવાલમાં ધક્કાબારી નામે ઓળખાતી જગ્યા છે. કહેવાય છે તે પ્રમાણે ગુનેગારોને અહિંથી ધક્કો મારી દેહાંત દંડ આપવામાં આવતો.

## તોપો

ઉપરકોટમાં બે તોપો છે. આ તોપો દીવના પોર્ટુગીઝ ઉપર નૌકાસૈન્ય લઈ ચડાઈ કરવા આવેલો ઈજિપ્તનો સુલેમાન પાશા દીવમાં મૂકી ગયેલો. ત્યાંથી જૂનાગઢના થાણદાર મુજાહિદખાન બહેલીમે લઈ આવી અહિં રાખી છે. આ તોપો પૈકીની એક તોપ 'નીલમ' કહેવાય છે. તેના ઉપર કોતરેલા અરબી લેખ પ્રમાણે 'આજમ (ઈરાન) અને અરબના શાહ સલીમખાનના પુત્ર સુલતાન સુલેમાને આ તોપ ખુદાના કામ માટે હીજરી સન ૯૭૭માં બનાવવા ફરમાન કર્યું હતું. રાજ્યના અને દીનના દુશ્મનો કાફીર પોર્ટુગીઝો કે જેઓ હિન્દમાં આવવા માગે છે તેને તાબે કરવામાં તે વિજયી નિવડો. આ હમજાના પુત્ર મહમદે બનાવી છે.'

આ તોપ ૧૭ ફીટ લાંબી છે અને તેનો પરિઘ ૭'-૬" છે. મુખ આગળ ૯½ ઈંચ છે.

બીજી તોપને કડાનાળ અથવા ચૂડાનાળ કહે છે. તેના ઉપર અરબી અક્ષરોમાં માત્ર 'અલીબીન હમઝા' લખ્યું છે. આ તોપ ૧૩ ફીટ લાંબી છે અને તેના મુખનો વ્યાસ ૧'-૨" છે.

## બાવા પ્યારાની ગુફા

ઉપરકોટની પાછળ ત્રણ હારમાળામાં આ ગુફાઓ ખડકમાંથી કોતરી કાઢવામાં આવી છે. પ્રથમ હારમાળા ઉત્તરમાં છે. બીજી હારમાળા પ્રથમ હારમાળાની પૂર્વ છેડે દક્ષિણ તરફ જાય છે અને ત્રીજી હારમાળા આ ગુફાની પાછળ પશ્ચિમ અને વાયવ્ય દિશામાં છે. આ ગુફાના મુખ્ય દ્વાર ઉપર લત્તા કે વેલની આકૃતિઓ કોતરેલી છે.

આ ગુફાઓમાં ચૈત્ય નથી છતાં તેના આકાર ઉપરથી એમ સ્પષ્ટ પણે જણાય છે કે આ ગુફામાં પ્રદક્ષિણા ફરી શકાય તેવો સ્તૂપ હશે. એ યુગમાં પધ્ધતિ હતી તેવું તેના ઉપર સપાટ છાપરું છે. આ ગુફાનો છેડો અર્ધ ગોળાકાર છે. બીજી ગુફાઓ ચોરસ અથવા લંબચોરસ છે, તેમાં એક ચૈત્ય ગવાક્ષ સિવાય અલંકરણ નથી. આ ગુફાઓ બૌધ્ધ સાધુઓને રહેવાની હશે તેમ પુરાતત્ત્વવિદો માને છે. આ સિવાયના ગવાક્ષો સાદા છે. તેના સ્તંભો પણ બહુ પુરાણી

ગુફાઓમાં હોય છે તેવા છે. કેટલાક સ્તંભોનો શિરોભાગ વિશાળ ઘંટ જેવો છે અને તેની ઉપર ઘેટાંઓ બેસાડવામાં આવ્યાં છે. આ ગુફાઓનો મુખ ભાગ ઉપરકોટની ગુફાઓના મુખ ભાગ જેવો છે. આ ગુફાની પહોળાઈ ૨૦ ફીટની અને ઊંચાઈ ૨૬ ફીટ છે. તેની આગળ ૫ ફીટ પહોળું દ્વાર છે.

આ ગુફાના મુખ ભાગ ઉપરના અર્ધ સ્તંભોમાં અને મુખ ભાગના તોરણ ઉપરના નાગદન્તો (ડાઢાઓ)માં સિંહોની આકૃતિઓ છે તે ઉપરથી પુરાતત્ત્વવિદો માને છે કે એક કાળે અહિં બૌધ્ધોનું ધર્મસ્થાન હશે.

આ ગુફામાંથી ક્ષત્રપકાળનો એક શિલાલેખ પણ મળી આવ્યો છે. તેમાં ચસ્ટન અને જયદામનનાં નામો વાંચી શકાયાં છે. આ લેખ ક્ષત્રપ જયદામનના પૌત્રનો છે એટલે કદાચ પાછળથી ત્યાં મુકવામાં આવ્યો હોય, પણ ગુફામાં સ્વસ્તિક, ભદ્રાસન, નંદીપાદ, મીનયુગલ, કલશ વગેરે આકૃતિઓ કંડારેલી છે. આવી આકૃતિઓ જૈન મંદિરોમાં હોય છે. વળી તેમાંથી મળી આવેલા એક છૂટા શિલાલેખના ટુકડામાં કેવલીજ્ઞાન શબ્દ વંચાય છે અને આ શબ્દ જૈન દર્શનની તાંત્રિક શબ્દાવલિનો છે તેથી આ ગુફા જૈન હોવાનું કેટલાક વિદ્વાનો માને છે. આ શિલાલેખ આ ગુફાનો નથી અને પાછળથી કોઈએ મૂકયો છે તેથી આ માન્યતા નિરાધાર છે એમ પણ બીજા વિદ્વાનો કહે છે.

આ ગુફાઓ જુદે જુદે સમયે કોતરાણી હશે એમ પણ જણાય છે. પ્રથમની ગુફાઓ ઈસુની પ્રથમ સદીમાં અને બીજી ગુફાઓ બીજી કે ત્રીજી સદીમાં થઈ હશે.

આ ગુફાઓની પૂર્વ દિશામાં એક જગ્યા છે તે બાવા પ્યારાની જગ્યા કહેવાય છે. અને કદાચ તેના સાંનિધ્યના કારણે આ ગુફાઓ બાવા પ્યારાની ગુફાઓ કહેવાય છે. પરંતુ બાવા પ્યારાના મઠ તરીકે ઓળખાતી જગ્યા સાથે ગુફાઓને વાસ્તવમાં કાંઈ સંબંધ નથી. બાવા પ્યારા સામાન્ય રીતે સિધ્ધ પ્યારેરામજીનું સંક્ષિપ્ત નામ હતું તેમ માનવામાં આવે છે. તે કયારે થઈ ગયા તેના માટે કોઈ સ્પષ્ટ આધાર નથી, પરંતુ તે દીવાન અમરજીના (ઈ. સ. ૧૭૪૧–૧૭૮૪)ના સમકાલિન હોવાનું કહેવાય છે.[1]

એમ કહેવાય છે કે તેઓ પૂર્વાશ્રમમાં મારવાડ પ્રદેશના પ્રખ્યાત લૂંટારા હતા અને કોઈ કુકૃત્ય કર્યા પછી વૈરાગ્ય આવતાં બિહારીદાસ નામના સંત પાસે દીક્ષા લઈ જૂનાગઢમાં આવી વસ્યા. તેણે દિગંબરી નિરવાણ અખાડાની

---

1 સોરઠના સિધ્ધો–શ્રી કાલીદાસ મહારાજ.

એક સાધ્વી નવસ્ત્ર ફરતી તેને બોધ આપી વસ્ત્રો ધારણ કરાવેલાં.

બીજી વાર્તા પ્રમાણે બાદશાહી સમયમાં પ્યારા બાવા થઈ ગયા. તેણે ગંગારામ ભૂતને સાધ્ય કરેલો અને તેની સહાયથી શાહી કચેરીમાં વગર ખભે ચડાવે તેની કાવડ ઘેર ઘેર ફરી ભિક્ષા લઈ આવી. આ ચમત્કાર જોઈ માતાજી હિરાગિરિજીને[1] ભૂતવિદ્યાના આશ્રયે પ્યારા બાવા ચમત્કાર કરે છે તે અયોગ્ય જણાતાં તેણે કાવડને આંતરી ભૂમિશાયી કરી અને પોતાની લાકડીમાં એ જ કાવડ યોગ વિદ્યાના બળે નગરમાં ફેરવી, રામ રોટી મેળવી.[2] પ્યારા બાવાએ ગંગારામને તે પછી મુક્ત કર્યા.

## ખાપરા–કોઢિયાની ગુફાઓ

ઉપરકોટની ઉત્તરે ખડકમાં કોરી કાઢેલી આ ગુફાઓ ખાપરા કોઢિયાની ગુફાના નામે ઓળખાય છે. આ ગુફાઓ ૨૫૦ ફીટ લાંબી છે અને તેની વધુમાં વધુ પહોળાઈ ૮૦ ફીટની છે. આ ગુફાના પશ્ચિમ તરફની કક્ષની મધ્યમાં કુંડ છે, તેના ચારે તરફ ખૂણે ખૂણે સ્તંભ છે. પૂર્વ તરફની ગુફાની મધ્યમાં પણ ચાર ચોરસ કુંડો છે અને દરેક ખૂણે સ્તંભ છે. આમ કુલ ૧૬ સ્તંભો છતનો આધાર બની રહે છે. આ કુંડો ફરતી એક ઓસરી છે અને તેમાં ભીંતને અડીને ફરતો ઓટલો છે. આ કુંડોવાળા કક્ષની બાજુમાં બીજો વિશાળ ખંડ છે પણ તેનો ઘણો ભાગ નાશ પામ્યો છે.

આ ગુફાઓ સાવ સાદી છે. તેમાં કોતરણી કે શિલ્પ નથી. તેનો રચના કાળ ઈસુની પહેલી સદીથી બીજી સદીનો હોવાનું મનાય છે.

કર્નલ ટોડે આ સ્થાનની ઈ. સ. ૧૮૨૨ માં મુલાકાત લીધી ત્યારે તેને કોઈએ કહેલું કે તે ખેંગાર મહેલ કહેવાય છે પરંતુ સામાન્ય રીતે તે ખાપરા કોઢિયાની ગુફાઓ તરીકે જાણીતી છે. ખાપરો કોઢિયો પ્રસિધ્ધ ચોર હતા, તેની લોક સાહિત્યમાં વાર્તાઓ કહેવાય છે તેઓ કયારે થયા તે કોઈ જાણતું નથી. તેઓ કદાચ આ ગુફાઓ તેમના ઉપયોગમાં લેતા હશે.[3]

## માઈ ગઢેચી

જૂનાગઢ શહેરના ઉત્તર ભાગમાં ધારાગઢ દરવાજા પાસે માઈ ગઢેચીનું

---

1 જેમને પીપળી ગામ મળ્યું તે માતાજી.

2 સૌરાષ્ટ્રના સંત મહંતો અને ઇસ્લામી ઓલિયાઓ— શ્રી ઈચ્છારાંકર દવે.

3 કચ્છમાં પણ લખપત તાલુકાના પારગઢ ગામે ગુફાઓ છે તે પણ ખાપરા કોઢિયાની ગુફાઓ કહેવાય છે.

સુંદર સ્થાન આવેલું છે. તે સુદર્શન તળાવના કાંઠાથી બહુ દૂર નહિ હોય. અહિં અત્યારે એક મસ્જિદ છે જે સ્પષ્ટ રીતે મંદિર હોવાનું જણાય છે. તેનાં તોરણો અને સ્તંભો તેમજ અર્ધસ્તંભો ઉપરથી મૂર્તિઓ ખોદી નાખવામાં આવી છે. તેના મહેરાબના સ્તંભો પણ સ્પષ્ટપણે હિન્દુ મંદિરના છે. તેના ઉપર કોઈ નાના પરિકરનો મધ્ય ભાગ મૂકવામાં આવ્યો છે. મકાનની સ્તંભાવલીમાં પણ વેલી, પુષ્પો અને મૂર્તિઓ કંડારેલી હશે. તેનો ઘણો ભાગ નષ્ટ થયો છે.[1]

આ મસ્જિદના મધ્ય દ્વાર ઉપર બે લીટીમાં અરબી ભાષાનો શિલાલેખ છે. તેમાં લખ્યું છે કે 'સુર સન ૬૮૫ (ઈ. સ. ૧૨૮૪)માં ઈમાદ–ઉલ–હજ વ ઉલ–હરમઈન અફીફ–ઉદ–દુનિયા અબુલ કાશીમ બીન અલી અલ અબરાહીએ આ મસ્જિદ બનાવી છે.'[2] આ શિલાલેખના ખરાપણા માટે શંકા ઉપસ્થિત કરવામાં આવી છે, કારણ કે હી. ૭૪૫ પહેલાં આ વિભાગમાં સુર સનનો ઉપયોગ થતો નહિ અને ઈ સ. ૧૨૮૪માં જૂનાગઢમાં મુસ્લિમો આવેલા નહિ. વળી આ શિલાલેખ પણ મુખ્ય દ્વારની ભીંતમાં અનિયમિત રીતે કોતરાયો છે. આ પ્રદેશમાં કેટલીક મસ્જિદો અને દરગાહોમાં પાછળથી શિલાલેખો મૂકાયા છે કે કોતરાયા છે તેવો આ શિલાલેખ કદાચ હશે.

આ જગ્યા પણ ગુફા ઉપર બાંધેલી છે. મુખ્ય ગુફા ૨૬ ફીટ લાંબી અને ૧૩ ફીટ પહોળી છે. તેની અંદર ૮ ફીટ લાંબી અને ૬ ફીટ પહોળી એક નાની ગુફા છે. ગુફા ઉપરની ઈમારત આગળ ૩૦ ફીટ લાંબું અને ૧૬ ફીટ પહોળું પ્રોજેકશન છે.

આ ઈમારત અશોકના પૌત્ર સંપ્રતિ રાજાએ બંધાવેલું પારસનાથનું જૈન મંદિર હતું એમ જૈનો કહે છે અને હિંદુઓ દુર્ગાનું મંદિર હતું તેમ માને છે.

આ મસ્જિદથી ઉત્તર તરફ, ચૌલુક્ય યુગમાં મંદિરના દ્વાર પાસે બેઠકો રાખવામાં આવતી તેવી ઘુમ્મટવાળી સુંદર બેઠક છે તથા તેમાંથી સોપાન માર્ગે નીચે જવાય છે. ત્યાં માઈ ગઢેચીની દરગાહ છે.

આ દરગાહમાં જે કબર છે તે દીવાલની લગોલગ છે તથા મંદિર ઉપર હિન્દુ પધ્ધતિનો ઘુમ્મટ છે. માઈ ગઢેચીને મુસ્લિમો ઉપરાંત કેટલાક હિન્દુઓ

---

1 સ્ટેટીસટીકલ એકાઉન્ટ ઓફ જૂનાગઢ.

2 થોમસ પ્રિન્સેપ વો. ૨ પા. ૧૭૧.

આર્કીઓલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયાના ઇ. સ. ૧૯૫૪–૧૯૫૫ના વાર્ષિક રિપોર્ટમાં પા. ૮૭ ઉપર કરેલી નોંધ પ્રમાણે આ લેખનું વર્ષ હીજરી ૬૮૫ એટલે ઈ. સ. ૧૨૮૬–૮૭ છે.

પણ માતા તરીકે માને છે. ખત્રી જ્ઞાતિના કેટલાક કુટુંબો તેને કુળદેવી માને છે અને લગ્ન પછીના કર કરાદા અહિં કરે છે. વિ. સં. ૧૯૯૦ના ભાદરવા સુદી ૯ સોમવારના રોજ માંગરોળના બ્રહ્મક્ષત્રી મોહનલાલ અમરશી તથા દુર્લભજી અમરશીએ અહિં લાદીઓ પણ જડાવ્યાનો લેખ છે.

મુસ્લિમો અનુસાર આઈ ગઢેચી હિન્દુ દેવી હતાં. તેને દાતારે કલમો પઢાવેલો તે પછી તે ભૂમિમાં સમાઈ ગયાં અને રોજ એક હાથ બહાર કાઢી ગરીબોને રોટલો આપતાં. કોઈ નાસ્તિકે એક વાર આ હાથ પકડયો ત્યારે બીજો હાથ નીકળ્યો; તે હાથ પણ નાસ્તિકે પકડતાં તેણે તેને પથ્થર બનાવી દીધો જે પથ્થર આજ પણ બતાવવામાં આવે છે. અહિં દાતારના તથા બડાપીરના ચિલ્લા પણ છે.

ચારણોની માન્યતા પ્રમાણે માઈ ગઢેચી દુર્ગરક્ષક ચારણ કુટુંબનાં હતાં અને જ્યારે મહમૂદ બેગડાએ રાહ માંડલિકને જીત્યો ત્યારે આ ગઢવી કુટુંબ યુધ્ધમાં માર્યું ગયું અને તેનાં એક બાઈ દૈવી આત્મા હતાં તેણે સતી થવા વિચાર્યું પણ વિજેતાઓએ તેને સતી થવા દીધાં નહિ અને કહ્યું કે તમે ચમત્કાર બતાવો. ત્યારે તે પોતે ભૂમિમાં સમાઈ ગયાં અને કહેતાં ગયાં કે જૂનાગઢમાં રાજ કરવું હોય તો મારી પૂજા કરજો.

સાચું શું છે તે માટે નિર્ણયાત્મક રીતે કાંઈ કહી શકાય નહિ, પરંતુ આ જગ્યા જૂની હિન્દુ મંદિરની છે તેમ અવશ્ય જોઈ શકાય છે. પ્રભાસખંડના ગિરનાર મહાત્મ્યમાં આપેલાં દેવસ્થાનોનો ક્રમ જોતાં આ સ્થાન માતૃકા—નવદુર્ગામાત્રી—નું સ્થાન હોવાનું જણાય છે.

## બીજી ગુફાઓ

જૂનાગઢની આસપાસ પથ્થરની ખાણો હોવાથી નાની મોટી કેટલીક ગુફાઓ છે જે ખાણિયાઓએ કોરી કાઢી હોવાનું જણાય છે. છતાં પંચેશ્વર પાસેની ગુફાઓ અને બાવા પ્યારાની ગુફાઓ પાસે માત્રીની ગુફા અલ્પાંશે અગત્યની ગણાય. પરંતુ ત્યાં કાંઈ વિશિષ્ટ શિલ્પ કે કોતરકામ નથી.

## બારાશહીદ

ધારાગઢ દરવાજા પાસે બારાશહીદ નામથી ઓળખાતી જગ્યા છે. ત્યાં બાર કબરો છે. ઈ. સ. ૧૩૬૯માં પાટણના સૂબા ઝફરખાને ચડાઈ કરી ત્યારે રા' જયસિંહે તેનો સામનો કર્યો. ઝફરખાનની સેના વેરવિખેર થઈ ગઈ ત્યારે તેણે રાહને મિત્ર ભાવે મળવા બોલાવી તેને દગાથી પકડી લેવા કોશિશ કરી એ વખતે રા' જયસિંહે સૂબાના બાર સરદારોને કાપી નાખ્યા. દીવાન રણછોડજી

તારીખે સોરઠમાં આ બાર સરદારો ઝફરખાન રાહને દગો ન કરે તે માટે જામીન થયેલા અને સુબાએ દગો કરતાં વચન પાલન માટે મરાઈ ગયા તેમ જણાવે છે. આ જગ્યામાં નવાબ મહાબતખાન બીજાના માતા નાજુબીબીનો સુંદર મકબરો પણ છે.

## નરસિંહ મહેતાનો ચોરો

જૂનાગઢના ઉત્તર ભાગમાં, મજેવડી દરવાજા પાસે આદિ કવિ અને ભક્ત શિરોમણી નરસિંહ મહેતાનો ચોરો છે. નરસિંહ મહેતા ઈ. સ. ૧૪૭૦માં હયાત હતા અને તેઓ આ સ્થાને વસતા અને તેમનાં ભજન કીર્તનો કરતા. મહેતાજીના મૃત્યુ પછી આ સ્થાન કાલે કરીને ઉજ્જડ પડયું, પરંતુ નરસિંહ મહેતાના કાકા પરબત મહેતાનાં વંશજ અને મુગલ–મરાઠા સમયના દીવાન અને સેનાની ભવાનીદાસ મજમુદારના પુત્ર ત્રિકમદાસને વિ. સં. ૧૮૩૫-ઈ. સ. ૧૭૭૯માં સ્વપ્નમાં ભાસ થતાં તેણે નરસિંહ મહેતાના નિવાસ સ્થાનની મળેલા સંકેત પ્રમાણે શોધ કરી અને સુમનાથ મહાદેવ તથા હિમજા માતાના સ્થાન પાસેથી તેમને રાસ ચોરા નામે ઓળખાતી જગ્યા મળી આવી.

આ ચોરાની વચમાં એક ગોળાકાર ઓટો છે જ્યાં નરસિંહ મહેતા ભજન કીર્તન કરતા. આજે આ ઓટાને સુરક્ષિત કરવામાં આવ્યો છે અને ચોરાની જગ્યામાં નરસિંહ મહેતાની મૂર્તિ, ગોપનાથની દહેરી તથા દામોદરરાયજીનું સ્વરૂપ છે. કિંવદંતિ છે કે જ્યારે કોઈની મૂંઝવણ વધે અને કોઈ માર્ગ ન સૂઝે ત્યારે આ ઓટા ઉપર બેસી વિચારે તો માર્ગદર્શન મળે છે. કવિ દલપતરામે ઈ. સ. ૧૮૭૩માં આ ઓટો જોઈ લખ્યું છે કે,

> છત્ર નથી, શિર છાપરૂં છે નહિ, છે છતમાં પણ છેક જ છોટો
> તો પણ છે ત્રણ લોક પ્રસિદ્ધ, સુમેરૂ થકી મહિમા અતિ મોટો
> તત્વ અનેકનું તત્વ જહીંથી પ્રગટે મહત્વ તણો પરપોટો
> આ મહેતા નરસિંહ તણો અઘ નાશક પુણ્ય પ્રકાશક ઓટો.

આ જગ્યા નાગર જ્ઞાતિ હસ્તક છે અને તેનો વહીવટ ચોરા કમિટી કરે છે. પ્રસિદ્ધ કીર્તનાચાર્યની પ્રેરણા તથા પરિશ્રમથી ગિરનાર દરવાજે તારીખ ૨૬–૧–૧૯૮૬ના રોજ નરસિંહ મહેતાની પ્રતિમાનું અનાવરણ થયું.

## રણછોડજીનું મંદિર

જૂનાગઢના નાગરવાડામાં રણછોડજીનું પ્રસિદ્ધ મંદિર છે. તેના મહાત્મ્ય અનુસાર, નરસિંહ મહેતાના કાકા પરબત મહેતા પ્રતિ વર્ષ હાથમાં તુલસી

વાવી દ્વારકા જતા. વૃદ્ધાવસ્થા થતાં પ્રવાસ કરવાનું મુશ્કેલ બન્યું. તેમ છતાં નિયમ અખંડિત રાખી કષ્ટ વેઠીને પણ દ્વારકા જતા રહ્યા. એકવાર માર્ગમાં શ્રી કૃષ્ણે સ્વપ્ને આવી પાછા જવા આજ્ઞા આપી અને પોતે તેના ઘર પાસેની ગંગાવાવમાં પ્રગટ થશે તેવું વચન આપ્યું. પરબત મહેતા માંગરોળમાં રહેતા ત્યાં, આપેલાં વચન પ્રમાણે વિ. સં. ૧૫૦૧ના માગસર સુદ પાંચમને બુધવારે વાવમાં પાણી ઉભરાયું અને સ્વરૂપ ઉપર આવ્યું. વિ. સં. ૧૮૩૫માં માંગરોળમાં 'ફીતુરની બીક લાગતાં સેવક માંડણજી રાતોરાત પરબત કુલપતિ શ્રી રણછોડરાયજીને ભેટમાં છુપાવી ત્રિકમદાસ પાસે શીલ નાસી આવ્યા. ત્રિકમદાસે થોડા વખત શ્રીને ત્યાં રાખી પછી જૂનાગઢમાં સેવક માટે ઘર તથા શ્રી સારુ મંદિરનો પોતાથી બંદોબસ્ત કરી રણછોડરાયજીને જૂનાગઢ લઈ જઈ તેમાં પધરાવ્યા.'[1]

## બુઢેશ્વર

નાગરવાડામાં નીચીબારી પાસે શ્રી બુઢેશ્વરનું મંદિર છે. બાદશાહ ફરૂખશીયરે, તેના દીવાન રાજા છબીલારામને, એક નીલમ આપેલું. આ નીલમ જયદ્રથના બાહુમાં હતું અને મહાભારતના યુદ્ધમાં તેનો બાહુ છેદાયો, તેના અસ્થિમાંથી મળેલું. રાજા બહાદુર છબીલારામ પાસેથી તે નીલમ રાજા બહાદુરે પાસે આવ્યું અને તેની પાસેથી તેની પુત્રીના પુત્ર દીવાન અમરજી પાસે આવ્યું. તેના પુત્રો દીવાન રઘુનાથજી તથા રણછોડજીએ તેની શાસ્ત્રોક્ત વિધિવત્ લિંગ તરીકે સ્થાપના કરી. આ લિંગ મહાદેવનું હોવા છતાં તેના ભોગ આરતી વગેરે વૈષ્ણવ સંપ્રદાયની પદ્ધતિ અનુસાર થાય છે.[2]

## પુષ્ટિમાર્ગીય હવેલી

પંચહાટડી પાસે હવેલી ગલીના નામથી જાણીતા પ્રસિદ્ધ સ્થાનમાં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ મંદિર આવેલું છે. આ વિશાળ અને વૈભવશાળી મંદિરની સ્થાપના ઈ. સ. ૧૭૮૦માં જામનગર હવેલીના ગોસ્વામી મહારાજ ગોવર્ધનેશજીના લાલજી શ્રી માધવરાયજીએ કરી હતી.

શ્રી માધવરાયજી ચિત્તલ રહેતા હતા અને ત્યાં સ્થિર થયા હતા. પરંતુ જૂનાગઢના યુદ્ધવીર દીવાન અમરજીએ તેમને આમંત્રણ આપી જૂનાગઢમાં

---

1 કાઠિયાવાડમાં સાર્વભૌમ સત્તા અને વાયસવાડ મજમુદારો. શ્રી ન. વી. મજમુદાર.

2 વિગતો માટે જુઓ તારીખે સોરઠ-દીવાન રણછોડજી. ભાષાંતર શં. હ. દેશાઈ

હવેલી બાંધવા તથા શ્રીના સ્વરૂપને પધરાવવા વિનંતી કરી તેથી તેઓશ્રી ઈ. સં. ૧૭૮૦માં જૂનાગઢ આવ્યા. તેમને નવાબ મહાબતખાનજીની સૂચનાથી પંચહાટડીમાં સરકારી ડેલો હતો તેમાં પધરાવ્યા. આ ડેલામાં એક ભયંકર સર્પ રહેતો તેથી ડેલો ઉજ્જડ પડેલો. શ્રી માધવરાયજીએ તેના ચરણ સ્પર્શથી તેનો ઉદ્ધાર કર્યો. તે વાત નવાબના કાને જતાં પોતે આવી દર્શન કર્યાં તથા તે ડેલો, મધરવાડા ગામ તથા જાંબુવાડી અને મોટી બાગ મહારાજશ્રીને ભેટ ધર્યાં. આ સ્થળે શ્રી માધવરાયજીએ મંદિર બંધાવી શ્રી મદન મોહનલાલનું સ્વરૂપ પધરાવ્યું. આ સ્વરૂપ મૂળ દયા ભવાયા નામના વૈષ્ણવની પૂજામાં હતું. તે પછી ઈ. સ. ૧૮૦૦માં એક ગિરનારા બ્રાહ્મણના ઘરના કૂવામાંથી સ્વપ્નમાં થયેલા આદેશ અનુસાર શ્રી દામોદરજીનું સ્વરૂપ પ્રાપ્ત થતાં તે પણ હવેલીમાં પધરાવ્યું.

શ્રી માધવરાયજી લીલા વિસ્તારી ગયા પછી તેની ગાદીએ વ્રજવલ્લભજી મહારાજ આવ્યા. તેઓશ્રી પછી શ્રી ગોકુલેશજી, શ્રી વ્રજવલ્લભજી, શ્રી રઘુનાથલાલજી તથા શ્રી પુરુષોત્તમલાલજી અનુક્રમે આવ્યા. શ્રી. પુરુષોત્તમલાલજીએ જૂનાગઢ રાજ્ય પાકીસ્તાનમાં જોડાયું ત્યારે નવાબ મહાબતખાનને તેમ ન કરવા જાતે જઈને સલાહ આપેલી અને જ્યારે તેણે તેઓશ્રીની સલાહને ઉવેખી ત્યારે મોટા જોખમે રાજકોટ જઈ શ્રી સામળદાસ ગાંધીને મળી, પ્રજાકીય લડતને સક્રિય સહાય કરેલી. આ વિદ્વાન, પવિત્ર અને લોકોના અતિપ્રિય અને આદરણીય ધર્મગુરુ સંવત ૨૦૨૦ના ભાદરવા વદી ૯ના રોજ ગોલોકવાસી થયા.

આ હવેલીમાં ઈ. સ. ૧૯૨૫માં નવું મંદિર બાંધવામાં આવ્યું છે તેમાં હાલ જુદાં જુદાં નવ સ્વરૂપોનાં દર્શન થાય છે.

## શ્રી સ્વામીનારાયણ મંદિર

જૂનાગઢનાં મંદિરોમાં સ્વામીનારાયણનું ભવ્ય મંદિર જુદી ભાત પાડે છે. સ્વામીનારાયણ સંપ્રદાયના પ્રવર્તક શ્રી. સહજાનંદજી મહારાજ વર્ણી (બ્રહ્મચારી) સ્વરૂપે સોરઠ દેશમાં ઈ. સ. ૧૮૦૦ લગભગ આવ્યા અને માંગરોળ પાસેના લોજ ગામમાં રહેતા રામાનંદજી મહારાજ પાસે દીક્ષા લીધી. બાલાગામ પાસેના પંચાળા ગામના દરબાર હિમ્મતસિંહ ઉર્ફે ઝિણાભાઈ તથા તેના ભાઈ જમનાવડના દરબાર સૂરજસિંહ ઉર્ફે દાદાભાઈ શ્રીજીના પરમ સેવકો હતા. શ્રી સહજાનંદજી મહારાજને સોરઠ દેશ અને જૂનાગઢ નગર અતિ પ્રિય હતાં તેથી તેઓશ્રી જૂનાગઢમાં ૨૭ વાર પધાર્યા હતા અને દામોદર કુંડ, રેવતીકુંડ વગેરે તીર્થોમાં સ્નાન કરી ગિરનાર ઉપર પરિભ્રમણ કરી નારાયણ

ધરો પાસે રોકાયા હતા. પંચાળા દરબાર શ્રી. ઝિણાભાઈની ઈચ્છા જૂનાગઢમાં તેની વાડીમાં મંદિર બાંધવાની હતી તે પરિપૂર્ણ કરવા તેના મૃત્યુ પછી તેના ભાઈ સુરજસિંહે તેના ભાગની વાડી શ્રીજીને અર્પણ કરતાં ત્યાં વિ. સં. ૧૮૮૨ના માગસર માસમાં શ્રી બ્રહ્માનંદ સ્વામી તથા શ્રી ગોપાલાનંદ સ્વામીને મોકલી ભવ્ય અને સુંદર મંદિર બંધાવ્યું. આ મંદિર વિ. સં. ૧૮૮૪માં સંપૂર્ણ થતાં તે જ વર્ષના વૈશાખ વદી બીજના દિવસે, શ્રી. સહજાનંદજી મહારાજના વરદ હસ્તે મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી.

આ મંદિરમાં ત્રણ શિખરો પૈકી પૂર્વ તરફના શિખરમાં હરિકૃષ્ણ મહારાજ તથા રાધારમણ દેવની મૂર્તિઓ છે. વચલા શિખરમાં રણછોડજી તથા ત્રિકમરાયની મૂર્તિઓ છે. પશ્ચિમ તરફના શિખરમાં સિધ્ધેશ્વર મહાદેવ અને પાર્વતીજી તથા ગણપતિ છે. પોળીમાં હનુમાનજી તથા ગરૂડજી છે. આ મૂર્તિઓ પૈકી હરિકૃષ્ણ મહારાજની પ્રતિમાની પ્રતિષ્ઠા વિ. સં. ૧૯૧૬ના ફાગણ વદી ૨ના રોજ આચાર્ય રઘુવીરજી મહારાજને હસ્તે થઈ છે. બીજી બધી મૂર્તિઓની પ્રતિષ્ઠા શ્રી સહજાનંદજી મહારાજે પોતે કરી છે.

મંદિરના વચલા અને મોટા શિખરની ઊંચાઈ ધરતીથી ૭૭ ફીટ છે. ત્રણ શિખરોની આસપાસ પ્રદક્ષિણાનો ઘેરાવો ૨૭૮ ફીટ છે.

## અન્ય જોવા લાયક સ્થાનો

### સક્કરબાગ મ્યુઝિયમ

જૂનાગઢની ઉત્તરે રાજકોટ માર્ગ ઉપર સક્કરબાગમાં જૂનાગઢ મ્યુઝિયમ નામે હાલમાં ઓળખાતું નાનું પણ નમૂનેદાર સંગ્રહસ્થાન છે. આ સંગ્રહસ્થાન પહેલાં રસુલખાનજી મ્યુઝિયમ કહેવાતું અને તેનું ઉદ્ઘાટન મુંબઈના ગવર્નર લોર્ડ નોર્થકોટે તા. ૫–૧૧–૧૯૦૧ના રોજ કરેલું.

આ મ્યુઝિયમમાં શિલ્પ અને પુરાતત્ત્વનાં અવશેષો, શિલાલેખો, ચાંદીની કારીગરી, કાચના વિવિધ નમૂનાઓ, પક્ષીઓ, પ્રાણીઓના મસાલા ભરેલાં શરીરો, કાષ્ટ અને ધાતુનાં કોતરકામો, લોકકળા અને આમ વિસ્તારની કળાના નમૂનાઓ આદિ વસ્તુઓ પ્રદર્શિત કરી છે. તે ઉપરાંત એક નાની સરખી લાયબ્રેરી પણ છે. તા. ૨૦–૪–૧૯૭૮ના રોજ મ્યુઝિયમનો અમૃત મહોત્સવ ખાતા તરફથી ઉજવાયો.

મ્યુઝિયમમાં તામ્રપત્રો, શિલાલેખો, આયુધો આદિ ઐતિહાસિક અગત્યની વસ્તુઓ નોંધ પાત્ર છે.

## કચેરી-દરબાર હૉલ મ્યુઝિયમ

નવાબના જૂના રાજમહેલમાં જ્યાં તેની કચેરી ભરાતી ત્યાં જ છે. ચાંદીની ખુરશીઓ, કટગ્લાસનાં ઝુમ્મરો, આયનાઓ આદિ ત્યાં જોવા મળે છે. તેનું સ્વતંત્ર મ્યુઝિયમાં રૂપાંતર કરી પુનર્રચના થતાં તેનું ઉદ્દઘાટન તા. ૨૧-૧-૧૯૭૭ ના રોજ શિક્ષણ મંત્રી નવલભાઈ શાહને હાથે થયું.

જૂનાગઢનું ઝૂ અર્થાત પ્રાણી સંગ્રહસ્થાન પણ સક્કરબાગમાં છે. તેની સ્થાપના ઈ. સ. ૧૮૬૩માં જૂનાગઢના નવાબ મહાબતખાન બીજાએ કરી હતી અને તેથી તે ગુજરાત રાજ્યનું જૂનામાં જૂનું ઝૂ છે.

આ ઝૂમાં પ્રાણીઓ અને પક્ષીઓ રાખવામાં આવે છે અને ઉછેરવામાં પણ આવે છે. તેની સંખ્યા વારંવાર વધતી ઘટતી રહે છે. તેમાં સિંહો, સિંહણો, વાઘો, દીપડા, મગરો, વાંદરાં, રીંછ, રોઝ, જંગલી ગધેડાં, હરણો, પશુડાં, ઘુટડાં, અજગર, સસલાં, પોપટ, મોર આદિને રાખવામાં આવ્યાં છે. ગિરના સિંહોનું અહિં ઉછેર કેન્દ્ર પણ છે.

## પુસ્તકાલય

સ્વાતંત્ર્ય પૂર્વે બહાદુરખાનજી લાયબ્રેરી નામે ઓળખાતું જૂનાગઢ પુસ્તકાલય પણ જોવા લાયક છે. આ પુસ્તકાલયનું શિલારોપણ તા. ૨-૧૨-૧૮૯૭ ના રોજ અને ઉદ્દઘાટન તા. ૫-૧૨-૧૯૦૧ ના રોજ થયું. જૂનાગઢમાં આ પૂર્વે રાજ્યનું પુસ્તકાલય કે લાયબ્રેરી હોવાનું જણાતું નથી.[1] જૂનાં અને અપ્રાપ્ય પુસ્તકોનો અહિં સંભાળપૂર્વક રાખેલો સંગ્રહ છે.

## રાજમહેલો

શહેરમાં સીટી રાજમહેલથી ઓળખાતા જૂના રાજમહેલો મોટા વિસ્તારમાં પથરાયેલા પડયા છે. હાલમાં તેમાં કલેકટર ઓફિસ, જિલ્લા પંચાયત ઓફિસ, બેન્ક ઓફ ઈન્ડિયા, ડી. એસ. પી. ઓફિસ, ડીસ્ટ્રીકટ રેકર્ડ, સ્ટેટ બેન્ક ઓફ સૌરાસ્ટ્ર અને બીજી ઘણી ઓફિસો બેસે છે.

નવાબના નગર બહારના રાજમહેલો, સરકારબાગ, રસુલગુલઝાર (વર્તમાન

1 એક વર્તમાન પત્રમાં પ્રથમ પુસ્તકાલય આ પૂર્વે કરવામાં આવેલું એમ લખવામાં આવ્યું છે, પરંતુ પ્રથમ પુસ્તકાલય જૂનાગઢના શ્રી નૃસિંહપ્રસાદ બૂચે સ્વખર્ચે પોતાના મકાનમાં ઈ. સ ૧૮૭૧માં સ્થાપ્યું, ત્યારે સરકારી લાયબ્રેરી હતી નહિ.

રસિક નિવાસ) અમન મહેલ (વર્તમાન શાંતિ સદન–અધ્યાપન મંદિર) વગેરે પણ જોવા યોગ્ય છે.

## મોતીબાગ

વંથળી રોડ ઉપર આવેલો સુંદર બાગ છે. જ્યાં હાલમાં બોટેનીકલ ગાર્ડન બનાવેલું છે.

## પરિતળાવ

વસંત વિહાર માટે બંધાવેલું તળાવ.

## વિલિંગ્ડ ડેમ

જૂનાગઢનું એક અતિ સુંદર સ્થાન. અહિં દાતાર અને પડખેની ટેકરીઓ આડો ડેમ બાંધી લેવામાં આવ્યો છે તથા પાસે સુંદર ઉદ્યાન છે.

આ ડેમની યોજના ઈ. સ. ૧૯૨૮માં તૈયાર થઇ પણ તેનો પાયો તા. ૧૧–૫–૧૯૨૯ના રોજ નવાબ મહાબતખાનજીને હાથે નાખવામાં આવ્યો અને તેનું ઉદ્‌ઘાટન તા. ૧૦–૧–૧૯૩૬ના રોજ કરવામાં આવ્યું.

તેનો કેચમેન્ટ એરિયા ૧.૬ ચો. માઈલનો છે તથા તેની ઊંચાઈ ૪૪ ફીટની છે. તેના તળિયાથી પહોળાઈ ૪૫ ફીટ તથા ઉપરથી ૧૦ ફીટની છે. આ ડેમનો વેઈસ્ટ વેર ૨૬૨ ફીટ લાંબો છે, ડેમ ૮૫૦ ફીટ લાંબો છે અને તેની કેપેસીટી ૧૦૦૦૦૦૦૦૦ ગેલનની છે.

## મહાબત મકબરા

જૂનાગઢની જોવાલાયક ઈમારતોમાં મહાબત મકબરા એક આકર્ષક અને કલાત્મક ઈમારત છે. આ મકબરાનું બાંધકામ ઈ સ. ૧૮૮૦ માં નવાબ મહાબતખાન બીજાએ શરૂ કરાવેલું પણ તે પૂર્ણ થાય તે પહેલાં તે જન્નતનસીન થયા; તેમ છતાં તેમને ત્યાં દફન કરેલા છે. આ મકબરામાં નવાબ બહાદરખાન ત્રીજા તથા નવાબ રસુલખાનની કબરો છે. તેની બાજુમાં વઝિર બહાઉદ્દીનભાઈનો મકબરો તથા મકબરાની દક્ષિણે જામે મસ્જિદ છે.

## બીજાં સ્થાનો

જૂનાગઢ શહેરમાં ૬૦ થી વધારે હિન્દુઓનાં દેવસ્થાનો છે તથા લગભગ એટલી જ મસ્જિદો અને દરગાહો છે. જૈનોનાં પણ મંદિરો અને ઉપાશ્રયો અને ક્રિશ્ચિયનોનાં બે ચર્ચો છે.

તે ઉપરાંત વિશાળ અને ભવ્ય સરકારી જાહેર મકાનો, નવાબના

રાજમહેલો અને જાહેર સંસ્થાઓ છે.[1]

જૂનાગઢ શહેર બહાર નગર ઉદ્યાન હતો. જેનો ઘણા લોકો લાભ લેતા તે ટાઉન હૉલનું નિર્માણ થયું. તેનું ઉદ્‌ઘાટન તા. ૧–૧૦–૧૯૭૯ ના રોજ થયું તથા ફુવારાનું ઉદ્‌ઘાટન તા. ૨૧–૧–૧૯૮૬ ના રોજ તથા ત્યાં એક સ્વીમિંગ પુલનું ખાત મુહૂર્ત તા. ૧૫–૨–૧૯૮૭ના રોજ કરવામાં આવ્યું. તા. ૧૮–૫–૧૯૮૬ના રોજ તરફથી પદ્માગૌરી હૉલનું ઉદ્‌ઘાટન થયું.

1 આ સર્વ સ્થાનોની નોંધ માટે જુઓ 'જૂનાગઢ અને ગિરનાર' અથવા 'જૂનાગઢ એન્ડ ગિરનાર'–શં. હ. દેશાઇ.

# સંદર્ભ સૂચિ


## સંસ્કૃત

| | | |
|---|---|---|
| જામ વિજય કાવ્ય | | વેણીનાથ |
| પાદતાડીતક્રમ | | શ્યામિલક |
| પ્રભાસ ખંડ | (સ્કંદ પુરાણ) | ભા. ગોરાભાઇ રામજી |
| ભક્તિ દર્પણ | | ગોવિંદ સ્વામી |
| માંડલિક કાવ્ય | | ગંગાધર કવિ |
| રસ રત્નાકાર | (નાગાર્જુન–યશોધર) | ભા. જીવરામ શાસ્ત્રી |
| વાક્‌સંહિતા | (પ્રતિકૃતિ–ઉપસંહાર) | |
| પાણિનીય શિક્ષા | | |
| શિશુપાલ વધ | | કવિ માઘ |
| હરિવંશ પુરાણ | | |

## ફારસી

| | | |
|---|---|---|
| તારીખે સોરઠ | | દીવાન રણછોડજી |
| તારીખે ફરીશ્તા | (ફરિશ્તા) | ભા. બ્રિગ્સ |
| તારીખે ફીરોઝશાહી | (સમ્શ અફીફી) | ભા. ઇલીયટ |
| તારીખે ફીરોઝશાહી | (ઝિયાઉદ્દીન બારની) | ભા. ઇલીયટ |
| મીરાતે અહેમદી | (અલી મહમદખાન) | ભા. કૃ. મો. ઝવેરી |
| મીરાતે સિકંદરી | (સિકંદર બીન મંજુ) | ભા. આ. મો. દીવાન |

## ઉર્દૂ

| | | |
|---|---|---|
| મીરાતે મુસ્તફાબાદ | | એ. જી. શેખ |

## હિન્દી

| | | |
|---|---|---|
| મહાશિવ રત્નાકર | | દીવાન રણછોડજી |
| શિવ રહસ્ય | | દીવાન રણછોડજી |
| ઓઘડ ભગવાન રામ | | મન નારાયણ ચતુર્વેદી |


---

ભા=ભાષાંતર

## અંગ્રેજી


| | |
|---|---|
| એ ન્યુ હીસ્ટ્રી ઓફ ઇન્ડિયન પીપલ | આર. સી. મજમુદાર |
| રિપોર્ટ ઓન એન્ટીક્વીટિઝ ઓફ કાઠિયાવાડ એન્ડ કચ્છ | જે. બરજેસ |
| Indiche Alterthum Skande | Lassen |
| એક્સ્ટ્રેક્ટસ ફ્રોમ ધી એન્ટીક્વીટિઝ ઓફ કાઠિયાવાડ એન્ડ કચ્છ | જે. બરજેસ |
| ટ્રાવેલ્સ ઓફ હ્યુએન સાંગ | સેમ્યુઅલ બીલ |
| ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા | કર્નલ ટોડ |
| તારીખે સોરઠ (દીવાન રણછોડજી) | ભા. જે. બરજેસ |
| નાનક પ્રકાશ પત્રિકા (૧૯૭૦) | ડો. કીરપાલસીંગ |
| પોલીટિકલ પ્રેકટીસ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા | એ. ડબલ્યુ વેબ |
| પોરટ્રેટ ગેલેરી ઓફ વેસ્ટર્ન ઇન્ડિયા | આર. એ. જલભાઈ |
| પ્રોટેકટેડ પ્રિન્સીસ ઓફ ઇન્ડિયા | ડબલ્યુ. બી. વોરનર |
| બાબી રૂલર્સ ઓફ સોરઠ | — |
| મેસેકર ઓફ મહીયાઝ | — |
| રૂલીંગ પ્રિન્સીસ ઓફ ઇન્ડિયા જૂનાગઢ | એડવર્ડઝ એન્ડ ફ્રેઝર |
| લાઈફ એન્ડ ટીચીંગ્સ ઓફ નરસિંહ મહેતા | જે. પી. જોશીપુરા |
| લાઈફ એન્ડ એક્સપ્લોઈટસ ઓફ રાજા રાયસિંહ | અલકધારી |
| વઝિર બહાઉદ્દીનભાઈ | — |
| વેસ્ટર્ન ઇન્ડિયા | સર લી ગ્રાન્ડ જેકબ |
| સ્ટેટિસટીકલ એકાઉન્ટ ઓફ જૂનાગઢ | મેજર વોટસન |
| હીસ્ટ્રી ઓફ ગુજરાત | એમ. એસ. કોમીસેરીયેટ |


## ગુજરાતી


| | |
|---|---|
| કાઠિયાવાડ સાર્વભૌમ સત્તા અને મજમુદારો | ન. વિ. મજમુદાર |
| કાઠિયાવાડ ગેઝેટીયર | મેજર વોટસન |
| ગિરનાર મહાત્મ્ય | દો. પુ. બરોડીયા |
| ગિરિનારાયણ જ્ઞાતિની ઉત્પત્તિ | જીવરામ દુ. શુક્લ |
| ગુજરાત ગેઝેટીયર | |

| | |
|---|---|
| ગુજરાત રાજસ્થાન | કાલીદાસ જે. પંડ્યા |
| ગુજરાતનો ઈતિહાસ (અ. ઝ. નદવી) | ભા. છોટુભાઈ નાયક |
| ગુલાબરાય ચરિત્ર | જટાશંકર હ. વોરા |
| ગોકુલજી ઝાલાનું જીવનચરિત્ર | મનસુખલાલ સૂર્યરામ ત્રિપાઠી |
| ડૉ. નરોત્તમદાસ વૈષ્ણવનું જીવનચરિત્ર | કીર્તિકુમાર વૈષ્ણવ |
| જમાદાર સાલેહ હિન્દીના ટેસ્ટીમોનીઅલ્સ | — |
| જાડેજાનો ઈતિહાસ | જીવરામ શાસ્ત્રી |
| જૂનાગઢનો ઈતિહાસ | ગુલાબશંકર વોરા |
| દલપત કાવ્ય | કવિ દલપતરામ |
| દીવાન અનંતજી અમરચંદનું જીવનચરિત્ર | ભવાનીશંકર નરસિંહરામ |
| દીવાન અનંતજીનું જીવનચરિત્ર | સુરતરાય અં. વસાવડા |
| નરસિંહ મહેતાના સમયનો નિર્ણય | વિ. જ. મજમુદાર–ન. વિ. મજમુદાર |
| નાગઈ પુરાણ | કાનજીભાઈ લાંગડીયા |
| પરમ ભાગવત નરસિંહનું સાચું દર્શન | શાંતિલાલ વૈષ્ણવ અને વસરામ રામજી પટેલ |
| પિતૃ તર્પણ | શંભુપ્રસાદ હ. દેશાઈ |
| પુરુષોત્તમ પ્રતિભા | પ્રેમલાલ ગો. મેવચા, ભક્તિપ્રિય |
| પ્રભાસ અને સોમનાથ | શંભુપ્રસાદ હ. દેશાઈ |
| ભકત શિરોમણી ઠાકોર ઝિણાભાઈ | શાસ્ત્રી ધર્મવલ્લભદાસજી |
| ભગવાનલાલ જોશીપુરાનું જીવનચરિત્ર | ભાગીરથી બહેન |
| ભારત રાજ્ય મંડલ | અમૃતલાલ જી. શાહ |
| મહાબત આલ્બમ | જી. એ. શેખ |
| મણિશંકર કીકાણી | જ. પુ. જોશીપુરા |
| મંત્રીશ્વર રાયજી સાહેબ ભાગ ૧–૨ | જ. પુ. જોશીપુરા |
| મહેર જવાંમર્દો | માલદેવજી રાણા |
| માંગરોળનો ઈતિહાસ | શંભુપ્રસાદ ભ. નાણાવટી |
| માંગરોળનો ઈતિહાસ | કલ્યાણરાય જેઠાભાઈ બક્ષી |
| યુધ્ધવીર દીવાન અમરજી | જ. પુ. જોશીપુરા |

| | |
|---|---|
| રેવાબાઈ ધર્મશિક્ષણ માળા | કાલીદાસ ગોવિંદજી |
| સદુપદેશ માર્તન્ડ | અનામી |
| સૌરાષ્ટ્રનો ઈતિહાસ | શંભુપ્રસાદ હ. દેશા |
| સૌરાષ્ટ્રના સંત મહંતો અને ઈસ્લામી ઓલિયાઓ. | ઈચ્છાશંકર દવે |
| સોરઠના સિધ્ધો. | કાલીદાસ મહારાજ |
| સોરઠી બહારવટિયા. | ઝવેરચંદ મેઘાણી |
| શ્રી કૃષ્ણનું દ્વારકા. | શંભુપ્રસાદ હ. દેશાઈ |
| હીસ્ટોરિકલ ઈન્સ્ક્રીપ્શન્સ ઓફ ગુજરાત. | ગિરજાશંકર વ. આચાર્ય |
| હિંદુસ્તાનનાં રક્ષિત રાજ્યો. | દુર્લભજી ધ વેદ |
| જૂનાગઢ. | શ્રી ક. લા. ઠાકોર |

## જૈન ગ્રંથો

| | |
|---|---|
| કીર્તિ કૌમુદી (સોમેશ્વર) | ભા. વલ્લભજી હ. આચાર્ય |
| કુમારપાળ ચરિત | જયસિંહ સૂરી |
| કુમારપાળ પ્રબંધ. | જિનમંડન ગણી |
| કુમારપાળ પ્રતિબોધ | સોમપ્રભાચાર્ય |
| કુમારપાળ ચરિત્ર. | જયસિંહ સૂરી |
| ચૈત્ય પરિપાટી સ્તવન. | જિનતિલક સૂરી |
| જૈન તીર્થોનો ઈતિહાસ | ન્યાયવિજયજી |
| જૈન તીર્થોનું વર્ણન. | કનકવિજયજી ગણી |
| દ્વાશ્રય. | હેમચંદ્રાચાર્ય |
| નાભીનંદન જીર્ણોધ્ધાર પ્રબંધ | કક્ક સૂરી |
| નેમીનાથ ચતુષ્પાદિકા. | વિનયચંદ્રજી |
| પ્રબંધ ચિંતામણિ (મેરૂતંગાચાર્ય) | ભા. દુ. કે. શાસ્ત્રી |
| પ્રભાવક ચરિત્ર | શ્રી પ્રભાચંદ્ર સૂરી |
| રેવંતગિરિ રાસુ (વિજયસેન સૂરી) | ભા. હ. ચુ. ભાયાણી |
| રૈવંતગિરિ કલ્પ (વિજયસેન સૂરી) | ભા. હ. ચુ. ભાયાણી |
| વસ્તુપાલ ચરિત્ર. | જિનહર્ષ |
| વિવિધ તીર્થ કલ્પ. | શ્રી જિનપ્રભ સૂરી |
| તીર્થમાળા સ્તવન. | વિજયપ્રભ સૂરી |

## અપ્રગટ ગ્રંથો

અરેબીક એન્ડ પર્શીયન ઈન્સ્ક્રીપ્શન્સ ઓફ સૌરાષ્ટ્ર. શંભુપ્રસાદ હ. દેશાઈ
કહાનદાસ તાપીદાસ બક્ષીનું આત્મ ચરિત્ર.
જૂનાગઢની નોંધ. અનામી
જૂનાગઢની ટૂંકી નોંધ. સ્વ મોતીલાલ જીવણલાલ છાયા

## રિપોર્ટ

એન્યુઅલ રિપોર્ટ ઓફ આર્કીઓલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા. ૧૯૫૪-૧૯૫૫
એડમિનીસ્ટ્રેશન રિપોર્ટ ઓફ જૂનાગઢ સ્ટેટ ૧૯૩૦-૧૯૩૧ થી ૧૯૪૫-૧૯૪૬
કાઠીયાવાડ-રિપોર્ટ ઓન. કર્નલ વોકર
રિપોર્ટ ઓફ રોયલ એશિયાટિક સોસાયટી
બોમ્બે પુસ્તક ૧ અને બોમ્બે પુસ્તક ૧૮
સેન્સસ રિપોર્ટ ૧૯૦૧ થી ૧૯૭૧
ઈન્ડિયન એન્ટીક્વેરી—પુસ્તક ૮
એપ્રીગ્રાફિકા ઈન્ડિકા—પુસ્તક ૮

## સામાયિકો

કલકત્તા રિવ્યુ. ઈ. સ. ૧૮૭૭
ગુજરાતી તા. ૧૯-૧૦-૧૯૧૯
ગુજરાતી. દીપોત્સવી અંક સં. ૧૯૮૧
ગુજરાતી. તા. ૧૪-૧-૧૯૩૪
જરનલ ઓફ આર્કી. સોસાયટી-જૂનાગઢ-નવે. ૧૯૩૭
જૈન સત્ય પ્રકાશ. તા. ૧૫-૧૦-૧૯૫૧
પથિક જુલાઈ ૧૯૬૮
એપ્રિલ ૧૯૬૯
જૂન ૧૯૬૯
ત્રિમાસિક ચૈત્ર સં. ૧૯૬૪
બ્લેકવુડ મેગેઝીન ઈ. સ. ૧૯૩૧
ભાવનગર સમાચાર. દીપોત્સવી અંક ઈ. સ. ૧૯૭૨
વાટ માર્ચ ૧૯૬૭
શારદા ડીસેમ્બર ૧૯૩૫

સૌરાષ્ટ્ર દર્પણ
જુલાઈ ૧૮૭૨ થી ૧૮૭૪
જાન્યુઆરી ૧૮૭૬
જાન્યુઆરી ૧૮૮૪
નવેમ્બર ૧૮૮૪
ડીસેમ્બર ૧૮૮૪
જુલાઈ ૧૮૮૭
સ્મારિકા ગુ. સા. પરિષદ ૨૬-૧૨-૧૯૬૯

## માહિતી

જૂનાગઢ મ્યુઝિયમ – પત્રિકા.
જૂનાગઢ ઝૂ – પત્રિકા.

## રૂબરૂ માહિતી

સ્વ. શ્રી. કુંદનલાલ મોતીલાલ છાયા
શ્રી. નથુભાઈ લાલભાઈ
શ્રી. શ્રીનિવાસ વૈકુંઠરાય બક્ષી
શ્રી. બાબુરાય વૈકુંઠરાય બક્ષી
શ્રી. શંભુપ્રસાદ હરિદત્ત જોશી
શ્રી. દિનકરરાય સારાભાઈ
ખા. શ્રી. ગુલામ રસુલખાનજી બાબી
શ્રી. વિનોદ ાય જોશીપુરા

# સૂચિ

## અ


અઝિમ ડોકલતાશ ૧૧૨–૧૧૩–૧૧૪
અનંત સદાશિવ તાંબે ૩૦૧–૩૦૯
અનંતજી અમરચંદ દીવાન ૧૮૫–૧૯૨
૧૯૫–૧૯૮ ૨૦૦ થી ૨૦૨–૨૦૭
૨૧૧–૨૧૪–૨૨૦–૨૨૭–૪૨૬
અનંતરાય નાનાલાલ–૨૬૮
અનંતપ્રસાદ વૈષ્ણવ ૨૫૯–૨૬૦
અબાસાલમ ૨૧૩
અબ્બાસઅલી બેગ ૨૬૭–૨૭૪–૨૯૧
અબ્દલ ગફાર ૩૩૪
અબ્દલકાદર મહમદ હુસેન ૩૧૯–
૩૨૦–૩૨૫–૩૫૯
અબ્દુલ હુસેન જીવાજી ૩૪૯–૩૭૦
અબ્દુલ મજીદખાન ૩૨૭
અબ્દુલ ગફારખાન ૩૩૪
અબ્દુલ ઝફર નદવી ૪૯
અમન બખ્તે ૨૯૬
અમરજી કચ્છી ૨૨૪–૨૩૨–૨૩૭–૩૦૨
અમરજી ઝાલા ૧૭૮–૨૮૬
અમરજી દીવાન ૧૨૯–૧૩૩ થી ૧૪૬
૧૫૮–૧૬૮–૧૮૯–૪૪૧
અમરૂલ્લાહ ૧૭૮
અમીન જમાદાર ૧૬૦
અમીનખાન ગોરી ૧૧૧–૧૧૨–૪૩૨
અમીદાસ મનજી ૨૨૪–૨૩૨
અમીર બખ્તે ૨૬૩
અમીર બેગમ ૧૯૦
અમૃતલાલ અમરચંદ ૧૮૫
અમૃતલાલ જી. શાહ ૧૨૫
અમૃતલાલ પઢીયાર ૩૪૭
અમૃતલાલ શેઠ ૩૧૧–૩૧૪–૩૬૫
અરદેશર જમશેદજી ૨૩૭–૨૪૫–૨૪૬
૨૫૪–૨૭૨–૪૦૧–૪૧૧
અરૂણુ સેવક ૩૪૯
અલકધારી ૧૧૫
અલી બીન હમઝા ૪૩૫
અશોક ૩૫–૩૭–૫૬–૫૭–૬૫–૪૩૧
અહમદમીયાં અખ્તર ૩૪૭–૩૫૦–૩૬૧
અહમદમીયાં એડ્રુસ ૧૯૮–૧૯૯–૨૦૦
અહમદખાન બાબી ૨૩૪–૨૩૫–૨૬૩
અહમદ શાહ પીર ૧૮૩–૧૮૪
અહમદશાહ સુલતાન ૮૭–૮૮–૪૩૨
આજમબેગ ચેલા ૧૬૨–૧૬૫–૧૬૭–
૧૭૧
આબા સેલુરકર ૧૬૦
આસ્શા બેગમ ૨૯૬
આસ્ટન ૨૧૬
ઈંગલીંગ ૬૫
ઈચ્છાશંકર દવે ૪૩૭
ઈચ્છાદેવી ૩૪૮
ઈંદુલાલ ગાંધી ૪૨૮
ઈંદુભાઈ વસાવડા ૨૮૮–૩૪૯
ઈંદુજી બુચ ૧૯૦
ઈંદુજી વૈષ્ણવ ૨૭૭
ઈયાનુતુલ્લાહ ૧૧૬
ઈશ્વરજી અમરજી ૨૩૩
ઈશ્વરજી બુચ ૧૨૭–૧૨૮
ઈસ્માઈલ અબ્રેહાની ૩૧૫–૩૨૭–૩૫૦
૩૬૧
ઈસ્માઈલબેગ ચેલા ૧૮૩
ઈસબખાન ૧૮૩
ઈસાખાન ૫૨

ઈસ્રારતખાન ૫૨-૧૧૬
ઉગ્રાવાળો ૪૧-૪૬-૭૨
ઉગ્રાવાળો (ઢાંક) ૮૨-૮૩
ઉછરંગરાય ઓઝા ૩૪૮
ઉત્તમરામ ઘોડા ૧૫૪
ઉમર અબુ પંચ ૨૦૫
ઉમર મુખાસન ૧૬૭-૧૭૧ થી ૧૭૭
ઉમરાવ બખ્તે ૨૬૩
ઉમર હોનાક ૨૪૪
ઉમિયાશંકર દેસાઈ ૧૬૮-૧૫૯-૧૬૩
૧૬૬-૧૭૧
ઉષવદાત ૫૮
એડવર્ડ એસ. ડબલ્યુ ૨૯૩
એદલખાન ૧૩૮
એદલખાન શાહઝાદા ૨૩૪-૨૬૩-૨૬૪
૨૬૫-૨૮૦
અદેલખાન (સુખપુર) ૨૯૩
એ. કે. વાય. અબ્રેકાની ૩૧૫-૩૨૭-૩૬૩
એસ્ટન ૧૭૭
ઓલીવન્ટ સર ચાર્લ્સ ૨૬૪
ઓલીવેરા એસ. આઈ ૩૭૧
અંબારામ છાયા ૨૪૦-૨૪૩-૨૬૧
અંબાલાલ જાની ૯૮
અંબાશંકર બુચ ૨૩૦
અંબાશંકર વલ્લભજી ૨૬૧

## ક

કક્કસૂરી ૪૫
કતા ભટ્ટ ૨૫૭
કનકરાય વશાકડ઼ ૨૫૭-૨૭૭
કનક વિજયજી ગણિ ૪૦૭
કન્ની રામજી ૪૧૮-૪૨૮
કનૈયાલાલ મુનશી ૯૮ ૧૭૫
કમાલબખ્તે ૧૭૧
કમાલ બખ્તે ૨૩૪-૨૩૫
કર્નાક કર્નલ ૧૭૧-૧૭૩-૧૭૪
કરમચંદ ગાંધી ૨૦૮-૨૧૧-૩૪૮
કરસન સામત ૩૬૭-૩૬૮
કલ્યાણગિરિ ૧૮૪
કલ્યાણરાય બક્ષી ૨૮૪-૨૮૯
કલ્યાણ શેઠ ૧૫૫ થી ૧૬૫
કવાટ રાઉ ૪૧-૪૪-૭૧
કવાટ બીજો ૭૭-૭૮
કહાનદાસ વૈષ્ણવ ૧૩૭-૧૩૮-૧૫૦
૧૫૧-૧૫૮-૧૬૬-૧૬૮-૧૭૦
૧૭૧-૧૭૨-૧૭૩-૨૮૯-૨૯૦
કાદુમકરાણી ૨૩૮ થી ૨૪૪
કાંતિલાલ સોમપુરા ૪૩૬
કાંન્તિલાલ વ્યાસ ૩૬૯
કાર્નેગી કેપ્ટન ૨૯૨-૨૯૩
કાનજીભાઈ લાંગડીયા ૩૬૯
કાલીદાસ મહારાજ ૪૨૭-૪૩૬
કાલીદાસ શાસ્ત્રી ૩૯૮
કાહુમેર ૧૩૮-૧૩૯-૧૫૨
કાશીનાથ જોશી ૨૧૯-૨૩૩-૨૪૯
૨૪૭-૨૬૫
કીટીંગ્સ કર્નલ ૨૦૮-૨૦૯-૨૨૦
કુંભાજી ૧૨૭ થી ૧૩૨-૧૩૫ થી ૧૪૦
૧૫૨-૧૫૩-૪૩૨
કુમારપાળ ૭૬-૭૮-૩૯૯-૪૦૦-૪૦૮-
૪૧૬
કે. કેપ્ટન ૩૦૧
કે. કા. શાસ્ત્રી ૬૪-૯૮
કેડલ સરપેટ્રીક ૨૬૫-૩૨૬ થી ૩૨૦

કેનેડી કેપ્ટન ૨૪૮
કેમ્પબેલ ૨૫૪
કેવળરામ બુચ ૧૬૩
કેશવજી ૨૦૩–૨૦૫
કેસરબાઈ (કચ્છ) ૧:૧
કેસરબાઈ (બેગમ) ૨૯૬
કોમી સેરીયેટ એમ. એસ. ૪૭–૫૯
કોલસન કેપ્ટન ૨૦૫
કોરડીંગ્ટન ૨૫૪–૪૩૧
કૃપારગિરિ ૧૭૮
કૃષ્ણલાલ ધ્રુવ ૩૦૬–૩૪૦
કીપારામ શેઠ ૩૦૩

## ખ

ખલફશાહ મીયાં ૧૩૧
ખલફશાહમીયાં (બીજાં) ૨૧૯–૨૨૧
ખલીલખાન ૧૦૬–૧૦૭
ખેંગાર કુંવર ૪૪
ખેંગારકુંવર (બીજો) ૪૪-૭૮
ખેંગાર રાહ ૭૩–૪૦૪
ખેંગાર ૨ જો ૭૩–૭૪
ખેંગાર ૩ જો ૮૨
ખેંગાર ૩ થો ૮૪–૪૩૨
ખેંગાર રાયજાદો ૧૧૩
ખેતશી વોરા ૨૦૧
ખુશાલ ચમનરાય ૧૮૩

## ગ

ગજેન્દ્ર બુચ ૪૨૮
ગટુલાલજી ૨૫૯
ગિરજાશંકર ઝાલા ૨૦૭
ગિરજાશંકર આચાર્ય ૩૮–૪૪–૫૭
૬૦–૮૩ ૨૫૮–૩૪૭–૩૮૭–૪૦૦
૪૦૪–૪૦૯–૪૧૨
ગાંધીજી ૩૨૩–૩૪૮
ગિરધરલાલ ધોળકીયા ૩૪૯–૪૧૩
ગિરિધર શર્મા ૩૪૭
ગુરદયાલસિંહ ૩૬૦
ગુલમહમદ શાબદાદ ૨૪૦–૨૪૪
ગુલાબદાસ લાલદાસ ૨૭૩–૨૮૭
ગુલાબરાય જોશીપુરા ૧૩૬–૧૫૦–
૨૫૦–૪૧૮–૪૨૩
ગુલાબશંકર વોરા ૧૨૧–૨૮૦
ગુલામ અલી કામીલ ૩૪૯
ગુલામ મહમદ બાવામીયાં ૨૫૦–૨૮૭
ગુલામ રસુલખાન બાબી ૨૯૪
ગોકળભાઈ બેરિસ્ટર ૨૮૯–૨૯૦
ગોકળદાસ ગગલાણી ૩૬૫
ગોકુલજી ઝાલા ૨૦૭–૨૨૦–૨૨૪–
૨૨૭ થી ૨૩૦–૨૩૯–૨૫૦
ગોકલદાસ તાપીદાસ ૨૩૯
ગોકલદાસ પારેખ ૨૬૭
ગોકળદાસ રાયચુરા ૩૪૭–૩૪૮
ગોદડ ખવડ ૧૬૧
ગોપાલાનંદજી ૧૮૯
ગોપાલજી દેલવાડાકર ૩૪૭
ગોપાલદાસ દેસાઈ ૨૮૮–૨૮૯
ગોરધનદાસ ઈંદ્રજી ૨૩૩
ગોરધનદાસ ખંઢેરીયા ૩૧૩–૩૧૪
ગોરાભાઈ રામજી ૬૭–૨૩૩–૨૫૫–
૨૬૧–૩૮૪–૪૨૫
ગોવિંદજી દીવાન ૧૩૬–૧૪૯–૧૫૩–
૧૫૪–૪૩૨
ગંગાધર કવિ ૫૮–૮૫–૮૮–૯૩–૩૮૮

અઢાર રાહુ ૪૩-૭૦-૭૧-૪૩૨

## ઘ

ઘીવાલા એસ.પી. ૩૨૭
ઘેલાભાઈ વસાવડા ૨૧૩

## ચ

ચક્રપાલિત ૩૬-૪૨૧-૪૩૧
ચમનલાલ ચકુભાઇ ૩૬૫
ચસ્ટન ૫૯
ચિત્તરંજન રાજા ૩૩૫
ચિમનલાલ સેતલવાડ ૨૭૩
ચુડામણિ ૭૯-૮૩
ચુનીલાલ સારાભાઈ ૨૩૬-૨૮૩-૨૮૪-૨૮૫
ચન્દ્રગુપ્ત મૌર્ય ૩૫-૩૭-૫૬-૬૫
ચન્દ્રગુપ્ત વિક્રમાદિત્ય ૬૩
ચન્દ્રચૂડ ૭૦
ચન્દ્રસિંહજી ભાડવા ૩૬૯
ચાંદ પટણી ૧૯૬

## છ

છગનલાલ નાણાવટી ૩૦૮-૩૩૫-૩૪૬-૩૪૮
છગનલાલ પ્રભુદાસ ૩૧૪
છગનલાલ પંડયા ૨૯૬-૩૦૬-૩૦૯-૩૨૮
છગનલાલ બુચ ૨૯૫-૩૪૬
છેલશંકર દવે ૩૧૨-૩૧૪-૩૧૮-૩૩૬-૩૪૬
છોટમલાલ નાગર ૧૫૮
છોટાલાલ બક્ષી ૨૬૬-૨૮૯-૩૦૨-૪૦૧
છોટી બુ ૨૩૪-૨૬૪
છોટુભાઈ અત્રિ ૬૭-૪૦૩-૪૦૯-૪૩૩
છોટુભાઈ નાયક ૪૯
છોટુભારથી ૩૬૯

## જ

જગતસિંહ ૮૩
જગજીવનરામ બધેકા ૯૭-૯૮
જગન્નાથ ઝાલા ૧૨૯-૧૩૦-૧૩૧-૨૮૬
જગમાલ ગોરધન ૪૦૫
જટાશંકર છાયા ૨૬૮
જટાશંકર હરજીવન ૨૩૩-૨૫૫-૨૬૧-૪૨૩
જન્મશંકર બુચ ૩૪૭
જનાર્દન પ્રભાશંકર ૩૪૭
જનોમીયાં કાઝી ૨૬૮
જબ્બર શેઠ ૧૯૧-૧૯૨-૧૯૩-૨૦૧
જમાલખાન બલોચ ૧૭૯
જયદામન ૫૯
જયમલ ૭૯
જમાશંકર જીકાર ૨૬૧
જયસુખલાલ જોશીપુરા ૯૭-૧૮૯-૨૫૫-૨૬૫-૩૦૩-૩૪૭
જયસિંહ ૧ લો ૭૮
જયસિંહ ૨ જો ૮૫
જયસિંહ ૩ જો ૮૮
જયસિંહ સૂરી ૪૦૦
જયેન્દ્રરાય નાણાવટી ૬૧

જીવાભાઈ કીકાણી ૨૩૨-૨૫૫-૨૬૧
જીવાભાઈ પટેલ ૩૨૩
જેઠસુર ખૂમાણુ ૨૧૬
જેઠાલાલ જોશી ૩૬૫
જેઠાલાલ રૂપાણી ૩૨૪-૩૪૯-૩૭૦
જે. એમ. પંડ્યા ૩૬૧-૩૭૩
જોશી એચ. પી. ૩૧૩-૩૧૮

## ઝ

ઝફરખાન ૮૫
ઝફરખાન ૪૩૯
ઝવેરચંદ ૧૩૪
ઝવેરચંદ મેઘાણી ૨૧૨-૨૪૩
ઝવેરીલાલ વસાવડા ૩૫૬-૩૬૨
ઝિણાભાઈ દરબાર ૧૭૦-૧૮૯-૪૪૨
ઝિણાબાવા ૪૨૦-૪૨૮
ઝિણા મહેતા ૧૭૨-૧૭૨-૧૭૮
ઝિયાઉદ્દીન બારની ૪૮

## ટ

ટિન્લે કેપ્ટન ૩૨૭
ટોડ કર્નલ ૫૭-૧૦૫-૧૭૦-૩૮૩-૪૩૭

## ઠ

ઠાકરશી ઘીયા ૩૩૮
ઠેપક ૪૪

## ડ

ડીપ ૩૪૦

ડુંગરશી દેવશી ૨૦૦ થી ૨૦૪-૨૨૭
ડોસાભાઈ ખરદેશજી ૨૭૩
ડોસા પારેખ ૨૦૪-૨૦૫
ડોસીયુ ૧૭૨-૧૭૩

## ઢ

ઢેબર ઉચ્છરંગ રાય ૩૬૦

## ત

તાપીદાસ વૈષ્ણવ ૧૪૮-૨૮૯
તારાચંદ શાહ ૩૭૧-૩૭૫
તાલબરખાન ૨૬૭
તુષારફ ૫૬-૫૭-૬૫
તેજપાલ ૪૧-૮૦-૮૧-૮૨-૪૦૯
તોતારામ વઘેચા ૩૭૩
ત્રિકમજી નરભેરામ ૨૪૫-૨૭૦
ત્રિકમદાસ વૈષ્ણવ ૨૮૯-૪૪૦
ત્રિકમદાસ સેવક ૩૪૮
ત્રિભોવનદાસ તુલસીદાસ ૨૧૬
ત્રિભોવનદાસ મોતીચંદ ૨૫૨-૨૭૬-૪૦૧
ત્રિભોવનરાય રાણા ૨૭૧-૩૪૦
ત્ર્યંબકરાય મજમુદાર ૨૬૧-૩૫૦

## થ

થોમસ પ્રિન્સેપ ૪૩૮

## દ

દલપતરામ કવિ ૨૩૧-૨૫૦-૨૫૬
દલપતરામ દીવાન ૧૨૫ થી ૧૨૯-૧૭૬-૪૩૨
દયાસ રાહ ૮૧-૪૩૨
દયાળજી ૧૫૫-૧૬૪
દેવાશંકર દવે ૩૭૪-૩૭૫
દાઉજી જેઠવા ૧૫૩
દાગોજી રાયજાદા ૧૫૨
દાદીબુ બેગમ ૧૯૦-૧૯૧-૧૯૨
દામોદરદાસ જગડ ૨૬૧-૨૬૯
દામોદર નરસિંહ ૮૯-૪૨૧
દીન મહમદ જમાદાર ૨૧૨-૨૧૩
દીલસુખરાય વસાવડા ૩૫૬-૩૬૨
દીલાવરખાન ૨૦૭-૩૨૯
દુર્ગાશંકર શાસ્ત્રી ૭૬-૩૯૯
દુર્લભજી ખેતાણી ૩૬૫
દુર્લભજી દીવાન ૧૩૬-૧૪૯-૧૫૨-૧૫૩
દુર્લભદાસ રાસ્જી ૩૫૦
દુર્લભસેન ૭૧-૪૩૨
દેવેન્દ્ર સૂરી ૪૦૯
દેવચંદ લક્ષ્મીચંદ ૪૦૧-૪૧૧
દેવશી સુંદરજી ૧૮૩
દેવાયત બોદર ૭૧
દો. પુ. બરોડીયા ૭૭-૩૯૩-૪૦૪-૪૦૬-૪૦૭-૪૧૧
દોલતરાય ઝાલા ૩૦૯-૩૫૦
દોલતસિંહ રાયજાદા ૩૪૫

## ધ

ધાંધ ૪૦૫
ધીરજરાય છાયા ૩૩૬
ધ્રુવસેન ૨ જો ૬૯

## ન

નટવરલાલ દેસાઈ ૯૮
નથુખાન સરવાણી ૧૭૩-૧૯૧-૧૯૨
નથુભાઈ કીપારામ ૩૦૧-૩૦૩
નથુરામ અમરજી ૧૮૫
નથુરામ શર્મા ૪૨૨-૪૨૮
નન્નામીયાં પીરજાદા ૧૯૮
નબીબક્ષ ખા. બ. ૩૬૧
નયનસુખલાલ મજમુદાર ૯૭-૧૪૧-૪૪૧
નરસિંહ મહેતા ૪૩-૯૬ થી ૧૦૪-૨૯૦-૨૯૪-૪૨૧-૪૨૨-૪૪૦
નરસિંહદાસ ડોક્ટર ૩૨૯
નરસિંહદાસ વિભાકર ૨૪૭
નરસિંહદાસ સંતોકરામ ૨૦૭
નરસિંહદાસ કહાનદાસ ૩૧૩-૩૧૪-૩૨૨-૩૪૯-૩૭૦
નરસિંહપ્રસાદ બુચ ૧૯૩-૨૦૭-૨૦૮-૨૧૬-૨૨૦-૨૨૬-૨૩૨-૪૦૧
નરસિંહપ્રસાદ મજમુદાર ૨૭૬-૩૫૦
નરભેરામ વૈદ્ય ૧૮૮
નરભેશંકર ૨૧૬
નરેન્દ્ર શુકલ ૩૪૮
નરેન્દ્ર નથવાણી ૩૬૫

નરોત્તમદાસ વૈષ્ણવ ૨૫-૨૬૨૦-૨૬૬
  -૨૭૭-૨૯૩
નરોત્તમદાસ શેઠ ૩૨૩-૩૪૯
નવઘણ ૧લો ૭૨-૭૩-૮૩-૪૩૩-
  ૪૩૪
નવઘણ ૨જો ૫૩-૭૩-૮૩
નવઘણ ૩જો ૭૭-૮૩
નવઘણ ૪થો ૮૪
નવરંગખાન ૧૧૫
નાગબાઈ ૯૩ થી ૯૬-૪૨૪
નાગબાઈ બીજાં ૨૧૩
નાથાલાલ દેવચંદ ૪૦૧
નાથાલાલ કવિ ૪૨૮
નાનીબુ ૨૩૪
નીલમભાઈ બુચ ૩૬૭-૩૬૮-૩૭૬
નુરખાં મૌલવી ૨૦૬
નુરણુ ૨૩૪
નોર્થકોટ લોર્ડ ૨૭૮-૪૪૩
નૌતમદાસ વ્યાસ ૩૨૩
નંદલાલ મુનશી ૨૦૭-૨૪૫
ન્યાલચંદ રૂપશંકર ૨૦૭

## પ

પર્ણદત્ત ૩૬
પરમસુખરાય કચ્છી ૩૦૩
પરમાણંદાસ મહેતા ૨૦૧
પરમાણુંદાસ વૃંદાવનદાસ ૨૦૭
પીલ સર જે. બા. ૨૧૬
પુંજાભાઈ વસાવડા ૧૩૮-૧૪૦-૨૮૮
પુરુષોત્તમ લાલજી ગોસ્વામી ૩૬૮-
  ૪૪૨
પુરુષોત્તમરાય ઝાલા ૨૧૯-૨૪૬-૨૬૪
  ૨૭૦-૨૭૧-૨૭૫-૨૮૪ થી ૨૮૮
  ૩૦૩-૪૦૧
પુરુષોત્તમરાય નાણાવટી ૨૯૧-૩૦૯
  -૩૨૮-૩૪૦
પુષ્કર ચંદવાકર ૫૦
પુષ્પકાન્ત ધોળકીઆ ૪૦૯
પુષ્પાબહેન મહેતા ૪૬૫-૩૭૪
પુષ્પમિત્ર શુંગ ૫૮
પોપટ પારેખ ૧૩૪
પ્રતાપરાય વસંતરાય ૨૭૩-૨૬૧
પ્રભાશંકર વસાવડા ૧૪૮-૧૪૯-૧૫૩
  -૧૫૫-૧૫૬-૧૬૪-૧૯૬
પ્રભુદાસ જોશીપુરા ૨૦૫
પ્રભુદાસ બળીઆ ૩૪૯
પ્રભુદાસ બક્ષી ૧૯૯
પ્રભુદાસ વખારીયા ૩૨૩
પ્રભુદાસ વસાવડા ૧૬૪-૧૭૯
પ્રાણલાલ શંભુલાલ ૨૦૭
પ્રેમજી દામાણી ૧૫૦
પ્રેમરાય મજમુદાર ૩૨૯-૩૫૦-૩૬૧
પૃથુલાલ વસાવડા ૩૩૪
પ્યારે રામજી ૪૨૮-૪૩૫-૪૩૬-૪૩૭

## ફ

ફકીહ એમ. એ. ૨૬૯-૨૭૦
ફખરૂદૌલા ૧૨૫
ફતેહખાન ૧૮૩
ફતેહખાન સરવાણી ૧૧૧
ફતેહયાગખાન ૧૪૦
ફતેહયાબખાન (દેવગામ) ૧૮૬
ફરગ્યુસન સર જે. ૨૪૯
ફરિસ્તા ૪૮

ફીટસ જીરાલ્ડ ૨૨૪–૨૨૯
ફીરોજશાહ મહેતા ૨૬૭–૨૭૩–૩૦૨
ફીલીપ્સ મેજર ૨૧૬
ફ્રેન્સ એ. કે. ૨૦૦

## બ

બદરૂદીન કાઝી ૧૫૬
બનેસિંહજી ઝાલા ૩૭૬
બરજેસ જે. ૩૮૩
બહાઉદ્દીનભાઈ ૨૦૫–૨૧૬–૨૨૦–
૨૨૪–૨૨૭–૨૨૮–૨૩૪–૨૪૮–
૨૪૯–૨૫૦–૨૫૨–૨૬૩–૨૬૪–૨૬૮–
૨૭૧–૨૭૪–૨૯૨–૩૦૧–૩૦૪
–૩૦૫–૩૧૭–૪૨૪–૪૪૫
બહાદરખાન ૧લા ૧૯૯ થી ૧૩૦–
૨૧૦–૩૬૯
બહાદરખાન ૨જા ૧૬૫–૧૭૧થી ૧૬૮
બહાદરખાન ૩જા ૨૨૪–૨૨૯–૨૩૪–
૨૪૬ થી ૨૬૩–૪૪૫
બહારવટીયા ૧૯૩–૧૯૪–૨૧૦ થી
૨૧૫–૨૩૮થી૨૪૪–૨૬૯–૨૭૦
–૩૪૪–૩૪૫–૩૪૬
બહેચરદાસ દેસાઈ ૨૭૦–૧૭૪–૨૮૨–
૨૮૮–૪૧૩
બળવંતરાય મુનશી ૧૯૨–૧૯૩–૨૦૩
બાપુભાઈ વૈષ્ણવ ૨૭૬–૩૪૭
બાબાજી ૧૬૨–૧૬૫–૧૬૬
બાબુરાય બક્ષી ૨૬૬–૨૯૦–૩૦૩
બામણીયોજી રાયજાદા ૧૩૫
બાવાવાળા ૧૮૨
બાવા પ્યારા ૪૨૮–૪૩૫–૪૩૬–૪૩૭
બિશનસિંહ કર્નલ ૩૭૪
બુઢ્ઢાભાઈ ખોખર ૩૨૪
બેજનજી મેરવાનજી ૨૬૮
બોઈડ આઈ. સી. ૩૦૫–૩૦૭
બ્લેકડન ૩૩૪
બ્રુક ફોક્સ ૩૫

## ભ

ભગવાનલાલ ઈંદ્રજી ૫૭–૨૫૦–૨૫૫–
૨૫૬–૨૫૭–૪૩૧
ભગવાનભાઈ છત્રપતિ ૧૪૬–૨૫૫–
૨૫૮
ભગવાનલાલ જોશીપુરા ૧૩૯–૧૯૧–
૨૦૫–૨૨૩
ભગવાનલાલ મદનજી ૧૯૯
ભગુભાઈ પટેલ ૩૭૬
ભવાનીદાસ મહેતા ૨૨૯
ભવાનીદાસ મુનશી ૧૮૨
ભવાનીદાસ વૈષ્ણવ ૧૧૯–૪૪૦
ભવાનીશંકર ઓઝા ૩૬૫
ભવાનીશંકર નરસિંહરામ ૨૦૨
ભાઈશંકર સોલીસીટર ૨૮૦–૩૦૨
ભાગીરથીનાથજી ૩૫૦
ભાણજી પ્રભુદાસ ૨૦૭
ભીમ ખોજો ૧૩૭–૧૫૦
ભૂપતરાય દેસાઈ ૧૮૩
ભૂપતરાય ત્રિકમજી ૨૭૧–૨૮૮
ભૂપતસિંહ ૧૦૬
ભૈરવાનંદજી ૪૩૧

## મ

મકબુલમીયાં ચીસ્તી ૨૩૬–૨૬૯–૨૮૧
મખદુમમીયાં ચીસ્તી ૧૮૩

મગનલાલ ફીકાણી ૨૭૧
મગનલાલ ગાથા ૩૨૩
મજમુદાર આર. સી. ૬૪
મણિભાઈ જશભાઈ ૨૨૪
મણિભાઈ ત્રિકમરાય ૨૫૦
મણિલાલ દેશી ૩૫૬
મણિલાલ નાણાવટી ૩૦૬–૩૪૭–૩૫૦
મણિલાલ વૈષ્ણવ ૩૨૩
મણિશંકર ફીકાણી ૨૩૩–૨૫૫–૨૫૬
મણિશંકર રાજગોર ૨૫૬–૩૫૭
મણિશંકર રાજારામ ૩૦૫–૩૦૭
મણિશંકર વૈદ્ય ૧૯૯–૨૧૧
મતિશંકર દેસાઈ ૨૦૯–૩૨૮–૩૪૦
મથુરદાસ વસાવડા ૨૫૬–૨૬૧–૨૭૭
મદનજીત વોરા ૩૪૯
મધુરાય ખુશાલરાય ૧૫૫–૧૫૮ થી ૧૬૨
મનસુખલાલ ઝવેરી ૪૨૮
મનસુખરામ સુર્યરામ ૨૨૦–૨૩૧–૨૮૪–૨૯૮
મનોહરદાસ જીકાર ૧૪૮
મનોહરદાસ વૈષ્ણવ ૧૪૧
મનોહર સ્વામી ૨૬૦
મયાનમજી ૩૫૦
મયાશંકર દેસાઈ ૨૦૮
મહમદ તઘલક ૪૮–૮૪–૪૩૨
મહમદ બાજુદ ૩૫૦–૩૬૧
મહમદખાન બાબી ૧૯૮
મહમદ બીન હમજા ૪૩૫
મહમદભાઈ શેખ ૩૧૦ થી ૩૧૯–૩૩૪
મહમૂદ બેગડો ૪૨–૪૬–૫૧–૯૧ થી ૧૦૭–૪૩૨
મહમૂદ ૨જો ૧૦૭
મહમૂદ ૩જો ૧૧૦
મહાબતખાન ૧લા ૧૩૦ થી ૧૩૭–૧૪૬–૪૩૨
મહાબતખાન ૨જા ૧૯૦–૧૯૮–૧૯૯–૨૨૦–૨૨૭થી ૨૩૫–૨૪૬–૨૫૯–૨૬૩–૨૬૪–૨૬૫–૨૮૬–૪૪૪–૪૪૫
મહાબતખાન ૩જા ૨૭૪–૨૭૭–૨૯૧–૨૯૨–૩૦૨–૩૦૮ થી ૩૩૯–૩૪૨–૩૪૩–૩૪૪–૩૫૧ થી ૩૬૪–૪૬૭–૩૬૮–૪૪૨
મહાદેવ જાગેશ્વર ૨૨૩
મહાસણીશંકર શર્મા ૩૪૮
મહાશંકર પંડિત ૩૪૮
મહિધર ૮૨
મહિપાલ ૧લો (જુઓ કવાસ)
મહિપાલ ૨જો ૭૯
મહિપાલ ૩જો ૭૯
મહિપાલ ૪થો ૮૪
મહિપાલ ૫મો ૮૬
મહિપાલ ૬ઠો ૮૯–૯૦–૯૨–૯૩
મહેબૂબમીંયા કાદરી ૨૯૧–૩૧૧–૩૧૩–૩૩૪
માઘ કવિ ૪૨૮
માધવરાયજી ૪૪૨
માણશીયો ખાંટ ૧૨૬
માણેકલાલ લલ્લુભાઈ ૩૨૭
માધવજી કાનજી રાજા ૨૫૧–૪૦૧
માંડલિક ૧લો ૮૩
માંડલિક ૨જો ૮૬–૮૭
માંડલિક ૩જો ૪૫–૫૧–૯૦ થી ૯૬–૪૦૪–૪૨૪–૪૩૨

માંડણજી ૪૪૧
મામલભાઈ વસાવડા ૨૩૭
મામોભાઈ કાકાણી ૧૨૭
માર્કન્ડરાય દેસાઈ ૩૬૯
માલદેવજી રાણા ૧૩૯-૩૬૭-૩૬૯
મિરઝાંખાન ૧૧૧-૪૩૨
મુકુંદરાય નાણાવટી ૩૬૭
મુખ્તારખાન બાબી ૧૩૮-૧૫૨-૧૬૩
મુગટરામ બક્ષી ૧૭૮
મુજાહિદખાન બહેલીમ ૧૦૯-૧૧૦-૪૩૫
મુઝફ્ફર ૧લો ૮૬-૯૦-૪૩૨
મુઝફ્ફર ૨જો ૧૦૭
મુઝફ્ફર ૩જો ૧૧૦-૧૧૧-૧૧૨-૧૧૩
મુઝફ્ફરખાન બાબી ૧૪૦
મુબારક બખ્તે ૨૯૩
મુબારિઝખાન ૨૧૬
મુસા દરબાન ૩૬૧
મૂળરાજ રાહ ૭૦-૭૧
મૂળરાજ સોલંકી ૪૭-૭૧-૪૩૨
મૂળરાજ (બાળ) ૭૮-૭૯
મૂળશંકર વ્યાસ ૩૫૭
મેકરણ સિદ્ધ ૪૨૮
મેકોનેકી ૩૦૮
મેગેસ્થનીઝ ૬૨
મેરૂ ખવાસ ૧૩૮-૧૬૧-૧૬૨
મેરૂતંગસૂરી ૪૭-૩૯૯
મેલીંગદેવ ૪૬-૮૭-૮૮-૪૦૭-૪૩૨
મોકલસિંહ ૮૬-૪૩૨
મોકાજી ૧૫
મોતીલાલ ઘોડા ૩૪૭
મોતીલાલ છાયા ૧૯૦
મોતીલાલ રામજી ૨૦૮
મોતીલાલ વસાવડા ૩૦૯-૩૩૦-૩૩૪
મોન્ટીથ જે. એમ. ૩૧૯-૩૨૦-૩૨૫
મોરારજી દેસાઈ ૩૭૦
મોરારજી દીવાન ૧૫૪-૧૫૫-૧૫૬-૧૫૭
મોરારીરાવ ગાયકવાડ ૧૪૨
મોહનલાલ મહેતા ૩૬૫
મંગલજી ઉધ્ધવજી ૩૪૬-૩૪૮
મંગલજી ગૌરીશંકર ૨૦૭
મંગલજી દીવાન ૧૫૭

## ય

યશોધર ૭૨
યજ્ઞ નારાયણ ચતુર્વેદી ૪૧૮-૪૨૮

## ર

રઘુનાથ ઇંદ્રજી ૨૫૭
રઘુનાથજી દીવાન ૧૪૨-૧૪૩-૧૪૮-થી ૧૬૮- ૧૭૦ થી ૧૮૦-૧૮૩ ૨૮૬
રતનશી જેઠા ૧૮૧
રતીલાલ છોટાલાલ ૨૩૬
રતીભાઈ ભટ ૩૫૬
રતુભાઈ અદાણી ૨૫૧-૩૬૫-૩૬૬-૪૨૧
રણછોડ આચાર્ય ૨૬૮
રણછોડલાલ દેસાઈ ૨૬૭
રણછોડજી દીવાન ૪૦-૪૧-૫૨-૭૨-૮૧-૧૧૩-૧૧૫-૧૧૮-૧૨૩-૧૩૮

૧૪૨–૧૪૩–૧૪૪–૧૪૬–૧૪૯–
૧૫૬–૧૫૭–૧૫૯–૧૬૨–૧૬૮–
૧૭૦–૧૭૩–૧૭૫ થી ૧૭૮–૧૮૨
૧૮૩–૧૮૪–૧૮૬ થી ૧૮૯–૧૯૬
૨૮૬–૪૨૧–૪૪૧
રણછોડજી અમરાશંકર ૨૧૬
રવીશંકર ઘોડા ૨૮૮–૩૦૩
રસુલખાન નવાબ ૨૦૨–૨૩૪–૨૩૫
–૨૬૪–૨૬૫ થી ૩૦૧–૪૨૩–
૪૨૭–૪૪૫
રહીમ બખ્તે ૨૯૨
રહીમબખ્તે ૧૮૬
રાજકુંવર ૧૭૨
રાણકદેવી ૭૪
રાણોખાન ૧૯૦–૧૯૧
રામસામત ૩૬૭–૩૬૮
રામાનંદજી ૩૫૦
રાયસિંહ રાહ ૭૯
રૂખડ બાવો ૪૨૮
રૂગનાથ માધવજી રાજા ૩૩૫–૩૭૦
રૂદ્રજી છાયા ૧૩૫–૧૪૦
રૂદ્રજી ઝાલા ૧૨૯–૧૩૧–૧૬૫–૨૮૬
૪૩૨
રૂદ્રજી રાણા ૨૫૫–૨૬૧–૨૭૫
રૂદ્રદામા ૩૮–૫૬–૬૨–૪૩૧
રૂદ્રસેન ૬૧–૬૨
રૂપશંકર ઓઝા ૨૨૩–૨૫૮
રે લોર્ડ ૨૪૮–૨૪૯
રેન્ડોલ એચ. ડી. ૨૮૮–૩૦૧–૩૦૪
રેવાશંકર મજમુદાર ૧૬૬–૧૬૭
રેવાશંકર શાસ્ત્રી ૩૪૭
રોબર્ટસન એલ. ૩૦૪

## લ

લક્કડભારથી ૪૨૭
લક્ષ્મીચંદ કલ્યાણ ૧૬૪
લક્ષ્મીચંદ માણેકચંદ ૩૧૪
લક્ષ્મીદાસ શેઠ ૧૮૩
લાડકીબીબી ૨૩૪
લાભશંકર લક્ષ્મીદાસ ૨૯૪–૩૪૮
લાલબખ્તે ૨૯૩
લેમીંગ્ટન લોર્ડ ૨૭૪–૨૯૨
લેંગ કર્નલ ૧૯૮–૨૦૩–૩૦૮
લી આન્ડ જેકબ ૬૫–૧૮૨–૧૯૦–
૩૮૩
લી. વોરનર ડબલ્યુ. ૨૧૦

## વ

વજીર બેગમ ૨૯૩
વત્સરાજ ૭૯
વલ્લભજી આચાર્ય ૮૧–૨૨૪–૨૩૧–
૩૩૨–૨૩૩–૨૫૫–૨૫૮–૪૨૯
વલ્લભજી દેશાઇ ૨૩૯
વલ્લભભાઈ પટેલ ૩૭૦
વસરામ પટેલ ૯૮
વસંતરાય પુરબીયો ૧૨૬–૧૨૭–૧૨૯
૧૩૦–૪૩૨
વસ્તુપાલ ૮૦–૮૧–૮૨–૪૦૮થી ૪૧૨
વાઘજી દેશાઈ ૧૫૭–૧૫૮–૧૬૬–
૧૭૧–૧૭૨–૧૭૩
વાહડ ૭૮
વિંજલ વાજો ૮૬
વિજયસેન સૂરી ૩૮૭
વિનયચંદ્ર સૂરી ૪૭–૩૮૮

વિજયજીનેન્દ્ર સુરી ૪૦૫ થી ૪૦૮
વિનોદરાય જોશીપુરા ૨૫૦
વિનોદરાય મજમુદાર ૯૮
વિવેકનંદ ૨૬૨
વિશ્વંભર આચાર્ય ૨૩૩
વિશ્વસેન ૬૩
વીરધવલ ૮૦
વીરજી ૨૦૩-૨૦૫
વુડહાઉસ ૨૪૮
વેણીલાલ નાણાવટી ૩૪૯
વેણીશંકર ગોવિંદરામ ૨૭૫
વૈકુંઠલાલ બક્ષી ૨૯૦
વૃજનાથજી ૧૯૪
વૃજરત્નલાલજી ૧૯૪-૪૪૨
વ્હીટીંગ ૨૭૪


## શ


શામળજી માંકડ ૧૪૮-૧૫૩
શ્યામજી કૃષ્ણવર્મા ૨૭૦-૨૮૪-૨૮૫
શ્યામિલક ૬૩
શાંતિલાલ વૈષ્ણવ ૯૮
શાહનવાઝ ભુટો ૩૨૫-૩૫૮ થી ૩૬૩
-૩૬૬-૩૬૭-૩૬૮
શાહબુદ્દીન અહમદખાન ૧૧૧
શાહવર્દીખાન ૧૧૭
શિવદત્તરાય માંકડ ૨૫૬-૩૧૫-૩૨૦
-૩૨૬-૩૪૦-૩૬૧
શિવદાસ પંડયા ૧૩૨-૧૫૦
શિવેશ્વરકર ૩૭૧-૩૭૩
શેખ એ. જી. ૧૨૧
શેખ એમ એ. ૩૩૪
શેખ મીયાં ૧૩૩-૧૩૪-૧૩૬-૧૫૮-
૧૯૬
શેરખાન (જુઓ બહાદરખાન ૧લા)
શેર ઝમાનખાન (બાટવા) ૧૩૨-૧૩૩
૧૩૪
શેર ઝમાનખાન (યુવરાજ) ૨૮૬-
૨૮૭-૨૯૦ થી ૨૯૩-૨૯૬-૨૯૮
શેરબુલંદખાન (બાટવા) ૧૯૮
શેરબુલંદખાન (બાટવા-બીજા) ૨૬૩
શેરબુલંદખાન (બાટવા ત્રીજા) ૨૯૩
શોર્ટ કેપ્ટન ૨૦૦
શંકરપ્રસાદ દેસાઈ ૩૪૭
શંકરપ્રસાદ દીવાન ૧૮૮
શંકરપ્રસાદ નાણાવટી ૩૪૮
શંભુપ્રસાદ દેસાઈ ૫૫-૫૯-૬૧-૭૨-
૭૫-૭૮-૮૨-૮૩-૯૩-૯૪-૯૯-
૧૦૬-૧૦૭-૧૦૮-૧૧૦-૧૧૩-
૧૧૪-૧૧૬-૧૧૭-૧૧૮-૧૩૩-
૧૩૪-૧૩૫-૧૩૯-૧૪૨-૧૫૮
-૧૫૯-૧૬૦-૧૬૩-૧૬૬-૧૬૭
૧૬૮-૧૭૦-૧૭૧-૧૭૨-૧૮૨-
૧૮૩-૧૮૬-૨૬૭-૨૬૮-૨૭૦-
૨૮૩-૨૮૯-૨૯૮-૩૨૪-૩૩૧-
૩૫૧-૩૬૬-૩૭૦-૩૭૨-૩૭૩-
૩૭૬-૩૮૪-૪૦૭-૪૩૦-૪૩૧-
૪૪૧-૪૪૬
શંભુપ્રસાદ દીવાન ૧૭૬-૧૮૧
શંભુપ્રસાદ જોશી ૧૯૪-૨૧૯-૨૫૮
શંભુપ્રસાદ લક્ષ્મીલાલ ૨૧૬
શ્રી કૃષ્ણ ૫૫-૪૨૧-૪૪૧
શ્રી નિવાસ બક્ષી ૨૬૬-૨૯૦
શ્રી રંગધર માંકડ ૨૫૯


## સ


સદાશિવરાવ દીવાન ૧૮૪-૧૮૫-૧૯૧

સરતાનજી રાણા ૧૩૮–૧૩૯
સરદાનખાન ૧૧૬–૧૧૭
સરદાર બખ્તે ૨૩૪
સરદાર મહમદખાન દીવાન ૩૨૦–૩૨૫
૩૨૭
સલાબતખાન ૧૭૧
સલાબતખાન (બીજા) ૧૯૦
સહજાનંદ મહારાજ ૧૬૯–૧૮૯–
૪૪૨–૪૪૩
સાઈકસ ૨૫૨
સાંગણ ૭૬
સાજન ૭૬–૪૦૩–૪૧૨
સામતખાન બાબી ૧૭૮–૧૯૧–૨૩૪
સામળદાસ ગાંધી ૩૪૮–૩૬૫–૩૭૪–
૩૭૫–૩૭૬–૪૪૨
સારંગધર દેસાઈ ૧૧૪
સાલમ બીન હમીદ ૧૭૩ થી ૧૭૬
સાલેહ હિન્દી ૧૯૧–૧૯૪–૨૦૫–
૨૦૭–૨૧૩–૨૨૦–૨૨૨–૨૨૭–
૨૨૮–૨૩૭–૨૩૮–૨૪૬–૨૮૬
સારાભાઈ વસાવડા ૨૮૦
સાહેબા સુલતાના ૧૩૧–૧૩૨–૪૩૨
સિકવેરા જે. એકસ. ૩૨૦–૩૨૬–
૩૩૦–૩૩૪
સિકંદર બીન મંજુ ૪૮–૯૨
સિદ્ધરાજ જયસિંહ ૭૩ થી ૭૭–
૪૦૨–૪૦૩–૪૧૨–૪૩૨
સી. એમ. ૫૩–૪૧૪–૪૩૪
સીલી કર્નલ ૨૦૭–૨૭૧–૨૯૧
સુજાનકુંવર ૧૩૬–૧૩૮–૨૯૩
સુંદરજી દેશાઈ ૧૩૩–૧૩૪
સુંદરજી શિવજી ૧૭૬–૧૭૭–૧૭૮–
૧૮૧–૨૦૨–૪૨૧
સુબ્હાન બખ્તે ૨૯૬
સુબ્હાનકુંવર ૧૩૬–૧૩૮–૨૯૩
સુરગભાઈ વરૂ ૩૬૫
સુલેમાન પાશા ૧૧૦–૪૩૫
સુલેમાન જમાદાર ૨૩૬
સેન્ડહર્સ્ટ લોર્ડ ૨૭૬–૨૭૭
સેવકરામ જથ્થળ ૧૬૩
સેવકરામ વૈદ ૧૬૩
સેવાદાસજી ૪૧૪
સોમાજી જીકાર ૧૭૧
સોમનારાયણ ૧૯૯
સોમ પ્રભાચાર્ય ૪૦૦
સોમેશ્વર ૪૭
સિંધજી મેઘજી ૪૦૧
સ્કંદગુપ્ત ૩૮–૬૪–૬૮–૪૨૧
સ્કોટ ૨૨૧–૨૪૮
સ્કોટ મેજર ૨૪૦–૨૪૨
સ્ટ્રોંગ મેજર ૩૦૧

## હ

હદ કેપ્ટન ૧૯૦
હબીબખાન સરવાણી ૧૯૧–૧૯૨–
૧૯૮
હમજા બીન મહમદ ૪૩૫
હરખચંદ મોતીચંદ ૩૫૦
હરપ્રસાદ દેસાઈ ૧૫૯–૨૪૦ થી ૨૪૩
૨૬૧–૨૬૭–૨૬૯–૨૮૧–૨૮૩–
૨૯૨–૨૯૩
હરિદાસ દેશાઈ ૨૦૨–૨૨૨–૨૩૯–
૨૪૬–૨૫૨–૨૫૪–૨૬૨–
૨૬૪–૨૭૦–૨૭૯–૨૮૩–૨૮૪–
૪૦૧–૪૨૧–૪૩૨
હરિપ્રસાદ બુચ ૨૩૦

હરિપ્રસાદ શાસ્ત્રી ૩૮૭-૩૮૮
હરિલાલ ભટ ૩૪૭
હરિવલ્લભ ભાયાણી ૮૦-૩૮૮
હરિશંકર શાસ્ત્રી ૯૭ ૯૮
હસનમીયાં પીર ૧૮૩-૧૮૪
હાંમીદ જમાદાર ૧૫૪-૧૫૫-૧૫૬
હામેદ એદ્રુસ ૨૦૫-૨૦૬
હામેદખાન ૧લા ૧૩૭થી ૧૪૨-૧૪૬ થી ૧૭૦-૪૩૨-૪૪૨
હામેદખાન ૨ જા ૧૯૦ થી ૧૯૫-૨૦૩-૨૦૪-૨૨૯
હામેદમીયાં ૨૦૭
હાર્વે જોન્સ કેપ્ટન ૩૨૭-૩૬૭
હાલોજી ૧૨૭-૧૨૮
હિમ્મતખાન (કુંવર) ૩૬૩
હુસેનમીયાં દીવાન ૧૮૩
હુ-એન-સાંગ ૩૬-૩૯-૬૮-૬૯-૪૩૩
હેંકોક કર્નલ ૨૮૪
હેમતરામ કાકાભાઈ ૧૬૭
હેમતલાલ વોરા ૪૨૨
હેમતખાન બાબી ૧૯૦
હેમચંદ્રાચાર્ય ૩૯૯
હેમીક ૨૩૬
હેરીસ લોર્ડ ૨૫૩-૨૭૯-૪૨૪
હોડીવાળા ૩૦૭-૩૨૮
હોનર મેજર ૨૧૧
હોલાંડ ૨૮૮
હંટર જે. એમ. ૨૭૪-૨૭૫
હંટર મેજર ૨૪૨
હંફ્રી ૨૧૩-૨૪૨-૨૪૪
હંસરાજ જેઠા ૧૮૧-૧૮૨

## જ્ઞ

જ્ઞાન સાગર ૪૨૭
જ્ઞાન સાગર સૂરી ૪૧૧

## [૨]

અશોકનો શિલાલેખ ૩૭-૫૭-૨૭૯-૪૩૦
ઉપરકોટ ૪૦-૭૩-૪૩૧
કુંવર સરોવર ૮૦
ગિર ૨૪૫-૨૮૧
ગિરનાર ૩૭૬-૩૮૯
ગિરિનગર બીજાં નામો ૪૦ થી ૫૧
ગુપ્ત પ્રયાગ ૩૧૦
ચોરવાડ ૨૫૪-૨૮૨
જાહેર મકાનો વગેરે ૨૨૦થી ૨૨૬-૨૫૧- થી ૨૫૪-૨૭૩ થી ૨૭૯-૪૪૨ થી ૪૪૬
જામે મસ્જિદ ૧૦૭-૪૪૬
જૂનાગઢનો કિલ્લો ૫૧
તેજલપુર ૮૦
દીવ ૧૦૯-૨૪૫
પ્રભાસપાટણ ૫૮-૭૨-૭૮-૧૫૬-૧૫૮-૧૬૬-૨૧૬
બુઢેશ્વર ૧૮૭
માંગરોળ ૧૯૧-૨૧૬-૨૪૫-૨૭૨
વેરાવળ ૧૩૨-૧૩૩-૧૫૩-૩૧૨
સુદર્શન સરોવર ૫૯-૬૫
સોપાન માર્ગ ૩૯૯
સ્વામિનારાયણ મંદિર ૧૮૯-૪૪૨
હવેલી ૪૪૧

[૩]

આરઝી હકૂમત ૩૬૫ થી ૩૬૯
એટેચ્ડ એરિયા યોજના ૩૨૪
એલીએનેશન સેટલમેન્ટ ૨૭૦
કુદરતી આફતો ૧૭૪-૧૯૫-૨૩ -
૨૯૩
જોરતલબી ૧૪૬-૩૩૬
પાકિસ્તાન સાથે જોડાણ ૩૫૯
પ્રજા જીવન ૧૯૫-૨૯૮-૩૫૧
પ્રજા મંડલ ૩૨૧
ગૈયાઓનું રિસામણું ૨૩૫
સુધારા-રાજતંત્ર ૨૧૯-૨૪૬-૨૪૯
૨૭૧-૩૦૫-૩૨૫ થી ૩૪૧-૩૭૦

## માનવ જીવનને ઉન્નત બનાવે તેવા ગ્રંથો

| | | |
|---|---|---|
| ચંદ્રકાંત ભાગ ૧-૨-૩ | ઇચ્છારામ સૂ. દેસાઈ | ૨૫૦-૦૦ |
| શ્રી તુલસી કૃત રામાયણ ૧-૨ | તુલસીદાસજી | ૯૫-૦૦ |
| શ્રી શિવ મહાપુરાણ ૧-૨ | વેદવ્યાસ | ૯૦-૦૦ |
| શ્રીમદ્ ભાગવત ૧-૨ | ,, | ૯૦-૦૦ |
| શ્રી મહાભારત | ,, | ૧૦૦-૦૦ |
| પદ્મ પુરાણ | ,, | ૫૧-૦૦ |
| ગણેશ પુરાણ | ,, | ૭૫-૦૦ |
| માર્કંન્ડેય પુરાણ | ,, | ૯૦-૦૦ |
| વિશ્વકર્મા પુરાણ | ,, | ૭૫-૦૦ |
| શ્રીમદ્ દેવી ભાગવત | ,, | ૮૫-૦૦ |
| મહાબલિ હનુમાન | સ્વામી યોગાનંદ | ૬૫-૦૦ |
| ભારતનાં નારી રત્નો ૧-૪ | શાંતિલાલ જાની | ૨૧૫-૦૦ |
| મહાપ્રભુજીની ૮૪ બેઠકજીનું ચરિત્ર | | ૭૫-૦૦ |
| પ્રાચીન વ્રતરાજ | પંડિત દેવજ્ઞ શર્મા | ૧૨૫-૦૦ |
| શ્રીમદ્ ભગવદ ગીતા | (અસલ મોટો ગ્રંથ) | ૧૦૦-૦૦ |
| અમર સંત દેવીદાસ ૧-૨ | હરસુર ગઢવી | ૯૦-૦૦ |
| ધર્મસિન્ધુ | કર્મકાંડનો મહાન ગ્રંથ | ૨૦૦-૦૦ |
| ભક્તિનો માર્ગ | જે. એફ. મિસ્ત્રી | ૬૦-૦૦ |
| પ્રાચીન ભૃગુસંહિતા | મહર્ષિ ભૃગુ | ૨૦૦-૦૦ |
| બૃહદ સંહિતા | વરાહમિહિર | ૧૫૦-૦૦ |
| સારાવલી | પંડિત કલ્યાણ વર્મા | ૧૬૦-૦૦ |
| સૂર્ય જ્યોતિષ | શૈલેન્દ્ર ઠાકુર | ૧૬૦-૦૦ |
| પ્રવાસ ભારતી | (પ્રવાસ માટે ઉપયોગી ગ્રંથ) | ૧૧૦-૦૦ |
| કલાપીનો કેકારવ | કલાપી | ૬૫-૦૦ |

પ્રવીણ પ્રકાશન - રાજકોટ.

# સૌરાષ્ટ્રનો ઈતિહાસ

## પાનાં ૮૧૬ કિંમત રૂા. ૨૦૦/

ગુજરાતનો કડીબદ્ધ ઈતિહાસ હજી સુધી આપણને મળ્યો નથી.... છતાં "સૌરાષ્ટ્રનો ઈતિહાસ" આ પુસ્તકમાં ગુજરાતના ઈતિહાસની આગવી વિશિષ્ટતાની સામાન્ય ઝાંખી પ્રાપ્ત થાય છે....લેખકે....સંશોધનાત્મક દૃષ્ટિએ તપાસી એની સરળ અને ભાવવાહી શૈલીમાં સૌરાષ્ટ્રના ઈતિહાસનું સળંગ કડીબદ્ધ આલેખન કર્યું છે. આ દૃષ્ટિએ આ પુસ્તક આવકારદાયક છે... સૌરાષ્ટ્રનો ઈતિહાસ ફક્ત તવારીખ અને રાજ્યપલટાનો એકલો ઈતિહાસ નથી એમાં તો લોકજીવનનું સાંસ્કૃતિક દર્શન પણ છે....આ બધાં પૂરક તત્ત્વોથી સૌરાષ્ટ્રના કડીબદ્ધ ઈતિહાસની આલોચના કરવાની લેખકની મહામૂલી મહેનત સફળ થયેલી ક્યારે ગણાય કે જ્યારે સૌરાષ્ટ્રની જનતા પોતાની આગવી વિશિષ્ટતાઓથી સ્વતંત્ર ભારતની પ્રગતિમાં પોતાનો સાથ આપે.

**તા. ૮–૯–૧૯૬૯** **મુંબઈ સમાચાર**

"....આ ઈતિહાસ ગ્રંથની એક મોટામાં મોટી વિશિષ્ટતા તો એના લેખક શ્રી શંભુપ્રસાદ દેશાઈની પૂર્વગ્રહ કે અભિગ્રહ વિનાની તટસ્થ અને ખરી ઈતિહાસ દૃષ્ટિનું દર્શન થાય છે તે છે. તેમણે અસંખ્ય ગ્રંથોનું પરિશીલન કરી શિલાલેખો, અભિલેખો તથા સિક્કાઓ વગેરેનો આધાર લઈ....પરિબળોના સંદર્ભમાં આલેખે છે....ધ્યાનાર્હ વિશિષ્ટતા એ છે કે એના સ્થાનિક ઈતિહાસ, ઈતિહાસમાં અપાર વૈવિધ્ય છે.... આ ઈતિહાસ ગ્રંથ ભવિષ્યના ઈતિહાસકારોને યથાર્થ દર્શન અર્થે ઘણી બધી સામગ્રી પૂરી પાડે એવો છે એ દૃષ્ટિએ આ ગ્રંથ પાછળ લેખકનો શ્રમ, ખંત અને ચીવટ સાર્થક લેખાય.

**તા. ૨૭–૫–૧૯૬૯** **જન્મભૂમિ**

"... આશ્ચર્યમાં ગરકાવ કરી મૂકે તેવા આ પ્રકાશનના નિવૃત્ત I. A. S. શ્રી શંભુપ્રસાદ દેશાઈ લેખક છે." તે "ઈતિહાસના ઊંડા અભ્યાસી છે....સૌરાષ્ટ્રના ઈતિહાસને લાગેવળગે ત્યાં સુધી એક જ પુસ્તકમાં આધાર સહિતની આટલી સામગ્રી હજી સુધી કોઈએ રજૂ કરી નથી. 'સૌરાષ્ટ્રનો ઈતિહાસ' નામનું દળદાર પ્રકાશન દાદ માગી લે છે."

**વૈષ્ણવજન**

## પ્રવીણ પ્રકાશન—રાજકોટ.